કુસુમાવલી

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक   वर्गांक

पुस्तकनुं नाम

विषय



કુસુમાવલી.

નવલકથા.

કર્તા,

દોલતરામ કૃપારામ પંડ્યા.

નડીઆદ.

આવૃત્તિ ત્રીજી.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.)

સને ૧૯૧૭.   સંવત ૧૯૭૩.

મૂલ્ય રૂ. ૧-૮-૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૬૯૩૧

પ્રસિદ્ધ કર્તા,

રંજીતલાલ હરીલાલ પંડ્યા.

બી. એ. એલ્ એલ્. બી.

પારખવાડી, ગીરગામ બેકરોડ, મુંબાઈ.

મુંબાઈ "નિર્ણયસાગર" મુદ્રાલયમાં મુદ્રિત.

સ્વ. દોલતરામ કૃપારામ પંડ્યા કૃત પુસ્તકો.

ઇંદ્રજિત-વધ (મહાકાવ્ય) આવૃત્તિ બીજી	૧-૦-૦
કુસુમાવલી (નવલકથા) આવૃત્તિ ત્રીજી	૧-૮-૦
સુમન ગુચ્છ (કાવ્ય)	૦-૧૦-૦
અમરસત્ર (નાટક)	૦-૧૨-૦

મળવાનું ઠેકાણું.

મેશર્સ એન. એમ. ત્રીપાઠી એન્ડ કં. મુંબાઈ
તથા પ્રસિદ્ધ બુકસેલરો.

The Law of Castes-by Nayan. H. Pandia
M. A. L L. B. Solicitor.

Published by Ranjitlal Harilal Pandia B. A. L L B.
Parukh Wadi, Girgaum Back Road, Bombay.

Printed by Ramchandra Yesu Shedge at the "Nirnaya-Sagar" Press, 23 Kolbhat Lane, Bombay.

પિતૃનિર્વિશેષ શિરશ્છત્ર

મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી.

આપના હૃદયવનમાં પ્રફુલ્લિત થઈ કંઠદ્વારા ખરેલાં
સુબોધરૂપી પુષ્પો ઝીલી લીધાં છે,
તેમાંનાં કંઈકથી સ્વગ્રથિત

કુસુમાવલી

આપના તેજ કંહને આરોપું તો મમતા, ઉદારતા,
દયાલુતા, પરોપકારિતા આદિ મહત્
સદ્ગુણોના નિત્યાભ્યાસથી
આપ સ્વીકારી તેને
ચિરંજીવ કરશો.

વિ. દોલતરામ કૃપારામ.

आपद्गतः खलु महाशयचक्रवर्ती
विस्तारयत्यकृतपूर्वमुदारभावम् ।
कालागुरुर्दहनमध्यगतः समन्तात्
लोकोत्तरं परिमलं प्रकटीकरोति ॥

रसगंगाधर.

नास्तिबुद्धिरयुक्तस्य नचायुक्तस्य भावना
नचाभावयतः शांतिरशांतस्य कुतः सुखम् ॥
इंद्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि ॥
तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

भगवद्गीता

Oh noble heart! who being straight beseiged
By this wild king to force her to his wish
Nor bent, nor broke. . . . . .

TENNYSON.

Now when all was lost or seemed as lost
Her stature more than mortal in the burst
Of surprise, her arm lifted, eyes on fire. . . .
She trampled some beneath her horse's heels.

IBID.

The weary Sun betook himself to rest
Then issued Vesper from the fulgent west
Outshining like a visible God
The glorious path in which he trod.

WORDSWORTH.

And now ascending after one dark hour
And one night's diminution of the dower
Behold the mighty moon. . . . .

IBID.

પ્રસ્તાવના.

(ત્રીજી આવૃત્તિની.)

વિશ્વકર્માની વિધવિધ વાનીઓમાં કર્તવ્યનિષ્ઠાની એવી પ્રતિકૃતિઓ ઓછી નથી, જે સંસારના સ્થૂળ અને સ્થાઇ પદાર્થોને જ પોતાના મનનને યોગ્ય ગણી સાહિત્યમાત્રને અને તેમાં ખાસ કરીને નવલકથાને પોતાના ઉન્નત દૃષ્ટિપંથમાંથી દૂર કરવાની ફરજ માને છે. આ સંકુચિત દૃષ્ટિમર્યાદાવાળા સંપ્રદાયને માટે એટલુંજ કેહેવું જરૂરનુ છે કે તેમના જીવનપ્રદેશમાંથી સાહિત્ય જેવા વિષયને બાદ કરતાં તેઓ પોતાને હાથેજ પોતાનાં ચક્ષુનુ તેજ હરે છે, પોતાની મેળેજ જીવનની મીઠાશમાં વિષ ભેળે છે. સાહિત્ય અને કલામાત્રની જન્મભૂમિ, કલ્પનાના ખરા સ્વરૂપનુ અજ્ઞાન આ વાદ પ્રતીત કરે છે. જગત્નુ સત્યસ્વરૂપ પ્રચ્છન્ન કરી મનના મૃગજળમાં રમનારી અને રમાડનારી કલ્પનાને ગણી તેને તિરસ્કારી વર્જ્ય માનવી એ જેટલું અન્યાયી છે તેટલુંજ આત્મઘાતી છે. કારણ કલ્પના શું નથી? અથવા કલ્પનાના દિવ્ય ઓજસ વિહોણી સંસાર અને સૃષ્ટિ શું છે! મરણપ્રાય સત્વોની સાથે જન્મેલ હોઈ કલ્પનાને મર્ત્ય માનવી એ ભૂલ ભરેલું છે. જલતરંગ પેઠે બદલાતા સંસારના ભાવાભાવની પાછળ રહેલી અમર ઇશ્વરલીલાની આશા અને સાક્ષી, દિગંત છાઈ દેતા સૃષ્ટિના અંધકારમાં સંચરેલુ પ્રભુપાદતલનુ સુમહોજ્જવલ રશ્મિ—કલ્પના એક ઈશ્વરી શક્તિ છે. દવથી દાઝેલા, તાપથી બળેલા, ઝાડપાન અને પુષ્પપલ્લવ વિહીન જીવનપ્રદેશમાં એ અમૃતસરિતા પોતાનુ માધુર્ય ન રેલતી હોત તો સુખદુઃખની પરંપરામાં ઉદ્વિગ્ન મનુષ્યને ક્યાં છાયા મળવાવારો આવત? સૃષ્ટિના ક્રમ અને વિભાગની વક્રતા, તેનાં ગોઠવાયલાં ચક્રોનુ આકસ્મિક અસ્તવ્યસ્ત દર્શન, તેમાં જીવંત સત્વોના પ્રસંગોપાત્ વિરોધ, આશા અને ઉત્સાહ ભર્યાં મનુષ્યને ક્ષણે ક્ષણે વ્યથે છે; જેથી કવચિત્ એવો સમય આવી ચઢે છે જ્યારે પરિસ્થિતિના મર્મસુધી પહોંચતા પ્રહારોથી, વ્હેળા ઉપર વ્હેતા જીર્ણ પાંદડા જેવો બની મનુષ્ય આત્મા ન્યાય, નીતિ અને સ્વધર્મ ખોઈ બેસે છે. તે વક્રતા અને વિરોધની સૃષ્ટિ ઓળંગી, તેની પાછળ જ્વલંત જાગતી રહેતી ચિરસ્થિતિને સૂચવનાર, અનિશ્ચિતપણાના ભાર નીચે ડુબતા માનવહૃદયને જગતનાં અમર અને અક્ષય સત્વોની ઝાંખી કરાવી નિર્બળ આત્મામાં

નવચેતના રેડનાર જ્યોતિ–કલ્પના છે. કલ્પના પામર નથી; સૃષ્ટિ-હૃદયમાં રહેલા પ્રભુની એ અમર ઉચ્ચારણા છે; ક્ષરની અક્ષર સાથે સંધી કરનાર ઇશ્વરચમત્કૃતિની છાયા છે; આ લોકને તલ, પરલોકની સ્થિતિ દેખાડી ડુબતા હૃદયને આશાવંત કરનાર, મનુષ્યની દિવ્ય આંખ્ય છે. યથાર્થ સમજાશે તો કલ્પના, કેવળ માનસિક શક્તિઓ-માંની એક નહીં, પરંતુ ઇશ્વરે મનુષ્યહૃદયમાં રોપેલા શ્રદ્ધાના મહાન જોમની એક બાજુ જ દેખાશે. તેને વિસારવી તે ઇશ્વરનેજ વિસારવા તુલ્ય છે.

ત્યારે કલ્પના તુચ્છ નથી, અને કલ્પનાના પ્રસાદરૂપ નવલ-કથામાં પણ કંઈક મનનીય છે ખરૂ. જગત્‌ની લઘુતા કે અપૂર્ણતાથી અસંતુષ્ટ થએલા કવિ અને કથાકાર કવિતા અને કથા કરી માત્ર મનોમય સૃષ્ટિનાં રમકડાં રમાડતા નથી. તેઓ આત્મામાં રહેલી અમર ઈશ્વરી ચેતનાના સાક્ષી છે અને તેમની કૃતિઓ મનુષ્ય હૃદયની દૈવી દોહદ પુરી પાડવાના પ્રયત્નો રૂપ છે.

"To justify the ways of God to man."

મહાત્મા મિલ્ટનના એ અમર શબ્દોમાં કલ્પનાનું અને કલાનું સર્વોત્તમ સ્વરૂપ તાદૃશ સમાયલું છે.

નવલકથાની શ્રેણીમાં કુસુમાવલીએ જે ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું છે તેનુ કારણ આજ–તેનો ઉન્નત મેરૂ છે. પારાની ત્વરાથી નજર તળે ચાલી જતી સંસારની ઘટમાળ વિચિત્ર છે. અનેક અને અવનવાં દૃશ્યો તેમાં મનુષ્યને જોવાં પ્રાપ્ત થાય છે. એ અજબ ભૂલભૂલામણીમાં ગુંથાયલો એવો કયો મનુષ્ય છે જેની, ચોપાસથી ઘેરાતાં વાદળોએ એક ક્ષણપણ ધીરજ અને શ્રદ્ધા નથી ડુલાવી? ખરે, અન્યાય, અનીતિ અને અધર્મના વિજય અને સત્ય, શુદ્ધિ, અને સદ્‌ગુણના પરાજયથી ઈશ્વર સૃષ્ટિનો ચન્દ્ર કવચિત્ કવચિત્ એટલે અંશે ગ્રસ્ત દેખાય છે કે સાધારણ બુદ્ધિના મનુષ્યને તો માત્ર અંધકારજ દૃષ્ટિગોચર થાય છે. જેથી ઇશ્વરમાં રૂઢમાં રૂઢ હૃદય પણ પ્રસંગોપાત્, ભાગ્યની એ વિષમ ઘડી આવ્યે, નિર્બળ, અસહાય અને અનિશ્ચલ બની કર્તાનું અસ્તિત્વ સ્વીકારવા ના પાડે છે. એ સંજોગમાં કુસુમાવલી શું પ્રતિપાદન કરે છે?–"યતો ધર્મસ્તતો જયઃ"; જયાં ધર્મ ત્યાંજ વિજયની પ્રાપ્તિ છે! આ લોકના ન્યાય કરતાં પરલોકનો ન્યાય વધારે નિર્મળ અને અપક્ષ-પાતી છે, કુટિલ કર્મ ગમે તેટલા પાર્થિવ બલથી, સ્વચ્છંદતાથી અને

ભીતિવિના થાય પણ અંતે કિરતારનો ન્યાય તેને દંડશે; સત્ય અંતે તરી આવશે અને સદ્‌ગુણ વિજયી થશે–જગત્‌નાં એ નિત્ય સત્યો પ્રતિપાદન કરવાનો કુસુમાવલીનો હેતુ છે. કાવ્ય અને કથામાં, પુરાણ અને ઇતિહાસમાં, ફિલસુફી અને નીતિશાસ્ત્રમાં અનેક વાર આ સત્યો લખાયાં છે–ગવાયાં છે. પરંતુ અપૂર્વ જ્યોતિમાં ઝળહળતાં તેઓનું–હજી નથી ઓછું થયું ઓજસ્ કે નથી ઘટી ઉપયોગિતા. યુગોના યુગો વહી જાય, મનુષ્યનાં અનુભવ અને જ્ઞાન નિઃસીમ વિસ્તારને પામે પણ એ સમય નહીં આવે જ્યારે આ આદિસત્યોની દીપ્તિ ઝાંખી પડશે અથવા તેમનું મૂલ્ય ઓછું અંકાશે. સંસારના વિશાળ મહાસાગરમાં પદે પદે દિશા ભૂલતા મનુજહૃદયને પુનઃ અને પુનઃ તેમનું ભાન કરાવવું આવશ્યક છે અને તે કુસુમાવલીનો પ્રથમ આશય છે તેમાં તેની મહત્તા છે.

પણ કુસુમાવલીની વધુ મહત્તા તેના આશય કરતાં એ આશયની ઉતારણીમાં છે. નવલકથાના ઇતિહાસનાં પાનાં વિશાળ અને વિસ્તૃત છે. ભિન્ન ભિન્ન જાતિના અને સ્વભાવના લેખકોએ તેમાં પોતાનાં નામ અમર કર્યાં છે. પરંતુ વિશ્વનાં નિત્ય સત્યોને વસ્તુગત કરી, સરખા સામર્થ્યથી, સરખા સૌંદર્યથી અને સરખી સચોટ રીતે તેનું પ્રતિપાદન કરવામાં ફળીભૂત થએલાનાં નામ તો તેમાં વેઢા ઉપર ગણી જવાય તેટલાં પણ નથી. કુસુમાવલીના વાંચન અને પુનઃ વાંચનથી એક જે સંસ્કાર દૃઢ થાય છે તે એ છે કે, ચુંવાળીસ ન્હાનાં પ્રકરણમાં સમાયલી તે નવલકથા નથી પણ એક મહાકાવ્ય છે–જે ભાષાએ ગદ્યમય છતાં, સર્ગને બદલે પ્રકરણરૂપ છતાં કાવ્યથી પણ વધારે માર્મિક રીતે ઈશ્વરનો મહિમા અને જગત્‌માં ધર્મની અક્ષરતા સિદ્ધ કરે છે;—એવી એક પ્રકારની ભવ્યતા આ નવલકથાને છાઈ રહી છે. કઠોર વિધિએ પરખેલી અને પારણેથીજ વિકટ વિડંબનાઓ પામતી અને પમાડતી, નિર્દોષ, પતિપરાયણ કુસુમાવલીની ભાગ્યરેખાથી શી બીજી વધારે વિષમ હોઈ શકે ? તે છતાં પણ, એવી મર્મભેદી વિપત્તિઓના દાવાનળમાં પડ્યા છતાં પણ અંતે ઈશ્વરનો હાથ તેને બચાવેછે અને કદી છુટવાની આશા ન રહે એવા વિધિના ક્રૂર બંધમાંથી મુક્ત કરે છે–તે વર્ણન એવા સામર્થ્યથી કરવામાં આવ્યું છે કે તે વાંચી ઇશ્વરની લીલાના ઉદાસીમાં ઉદાસીને હૃદયમાં આશા અને શ્રદ્ધાના અંકુરો ફુટ્યા વિના રહે નહી. કુમળી વયે પિતાને ખોઈ, યૌવનને પ્રભાતે પતિને ખોઈ,

સૌભાગ્ય લુંટાવાનો વિકટ પ્રસંગ આવતાં નિર્મળ સરિતાના હૃદયમાં પડતું નાંખી સંસાર સાથે પ્રાણ ત્યજવા તત્પર થએલી પતિવ્રતાને બચાવી લેઈ સંતોષ ન પામતાં, અનેક ઉપાધિઓમાં નાંખી એ આર્ત પદ્મિણીને અંતે ભાગ્યદેવી કેવે સ્થળે ઘસડી લાવે છે?—પ્રતાપી અમાત્યની અર્ધાંગના મટી દાસી બનેલીને, જ્યાં સદૈવ પરસુખ અને પરસ્નેહના દર્શનની વ્યથા અંગોઅંગ બાળ્યાં કરે ત્યાં! ઉંચામાં ઉંચા રાજવૈભવમાંથી લુટારૂને હાથે પડેલી અને જીવંત ડટાયાની વિકટ વેદના પણ અનુભવી ચુકેલી કોમળ સુંદરીને તેથી વધારે દુઃખ કંઈ હોઈ શકે? પરંતુ કુસુમાવલી—ફુલમાળાને, જગત્‌ની સર્વ વેદનાઓ કરતાં એક વધારે દુઃખપ્રદ હતી અને તે પતિના વિયોગની સ્મૃતિ અને તેની પીડા હતી. ખરે, વસંતવિલાસિની જેવા ખીલતા ફુલની પાસે આંતર્ પરિતાપની જ્વાલામાં બળી ભસ્મ થતી આ દુઃખિનીને મુકી કર્તાએ તેની કસોટીની કઠોરતા કંઈ અજબ વધારી દીધી છે. કુસુમાવલીના સુન્દર પ્રવેશોમાં એ પ્રવેશ જેવો અતીવસુન્દર પ્રવેશ બીજો એકે નથી—જ્યાં નવા લાધેલા સ્નેહની ઝોકમાં ભાન ભૂલેલી, હૃદયઉન્માદમાં મર્યાદા ચુકેલી, "ઘેલી વસંત", "હૃદયની વાત" તેની પરમ સખી ફુલીની પાસે ઉંઘમાંને ઉંઘમાં લવી જાય છે! કુસુમાવલીની જીવનવિકૃતિની આ સ્થળે સંક્રાંતિ છે. એક પાસ પ્રથમ થતો પ્રણયઅમૃતનો રસાસ્વાદ અને તેનું ઈશ્વરી સુખ, બીજી પાસ અર્ધ વિકસિત જીવનની વૈધવ્ય દશા; એક પાસ ખીલતું નવ યૌવન, બીજી પાસ પછાડ મારી વિધિએ ઉંધી વાળેલી સ્નેહસૃષ્ટિ; એક પાસ પ્રભાતની નવરંગી રેષાઓ અને બીજી પાસ કાળી કજ્જલ રાત્રીનો અંધકાર—સંસારના વિષમ સંયોગોમાંથી પણ વિષમ સંયોગ આનાથી કેટલો વધારે વિષમ હોઈ શકે? પરંતુ વિધિનાં અસંખ્ય વજ્રબાણ સહન કરી ચુકેલી કુસુમાવલીનું મનોબળ આ એક આઘાતથી ડગે? માત્ર, અંતરને મથી નાંખતાં મહાબળોના સાક્ષીરૂપ, એક આંસુ તેની નમેલી આંખ્યમાંથી નિકળી નીચે સરી પડે છે!—ખરેખર, અજેયજ છે આ સુન્દરીનો મનોનિગ્રહ અને તેની ઇશ્વરશ્રદ્ધા!

પરંતુ વિપરીત વિધિની વરેલી આ સુન્દરીની વિપત્તિઓની અવધિ હજી અહીં નથી. આનાથી પણ વધારે વિષમ દશા તેને પ્રાપ્ત થાય છે—જ્યારે, પેટની પુત્રીથી પણ જેના ઉપર વધારે હેત હતું તેજ વસંતનું હરણ કરાવ્યાનો આરોપ તેને માથે ચઢાવવામાં આવે છે;

અને એટલુંજ નહી પણ તે ઉપરાંત, તે આરોપ માટે કારાગૃહ સેવતાં, પોતાની લાજ લુંટવાજ આવેલા અને ઈશ્વરની અકલ કલાએજ હરાવેલા, બે માણસોનુ ખુન પોતે કર્યાનો આરોપ પણ તેને શિર ચઢાવવામાં આવે છે! તેને છોડાવવા આવેલો તેનો પ્રાણનાથ પણ તેના આલિંગનમાંથી મૂર્છિત થઈ ઢળી પડે છે, અને તેને તપાસવા આવેલો મણિપુરનો અમાત્ય પણ અકસ્માત્ તેને ઓળખી બેભાન થઈ પડે છે—અને એ બન્નેના ઘાતનો આરોપ પણ વિધિ તેને માથે ચઢાવે છે! અન્યાય, અનીતિ અને વૈશમ્યની પરિસીમા આથી વધારે હોય? પરંતુ, સર્વાંગ નિર્દોષ અને નિર્મળ હોઇ આટલે દુઃખે પણ આ અબળા હજી ડગતી નથી જાણી વિધિ હજુએ વધારે તેને કસે છે. કુસુમાવલી—અથવા કુલી—પિશાચિની ઠરેછે! નગરમાં હાહાકાર થાય છે—તેને જીવતી બાળી મુકવાનો હુકમ થાય છે—અને આ મહાન્ આત્મા એમ આખરે અંતની મહાન્ ખાઈ સમક્ષ આવીને ઉભો રહે છે! પરંતુ કોઈ અલૌકિક બળથી પ્રેરાયલી કુસુમાવલી હજીએ ડગતી નથી! પતિ અને પરમેશ્વર પરાયણ આ આર્ય અબળા નમ્યે મુખે વિધિનો છેવટનો અને કઠોરમાં કઠોર પ્રહાર ખમી લે છે. આ વિષમ ઘડીમાં તેની શરીર અને હૃદયસ્થિતિનું ગ્રન્થકર્તાનું વર્ણન વિલક્ષણ ચમત્કારથી ભરેલું છેઃ

"કૃષ્ણ કર્મ કરનારના નિવાસને માટે નિર્મિત થએલી હોવાથીજ હોય તેમ કૃષ્ણ થઈ રહેલી ઓરડીમાં જ્યારે દિશાએ કૃષ્ણ ચાદરની કૃષ્ણતા પ્રસારી ત્યારે પોતે પણ કૃષ્ણ વસ્ત્ર સજી આવતી કાલે મૃત્યુને સામે મોંએ મળવાનો નિશ્ચય કરી કૃષ્ણની મૂર્તિ માનસિક દૃષ્ટિની સન્મુખ ધારી કુલી, રાધિકાજીની પેઠે કેવળ કૃષ્ણમયજ બની રહી હતી. આ ક્ષણભંગુર દેહના અવસાન સમયે બન્ને ઢીંચણ જમીન ઉપર મુકી વદનાંબુજને કરસંપુટમાં ધારી નીચે નમી જાણ્યે અજાણ્યે થએલાં સર્વ પાપનો ક્ષય થવા શુદ્ધાંતઃકરણથી કંઈ નીચે પ્રમાણે મંદમંદ ગાવા લાગીઃ

"મારે અંત સમે અલબેલા મુજને મુકશોમાં

"મારા મદનમોહનજી છેલા અવસર ચુકશો માં ઇત્યાદિ.

"જેમ જેમ તે સ્તવનમાં મગ્ન થતી ગઈ તેમ તેમ ધૈર્ય, ક્ષમા, દયા ઇત્યાદિ સદ્‌ગુણો તેના અંતઃકરણમાં ઉદ્ભવ પામ્યા. પોતાનું પાતિવ્રત હરવા મથનાર કનકપુરીના મહાપુરૂષ ઉપર ન રહી તેને રીસ કે ન રહી તેને

પત્થર સાથે ફગોટી દેનાર બ્હારવટીઆ ઉપર. હરી જનાર અશ્વાર તો તેને સાંભર્યોએ નહી. પતિનો વિરહ, મિથ્યાપવાદનું દુઃખ, વસંતબાના કલંકની વેદના કે અસર, કાંઈ પણ સંકટ તેને દમી શક્યુ નહી. કારાગૃહની કોટડી ધીમે ધીમે વિસ્તૃત થઈ મણિપુરમાં વિલુપ્ત થઈ ગઈ, મણિપુર સમસ્ત જગત્‌માં વિલીન થયું અને સમસ્તજગત્ બ્રહ્માંડમાં લય પામ્યું. ભૂત અને ભવિષ્યનો વ્યામર્શ થતાં સર્વ ચિદચિદ્ વસ્તુ વર્તમાનમાં વિદ્યમાન જણાઈ; ચિદચિદ્ વસ્તુની પ્રથક્તા પણ ભુસાઈ જવા લાગી. અંતે પોતે અને પરમાત્મા શિવાય અન્ય કોઈ પણ પદાર્થ તેને ન દેખાયો. પરમાત્મામાં પતિનું જ્વલંત અને હસિત વદન નિરખતી અને તેથી પરમાનન્દનું સુખ અનુભવતી કુલમાળાને પવિત્ર આત્માનું અજેયબળ રોમેરોમ પ્રસરવા લાગ્યું.

"सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
"अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥

"એ પ્રતિજ્ઞા પ્રમાણે પુરૂષોત્તમ નારાયણે શરણાગતનુ પ્રતિપાલન કર્યું તેથી વનિતામાં વીરરસ જામી રહ્યો. તેના વદન ઉપર સૂર્યનારાયણે વાસો કર્યો, ચન્દ્રમાએ અમૃત છાંટયું અને કમળાએ કોમળતા વિસ્તારી. પતિને પેહેલવેહેલીજ મળવા જતી મુગ્ધાની ત્વરા ધારતી આ સતીની સ્ફુર્તી લગ્નપ્રસંગથી પણ વધારે હતી."

કુસુમાવલી—પિશાચિણી ઠરેલી રાજબાળા—આખરે ચિતા ઉપર ચઢે છે; અને ત્યાં પોતાનો ભેદ મણિપુરની પ્રજાને ખુલ્લો કરે છે. શ્રુણતાંજ પોતાના કૃત્યથી ત્રાહિ ત્રાહિ કરતા નગરલોક તેને છોડી દેવા કહે છે; પણ જેનું અમૃતબિન્દુ ગયું તેવું જીવન પણ કુસુમાવલીને હવે અપ્રિય છે; તેથી આર્યાવર્તની આર્ય અબળાનો પતિસ્નેહ માટે છેલ્લો ભોગ, તે તેની સાથે બળી મરવા તત્પર થાય છે! એ વિચાર આચારમાં મુંકાયો હોત તો સત્યની વિજયપતાકા જગત્‌માં ક્યાં નિષ્કલુપ રહેત? કુસુમાવલીનો મેરૂ નીચે પડત! પરંતુ "सत्यमेव जयते नानृतम्"—ધર્મ ત્યાંજ વિજય છે!—અને તેથી, મનુષ્યઅવગતિની અંત્યાવધિએ પહોંચેલી પણ આ સુન્દરીને હજી ઇશ્વરનો હાથ બચાવી લે છે! દોડતે ઘોડે આવતા માધવ અને સુગુણ મૃત્યુના મુખમાંથી તેને ઉપાડી લે છે, સર્વ ભેદોનો ખુલાસો થાય છે, વિખૂટાં સર્વ ભેગાં થાય છે, સ્નેહી યુગલોનું લગ્ન થાય છે, કુસુમાવલીને તેના પ્રાણનાથ પાછા મળે છે અને સર્વત્ર આનન્દ પ્રસરી રહેછે.

અર્થ અને અલંકારથી ભરેલી, મંજુલ અને કર્ણપ્રિય શબ્દ રચનાવાળી અને સંસ્કૃતના સંસ્કારથી ગંભીર ભાષામાં વર્ણવાયલા આ મુખ્ય વસ્તુ સાથે બે પેટા વાર્તાઓ છે જેને મૂળ સાથે એકઠી કરવામાં કર્તાએ અનુપમ કૌશલ દાખવ્યું છે. માધવ અને વસંતવિલાસિનીનો પવિત્ર સ્નેહ, તથા સુગુણ અને વિમળાનુ મીલન, અવતરણ અને આરોહણ, કર્તાને એવા અને એટલા વિવિધ પ્રસંગો આપે છે કે સહજ કથાની કાલ્પનિકતા વિસરી જવાય છે. ભિન્નમાં ભિન્ન જાતીઓનાં હૃદયમાં ઉતરી તેમના સ્વભાવનું આબેહુબ વર્ણન કરવાની કર્તાની શક્તિ અદ્‌ભુત છે. કુસુમાવલીનાં ત્રણસો પાનાંમાં પાત્રો અને પ્રસંગોની કેટલી વિવિધતા દેખાવ દે છે? પવિત્રતા અને પાતિવ્રતની પરિસીમા કુસુમાવલી અને જગત્‌ની મૂર્તિમંત પાપવાસના કેસરી; વૃદ્ધામાં પણ પોતાનો અડગ ટેક ન છોડતો રાણો વિજયસિંહ અને પારણેથીજ અષ્ટાંગવક્ર રાયમલ્લ; વનના પંખી જેવી કિશોર વસંતવિલાસિની અને કૌમારમાંજ બહુ દુઃખભાર વેઠ્યાથી પ્રૌઢા બનેલી વિમળા; ઉછરતા સિંહશાવ જેવો ક્ષાત્રવીર કુમાર માધવસિંહ અને શુક્રના તારાની નિર્મળતા ધારતો સુગુણ; તેલીઓ રાજા, અવધૂત ગોસાંઈ, ભેદી ટે'લીઓ, ભવાનીનો ઉપાસક, મણિપુરની વેશ્યા, શેવડો, બ્હારવટીઓ અને છેલ્લે અન્યોઅન્ય ભર્તારનાં છિદ્ર સાથે રાજાપ્રજાનાં પણ છિદ્રો કાઢતી મણિપુરના નદીતળની માછણો—પાત્રપરંપરાની આ વિવિધતાથી વધારે વૈવિધ્ય ક્યાં મળશે? અને તે છતાં એ સર્વ પાત્રો એવી યુક્તિથી અને એવા સ્વાભાવિક વર્ણોમાં ચિત્રવામાં અને વાર્તાના પ્રવાહમાં જોડવામાં આવ્યાં છે કે નવલકથાનું વાંચન એક ક્ષણ પણ ખચકાઈ અટકતું નથી પણ પૂર્ણ જોમથી વાંચનારને આગળ તાણી જાય છે. અને તે સાથે જ્યારે અનેક વેશ અને અનેક રૂપ લેઈ સત્યને સાચવવા અને સ્થાપવા જગદ્દયાત્રાએ નીકળેલા કનકપુરીના અમાત્ય મદનસિંહની ભેદી મૂર્તિ મળે છે ત્યારે નવલકથામાં ખરેખર એક અપૂર્વ Romanceનો રસ જામે છે. અને તેના પાત્ર સંગ્રહ જેવીજ કુસુમાવલીના પ્રસંગોની અને વર્ણનોની રમણીયતા અને ભવ્યતા છે. વનમાં એકલાં, અસહાય્ય બે કિશોર બાળકોનું પોતાનાજ પાળેલા અને ચાહેલા સેવકોના હાથમાં સપડાવું, વસંતવિલાસિનીનું આકાશયાને માધવના ગાનનું શ્રવણ, પ્રથમ દૃષ્ટિપાતેજ પ્રેમસાંકળે બંધાઈ ગએલા તેમના પવિત્ર આત્માઓનું પ્રથમ અભિજ્ઞાન, આ વર્ણનોનાં માધુર્ય

અને મૃદુતાને, ભવાનીનું મન્દિર, સિદ્ધનો આવાસ અને કુસુમાવલીની છેલ્લી કસોટી, એ વર્ણનોનીજ ભવ્યતા ટક્કર મારી શકે; અને કનકપુરીના અવસ્થાન્તરનું અને મણિપુરની રાજપ્રથાનું કર્તાનું વર્ણન સૂક્ષ્મદૃષ્ટિના અનુભવી કોઈ રાજનીતિજ્ઞજ કરી શકે. પરંતુ આ સર્વેને છાયામાં નાંખે તેવાં બે ત્રણ પ્રસંગવર્ણનો, જે એવા ચમત્કારથી ભરેલાં છે કે ભવિષ્યમાં કદી આ ગ્રન્થ ગેરવલ્લે પડે તોપણ તે એકલાંજ કર્તાને નવલકથાકારોની શ્રેણિમાં ઉચ્ચ પદવીએ પહોંચાડવા સમર્થ નીવડે, તે નીચેનાં છેઃ—આઠમા પ્રકરણમાં, અસહાય કુસુમાવલીએ નયનમાત્ર ચમકાવ્યાવિના વિષયકીટ રામમલ્લનો કરેલો પ્રતિકાર, આવીશમા પ્રકરણમાં, કુટિલ કર્મ કરી પરવારેલી કેસરીની હૃદયવિડંબનાઓનું વર્ણન અને અઠ્ઠાવીસમા પ્રકરણમાં વર્ણવેલું સુગુણ અને વિમળાનું અવતરણ અને આરોહણ છે. મનુષ્ય સ્વભાવની ઉન્નતમાં ઉન્નત ભાવનાઓથી માંડી તેના હીણમાં હીણ વિકારોનું રગેરગ જ્ઞાન, સંસારની સઘળી બદલાતી પરિસ્થિતિઓમાં તેમનું પરાવર્તન, સચોટ અને સુન્દર ભાષામાં જેવી ખુબીથી અહીં ઉતારવામાં આવ્યું છે તેવું અન્ય થોડાજ ગ્રન્થોમાં અનુભવવામાં આવશે.

આ કલ્પનાની કૃતિઓને સુબોધનાં સુન્દર કુસુમોવડે અલંકૃત કરતી કુસુમાવલીની અપૂર્વ રચના માત્ર ચાલીસ દિવસમાંજ પુરી થઈ હતી. તેનું સ્મરણ થાય છે ત્યારે તેના લેખક અને તેમની સમર્થ લેખિનીને માટે પૂજ્યભાવના અને આદર સ્વાભાવિક ઉત્પન્ન થયા વિના રહેતાં નથી. ગુર્જર પ્રજાના સદ્‌ભાગ્યે કર્તા સદ્‌ગત થયા ત્યાર પહેલાં આ ગ્રન્થની બીજી આવૃત્તિ ફરીથી તપાસી તેને વધારે રમ્ય કરવાને તેઓ શક્તિમાન થયા હતા. ઇશ્વરઇચ્છાને લીધે અંતે એક પ્રકરણ વધારવાનો તેમનો વિચાર ફળીભૂત થઈ શક્યો નહી. ઇશ્વર તેમના અમર આત્માને શાંતિ આપો !

ર. હ.

પ્રસ્તાવના.

(પહેલી આવૃત્તિની.)

ભિન્ન ભિન્ન મનુષ્યોની અનેક કારણોથી વારંવાર બદલાતી ભિન્ન ભિન્ન રુચિઓની પ્રસન્નતા તૃપ્ત કરવા વાલ્મીકિ, વ્યાસ, અને હોમર જેવા પણ સમર્થ નથી થયા; એમ પણ કહેવાય છે. તેમ કીર્તિનો પાયો તો ક્ષણિક તથા ચલ પરકીય મનોવૃત્તિ ઉપર છે એમ ભાસે છે. તો અતિ ચંચલ અને અનિવાર્ય બુદ્ધિના નિરંકુશ નિરંતર પ્રભાવમાં તલ ઉપર ચિરકાલ પર્યંત ટકી રહેવાની આશા વ્યર્થજ છે. માટે વિસ્મૃતિના પાતાલમાં બુડતાં બુડતાં સભ્રમ તથા કંપતા સ્વસ્થાનના અન્ય ગ્રાહકનીજ માત્ર વાટ જોતી નશ્વર લોકૈષણા પણ સુજ્ઞને તો અનપેક્ષિત છે.

તેમ ધનપ્રાપ્તિમાં તો પુષ્પગુંથણી અને ગ્રંથગુંથણી સરખીજ છે. ગ્રંથ લખી અર્થ સંચિત કરનારનાં ઐતિહાસિક દૃષ્ટાન્ત વિરલ છે. અર્થાત્ વિત્તૈષણા પણ અસ્થાને છે. વળી ખપ કરતાં છત વધારે હોય એવો વ્યવહાર લાભપ્રદ તો નથીજ થતો.

તદપિ આ ગ્રંથ લખાયો. જિજ્ઞાસુ વર્ગને કારણ અને ફલ જાણવાની ઉત્કંઠા સ્વાભાવિકીજ છે.

નિત્ય-વ્યવહારમાં ગુંથાઈ ગંડાઇ ગયેલા તથા હર્ષશોકનાં બે પડ વચ્ચે દબાયેલા ચિત્તને વિદ્યાવનમાં ઉડવાની પ્રબલ ઇચ્છા એજ તેનું કારણ; અને રાગદ્વેષથી અવિકૃત ચિત્તની શાન્તિ એજ તેનું ફલ છે.

આમ કારણ અને કાર્ય ઉભય સ્વાર્થની પ્રસૂતિ છતાં તેમાંથી પરાર્થની સિદ્ધિનો સંભવ છે તો દુર્લભ તોપણ ઈશ્વરકૃપાથી ઉત્પત્તિ માત્ર કોઈ કોઈને ઉપયોગી થાય છે તદનુસાર મહાકવિ ભવભૂતિ

उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा ।

कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥

કહે છે તેમ કોઇને પણ આ ગ્રંથ હિતકર થશે તો આનુષંગિક ઈષ્ટાપત્તિજ છે.

તા૦ ૨ જી એપ્રિલ }
૧૮૮૯ નડિયાદ }

દો. ફે.

સત્યમેવજ તે.

કુસુમાવલી.

પ્રકરણ ૧ લું.

વિંધ્યાટવીનો મુસાફર.

વિંધ્યા પ્રદેશ ઘણો રળિઆમણો છે. ઈશ્વરની અનેક રંગ અને રસની વિવિધ લીલાઓનુ તથા રચનાઓનું સંગ્રહસ્થાન કોઈ દૈવેચ્છાથી કે કોઈ સુરેશના પ્રયત્નથી ચિરકાળથી આ સ્થળે કરવામાં આવ્યું હોય એમ દીશી આવતું હતું. અથવા ચારૂતાના વિવિધ તરંગો રૂપી નૌતમ અને મોંઘા અપૂર્વ સિક્કા પાડવાની ટંકશાળ ઈશ્વરેજ આ સ્થળમાં બનાવી હશે એવા તર્કને પણ સપ્રમાણ આશ્રય મળતો હતો. મધુર, ભવ્ય અને સકોમળ વિકસિત પુષ્પોના સુગંધથી લલચાઈને આવેલા ભ્રમરો આમ તેમ ગુંજારવ કરી રહ્યા હતા. તેમની પણ દૃષ્ટિ ચૂકાવી ચોર જેવો પવન તેમના પરાગનુ હરણ કરી જતો હતો–પરંતુ તે કેળના ગર્ભથી પણ સુકુમાર જોબનના મદમાં ઝુલતી, સ્વચ્છંદ પ્રકૃતિવાળી પતિની માનીતી પણ પતિથી વિખુટી પડેલી લોલ લલનાઓએ પ્રથમથીજ ચેતીને હોય એમ, બેવડ અસ્તરમાં ગોપિત કરેલાં, હેમકૂટને નિસ્તેજ કરનારાં અગ્નિથી ઉભરાઇ જતા દુધની પેઠે વિરહાગ્નિથી બહાર નીકળી જવા મથતાં, દેહલતા ઉપર બે ગિરિ જેવાં દીસતાં સ્તનયુગલ ઉપર વેરવાનેજ માટે.

વિચિત્ર અને વિવિધ વનસ્પતિના નિધિસ્થાન—એવા સુંદર ગિરિનાં હાસ્ય જેવાં લાગતાં ફીણથી પોતાની નિર્મળતા દર્શાવનાર ધોધવે પડતા ઝરણોની શીતળતા ચિરકાલી વિયોગના અવસાન પછી પ્રેમદાના કંઠાશ્લેશ જેવી હતી. નીલવર્ણ આકાશની આસપાસ જાણે ઉંચી પદ્વીએ ચઢ્યાં હોય એવાં વૃક્ષોના સમૂહો ટેકા રૂપ થઈ જાણે તેને અદ્ધર રાખતાં, રીસાઇ, હાથ અને મસ્તક હલાવતાં હોય એમ ચારે તરફ ક્ષિતિજમાં દૃષ્ટિગોચર થતાં હતાં. ગિરિના અગ્રનો સ્પર્શ થતાં ત્રિલોકમણી દિનમણી ત્રમણી શક્તિરહિત થએલો જાણે અર્ધો કપાઈ જતો હોય અને તેથી રક્તસ્રાવ થતાં ક્ષીણ અને દુર્બળ થઇ, અસમર્થ વ્યંડળવત્ ક્રોધથી પોતાનુજ વદન તથા પોતાનુજ સ્થાન રક્ત કરતો સર્વનુ અપૂજ્યસ્થાન બની, દીપ્તિ—રહિત તપન છતાં પતનપ્રાય થતો હતો. ભીરૂના ઉદયથી કૂર્મવત્ તિરોહિત થએલો, અદ્યાપિ પણ જતાં જતાં એ સુવર્ણ—પ્રાસાદ સાથે સૂર્ય જળાશયમાં નિવાસ કરે છે એવી અંધ ઈર્ષ્યાંથી, વા તો મિત્રના અવસાન સમયનો લાભ લઈ ઉદય પામવાની અધર્મ્ય ઈચ્છા રાખતા અંતઃકરણમાં બળતા બળતરારૂપી અગ્નિના ધૂમથી, કલાધર છતાં દોષાકર બનેલો નિશાકર આકાશ—અલિન્દમાં, જેમ કોઈ વિરહિણી સ્ત્રી શોકનાં વસ્ત્ર સજી અશ્રુસ્રાવ કરતું ધૂસર વદન દેખાડતી બેઠી હોય એમ દીસતો હતો. પલ્લવિત અને પુષ્પિત તરૂવરો શું નીચાં નમીને આ પ્રદોષ સમયે પોતાના કર્તાનાં કીર્તન ગાયછે કે અભ્યાગતને અભિનંદન કરે છે? અથવા શું તે હર્ષના બહુ ભારથી આનમિત થઈ પરાધીન વૃત્તિ જણાવે છે કે એ તે મહજજનનો નમન કરવાનો રૂડો સ્વભાવ સાક્ષાત્કાર કરી આપે છે? રાગી કે વિરાગી, યોગી કે વિયોગી, સુખી કે દુઃખી, તૃષિત કે સંતુષ્ટ, બુભુક્ષુ કે તૃપ્ત, રાજા કે રંક ગમે તે પ્રકારની સ્થિતિવાળા મનુષ્યને સુસ્થ અને સ્વસ્થ કરનાર નાના પ્રકારનાં રમ્ય અને મનોહર પક્ષીઓ પોત પોતાને સ્થાનેથી ઈશ્વરની પ્રશંસા કરતાં હોય નહી શું, એમ, સતાર, સારંગી, જળતરંગ કે વીણાથી પણ વધારે મનોરંજક અને ચિત્તાકર્ષી નિર્દોષ મધુર સ્વરે ગાન કરી આખુ વિંધ્યાવન જાણે તન્મય કરતાં હોય એમ લય કરી નાંખતાં, પરોપકારી રાજાના ભવનમાં ઉત્તમ તુંબરૂ, નારદ આદિ ગાયકવત્ રમી મહા વિકટ પશુઓનાં જાતિવૈરનો પણ અંત આણતાં હતાં. આ સ્થળમાં વાલુકા પણ જાણે પથિકના પગનુ આકર્ષણ કરી તેને અહીંજ રેહેવાને પોતાના અણુ સરખા ઝીણા પણ તેજોમય અંગોથી ઠરાવતાં, પણ તેમાં નિષ્ફલ જતાં

ક્ષણિક સંબંધથી, કિંવા પરાધીન વૃત્તિથી, કે પ્રારબ્ધયોગથી તેના પદાબ્જનુ સહગમન કરતી સર્વથા મહાન્ પાછળ વલખાં માર્યાનુ રગડામણુ અને કચરામણુ રૂપી ફળ પ્રકટ કરી આપતી હતી. અરે ! શું વર્ણન કરવું ? ઈશ્વરની રચનાનુ પૃથક્કરણુ કરતાં કાલાન્તર વહી ગયા પરંતુ અપૂર્ણ પણુ કંઈ યથાતથ્ય વર્ણન કોણુ કરી શક્યો છે ? જ્યાં સર્વતઃ રમણીયતા ત્યાં શું લખવું ? જ્યાં વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થએલાં એક નાં'નકડા વૃક્ષનાં પત્રો સુકાઈ મૃત્યુપ્રાય થઈ હેઠળ પડતાં પડતાં પણ તે પતનમાં સૂવર્ણભાસ કરી રમ્યતાને રમ્ય કરે ત્યાં બીજી અનેક રસમય વસ્તુઓની તો વાતજ શી ? માટે જેમ ઈશ્વરને તેમ તેમની લીલાને "નેતિ" કહી આપણે આ પ્રસંગે એટલુંજ કહીશું કે આ રમ્ય પ્રદેશ, તપથી કે તપનથી તપ્ત થએલા માનવીના દેહમાં, વિહાર કે જુહારમાં જોડાઈ ગયેલા દંપતીના ગાઢાશ્લેષમાં અને ફીકર કે જીકરથી શુષ્ક થઈ ગયેલા પથિકના મનમાં શાન્તિનુ વર્ષણુ કરી, શ્રમિતના શ્રમનુ, વ્યથિતની વ્યથાનુ અને ઉદ્વિગ્નના ઉદ્વેગનું એકજ વેળા હરણુ કરી, નક્ષત્રાદિ રત્નોથી ખચિત આકાશરૂપી વિતાન નીચે શ્રીસરસ્વતીનો લીલામંડપ હોય, જળતરંગોની પેઠે ઉછળતાં અને માત્ર સ્પર્શથીજ સમજાય એવાં મોજાંવાળા પવનરૂપી સચરાચર વ્યાપ્ત સમુદ્રમાંનો રમણીય દ્વીપ હોય અથવા ઇન્દ્રના નન્દનવનનું ઉપહાસ કરાવવા કોઈ અલૌકિક ઐન્દ્રજાલિકે રચેલો અપૂર્વ ઉદ્યાન હોય એવો દીસતો હતો. આ સ્થળમાં વિપુલ અશ્વ ઉપર વિરાજિત થએલો એક પેહેલવાન આ સમયે ઉત્તરથી આવી દક્ષિણુ તરફ પ્રયાણુ કરતો હતો.

આ પેહેલવાનની મુખમુદ્રા ગોળ હતી, મુંછ સહજ લાંબી હતી, કપાળ વિશાળ હતું, ગાત્ર ભરેલાં હતાં અને દેહ માંસલ તથા કસાએલો જણુાતો હતો. તેના આજાનબાહુ પૈકી એક તેની કેડ ઉપર શોભી રહ્યો હતો અને બીજો સુવર્ણના તારથી રસેલી ઘટ અને મજબુત લગામને ધારણુ કરી અશ્વની ગતિનુ નિયમન કરતો હતો. તેની કસેલી કેડની એક પાસ અનેક વીરજનોના રક્તનુ પાન કરતાંએ ન ધરાતી સાક્ષાત્ સહસ્રમુખી શેષની પ્રથમ પત્ની નાગેણુ જેવી, મહાપ્રયત્ને મંદિરમાં અલ્પકાળને માટેજ શયન કરનારી કાળી જેવી અને મીયાનમાં છતાંએ ઘુંઘટમાંથી લટકા કરતી પરકીયા જેવી સુવર્ણ અને રત્નથી ખચિત હાથાથી દબાએલી તરવાર લટક લટક લટકી રહી હતી; તથા બીજી પાસ ગેબી ઘામાંજ પ્રવીણુ અને પોલા વદનમાંથી પણુ પ્રાણુ લેવાની શક્તિ ધરાવનાર તમંચો

એવો દબાવેલો હતો કે જાણે તેના ધર્તાને પણ શંકા રેહેતી હતી કે રખેને અકારણ અનાથ ઉપર ઘા કરવાને અચાનક છુટી જઈ તે કંઈ ન કરવાનુ કરી બેસે. તેના શિર ઉપર ગુલાબી રંગનો ફેંટો, ફેંટો નાખી, બાંધેલો હતો; જેનુ મધ્ય ફુમતું મયૂરની પેઠે કળા કરી રહ્યું હતું. તેણે અન્ય વાગા કેસરી રંગના સજેલા હતા. તે મધ્ય કદનો અને કેસરી જેવો ચંચળ હતો, પરંતુ તેની ભ્રમર ઉપર ચિંતાના ભારથી તેના અંતઃકરણમાં વામલોચનાનો નિવાસ પ્રકટ થતો હતો.

તેના અશ્વના પ્રસ્વેદમાં પથપર ઉડેલી ધૂળ ચોંટવાથી જાણે ચંદનથી ચર્ચિત થયો હોય એમ તે દીસતો હતો. અને જોકે તેની ગતિ સત્વર હતી, તેના પાદ અસ્ખલિત હતા અને પર્વતમાંથી પડતા ગંગાના ઘોષ જેવા ફીણથી તેનુ મુખ ધોવાતું ન હતું તો પણ વખતે વખતે તેના ખોંખાર તેના શ્રમને સૂચવતા હતા; તેથી તેના ઉપર અતિશય દયાથી, અતિશય સ્નેહથી અને અતિશય ઔત્સુક્યથી જોતો જોતો આ કોઇ વનરાજા જેવો સુંદર પુરૂષ પોતાના હાથથી તેને થાબડી ઉત્તેજન તથા આશ્વાસન આપતો હતો.

જો ક્વચિત્ પોતાની મણીજેવી ચળકતી અને ખંજન જેવી ચંચલ આંખોને શૂન્ય હૃદયથી વૃક્ષ ઉપર, પશુ ઉપર, પક્ષી ઉપર કે એવી કોઈ પણ વસ્તુ ઉપર ફેંકતો અણુચિંતવ્યો તે પોતાના અધરને દાંતવતે દબાવતો હતો તો ક્વચિત્ તે એક બે ત્રણ અસ્ફુટ શબ્દો એવા બોલતો હતો કે આ કાળે જો તેની સાથેજ કોઈ સહચર હોય તો તેને માત્ર ઓઠના ફફડાટથી તે કાંઈ બોલે છે એમ જણાય પણ શું બોલે છે તે વાત તો અંધકારમાંજ રેહે. મહાબલ છતાં લાંબા પ્રયાણુથી કે કાંઈ ચિંતાના ભારથી તેનાં વજ્ર જેવાં ગાત્ર ઉપર શ્રમ બેઠલો હતો, છતાં તે આ રમ્ય પ્રદેશમાંથી નાશી છુટવાને મથતો હતો.

જોકે ઘડીકમાં મનુષ્યના જેવા શબ્દ તેને કાને પડતા હતા, જોકે ઘડીકમાં તે પગના જેવા ધબકારા અને રથના જેવા રણકા સાંભળતો હતો, જોકે કિશોર વયનાં લાડીલાં બાળકોનાં મૃદુ હાસ્યનો તથા ગલબલ ગલબલ બોલનો ભાસ તેને થતો હતો અને જોકે ઘડીકમાં બાજુ ઉપરની ઝાડીમાંથી ખસારાનો પ્રતિધ્વનિ પણ તે સાંભળતો હતો, તોપણ જ્યારે અશ્વ ઉભો રાખીને, ધબકતા હૃદયને પણ સ્થિર રાખીને અને નયન નિશ્ચલ રાખીને તે આમ તેમ, અને ચારે પાસ જોતો હતો, ત્યારે તેની દૃષ્ટિએ કોઈ મનુષ્ય પડતું ન હતું; તેથી મહા ઘાંઘાટમાંથી આવેલો તેનો કોલાહલ

હજુ પોતાના ઉપર અસર કરે છે એમ ધારીને તે વધુ શોધ કરવાનો પરિશ્રમ છોડી દેતો હતો. તેમ આ પ્રદેશમાં કોઈ પણ પ્રકારનુ ભય હોય એમ તો તેની કલ્પનામાં પણ નહતું. કારણ જ્યાં દુરાચારી પુરૂષને પણ સદ્ભાવની ઉત્પત્તિ થાય, જ્યાં નાસ્તિકને પણ આસ્તિકતા મળે, જ્યાં ક્રૂરજનને પણ દયા ઘેરી લે,–ખરે ! જ્યાં સિંહ, વાઘ, વરૂ, ભુંડ ઇત્યાદિ માંસાહારી પશુઓ પણ જાતિસ્વભાવનો ત્યાગ કરી પોતાના આહારસ્થાને રહેલાં પશુઓને સ્વછંદે પોતાનીજ સાથે રમવા દે એવા પુણ્ય પ્રદેશમાં દુષ્ટતાનો સંચાર સંભવેજ શી રીતે ?

વળી આ અશ્વારને તો કંઈ બીજાજ વિચાર થતા હતા એટલે બહુ કરી પોતાની આગળ પાછળ શું વર્તે છે તેમાં તેનુ અવહિત ધ્યાને ન હતું તેમ યથાસ્થિત ભાન પણ ન હતું. તેનામાં શ્રમભાર સાથે ઉત્કંઠાભાર પ્રતિક્ષણ આવિર્ભાવને પામતો હતો.

ખરે, વામાક્ષીના દાક્ષિણ્ય તથા તેના વાત્સલ્યથી હરાયલા ચિત્તવાળા વીર પુરૂષને વિયોગાવસ્થામાં ચારૂતા–દર્શન એ અગ્નિમાં ઘૃત કે રાલવત્‌જ છે. ચિરકાળના પ્રયાણમાં, પ્રજા અને પ્રજાપતિ પ્રતિ પોતાનું કર્તવ્ય પરિપૂર્ણ કરવામાં તથા અરિવર્ગના હૃદયમાંથી નિકળતી કીર્તિને સંપાદન કરવામાં જો અલ્પ કાળ માટે સુભટ–વર્ગ પરી જેવી પ્રિયાને પ'રી કરે છે તો શું તે ત્રણપટ સ્નેહનુ વર્દ્ધન કરવાને નહી ? શું અરિના ઘાથી ઘવાયલા પુરૂષના પ્રમદા સંબંધી વિચાર વિયોગમાં પણ એકગ્રતા નથી ધારણ કરતા ? જો દેહલી ઉપર પુષ્પો મુકી દિવસની ગણના કરવામાં કે હાથમાં સતાર લઈ પિયુના ગુણનુ ગાન કરવામાં અથવા મેનાસાથે પ્રાણપતિનીજ વાર્તામાં કાળક્ષય કરવામાં વિરલ ભાગ્યશાળીની જોબનમાં ઝુલતી પ્રમદાઓ સદૈવ તત્પર હોય છે તો મહા યુદ્ધમાં વિકટ અરિના કારી અને હૃદયભેદક ઘા, ભૂખ, તૃષા, પ્રજાગરણ અને પરિશ્રમ એ સર્વની સમગ્ર વેદના—સમયે પોતાની મનહર પ્રિયાની હૃદયમાં વિરાજિત અલૌકિક છબી નયન સમક્ષ ધારણ કરતાં અથવા તેને સ્મરણપથમ આણતાં કયા મરદ, શૂરા અને પ્રેમાળનો જીવ જતાં જતાંએ નથી અટકતો?

આ અવસ્થા આવે સ્થળે આ કોઈ વીરા અશ્વારની હતી. તેના હૃદયમાં તેની માંધી પ્રાણપ્રિયાની છબી વિરાજમાન હતી. અમુક દિવસે તે આમ ઉભી હતી, અમુક દિવસે તે આમ બોલતી હતી, અમુક સમયે તેણે આમ આલિંગન દીધું હતું, અમુક સમયે ઇષત્ નમ્ર વદનથી સલજ્જ

આમ પ્રશ્ન પુછતી હતી, શરદ પુનમની રાત્રે અગાસીમાં છૂટે કેશે હાથમાં સતાર લઈ ગાતાં ગાતાં આમ લટકો કરતી હતી—એવા વિચારોમાં તે નિમગ્ન હતો. જવાને દિવસે પુનઃ પુનઃ આલિંગન તથા ચુંબન કરતી વી'લે મુખે "વે'લા આવજો" કહી, પાછી ફરતાં વળી પાછી આવી એકવારને બહાને ઘણીવાર આલિંગન દેઈ, વહેલા વળવાના સોગન આપી વચન લઈ, હર્ષ અને શોકના બે ટા'ડા અને ઉંના ઝરણોમાં ન્હાતી તિર્યગ્ જોતી ઉભી રહેલી પ્રિયાનાં સર્વ અંગના લટકા આ સમયે તેની ચક્ષુઓ સમીપ આવી જાણે તેને ગૃહ તરફ ઝપાટામાં ખેંચતા હોય એમ તેને અનુભવ થતો હતો. પરંતુ આ અનુભવમાં પણ તેની ભ્રકુટિની વક્રતા સ્પષ્ટ કરી આપતી હતી કે આજેને આજે સ્વધામ પધારી લલનાના લાડના લ્હાડ ચાખવાનુ અશક્ય જાણતાં તેના હૃદયમાં ખેદરૂપી ચોરનો પ્રવેશ થતો હતો. આવા રમણીય પ્રદેશમાં સર્વ સાનુકૂળ છતાં આ અશ્વારને તો "ક્યારે જાઉં" "શી રીતે પો'ચું ?" એવા વિચારોથી રમ્યતાએ પણ અવળી અસર કરવા માંડી. તેથી પોતે જે ઉપર ચ'ડેલો હતો એવા ગુરૂડશા વેગી અશ્વથી પણ હઝારપટ વધારે ત્વરાવાળા મનરૂપી અશ્વને હવે રૂંધીને જરાવાર આરામનુ આવાહન કરવાનો તેણે નિશ્ચય કર્યો.

ચારે દિશાઓમાં પહોંચી ત્યાંસુધી નજર ફેરવી પણ કંઈ પર્ણકુટી જેવું જનસ્થાન ન લાધવાથી છેવટે એક કદંબના ઘટ અને રૂપાળા વૃક્ષતળે મુકામ કરી, તેનીજ એક ડાળીએ અશ્વને બાંધી, પ્રથમ તેને તોબરામાં રહેલું ખાવાનુ આપી, પોતે ફળ કંદનુ ભોજન કરી, હાથનુ અને ફેંટાનુ ઉશીકું કરી, તે જરા આડે પડખે થયો; પરંતુ નિદ્રાદેવીએ તેના ઉપર એકદમ ધારણ ન ફેરવ્યું. પ્રથમતો નિરાશાનો અંધકાર તેના ઉપર પડ્યો, પણ પછી તેમાંથીજ ધીરે ધીરે, રજનીમાંથી ઉષાવત્ આશાનાં ઉજ્જવલ કિરણ તેના મન ઉપર સ્ફુરણ પામવા લાગ્યાં. "હજુ વાયદો વીત્યો નથી, હજુ સમય છે, કાલે સવારે જરા વેળાસર ઉઠી સત્વર ચાલીશ, કાલે અત્યાર પેહેલાં પ્રિયાની બાહુ-વલ્લીમાં ગુંથાયા વિના રે'વાનો નથી." આવા આવા પવિત્ર તથા સહજ અનેક વિચારોના ઉછળતા તરંગમાં તે શ્રમિત છતાંએ તરવા લાગ્યો. તેના મુખ ઉપર મંદ હાસ્યે રમત કરવા માંડી, તેની પાંપણ તથા તેના હોઠ ફરફડવા લાગ્યા અને તેના વક્ષઃસ્થલના ધબકારા નિયમિત થયા. વેળાસર શયન કરવાથી વેહેલું ઉત્થાન થતાં પ્રસ્થાન પણ વેહેલું થઈ શકે માટે પોતાની કમલના પત્ર જેવી ચક્ષુઓને સૂર્યાસ્ત થતાં તેણે કમળનીજ સાથે મીચી. અને,

કમળે ભ્રમરને તેમ, આ ભ્રમરે પોતાની કમળાનેજ અંદર દબાવી રાખી પછી નિદ્રાદેવીના રત્નજડિત અને દુઃખ રહિત શશીથી પણ સો ઘણા શીતળ પારણામાં પોઢણ કીધું.

પણ અરે! ઓ આશા! તુ કેવી ધુતારી છે? તેં કેટલાને ઠગ્યા? કઇં તા'રી યુક્તિયોની સીમા! તા'રા આશ્રિતોને ફસાવવાની તા'રી કંઈ નિપુણતા? અરે! અધવચ વરત કાપવામાં તારું કઇં ચાતુર્ય! સર્વથા તું અદ્વિતીય છે. આ સંસારમાં દૈવી માયાએ સુજ્ઞને વાહ્યા છે ખરા. છતાં તે માયાને તરી જનાર અનેક જ્ઞાની યોગી અને ભક્તજન થયા છે અને થશે. પણ તેજ યોગી, જ્ઞાની અને ભક્ત તા'રી સહાય વિના નિરાલંબ અને નિષ્ક્રય બની રહેછે; તા'રો ત્યાગ થતાં છિન્નાભ્રવત્ વિશીર્ણ થાય છે. જે સૃષ્ટિ સર્વ શક્તિમાન્ ઈશ્વરે સ્વેચ્છાથી બનાવી છે તેવી એક તો શું પણ હજારલાખ અગણિત સૃષ્ટિઓ તું તા'રા એક તરંગમાંજ બનાવી દે છે! અને તે સર્વનો લય પણ સમત્વરાથીજ તું આણે છે! જો વિશ્વાસઘાતનો મહાપાતક રૂપી દોષ તા'રામાં ન હોય તો તું સર્વતઃ વન્દનીય અને પૂજનીય છે. અણબોલાવ્યે તું કોઈની પાસે જતી નથી, દુઃખિત અને નિરાધારને અલ્પવાર તો તું ખોટો કે ખરો પણ આધાર આપેછે—વળી તા'રામાં કંઈ એવો ગુણછે કે સાધુથી અસાધુ, દ્વિજાતીથી પતિત, ધનીથી નિર્ધન અને સુખીથી દુઃખી સહુકોઈ, કોઈ નહીતો કોઈ પ્રસંગે પણ તા'રે અધીન થયા વિના રેહેજ નહી. પણ જ્યારે આવું પ્રૌઢત્વ તા'રામાં છે ત્યારે તું આ મહાન્ દોષનો ત્યાગ શેં નથી કરતી? સર્વથા, તું પણ સંપૂર્ણ વિભુની અપૂર્ણ શક્તિ છે.

અત્યારે આશાના ઉછંગમાં સુતેલા અને માતા જેવા તેના રક્ષણને સેવતા આ વીર પથિકનું શું થવા બેઠું છે? આશ્રિતનું પ્રતિપાલન કરવાના પોતાના સ્વભાવનું આશામાં આરોપણ કરી આ મનસ્વી પુરૂષે તેણીનો આશ્રય લીધો છે. જો તેણીના ઉપર આકીન ન રાખ્યું હત, અને જો તેણીના મીષ્ટમૃદુ શબ્દો તેણે ન સાંભળ્યા હત તો શ્રમ તો શું અને રાત્રિ તો શું પણ મરણ સાક્ષાત્ તેને નડતું હોત તોપણ માનીતી અર્ધાંગનાની ટચલી આંગળી કે નેણનો ઇસારો એકક્ષણ પણ જોવા માટે શું આ રણધીર પુરૂષ પોતાનું પ્રયાણ આગળ ચલાવ્યા વિના રહત? નહીજ! રણસંગ્રામમાંથી, વિકાળ જનાવરોના પંઝામાંથી અને અનેક પ્રકારનાં અતિદારૂણ સંકટમાંથી રક્ષણ કરનાર પોતાનો જીવિતાધિકપ્રિય અશ્વ મરો કે પોતે જાતે મરો કે તેથી પણ અધિક વિપરીત સ્થિતિ થાઓ

પણ હાસ્ય સમયે હૃદયવલ્લભાના નિર્મલ પ્રવાળ જેવા રક્ત અધરના સ્ફુરણથી નીકળતા સુગંધિત શ્વસન રૂપી પવનનું પોતાના મુખ ઉપર પતન કરાવી ધન્ય માનવાને માટેજ માત્ર, શિથિલ ગાત્રોથી પણ, કોણ થંડ વિચરણ નહી કરે ? પણ જ્યાં આશાનાં આશ્વાસન થયાં ત્યાં નીતિનાં અને પ્રીતિનાં શાસન બંધ પડે છે. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ શ્રમિત દેહને અન્ન વિના મહા અરણ્યમાં યાન કરાવી છેવટ એકજ મજલને માટે આ આશાબંધી પહેલવાને સત્વ ખોયું અને સ્વાધીનતા ત્યજી પરાધીનતા સેવી. સર્વથા, આશાની ગતિ ન્યારીજ છે !

પ્રકરણ ૨ જું.

બે બાળનુ હરણ.

જેમાં સદા અંધકારનોજ વાસ હતો, જેમાં પ્રસંગે સહસ્ત્ર-રશ્મિનુ કે શીતરશ્મિનુ એકાદ કિરણ, મહાશ્રમે સહજ સાજ ઉજેશ નાખવાથી, અતિદારૂણ દુઃખના ઘન વર્ષાંદમાં કંઇ આશાના અંકુરની ઉપમાને પ્રાપ્ત થતું હતું તેવી, એક ઘટ, અને ઘન શીતલ અને લાંબી તથા સાંકડી અને ઉંડી, વનવલ્લીઓથી વિંટાતાં જાણે મકરી પારધીની જાલમાં બંધાઈ હોય એમ ચારે તરફ અંતરાએલી ઘોર ગલી અથવા નાળની પાર ઉતરી, કીશોર વયનાં બે બાળકોના મૃદુ અને વિશ્વસ્ત ભાષણથી મનમાં ઉછળતા વિકારોને પગલે પગલે દાબતા, એક રથવાહક તથા એક રક્ષપાળ એ રીતે બે પુરૂષો એક વિશાળ પણ ભણકારથી ભરેલ ચોગાનમાં આવી ઉભા રહ્યા. ઉંચા થઈને, આડા થઈને ચારે દિશાએ નયન ફેરવીને, જાણે ધરતીના અંત સુધી હોય એમ કર્ણવિવરનો માર્ગ ખુલ્લો મુકીને, આ વિજનસ્થાનમાં કોઈ પણ મનુષ્યનો સંચાર નથી એમ ખાત્રી કરી, આ બે જનો વજ્રની ભીંતથી પણ અધિક ગાઢતા ધારણ કરતી અને જેમાં પેલો મુસાફર સુતો હતો તે રમ્ય વનને જુદી પાડતી ઝાડીમાં પોતાનું કર્તવ્ય સદાકાળ દટાશે એમ ધારી રગે રગે લોભથી ક્રોધને હલાવવા લાગ્યા. તેમ આવા ભય ભય અને ભય વર્ષાવતા એક ઘોર અરણ્યમાં બે લઘુ તથા કોમળ બાળકોની રગે રગમાં ત્રાસથી રક્તને સ્થળે જળ ભરાવાને માત્ર આ બે સાથે આવેલા મનુષ્યોની પરોક્ષતાનીજ આવશ્યકતા હતી. કારણ મહા પરાકાષ્ઠાએ વેદનાઓ

સહન કરીને જન્મ આપનારી પોતાની વા'લી માતાના અંકમાંથી નિવૃત્ત થતાં, જન્મથી આજ પર્યંત જેના અંક કે સ્કંધ ઉપર હર્ષમાં અને નિર્ભયમાં નૃત્ય કરી કાળને પણ ચુકાવેલો, અને સહજ પક્ષી ઉડે કે પવન ખડખડે કે મેઘ ગાજે તો તે સમયે જેની ગોદમાં ભરાઈ ભયને પણ પરો કરેલો, જેની પાસે ખાવાનું માગેલું અને જેને બાળ છતાંએ માતાને, બાપને કે ભાઈને ન આપતાં પોતાના ખાવામાંથી ખાવું આપેલુ એવા એક રક્ષકનો સાથ હોય ત્યાં ભય અભયની કિમ્મતરહિત આ બે ઘેટા જેવાં વિશ્વાસુ પશુઓ આ સ્થળમાં પણ કપોત કે કોકિલ કે કીરના જેવા મંજુલ સ્વરથી "હવણે અજવાળું આવશે, હવણે ઘેર જઇશું, હવણે બાને વાતો કહીશું, હવણે દૂધભાત ભેગાં ખાઇશું," એવાં એવાં પ્રેમાળ, પવિત્ર, નિર્મલ અને ચિત્તાકર્ષી વચનો બોલી એક બીજાનો કર સાહી દીર્ઘકાળને ક્ષણવત્ ઘસી નાખે એમાં શું આશ્ચર્ય? પરંતુ આ સ્થળે રથનું સ્તંભન વધારે વખત થવાથી, વાર્તાઓમાં પણ પેટે માંગણીઓ વારે વારે કરવાથી અને માતાના અંકમાં જવાની ઉત્કંઠા ત્વરાયમાન થવાથી વિમળા પૂર્ણ વિશ્વાસ અને સત્તાથી આજ્ઞા રૂપે બોલી "ઠાકર! બા પાસે હવે તો વે'લો લઇજા! ભાઈને ભૂખ લાગી છે ને મને એના વિના ગમતું નથી, ચાલ! ગાડી વેહલો હંકાવ." આ સ્નિગ્ધ શબ્દોથી શઠનું પણ હૃદય જરાવાર પીગળાય તથાપિ આ પ્રસંગે તેની કંઈ પણ અસર આ બન્ને રાક્ષસોમાંથી કોઇને થઈ નહી, અથવા થઈ ખરી,—અને તે એજ કે આવી ઉચિત માગણી કબુલ રાખવાના બદલામાં વિલંબને ભયંકર ગણી બન્નેએ રથના બળદને છોડી દીધા. આ પ્રમાણે આ બન્ને સદાના આજ્ઞાંકિત સેવકોનુ આચરણ જોઇને તથા પ્રતિક્ષણ આજ્ઞા મનાવવાની ટેવને લીધે આ માનભંગથી ખરી ખીજવાઇને પરંતુ કંઈ પરાધીનતાથી મન વશ રાખીને વિમળા બોલી "અલ્યા ભાઈ! આમ શાને કરછ! છો બળદ થાકતા. મો'ટા ભાઈ જરાએ વઢનાર નથી. લઇજા વે'લો. અમને તો હવે બ્હીક લાગે છે. હવે તો રડી પડાશે હોં—નહીં રે'વાય; માટે ઘી ગોળ લેજે પણ જોડ બળદને" પણ આ બાળાનાં આવા સરલ બોલ તીર પેઠે વાગવાથી રક્ષક ઘેરે અને પ્રચંડ શબ્દે "ચૂપ" એમ પગ પછાડી એવી વિચિત્ર રીતે બોલ્યો કે તે શબ્દ નિકળતાંજ વિમળાના હૃદયમાં કંપ પેસી ગયો. તેથી પોતાના ભાઈનો હાથ ઝાલી તે તો બિચારી ધ્રુજવા લાગી; પણ તે ક્ષણે ભયની સાથે ક્રોધ વ્યાપ્ત થવાથી માધવ બોલ્યો "અલ્યા! તમે આમ કેમ કરો છો? અમારે

હવે નથી ફરવું અને અમને વેળાસર ઘેર લઈ જાઓ! અમારી બા વાટ જોતી હશે! અને તમારે રમત થાય છે. ચાલ! જોડ ગાડી ને હાંક રથ—નહીતો ખીજાવીશ ભાઈ પાસે." પણ આ વાતને સાંભળે કોણ? ઉલટા આ બોલથી રીસનું મોંણ મોંણ કારણ ખોળી કા'ડી પેલા દુષ્ટ રથવાહકે બન્ને નાજુક શરીરનાં નિર્દોષ બાળકોના કમળથી પણ કોમળ સ્કંધ ઝાલી તેઓ બોલે તે પેહેલાં તો તેમને નીચે ઘસડી કહાડ્યાં. રોમરોમમાં ભયે નિવાસ કર્યો તેથી તે સર્વ ઉદ્ગમને પામતાં અનુતાપ રૂપી શરનો પ્રહાર કરતાં હોય એમ ભાસવા લાગ્યાં. પરંતુ આ કાળે આ બે છોકરાંથી તો ન બોલાય કે ન રડાય, ન દોડાય કે ન પડાય. જાણે તે સ્થળે શીવાઈજ ગયાં હોય, એમ તેતો ઠરી ગયાં. દીન વદન કરી જાણે કરગરતાં હોય એમ આંખમાં આંસુ ભરી વી'લાં થઈને બે જણ જ્યાં ને ત્યાં ઉભાંજ થઈ રહ્યાં. તેમની છાતીના ધબકારા અને શ્વસિતનાં ડુસકાં પેલા દૂર ઉભેલા રક્ષકના જડભાવ પામેલા હૃદયને આ ઘોર કૃતિ કરતાં વિરામ પામવાનુ કહેતાં હોય એમ વારંવાર વધારે તાણીને શબ્દ કહાડવા લાગ્યાં. પણ નૃશંસને દયા ક્યાંથી? મીઠી દૃષ્ટિમાંજ રમત કરનારાં આ બે છોકરાં નિઃશ્વાસ મુકે અને પ્રફુલ્લ વદનમાં ઝાંખ ધરીને રક્ષકથી રથવાહક અને રથવાહકથી રક્ષક ભણી ટગુમગુ જુવે અને તેમની અપૂર્વ ચંડતાથી વિષાદ પામે. તેમ સર્વ પ્રકારની આજીજી કરતાં પણ મૌન વિજ્ઞપ્તિનો મહાન ધોકો અસહ્ય છતાંએ આ કૃતાન્ત સરખા બન્ને કૃતનિશ્ચય હતા; એટલે જેના નિમિત્ત રજક મળતાં અદ્યાપિ પ્રાણયાત્રા થઈ એવાં બાલકોનો આવો સકરૂણ અને મૂકવિલાપ વધારે કાળ ન ચાલવા દેવો એમ અન્યોન્યને કોઈપણ રીતે સમજાવી બે જણ એકીજ વખતે ભયાગમ કે સ્નેહાવેશનો સંભવ દૂર કરવા કમરમાં રક્ષાર્થે બાંધેલી તરવારોને નગ્ન કરી એકાન્તમાં વિજળીવત્ ચમકારા કરાવવા મંડી પડ્યા. અને ખરે! પોતાનાજ આપ્ત જનના હાથમાંની આ તરવારોના ખખડાટ જેવા કર્ણ સન્નિધ થયા તેવીજ આ ઉર્જસ્વી બાળકોના રામ રમી ગયા જેવી અવસ્થા થઈ ગઈ. અને તે સમયના સહજ નિયમાનુસાર ભાઈ બ્હેન એક બીજાને વળગી પડ્યાં; જે મડાગાંઠ ન તુટે કે ન છુટે. નાભીના કોણમાંથી બન્ને છોભીલાં બાળકોએ એવી કારમી ચીસો નાખી કે આ પ્રસંગેતો જરુર પેલા રથવાહકના અંતરમાં દયાનુ સ્કુરણ થયું ખરું. એક પેટનેજ માટે આ ઘોર કૃત્ય કરવું તેને ઘણુંજ માઠું લાગ્યું તેથી વા સંભ્રમથી આવાં નિરપરાધી અને ખુબસુરત બાળકોના પ્રાણને હરી લેવાને નિર્લજ્જ થયેલો કૃપાણ તેના

શિથિલ અને કંપિત કરમાંથી પડી ગયો. પરંતુ આ સમયે કોણ જાણે શાએ વિચારથી મહા પ્રયત્ને તેણે, એક બીજાના રક્ષણમાં ભરોસો રાખનારાં, રડતાં અને જાણે એક બીજામાં સમાઈ જતાં બાળકોને જુદાં પાડી વિમળદેવીને પોતાના તરફ ખેંચી લીધી. જેથી તેનો ભાઈ ક્રૂર હૃદયના રક્ષકને પગે જડાઈ ગયો અને અન્ય ઉપાયને અભાવે તે દુષ્ટ નૃશંસને ભયથી સ્ખલિત અને વિશ્વાસથી મિશ્રિત તથા વીર્યથી મીલિત શબ્દોથી કાલાવાલા કરી માતા પાસે લઈ જવાના બદલામાં મ્હોં માગ્યું આપવાનાં વચન આપી જાણે પોતાના જીવનેજ ખરીદવા લાગ્યો. પણ અધર્મી, નિમક હરામ, પાપનો કીટક આ દુષ્ટ આજ પ્રસંગે ઘોરકૃતિ કરવાને અને સદૈવ શ્રીમાન્નુ સુખ નિષ્કંટક ભોગવવાને અતિ ઉત્સુક થઈ ગયો. તેણે પોતાને શરણે આવેલા બાલકને હાથવતે ધક્કો મારી તથા પાછો વળગવા આવતાં તેને તરછોડી, એવા ઝપાટાથી તેના ઉપર તરવારનો ઘા કર્યો કે પવન સાથે અથડાયાથી તેનો નાદ સાંભળતાંજ આ કુમાર "દગો" એટલું બોલી મૂર્છિત થઈ પડી ગયો ન હત તો જરુર તેનો દેહ પંચત્ત્વ પામી જાત. પરંતુ ખીજવાએલો વ્યાઘ્ર એક ચોટ ખાલી જવાથી જેમ બમણી ક્રૂરતા અને હઠથી શીકાર ઉપર ધાપ મારે છે તેમ આ દુષ્ટ, જેને પોતાની કેડમાં બેસાડી આજસુધી ઉછેરેલો તે અત્યારે પતિત થએલા બાળકની છાતી ઉપર ચ’ડી બેસી તેનો શિરચ્છેદ કરવાને પ્રવર્ત્યો. પણ જેવો તે પ્રવર્તે છે, જેવી રથવાહકના ગ્રાહમાં બંધાએલી વિમળદેવી ટીટેટીટ પાડી રહી છે તેવોજ અને તેજ સમયે વિજળીથી વધારે તેજ અને વેગવાળો એક કૃપાણ અણચિંતવ્યે અને અણધાર્યે આ ચાંડાળના માથા ઉપર વિજળીવત્ પડ્યો, અને, જેમ તીડ કર્ષણનુ તેમ, તેનુ શોષણ કરવા લાગ્યો; જેથી એતો "હાય" એટલા છેલ્લા શબ્દ બોલતો શ્વાનવત્ તરફડી મૃત્યુપરાયણ થયો. તત્ક્ષણ વિમળાને સ્કંધ ઉપર બેસાડી રથવાહક તે સ્થળેથી કોણ જાણે ક્યાંએ ગુમ થઈ ગયો.

આણી તરફથી યોગ્ય પરિણામને પામેલા પેલા રક્ષકનો પગ ઝાલી તેના શબને દૂર ફેંકી, અતિ દુઃખાગમથી અન્યાશ્રયને અભાવે મૂર્છાને સ્વાધીન થનાર આ કુમારની જાલવતે આગતા સ્વાગતા કરી, પેલો દયાળુ અને અકારણ મિત્ર, તેની નાડી ધબકવા લાગી અને તેને જરા તરા ધવા વળવા માંડી એટલે ઘોર રાનમાંથી કોઈ ગુપ્ત માર્ગે તેને પેલા રમણીય પ્રદેશમાં લઈ ગયો.

પૂર્ણ ચંદ્ર પ્રકાશ પામેલો છે. રાત્રિના તમસમાં પણ સાત્વિક

દર્શન થવા લાગ્યું છે. ધરા ઉપર ચાંદીની છત જડાઈ હોય એમ ચારે તરફ ચંદ્રિકા પથરાએલી છે. મંદમંદ પવન ચંદ્રનાં અમૃત વર્ષણ ભેગો ભળી જઈ શાન્તિમાં વૃદ્ધિ કરે છે. ચક્રવર્તીના પૂર્ણોદય સમયે જેમ મંડળીકો તેમ આ સમયે ના'ના મોટા અનેક તારા સંપૂર્ણ યશ અને તેજથી શોભી રહ્યા છે. નાસી જતી રાત્રીનો ઘમઘમાટ ભયને સ્થળે હર્ષ ઉપજાવે છે. આ સમયે આ રમ્ય પ્રદેશમાં આ કુમારને એક વૃક્ષ તળે સુવાડી એક વસ્ત્ર તેના ઉપર ઓરાડી આ કોઈ અતડોં પુરૂષ ચાલ્યોજ ગયો. "ઓ ભાઈ! દગો-! ઓ બા! ઓ-" ઇત્યાદિ આ કુમારના કોમળ શબ્દો પણ સાંભળવા તે ન રહ્યો, કે ન રહ્યો તેનું વદન નિહાળીને જોવા. ધરાના નિશાચરે વ્યોમના નિશાચરના રક્ષણ તળે આ બેશુદ્ધ બાળને મુક્યો. સત્પાત્ર પ્રતિ યમ જેમ ધર્મ બને છે તેમ અત્ર નિશાચર પણ સુધાકર બન્યો. તેની પાથરેલી પછેડીમાં શયન કરવાથી, કિંવા રાત્રિની શાન્તિથી કે વિંધ્યાટવીની નાના પ્રકારની ઓષધિઓના સમગ્ર ગુણથી આ રમણીય અને ઉર્જ્જસ્વી બાળની મૂર્છાને દૂર કરી તેને યોગ્ય અવસરે પૂર્વાવસ્થામાં લાવવાનુ કામ એ આકાશ ને રાત્રિના રાજાને સાંપી હવે ના'નકડી વિમળદેવીની શી વલે' થઈ તેનુ વિવેચન આ સ્થળે કરી નાખીયે.

ઘોર કૃતિ કરવા તત્પર થએલા રક્ષકને કોણે માર્યો, ભાઈનુ શું થયું, ગાડી બળદ કયાં ગયાં, પોતે ક્યાં આવી, માતા શું ધારશે,—એ સર્વે વિચારોની ઉછળતી છોળોમાં આમથી આમ ગોથાં ખાતી શૂન્ય હૃદયવાળી, ક્ષણે મૂર્છિત અને ક્ષણે સુસ્થિત થતી વિમળદેવીને કંધોળે નાખી, કંઈ દયાથી, કંઈ સ્નેહથી, કુંઈ લોભથી, કંઇ ભયથી, પેલો રથવાહક તો એક દોટે અને એક શ્વાસે પલાયનજ કરી ગયો. તે પાછળ જોતો જાય, સરી જતી વિમળાને સ્કંધે ખેંચતો જાય અને દોડતો જાય. પણ ભાઈનુ પતન, તેના ઉપરથી ચાલ્યા ગએલા કૃપાણનો ચળકાટાં દરમ્યાનમાં દુષ્ટ રક્ષકનુ મરણ એ સર્વમાંનુ એક પણ વિમળાને ગતભાન કરવાને પૂર્ણ હતું તો તે સર્વે આ વર્ણન કરતાં થઈ એથી પણ ઓછી વારમાં એકીજ વખતે બન્યાં, ત્યાં તેની વ્યાકુળતાની શી વાત! તે પ્રસંગે પોતાના વા'લા ભાઈનાં જીવને અર્થે નિકળેલાં મ્હેણ; તથા મર્મસ્થાનને વિંધી નાખે એવી તેની દીન વાણી તથા હાડપીંજરના ચૂરા ઉરાડી દે એવાં તેનાં સજળ લોચન એ સર્વે તેને સાક્ષાત્કાર થઈ ગયાં; એટલે તે બીચારી છૂટે કેશે અને ફાટી આંખે, ઓઢણી ગળેથી

ખસી ગઈ છે એવી સ્થિતિમાં, શબવત્ રથવાહકને ગળે લટકી રહી. તેને ભાન નથી કે તે કયાં છે, જ્ઞાન નથી કે તે કો'ના ચાહમાં છે; તે તો મૂર્છિત અવસ્થામાં પરાધીન પડી છે કે જાગ્રત અવસ્થામાં ભાઈનુ દુઃખ પ્રત્યક્ષ જુવે છે. શોક સાગરના છલકાઈ જતા તરંગો અને વીંટાતા ભ્રમ-રોમાં બુડી તથા દબાઈ જઈ તે આ સમયે કેવળ શોકનુજ પાન કરતી હોય એમ તેની ધવલ મુખમુદ્રા ઉપરથી જણાઈ આવતું હતું. તેનાં સઘળાં ગાત્રો શીતલ અને શિથિલ થયાં છે, તેના નિઃશ્વાસ બંધ પડી ગયાછે. તેની આવી સ્થિતિમાં આ રથવાહક તે બિચારીને, ધરાની તળે હોય એવી એક ઉંડી અને ગહન વિવરમાં લઈ જઈ એક ના'ના ખાટલામાં તેને સુવાડી તેના સામુ તથા આગળ પાછળ જોઈ તેની ચર્યા કરવા મંડી પડ્યો. અલ્પકાળ સુધી તો તે જીવે છે કે નહિ તે પણ સમજાયું નહીં; પરંતુ કંઇ શાન્તિથી, કંઇ તાપથી, કંઇ કાળક્ષેપથી અને કંઇ ચર્યાથી જ્યારે તેને વિશેષ વિશેષ શુદ્ધિ આવતી ગઈ અને જ્યારે ચાંદીની ઘંટાના રણકારા જેવા "ઓ ભાઈ" એટલા તેના શબ્દો સ્પષ્ટતાથી કાન ઉપર પડ્યા ત્યારે અનુમાન થયું કે તેના હૃદયમાં નિરાશા પેસી ગઈ છે અને તેના દેહમાં દુઃખ દાખલ થયું છે. પણ પછી તો ચોધાર અશ્રુ તેના નયનકમળ-માંથી નીકળવા માંડ્યાં. શ્રાવણ અને ભાદરવો જાણે આ અવસરે અહીંજ આવી રહ્યા હોય એમ લાગતું હતું. લોહીનુ જળ થઈ તે આ દ્વારે બાહેર આવતું હતું એ તો નિઃસંશયજ હતું.

"ભાઇને મારી નાખ્યો મા'રા બાપ" "કોઈ એની રક્ષા કરો" "આ ઘરેણું લ્યો પણ એને આંચ ન આવવા દ્યો," "હાય હાય" "લે મને માર"–"અરે ભાઈ! એને જાવા દે." આવાં આવાં વચન મો'ટે સાદે તે છળી છળીને એવા જુસ્સાથી બોલવા લાગી કે એકાન્ત સ્થળમાં તેને આણવામાં સર્વથા રથવાહકે ઘણીજ દીર્ઘદૃષ્ટિ વાપરી હતી. જો કે તે તો બાળક હતી તો પણ તેના આ સમયના સ્વરો, તેનુ આ સમયનુ રૂદન, તેનુ હૃદયસ્ફુરણ, તેના દીર્ઘ નિઃશ્વાસ, તેનાં હુસકાં અને તેની કારમી ચીસો કુંભકર્ણને જાગ્રત કરવાને શક્ત હતાં તો મનુષ્યની શી વાત? જો નયનથી પડતાં અશ્રુએ તેનુ આખુ અંગ ભીંજાઈ ગયું હતું તો શરીરમાં આવેલા શીતથી તેની આખી શય્યા જલમય થઈ હતી. તેના કારમા રૂદનથી આ ઘોર સ્થાન ભરાઈ ગયું હતુંઃ જેના પ્રતિધ્વનિથી કોઈ રખડતું મનુષ્ય સાંભળશે તો ઝટ બાર વાગી જશે એવા ભયથી એક બે વખત તો રથવાહકને પણ એમ વિચાર થઈ ગયો કે દેહલતા ઉપર એક અસિના

હ. ૨

નાજુકડા ઘાથી અથવા કંઠસ્થાને એક નખના પતનથી આ કન્યાને દુઃખ અને જીવથી મુક્ત કરવી. પણ જેમ ભયે ક્રૂરતા બતાવી તેમ લોભે દયા ઉપજાવી; અને અંતે લોભનો વિજય થયો.

વિમળદેવી જાતે કન્યા, કુટડી, ગુણીયલ અને મધુર સ્વરવાળી હતી; તેથી અને જાતે અબળા તેથી તેના અવસાનના લાભ કરતાં તેના સંજીવનમાં વધારે લાભ માની આ દુષ્ટબુદ્ધિએ તેને સુસ્થ કરવાનેજ ઉપચાર કર્યા.

અનાથ વિમળા જરા શુદ્ધિમાં આવી એટલે પ્રથમ તો તેણીને સ્વાર્થી રથવાહકે ખાત્રી કરી આપી કે તેનો ભાઈ હયાત છે અને તેના બાપને ઘેર પોંચાડી દીધો છે તથા દુષ્ટ રક્ષક મરણવશ થયો છે. આવી સારી ખબરથી અંતર્દાહથી બળતી વિમળા જરા શાન્ત થઇ. તેને ધીમે ધીમે કળ વળવા માંડી; તેના અસંબદ્ધ શબ્દો અને વિચારોએ કંઈ ધારણ ધરવા માંડી; જતું રહેતું રક્ત થોભવા માંડ્યું; નિઃશ્વાસ વધુ અંતરાએ આવવા લાગ્યો; અને કંઈ સ્પષ્ટ વિચાર ઉત્પન્ન થવા લાગ્યા; તેથી કેટલીક વારે તેણે પુછપરછ કરવા માંડી. પરંતુ આ સમયે તેનો અંત આણવાને કૃતનિશ્ચય પણ પાછળથી વિસામણમાં પડેલો લોભે લક્ષણરહિત અબળાનુ ત્રાણ કરનાર રથવાહક તેની પાસે ન હતો. આ વખતે તો તેણે પોતાની આંખો ધીરે રહી ઉઘાડી; અને પાસે જુવેછે તો કંઈ આશ્ચર્ય અને વિશ્વાસ જેવું તેણીના મનમાં ઉત્પન્ન થયું ખરૂં.

બરાબર ચાલીશ વર્ષની એક ઉંચી પણ ભરેલા શરીરની સ્ત્રી તેની પાસે બેસી માતાની પેઠેજ તેની સરભરા કરતી હતી. એ બાઈના મુખ ઉપર લઘુતા વિસ્તીર્ણ હતી, પરંતુ તેની મુદ્રા પરિચિત હોય એમ લાગતાં રખેને સ્વપ્ન કે શંકા કે ભ્રમ ન હોય એમ વિચારી વિમળદેવી એ સ્ત્રીને સ્તિમિત દૃષ્ટિથી કેટલીએક વાર જોઈ રહી અને અવલોકનથી વધારે વધારે ખાત્રી થતાં બોલી "દાસી! હવણે મને કહ્યું 'મારો ભાઈ સારો છે' ત્યારે મને એની પાસે લઈ જાની. એના વિના ને બા વિના મા'રાથી રેહેવાતું નથી!" જવાબમાં ગદ્‌ગદતાને સીમાડે ચ'ડતા કંઠને અટકાવી આ બાઈ બોલી, "બેન, તું કશી ચિંતા કરીશ માં, તું તા'રાં વા'લાંનાજ ઘરમાંછે તો." "પણ મને અહીં નથી ગમતું;" એવું વિમળાનું વચન સાંભળી દાસી:—"આ તને મળશે ત્યારે બધું એ થશે; હવણે છાની માની સુઇ રહે." આ વચનથી જરા અધીરી થઈ જઈ વિમળા બોલી "ભાઈ સાહેબ, મને

મા વિના નહી મટે ને હું તને એક હાર આપીશ જો મને મેહેલમાં લઈ જાય તો.” મૃદુ શબ્દોથી તથા લોભના આવેશથી કપાળ ઉપર આવેલું પશ્ચાત્તાપનું બિંદુ લોહી નાખી આ સ્ત્રી બોલી “જો તું બોલ-બોલ કરશે તો નહી જવાય; મટ્યા વિના હવણે નહી મોકલાય;” આ શબ્દો તો બિચારી વિમળાને વીંછીની વેદનાથી પણ વધારે સાલ્યા. બાળક, અશક્ત અને ટોળાથી છુટા થઈ ગયેલા હરણના શાવવત્ અસ્ત એટલે અંતરમાંતો ઘણી ધીકી ગઈ છતાં ધૈર્ય રાખી આ નાજુક અને રૂપાળી અલેતી કન્યા બોલી, “મા’રી મા બિચારી રવડીને મા’રા વિના મરી જશે. એને મા’રા વિના જરા એક ઘડીએ ચાલતું નથી અને મા’રો હઠીલો ભાઈ તો “બેનને લાવો, બેનને લાવો” કહી મા’રા વિના ફાટી જશે પણ મને નહી વિસારે. માટે આજનો દા’ડો મારું કહ્યું માન ને મને લઈજા; તું કહીશ તે અપાવીશ.” અણસમજુ અને પ્રીતિની રીત જાણ્યાવિના પ્રેમાળ બાળાના પવિત્ર શબ્દો સાંભળી શઠની અર્ધાંગનાનુ પણ હૃદય પીંગળાયું ખરું. તથાપિ પેટની વેઠ અને આજ્ઞાભંગના ભયથી દયાની સર નીકળતાંજ દબાવી દેઈ આ બાઈ, જાણે કોઈ અંતરમાં પેશી બોલાવતું હોય એમ, કેવળ પરાધીનતાથી બોલી “બેન, તું જરા ધારણ રાખ. હવણે તો તને ઉઠાડતાંજ તું પડી જશે. વળી હું તારી બા જેવીજ છુંતો; બે દા’ડા વે’લી મોંડી તને ઠેકાણે તો પાડવાનીજ છે તો અહીં.” પણ આટલુ બોલતાંજ વિમળા જરા ક્રોધ અને ક્ષોભ ધરી બોલી “બાઈ, તું એમ કેમ બોલે છે? તા’રે ને મા’રે શું છે? અહીં તો મા’રો જીવ જવાનો; માટે જો મહારા ઉપર હેત હોય તો લઈ જા મને મા’રે ઘેર કે જવાદે મા’રી મેળે! માંદી છું તોએ “ભાઈ ભાઈ” એમ બુમ પાડતી હળવે હળવે હું વાટ પુછતી પુછતી ઘેર જઈશ. પણ એટલામાં મા’રા ભાઈ મળશે તો પોતાની બેનની બેલી કરી મને એવી રીતે ઘેર લઈ જશે કે ઉનીઆંચ પણ નહી આવે. માટે હીંડ જોડે કે જવાદે એકલી.” એમ બોલી જેવી તે ઉઠવાનુ કરેછે તેવીજ તે બિચારીનો હાથ ઝાલી તેને દબાવી રાખી જરા આંખ કહાડી “સુઈ રહે” એ પ્રમાણે બોલી પેલી સ્ત્રી જેમ ચહ્લી ઉપર બાજ તેમ વિક્રાળ ચક્ષુથી તાકી રહી. કારણ તે બાળાના ગમે તેવા શબ્દો પણ તેલમાં ભીંજાયલા પથ્થર ઉપર પાણી જેવા હતા. વિમળાને તેના બાપને ઘેર જેવી ને તેવી પહોંચાડી દેવા તેને કોઈ ત્યાં લઈ ગયું ન હતું. તેનામાંથી તો કંઈ સ્વાર્થ સિદ્ધ કરવાને માટેજ તેનો કપાઈ જતો આવરદા તેને પાછો આપવામાં આવ્યો હતો.

માતાનાં હાસ્યથી તથા સ્નેહથી મિશ્રિત પણ રીસનાં વેણ સાંભળેલાં નહી અને લાડ પાડમાંજ ઉછરણ થએલું તથા "ખમા ખમા" જ સાંભળેલી, તેમ સર્વતઃ આજ્ઞા મનાવવાનુજ વ્યસન પડેલું એટલે આવી એક તુચ્છ અને નીચ સ્ત્રીના અવિવેકી અને આજ્ઞાના શબ્દો સાંભળતાં તથા તેના કોમળ દેહને તેના કઠિણ કરનો સ્પર્શ થતાં તેને કેવું વસમું લાગ્યું હશે તેની કલ્પનાજ કરવી. પરંતુ ગમે એટલું દુઃખ લાગો અને ગમે તે થાઓ પણ જ્યાં પ્રતિકાર નહી ત્યાં કરવું શું? વળી વિમળદેવીના આ વયમાં એક તરફથી તેને દુઃખનુ જ્ઞાન, અને બીજી તરફથી પ્રારબ્ધ કે બ્રહ્મત્વ કે આશાના અવલંબનને વળગી રહેવાનુ અસામર્થ્ય, તેમ પોતાથી પણ અધિક દુઃખીના જ્ઞાનથી થતા સંતોષનો અસંભવ, એટલે એ બિચારી તો ભસ્મસાત્ થયા શિવાયજ શોકના ઉછળતા અગ્નિમાં બળવા લાગી. ઘણા કાલાવાલા કર્યા, ઘણું રડી, ઘણા હાથ પગ પછાડ્યા, ઘણું એ માથું કુટ્યું, ઘણીએ છાતી ઠોકી, ઘણું એ કર્યું, પણ તે શા કામનુ? છેવટ નિરાશામાંથી ઉત્પન્ન થતી હિમ્મતનો આશ્રય લઈ જેવી તે એકદમ ખાટલામાંથી ઉભી થઈ દોડવાનુ કરે છે તેવીજ પેલી દુષ્ટ સ્ત્રીએ તેનો ચોટલો ઝાલી તેને ચતી પાટ પાછી બાણશય્યાવત્ થએલા ખાટલામાં પછડાતી નાંખી. અને ખરે, જો આ સમયે મૂર્છા તેની મદદે ન આવી હોત તો ક્યારનાએ તેના પ્રાણ અવર સ્થાનમાં યાન કરતા હત.

પણ કાળ જે સર્વ ઘાને રૂઝાવે છે, જે ઘોર વૈરને પણ ભૂલાવે છે અને જે વેદનાને વિસરાવેછે તેનેજ આ સુશીલ કન્યાને સ્વસ્થ કરી સમય અને સ્થલને અનુસરી તેને યોગ્ય રસ્તે ચ’ડાવવાનુ કામ સોંપી આપણી વાત આપણે આગળ ચલાવીએ.

પ્રકરણ ૩ જું

ભવાનીનો ભોગ.

ઘણા વખત સુધી ઘણો શ્રમ પડેલો અને પ્રજાગરની પણ વેદના વેઠલી તથા ઘર તરફ જવાનુ પાસે છે એમ વિશ્વાસ વધેલો એટલે પેલા મુસાફરને તો નિદ્રાદેવીએ એવો પરાધીન કર્યો કે ન કરો વાત. ચંદનની સુગંધીથી મિશ્રિત પવનની

લહરીએ આ પ્રસંગે સર્વથા સર્પનીજ ગરજ સારી અને નિશાએ પૂરો નિશો કરાવ્યો. સર્વથા આજે તો જાણે મોહરાત્રીને દિવસે મોહ-માયાના અત્યંત અવિરલ અંધકારમાં લીન થઈ ગએલો આ મુસાફર, વેહેલું ઉત્થાન કરવાનો નિશ્ચય વિસ્મૃતિને સમર્પી, ઘસઘસાટ એવાં નસકોરાં બોલાવવા લાગ્યો કે જાણે તેના સ્વરથીજ શયન—નગરમાં દાખલ થએલાં સર્વ પ્રાણી માત્રે પાછલી રાત્રે હળવે હળવે નિદ્રા-માંથી બહાર આવવા માંડ્યું.

મહાત્મા આદિત્ય, પોતાનાં હજારો કિરણ સહિત તસ્કરને અને શાહુકારને ત્વરિત કરતો, સૂર્યમુખી પુષ્પને અને કમલને પ્રફુલ્લ કરી પોતાભણી આકર્ષતો, જળને અને શઠને શોષતો, અંધકારને અને શીત-લતાને નષ્ટ કરતો, કંદર્પનો દર્પ અને માનિનીનાં માન મુકાવતો, ધીરે ધીરે મનસ્વી નીતિજ્ઞ વીરજનની પેઠે નિયમિત તથા દૃઢ પગ માંડી ઉદયને પામતો, ચંડતામાં પણ પરોપકૃતિ ધારણ કરતો, ઉદિચ્ દિશામાં તાછા મારેલી ચાંદીના એક તેજોમય કટકા સમાન પ્રભાતમાં બાલરૂપ દેખાડતો, જાણે પૂર્વ ક્ષિતિજનો મુકુટમણી હોય એમ દીસતો, પોતાના પ્રભાવ તળે રહેલાં સર્વ ભૂત પ્રાણી માત્રને ઉદ્યોગ અને ઉદયપથ શિખ-વવાને માટે તત્પર થએલો ઉર્જસ્વી ચક્રવર્તિ રાજા શ્યામવર્ણ ઝરૂખે પોતાની ગોળ મુખમુદ્રા કહાડી બેઠો હોય એમ સુશોભિત અને હૃદયાલ્હાદકારી થઈ રહ્યો હતો. પતન સમયે પ્રજા પોતાની ન રહેતાં નિશાચરના રાજ્યમાં પણ મગ્ન થઈ અનેક પ્રકારના વિહાર ભોગમાં તલ્લીન રહી અને પોતાની સ્મૃતિ કે સ્પૃહાથી પણ વિરક્ત થઈ, તે છતાંયે ભગવાન્ મારિચ જરાએ ક્ષોભ, ક્રોધ કે વૈરભાવ પામ્યા વિના ઉદય સમયે તેજ પ્રજાને હુંફ આપી સૃષ્ટિના અનેક અપૂર્ણ રાજાઓને પોતાની મહાનુભાવતા તથા ક્ષમાધરત્વ દેખાડી આસ્તે આસ્તે પોતાનો પ્રતાપ એવો વધારવા લાગ્યો કે જાણે પ્રથમ તે કોઈ વેળા અસ્તજ ન થયો હોય. ના'નાં ના'નાં પક્ષીઓ પોતાના મધુર સ્વરે પ્રભાતમાં ઈશ્વરની સ્તુતિ કરતાં હોય એમ ખાવા પીવાની ચિંતા રાખ્યા શિવાય નૃત્યગીતોત્સવ કરી રહ્યાં હતાં. પશુઓ પણ પ્રસન્નતા રાખી સાદ તાણતાં તાણતાં આમ તેમ નિરંકુશ ફરતાં હતાં. પવન સૂર્યના કરનો આશ્લેશ કરીનેજ વાવા લાગ્યો. સુગંધ મિશ્રિત અને ઘેરો આવવા લાગ્યો. ગતરાત્રીમાં થએલી સુખ કે દુઃખની નિવૃત્તિ, અને ખરચાઈ જતું એશ આરામનું બાહુલ્ય એ સર્વ સ્મૃતિ માત્રમાંજ રહેવા લાગ્યાં.

સર્વ કોઈ પ્રથમ દિવસની અધુરી રહેલી પ્રવૃત્તિમાંજ યોજાઈ ગયું. એદ્દી, અફીણી અને ઘુવડને આ કાળ અકારો થઈ પડ્યો. આ કાળે ગુણિકાનાં નૃત્ય બંધ પડી ગયાં પણ મયૂરના અકાળ તાંડવ થવા લાગ્યાં. રત્નખચિત શૃંગારગૃહના અનેક મંડપોમાંથી હજારો અને લાખો દીપક સાથેલાગા એકીજ વખતે હોલાઈ જવાથી તે સર્વના સમગ્ર તેજનો સમૂહ જાણે સ્વર્ગમાં પ્રદીપ્ત થયો હોય એવી અતૃપ્ત અંગના-ઓના મનમાં શંકા ઉત્પન્ન કરતો સૂર્ય, ઉંચે સ્થાને ચ'ઢી પોતાનુ નિત્યનુ અસ્ખલિત પ્રયાણ કરતાં કરતાં, પિતાવત્ પ્રજાથી દુર્વાસના દૂર કરવા લાગ્યો અને મિત્રવત્ પ્રજામાં પ્રકાશ પાડવા લાગ્યો. વિયોગી અને સંયોગી બન્નેને વ્યવહાર કાર્યનુ સૂચન કરી, ચિંતામાં ગુંથાઈ ગયેલા તેમના મનનો ઉકેલ પાડતાં વસ્તુનુ યથાર્થદર્શન કરાવતો સહસ્રરશ્મિ સર્વથા આ સમયે પૂજાર્હ અને વંદનીયજ છે.

આવા રમણીય કાળમાં અને આવા રમણીય પ્રદેશમાં પ્રિયાની શોક નિદ્રાને તેની સોડમાં લેઈ સોડો તાણીને સુતેલા આ મુસાફરના અવિવેકથી કે તેના ઉપર કૃપા દૃષ્ટિથી કે એ બન્ને કારણથી પોતાના કર તેના ઉપર નાખી, નારાયણ દિનમણીએ તેને શિરજોરીથી જાગ્રત કરવા પ્રયત્ન કર્યો. પરંતુ સ્વપ્ન કે બીજા કોઈ પણ વિકારથી રહિત થઈ સ્વસ્થ અને સુસ્થ થઈ સુતેલા આ સાક્ષાત્ નર જેવા નરને કાંઈ સ્પર્ષથી પણ જાગ્રતી ન આવેલ તો આવા આડકતરી રીતે આવેલા એકાદ કરથી તેની નિદ્રાનો ગહન દુર્ગ શી રીતે તુટે? તથાપિ આ પ્રમાણે કર નાખ્યા છતાં પણ જ્યારે જાગ્રતી ન આવી ત્યારે ક્રોધથી ઉષ્ણ અને રક્ત કરોનો પ્રહાર તેના આખા વદન ઉપર કરી હિતકર સૂર્ય તેને ધીકાવવા લાગ્યો. તેથી આળસ માંડી ઈશ્વરનુ નામ સંકીર્તન કરતો સહર્ષ ઉઠી જેવો પોતાના અશ્વ તરફ દૃષ્ટિ ફેરવે છે તેવોજ અત્યંત આશ્ચર્ય પામી તે ચમકી ઉઠયો, અને શ્વાસ પણ લીધા શિવાય બોલી ઉઠ્યો "આ કર્મ કોણે કર્યું?" આ શબ્દો નીકળતામાંજ જેવો તે એક હાથ તરવાર ઉપર નાખે છે તેવોજ બીજો આશ્ચર્યધ્વનિ તેના પુલકિત મુખમાંથી નીકળી ગયો. પણ જ્યાં આશ્ચર્ય ઉપર આશ્ચર્ય ત્યાં શી ગતિ? ઘોડો, તમંચો, તરવાર, સર્વ સાથે લાગાં ગયાં! ગયાં તો ગયાં પણ સાથે અમલદર્શિકા મુદ્રાને પણ લેતાં ગયાં!!

વીર પુરૂષનો અશ્વ એજ તેનુ ઘરછે તે ગયો, તરવાર એજ તેની માતાછે તે ગઈ, તમંચો એજ તેનો મિત્ર તે ગયો, લાજ એજ

જીવિત તે ગઈ, તેથી માનભગ્ન અધમ અને પતિત કિંપુરૂષ જેવો પોતાને માની પ્રમાદને ધિક્કારતો, પોતાની અપૂર્ણતા સ્વીકારતો અને ઈશ્વર અને માતપિતાની સહાય માગતો આ વીરજન ત્રિમાતુલશુદ્ધ સુબુદ્ધિનો છતાં અશુદ્ધ ગિરાથી હૈયાફાટ વિલાપ કરી હાથ પગ ઘસવા લાગ્યો. પણ જ્યારે મોંઘી મુદ્રાને પણ ખોઈ બેઠો એમ તેને લાગ્યું ત્યારે તેના દેહના અંતર્ભાગમાં પણ શતસહસ્ર શસ્ત્રની નિરંતર વેદના થવા લાગી. મહા સંકટમાં પડેલા કે વજ્રના પાંજરામાં પડેલા સિંહ જેવા આ વીરપુરૂષની દીનતા જોઈ આ સમયે કોને દયા આવ્યાવિના રહે ? વિધિનેજ.

પણ અરે ! શઠ વિધિ ! ત્હારામાં એક્કે શું સારું છે ? તેં કો દિવસ કાંઈપણ સારૂ કર્યુંછે ? ગુણ ત્યાં રૂપ નહી, રૂપ ત્યાં ગુણ નહી અને ઉભયાપત્તિ ત્યાં વિયોગ. "ધાનાં ત્યાં પાનાં નહી, પાનાં ત્યાં ધાનાં નહી." આ તા'રા કર્મના પરિપાક ! સર્વથા બુદ્ધિનો વિપરીત ઉપયોગ કરવામાંજ તા'રૂં કૌશલ્ય છે ! અથવા તા'રા અનર્થની અસહ્યતાને લીધે વીર પુરૂષો પણ તા'રા નિવાસસ્થાન લલાટમાં કરપ્રહાર કરે છે તે વ્યાજબીજ છે. દુર્વિદગ્ધ દૈવ ! આવું રૂપ, આવું શૌર્ય, આવું શરીર, આવું કુળ, આવા ગુણ, આવો અધિકાર, આવી વૃત્તિ અને આવું વય, આ પરિપાક માટે તેં રચેલું કે ? મુખ આગળ અમૃતનો પ્યાલો ધરી વિષના ઘુંટડા પાવાના તા'રા ચાતુર્યને હજાર વાર ધિક્કાર છે.

દુષ્ટ અને અવિવેકી વિધિના કૃત્યથી અણધારી પણ અવદશા આવે તો ખરી, તથાપિ જ્ઞાની પુરૂષો જરાવાર વિચાર કરી ગતનો શોક કરતા નથી અને ભવિષ્યનો પ્રતિકાર કરેછે. આ પ્રમાણે આ પ્રસંગે પોતાનુ સર્વ ધૈર્ય એકઠું કરી, પાસેના જળના ઝરામાં જઈ સ્નાન કરી, ભગવાન્ સૂર્યનારાયણનુ અર્ચન કરી "શિવશિવ" એમ બોલી, ટોળામાંથી હરાઈ ગએલા હરિણ પેઠે ચકિત આ મુસાફર અડવે હાથે કેડ બાંધી, ઉતાવળે પગલે સોત્કંઠ નિયમિત દિશા તરફ ચાલતો થયો.

પ્રજા રાજાવિના, સ્ત્રી પુરૂષવિના, ચંદ્ર રાત્રીવિના, ઘર પુત્રવિના, રૂપ ગુણવિના, ભોજન લવણવિના, દિવસ સૂર્યવિના, વણિક વ્યાપાર વિના, કણબી ખેતીવિના, બ્રાહ્મણ વિદ્યાવિના, અને ક્ષત્રિય શસ્ત્રવિના, શોભારહિત થાયછે, તેમ આજે આ કોઈ મહાપુરૂષની સ્થિતિ થઈ. અનેક પ્રકારની કલ્પનાઓ કરે, પગલાં ખોળે, યુક્તિઓ ઉઠાવે, તર્ક

કરે પણ, જેમ પવન આવતાં મેઘ, તેમ, તેના સર્વ વિચારો નૈરાશ્યના ઝપાટાથી વિખરાઈ જાય. પરંતુ વિકટમાં વિકટ ભવિષ્યનુ રાન જણાઓ, હૃદય પ્રત્યક્ષ ભેદાઇ જાઓ અને અનેક પ્રકારનાં નર્કથી પણુ ઘોર અને પ્રચંડ દુઃખ સામટાં આવીને અડો, તોપણ અલ્પ કાળનો ક્ષય થયા પછી એટલે તુરતનો ધક્કો મંદ પડ્યા પછી વીર જનનુ ધૈર્ય ક્યારે નાશ પામ્યું છે? રૂવે રૂવે શતવીંછીની વેદના થાઓ; દિઠે ડોળે પ્રિયાની પ્રતિષ્ઠા લુંટાવાનુ થાઓ, અથવા એ સર્વે સાથે લાગાં બનો, તોપણ તિતિક્ષાને દાસી કરી રાખનાર મહા બલવાન ધીર પુરૂષ હિમ્મત રાખી, સૂર્ય જેમ રાત્રિને અને દીપક જેમ અંધકારને તેમ, પળે પળે કળે કે બળે સર્વ પ્રકારનાં દુઃખને અવસાનના ઘોર અને અદૃષ્ટ સમુદ્રમાં ફેંકી સર્વ વિઘ્ન પ'રાં કરી અસ્તમાંથી પણુ પૂર્ણોદયની પ્રભા ધારણ કરેછે, તેમ આજ આ વિરલ પુરૂષે પોતાના જાતિસ્વભાવને અનુસરી સુખનો અનુભવ કરવાની પ્રતિજ્ઞા કરી સર્વ વિતર્કોનો ત્યાગ કરી ગૃહ તરફ પ્રયાણ કરવાનું શરું કર્યું.

પણ તેણે ચાર ડગ ભર્યાં એટલામાંતો પગ સામે એક ના'નો બાળક લુગડામાં ઢંકાએલો ચતોપાટ પડેલો તેની દૃષ્ટિએ પડ્યો; જેને જોઈ તે ચોંકી અધવંચ ઉભો રહી, "અરે આ શું?" એમ બોલી સ્તબ્ધ બની ગયો. તે બાલની છાતી ધબકારા મારી રહી છે તે જાણે અંતરમાંથી હવે નીકળી જતા બાળભાવને તે અટકાવતું હોય એમ શંકા પડતી હતી. તેના મુખના શ્વાસોચ્છ્વાસથી તે જાણે દૈન્યને કરડી વીર્યને ભરતો હોય તેમ જણાયો; તેના સ્ખલિત અને અસ્ફુટ શબ્દોમાં પણ પ્રેમ અને શૌર્યનો આવિર્ભાવ સમજાયો; કાંઈ દયાથી, કાંઈ ચિકિત્સાથી, કાંઈ અજ્ઞાત આકર્ષણથી, કાંઈ શંકાથી, અને કાંઈ સ્નેહથી પાસે જઈ, પાસે ઠરી, આંખ ઠરાવી, તરવરતા હૃદયથી, સ્થિર વૃત્તિથી, વક્ષઃસ્થળે હાથ દેઈ જેવો તે બાલનુ વદન જુવે છે તો આહા! શું આશ્ચર્ય, શો હર્ષ, શો ક્રોધ, શી ચિંતા, શો ક્ષોભ અને શો ત્રાસ સાથેલાગાં ચ'ડતે પૂરે ચઢવા લાગ્યાં! પણુ જ્યાં અંતરમાં ચ'ડતા વિકારોનુ પ્રાકટ્ય કાચ જેવા ગાલ પ્રત્યક્ષ કરી આપે, જ્યાં બહાર આવતા શબ્દો ગળામાંજ ગળી જાય, જ્યાં મૂકભાવનુ પ્રાધાન્ય પરિપૂર્ણતા પામે, જ્યાં નયનનાં પોપચાંમાંજ મૂર્છા આવતાં તે જ્યાં ને ત્યાં ઠરી રહે, જ્યાં એકદમ પેલો બાળક કોટે વળગી છોડ્યો છુટે નહી, જ્યાં હૃદયનો પવિત્ર પ્રેમ નયનદ્વારા બહાર આવી શોકનુ કે

હર્ષનુ સ્નાન કરાવવા લાગે, જેષ્ઠ માસમાં આવતા પવનના ઝપાટાની પેઠે જ્યાં વિકારોએ ઉપરા ઉપરી પડી બન્નેનાં મનની ખેંચતાણ કરવા માંડી ત્યાં વર્ણન શું? પુનઃ પુનઃ ગાઢ આલિંગન, હઠ ચુંબન, સ્નેહ વર્ષણ અને વિશ્વસ્ત આશ્વાસન કરીને, આ જોબનના પગથીઆ ઉપર પગ મુકતાંજ કોઈ અનાર્યના કુવિચારથી પાછા ધક્કેલાએલા બાળને પોતાના અંકમાં બેસાડીને, તેની નાજુક અને બરફજેવી ઉજ્જવલ ચીબુક ઉંચી કરીને તેના સામે ન્યાલતાં, નયનમાં ઉભરાઈ જતા જળને ગુપ્ત રાખવાનેજ વદન આડુ ફેરવી એક હાથે ચક્ષુઓ લોહી પાછો તેને છાતી સરસો ચાંપીને, આ ક્ષત્રીય છતાં પણ કોઈ અદૃષ્ટ શક્તિને પરાધીન થએલો મુસાફર, તેને કંઈ પુછવાનુ કરે અને વળી પાછો રડીપડતાં આડુ જુએ, ફરીથી વક્ષઃસ્થળે દાબે અને પુછે, અને રડે અને દાબે અને પુછે. એમ કેટલીએક વખત બાળચેષ્ટા ન ગમતાંએ, અરે! અજાણ્યે કર્યાં પછી અને પોતાની આ સ્થિતિમાં મોતીથી પણ મોંઘુ એક પણ આંસુ આ બાળના નયનમાંથી વહીજતું જોયા પછી, ધીરે રહી તે પ્રસંગે થાય એ પ્રમાણે મન સ્વસ્થ કરી, હસીને પણ ગદ્દગદ કંઠે, આ વીર જન બોલ્યો, "ભાઈ! તમે અહી કયાંથી!" પણ આ પ્રશ્નનો ઉત્તર પામતા પેહેલાંજ અચાનક આ પથિકની બન્ને આંખોએ પાટા બંધાઈ ગયા; તેના બે કર પકડાઈ ગયા અને તેને ગળે રૂમાલ સર્પની પેઠે વીંટળાઈ ગયો. તત્ક્ષણ "ત્રાહિ ત્રાહિ" કરતો, ઘણા કરૂણ વિલાપ કરતો, "મને મુકી ઘો, મને મુકી ઘો," એવા અનેક પ્રલાપ કરતો રડી રડી અને વઢી વઢી તથા સાદ પાડી પાડી કંઠને પણ બેસાડી દેતો તથા છુટા થઈ ગએલા કેશથી ઝાડીમાંથી દેખાતા સૂર્ય જેવો ભાસતો આ બાળક ઘણોએ વળગી રહ્યો, ઘણોએ ધમપછાડ કરવા લાગ્યો, પણ બાળનુ જોર કેટલું? તેથી આ મુસાફરના અસમર્થ મ્હેંણાને ન ગણકારી અથવા ન સાંભળી કોઈ દુષ્ટજનો આવી આ બાળકને, માતાના ખોળામાંથી હોય એમ ખેંચી લેઈ કોણજાણે કેઈએ દિશા તરફ દોડી ગયા.

જો આ બાળકના શબ્દો, પોતા પાસે રેહેવાને માટે તેનાં તરફડીયાં અને દૂર જતાં જતાં તેના વિલાપના પ્લ્યૂત સ્વરે આ વીરાનુ હૃદય શૂન્ય કર્યું, તેને પોતાનુ ભાન ભૂલાવ્યું, તો વાંચનાર! આ સમયે તેના ધૈર્યસ્ખલન માટે સર્વથા તેને દયાપાત્રજ ગણજે. જો આ સમયે તેને રૂદન કરવાનો અવકાશ મળ્યો હત તો કદાચ તેની શુદ્ધિ બુદ્ધિને સ્થિરતા મળત પણ જ્યારે તેના મ્હોંમાં વસ્ત્રના ધાગાનો ડુચો

ઘાલી આ કૃતાન્તોએ તેના શ્વાસનુ પણ રૂંધન કર્યું ત્યારે કેવળ ઈશ્વર પરાયણ ચિત્ત કરતો કરતો તે મૂર્છાને વશ થઈ ગયો. પછી તેમણે તેની કેડ ઉપર ત્રણવાર કશીને દોર બાંધ્યો. તેના પગને પણ એવી રીતે બાંધ્યા કે તેનાથી બે ડગલાંએ ચલાય નહી. ટુકામાં બ્રહ્માસ્ત્રથી તે નાગપાશેજ બંધાયો. પણ આમાંનુ કશુએ તેને વ્યથાકારી નહતું. જેને માટે એકતો શું, પણ અનેક વાર દેહ ધરી ત્યાગ કરવો એ પણ આનંદકારી માન્યું હોય, જેના બહાર નીકળતા ઉચ્છ્વાસ એજ જીવિત સમજાયું હોય અને જેના દૃષ્ટિપાત એજ સુખની સીમા ગણી હોય તેવા કુસમયથી વિપરીતાવસ્થાને પ્રાપ્ત થનાર પરંતુ પોતાને હાથે રક્ષાને પ્રાપ્ત થવા આવનાર, એક અવર્ણ્ય બાળકને આમ છતે દેહે બકરાની પેઠે પોતાના અંક ઉપરથીજ ખેંચી જવામાં આવે, અને તેના બચાવમાં પોતાની એક આંગળી પણ નહી હલાવાય એ શું આ વીરને ઓછુ દુઃખ? અથવા જયાં રગેરગ, રોમેરોમ, શ્વાસોચ્છ્વાસ—અરે! સર્વસ્વ એ બાળના હરણમય થઈ ગયું ત્યાં શોકે શું, દુઃખે શું ને વિચારે શું? ઉઠવાની કે બેસવાની, ચાલવાની કે દોડવાની, બોલવાની કે રડવાની સર્વ શક્તિઓ આ બાળની પાછળ ચાલી ગઈ, એટલે કદાચ તેને બંધનમાંથી છૂટો કર્યો હત તોપણ આ દુષ્ટ જનોને કંઈ અડચણ પડવાની ન હતી.

પરંતુ અયોગ્ય કૃત્ય કરનારને ભયાગમ વધારે હોય છે તેથી એક ઉતાવળીયો બોલી ઉઠ્યો "માગો હુકમ." બીજો બોલ્યો "એતો મા'રું કામ! આજે હું માતાને પરસન કરવાનો છું." ત્રીજો "એ વેઠને ઉંચકી જવા કરતાં એને હુંજ ઠાર કરું" એમ કહી જેવો તેને ગળે વિંટેલો રૂમાલ સજજડ કરવા જાય છે તેવોજ ધબ ધબ કરતો એક ચોથો રાક્ષસ જેવો આતતાઈ "હોં હોં" કરી પેલાને અટકાવી બોલ્યો "બસ ઐસા મત કરના. ઉસકા ભોગ ભવાની ઇસ તરેંસેં નહી લેગી. અબ તો ઉસકુ લે જાઓ અખાડેમેં." આવાં વચનથી પોતાનું સ્વરૂપ પ્રકટ કરતા આ નાયકે જેવો હુકમ કર્યો તેવો તે મનાયો. એક ચાદરમાં આ જીવતા શબને લઈ બે ઉત્કટ પુરૂષો પશ્ચિમ દિશા તરફ હરિણવત્ ફાળો ભરતા એક સપાટે ને સપાટે ચાલ્યા ગયા અને બે ઘડીમાં મેદાનમાંથી નળીઓ અને ઝાડીઓ તથા ખાડા ટેકરા પાર નીકળી જઈ એક વિકટ સ્થળ તરફ વળ્યા.

આ પ્રસંગે પેલા મુસાફરને કંઈ શુદ્ધિ આવેલી ખરી, કારણ કે તેણે જાણ્યું કે પ્રથમ પાટા બાંધેલી આંખોએ તેને ઉજેશ દેખાતો

હતો તે મટી ગયો અને અંધકારે આવરણ ફેરવ્યું, તેણે જાણ્યું કે તેઓ ડાબે હાથે ઉંચે ચઢી પાછા હેઠે ઉતર્યા, તેણે જાણ્યું કે કંઈ કાનમાં વાત થઈ, તેણે જાણ્યું કે સર્પના જેવી સીસોટીની સાથે એક દ્વાર ઉઘડ્યું તેમાં તેને વાંકો ચુકો લેઈ જઈ એક કાંટાકોળાની પેઠે પછડાતો નાખ્યો. આ સર્વ તેણે જાણ્યું. પણ અંગ તો એક્કે વાળવાની તેને શક્તિ નહોતી. તથાપિ આ ગીધોએ આમ કેવળ અનાદરથી તેને તેના પોતાનાજ મનના ઉઠાવો રૂપી ગીધોને માટે ભક્ષણનુ પાત્ર કરી તેની પાછળ જ્યારે બારણાં બંધ કર્યાં ત્યારે તેણે હળવે હળવે મનને ઠાવકુ રાખી પૂર્વ સ્થિતિના વિચાર કરવાનુ કામ આરંભ્યુ. “આતે શાણું કે સાચુ” એ પ્રશ્નનો ઉત્તર વિચારતાં આ ભયંકર અવસ્થાનુ સત્યત્વ જણાયે આ, બિચારો બની ગએલો રણકેસરી ફરી મૂર્છામાં આશ્રય લેવા લાગ્યો. પણ પછી જ્યારે જાગ્રત થયો ત્યારે તેણે સાનંદાશ્ચર્ય તથા ભયથી આટલુ તો જોયું કે તેનાં નયન, તેના હાથ પગ અને સર્વ અંગ છુટાં થએલાં અને તે એક કારાગૃહથી પણ ઘોર ઓરડામાં પૂરોએલો. અહીંથી પણ પેલા બાળનુ રક્ષણ કરવાનુ તેને મન થાય તેથી પ્રસંગે પ્રસંગે ધમકી, વિજ્ઞાપના, નૈરાશ્ય, અને આહ્વાનના શબ્દો તે મહા ઘેરા ધ્વનિથી બોલવા લાગ્યો; પણ જે ભીંતો તેની ચારે પાસ તેની મશ્કરી કરતી સ્થિર ઉભેલી તે ભીંતો તેને તો શું પણ તેના શબ્દને પણ બહાર શાનો જવાદે? અથવા જવાદે તો પણ આ સ્થળના માલીકોને એવા શબ્દો સાંભળવાને કાન પણ ક્યાંથી હોય? તેથી થાકીને “શિવ શિવ” બોલતો પેલા બાળનુ રક્ષણ કરવા તેત્રીસ કરોડ દેવતાને વારાફરતી વિનવતો તે ફરે, બેસે અને ઝંભે.

પુનિત અને નિર્દોષ મનુષ્યોને ઈશ્વરનુ નામ ગમે તેવા ભયમાં પણ સહાયકારી થઇ પડે છે. તે નિયમાનુસાર આવી રીતે આવા સ્થાનમાંથી પણ નીકળવાની આશાનાં અંકુર ફુટતાં તેના મનમાં કંઈ સાન્ત્વના થઈ ખરી. વળી જેમ જેમ તે ઈશ્વર નામ સંકીર્તન કરે તેમ તેમ તેને એકાન્ત સ્થળમાં પણ સુખાગમ થવા લાગ્યો, તેની મુખમુદ્રા ઉપર પ્રકાશ પડવા માંડ્યો અને તેના હૃદયકમળ ઉપર પ્રફુલ્લતાએ બેસવા માંડ્યું. તેથી આ મુસાફરે તો માત્ર ઈશ્વરની સ્તુતિમાંજ આનંદનો ગુણ માની લીધો. સર્વથા મહાત્મા પુરૂષો સદ્વિચારનુ ગ્રહણ કરે છે.

પ્રકરણ ૪ થુ.

ભવાનીનુ મંદીર.

અનેક વિકૃતિથી ભરપૂર છતાં હૃદયની શૂન્યતાથી અથવા ઘણા ઘણા વિચારોના પ્રતિપાદન તથા ઉન્મૂલનની ગડમથલથી થતી મસ્તિષ્કની મૂઢતાથી વા અંતર્બાહ્ય ઇંદ્રીયોની જડતાથી વિવર્ણુ થએલા આ મહાન પુરૂષનાં, રૂદન, શ્રમ કે ક્રોધથી જાણે હીંગળોકનું અંજન આંજ્યું હોય એવાં રક્ત થઈ ગયેલાં નયન, આમ તેમ ફરતાં ફરતાં અને રાતાં કમલની શોભા ધારણ કરતાં અંધકારમાં પણ પોતાના ઉન્મીલનનુ કારણ જે સૂર્ય તેને ખોળતાં હોય એમ ચેષ્ટા કરવા લાગ્યાં. પણ અંધકારના ઉત્પત્તિસ્થાનની ઉપમાને પાત્ર થતા આ કાજળના પ્રદેશમાં તેને શું જોવાનુ હતું? ન મળે ખીંટી કે ન મળે ગોખલો, ન મળે બારી કે ન મળે બારણું, ન મળે તાકુ કે ન મળે જાળી; કાંઈ ન મળે. ભીંતો પણ એવી લીસી કરી નાંખેલી કે કીડી અથવા મંકોડો પણ ચ'ડતાં ખશી પડે. વચ્ચે કંઇ ખાડો કે ઉણપ મળે નહી. બારણુ એકજ હતું તેને ઉલાળોએ નહી. માત્ર એક અંદરની ભોગળ હતી જે એવી યુક્તિથી કરેલી કે જેવું બારણું અડકાવાય તેવીજ તે સજ્જડ બેસી જાય. જમીનનુ તળ પણ સપાટ લાગતું. યમના કારાગૃહથી અધિક ત્રાસજનક આ સ્થળમાં અન્ય કંઈ પણ વસ્તુ નહતી. આ સર્વ સ્પર્શેન્દ્રિયથીજ તે જાણી ગયો બાકી નયનને તો, ના'ના પાટા મટી મો'ટા પાટા થયા હતા. ચારે તરફની ભીંતો ખાવા ધાતી હોય, એમ કૃષ્ણ રંગથી રંગાએલી ડાકણોના ઉઘાડા બરડા જેવી પાછે પગલે સમીપ આવતી લાગતી હતી. આ સ્થળમાં ભુખ્યો, તરશ્યો, થાકેલો અને તેથી પાકેલો, વિચિત્ર બનાવોથી વિભ્રાંત જેવો બનેલો આ મુસાફર ગાઢ ઉદ્વેગમાં આમ તેમ ફરવા લાગ્યો. અંતર્જ્વાળાનો ઉદ્ભવ થતાં મહાગિરિવત્ તે શરીરે કંપવા લાગ્યો, જાળમાં સપડાયેલા નક્રની પેઠે પગે ધમ પછાડા કરવા લાગ્યો. છતાં આવી વિષમ અવસ્થામાં પણ પેલા બાળનું રક્ષણ કરવા અને તેમ કરતાં મૃત્યુ આવે તો તેને પણ મિત્રવત્ ભેટવા આ મહાનુભાવનો દૃઢ અને અચલ નિશ્ચય ન ખશ્યો

કે ન ચશ્યો. પ્રાણેશ્વરીનો પ્રેમ, જગતની કીર્તિ કે દેહની મમતાથી પણ મહાન શૂરવીર નરના ધર્મનુ સ્ખલન કે વિસ્મરણ નથી કરાવાતું.

ક્યાં આગળથી, કેવે પ્રસંગે, કયા વિષય ઉપર અને શા કારણથી તે સમજાયું નહી પણ તેને એમતો લાગ્યું કે સાન્નિધ્યમાં ક્ષણે ભયના, ક્ષણે ત્રાસના, ક્ષણે ક્રોધના, ક્ષણે હાસ્યના, ક્ષણે નૈરાશ્યના, ક્ષણે વિજ્ઞપ્તિના અને ક્ષણે આજ્ઞાના શબ્દની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ શબ્દસંકુલમાં પેલા બાળકનો સ્વર નથી એમ તેણે ખાત્રી કરી લીધી. ખાત્રી ન થઈ હોત તો એ શું? ઇચ્છા અને શક્તિ છતાંયે બાળકનુ રક્ષણ કરવાનો કંઈ ઉપાય ન હોતો, ઉપાયો શોધવાનુ કે યોજવાનુ સાધન પણ ન હોતુ. અંધતમસમાં, વિજનતામાં, છતે દેહે મરણ સેવતા આ નરવીરની વ્યથાનો પાર રહ્યો નહિ. જે પુરૂષને રાત્રી અને દિવસના ચોવીસ કલાકમાંથી એક ક્ષણભર પણ નિવૃત્તિ ન મળે, જે ભોજનવેળા પણ કંઇ શુભ વિચારથી ગ્રથિત હોય અને "કાળ બરાબર મળતો નથી" એમ જેની દરરોજ બુમ હોય અને અદ્યાપિ પર્યંતનુ વય જેને માત્ર એક વર્ષ સમ વહી ગયું હોય તેવા આ કોઈ વીર ધીર પુરૂષને આપત્કાળમાં દીર્ઘતા ધારણ કરતી ઘટિકાઓ, શૂન્ય હૃદયથી, આશા અને આશ્રયના વિયોગમાં માથે હાથ મુકીને કે હાથે માથુ મુકીનેજ ગાળવી પડે—એથી તેને બીજુ શું વિષમ લાગે? તથાપિ ચિરકાળના દ્વેષથી પૂર્ણ આચ્છાદિત કરતા રાહુના સ્પર્શમાંથી અલ્પકાળમાંજ મુક્ત થઈ સૂર્ય ચંદ્ર જેમ પૂર્ણ પ્રભા ધારણ કરે છે તેમ આ વિધિનોજ ઈર્ષ્યાસ્પદ નૃસિંહ નૈરાશ્યની છાયામાં ગ્રસ્ત થયો—પણ તે માત્ર પળવારનેજ માટે. સર્વથા ખરુ પાણી ઘાથી વળે પણ ભાગે તો નહીજ.

તેણે ધીરેધીરે અનેક તર્કવિતર્કને વદાય કરી પોતાની સહજ ભગિની હિમ્મતનુ પાછુ પોતાના વક્ષઃસ્થળમાં આવાહન કર્યું. અને જેમ ઈષ્ટની તેમ ભવિષ્યની રાહ જોતાં તે અંધકારમાં સમાઈ જતા કાળને પણ ન ગણકારતાં શાન્તિ ધારણ કરી બેઠો. બાજ જેમ શિકારને તેમ અંકમાં બેઠેલા લલિત બાળને ખેંચી જનાર તથા પોતા ઉપર પણ ધાપ મારનાર દુષ્ટ લોકો ઉપર વજ્રપાત સમ વૈરપાત કરાવવા તત્પર થયેલું તેનુ ચિત્ત ક્ષુભિત થતાંજ અટકી જતું હતું. તેમ ક્ષણે નયનથી, ક્ષણે વદનથી, ક્ષણે હૃદયથી, બહિર્ આવી દશ ઇંદ્રિયોની પરાધીનતા, દીનતા, અસમર્થતા અટકાવવાને, તેનો મહા વેગ

માત્ર વિવેકબુદ્ધિના અભેદ્ય દુર્ગથીજ અટકતો હતો. આમ વિજન-સ્થાનમાં પણ આ પુરૂષના દેહ રૂપી રણમાં બુદ્ધિનુ તથા મનનુ યુદ્ધ મચી રહ્યું હતું તેવામાં અચિંત્યુ દ્વાર કડડ કરી ઉઘડ્યું; જેથી આ યુદ્ધ બંધ પડ્યું. અને આ રણચાક્રે નિશ્ચલ તથા ચંડ દૃષ્ટિ તે તરફ ફેરવી. તથાપિ તેના ક્રુર દૃષ્ટિપાત પણ જાણે દુષ્ટને અડકતાં પાછા હઠતા હોય, કે સ્ત્રી ઉપર ઘા ન કરવો એમ આપત્કાળમાં પણ ધારતા હોય કે ગમે તે કારણ હોય તેથી જેવી તેના સામે એક સાઠ વર્ષની ડોશી જુવે છે તેવાજ પાછા ફરી ગયા.

જન્મ પામેલી રાત્રીએ યૌવન ધારણ કરવા માંડ્યુ તે પેહેલાં મરી ગયેલા યૌવનના શબ જેવી નિસ્તેજ દેખાતી અને અન્ય મનુષ્યોનાં યૌવનો નાશ કરવાનેજ પ્રાણ ધારણ કરતી જણાતી પેલી વૃદ્ધ બંધકીએ હરાયાં ઢોરને હોય તેમ તેની પાસે વાસી ભોજ્ય અને રાશી જળ મુંક્યાં; પછી જાણે તેના હૃદયના વિકારો જાણવા મથતી હોય, જાણે તેના અંગે અંગ અને રોમે રોમ ઉપર 'નજર' નાંખતી હોય, જાણે તેને તત્ક્ષણ ગુંગળાવવા મથતી હોય તેમ ખંજન તરફ સમળીની પેઠે તાકી તાકીને નિહાળવા લાગી. આવાં નિર્દય છતાં અસમર્થ અવલોકન તરફ સદય દૃષ્ટિ કરી આ મુસાફરે તે સ્ત્રીની નિર્બળતા અને પોતાની રમૂજ અધરોષ્ટના વિભ્રમથી એવી સ્પષ્ટ કરી આપી કે તેણીનો ક્રોધ અસતીના શાપની પેઠે દેખાયો વિષમ, પણ નિવડ્યો વંધ્ય. અંધતમસની કૃત્તિકા જેવી આ સ્ત્રીથી કાંઈ સમાચાર મળે એવો સંભવ ન હોતો તો પણ આશ્ચર્યે મુસાફરને ઉશ્કેર્યો અને આશાએ બોલાવ્યો તેથી આવી દુષ્ટા સાથે બોલવાની અંતઃકરણની મના છતાંએ તેણે પુછયું "બાઈ! હુ ક્યાં છું? મ્હારૂં શું કરવાનુ છે? પેલો બાળ"—પણ આટલુ સાંભળતાંજ નર્કની ડાકેણ જેવી પેલી સ્ત્રી કારમી આંખ કરી તેને ઈસારતમાંજ બોલતો અટકાવી જેવી આવી હતી તેવી હરિણીની પેઠે કુદતી કુદતી ચાલી ગઈ અને તેને અપમાનનુ દુઃખ દેતી ગઈ. સર્વથા અંતઃકરણ વિરૂદ્ધ કૃતિ દુઃખનુજ કારણ છે.

વિકારોથી તેનુ પેટ ભરાઈ ગયું હતું તદપિ દુષ્ટના ત્રાસથી, આધિવ્યાધિ કે ઉપાધિના ભયથી, નૈરાશ્યના ઝટકાથી, કાયર થઇને જીવિત-પ્રયાણ પુરૂં કરવું અથવા એમ થાય એવું કંઈ પણ કૃત્ય ભૂલે પણ આદરવું એતો તેના સંકલ્પમાં પણ ન હતું તેથી ન ગમતાં પણ

જરા દબાવી તેણે ભોજન કરી લીધું. પછીથી અસ્ત થતા નૃપતિનો જેમ ગુણિકા ત્યાગ કરે છે તેમ આવી અધમ સ્થિતિને પામેલા આ સુજ્ઞજનનો ત્યાગ તેની પ્રિયાની સપત્ની નિદ્રાએ કરી દીધો, તોપણ કામુકવત્ તેને પાછી બોલાવવાજ જાણે દંડવત્ કરતો હોય, તેના અદૃષ્ટ રૂપ આગળ શ્વાનવત્ આલોટતો હોય એમ આ કારાગૃહમાં તેણે લોટવા માંડ્યું. પણ ખંડિતા નિદ્રા કોને, ક્યારે પાછી આવી છે! છેવટ તેના ઉપર પણ ક્રોધ કરી જેવો તે પોતાનો પગ પછાડે છે તેવુંજ તેને સમજાયું કે પગતળે કંઇ પોલાણ છે. અને આથી ઉંઘ તો ના આવી પણ માતાની પેઠે આશાએ વગર બોલાવ્યેજ તેને પોતાના અંકમાં લઈ લીધો. તે ઉપરથી જિજ્ઞાસા સમીપ આવવાથી તેણે નિદ્રાને તો નિરાંતે જવા દીધી પણ કર્તવ્યતાને પોતાના અંગ ઉપર સજી લીધી.

નયનને અંધકારના પાટા છતાં પણ તેણે સ્પર્શેન્દ્રિયોવતે ચારે તરફ આમ તેમ તપાસવા માંડ્યું તો તેને જણાયું કે અમુક ભાગમાં પોલાણ છે; અને તે ઉપર એક સજ્જડ પાટીઆનુ ઢાંકણ છે. હવે તે ઢાંકણ શી રીતે ઉઘાડવું તેનો તો તેને વિચાર પણ ન કરવો પડ્યો. કારણ તેનાં સર્વ શસ્ત્ર હરાયાં હતાં તો પણ વિભૂતિસહિત શંકરને જેમ પાર્વતી તેમ એક નાનકડી કટાર તે વિભૂતિરહિત મુસાફરને પેટે લપટાઇ રહી હતી. સન્મિત્ર કે સદ્સ્ત્રીની પેઠે આવા સમયમાં સ્મરણ કરતા પહેલાંજ તે તેને સહાય થઈ અને સ્મરણ કર્યાં પછી સહાય થનાર જામદગ્નિને હસતી હોય એમ અંધકારમાં પણ ચળકારા કરવા લાગી. સંગ્રહેલો સર્પ પણ સમયે કામમાં આવે છે તો કટાર શેં ન આવે? ધીરે ધીરે હાથ ફેરવતાં કંઈ સહજ તડ જેવું તેને જણાયું એટલે અવર શસ્ત્રના અભાવે ભાવતી થએલી કટારનો કુલિશવત્ અગ્રભાગ તેણે તેમાં ઘોચ્યો, અને તે પાટીઆને હલાવ્યું—ખચખચાવ્યું. ઘણુંએ જડ હતું, ઘણુંએ કઠિણ હતું, તદપિ આ વીર પુરૂષના હાથમાં રમતી કટારે રમતમાંજ તેને ઢીલું કરી નાંખ્યું, અને જેમ ઢીલા પડતા શત્રુની છાવણી ઉપર તેમ, ઉત્સાહથી અને જયાશાથી ઉત્તેજિત તથા પ્રદીપ્ત થએલું પોતાનું સર્વ બળ અજમાવી, તેણે આ રૂદ્રતાના આચ્છાદન રૂપ પાટીઆને ઉચકી લીધું, ખેંચી લીધું, હસ્ત કરી લીધું.

ઘણા કાળથી કેદ થયેલો અને દુર્વાસનાથી દૂષિત બનેલો પવન

અણુ સરખો પણ માર્ગ દેખતાં આ ઘોર અને પાપમય જગામાંથી નીકળી જવા, નાશી જવા, દોડી જવા, ઉડી જવા તત્પર થઈ રહેલો, એટલે આ દ્વાર ઉઘડતાંજ એકદમ પોતાના તરંગો ઉંચે ફેંકી પોતાની અવસ્થા સૂચવતો તે બહાર ધસી આવ્યો; અને જાણે પોતાના છોડવનારને પાપગૃહમાં જતો અટકાવવાને હોય તેમ પોતાના સર્વાંગે પસરી ગયેલો દુર્ગંધ તેની નાસિકા આગળ ધરી જીવલોકના આ નરકાગારમાં પ્રવેશ કરનારના અવસ્થાન્તરનુ સૂચન કરવા લાગ્યો. પણ જ્યાં એકવાર જિજ્ઞાસાએ હાથ ઝાલ્યો ત્યાં ગમે તે કરવાને અને ગમે ત્યાં જવાને વીર પુરૂષને લેશ પણ સંકોચ નથી રહેતો. ગુરૂના પુત્રને મુક્ત કરવા યમધાનીમાં જતાં વાસુદેવને ક્યાં સંકોચ કે સંશય થયો હતો? દુર્ગંધને ન ગણકારી સ્વસ્થ બની તેણે અંદર દૃષ્ટિ ફેંકી તો ધિક્કાર, તિરસ્કાર, ત્રાસ અને કમકમી તથા કંટાળાથી ગૂમ્ચક થઈ ગયો; તો પણ અંદર પેશીને તપાસ કરવાનો તેનો નિશ્ચય પલટાયો નહી. ગંદામાં ગંદા અને ઘાતકીમાં ઘાતકી રાક્ષસ પણ જે દેખાવ જોતાં વજ્રમય હૃદયમાંથી રક્તને નયનદ્વારા બહાર કા'ડી થરથર કંપી જાય એવો દેખાવ નિહાળી જોવા આ મનસ્વી પુરૂષે નિશ્ચય કર્યો અને પછી કેડે બાંધેલા પટકા તથા માથે બાંધેલા ફેંટાની સજજડ ગાંઠ બાંધી તેનો દોર કરી બારણાની ભોગળે તેનો એક છેડો બાંધી બીજો સુરંગમાં લટકતો રાખી આ દુર્વાસના વાસમાં અથવા નર્કના ઐહિક ખાડામાં, ઇંદ્રિયોનો નિગ્રહ કરીનેજ હોય એમ, તે લટકતો ઉતરી પડ્યો.

પરંતુ અહીં તો તેના કાળજાએ કહ્યું ન કર્યું; તે ભ્રાન્ત થઈ ગયો, તેના ગાળા નરમ થઈ ગયા, તેને ફેર ચ'ડ્યા. કુટડાં અને યુવાન સ્ત્રી પુરૂષોની આશાઓ અને કટીઓ કે કંઠ એકજ વેળા કપાયાથી ફટારેલે ડોળે ખાસ વિકાળતા ધારણ કરતા શીષના ઢગલા-ધર્મનો નાશ કરવાની તોપના ગોળા ગોઠવ્યા હોય તેમ અથવા ભવાનીપતિ શંકરના મહા પ્રચંડ નૃત્યસમયે કંઠમાળામાંથી તુટી ફુટી ખરી જતા મણકાઓની ખોટ પૂરી પાડવાને માટેજ આ વિજન-સ્થાનમાં રૂંડના ઓઘ કરી મુક્યા હોય તેમ જ્યાં જ્યાં તેનાં નયન ફરે ત્યાં ત્યાં દેખાવા લાગ્યા. છતાં પણ વા'લામાં વા'લી દેહલજ્જાથી વિરક્ત થયેલાં—લટકા અને ચટકાથી ચિત્તાકર્ષક પણ આ સ્થળે દીનતાથી તર્જનીય લાગતાં-કોમળ કદળીસ્થંભ પેઠે છુંદાઈ ગયેલાં

ધડને પગ તળે વાટીને, દેહલતાના લાવણ્યરસરૂપ તાતા અને તેથી ઉષ્ણ રક્તના સ્રાવથી ઉડતા છાંટાથી દૂષિત થઈને, અને જતાં જતાં એ ગળળતા કોઈ શબ્દ રૂપી બાણુ કાનદ્વારા અંતરમાં પેસતાંજ ભેદાઈ જતા હૃદય ઉપર હાથ મુકીને આગળ ધપ્યો, અને સર્વભક્ષી છતાં ક્ષુધાર્ત બનેલા અગ્નિનાયક જેવા કે સ્મશાન—અગ્નિના બીજ જેવા એક ઝાંખા દીપની સહાયથી આ ભયંકર બીભત્સતાના ભંડારને તપાસવા લાગ્યો.

તેના પ્રથમના શક પ્રમાણે જ્યારે તેણે જાણ્યું કે તે ઠગ અને ફાંસીઆ લોકોના ગૃહમાં છે, જ્યારે તેણે જાણ્યું કે જે યૌવન, જે લાવણ્ય અને જે શૌર્ય તે ધારણુ કરેછે તે સર્વ આમ એક અંધકારમાંજ પર્યવસિત થવાનાં છે અને જ્યારે તેણે જાણ્યું કે જ્ઞાન, અનુભવ, વિવેક, સૂક્તિ ઇત્યાદિ કાંઈપણ આ સ્થળે કામ લાગવાનાં નથી ત્યારે અને ત્યારેજ, ઈશ્વરે બનાવેલા મનુષ્ય વર્ગના એક ભાગ ઉપર તેને અંતઃકરણથી તિરસ્કાર થવા લાગ્યો. “અહો!” તે મનમાં ને મનમાં બોલ્યો “જગત્જનની અંબિકા ભવાનીને નામે બુદ્ધિ અને જ્ઞાનવાળાં મનુષ્ય પણ અજ્ઞાન પશુઓ પેઠે એક બીજાનુ રોશણ વાળે છે! અથવા પશુઓએ પોતાના વર્ગની ક્યારે હત્યા કરેછે? ત્યારે શું પશુઓથી પણ મનુષ્ય ભુંડાં! મનુષ્ય ઉતર્યાં—ગયાં? ગયાંજ. નહીં તો દગા ફટકા કરી એક લક્ષ્મી જેવી ચળ અને તેના જેવી જડ વસ્તુને માટે ભવાનીની પણ ફજેતી? સર્વથા સ્વાર્થ રળીઆમણોજ છે. ગરજ સાકરથી તો શું પણ અમૃતથી એ ગળી લાગેછે. પણ આ સ્વાર્થ શા કામનો? જે વસ્તુ જવાનીજ છે, જે આપણો અવશ્ય ત્યાગ કરનાર છે, જેની સાથે આપણો સંબંધ ક્ષણિક છે, તેમાં શો સ્વાર્થ? તેમાં પોતાપણું શું માનવું? કનિષ્ટ વિકૃતિથી તિરોહિત થઈ ગએલી વિવેકબુદ્ધિવાળા મનુષ્યો આ દેહમાંજ પોતાપણું માની લઈ—નથી જાણતા કે આમ કેળના ગર્ભ જેવાં કોમળ, ભવિષ્યની આશારૂપ અને ઉદયના અંકુરરૂપ તથા સાત ઘર ઠરવાના ઠામ રૂપ, બાળકોના નિર્દોશ જીવને જે દેહમાંથી તેમણે વિદાય કર્યા, અરે કરેછે અને કરશે તેવાજ દેહ તેમને છે; અને તેમનોએ હાલ નહીં તો કાળાન્તરે પણ નાશ છે! અથવા ભવાનીને પ્રસન્ન કરવા પોતાના આપ્તજનના દેહનો ભોગ તેઓ કાં નથી આપતા? પણ ઇચ્છાને માર્ગ ખોળવોજ નથી પડતો. રક્તના ભુખ્યા આ ઠગ લોકને ભવાની તો

નિમિત્ત માત્ર છે. નીચ અને નિરર્ગલ ઇચ્છાના દાસ બનેલાં આસુરી પ્રકૃતિનાં મનુષ્ય અધર્મ કરવાનેજ ધર્મનું બ્હાનું કહાડેછે, ભોગ ભોગવવાજ કોઇ દેવની સેવા કરેછે, રસનાને રીઝાવવાજ નૈવેદ્ય ધરાવેછે. પણ ઇશ્વરે આ વર્ગ શાને કર્યો? એ દુષ્ટમંડળ ધરા ઉપર ન હત તો વ્યવહાર બંધ પડત? ના! જરાએ નહીં! ત્યારે જેમ મનુષ્ય–કૃતિમાં હોયછે તેમ ઇશ્વર–કૃતિમાં પણ અપૂર્ણતા હ્હેવી"? પણ આવા વિચાર થતાંજ તેને ભાન આવ્યું; તેની મંદગતિએ ચાંચલ્ય ગ્રહણ કર્યું; તેના ચિંતનમાં પશ્ચાત્તાપે પ્રવેશ કર્યો. "अघटित घटना पटीयसी" એવી માયાની ઇંદ્રજાળમાં ભમાતાં તેને સર્વશક્ત ઇશ્વર ઉપર અનાસ્થા થવા લાગી તેથી જાણે અંતર્શલ્ય ભોંકાતાં હોય તેમ તેનુ હૃદય ધબકવા લાગ્યું, તેનુ શોણિત ઉકળવા લાગ્યું; જરા વાર સ્તંભિત થએલા તેના પાદદ્વય હાલવા લાગ્યા; તેનાં નયન ફરકવા લાગ્યાં–સ્વકર્મ કરવા લાગ્યાં.

તત્ક્ષણ જીવિત પ્રયાણની મર્યાદા, કુટિલ કર્મની જન્મ ભૂમિકા, સુખની વિષવલ્લી અને યમ વર્ગના પણ વધુ પ્રચંડ યમની ધાત્રેયિકા, સર્વતઃ રક્ત થએલી ભવાની, એક હાથમાં મનુષ્યના રક્તથી ચૂતાં શીષ અને બીજામાં રક્તની રક્તતામાંથી ચંડતા ધારણ કરતો સદા-બુભુક્ષિત કૃપાણ ધારણ કરીને, અતૃપ્તિથી ઉત્પન્ન થતા ક્રોધાગ્નિ જેવાં નયનો ફટારીને, કૃષ્ણ પાષાણની બનેલી છતાં જાણે તેના સામીજ આવતી હોય એમ તેનાં ચકલવકલ ફરતાં ચક્ષુઓને ભાસ થયો. જાણે ત્વરાથી ભોગ સ્વીકારવાનેજ તેના તિવ્ર દાંત બહાર આવેલા હતા. તેની ભ્રૂકુટિ ઉપર "ખાઉ ખાઉ" એ શબ્દનુજ લિખિત હતું. "સ્વાહા" નીજ વાટ જોતી દંષ્ટ્રા વિદારિત રેહેતી હતી. તેના સમીપમાં એક તરફ માંસનાં, મજ્જાનાં, હાડકાંનાં, ઇત્યાદિ અનેક દેહના અંતરભાગની વસ્તીનાં પાત્ર ભરેલાં રાખ્યાં હતાં. તેની એક બાજુએ કોમળ અને નાજુક કન્યાઓના કપાળની પીએળનીજ સ્પર્દ્ધા કરતું તેમના વક્ષસ્થળનુ ઉષ્ણ રક્ત નિર્ભર વહ્યાં કરતું હતું; બીજી તરફ સુવર્ણનાં ઘરેણાંથી સજ્જ, ચંદનથી ચર્ચિત અને પુષ્પ હારથી ગ્રથિત, સુરૂપના અધીશ્વર, ડહાપણના આગાર, શૌર્યના નિધિસ્થાન અને ધૈર્યના ધુરંધર–ઉગતાં ઉગતાંજ કપાઈ ગએલા બાળકોના નિરંતર નિઃશ્વાસ શ્રવણ પંથમાં પ્રવેશ કરતા હતા. તેના પશ્ચાત્ ભાગમાં મૃત-દેહના શેષ ભાગના ઓઘનો નાનકડો ગિરિ રચવામાં આવ્યો હતો; અને સન્મુખ તો વિચિત્ર રચનાથી રચિત એક અષ્ટકોણ કુંડમાંથી

અર્ધદગ્ધ મનુષ્યો આહાર આવવાને ઉછળતાં હોય એમ બીભત્સ બનાવ તેની દૃષ્ટિએ પડ્યો. રણસંગ્રામમાં સામે મોંડે અનેક શત્રુનો ઘાણ વાળનાર, શત્રુની સુભગાઓને વૈધવ્યપ્રદાન આપવામાં નિપુણ અને તેમના શોણિતમાં સ્નાન કરી પુનિત થનાર આ વિરલ વીરને પણ આ સ્થળે તો તાવ ભરાઈ ગયો; તે મતિહીન થઈ ગયો. તેને દિશા પણ ન સૂઝે. જ્યાં જાય ત્યાં રક્તનોજ સ્પર્શ. અદ્ધર વાળેલી કમાનો ઉપર છાટ મારેલી તેતો અંધકારનુજ વર્ષણ કરતી હતી. તેણે થોડી વાર આંખો મીંચી દીધી અને આ દુષ્ટ સ્થળમાંથી પાછા જતા રહી સર્વથા ભવિષ્યને વશ્ય થવું એમ વિચાર કરી તેણે પાછો પગ પણ ધર્યો. તદપિ આપત્કાલે નવા રસ્તા કોને નથી સુઝતા? તેથી તે જરા વાર ચિત્તને સ્થિર કરી, “ શ્રમ કરનારને ઈશ્વર સદા ફળ આપે છે ” એ વાત સ્મૃતિમાં લાવી, પોતાની પણ આ વ'લે થવાની એમ અનુમાન કરી, ગમે તેમ હોય તોપણ બીજો રસ્તો આ સ્થળને હોવો જોઇએ એમ ધારી, ફરી તપાસ કરવા લાગ્યો. તેને સમજાયું કે દિવસે જે હોંકાર થતા હતા તે આ સ્થળમાંથીજ. તેથી વળી પોતાના એક તર્કને બીજા તર્કથી પુષ્ટિ આપી તેણે ચારે તરફ ભીંતે ભીંતે ભ્રમણ કરવા માંડ્યું. કંઈ ન મળે, કંઈ પત્તો ન લાગે, એક તડ સરખું પણ ન જણાય. તેના હૃદયમાં પેંસવા નિરાશાએ પ્રયાણ કરવા માંડ્યું. પણ એટલામાંજ એ ભવાનીની પાછળ જઈ પોં'ચ્યો અને ભીંતે ટેકો દઇ ઉભો રેહેછે કે તુરત એક દ્વાર ઉઘડી ગયું. જુવેછે તો જો કે અંદર અંધકાર હતો તોપણ તેને કંઈ ચળકાટ ભાસ્યો ખરો. છતાં સર્વ શૂન્ય જણાયું. બળતાં હાડકાંના તડતડ અવાજ શિવાય તેને કાને કંઈ પડતું ન હતું. સર્વ નિહાળી જોવાને માટે તેણે એક કાકડો સળગાવ્યો; અને ધીરે તથા અસ્ખલિત પગલે અંદર પ્રવેશ કરી જુવેછે તો સોના રૂપા તથા હીરા માણેકના છુટા ઢગલા તેની નજરે પડ્યા. સિક્કા પણ કંઈ અવનવી જાતના તેણે જોયા. સામી બાજુએ બારણું દીઠું, અને ધનની રક્ષા કરવાને શેષ નાગ જેવા બે છુટે કેશે પડેલા ઉત્કટ પુરૂષો નિદ્રાધીન થએલા તેને જણાયા. છુટવાને માટે પણ, પરાધીન થએલા દુશ્મન ઉપર એક ઘા સરખો ન કરે તો પછી આ વીર જન આ બે કૃતાન્તનો પણ દગાથી વધ કરવાનો તો સંકલ્પે શી રીતે કરી શકે? તેમ એ બન્નેને જાગ્રત કરવામાં પણ શો નશે? સામું દેખાતું દ્વાર કૃત્રિમ હોય ત્યારે?

અથવા તેમાંથી થઇને પણ આ ગુફા બાહેર ન નીકળાય તો ? આવા આવા અનેક વિચારોથી "ઉતાવળા સો બ્હાવરા" એમ નિશ્ચય કરી, આજે તો સમય પણ વીતી ગયો છે માટે અહીંથીજ અટકવું અને બીજી રાત્રે વધારે તપાસ કરવી એમ ઠરાવ કરી, તે બાહેર નીકળ્યો અને ધીરે રહી દ્વાર બંધ કરી જે સ્થળે ઉતરી પડ્યો હતો ત્યાં પોં'ચ્યો; અને ઝટઝટ ઉપર ચઢી ગયો. પાટીયું હતું તેમ વાસી દિધું, જરાવાર સ્વસ્થ થયો અને પછી આડે પડખે થયો.

જો ગૃહમાં સર્પના કે ધનના સંગ્રહ કરનારને, કન્યાના પિતાને, પરસ્ત્રીના જારને, પરધનથી વ્યય કરનારને, યોગી, રોગી તથા ભોગીને નિદ્રા સ્પર્શતી નથી તો જેને માથે અથાગ આપત્તિના ઓઘ તુટી પડ્યા હોય, જેને એક પણ છુટકબારી ન હોય, જેને ક્ષત્રિયોચિત અવસાનની આશા પણ ન હોય અને જેને અપવિત્ર સ્થાનમાંજ દટાવાનુ હોય તેના ઉપર નિદ્રા પોતાની છાયા ન ફેરવે એમાં શું વધારે છે ? તેમ નિદ્રાના અંકમાં લાડવાનો આ વીરધીર પુરૂષને સમય પણ નહોતોઃ કાંકે આવા કુદરતી નિયમથી વિરૂદ્ધ બનાવો તેના હૃદયમાં જેવા દીઠા હતા તેવાજ રમી રહ્યા હતા; અને તેથી પોતાની અવસ્થા, પલાયનના ઉપાય, આવા અધમ પ્રાણીઓનુ જડ મૂળ કા'ડી અનેક નિર્દોષ જનોનાં દુઃખ અને આશિર્વચન લેવાના ઠરાવો, આવતી કાલે કરવાની યુક્તિ પ્રયુક્તિ ઇત્યાદિ વિચારોમાં તલ્લીન થઈ કંઈ પરાધીન અવસ્થા ભોગવતો તે પડ્યોજ રહ્યો.

પ્રકરણ ૫ મું.

મુક્તિ.

અષ્ટાંગસિદ્ધિના યોગે જેમ કોઈ પુરૂષ ઇંદ્રભવન દેખતાં તેના એક કોષ્ટમાંથી બીજા અને બીજામાંથી ત્રીજામાં સ્વચ્છંદતાથી રમે અને આનંદ પામે તેમ આજે આ મુસાફરની અવસ્થા થઈ. વિપુલચિંતનમાં ગરકાઈ જઈ સારી કલ્પનાના એક મંડપમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ તે નિરંકુશ વર્ત્તવા લાગ્યો. છેવટ પોતાની અર્ધાંગ વામલોચનાની છબિ માનસિક સૃષ્ટિમાં સન્મુખ ધરી તેમાંજ તે પૂર્ણાનંદની પરાકાષ્ટા સમ-

જવા લાગ્યો. વિવેકહીન શઠ જનોએ અલ્પકાળમાંજ તેના ઉપર દુઃખના વર્ષાદ વર્ષાવ્યા, તેના સર્વ પ્રકારના સુખોનો તેમણે ભોગ લીધો, તેમણે તેની સર્વ અનુકૂળતાઓને વિખેરી નાખી, તેના ઐહિક સર્વસ્વથી તેને જૂદો પાડ્યો તોપણ તેની મનોમય સૃષ્ટિને વિનષ્ટ કરવાને જો બ્રહ્મા પણ જાતે સમર્થ નહોતા તો પછી દગામાં ગમ્મત માનનાર આ આળપંપાળ જનોથી તે ખાતે શું થાય? જો કે દેહના જડ પદાર્થથી તો તે વિરક્ત હતો તોપણ તેની પ્રિયાની પ્રતિમા તેનાં માનસિક ચક્ષુઓ આગળ હસિત વદનથી રમતી પ્રત્યક્ષ થતી હતી. તેથી આવા ઘોર પ્રદેશમાં પણ "अविदितगतयामा रात्रिरेव व्यरंसीत्" જેવું એને તો થયું. જે સ્થળમાં આ મહીમણિને રહેવું થયું તે સ્થળમાં આકાશમણિનો પ્રવેશ થઈ શકે એમ નહોતું એટલે પુરૂષાર્થની સિદ્ધિને માટે બહિર્જન ગમે તેમ યત્નો કરતા હોય તેની તેને કંઇ તં'શા ન હતી. એક મહા સ્મૃતિ આગળ તેને સર્વ અવર વસ્તુની વિસ્મૃતિ થઇ હતી. પરંતુ આ રંગમાં ભંગ કરવાનેજ હોય એમ, પેલી પ્રથમ દિવસ તેને અન્નજળ આપવા આવેલી વૃદ્ધા, અંદર પ્રવેશી, વાઘની માશીના જેવી ચક્ષુઓ તેના સામે ધારી તાકીને કેટલીએકવાર જોઈ રહી.

આ વૃદ્ધાબંધકીના સ્વરૂપનુ વર્ણન કરવું તે કાળક્ષેપ જણાય છે. એટલુંજ કે કોઈ મુખસામુદ્રિક તેને જુવે તો તેને દુર્ગુણ અને વિશેષે ક્રૂરતાની ખાણ માન્યા વિના રેહેજ નહી. જાણે દુષ્ટ વિકારોનીજ પુતળી હોય એમ તે દિસતી હતી. તે અબળા છતાં સબળા હતી. નારી છતાં કૃતારિ હતી. તેના શ્વાસમાં નિર્દયતા હતી—ઉચ્છ્વાસમાં વૈરપાત હતો. પ્રતિક્ષણ ચક્ષુઓમાંથી ઝરતા ક્રોધાગ્નિને અવર વસ્તુ ન મળવાથી તે તેનેજ ભક્ષતો. પારકાનુ દુઃખ એજ તેનુ સુખ હતુ. એટલે આવા કારાગૃહમાં અદ્યાપિ પર્યંત જે જે દાખલ થએલા તે સર્વને નર્કયાતનાથી પણ અધિક વેદના ભોગવતા જોઇ કાખલીઓ કુટવાની તેની હમેશની રીતિ આજે સ્ખલિત થવાથી તેને જન્મમાં આજેજ પેહેલ વેહેલો મહા શોક થયો. છેવટ અન્ય ઉપાયને અભાવે પોતાના લોહ જેવા કઠિણ હાથવતે આ વ્યાજનિદ્રામાં સૂતેલા મુસાફરને તેણીએ ખુબ ઢંઢોળ્યો—હલાવ્યો. તેથી ચમકીને જાગી ઉઠતાં મન વશ્ય રાખવાનુ વિસરી જઇ અચાનક તે મહા તિરસ્કારથી બોલી ઉઠ્યો "આ રંડા આ સમયે ક્યાંથી?" પણ આટલું બોલીનેજ

સમયોચિત વિવેક ભૂલ્યો એવા ભાનથી, કે આ જરઠ અને જડ તથા શઠ સ્ત્રીના વદન સામુ જોતાં કમકમી ઉપજવાથી, કે વિચારણાયંત્રમાં ભંગ થતાં પણ પ્રિયાની છબિ પાછી સામી ફરશે એમ વિચારથી તેતો નીચુંજ જોઇ રહ્યો. પણ વિના વાંકે વાંક ખોળનાર આ સ્ત્રી તો તેના આટલા દુઃખથી સંતોષ ન થઈ હોય એમ આ બોલેલા શબ્દનુ કારણ હસ્તગત કરી તેના ઉપર ગાલીનો પ્રહાર એવા ઝપાટાથી કરવા મંડી કે પેલો મુસાફર તો ખડખડ હસી પડ્યો; અને તેના ક્રોધનો આપાત પોતાને પુષ્પ સમાન છે એમ સમજાવી તેણે તેને તેનાજ ક્રોધમાં બળવા દીધી—તેથી આ અધમ સ્ત્રી તો મનમાં કંઈ બોલી, વૃદ્ધાવસ્થામાં તાજા થતા દાંત મહા જોરથી કચરડી, રીસમાં ને રીસમાં બારણે નિકળી ગઈ. પણ ક્રોધ કોં'ને ભૂલવતો નથી? તેથી આ સ્ત્રી કારાગૃહનાં દ્વાર વાસવાં વિસરી ગઈ. દુષ્મનની ભૂલનો લાભ લેવામાં નિપુણ તાત્કાલિક બુદ્ધિવાળા આ નીતિજ્ઞ નરવ્યાઘ્રે તરત આ ક્ષણનો લાભ લીધો.

તે બાઈ જરા આઘી ખસી એટલે તેની પાછળજ હળવે હળવે કીડીને પગલે તે પણ બાહેર આવ્યો. એકાદ ખાંચામાં પેસી દ્વાર ઉઘાડી તે સ્ત્રી તેમાં પેઠી અને બારણું વાસી ક્યાં ગઇ તે જણાઈજ નહી. પાંજરે પડેલા આ સિંહે પ્રથમ તો જે દ્વારમાં તે સ્ત્રી પેઠી તેને બાહેરથી સાંકળ ચ'ઢાવી. અને પ્રાણાધિક થયેલી કટાર તો પાસેજ હતી પણ વિશેષમાં, ચોકમાં, કૃતાન્તના સાહચર્યથી સ્વભાવે અને સંગે બમણો ક્રૂર થએલો, તથા બહુ દિવસના ઉપવાસથી રૂચિ અને વેળા ન ગણકારી જે મળે તે ખાવાને તત્પર રહેલો કૃપાણ તાકી રહેલા વાઘની આંખોની પેઠે સર્વતઃ ચળકારા કરતો હતો તેને તેણે પોતાના હાથ ઉપર રાખી પોતાનોજ કરી લીધો. પછી તો તેણે ખુણે ખોચલે અને સર્વ સ્થળે ખોળ કરવા માંડી. પણ કશો પત્તો ન મળે. ધોળે દિવસે મનુષ્યનો તો સંચાર નહીજ, પણ એક પગલા સરખું પણ કંઈ જણાય નહી. ચારે પાસ ભણકાર ભાસતો હતો. એક પાસ કોટ તો બીજી પાસ કિલ્લો, એક પાસ ઝાડી તો બીજી પાસ હજાર કિરણ સાથે પણ સૂર્ય પોતાની પ્રભા ન બતાવી શકે એવો અંધકાર. જ્યાં ભગવાન્ સૂર્યનારાયણને રસ્તો ન મળે ત્યાં આ દ્વિભુજ મનુષ્યનું તો ગજુંજ શાનું? તદપિ વિચાર કરી એણે એટલું તો સિદ્ધ કર્યું કે જેમ બકો વૃક્ષનો ત્યાગ કરી ભક્ષ લેવાને જાય છે

તેમ આ ભવાનીના અગભગતો વળી કાંઈ અન્ય શિકાર પાડવા ગયા હશે અને કદાચ રાત્રે પાછા આવશે. ત્યારે આ વૃદ્ધાને પકડી તેની પાસે રસ્તો મનાવું તો? પણ કદાચ એ ન માને ત્યારે? સ્ત્રીની હત્યા તો થાય નહી.—અને એ જીવે ને પેલા દુષ્ટ લોકોને વાત કહે ત્યારે “ઉલટી અલ્લા થાય” અથવા કદાચ એ લોકો આ ઘડીએજ ઘરના કોઈ ભાગમાં હોય કે પાછા આવે ત્યારે? એમ કરતાં પણ કદાચ મા'રો છુટકારો થાય પણ પેલી બાળ! આવા ને આવા વિચારોનો છેવટ સાર એજ નીકળ્યો કે પાસે પડેલાં ફળ પેટ ભરી જમી, જળપાન કરી, વૃદ્ધાવાળા દ્વારની સાંકળ ઉઘાડી જેવો તે કારાગૃહ-માંથી આવ્યો હતો તેવોજ અંદર પાછો પેઠો. માત્ર કૃપાણની સહાય વિશેષમાં હતી એટલું માફ.

અંદર જઇ પોતાને પૂરી રાખનાર દ્વારને પોતેજ બંધ કરી રાત્રીની વાટ જોતો ધક્કા મારી ધકેલતાં પણ ન જતા રેહેતા કાળને તે ગાળવા લાગ્યો. એમ કરતાં કરતાં જ્યારે અનુમાનથી તેને જણાયું કે રાત્રીના દશ વાગવાનો સમય થયો છે ત્યારે તેને ખાત્રી થઈ કે પેલી બંધકીના ક્રોધનુ એજ ફલિત થયું કે ખાધા પીધાનુ આપ્યા વિના તેને રીબાવી રીબાવીને અવસાનના ખાડામાં નાખી દેવો. અને તેથી હવે જેમ બને તેમ વેળાસર મુક્તિનો રસ્તો શોધવાનો નિશ્ચય કરી પ્રથમ રાત્રીનુ બાકી રહેલું કર્ત્તવ્ય કરવાને તે તત્પર થઈ ગયો. ઘણુંએ ન ગમે, ઘણુંએ નઠારૂં લાગે પણ શું કરવું? જ્યાં અન્ય ઉપાય નહી ત્યાં જે હોય તેનું આલંબન કર્યા વિના સિદ્ધિજ નહી. ડુબતો પુરૂષ તૃણને પણ પકડે છે. ત્યારે શું આ વીરધીર પુરૂષ મૃત્યુથી ડરે છે? ના; છાંટોએ નહી. મૃત્યુનો ડર હોય તેને વીર કહેવાયજ નહી. મૃત્યુનો ડર હોય ત્યારે તો તોપ, ત્રિશૂલ, ગદા, બરછી, બાણ, તરવાર, ભાલા ઇત્યાદિની ઝડીમાં પડી મોરચો સાચવવામાં આ રણકે-સરીનો પગ આગળ પડેજ નહીં. ત્યારે છે શું કે આમ પુનિત થઈ નર્કથી પણ વધારે અધમ સ્થળમાં તે દૂષિત થવાનુ કરે છે? કાંઈ નહિ; માત્ર સ્વતંત્રતા!

અહો સ્વતંત્રતા! ત્હારી ખૂબી તો અલૌકિકજ છે! પરાધીન-તામાં નૌતમ ભોજન મળતું હોય, વરાંગનાના અપૂર્વ વિહાર મળતા હોય, રાજ્યનાં પણ ઉત્તમ સુખ અનુભવાતાં હોય-ટુંકામાં સર્વ અનુ-કૂળતાઓ દાસ્ય કરતી હોય તો પણ “પરાધીનતા” એટલા શબ્દથીજ

મંત્રથી જેમ ભૂત, તેમ અડદ છાંટ્યા હોય એવી રીતે સર્વ સુખ પલાયન કરી જાય છે. અને "दुःखितेमनसि सर्वमसह्यम्" એ ન્યાયે એ સર્વ સુખનાં સાધન તેજ અસહ્ય થઈ પડે છે. બીજી પાસથી સ્વતંત્રતામાં અન્ન વસ્ત્રના ઉધારા હોય, ઉપવાસથી કૃશ થએલી સ્ત્રીના સન્મુખ પેટ ઠોકતાં દીન વદનથી-બોલવાની શક્તિને અભાવે-જોઈ રેહેતાં બાળકોનાં ડુસકાં અવિરલ શ્રવણપથ રહ્યાં હોય, શીત, તૃષા અને તાપના ઝપાટાથી જર્જરિત થએલ શ્વાનને પણ અનપેક્ષિત રેહેવાને ગૃહ હોય તોપણ "સ્વતંત્રતા" એ મોહ-મંત્ર લોહનુ સુવર્ણ બનાવે છે, કોલસાના હીરા બનાવે છે અને દુઃખને સુખ-રૂપ કરે છે. સર્વથા, સ્વતંત્રતા એ મોહ-માયાજ છે! અથવા ઈશ્વરની માયામાંથી પણ મુક્ત થવા યોગી, જ્ઞાની, ભક્ત, આદિને ઉત્તેજન આપતી સ્વતંત્રતા કોઈ દિવ્ય શક્તિ છે. એ શક્તિનુ યથાર્થ સ્વરૂપ ન સમજનાર આસુરી પ્રકૃતિનાં મનુષ્ય, શુદ્ધ અને સાત્વિક આચાર વિચાર ને ઉચ્ચારની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાને બદલે પોતાના મલિન અને નીચગામી મનનું દાસ્ય કરી કેવા અનર્થ કરે છે? ભવાનીને નામે મનુષ્યવધ કરનાર આ સ્થાનના ઠગ અને ફાંશીયાની પેઠે સ્વતંત્રતાને નામે ઘોર કર્મ કરનાર આવા આસુરો સર્વથા, ધિક્કારનેજ પાત્ર છે. એવા નરાધમ મનુષ્યોને શુદ્ધ સ્વતંત્રતાનો યોગ ક્યાંથી હોય? તેમના પ્રારબ્ધમાં તો ભવોભવ તનનુ મનનુ ને વિકારોનુ દાસ્યજ લખેલું છે. બાકી સાત્વિક સ્વતંત્રતાતો મુક્તિની નાની બ્હેન છે; સ્નેહ એ તેનુ ઉદ્ભવસ્થાન છે; પરાર્થ એ તેનુ ફલિત છે અને પરમાર્થ એ તેની પરાકાષ્ટા છે. એવી સ્વતંત્રતાને માટે ભોગી ભોગને તજે છે, યોગી યોગ માંડે છે, શ્રીમાન્ શ્રીને છાંડે છે, ભૂપતિ રાજ્યને છાંડે છે. અહો! શી તેની આકર્ષણ શક્તિ!—જોને! "મરવું એ વાત નિઃસંશય છે તો કાળનેજ માટે હર્ષ શોક કે ચિંતા શી?" એમ જાણીને પણ આ મુસાફર મધ્ય રાત્રે કેવો કેવળ અધમ અને દૂષિત સ્થાનમાં તેને મેળવવા વલખાં મારે છે?

યત્ન કરનારની યોગ્યતા પ્રમાણે તેના ઉપર પ્રસન્ન થવાની તેની વિવેક બુદ્ધિ ઉપર વિશ્વાસ રાખી પેલો મુસાફર તો આંખો મીંચીને "યાહોમ" કરીને પ્રથમ રાત્રિની પેઠેજ એ પાપગૃહમાં ઉતરી પડ્યો. આપત્કાળમાં એ પાસે રહેલી કટાર તો હતીજ પણ વિશેષમાં આજે તેની પાસે પેલી સવારમાં ઉદય ચિહ્ન જેવી વા'લી લાગેલી એની મેળે મળેલી તરવાર હતી. તે બન્નેને સજ્જ કરી ઈશ્વર ઉપર વિશ્વાસ રાખી

બાકી રહેલુ તપાસનુ કામ તેણે આરંભવા માંડ્યું. પણ એટલામાં તો કોઈ તીના મર્મભેદી પણ પરિચિત આક્રંદના શબ્દો આવેથી તેના કાન ઉપર પડવા લાગ્યા. ચોંકીને, હૃદય ઉપર હાથ દેઇને, બન્ને કર્ણનો માર્ગ સ્વરની દિશા તરફ ખુલ્લો રાખીને અવહિત ચિત્તથી સાંભળવાને આ મુસાફર તો તે ભવાનીની પાછળ અને જવાહિરના દ્વાર આગળ ઉભોજ થઈ રહ્યો, ઠરી ગયો, ચોંટી ગયો, જડાઈ ગયો. અલ્પકાળમાં દૂરના શબ્દો સન્નિધ થયા અને પરોક્ષ હતું તે પ્રગટ થયું. અધર્મની અસ્ત દશા જેવી પેલી વૃદ્ધ બંધકીએ દોરેલો પેલો લલિત કિશોર બાળક અસમર્થ છતાંએ રૂદનમાં આવ્હાનના શબ્દ બોલતો બોલતો માત્ર એ ચાંડાલણીનેજ દયાગ્રસ્ત નહોતો કરી શકતો. તેના વાળની લટોએ તેના ખભા ઉપર સ્વચ્છંદે રમત કરવા માંડીછે. તેના કપાળની કુંકુમની પીએળ તેના ગૌરવદનને મેઘમાળાથી અર્ધ દબાએલા સૂર્યની શોભા આપે છે. તેના ગૌરશરીરમાં ચર્ચિત ચંદન તથા નીલપરિધાન અને ઉપર છંટાએલાં સિંદૂર ઇત્યાદિ ઉપચારો તેને મનુષ્યરૂપ બનેલા ઇંદ્રધનુષ્યનીજ ઉપમાને પ્રાપ્ત કરે છે. તેની આંખમાંથી મોતીના જેવાં સુશોભિત આંસુ ડળક ડળક પડતાં હતાં અને ખરેખર! જાણે પૂર્ણપાણીવાળા બાલાભ્રને વાત્યા ધકેલતી હોય તેમ તે ધકેલાતો હતો.

પણ આ સ્થિતિમાં આ બાળને જોઈ વિજળીના ચમકારાની ત્વરાથી આ મુસાફરને આ સ્થિતિના કારણનુ ભાન થઈ આવ્યું. અને જો એક પળે તેના મનમાં ભય અને ત્રાસનાં અંકુર ફુટવા લાગ્યાં તો બીજીજ પળે તેને શૌર્ય અને આનંદે ઘેરી લીધો. સિંહ જેમ શિકાર ઉપર એમ નગ્ન તરવારને ઉચ્ચ કરી તાકીને તે બાળના સન્મુખ નિશ્ચલદૃષ્ટિ રાખી, ન દેખાય એમ ભવાનીની પાછળ ભરાઈ, આ વીર ગુણજ્ઞ જન સમયની રાહ જોવા લાગ્યો. મૃત્યુ થશે તોપણ કૃતજ્ઞતામાં અને ત્રાણમાં એ વિચારથી તેને રોમોદ્‌ગમ થયો; શત્રુ પાસેથી જીવ અને વૈર લેવાનો સમય નિકટ જોઇને તેના અધરનુ સ્ફુરણ થવા લાગ્યું. તેના હાથમાં ચેળ આવી. તેના પાદદ્વય કુદી પડવાને ઉંચા થાય ને વળી મહા શ્રમે સ્થિર રહે. આમ કેટલીએક વાર થયા પછી એક મહા ઘોર પ્રચંડ ક્રૂર આતતાઈ હાથમાં એક તીવ્ર કૃપાણ લેઈ, ઉઘાડે શરીરે, અંદર આવ્યો અને "ઝંબેઝંબે" બોલતો મદ્યપની પેઠે ઘુમવા લાગ્યો. પ્રથમ તો તેણે ભવાનીના પદનુ રક્તથી પ્રક્ષાલન કર્યું, પછી મનુષ્યનાં કોચી

કાહાડેલાં નયનનો હાર તેને પે'રાવ્યો અને પછી જીવતા પ્રાણીને બાળવાની શ્મશાન કે ચિતારૂપી આ વેદીને હાડકાંનુ ઇંધન આપી તથા ચરબીનું ઘૃત આપી માતાના ભોજનને માટે પ્રજ્વલિત કરી. મૃતદેહના શીર્ષનાં શ્રીફળ, નખ દાંતના જવ તલ, આંતરડાંના સમિધ્, અને ઉતારી લીધેલી ચામડીની ચુંદડી ઇત્યાદિનુ હવનને ભોજ્ય આપી, છેવટ વિશેષ દુષ્કૃતિ કરવામાં સહાયતા મેળવવા ભવાનીની પ્રસન્નતાને માટે અપૂર્વ ભોગ આપવાને આ ચાંડાલ તત્પર થયો—કૃત નિશ્ચય થયો; ને બોલ્યો "મોરીમાતા! જેવો આજનો ભોગ ભારે છે તેવું ફળ પણ ભારી દેજે" આટલુ કહી, માતાને પગે લાગી ઉત્કટ અને બીભત્સ વેશમાં ભયંકરતા વધારી, વધારે ઘેરે શબ્દે પેલા બાળ ભણી જોઇ તે બોલ્યો "તેરો બી ભાગ્ય કે તુમકું ભવાની ખા જાયગી; અબ બોલજા! તેરે મરનેકી બખત કુચ ચૈએ તો મેં દેઉં." જાતે બાળક, બાહ્ય પ્રપંચ કંઈ જોએલો નહી, ખમા ખમામાં ઉછરેલો, અનુભવમાં પણ અપ્રવીણ તદપિ સિંહનુ બચ્ચુ એટલે ભયથી ત્રસ્ત છતાં, તિરસ્કારથી ગ્રસ્ત છતાં, ઉપાધિ પરંપરાથી અસ્ત છતાં, પણ આગત ભયમાં ધૈર્ય રાખી આ બાળ બોલ્યો "અલ્યા દુષ્ટ, જો તા'રે આમજ કરવું હોય તો પ્રથમથી યુદ્ધ આપ ને પછી પ્રાણ લે; મને ઈશ્વર સાહાય કરશે." એટલું કહી તુરત પેલી રંડાને તરછોડી એ આતતાઈનીજ પાસે પડેલી એક તરવાર હાથમાં ગ્રહી તેને ચપળતાથી ફેરવવા લાગ્યો. "હાહાહાહા" એમ અટ્ટ હાસ્ય કરી આટોપ સહિત આતતાઇ બોલ્યો "રે ડીંમચા! તને વળી લડવાનુ મન થયું કે? પણ આવ તું ને તા'રો સાહાય કરનારો;" અને એટલાજ શબ્દો સાથે જેવો તે પેલા બાળના ઉપર ઘા કરવાને શસ્ત્ર ઉચ્ચું કરેછે, જેવો તે બાળ તે શસ્ત્રમાંથી બચી જવાને જરા અવળો ફરી જાયછે અને સામુ શસ્ત્ર ઉગામે છે તેવોજ "લે આ" એમ કહી બાજ જેમ શિકાર ઉપર તેમ એકદમ પલકારાથી પણ ઓછી વારમાં પેલો મુસાફર વજ્રપાત જેવો શસ્ત્રપાત કરવા લાગ્યો. આતતાઇ પણ મરણીયો હતો, અનેક પ્રસંગે અનેક પ્રકારનાં શસ્ત્રપાતથી તેનુ સ્વભાવે કઠોર શરીર લોહ જેવું જડ થઇ ગયું હતું તેથી આ સ્થળે પોતેજ કારાગૃહમાં પૂરેલા આ શૂરવીર મુસાફરને સશસ્ત્ર જોતાં તે સ્તબ્ધ બન્યો-પણ તે ક્ષણવાર. મુસાફરે કરેલા આઘાતને ન ગણી તે સત્વર સામા આઘાત કરવા લાગ્યો. બન્નેના શસ્ત્રના સામ સામે અથડવાથી બન્ને ભાગ્યાં અને જાણે ક્રોધ-

થીજ હોય એમ બન્નેના ઘર્ષણથી સહજ અગ્નિ ઝરી ગયો. મુસાફર ઘણો તેજ બુદ્ધિનો હતો એટલે શસ્ત્રના કડકા ઉડી જવાથી જરા પણ ભય રાખ્યા વિના પેલા બાળના હાથમાંથી તરવાર લેઇને તેણે એ રાક્ષસના ઉપર એવા ઝટકા કર્યા કે એક અને બીજે તો "હાય" એટલુ બોલીને તે ચતોપાટ પડી ગયો અને શ્વાસને માટે તરફડીયાં મારવા લાગ્યો. આ સમયે પેલી રંડા કંઈ સખણી રહી નહી. પ્રથમ તો તેણે પેલા બાળને પ્રજવલિત કુંડમાં ધકેલી પાડવાનુ કર્યું. પણ તેમાં ન ફાવી ત્યારે સહાયને માટે–કરવા લાગી હોંકારા ને પાડવા લાગી બૂમો. આવા બારીક સમયે પેલા બાળની ધીરજ અને સમયસૂચકતા કાંઈ ઓરજ હતી. આ સમયે તેનો બાળભાવ સરીગયો, યૌવનની ઉત્તરલતા રગેરગે ભરાઈ ગઈ. તેના મસ્તિષ્કમાં બુદ્ધિએ, હૃદયમાં શૌર્યે, હસ્તમાં બળે અને મનમાં સ્થૈર્યે નિવાસ કર્યો. તમસને વિડારવા આવતા બાળ સૂર્ય જેવા આ નરરત્નની વદનદીપ્તિ જાજવલ્યમાન બની, પાદગતિ અસ્ખલિત બની. જે દ્વારથી તેને લાવવામાં આવ્યો હતો તે દ્વાર તેણે તત્ક્ષણ બંધ કરી તેને સાંકળ ચઢાવી દીધી. રક્ષક અને સારથી જેવા અંગી પુરૂષોના હાથમાં ઉગામેલાં શસ્ત્ર જોઈ કંપી ગયેલા, દીન બનેલા, મૂર્છામાં પડેલા આ બાળનો આ સમયનો ઉત્કટ વેશ જોઈ પેલી રંડાના પેટમાં તો તેલ રેડાયું; તેના ગાળા નરમ થઇ ગયા, તેની આંખે તિમિર આવ્યાં, તેનાં ગાત્રથી પ્રસ્વેદ છુટ્યો. પણ 'ખોડી બિલાડી અપશુકનમાંથી ન ગઈ.' તેની બૂમો સાંભળી સાહાય કરવા આવતા બીજા આતતાઇને તો આ બાળે દ્વાર વાસી કેદ કરી દીધા હતા પણ રત્નકોષના રક્ષક હાંફળાફાંફળા હાથમાં તલવાર લેઈ ધસી આવ્યા. આ સમય ઘણોજ બારીક હતો. બે મલ્લ જેવા યોદ્ધાઓ સાથે એકજ વીર પુરૂષને જરા વિંટબણા તો ખરી પણ સામે મોંહે રણસંગ્રામમાં હઝારોના ઘાણ કહાડનાર આ રણધીર પુરૂષને તો દગાથી રામ રમાડી દેનાર આ બે અઘોરી જનોનો જરાએ ભય નહોતોઃ તેથી સદય અંતઃકરણ છતાં પણ દયા પ'રી કરીને તેઓ તરવાર ઉગામે તે પેહેલાં એક જણના દેહને તરવાર આપી તેનો પ્રાણ તેણે લેઈ લીધો. તેમ આ કાળે બીજી વેળા ભગ્ન થએલી અસિ દુષ્ટના દેહમાંજ મગ્ન થવાથી અન્ય શસ્ત્રને અભાવે પોતાના અંસ ઉપર દુશ્મનનો એક કારી ઘા પુષ્પવત્ ઉચકી લેઈ પોતાની પાસે રહેલી કટારથી, અર્જુને જેમ મત્સ્યને અને રામે જેમ

મૂમને, તેમ આ પરોપકારી વીર જને એ ભવાનીના ભક્તને પણ વિંધી નાખ્યો. શ્વાસોશ્વાસ નાખતા પરાધીન થયેલા ત્રણે જણને એની એ સ્થિતિમાંજ રેહેવા દેવાનો નિશ્ચય કરી, પેલી રીબાવી રીબાવીને મારી નાંખવા તત્પર થયેલી વૃદ્ધ બંધકીના બગની પક્ષ સમાન સફેત થયેલા કાકપક્ષ પકડીને, કટાર તેની છાતી સરસી ધરીને, પ્રચંડ વદનથી સ્ફટિકને બાળી નાખે એવા અતિ દારૂણ ક્રોધાગ્નિને રક્ત થયેલા નયનમાંથી ઝરાવતો, તે બોલ્યો "દુષ્ટે! બતાવ માર્ગ." નખશિખ થરથર કંપતી, નીકળી જતા શ્વાસને અટકાવતી હોય એમ ડુસકાં ભરતી, હજુ પણ છળ રમવાને પ્રવૃત્ત થયેલી આ બંધકીના ગળામાં, અરે! જીભ ઉપર કંઈ બોલવાનુ આવે પણ પાછી છાની રહી જાય. ઘણુંએ કહ્યું, ઘણીએ ડરાવી, ઘણાએ ઠુંસા માર્યા પણ રાંડ એકની બે ન થાય. છેવટ એ તલમાંથી તેલ નીકળનાર નથી, તેમ એ અબળા ગમે તેવી હોય તદપિ તેનો ઘાત કરવો એ ઉચિત નથી, એમ ધારી એક મૃતજનના માથાનો પટકો લેઇ તેના હાથ પગ બાંધી, તથા શ્વાસ ખવાય પણ બોલાય કે રડાય નહી એવી રીતે તેના મ્હોંમાં ડુચો ઘાલી, આ અધમ સ્થળનો તત્કાળ ત્યાગ કરવાને પેલા બાળકને લેઇને આ મુસાફર તો એ રત્નકોશાગારમાં થઈ સામુ બારણુ ઉઘાડી, એક ચોક અને ત્યાંથી નળીમાં થઈ કેટલાંએક પગથીઆં ચ'ડી છેવટ એક ગુહામાં આવ્યો. ભય એતો આ વીર પુરૂષ જાણતોજ નહતો. તેમ સાથે જે બાળક હતો તે પણ ભયના ગર્ભમાં અભયમાંજ હતો, અમિત્રના ગૃહમાં મિત્રની સાથેજ હતો, એટલે આવા વેરાન પ્રદેશમાં નિરંકુશ બન્ને જણ સત્વર કેટલીએક વાર ચાલ્યા. છેવટે જ્યારે એક ઝાડઝાડીથી આચ્છાદિત ગુહાના દ્વાર આગળ તેઓ આવ્યા ત્યારે તેમણે અનુમાનથી જાણ્યું કે એક કલાક અથવા દોઢોડ કલાકના ઉચ્ચે ચઢતા પથ ઉપર ચાલતાં તેઓ વિંધ્યાચળના કોઇ ભાગ ઉપર નીકળ્યા. પરંતુ આ સમય વિચાર અને અનુમાનનો ન હતો તેથી એક મહાન કારાગૃહમાંથી, મૃત્યુના પંજામાંથી, નર્કની ખાણમાંથી, અધમતાના સંગ્રહસ્થાનમાંથી અણીશુદ્ધ નીકળી જઈ રાતમાં ને રાતમાં નિદ્રા કે શ્રમ જાણ્યા વિના—અનુભવ્યા વિના આ બન્ને જણોએ પોતાનુ પ્રયાણ અનિયમિત દિશાએ કરવા માંડ્યું. વહી જતી રાત્રીથી પણ વધારે વેગથી જ્યારે તેઓ પ્રભાતને અને એક રમણીય સ્થાનને મળ્યા ત્યારે શો એ

બન્નેનો ગાઢ આશ્લેશ, શું આશ્ચર્ય, શો હર્ષ; શી ઈશ્વર પ્રતિ તેમની ઉપકાર બુદ્ધિ! ખુલાસા કરવાને આ સમય નહોતો, સમય હોય તો હૃદય ન હોતાં, હૃદય હોય તો જિન્હા નહોતી. તેથી આનંદના સાન્દ્રલયમાં જરાવાર દુખી આ સ્થળમાં પણ ભયનો સંભવ તેઓ કલ્પવા લાગ્યા. પવનથી ચલિત વૃક્ષપલ્લવથી પણ તેઓ ભડકવા લાગ્યા. સર્વથા “बालः पयसा दग्धो दध्यपि फूत्कृतं भुंक्ते”

આમ ભડકમાં અને સુસ્થાને પોંચવાના આગ્રહમાં આ બન્ને જણને વિંધ્યાચળની કુંજોમાંજ રમતા મુંકી જરાવાર આપણું ધ્યાન બીજે સ્થળે લેઇ જઇએ.

પ્રકરણ ૬ ઠું.

વિરહિણી સ્ત્રી.

કનકપુરીની દક્ષિણ દિશાએ થોડે છેટે એક વિશાળ બાગ હતો. તેના મધ્ય પ્રદેશમાં મણિની ઉપભૂમિનું ભાન કરાવતી એક દીર્ઘિકા મધ્ય રાત્રીએ ચંદ્રને વશ્ય કરવાનેજ જાણે સર્પનાં ગુંછળાં જેવી પાશ રચતી હતી. ત્રિવિધિ પવનની લહરોથી પદ્મિણીના મનની પેઠે તે ચલિત થતી હતી. દિવસે સૂર્યના મિત્ર કમલને અને રાત્રે શશિના મિત્ર કુમુદને પોતાના હૃદય મધ્ય બેસાડતી તે જાણે આકાશગંગાની બાલ્યાવસ્થા હતી. ધવલ આરસના ચકચકિત આરાથી કામદેવની વામલોચના રતિની તે અનુકૃતિ કરતી હતી. સ્વભાવથી, વિલાસવતીના સુગંધિત લેપના કર્દમથી, વિહારવતીના પ્રસ્વેદથી, કે સુગંધિત પદાર્થના સતત મીશ્રણથી અતિશય મધુર સુવાસિત જળથી તે જાણે ઇંદ્રના હાથી ઐરાવતની મદ ઝરતી અર્ધાંગનાજ હતી. સરસ તટ ઉપર ઉગેલાં આમ્ર, અશોક, બકુલ, કદંબ ઈત્યાદિ વૃક્ષોના નૃત્યની તે રંગભૂમિ હતી. શ્રમ કલમ ભ્રમ ઈત્યાદિના અપનોદની તે શાળા હતી. તેના એક ભાગમાં વિલાસનુ એક નૌતમ ધામ હતું. સ્ફટિક અને વિચિત્ર રંગી આરસથી મીશ્રિત સુવર્ણથી તે જાણે કૃષ્ણની દ્વારકાની અનુકૃતિ કરતું હતું. તેમજ દ્વારકાની રક્ષાને અર્થે ચ’ડેલા સુદર્શનની પેઠે પુષ્પનાં બાણથી સુરક્ષિત, અને સ્નેહસાગરથી વેષ્ટિત કંદર્પના વિહાર-

દ્વીપની ઉપમાને તે પાત્ર થતું હતું. પોતાના વિલાસની લઘુતા માની વિલાસી જનો તિવ્ર તપ કરવાને સ્તંભનુ સ્વરૂપ ધારણ કરી ભગવાન્ મકરકેતૂના રતિમંદિરનો ભાર ઉપાડતા ઉભેલા, તેમને ફસાવવાનેજ પાશ રચી હોય એમ અનેક વર્ણ તથા સુગંધ ધારણ કરતી સપુષ્પ લતાઓની જાળીથી તે વેષ્ટિત હતું. આ મદનપાશમાં ફસાવાને જાણે પ્રતિક્ષણ ના કેહેતાં હોય અથવા જિહ્વાને અભાવે અજ્ઞાન આગંતુકને ઇસારતમાં સમજાવતાં હોય એમ અનેક તટસ્થ વૃક્ષો નિરંતર ડાળચાલન કરતાં હતાં. નાગેણોના જેવી ગલીઓ મેંદીની ઓળો વચ્ચે થઇને, ગુલાબથી માલતી, ત્યાંથી ચંપા, ત્યાંથી જાઈ જાવલ ઈત્યાદિના મંડપને મળતી હતી. વર્ષાઋતુ ન છતાં આઠ માસ આનંદાશ્રુ ટપકાવતાં વૃક્ષ, વલ્લિ, પલ્લવ આદિથી આ રમ્યસ્થળમાં શીતલતાએ લલચાઇનેજ નિવાસ કર્યો હતો. મધ્ય ભાગમાં શૃંગારગૃહના મુખ્ય દ્વારની સન્મુખ એક રમ્ય ફુવારો હતો. તેના મધ્ય ભાગમાં રહીને–યમુનામાં સ્નાન કરી છુટે કેશે ચોંટી ગએલા ઉત્તરીયમાંથી ઝળકારા કરતાં સ્તન યુગલને એક કરે દબાવતી તથા બીજે હાથે “ના, ના,” કેહેતાં કામને ઉદ્દીપન કરતી રાધા આદિ વ્યાકુળ અને તેથી સુંદરતર ગોપિકા ઉપર–કાં કામશાન્તિને માટે, કાં કેલિક્રિયાને માટે, કાં પજવણીને માટે કે કાં દૃષ્ટાજનને જલવિહાર શિખવવાને માટે–જાણે યોગીશ્વર શ્રીકૃષ્ણ ચારે હાથવડે સ્પર્શથીજ સુગંધિત થયેલા જળનો પાત કરતા હતા. સર્વતઃ સ્વસત્તા પ્રસારવામાં આગ્રહી સૂર્ય કે ચંદ્રનાં હઝારો કિરણમાંથી એક પણ પ્રવેશ ન કરી શકે એવી ગાઢ કોમળ પલ્લવની ભિત્તિથી રક્ષાએલા વિહારમંડપોની આકર્ષણ શક્તિ કંઈ જૂદીજ હતી. ન હતી તેમાં ઔષધસમૃદ્ધિ કે ન હતી તેમાં દીપમાળા. કેવળ અમૂલ્ય માણેક હીરાની આલ્હાદકર પ્રભાથીજ તેઓ પ્રકાશી રહ્યા હતા. મહા યોગીશ્વરના તપને ભાગવા જેમ અંતરીક્ષથી ચંપકવરણી અપ્સરા આવી હોય તેમ અંતરવલ્લિએ કોઈ વૃક્ષનો ગાઢાશ્લેષ આ સ્થળે અધૈર્યથીજ કર્યો હતો. વચ્ચે વચ્ચે વિશાળ ચોગાનમાં સામાસામી ઉભી રહી પાંચ પાંચ વર્ષની કન્યાઓ જેવી દિસતી પુતળીઓ રૂડો વર પામવાને માટેજ એ સ્થળના કોઈ દેવ ઉપર જાણે અભિષેક કરતી હતી. શતરંજ, ગંજીફો, કે સોકટાંની રમત રમવા કે ચાર મળી સપાટા મારવાને માટે મત્ત અને ધવલ હસ્તિની પીઠ જેવી વિશાળ રૂપાની પાટો ઢાળી હતી,

જેના ઉપર મુસલમાની ફકીરોની પેઠ મિષ્ટ નિંબવૃક્ષ સુગંધિત વાયુ ઢોળ્યાં કરતાં હતાં. આવા નંદનવનને પણ નિંદતા પ્રમદવનમાં ચોરી હૃદયની થતી હતી, યુદ્ધ સુરતનું થતું હતું, બંધન પ્રેમનું હતું. પશુ પક્ષીઓ પણ ચારૂતાને ચારૂ કરતાં હતાં, રમતાં હતાં, ગાતાં હતાં, નાચતાં હતાં. શિલ્પ, ચિત્ર ઇત્યાદિ કળાઓ આ સ્થળે પરિપૂર્ણતા પામી હતી. અનેક પ્રકારની અનુકૂળતાઓ આ સ્થળે કુળદેવતાની કૃપાનેજ સૂચવતી હતી. આવા ચિત્તાકર્ષક અને અપેક્ષિત સ્થળમાં શોકનુ તો નામ પણ શી રીતે દેવાય? અથવા આ રમ્ય પ્રદેશના રહીશોના ભાગ્યોદયમાં કંઈ બાકી કહેવાય! ગત અવતારમાં અતિશય પુણ્યના પુંજનો આ પરિપાક હોય, સુકૃતિ રૂપી બીજનુ ફળ હોય એમ સર્વ કોઈના મનમાં આવે તો તેમાં કંઈ આશ્ચર્ય નથી.

પણ વાંચનાર! બહિર્ વૈભવ અંતર્સુખની ક્યાં યથાર્થ આરસી છે? મિયાનામાં, તાવદાનમાં અને હાથી ઉપર બેસી ફરનાર, છત્ર ચામરના અધિકારી અને દેશેદેશના અધિપતિ, હસતાં વદન રાખી અને મુછ ઉપર હાથ નાખી પાનનાં બીડાં ચાવતા ચાવતા જાય છે તેને જોઈ પગપાળો છતાં તું જરાએ છોભીલો થઈશ નહી. સુખ દુઃખ એતો સંસારના પ્રપંચની બે પાંખો છે. એક વિના બીજું નભી શકતું નથી. ગમે તેવી રમ્યતા, ગમે તેવી સ્વચ્છતા, ગમે તેવો ભભકો અને ગમે તેવા વૈભવો હોય તોપણ તેમાંનુ કાંઈએ સુખ નથી. જેને આપણે સુખી માનીએ છીએ તેના દુઃખનો તો પારજ હોતો નથી. પરંતુ મનુષ્ય માત્રમાં એક વિચિત્ર જાતની બે પ્રકૃતિઓ રહી છે જેથી અન્યોન્યની સ્થિતિની સ્પર્ધા અનાદિ કાળથી ચાલીજ આવેછે. પોતાને ગમે તેવું દુઃખ હોય, પોતાની સ્થિતિથી ગમે તેવો નિરાશ હોય, તોપણ શ્રીમંતથી તે ગરીબ અને જ્ઞાનીથી તે અજ્ઞાની સર્વ કોઈ બીજા આગળ પોતાની સ્થિતિની શ્રેષ્ઠતા બતાવવા યત્ન કરેછે. યોગી યોગને વખાણે, શ્રીમંત લક્ષ્મીને વખાણે, ગરીબ કરકસરને વખાણે, વેપારી વેપારને, ખેડુત ખેતીને, નોકર નોકરીને અને ક્ષત્રીય યુદ્ધને વખાણે તે માત્ર આ સ્વભાવને લીધેજ. પરંતુ આ પ્રકૃતિની સાથેજ અથવા તેને લીધેજ પોતાની સ્થિતિનો મનુષ્યમાત્રને અભાવ થાયછે અને "પારકે ભાણે મોટો લાડુ" જણાય છે. બાહેર દેખાવમાં મોહ એ કેવળ નકામો છે. સર્વથા, 'મરી ગયા પછીજ મનુષ્ય સુખી છે કે દુઃખી છે એ વાત સમજી

શકાય' એવું ગ્રીસના મહાત્મા સોલનનુ કેહેવું અનુભવસિદ્ધજ છે; નહીં તો આવા રમ્ય પ્રદેશમાં, આવાં સુખનાં સાધનોમાં, મધ્યરાત્રીને સમયે એક સુશીલ, સકોમળી, કુટડી, સદ્ગુણી અને ડાહી નવજોબના નવનીતથી પણ વધારે કોમળ સાંગામાંચી ઉપર બેઠી બેઠી કેમ અશ્રુપાત કરે? હરાયા વૃત્તિ કરનાર પશુઓ અને યદૃચ્છા ગતિ કરનાર પક્ષીઓ પણ આ સમયે ભરનિદ્રા લેછે. બીજે દિવસે અન્નના સાંસા હોય, અનેક પ્રકારની પ્રવૃત્તિમાં કયાં સ્થિતિ રહેશે તેનો પણ નિશ્ચય ન હોય, તો પણ વધતી ઓછી નિદ્રા સર્વ કોઈ લેછે. રાંક, મૂર્ખ કે નિર્ધન પણ આ સમયે સુષુપ્તિમાં દુઃખાભાવનુ સેવન કરે છે, તેમ છતાં આ રમણીય રંગગૃહમાં આ રમણીનાં રક્ત લોચન નથી મીંચાતાં. જો જળ, પવન, મધુર ગાયન, રમણીયતા, સુરક્ષતા, એકાન્ત સ્થળ, આદિ એકૈકી વસ્તુ નિદ્રાને એની મેળેજ ઘસડી આણે તો જ્યાં સર્વ સાથે મળ્યાં ત્યાં શી બાકી રહે? ત્યારે આ ચિત્તહરા સર્વ સામગ્રી છતાં નિદ્રાને નથી હરી શકતી તે શા માટે? તેનું કારણ શું? તેનું કારણ ચિંતા.

જેના મનમાં ચિંતાએ વાસ કર્યો તેને અમૃત હલાહલ સરખું છે, તેને કાન્તા સર્પ સરખી છે, પુષ્પ બાણ સરખાં છે; તેને વૈભવ વેરીછે; શૈયા ચિતાછે; તેને ભોજનનો અને જાતનો અભાવ થાયછે, જીવિતની અને લાજની ઉપેક્ષા થાયછે. ચિંતાથી નથી ચલાતુ, નથી હલાતુ, નથી રમાતુ, નથી ગવાતુ, નથી ઉઠાતુ, નથી બેસાતુ, નથી ઉંઘાતુ, નથી જગાતુ. મહાસાગરમાં સ્વચ્છંદ રમતા મત્સ્યને જાળમાં પરોવી પારધી જેમ તેની સર્વ વૃત્તિઓ ખેંચી લેછે તેમજ સંસારસાગરમાં સ્વચ્છંદ મ્હાલતાં મનુષ્યોને પકડી લેઈ આ ચિંતારૂપી પારધેણ નાગેણની પેઠે તેમનું રક્ત ચૂસી લેછે. જેણે ચિંતાના ગૃહમાં પ્રવેશ કર્યો તેનુ સર્વસ્વ ગયું. રાજાએ રાજ્ય, કાન્તાએ કાન્ત, માતાએ પુત્ર, સુજ્ઞજને બુદ્ધિ અને વીરજને વીર્યનો ત્યાગ કર્યોછે તે એ ભુંડી ચિંતામાં ગરકાઈનેજ. સર્વથા, ચિંતા કોઈ અપૂર્વ મ્લેચ્છ શક્તિ છે. અને જયારે આવા રમ્ય પ્રદેશમાં સર્વેને આવવાનુ મન થાય ત્યારે ચિંતાએ શેં ન આવે! ખરી વાત છે કે પુષ્પને માથે ચ'ડાવાય—કંઈ તેને અગ્નિમાં હોમાય નહીં; ખરી વાત છે કે શિશુને લાડ લડાવાય—તેનો ક્ષય થાય નહી; ખરી વાત છે કે—રૂપની પૂજા થાય, તેને દુઃખ દેવાય નહી; તોપણ આ વિગેરે ખરી વાતોથીજ વિપરીત પરિણામો

આ "જન્મજરાવચમપ્રપંચસંસાર"માં આપણા જોવામાં શું નથી આવતાં? માટે સર્વ પ્રકારનાં સુખ જે સ્થળમાં સમાએલાં જોવામાં આવે, ગરીબ અને શ્રીમાન જે સ્થળમાં રેહેવાની, ફરવાની, બેસવાની અરે! નિહાળવાની ઉત્કંઠા રાખે તેજ ઇંદ્રપુરીથી વધારે આનંદ આપી શકે એવા સ્થળમાં અત્યારે પ્રજાગર વેઠી, લમણે હાથ દેઈ બેસનાર, એક જડભાવ પામેલી લોલ લલનાની દશા ઉપર નીચમાં નીચ અને અધમમાં અધમ પ્રાણીને પણ દયા આવે એવું થાય ત્યારે સર્વથા 'સંસારમાં કોઈ સુખી નથી' એ વાત સિદ્ધજ થઈ.

આ મહાલયના મધ્યગૃહમાં ચિંતાને લીધેજ પિંગળાઈ જતા હૃદયને નયન દ્વારે બાહેર કહાડનાર, ભરાઈ જતા ડુંમાને હલકો કરવાને ભારે નિઃશ્વાસ મુકનાર અને ચારે પાસ ભય ભય દેખનાર, એક મધ્યમ કદની સુંદર સ્ત્રી હતી. તે સ્વરૂપમાં લક્ષ્મીજીની અધિરાણી હતી, ગુણમાં સીતાની ગુરૂ હતી, પ્રતાપમાં સૂર્યની પ્રતિમા હતી, શાન્તિ અને પ્રભામાં ચંદ્રની ભગિની હતી. તેના નયનમાં મૃગલાંછનના મૃગનો વાસ હતો, તેના કપાળમાં વિધિની પટરાણી રનાદે વિરાજતી હતી. તેના ગળામાં પરમાત્મા શ્રીકૃષ્ણનો દક્ષિણ મુખી પાંચજન્ય શંખ કુરૂક્ષેત્રના યુદ્ધ સમયે કોમળ થઈ ગએલો, મુક્તાને માનમુક્ત કરતો રાજી રહ્યો હતો. તેની કટીમાં ભ્રમર રહ્યો હતો. અલક્તકને ફીકા પાડનાર તેના પાદદ્વયજ હતા, કમળને સંકોચ દેનાર તેની હાથેલીઓજ હતી, પ્રવાળને સાંધો કરનાર તેનો અધરોષ્ટજ હતો. કોકિલા તો શું? મેંના તો શું? અરે! અનેક પ્રકારના રાગ રાગણી કે તેમના અધિપતિ તો શું? ગમે તે હો! પણ એના સ્વર આગળ સર્વે તુચ્છ લાગતાં હતાં. તેનાં ભોજનપાત્ર સુવર્ણથી પણ મોઘાં હતાં; કારણ તે શ્વાસ અને સ્પર્શથી સુગંધિત હતાં. અને "સોનુ ને સુગંધ" એકસ્થ કો'ને ખોટાં લાગે? તેના પ્રસ્વેદથી ભીંજાએલાં જીર્ણ વસ્ત્રનો મહજજનને ત્યાં ક્રય કરી ધોબી લોકો શ્રીમાન્ થતા હતા એવો તેમાં ઈસ્તંબુલીની ગરજ સારનાર સુવાસ હતો. અદ્યાપિ તે રાત્રી દિવસ પ્રફુલ્લજ રહેતી તેથી અવસ્થાન્તર પામનાર ચંદ્રકુમુદને વિડંબના થતાં એક કપાતો અને બીજુ સુકાતુ.

આવી જગતલલામ લલિત લલનાને શરીરે અત્યારે ઘણું ઘરેણું ન હતું. માત્ર તેના હાથમાં એકેકી રત્નજડિત ચુડી તથા મણિની બંગડી હતી, અને ગળામાં એક મોતીની સર હતી. અર્ધ ભુસાએલો

કપાળનો ચાંલ્લો શોભામાં વધારો કરતો હતો. તેણે એક ઝીણો રાતો સાળુ સજેલો હતો તેમાં રહીને સ્તનરૂપી શ્વેત ચક્રવાક વિજન જાણી બહાર ડોકીયાં કરતાં હતાં; અને આ સ્થળે તેની દ્યુતિમતી પ્રભા અભ્રમાંથી વિદ્યુતની પેઠે નિરાંતે અને નિશ્ચિંતે બાહેર આવતી હતી. તેનો સારંગી વગેરે સાજ એક બાજુ ઉપર રઝળતો પડેલો હતો. સુવર્ણના રત્ન ખચિત મહાન્ પલંગ ઉપર તૂલ તથા મશરૂનુ ગાદલુ પુષ્પચાદર સમેત પાથરેલું હતું, પરંતુ તેમાં આરામ લેવાની તેને વૃત્તિ થતી નહોતી. તેના ગાલ, ખભા, અને છાતી ઉપર રમતા તેના કેશનુએ તેને ભાન નથી, કે નથી ખસી ગયેલા ઉત્તરીયને ખેંચવાનુ ભાન. આ સ્થિતિમાં સામા એક ચિત્રવાળા આયના સામી દૃષ્ટિ નિશ્ચલ રાખી પોતે કંઈ ઉંડા વિચારના ઉંડા ખાડામાં ઉતરી ગઈ હોય એમ તેની મુખમુદ્રા સાક્ષી પુરતી હતી. "હે નાથ!" "હે વિશ્વંભર!" એવા નિશ્વાસયુક્ત ખંડિત શબ્દ તેના મ્હોમાંથી નીકળતા ઘડી ઘડી સાંભળનારના કાન દ્વારા હૃદય શોષવાનેજ પેસતા હતા. ફાટીજતા વક્ષસ્થળને ઝાલી રાખવાને હોય એમ એકાદ બે વેળા તો તેણે તેનો કર તેના ઉપર દાબી રાખ્યો. વીસ વર્ષ પર્યંત નિરંતર કેશરી રંગ ચ'ડાવતી સૃષ્ટિલીલાનો તિરસ્કાર કરી એક ક્ષણમાંજ તેના વપુએ ધવલતાનુ ગ્રહણ કરવા માંડ્યું હતું. તેના ગુલાબી ગાલ ઉપર ફીકાશની છાયા પડતી હતી. અહો! રૂપની સીમામાં ચિંતાની સીમાનો નિવાસ! ક્ષણે તે આંગળીના વેઢા ગણી જાય, ક્ષણે ઈષત્ કંપ પામી જાય, ક્ષણે ઉચ્ચવદન કરી વિચારમાં પડી જાય; તેથી તેને કંઈ વિરહવેદના થતી હશે એમ અનુમાન થતું હતું. તેમ પાસેના નિત્ય પ્રફુલ્લ થતા બાગનો માળી હમેશ તેનાં ઉભરાઈ જતાં પુષ્પને ચુંટી લેતો હતો, પણ આ દેહરૂપી વનનો માળી આ સ્થળમાં જણાતો નહતો તેથી આ અનુમાનને પુષ્ટી મળતી હતી. પાસેની જળ દીર્ઘિકાના કમળનુ મધુ ચુસી જવા ભ્રમરો રાત્રે પણ ઉંઘતા નથી તો લાવણ્યના સરોવરમાં પ્રફુલ્લ થતાં અંગોમાંથી ઉભરાઈ જતા-ઢળી જતા મધુનુ પાન કરવાને સન્નિધ આવતા ભ્રમરનો ગુંજારવે ન મળે એ શું આ અબલાને હૈયાફાટ થઈ જવાને ઓછું હતું?

ધૈર્ય અને ડહાપણુ તો તેના સુહાગનાં ભૂષણુ હતાં, તો પણુ આ સમયે તો તે ધૈર્યથી પતિત થઈ-ડહાપણુથી ડૂલી-અને બોલી ઉઠી "અરેરે! આજેયે વહાલા તો ન આવ્યા! એમ શાથી થયું? કંઈ

વિડંબના તો થઈ નહી હોય? પ્રભુ! એમ ન કરો—પણ સિંહને ભય શો? ત્યારે આ અંતરનો સાક્ષી અવળી સાક્ષી કેમ પુરે છે? અરે! મેં શાં પાપ કર્યાં હશે? ગયે અવતાર કયાં વહુ વરનાં જોડામાં વિરોધ ઘલાવ્યો હશે? કયાં વા'લામાં વેર કરાવ્યાં હશે? કયાં પંખીના માળા વિખેરી નાંખ્યા હશે? કેટલા સાધુ પુરૂષોને દુભવ્યા હશે? કેટલાનાં ભાણાં છીનવ્યાં હશે? અથવા કંઈ માનસિક પાપ તો નહી કર્યું હોય? મા'રે માથે ઈશ્વરનો આ કેવો કોપ? ઓ પ્રભુ! જ્યારે મને આમ દુઃખજ દેવું હતું ત્યારે મને આવા સુખમાં શાને ગળાપુર દાબી? આવા દેશકાળમાં આવા અનુપમ પતિનો વિયોગ હોય? અથવા દેશકાળ ઉપર વિજય પામનાર મા'રા પ્રાણેશ્વર જેવા મનસ્વી પુરૂષને તો "**क्रियासिद्धिः सत्त्वे भवति महतान्नोपकरणे**" છે એટલે આવા રમ્ય અને રત્નમય પ્રાસાદનુ રક્ષણ કરવાની શા માટે કોઈ આપ્તજનને સુપરત કરે? અથવા પોતાની વા'લીનાજ રક્ષણ માટે મેંના અને પોપટને મુંકનારને બીજી અમુલ્ય વસ્તુની શી તથા હોય? આમ પરદેશ તો ઘણીએ વેળા જવું પડેલું, ઘણીએ વાર કામમાં રોકાવું પડેલું, ઘણીએ વાર અડચણો નડેલી, પણ આવું તો કોઈ દહાડોએ થયું નથી. પણ શું કરીએ ગાંડામાં ગણી કા'ડે તેને? "સદ્ગુણ અંતે જય પામે છે" એવી એવી વાર્ત્તાઓથી અત્યારે મને નિરાંત વળી? અત્યારે મારૂ કોણ?" આટલા શબ્દ ખેદમાં ને ખેદમાં બોલી, અચાનક ચાંદીના આયના સામે દૃષ્ટિ ફેરવતાં ધ્રાશકો પડ્યો હોય એમ તે નિશ્ચલ જ થઈ ગઈ. ભગ્ન ઘટમાંથી જળવત્ તેના વિચાર, તેની શક્તિ, તેનુ તેજ અને તેની બુદ્ધિ સરી ગયાં, વહી ગયાં. જાણે કાંઈ સ્પર્ષ થયો હોય એમ તે ચોંકી ઉઠી, બી'ની ઉઠી, ભડકી ઉઠી. તેના ગાળા નરમ થઈ ગયા, રગે રગે શોણિતે નવા નવા રંગથી દોડધામ કરવા માંડી. તેની હામ ઉડી ગઈ, આશા તુટી ગઈ. તે શીવાઈ ગઈ, લેવાઈ ગઈ. ન બોલાય, ન ફરકાય. છેવટ મહાશ્રમે "ઓ પ્રાણેશ્વર" એટલું બોલતાંજ તે કંઈ પરજનનો સ્પર્ષ થતાં મૂર્છિત થઈ પડી ગઈ—પરાધીન થઈ.

પ્રકરણ ૭ મું
સતીનું સતીત્વ.

મનને ગમતાની છબી ન્યાળતાં, વીતેલા વાયદાને માટે તર્ક વિતર્ક કરતાં, આ મનોરમા યુવતી ન જવાને હઠ માંડીને બેઠેલા કાળને ગમાવતી હતી તેટલામાં કોઈ પુરૂષે આવી તેના મનમાં ઉત્પન્ન થએલા શંકાના અંકુરને ફળ આપ્યું કે તુરતજ અન્યાશ્રયને અભાવે તેણે મૂર્છામાં નિવાસ કર્યો. પણ ત્યાર પછી તેની શી અવસ્થા થઈ, તેની સરભરા કોણે કરી, તેને ક્યાં, કયારે, કેવી રીતે લઈ જવામાં આવી, અને તે કેટલો કાળ આ સ્થિતિમાં રહી તેમાંનું યત્કિંચિત્ પણ તેના ભાનમાં ન હતું. ઉઠી ત્યારે સ્વપ્નમાંથીજ જાગી હોય એમ તે સફાળી ચમકી. જરાવાર વીત્યા પછી ક્લેશ, શોક, લજ્જા, ભય અને આશ્ચર્યે તેના અર્ધ ભગ્ન હૃદયમાં પ્રવેશ કીધો અને શીત, જડતા, રોમોદ્‌ગમ, દૈન્ય અને કંપે તેના અર્ધ નગ્ન દેહ ઉપર નિવાસ કર્યો. જળ દૂધ જુદાં પાડનારી ધવલહંસી પોતાના માનસસરોવરથી વીખૂટી પડતાં ન સૂઝે તેને દિશા કે ન રૂઝે તેનો ઘા. હરાયલી, ઠગાયલી, ચોરાયલી આ મદનની અપ્રતીમ પ્રતિમા ટગટગ જોઈજ રહી. હડપચી તળે સ્થિર રહી તેના એક હાથે શોક—ભારથી નમી જતા તેના વદનારવિન્દને આશ્રય આપ્યો હતો. ભયાકુલ અને શોકાવિષ્ટ માતાની પાસે અલેતાં બાળકોની પેઠે, તેના વાળ તેના ખભા ઉપર નાચી રહ્યા હતા. ઉડી જતા રક્તથી ધૂસર બની ગએલું તેનું વપુ આ સમયે વિપત્તીનું આગાર છતાં પણ કાં મેનકા, કાં રંભા, કાં ઉર્વશીનું માન મુકાવે એટલી તેજસ્વિતા ધારણ કરી રહ્યું હતું. આ અપરિચિત અને અનુચિત સ્થળમાં આવી રમા જેવી રામા "રામ રામ" એવાં ગદ્‌ગદ વચન કાહાડતી પોતાના હૃદયના ધબકારા કે પોતાની જાતના પડછાયાથી ચોંકી ઉઠતી, ઝબકી ઉઠતી. મણિમય આયના, રમણીય ચિત્ર, વિષયોત્પાદક વસ્તુ ઇત્યાદિ કંઈ એને અસર કરી શકતુ નહોતું. ધ્યાતાધ્યેયના વિચાર વિના તે કંઈ જુદીજ છબીમાં તલ્લીન થવા લાગી તેથી તે સાક્ષાત્ નારાયણની તપશ્ચર્યા જણાવા લાગી.

અલ્પકાળ પણ કાળના કાળ પેઠે આમ વીતી ગયો એટલે બાજુનું એક દ્વાર ધીમે રહી ઉઘાડી એક પચીસ વર્ષનો પેહેલવાન તેના સન્મુખ આવીને હસિત વદનથી ઉભો રહ્યો. અને જો કે આ સમયે નાજુક જણાવાને, ફુટડો દેખાવાને–વ્હાલો લાગવાને–તેણે ઘણા યત્નો કર્યા–ઘણા ભાવ ભજવ્યા પરંતુ આ સતીએ તો તેને સાક્ષાત્ મૃત્યુનોજ અવતાર માન્યો. સન્મુખ અને હાથવેંતમાં થએલા ભયને તુચ્છ ગણી હવે તો આ કલ્યાણીએ ન જોયું એનું મ્હોં, કે ન ગણ્યાં એનાં નખરાં. દૂધ લેવા જતા શીકારીની સામે જેમ સિંહણ તેમ તાકીને તે તેની સામેજ બેઠી. સ્નેહવર્ષણમાંજ પ્રવીણ તેનાં કમલ જેવાં લોચને આજે તો ગ્રીષ્મઋતુના સૂર્યની ઉગ્રતા અને ચંડતા ધારી. વિહ્વલ થઈ બ્હાવરા બની ગએલા આ વીટને નખશિખ કંપ ચ'ડ્યો તેથી નમ્રતા, દીનતા, વિનતી અને અશ્રુપાતમાં ગોથાં મારતો મારતો તે ઘડીમાં કંઈ બોલે ને ઘડીમાં કંઈ લવે. અનેક પ્રકારની યુક્તિ, યાચના, લાલચ, ભીતિ, ઇત્યાદિની જાળને છેટે ને છેટે રાખી આ સતી તો પ્રતિમાની પેઠે ન હાલે કે ન ચાલે. ઓઠ સરખો ન સ્ફુરે તો ઉત્તર કેવો હોય ?

સન્મુખ આવીને ઐહામુશ્મિક સર્વસ્વ લુટવાને તત્પર થએલા આ યુવકનુ સૌન્દર્ય હીરા માણેકનાં ઘરેણાંમાંજ હતું; બળ શબ્દમાં હતું; ચાતુર્ય અયોગ્યાચરણમાં હતું; અને શૌર્ય સ્ત્રીઓમાંજ હતું. તેના વદન ઉપર લઘુતાનુ, જીવ્હા ઉપર ગ્રામ્યતાનુ અને હૃદય ઉપર ક્રૂરતાનુ આવાહન કરેલુ હતું. પ્રભુત્વ નૈસર્ગિક નહોતું–બાહ્ય ચિહ્નથીજ જણાતું. અયોગ્ય સ્થળે બંધાઈ જવાનો લક્ષ્મીને દેવાતો દોષ આ પુરૂષમાં સપ્રમાણ થતો હતો. બલાત્કારમાં તે ગૌરવ માનતો. શિયળભંગમાં તે યશ સમજતો. ગણિકાને દાન દેવામાં અને જુગારીને જાન દેવામાં તથા લંપટને માન દેવામાં તે નિપુણ હતો. વિદ્યામાં વ્યસન સમજતો. વ્યસનમાં વિદ્યા સમજતો.

આ પ્રકારનો મનુષ્ય મધ્યરાત્રીને સમયે વિજનસ્થાનમાં ચૌરની પેઠે આ મૃગનયણી સતીના સામે' કામાવેશથી ગ્રામ્ય ચિહ્ન કરતો–ઘડીમાં તેને વિનવે–ઘડીમાં તેને પગે પડે—ઘડીમાં તેને બ્હીવરાવે–અને ઘડીમાં તેને લલચાવે. પરંતુ તે દુષ્ટ સાથે બોલવામાંજ પાપ સમજનારી આ અબળાએ વિશુદ્ધિના રક્ષણને માટે આવેલું સર્વ દિવ્યબળ સમગ્ર કરી મૌનમાં અને દૃષ્ટિપાતમાંજ તેને મર્યાદામાં રાખ્યો. લજ્જાથી, ભયથી, લાલચથી, અભિમાનથી, અને એવાં એવાં કારણોથી ટેક ધરતી,

હઠ માંડતી અને પજવતી, અનેક મનોબળરહિત અબળાઓ ઉપર જય પામી મત્ત થએલા આ કામુકને આજે જન્મમાં પેહેલ્લ વેહેલોજ આ વિશુદ્ધિની સત્તાનો અનુભવ થયો. તે એક અક્ષર પણ બોલતી નથી, એક અંગ પણ ફરકાવતી નથી, તોપણ તેને તો એના મૌનમાંજ મૂર્છા અને દૃષ્ટિપાતમાંજ મૃત્યુ જણાયાં. કેટલીએક વાર તો તે આડુ જોઈ રેહે-કેટલીએક વાર તો નીચું ઘાલે-એક બે વાર તો પાછો ફર્યો. પરંતુ "कामातुराणाम् न भयं न लज्जा" એટલે વિહ્વલતાએ એના ભયને નિવાર્યો, આતુરતાએ એની રહી હોય તે લજ્જાનો ત્યાગ કરાવ્યો; તેથી આંખો મીંચીને વિશુદ્ધિ સામે યુદ્ધ કરવાને તે આ સતી પાસે આવી જેવો તેનો અયોગ્ય બુદ્ધિથી સ્પર્શ કરવા જાયછે તેવીંજ તે ઉભી થઈ, પગ પછાડી—"ખસ આઘો" એટલું બોલી અન્યશસ્ત્રને અભાવે હાથની મુઠીઓવાળી-હાથ ઉગામી-જાણે મહિષાસુરનો વધ કરવા ચંડી હોય એમ તાકી રહી.

અહો! શો વિશુદ્ધિનો પ્રભાવ! તેનો આશ્રય લેનારનું પણ ક્યારે, કોણે ભાગ્યું છે? ઇંદ્રથી પણ વધારે વૈભવધારી રાવણ એકલી સીતાનું વ્રત ક્યારે તોડી શક્યો છે? ઘણોએ મોહ હતો-ઘણોએ મમત હતો પણ કંઈ ચાલ્યું નહી! ક્યાં ગયું એનું બળ-કયાં ગયું એનું સૈન્ય, ક્યાં ગયું એનું શૌર્ય-જયારે એક અબળા પણ રાવણથી વશ્ય ન થઈ! પણ અબળાનું શું ગજુ? સીતા શું કરે? પરંતુ જ્યાં વિશુદ્ધિ રક્ષક થઈ ત્યાં પ્રતિકૂળ રાજાનાં રાજ્ય ગયાં, વિદ્વાનની વિદ્યા ગઈ, યોગીના યોગ ગયા અને તપસ્વીનાં તપ ગયાં. નથી જોયતું એને શસ્ત્ર કે નથી જોયતું એને અસ્ત્ર! કેવળ સ્વસત્તાથી તે પોતાના આશ્રિતનુ સાક્ષાત્ ઈશ્વર સામે પણ રક્ષણ કરી શકે છે. તેના સેવકોને કવચિત્ દુઃખાગમ હોય છે, તેમને શોકના સમય આવેછે, ચિંતાઓ તેમને ઘેરેછે, તોપણ અંતે "Virtue may be assailed but never hurt." એ મહા કવિ મિલ્ટનના અમર શબ્દોનું તે સાર્થકજ કરેછે. નહી તો લાજ અને વસ્ત્ર સાથે ખેંચી લેતા દુષ્મનોની સભામાંથી સતી દ્રૌપદી અણીશુદ્ધ બાહેર નીકળે! સર્વથા, વિશુદ્ધિની અકળ ગતિ છે. એજ વિશુદ્ધિના અખંડ પ્રતાપથી અનસૂયાએ કામુક બનેલા બ્રહ્મા વિષ્ણુ મહેશ્વરને ધાવણાં બાળક બનાવી પારણામાં પોરાડી દીધા; એજ જ્વલંત પ્રતાપથી અરૂંધતી વ્યોમમાં જળહળી રહી સર્વે નવોઢાની પૂજ્ય માર્ગદર્શિકા બની

રહી છે; એજ અજેય પ્રતાપથી દમયંતીએ પરિણય કરવા આવેલા ઈંદ્રાદિ પંચસમર્થ દેવને સલજ્જ કરી, તેમની પાસેથી મયાદત્તમાં પોતાને અને પોતાના પતિમાટે વરદાન લીધાં; અને ભૂગર્ભમાં ધીકી રહેલા અગ્નિ જેવા એજ પ્રતાપથી અત્યારે મસ્ત થયેલા આ લંપટનો અસ્ત થશે. જ્વાલામાં પડીને પણ સુવર્ણ જેમ ચઢતે રંગે ચઢી મોંઘા મૂલ્યનું થાયછે તેમ વિશુદ્ધિના ભક્તો પણ વિપત્તિની વેદનાઓ વેઠી વેઠી ચઢતા રંગ અને વિશેષ કીર્તિને પ્રાપ્ત કરેછે. સાવિત્રી સાથે અન્ય સ્ત્રીઓ નહી હોય ? અહલ્યા, તારા ઇત્યાદિ "સવારના પ્રહરનાં નામ" કેહેવાતી સતીઓના સમયમાં કંઈ સ્ત્રીઓજ નહી હોય? સ્ત્રીઓતો અસલથીજ છે. પણ મોંઘી વસ્તુની પેઠે આ સતીઓનાં નામ ઘેર ઘેર સંગ્રહી રાખવામાં આવેછે તે નિઃસંશય વિશુદ્ધિનોજ પ્રતાપ.

આ વિશુદ્ધિદેવી આજે આ અબળાને સાહાય થઈ. તેની સુંદર ભ્રમર ઉપર રૂદ્રતા બેઠી, તેની ચળકતી હાથેલીએ અસિની ગરજ સારી. જાણે કૃત્તિકા ભોગ લેવા આવી હોય એવી તેની આકૃતિ જોઈ આ રગેરગ કામાવિષ્ટ દુષ્ટ પુરૂષ "ઓ" એટલુ બોલી પાછો ખસ્યો–પાછો ગયો. ક્ષણવાર દુષ્ટના સાન્નિધ્યથી મુકાતાં આ અબળાએ તો ચારે તરફ દૃષ્ટિ ફેરવી, કંઈ નાસી જવાનો રસ્તો ખોળ્યો, પણ તેને એકકે દિશા ન સુઝે. છેવટે દુષ્ટના શબ્દરૂપી વજ્રપાતથી તેની આંખોએ તિમિર ચ'ઢ્યાં હતાં, તોપણ એક બારી ઉઘાડી તેણે જરા સ્થિર વૃત્તિ રાખી નજર ફેરવી તો તેને જણાયું કે ભર જોબનમાં આવેલી યુવતિ સ્નેહ ભરી પીયેરથી સાસરે જવા નીકળી હોય, એવી એક સરિતા આ હર્મ્યને ઘસાઈને વેગમાં ને વેગમાં વેહેતી હતી; તેને જણાયું કે આ પોતાનાજ જેવી પુનિત સરિતા બે કાંઠે છે; તેને જણાયું કે સ્થાન વિજનછે. અગ્નિ અગ્નિમાં મળે, જળ જળમાં મળે, પવન પવનમાં મળે, તેજ તેજમાં મળે, ત્યારે સતી સતીમાં શાને ન મળે ? તેથી આ સરિતા તો આ સતીને વૈકુંઠની બારી કે મોક્ષની સોપાન ભાસી. શિયળવૃત્તથી જીવિતધારણ વધારે નહતું, એટલે તુરતજ, જે દેહમાં પોતાનો વાસ છે; તે દેહમાંથી પોતે નીકળી ગયા પછીએ તેની લજ્જા દૃષ્ટિપાતથી પણ ન લૂટાય, એટલા માટે મરદની માફક, તેણીએ કછોટો માર્યો; અને પછી પ્રાણનાથનુંજ સ્મરણ કરતી તે બારી ઉપર ચ'ડી નિર્મળ જળમાં ભૂસકો મારવાને તત્પર થઈ ગઈ. કારણ તે જાણતીજ હતી કે કદાચ એક વાર કે બે વાર આ નીચ

પુરૂષ પાછો હઠી ગયો, પણ અંતે "स्थानं प्रधानं न बलं प्रधानम्" છે; તેથી પરાધીન થઈ જીવતાંજ મૃત્યુ સેવવું તે કરતાં દેહનો ભોગ આપી નિરંતર યશ અને સુખ પ્રાપ્ત કરવું; એ એને ઉત્તમ માર્ગ જણાયો.

ત્યારે આત્મહત્યાનું મહાન્ પાપ છે એમ તે સમજતી નહોતી? તે સમજતી હતી. એક વખત કરેલી આત્મહત્યા સાત ભવને બગાડે છે તે વાત તેના ધ્યાનમાં હતી. સંસારના કર્મયોગની સાધનામાં પોતાનો વિયોગ પ્રાણેશ્વરને બાધક નિવડશે એમ તે માનતી હતી. દુઃખથી કે ભયથી કાયર થઈ આત્મહત્યા કરનાર વ્યંઢલથી પણ અધમતર છે એમ તેનો સિદ્ધાંત હતો. પરંતુ તેની દૃઢ શ્રદ્ધા હતી કે પ્રાણેશ્વર સાથેનો તેનો સંબંધ દેહનો નથી પણ જીવનો છે– સત્વનો છે; ક્ષણિક નથી પણ શાશ્વત્ છે; લિંગ કે ગુણને અધીન નથી પણ પ્રણયોદ્ભૂત છે, બે પૃથક્ વ્યક્તિનું ઐક્ય કરવાને શ્રમ કરવાનો નથી પણ દ્વૈતભાવ પામેલી એક વ્યક્તિનો પોતાની સ્વસ્થિતિએ પહોંચવાનો સ્વભાવ છે. સંસારસાગરમાં દેહ પ્રાપ્ત કરી, દેહના ધર્મ અથવા દેહ અને જીવના સંબંધના ધર્મ કરવા પડે, ગુણ ભોગવવા પડે અને દ્વંદ્વથી થતી ઉપાધિ સેવવી પડે. એમ છતાંએ એ સંસારયાત્રામાં પુનિત પતિ સમક્ષ દુષ્ટના હસ્ત–સ્પર્શે પણ દૂષિત થયેલો દેહ લઈ જવો એ તેને અનુચિત લાગ્યું. એટલે સર્પ જેમ જીર્ણ કાંચળીનો, શૂર જેમ ભગ્ન શસ્ત્રનો, શુચિજન જેમ મલીન વસ્ત્રનો, પક્ષી જેમ જર્જરિત માળાનો, યોગી જેમ વાસનાનો, રોગી જેમ કુપથ્યનો અને ભોગી જેમ દુર્વાસનાનો ત્યાગ કરે તેમ સંસારપ્રયાણમાં સાધનરૂપ બનેલો દેહ જયારે ઉપાધિરૂપ બનવા લાગ્યો ત્યારે તેનો પણ તેમ ઉત્સર્ગ તેને ઇષ્ટ જણાયો. જીવના કલ્યાણ અર્થે પ્રાણોત્ક્રમણ આત્મહત્યા નથી પણ આત્મરક્ષા છે.

અને ખરેખર! આ સતીની કલ્પના પ્રમાણે થોડી વારમાંજ પેલો લાજરહિત પુરૂષ હાથમાં ખડ્ગ લઇ, વૃશ્ચિકના આંકડા જેવી વળેલી અને તેવીજ વિષમય મુંછો ઉપર હાથ નાખતો નાખતો, ખોંખારા કરતો, પતિત શત્રુની પ્રમદાનાં હાસ્ય કરતો હોય એમ આવ્યો. આ વેળાની તેની રીતભાત ઉપરથી એટલું તો કલ્પાય કે પૂર્ણ હોંસ, અને પૂર્ણ આશાથી તે સંકલ્પસિદ્ધિને માટે આવેલો. પરંતુ સંકલ્પ કંઈ હમેશ સિદ્ધ થાય છે? તરવારથી મૃત્યુનોજ ભય બતાવવાનો હતો, તેને તો આ સ્ત્રીએ આમંત્રણ કર્યું હતું. મુંછોથી ભભકો દેખા-

ડવાનો હતો તેને તો તેણે ગણ્યો નહી. ખોંખારાથી સામર્થ્ય બાતાવવાનું હતું તે તો આ ક્ષણે વ્યર્થ હતું. તેથી ગભરાઇને–મૂઝાઇને–ચીડાઇને–અકળાઇને તે બોલી ઉઠ્યો, "અલિ મૂર્ખી! તું જાણે છે કે હું કોણ છું? જોતો ખરી–જો મા'રા સામે–જો મા'રૂં રૂપ–જો મા'રો વૈભવ–જો મા'રો પ્રતાપ–જો તપાસ, ને પછી આમ હઠ માંડ. વળી આમ કેટલીવાર નભશે?" આવાં આવાં વાક્ય સાંભળી "શિવ શિવ" "પ્રિયપતિ" "હે નાથ" એવા શબ્દો બોલતી આ સ્ત્રી તો જયાંની ત્યાં ઠરીજ રહી. "આવ આવ" એમ કહી વધારે વધારે અશ્લીલ ચાળા કરતાં આ ભ્રષ્ટ અને દુષ્ટ મનુષ્યગર્દભ પોતાનો મલીન ભાવ પ્રકટ કરવા લાગ્યો ત્યારે તો આ સતીને તેની ગતિ જોવાને માટે પણ તેના સામી દૃષ્ટિ રાખતાં કમકમી ઉપજી. કહે છે કે આંખનો પાટો ઘણો અળખામણો હોય છે; ત્યારે આ કુબુદ્ધિ કરતાંએ શું આંખનો પાટો વધારે અપ્રિય છે? ના–ના; આ પ્રસંગે પાટો તો શું, પણ અંધાપોએ આ સ્ત્રીને વા'લો હીમ જેવો લાગત. પણ કરવું શું? એક પગ મૃત્યુમાંજ હોય એમ લટકતો રાખી બારી ઉપર ઉભી ઉભી અપાયગ્રસ્તા નિરૂપાય સતી બોલી, "અધમ ચાંડાળ! દુષ્ટ જાર! નીચશ્વપચ! જો સાંભળ! તું ગમે તે હો તે હું જાણતી નથી. પણ તા'રે ઘેર ચક્રવર્તિત્વ હોય તોયે મા'રે મન તો તું શ્મશાનઘટવત્ તર્જનીય છે. તા'રી સાથે સંભાષણ કરવું એમાં મને પાપ છે! તા'રા જેવા અનાડીની ઉત્પત્તિ થતાં સર્વથા, કનકપુરમાં આપત્કાળ છે. લંપટ! સ્ત્રૈણ! ધિક્કાર છે તને હજારવાર! લક્ષવાર ધિક્કાર છે તને, કે વિદેશ ગયેલા પતિની અર્ધાંગનાની લાજ તું આમ દગાથી મધ્ય રાત્રીએ લૂંટવા બેઠો છે! પાખંડ! તા'રી માતાએ તને પાષાણ કાં ન જણ્યો!" પણ આ સર્વ શબ્દોને એ કામાતુર, અરે! કામાન્ધ માણમાણ સમજતો. હજુ તેને આશા હતી. બળ, કળ કે છળમાંથી એક પણ, અથવા છેવટ ત્રણે સાથે લાગાં ગમે તેવીને—સીતાને પણ વશ્ય કરે તો આના શા ભાર? એવા તેને વિચાર થતા હતા. હજુ તો તેને એમ લાગતું હતું કે આ સર્વે વધારે વા'લી થવાનેજ છે. સર્વથા "**सर्वंतत्किलमत्परायणमहो कामीस्वतांपश्यति**" તેથી "તા'રી ગાળો તે ઘીની નાળો" એમ કહી, પોતાની પેઠે બીજાને જીવ વા'લો ગણી, તે તેના સામે ધપ્યો. નિશ્ચય થયો કે આ દુષ્ટ કૃતનિશ્ચય થયો, તેથી પોતે પણ કૃતનિશ્ચય થઈ સતી બોલી,

“પાપિષ્ટ! ખળ! જો! તા'રા સર્વે મનોરથ આ ક્ષણે ભગ્ન થયા! કદાપિ આ જીવિત સહિત દેહ ઉપર તા'રી સત્તા છે પણ તા'રેજ લીધે આજે એ બન્નેને હું જુદાં પાડું છું. વર્ણસંકર! જા, હું તો મરતાં મરતાંએ તને શાપ નથી દેતી–પણ હવે જા–ખસ–રહે વેગળો–કરવા દે નાથનું સ્મરણ;” એમ બોલતી બોલતી, પતિની છબિ નયન સન્મુખ લાવી તેની સ્તુતિ કરતી કરતી

........“ जननान्तरेपि
त्वमेव भर्त्ता न च विप्रयोगः”

એટલા શબ્દોને માર્ગ આપીને જેવો તે દુષ્ટ હાથવેંતમાં થાય છે તેવીજ સાક્ષાત્ લક્ષ્મીજીની પેઠે તે જળમાં પડી.

પ્રકરણ ૮ મું.

નૌકા.

વિરાટ પુરૂષના નાભિકમળમાંથી પ્રકટ થઈ બ્રહ્મા જેમ જગતમાં સરસ્વતીની ધારા પ્રસારે છે તેમ વિંધ્યાચલના મધ્ય ભાગમાંથી જન્મ લઈ એક વિમલ નિર્ઝરે વિસ્તારેલી સરિતા મલને ધોતી અને જળને ફેલાવતી શાંતિનુ વહન કરતી હતી. આ અપગા પતિને મળેલી છતાં નિર્મળી હતી. રંગ રહિત છતાં કુરંગ જેવી ચંચળ હતી, અને સ્નેહ રહિત છતાં સ્નિગ્ધ હતી. તે ગાઢ અને ઘન હતી; તેનો પટ પહોળો હતો. તેનું જળ ઉંડું હતું. તટસ્થ વૃક્ષો પણ તેના સ્નિગ્ધાકર્ષણથી ખેંચાતાં તે જોઈનેજ કદાચિત્ પરસ્પર આશ્લેશ તજી રાત્રે ચાતક સુધાકર સામે જોઈ રહ્યાં હતાં. પારસમણિના સ્પર્શથી જેમ લોહ સુવર્ણ થાય છે અથવા ભ્રમરના સ્પર્શથી જેમ કીટ ભ્રમર બની જાય છે તેમ આ સ્વચ્છ સરિતાના સહનિવાસથી મકર મત્સ્ય આદિ પારદર્શી અને તેજસ્વી થઈ ગયાં હતાં. પણ પ્રતિક્ષણ પલાળ્યા છતાંએ ન ગળી જતી સિકતા આ સ્થળે જડતાને ભજતી હતી. જળના પરિસરણથી મંદ મંદ અને મૃદુ મૃદુ શબ્દથી પદ્મિણીના નૂપુરની અનુકૃતિ કરવાનું તે હંસને શીખવતી હતી. પોતાના વેગને અનુસરીને ચાલનાર નૌકા તેના વક્ષસ્થળને ભેદી નાખે તદપી તેને લડાવતી લડાવતી સુસ્થાને

પહોચાડવામાં તે કુશળા હતી. અપૂતરંગી છતાં છરવંગી નહોતી. તરલા છતાં સરલા હતી. સરલા છતાં પતિનો સંયોગ કરવામાં કુશલા હતી. શિલાને શારીને, ગિરિને ભેદીને, ગહ્વરને વટાવીને, અરણ્યને ઉલ્લંઘીને, નગરને ફરીવળીને, વક્ર થઇને, વેગ કરીને, ઉત્સાહ ધરીને, અનવરત પ્રવૃત્તિ માંડતી આ સરિતા પ્રિય પતિ મહાસાગરને મળ-રહિત બની મળતી હતી; ત્યારે ધવલ હાસ્યથી ચંદ્રિકાને લજાવતી, લક્ષ્મીની પેઠે કાન્તના હૃદયમાં પેશી જતી, એકી ભાવ પામતી. આવી પતિતપાવની અને દુઃખમોચની સરિતાના યૌવનથી વિશાળ અને તુંગ બનેલા વક્ષસ્થળ ઉપર કનકપુરની કનકહર્મ્યમાંથી ધૂર્તથી રક્ષણ થવા આ આર્ત્ત પદ્મિણી પડી. હઠીલા શિવભક્તો જૈનમન્દિરને વર્જ્ય ગણી તેના સંસર્ગથી દૂર રહેવા મદમત્ત હસ્તિની શુણ્ડનાં રમકડાં કે સુખગ્રાસ પણ સ્વેચ્છાથી થાય છે તેમ આ શિયલભક્તાણીએ આજે કર્યું અને મત્ત હસ્તિની જેવી સરિતાને દેહ સમર્પ્યો. મધ્યરાત્રીએ વિનષ્ટ કરવા પકડેલી વિદ્યુત્ છટકી જતાં કંસને, તેમ આ નૃશંસને ભય, વ્યાકુળતા, આશ્ચર્ય, નૈરાશ્ય, ચિંતા, ક્રોધ ઈત્યાદિ વિકારોએ ઘેરી લીધો. મદ, મદન અને મદિરાનો નિશો ઉતરી ગયો અને આલંબનને અભાવે તે મૂઢતાના અંધકૂપમાં ગરી ગયો. કારણ તે સમજ્યો કે કાળા નાગના વિષમય વૈરનો તે ભોગ બન્યો અને આ સતી સ્ત્રી તો સાક્ષાત્ જલદેવી પેઠે જળમાં મળી ગઈ—સમાઈ ગઈ.

પરંતુ ઈશ્વરની ક્રિયા અલૌકિક છે. કારણ કે મરદની માફક કચ્છો-ટવાળી જેવી આ રતીના જેવી સતી જળને મળી તેવીજ, પવન જેમ રૂને, માતા જેમ પુત્રને, અને પતિ જેમ પ્રિયાને તેમ, આ સરિતાએ તેને ઝીલી લીધી. મૂર્છામાં દુષ્ટના સ્પર્શથી અને જાગ્રતીમાં તેના સાન્નિધ્યથી દૂષિત થએલા આ સુભગાના દેહને તેના અંતરના જેવોજ પવિત્ર કરવાને માટે તેણીને બે ત્રણ ઝોકાં ખવરાવી, પતિના વિરહથી અને અવમાનના ક્રોધથી તપ્ત થએલા તેના તન મનને શીતલ કરવાને અંતર્બાહ્ય તેને જળમાં ન્હવરાવી, ભયથી ત્રસ્ત થએલા અને ચિંતાથી ગ્રસ્ત થએલા તેના મનને સ્ફુર્ત્ત કરવાને તેને બે ત્રણ ગાઉ આઘી ખેંચી જઇને આ સરિતા, આ પોતાની જાતીની અને પોતાના જેવાં શીલવ્યસનવાળી પ્રમદાને તટ આગળ લેઈ ગઈ. સર્વથા, સંસા-રમાં તો “**સમાનશીલવ્યસનેષુમૈત્રી**” છે.

પાછલી રાત્રી વહી જવા આવી હતી. શૃંગારગૃહોના દીપનું તેલ

ખપી જવા આવ્યું હતું. રાત્રીનું કૃષ્ણપટલ વેરાવા લાગ્યું હતું. પશુ પક્ષીઓએ નિદ્રાનો ત્યાગ ક્યારનોએ કરવા માંડ્યો હતો. અરૂણે સૂર્યરથના અશ્વ જોતર્યા હતા. વૃતની નિશ્ચલતા દેખાડતો ધ્રુવનો તારો, શ્યામાના કપાળમાં જેમ ચંદ્રક તેમ, નીલવર્ણ આકાશમાં અપૂર્વ ઝળકારા મારી રહ્યો હતો. સ્નેહના કારાગૃહમાંથી મુક્ત થવાને ભ્રમર મિત્રમાંથી પણ એકઠા કરેલા મધુને પુણ્યની ગાંસડીની પેઠે પોતા પાસે રાખી લેતો હતો. આપીડિત અને ગાઢઆશ્લેષથી શિથિળ થઈ ગએલી સુંદરીઓને ઉત્તેજીત કરવાને ભગવાન્ મારૂત દિવ્ય ઉદ્યાનોમાંથી સુગંધની ચોરી કરવા લાગ્યો હતો. આ સમયે સંસારસાગરના પ્રયાણમાં આત્માને મોક્ષને કિનારે લઈ જવાને જ્ઞાની, તપસ્વી, યોગી, સિદ્ધ આદિએ તત્પરતા રાખવા માંડી હતી. વળી આ સમયે ભક્તોનાં સ્તવન અને પ્રભાતનાં કવન સંભળાતાં હતાં. સંસારચક્રના ચળ અને અચળ પડ વચ્ચે પડતાં થતી પિષ્ટાવસ્થાને ધ્વનિત કરનાર ઘંટીઓ કિનારા ઉપરનાં ઘરમાં ઘડઘડાટ કરી રહી હતી; સત્શાસ્ત્રના મંથનથી અમરત્વની પ્રાપ્તિ સૂચવતી ગોપાલની સ્ત્રીઓ વલોણાં કરતી હતી. પિતાને દેવ પૂજનના કામમાં આવતી સર્વ સામગ્રી ગૃહની બાલિકાઓ તૈયાર કરતી હતી. વિદેશ જતા પતિને અનેક મિષે વિલંબ કરાવતી પ્રૌઢ લલનાઓ રથને જોતરેલા કે પલાણમાં માંડેલા અશ્વના પદમાં અધૈર્ય આણતી હતી. કોઈ કોઈ સ્થળે પુત્ર કે પતિના સ્વાગત માટે સામગ્રીઓ તૈયાર થતી હતી. પક્ષીઓના કલરવ શરૂ થઈ ગયા હતા. સરીસૃપોએ દરમાં પ્રવેશ કરવા માંડ્યું હતું. રાત્રીનું રાજસી રાજ્ય ચાલ્યું ગયું હતું. ધર્મનુ સાત્વિક રાજ્ય ચાલવા માંડ્યું હતું. કૃષ્ણ સાડી સજીને સુતેલી સૃષ્ટિલીલા આળસ મરડી ઉઠતી હતી અને પોતાનું મનોહર સૌન્દર્ય બતાવતી, રસિકમાં પ્રમોદ, શ્રમિતમાં બળ, રોગીમાં આરોગ્ય, ભોગીમાં ઉત્સાહ અને લલનામાં લજ્જા ભરતી હતી.

આ સમયે સરિતાના મૃદુ વક્ષઃસ્થળ ઉપર બાલિકાની પેઠે આરામ લેતી નૌકાને સ્વકાર્યમાં યોજાવી, તેનો વેગ વધરાવી, તેનાજ વક્ષઃસ્થળ ઉપર ઉભો ઉભો કોઈ સુગુણસિંહ નામનો વીરધીર પુરૂષ સૃષ્ટિલીલાના પ્રભાતના અદ્‌ભૂત ખેલ જોતો હતો.

પણ શું જુવે ? આશ્ચર્ય સાથે જરા સ્થિર દૃષ્ટિથી જોયું તો સાક્ષાત્ અંબિકા પરીક્ષા કરવા આવી હોય, એવી એક તરૂણ યુવતિ તેનો આશ્રય માગતી આ વહાણને અથડાવા લાગી. વિચારની ઉત્પત્તિ

થતા પેહેલાં તો આ દેખાતા શબને તેણે અંદર ઉચકી લીધું; અને તપાસે છે તો એને સ્પષ્ટ સમજાયું કે તે શબવત્ સ્ત્રીની છાતીમાં ધબક હતી. તત્ક્ષણ તેને પોતાને રેહેવાની ઓરડીમાં તે લેઈ ગયો અને કોઈને, અરે! પોતાના પિતાને સ્થાને રહેલા વૃદ્ધ પુરોહિતને પણ પુછચા વિના તેણે તેની ચર્યા કરવા મનુષ્યો મુંકી દીધાં. કોઈ તેને શેક કરેછે; કોઈ તેને લેપ લગાવેછે; કોઈ તેને તેલ ચોપડેછે; કોઈ તેની નાડ જુવેછે; અને આ યુવાન તો ઘડીમાં આવેછે, ઘડીમાં બાહેર જાયછે. આમ ને આમ બરાબર દશ વાગ્યા સુધી ચાલ્યું ત્યારે કંઈ ગરમાવાથી, કંઈ મનુષ્યોની હીલચાલથી અને કંઈ કાલ વીતવાથી તે જાગ્રત થઈ. પરંતુ આ જાગ્રતિ અલ્પ કાળને માટેજ હતી; કારણ કે આંખ ઉઘાડીને, બુદ્ધિ નિશ્ચલ રાખીને, જ્યારે તેણે જોયું કે આ તો પાછો એનો એ ભવ, જ્યારે તેણે જાણ્યું કે કોઈ અપરિચિત પુરૂષો તેના ઉપર તાકી રહ્યાછે, જ્યારે તેણે માન્યું કે તેને કંઈ નવી ઉપાધિમાં પડવું પડ્યું, ત્યારે "હે નાથ! આ શું!" એટલું બોલી તે ફરી મૂર્છિત થઈ ગઈ; અને તે મૂર્છામાંજ થરથર કંપવા લાગી.

સુગુણસિંહે આ વાત જાણી એટલે આ પ્રસંગે તો સર્વ હકીકત વૃદ્ધજનને કહી તેની અનુમતિ લઈ તે પુનઃ એ ઓરડીમાં ગયો અને સર્વ પરિજનને બાહાર રાખી એકલોજ તે અબળાની સેવા કરવા લાગ્યો. અને

"व्यतिषजति पदार्थानंतरः कोपिहेतुः
न खलु बहिरुपाधीन् प्रीतयः संश्रयंते."

એ ન્યાયે મૂર્છામાં પણ આ સ્ત્રીને આ સ્પર્શથી કાંઈ શાન્તિ વળતાં, કાંઈ પ્રીતિ આવતાં, તેણે આંખો ઉઘાડી કરી, અને બિચારી દુઃખની મારી બહુવાર એક ટશે ને ટશે તેના સામે જોઈ રહી. પણ આ સમયે વેહેમને બદલે તેને કંઈ સંતોષ થવા લાગ્યો. સત્ત્વસ્વભાવ, સૌમ્યાકૃતિ, સ્નિગ્ધ સુગુણસિંહના વદન ઉપરથી તેને કોઈ રીતે શંકા લેવા જેવું લાગ્યું નહી, ત્યારે તે દીન થઈ બોલી, "ભાઈ! મને ક્યાં લેઈ જાઓછો?" અને આ પ્રશ્નનો ઉત્તર પામવાને માટે તે શ્વાસનું રૂંધન કરી જાણે તેની આકૃતિમાં કંઈ વાંચતી હોય એમ ચેષ્ટા કરવા લાગી. તેના મનની સર્વ વીતક અનુમાનથી જાણી જઈ સુગુણસિંહ વિશ્વાસજનક અને નમ્રવચન નીચે પ્રમાણે કેહેવા લાગ્યોઃ "બ્હેન! તમે જરા હરબડશો નહી. તમે તમારા સગા ભાઈ પાસેજ

છો એમ માનો. તમારે કશી ચિંતા નથી.” આટલાથી તેને પૂર્ણ વિશ્વાસ ન આવ્યો જાણી ફરી તે બોલ્યોઃ “તમે મને ઓળખતાં નથી. વખાનાં માર્યાં તમે હિતમાંએ અહિત દેખોછો તથા અભયમાંએ ભય માનોછો તેમાં તમારો વાંક નથી. પણ બ્હેન! બધાએ નઠારા હોય ત્યારે જગતનો વ્યવહાર શી રીતે ચાલે? માટે લ્યો, આ વસ્ત્ર બદલો, અને સજ્જ થાઓ. થોડી વારે તમને જરા વધારે શાતા વળશે ત્યારે સારી નરસી પૂછીશું; પણ હવણે તો જરા આરામ લ્યો. ખાત્રી રાખજો કે જેવું આપનું તેવુંજ આ સ્થળ છે. આ દેહમાં જીવ રેહે ત્યાં સુધી તમને ઉંની આંચ નહી આવવા દેઉ. મા'રા બાપદાદાનું વચન.”—આ પ્રમાણે તેના શંકિત મનને વિશેષ વિશેષ અભય આપી તે જરા બાહેર ગયો. તેમ આવા હિતકર, પ્રેમી અને સત્ય શબ્દો સાંભળી આ ત્રસ્ત હરિણીને કંઈ ધારણ વળી ખરી. તેણે વસ્ત્ર બદલી સુગુણસિંહની આજ્ઞા પ્રમાણે ગરમ કપડામાં નીરાંતે વિશ્રાન્તી લીધી. અને પછી જાગ્રત થઈ ત્યારે ભગવાન સૂર્યનારાયણ જેવાને પણ પશ્ચિમ દિશામાં અધોગતિને પામતો પોતાની ઓરડીની બારીમાંથી જોઈ તે ગણગણીઃ

“અહો! અસ્ત અને ઉદય! શો તેનો પ્રભાવ! આ સંસારના વિચિત્ર વિવિધ ધારાઓમાં એવો એક્કે કયોછે કે જે નિર્બાધ સર્વત્ર વ્યાપ્ત થયો હોય? દશી વીશી કો'ને નથી હોતી? સ્થળનાં જળ ને જળનાં સ્થળ! જે વૃક્ષ વસંતમાં ભર યૌવનને પામી ફાલી ફલભૂત થયાં હોયછે તેની પાનખરમાં કેવી દશા? પશુ પુત્ર ઇત્યાદિ સર્વસ્વ આત્મીય વસ્તુથી હરાયલા શુષ્ક ગૃહસ્થની પેઠે તેઓ કેવાં ખાવા ધાયછે? અરે! આ સરિતા પણ અસ્તોદયને અધીન છે! સૂર્ય—ભાસ્કર—દિનમણિ—ભગવાન્ આદિત્ય, તેનોએ અસ્તોદય! લક્ષાવધિ મનુષ્યની અથવા પ્રત્યેક પ્રાણી માત્રની પ્રાણયાત્રાનું અપૂર્વ કારણ, બ્રહ્માંડનુ કેન્દ્ર અને પ્રતાપનો અધિરાજા સહસ્રરશ્મિએ થરથર કંપતો કંપતો પશ્ચિમ દિશામાં આમ પતિત થાય છે! કોણ એની સહાય? અથવા અસ્ત થનારને સહાય કેવી? અને જ્યારે ઈશ્વરની આવી મહાન્ વિભૂતિઓને પણ અસ્ત ને ઉદય છે ત્યારે શું કરવા અજ્ઞાન મનુષ્યો મિથ્યા મમતમાં ગોથાં ખાયછે? શું કરવા “મેં કર્યું—મેં કર્યું” એમ ધારી ફુલાય છે? જે કૃત્ય પોતાના હાથમાં નથી તેમાં શો હર્ષ, શો શોક? અથવા પતિત થએલા શત્રુની અવદશા જોઈ

અજ્ઞાન માણસો શાને હરખાય છે? નથી જાણતા કે એક દિવસ તેમની પણ તદ્વત્ અવસ્થા થશે? અહો ધિક્! શી મનુષ્યમાત્રની અણસમજણ! શી હઠ! ક્ષણે ક્ષણે અને સ્થળે સ્થળે અવિચ્છિન્ન પરિણામો જોઇને પણ પોતેજ તેમાંથી બાતલ થશે એવી ધારણા વિદ્વાન્ અને અનુભવીએ રાખે ત્યારે છતે સૂર્યે સંસારમાં અંધારુંજ કેહેવું તો? પણ ત્યારે કંઈ અવર શક્તિ ઉપર આધાર રાખનાર અસ્ત ઉપર શોકે શાનો? અને ઉદયમાં હર્ષે શા ખાતે? જુવોને! કાલે હું કેવી હતી? અથવા પતિ પરદેશ જતા પેહેલાં તો કંઈ સુખમાંએ બાકી હતી? ત્યારે તો મને દુઃખનુએ ક્યાં ભાન હતું? આજે વળી આ દશા છે! વળી હજુ શું થશે તે કોણ જાણેછે? કંઈ નહી. "ઇશ્વિર કરે તે સારાને માટે." અસ્તોદય રૂપી કાળના ફરતા ચક્ર ઉપર છતાંએ અચલ સ્થિતિમાં રેહેવા મા'રે શાને આશા રાખવી? હોય. કાળની ખુબીછે. અથવા સુખના કારાગૃહમાં પૂરાયલી હું શું જાણત કે સંસારમાં આવાં પણ દુઃખછે? માટે,

"ઉગ્રકાળ વિકાળની પાંખ ઉદય ને અસ્ત;
તેમાં આવી જાય છે નિશ્ચય વસ્તુ સમસ્ત."

એ કોઈ મહાત્માના અમૃતશબ્દો સ્મૃતિમાં રાખી મા'રે તો હવે આ વિપરીતાવસ્થામાં ઇશ્વિરની ઇચ્છાને વગર બબડ્યે અધીન થવાનો નિશ્ચય રાખવો." આવા વિચાર કરેછે અને તેથીજ મનને શાન્તી વાળેછે એટલામાં ઓરડીનું દ્વાર ઉઘડ્યું અને બન્ધુનિર્વિશેષ સુગુણસિંહ અંદર દાખલ થયો.

નમિત વદન રાખી, કંઈ ભય, કંઈ શંકા, કંઈ વિશ્વાસ અને કંઈ ઉત્કંઠાથી, તેના સ્નિગ્ધ શબ્દનું પાન કરવાને, તેના અભયદાનને ગ્રહણ કરવાને, ચિકિત્સાની ભૂખને નિવારવાને, આ સુભગા તેના સામે એમની એમ જોઈજ રહી. સુગુણનાજ અવતાર જેવા સુગુણસિંહે તેના મનના વિકારોનું યથાર્થદર્શન તેના વદન ઉપર ફરતા શોણિતમાંજ કરીને તેને કહ્યું, "બ્હેન! હવે તમને જરા ધવા વળી છે?" આ શબ્દોથી કંઈ સંતોષ ન વળ્યો હોય એમ તેણીએ કહ્યું "ભાઈ! તમે કોઈ ધર્માત્મા જણાવછો. માટે મને કહીદ્યો કે હવે હું શુદ્ધિમાં આવ્યા પછી મ્હારું શું કરવાનું છે?" મંદહાસ્ય કરી સુગુણસિંહે કહ્યું "બ્હેન, તમારું રક્ષણ કરવુંછે. તમે અમારાથી જરા ડરશો માં. મણિપુરનો હુ રહીશ છું. ઇશ્વિરે સ્વધર્મ, સુકીર્ત્તિ

અને લક્ષ્મી આદિ સર્વ આપ્યાં છે. તમ સરખી બ્હેન નહોતી તે આજે મળી. આ આપણે ઉતરવાનુ સ્થળ આવ્યું; ઘર તરફ લેઈ જનાર વાહન, રક્ષક આદિ સર્વે તૈયાર છે; અને વહાણ લાંગર્યું છે. ધીરજ રાખી મા'રી સાથે ઉતરો. વચ્ચે પ્રદેશ ઘણો વિકટ આવે છે; તે પાર નીકળ્યા પછી કેહેશો તો તમને મ્હારી બા પાસે લેઈ જઈશ; કેહેશો તો તમને તમારે ઘેર પહોંચાડીશ; કેહેશો તો જે કંઈ તમારે માટે કરવાનું હશે તે કરીશ. હું નથી જાણતો કે તમે કોણછો. મ્હારે જાણવું યે નથી. સાક્ષાત્ દેવી હશો, કે રાજપુત્રી હશો–યાતો ગંધર્વ કન્યા હશો–ગમે તે હશો તો પણ મ્હારે તો તમે ભગિનીજ છો; માટે શંકા અને ભયનો ત્યાગ કરી વિશ્વાસ અને ધૈર્ય ધારણ કરો, અને ચાલો." "ચાલો" એ શબ્દે આ સ્ત્રીના હૃદયમાં અચિંત્યુ શલ્ય માર્યું. નહીં પિતાનુ કે નહી પતિનુ એવે ઘેર જવાનું તેને ઘણું વસમું લાગ્યું. "પથ ઉપર દગો થશે ત્યારે? બાપ કહીને બોલાવતાં સાપ થઈને કરડશે ત્યારે? અથવા પાછળથી મતિ બગાડશે ત્યારે" ઇત્યાદિ અનેક વિચારોએ તેના હૃદય ઉપર સામ્રાજ્ય કર્યું. અનેક પ્રકારની ભુંડી ભીતિ રૂપી કૃતિકાઓ તેના સામે ખાઉ ખાઉ કરતી ઉભી રહી. તેના વક્ષસ્થલે ભયના આગમનુ સૂચન કરવાને હોય તેમ ધબક મારવા માંડી. કોમળ શરીર, રાંક કાળજુ, વિપત્તિ સહન કરવાનો અનભ્યાસ, અને આ સંસારના સારા ભાવોમાંજ નિપુણતા એટલે બિચારી અબળાને કંઈ ગતાગમજ પડી નહી. તેમાં વળી ભયનો સ્વભાવજ એવો છે કે તે એક વેળા જામ્યો એટલે તેને નિવારણના ઉપાયોમાં પણ તેનો તે દેખાય છે. મનુષ્યના મનમાં રાજિત થઇને તેજ મનુષ્યની ચારે પાસે જાણે સ્ફટિકની આરસીઓ જડી તે સર્વમાં પોતાનું પ્રતિબિંબ પાડે છે. એજ ભયને તોડી પાડનાર જે કારણો હોય છે, તેજ તેનું પ્રતિપાદન કરે છે. જેના ઉપર ભયનો રોબ બેઠો તે પોતાની જાતનો પણ ત્રાસ માને છે; તેની બુદ્ધિ નષ્ટ થઈ જાય છે; તેની સ્મૃતિ ગ્રસ્ત થાય છે; તેનું શૌર્ય અસ્ત થાય છે; અને તેની વૃત્તિ ત્રસ્ત થાય છે–માત્ર તેની આધિ મસ્ત થાય છે. ભયની જાળમાં ફસાયલાં પ્રાણીમાત્રના જીવ કંઠગત રહે છે, ભયના વર્ષણમાં ન્હવાયલા જનોના આવર્દા કર્દમ-જળમાં ચંદનની પેઠે ધોવાઈ જાય છેઃ ભયથી આંખે અંધારાં આવે છે, કર્ણે બધીરતા આવે છે, દેહે શીત આવે છે, અને અવયવોએ જડતા આવે છે. તે પ્રમાણે સર્વ ક્રિયાઓમાં

પરાધીન થએલી આ સ્ત્રીને કિંકર્ત્તવ્યતા સુઝીજ નહી. સુગુણસિંહની પાછળ તે ખેંચાઈ; હિત્ત અહિતનો વિવેક તેને રહ્યો નહીં. આત્મકૃતિ અને આત્મસ્થિતિનુ તેને ભાન રહ્યું નહી. શું થાયછે તે કંઈ તેના ખ્યાલમાંજ ન રહ્યું. માત્ર ગાયની પેઠે તે દોરાઈ અને કેવલ અજ્ઞાત પુરૂષની સાથે એકલી રાત્રીના સમયમાં રથમાં બેઠી.

આપ્તમંડળ પણ ઉચિત વાહને બેઠું અને પ્રયાણ શરૂ થયું. જેમ જેમ ઘર પાસે આવતું જાય છે તેમ તેમ તે તરફ વેળાસર જવાની પ્રતિક્ષણ વધતી ઉત્કંઠા ગમે તેવા પ્રાણીમાં પણ ઉત્પન્ન થાય છે તો આ પ્રેમાળ સુગુણસિંહની તો શી વાત? માતાની વત્સલતા, પિતાનો સ્નેહ, ભૂપતિનો મમત, અને મિત્રમંડળના સદ્ભાવો અનેક રૂપ લેઈ આ રાત્રીના સમયમાં સુગુણસિંહની હૃદય—નાટ્યશાળામાં નાચવા લાગ્યા; તેથી અંતર્દૃષ્ટિ ધારી થોડીવાર તો તેણે પાસે બેઠલી સતીને વિસારી મૌનને ગ્રહણ કર્યું—પણ તે થોડી વારજ. કાંકે તુરત તેને યાદ આવ્યું કે પૂર્વ દુઃખનું સ્મરણ તે નવા શોકનુ કારણ છે; અને અવર વાર્ત્તાથી વિમુક્ત થએલું આ સ્ત્રીનુ મન રખેને ગત શોચ કરવા લાગે, તેથી આ પ્રદેશની રમ્યતા, તેમાં બ્હારવટીયા ચોરના સંચાર, ઇત્યાદિ નિર્બાધ વિષયો ઉપર વિવેચન કરી તેણે આ સતીની ચક્ષુઓમાં નિદ્રાનુ આવાહન કર્યું; અને તત્ક્ષણ બન્ને જણ એકજ રથમાં શંકા, ભય, કે કુબુદ્ધિને વિસ્મૃતિમાં દાટી દેઈ સુઈ ગયાં.

વયની સમાનતા, યૌવનનો પ્રભાવ, એકનો કુમારભાવ, અન્યની વિરહાવસ્થા, અંધારુ, એકાન્ત, અને સ્વરૂપ આદિ કામોત્તેજક રસાયન સાથે લાગાં મળેલાં છતાં પણ અહો! કેવી નિર્દોષતા, કેવી પવિત્રતા, અને કેવી પ્રીતિથી અત્યારે એક રથમાં આ બન્નેએ ભર નિદ્રા લીધી! સર્વથા, ઘૃતને જળતો ઠારવેજ છે.

રક્ષા કરવાને માટે પણ આગળ પાછળ જોઈએ તેટલો મામલો હતો એટલે ચોરનો ભય રહ્યો નહી તેથી, અને પ્રજાગર તથા ચિંતા અને ઉત્કંઠાના અંત સમીપ જોઈ સુગુણસિંહે ભગિનીનિર્વિશેષ આ લલના સાથે ઉંઘમાંજ નિશાના પ્રહરોને જવા દીધા. ધીરે ધીરે રાત્રી નિતરવા લાગી. અંધકારનાં વર્ષણ બંધ થવાં લાગ્યાં. દોડી જતી રાત્રીના પલાયનનો રવ મંદ પડવા લાગ્યો. તોએ ન ઉઠે આ વીર પુરૂષ કે ન જાગે આ નવયૌવના. છેવટ કોઈ સ્વપ્નથી પીડિત થઈ હોય એમ સફાળી ચમકીને આ સ્ત્રી ચારેપાસ ચકિત થઈ જુવે છે તો તેના ખંડિત હૃદયને ખાત્રી થઈ કે દગો

થયો; તેને નિશ્ચય થયો કે દગો કરનાર કોઈ દુષ્ટ નિશાચરો હશે. કારણ રથમાં દોરના બંધથી બાંધેલો સુગુણસિંહ, પાંજરે પડેલા સિંહ, અરે! જાળે પડેલા મગર જેવો દેખાયો, તો બારણે એક પણ સેવક કે રક્ષક તેની દૃષ્ટિએ ન પડ્યો. ડરીયે ખરી અને શોક તથા શંકાગ્રસ્ત પણ થઈ. તથાપિ જો કે માનીતા અને સ્વધર્મના ઇષ્ટાર્થોને હાની પહોંચવા સમયે સ્ત્રીઓ ગભરાય છે અને પ્રસંગે ન કરવાનુ કરે છે, કે પ્રાણત્યાગ કરે છે, તોપણ માત્ર આપત્કાળમાં તો તેમનું ધૈર્ય તે તેમનુંજ છે. વિષમ અવસ્થામાં સ્ત્રીએ ક્યારે ધૈર્ય તજ્યું છે? આ પ્રસંગે આ શોભનાને શિયળભંગનો ભય નહોતો તેમ અન્યભયનો તેને ભય નહોતો એટલે અનિષ્ટાપત્તિની નિઃસ્પૃહા રાખી સુગુણસિંહનુ રક્ષણ કરવાનો તેણે નિશ્ચય કર્યો.

મોગરાની કળીઓ જેવા કોમળ, ધવલ અને મનોહર દંતને વજ્રની કઠોરતા આપી સુગુણ ન જાગે એમ તેણે એક બંધ તોડ્યો, પછી બીજો, પછી ત્રીજો, એમ ધીમેધીમે સર્વ બંધ તોડી તેને મુક્ત કર્યો—જાણે નાગપાશને સાક્ષાત્ બ્રહ્મવિદ્યાએજ તોડી. અલ્પ ધૂનથી સુગુણ જાગ્રત થયો અને પોતાની અવસ્થાનુ યાથાર્થ્ય સમજ્યો, પણ હિમ્મત હાર્યો નહી. એકજ અસિપ્રહારથી આ કર્મ કરનાર રાક્ષસનો શિરચ્છેદ કરવા પ્રતિજ્ઞા કરતાં તેને સતીએ અટકાવ્યો. ધીરે રહી તપાસ કરતાં જણાયું કે રથવાહક પણ કોઈ બીજોજ છે; તેમ રથ સાથે એક મહાન વૈતાલ જેવો પુરૂષ શસ્ત્રબંધ છે. બન્ને સાથે એકલા અશસ્ત્ર સુગુણે યુદ્ધ કરવામાં ઉદ્ધત સાહસ જણાયું; નિરૂપાય બની ગાડર માફક જ્યાં દોરે ત્યાં દોરાઈ જવામાં ક્લૈબ્ય સમજાયું; કુળા કરી બન્ને ચોરને જુદા પાડવામાં મુક્તિનુ સાધન મનાયું. તેથી સુગુણ તો ના કહેતોજ રહ્યો પણ આ સતી રથમાંથી જે તરફ પેલો નિશાચર ચાલતો હતો તે તરફ એક પોટલી બગલમાં મારી કૂદી પડી અને દોડી. સુગુણ બાંધેલો છે અને આ સ્ત્રી કંઈ જવાહીર કે રાજ્યલેખ લેઈ નાસી જાય છે એવી કલ્પનાથી રથમાં રહેલાની સંભાળ લેવાનું કામ મુલતવી રાખી પેલો નિશાચર એ સતીની કલ્પના અને ઇચ્છા પ્રમાણે તેની પાછળ ધાયો—દોડ્યો. આ તરફ રથ ઉભો રાખી રથવાહક અંદર જોવાનું કરે છે તો સુગુણ તેના સામો આવી તેને ઘસડી પાડી પોતાને બાંધેલા દોરથીજ તેને રથના ચક્ર સાથે જકડીને બાંધી દેવા લાગ્યો. કોણ સાંભળે તેની ચીસો, અને કોણ આવે તેની સહાયે? આમ એકને બાંધીને બીજા રાક્ષસને પકડવા તથા પોતાને માટે જીવ જોખમમાં નાખનાર સતીને બચાવવા જે તરફ સતીની પાછળ તે રાક્ષસ દોડ્યો હતો તે તરફ સુગુણે ગમન કરવા માંડ્યું.

પ્રકરણ ૯ મું.

વનમાં વીતક.

"પ્રત્યુત્પન્નમતિસ્ત્રૈણમ્" એ ન્યાયે નિમિષ માત્રમાં પોતાના રક્ષકનું રક્ષણ કરવાને આ સતીએ જે ઉપાય યોજ્યો તે સફળ થયો. ઉચ્ચી, નીચી, કંટકિત અને કઠિણ પૃથ્વીએ આ પાણીના રેલા જેવી ચપળ ચપળાનો વેગ ઘણોએ અટકાવ્યો, પણ તેના પાદાલક્તની લાંચ લઈનેજ જાણે "નાસનારની સાથે ચાસનારને પણ તે આડી આવી." પલાયન સમયે મદનમિત્રના રાજ્યમાં અબળાનોજ વિજય બતાવનાર આ લલનાના ઉત્તરીયનો છેડો વિજયપતાકાની ગરજ સારતો હતો; યમુનામાં પ્રવેશ કરી કાળીનાગને નાથનાર શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિનો આવિર્ભાવ સૂચવનાર તેના કૃષ્ણ કેશ ચામર બની રહ્યા હતા; ચક્રધરની પ્રથમ પ્રમદા લક્ષ્મીજીનું ભાન કરાવનાર તેનાં વલય વિજયપટહસમ નાદ કરી રહ્યાં હતાં; અને વિદ્યુલ્લતાનુ સ્મરણ કરાવનાર તેના દેહનો રોમાન્ચ તીવ્રશરનો સમુદાય થઈ રહ્યો હતો. તદપિ આ સર્વ વિજયચિહ્ન કાલ્પનિક હોઈ અલ્પાયુઃ બન્યાં. હરિણીએ વ્યાઘ્રને હંફાવ્યો—થકવ્યો; પણ અંતે કામબુદ્ધિએ જેમ સરસ્વતી પાછળ બ્રહ્મા તેમ આ કોઈ બ્રહ્મરાક્ષસ કેવળ લોભબુદ્ધિથીજ આ નવયૌવના પાછળ ધાયો—અને વિજય પામ્યો. આગળ દોડતી ઉચ્છૃંખલ અને નિરંકુશ સફલા જવાનીનેજ જાણે કાળે પકડી લીધી. દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં અવમાનતાની દક્ષણા પામી ક્રુધિત થઈને કૈલાસ તરફ જતા શંકરને સ્કંધે પાર્વતી જેવી તે આ કોઈ ઉર્જસ્વી પણ ચલિત પુરૂષને સ્કંધે શોભવા લાગી. તેના મુખ ઉપર ફરકતું મંદ હાસ્ય તેના હૃદયનો આનંદ સૂચવતું હતું. પતિથી વિખૂટી થએલી, કોઈ અનાર્ય પુરૂષથી વિમાન પામેલી, આત્મઘાતનો ઉપાય કરી ચુકેલી, અપરિચિત જનમંડલના હાથમાં પડેલી અને મધ્ય રાત્રીએ વિકટ વેરાનમાં લુટાયલી, આ સુભગા આવા ઉત્કટ વનેચરની નિકટ રહીને પણ અંતરના ઉમળકા અને આનંદ અનુભવતી હતી તેનું કારણ, વાંચનાર! હાલ તો તેની

પરોપકારબુદ્ધિમાં તનેયે જડશે અને એને યે સમજાયું હશે. સર્વથા, દુઃખમાંયે સુકૃત્ય સુખજ આપેછે.

સુખ અને દુઃખ માનીલેનાર દેહ નથી પણ અંતઃકરણછે. અને તેને ગમે તેટલું કુસંગ રૂપી સમુદ્રમાં ઝબકોળો, ગમે તેટલું અવિચારના પર્વત તળે દબાવો, ગમે તેટલા બાહ્ય વૈભવની પાંખો ઉપર ઉડાવો, નિત્યની ટેવ રૂપી વજ્ર સાથે ઘસી ઘસી ગમે તેટલું બુઠ્ઠુ કરી નાખો, તોપણ રાજાઓના દબદબાઓમાં, પ્રધાનોના મંત્રવિજયોમાં, યોગીના યોગમાં, ભોગીના ભોગમાં અને મનુષ્યમાત્રના નિત્યવ્યવહારમાં વગર બોલાવ્યે–વગર પુછ્યે–તે પોતાનો શબ્દ, ભય, સ્નેહ કે પ્રમાદ રાખ્યા વિના કહેશે–કહેશે ને કહેશે. કુટિલ કર્મના કરનારનુ કાળજુ કોલી ખાનાર તે કીડો છે, શાન્તિમાં ઝેર ભેળવનાર તે કૃષ્ણ સર્પ છે, સુખને ગળી જનાર તે અજગર છે. સુખ અંતઃકરણના હાથમાં છે; અંતઃકરણ સુકૃતિના હાથમાં છે. સુકૃતિને માટે દુઃખ વેઠવું પડે તે પણ સુખમયજ થઈ જાયછે. સુકૃતિથી વેરી વા'લા થાયછે, વા'લા આધીન થાયછે. લક્ષ્મી અને કીર્ત્તિ સુકૃતિનાં દાસત્વ કરેછે. સંસારસમુદ્રમાં સુકૃતિથી ભરીને જે પુરૂષ આ દેહપારાવાર ખેડેછે તેને બદલામાં ચિંતામણિજ મળેછે. એટલે યાવજ્જન્મ સુકૃત્યમાં રેહેનારી આ શોભના અત્યારે ગમે તેવા આપત્કાળમાં હોય, મૃત્યુદૂતના શિર ઉપર બેઠી હોય, અવસાનનગરીમાં ખેંચાતી હોય તો પણ તે સર્વ એક પુરૂષરત્નને બચાવી લેવા માટે. તેથી તેને તો સર્વ વિપત્તિઓ સંપત્તિઓ જેવી થઈ રહી હતી. મરવું એ વાત નિઃસંશય હતી; જીવતાં પણ વિવિધ આપત્તિઓના સંભવ આંખ આગળ નાચતા હતા; ઇષ્ટજનનો પુનઃસમાગમ થવાની આશા મૂર્છિત થઈ હતી અને આવે પ્રસંગે કંઈ સુકાર્ય કર્યાના ભાનથી હૃદયકમલ પ્રફુલ્લ થતું હતું એટલે અત્યારે આ સતીને અંતકાલ પણ લગ્નકાલ જેવો લાગે તો તેમાં શું વિશેષ આશ્ચર્ય છે ?

પરંતુ હજી તેને અને અવસાનને ઘણું છેટુ હતું. ઈશ્વરે કંઈ અન્યથાજ નીર્માણ કરેલું. ગાંસડીના છદ્મથી એક આજ કાલની છોકરીએ છેતર્યો એવું ભાન થવાથી મહા ક્રોધાવેશમાં આવી જઈ, તેના શતધા કટકા કરી નાખવાને બોકણ પેઠ તેને માથા ઉપર ફેરવી જેવો તે એક ખડ્ગ સામે ફગોટવા જાય છે તેવીજ, અસાધુના કરમાંથી મુક્તિની પેઠે અથવા રૂદ્રના ગ્રાહમાંથી બોખાની પેઠે, તે વચકળી ગઈ અને ખડ્ગને ઓથે પડી. જડ તથાપિ ખડ્ગે આ સ્ત્રીની રક્ષા કરી. કાંકે, મેલથી જુદાં

પાડવા ધોબી જેમ વસ્ત્રને ઝીંકે છે, ઠુંડાથી જુદા પાડવા ખેડુત જેમ દાણાને ઝુડે છે, તેમજ દેહ અને જીવને જુદા પાડવા આ ક્રોધથી અંધ બનેલો પુરુષ તેના ઉપર પોતાથી પણ બે હાથ ઉંચી લોઢાના આંકડાવાળી જેષ્ટિકાથી પ્રહાર કરવા લાગ્યો, તોપણ પોતાનુ વક્ષઃસ્થલ સામે ધરી સર્વ પ્રહાર આ ખડ્ગે પોતાના ઉપર ઝીલી લીધા અને શરણાગતનું રક્ષણ કર્યું.

છેવટ વનનો અગ્નિ વનમાં સમાયો—ક્રોધીનો ક્રોધ હાથમાં આવ્યો—હાથમાંથી જેષ્ટિકામાં આવ્યો—ત્યાંથી જડ પર્વતની છાતીમાં સમાઈ ગયો. ક્રોધ ગયો પણ અનુતાપ મુકતો ગયો; સ્વાભાવિક ઉદ્ધવતા કુતૂહલે એ અનુતાપને ધીકાવ્યો, સતેજ કર્યો. મરણ વશ થયેલી છતાં ચપલા જેવી દ્યુતિમતી સ્ત્રીનાં જીજ્ઞાસાથી જેમ જેમ અંગો જોવા લાગ્યો તેમ તેમ આ કુટિલ અને શઠ પુરુષનુ હૃદય ભેદાવા લાગ્યું–તેમ તેમ તેનો ખેદ વધતો ગયો. તેના મનમાં કંઈ કંઈ વિકારોની છાયાઓ પડવા લાગી. તેના જેવો ધંધો કરનારા આવા વિકારોને જરાવાર પણ ટકવા દેતા નથી; અને એવા વિકારોને ઉત્પન્ન કરનાર વસ્તુ, સ્થાન અને સમયથી દૂર રહે છે. તો પણ આ પ્રસંગે આ જડમતિથી ન જવાયું, ને ન ઠરાયું. કોણ જાણે શાએ કારણથી તે આ સ્ત્રીના સામે જોઈજ રહ્યો. ક્રોધે વિમાસણ કરી, વિમાસણે હૃદયની દુર્બલતા કરી. મહા બલવાન પુરૂષ એક સ્ત્રીના શબથી દીન થઈ ગયો–પરાધીન થઈ ગયો–કોઈ અદૃષ્ટ શક્તિને વશ થઈ ગયો. ઉઠે–બેસે–તેના સામે જુવે–અને હીંડે–પાછો ફરે–પાછો બેસે, નિઃશ્વાસ મુકે–તેના સામે ફરી જુવે; હવે નહી જોવા ઠરાવ કરે–પાછો જુવે, પસ્તાય અને આગળ ચાલે–વળી પાછાં પગલાં ભરતાં "અરે! હુ તે આમ ખેંચાઉં? નહી." એમ બોલીને પણ, "હશે એકવાર જોઈ લેઉં" એમ બડબડતો પાછો તે સ્થળે આવે–અને બેસે, ઉઠવાનુ કરે ને ઉઠાય નહી; છેવટ પોતાને માથે આવતો ઠપકો ખસેડવાનેજ હોય તેમ આવા વિલક્ષણ વિકારનુ કારણ ન જણાતાં તે પોતાની આવી અધમ વૃત્તિના કારણનેજ નિંદવા લાગ્યો. "અરે રે!" તે ગણગણ્યો, "દુરભિમાન સ્મશાનઘટવત્ વર્જ્યજ છે. દુરભિમાનનો સંગ જગતના વૈરનુ કારણ બને છે, તેનો ભંગ જગત ઉપર વૈરનુ કારણ બને છે. દુરભિમાનીનો ત્યાગ અને તિરસ્કાર થાય છે. તેના દ્વેષથીજ હોય તેમ દુરભિમાની વૃશ્ચિકવત્ વ્યક્તિ માત્રને પીડા કરવામાં પરાક્રમ માનેછે. તેમ ન હોય તો હુ શો! આ અબલા શી! શી મા'રી પ્રતિજ્ઞા! રાજાનો જુલમ

મટાડવા—રાજાનો કોપ વ્યર્થ કરવા, કુલની પ્રતિષ્ઠાનુ રક્ષણ કરવા, આ નીચવૃત્તિ સ્વીકારવી પડી તેમાંયે એક હલકામાં હલકો વિવેક ન સચવાયો? વીરનાજ સામે બળ દેખાડનાર હુ—આજ આ સ્ત્રીનો હત્યારો થયો? સ્ત્રી ઉપર પણ હાથ ઉપાડતાં લજ્જા ન આવી? ધર્મ ન સાંભર્યો! હાય! એક અનર્થ કરતાં સાથે બીજા કેટલા થઈ જાય છે! માનરૂપી સર્પને સંઘરતાં મેં તન મન અને અંતે જીવિતને વિષમય કરી દીધું. એ વિષમ વિષની ચડેલી લે'રમાં ને લે'રમાં મેં હાંસ અને આશાનાં ભર્યાં કેટલાં કેટલાં મનુષ્યોના વધ કર્યાં? કેટલાને બંધીવાન કર્યાં? કેટલાનાં દુઃખ ઉપર હાસ્ય કર્યાં? રે કઠિણ હૃદય! પોતાનીજ દીકરીને માટે આવાં સંકષ્ટ સહન કરી, આવાં કુકર્મ કરી, છેવટ પારકી દીકરીનો ઘાત કરવામાં તેં કુશલતા રાખી! અરે રે! માન શું ન કરાવે? માન દગો દેવરાવે, માન વિશ્વાસ ભગાવે અને માન ખૂન કરાવે. માનને માટે કે માનભંગથી પુત્રે પિતાનો, માતાએ પુત્રનો, સ્ત્રીએ પતિનો અને સસરાએ જમાઇનો ઘાત કર્યો છે. માન નથી જોતું સગાઈ કે સ્નેહ! નિઃસંશય, માન તર્જનીયજ છે. પણ હવે હુ શું કરું? અરે રે! મ્હારેયે આવી"— પણ આટલેથી કંઈ ગ્રંથી આવી હોય તેમ વિચારમાલા તુટી ગઈ.

ધ્રુજતે હાથે અચિંત્યા મૂઢ બની ગએલા આ શઠ પુરુષે તેના શરીર ઉપર હાથ ફેરવ્યો અને નિશ્ચય કર્યો કે તે ગુજરી ગઈ. હવે આ શબ પાસે રહેવું નિરર્થક જણાયું. તદપિ ચુંબકે લોહને ખેંચ્યું. તેથી અનાથ અબળાની અકારણ હત્યાના પાપનુ પ્રાયશ્ચિત્ત કરવાના નિમિત્તે, પુનઃ તે સ્ત્રી સન્મુખ જઈ તેણે બાષ્પાંજલિ આપી. અગ્નિદાહ કરતાં પૃથ્વીદાહ આ સમયને વધારે અનુકૂળ જણાયો. તેથી પુષ્પવત્ તેને પોતાના બે કરમાં તેણે લીધી. અને જે સ્ત્રીને શેપટાની પેઠે માથા ઉપર ફેરવતાં જરાએ ઓશીંગણ થએલી નહી, જેને સ્કંધે નાંખતાં જરાએ ચિંતા રાખેલી નહી, જેને કઠિણ ધરતીમાં ફગોટી દેતાં પા આની પણ દયા આવેલી નહી, અને જેને વાગવાને અને મારવાને માટે મહા પ્રચંડ પ્રહારો કરેલા તેજ નાજુક—કોમળ—સુશિલ અબળાને મૃત જાણી તેને "શાંશાંવાનાં" કરતો, રખેને પોતાના કઠોર હાથ તેના સુકુમાર અંગોને કનડશે એમ જાણીને તેને પોલી અદ્ધર ઉચકતો, આ અપૂર્વભાવ અનુભવનાર શઠ કોઈ બીજીજ દિશામાં ચાલ્યો. નજર ન પડે એવી એક ખોમાં પીપળાના પાનનું ઉસીકુ કરી આ સ્ત્રીને તેણે તેમાં સુવાડી અને કેટલીએક વાર એક ટશે ને

ટશે જોયાં કર્યું. કલ્પાન્તે જળાશયમાં પીપળાના પાન ઉપર સુતેલા બાલમુકુન્દની ભગિની જેવી દેખાતી આ કોમલાંગીની ક્ષમા માગતો હોય, તેને પ્રણિપતિ કરતો હોય, તેના સદ્‌ગુણની યાચના કરતો હોય, તેનામાંથી ઉભરાઈ જતા પુનિત અને અખૂટ સ્નેહને પોતાના કઠોર હૃદયમાં ભરતો હોય તેમ, આ ભૂપતિ અને વસતી સાથે બાકરી બાંધનારે, માન મુંકી, ટેક મુંકી, છક મુંકી, જક મુકી, તેને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. છેવટે નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ મુકી "મરીજ ગઈ; હેં!" એટલું બોલી તેના ઉપર એક બે ખોબા ભરી ધુળ નાખી.

આ વેળા આ સ્ત્રી કેવી દશા ભોગવતી હશે? જીવતાં છતાં તેને દટાવાનો સમય કેવો વિષમ લાગતો હશે? જો આળસ મરડી ઉઠે છે તો આ દૈત્ય કોણ જાણે શુંએ કરે છે; નથી ઉઠતી તો ગુંગળાઈનેજ મરવાનું થાય છે. આ અવસ્થામાં તેને તાત્કાલિક મૃત્યુ પણ વા'લુ લાગ્યું. નિઃસંશય ક્રૂર જનની દયા પણ દુઃખદ છે. તદપિ આ સ્ત્રીએ અંતકાળ સુધી વાટ જોવાનો ઠરાવ કર્યો, અને પુરુષના સ્પર્શથી આવેલાં શરીર ઉપર શીત અને જડતા, એ બન્ને ઇશ્વરપ્રેરિત સમજી તેણે

"તેલક'ડામાં નાંખ્યો હતો ત્યાંથી ઉગાર્યો પ્રલ્હાદ.
પ્રભુ તા'રા બા'નાની પત રાખ."

એ વાક્ય પોતાના મનમાંજ ગાયું. આ વાક્ય મૂઢ થઈ ગયેલા બ્હારવટીયાએ તો ન સાંભળ્યું પણ ઈશ્વરે સાંભળ્યું. અંતઃસાદનો પ્રતિધ્વનિ દ્વિગુણિત થયો હોય એમ એક શૃગાલના જેવી કારમી ચીસથી સર્વ દિશા ભરાઈ ગઈ. લિંબડાથી સર્પ, જળથી ભૂત, અને અડદથી પિશાચ તેમ આ પ્રચંડ રવની છાંટથી રાક્ષસ ધ્રુણી ઉઠ્યો, અને મંત્રથી બાણની પેઠે સર્વ કૃત્ય પ'રૂં કરી, હાથ અફાળતો દોડી કોણ જાણે ક્યાંએ ગુમ થઈ ગયો. જતાં જતાંયે તેણે એકવાર–બેવાર આ લલના સામે દૃષ્ટિ ફેંકી; અને દૃષ્ટિ ફેંકતાં "ધિક્ હજો તે દિનને કે જ્યારે આ કુટિલ વૃત્તિ સ્વીકારી!" એવા કંઈક શબ્દો તે સ્ત્રીના કર્ણમાં નાખ્યા. મહા બલવાન પુરૂષના પૂર્ણ જોરથી ચપસીને પકડાયલી, મહા વેગથી પછડાયલી, અને મૃત્યુના પંઝામાં સપડાયલી આ ડાહ્યલી સ્ત્રીએ અત્યારે પણ ધૈર્યનો ત્યાગ કર્યો નહતો. હળવે રહીને તેણે આંખો ઉઘાડી જોયું તો કોઈ જણાયું નહી તેથી મૃત દેહને રેહેવાની આ ઘોર ઘોરમાંથી તે ઉઠી અને નબળા પડી ગએલા હાથ વતે વસ્ત્ર ખંખેરવા લાગી–જાણે અંદર પેશી જતી વિપત્તિઓનેજ ખંખેરી કા'ડવા. પરંતુ

તેને શાતા વળી નહી. તેનાં અંગે અંગ કળવા લાગ્યાં, તેનાં રોમે રોમમાં શ્રમ વેહેવા લાગ્યો. તેથી પ્રતિસ્પર્ધિ સૂર્યના પ્રથમ અનુભવેલા તથા હવે પછી અનુભવવાના પ્રતાપશલ્યોથી વ્રણિત થતા, આકાશરૂપી રણક્ષેત્રમાં નિશાનાથના સૈનિકરૂપ તારાની પેઠે, આ તારાએ નિસ્તેજતા તથા જડતા ભજવા માંડી. તેની ગતિ મંદ થઈ અને વિપરીત દૈવના ઝપાટામાં તે અસ્ત થઈ–ખરી પડી. વિજનસ્થાનમાં પુનઃ કોઈ પર-પુરુષ ન મળે તેટલા માટે તે કષ્ટ વેઠીને પણ દૂર ગઈ. પણ “छिद्रेष्वनर्थाः बहुलीभवंती;” એટલે જીવતાં દટાવાના દુઃખથી ઉગરી ત્યારે પથ ઉપરના પથરા, કાંટા, ઝાંખરાં ઇત્યાદિની વેદનાની સાથે તેને આથી પણ અધિક દુઃખ સામેજ જવાનુ થયું. કારણ થોડી વારમાં એક નખશિખ બક્તર–યુક્ત અશ્વાર તેના સામે આવતો જણાયો. અનેક પ્રકારની વ્યથામાંથી બચી, તો હવે તો પ્રીયતમ ફરી મળશે એવા મનના તરંગથી આ સ્ત્રીનું રક્ત ધમધમાટ રગે રગ વ્યાપવા માંડ્યું હતું. સંકટમાં પણ તેને નાથનુ નામસ્મરણ શાન્તિનુ સાધન હતું. અને તેથીજ પુષ્પ ઉપર અગ્નિનુ જોર ચાલ્યું નહી અને તેથીજ આવા આપત્કાળ છતાં આ સ્ત્રીએ અદ્યાપિ જીવિત ધારણ કર્યું. પણ હવે તેના ગાળા નરમ થઈ ગયા. અશ્વારની આકૃતિ પણ પૂરી જોયા વિના તેને પેટમાં ફાળ પડી–તેને અનિષ્ટ શંકાઓ ઉત્પન્ન થઈ, અને તે રડી પડી.

આ અશ્વાર તો રાહુથી ગ્રસ્ત થએલા ચંદ્રની લેખા જેવી આ શોક-ગ્રસ્ત અબળાને જોઈ કામને અધીન થઈ ગયો. કાદવમાં પડેલું કુંદન સ્વચ્છ થતાં કુંદનજ નીવડશે એવી તેણે ખાત્રી કરી લીધી, અને પછી વગર પુછે એકદમ તેની પાસે જઈ, તેને પકડી લેઈ, પોતાના અશ્વ ઉપર તેને નાખી તે ચાલતોજ થયો. શું કરવા સાંભળે કંઈ વાત? બાપ્ડી ઘણીયે દીન વાણી કહી, ઘણીયે લવરી કરી, ઘણાંયે બાથોડીયાં માર્યાં, પણ ચલ્લીઓની વિજ્ઞાપના કે તેમનાં ફાંફાં બાજે ક્યારે સ્વીકાર્યાં છે? ઘણોયે ડુ’મો ભરાયો–ઘણુંયે અકળાઈ પણ હૃદય ફાટ્યું નહી, અને સ્વજન મળ્યું નહી–તેથી મહા શોકે તેનુ કાળજુ કોરી ખાધું. બાપડી મૃત થએલી બકરીની પેઠે આ અશ્વારના મહા વેગી અશ્વને લટકાઈ રહી. હે ઈશ્વર! આવી રૂડી સ્ત્રીની આવી અવસ્થા તા’રે તે શીદ કરવી જોઇએ? સદ્ગુણીને દુઃખ દેવાય? તે પણ આમ ઉપરા ઉપરી! અરેરે! “અબળાનું ગજુ હોય કેટલું?” છતાં પણ તેને માથે સંકટનાં વૃક્ષ! અને તે ઉપર પણ ત્રિવિધિ તાપનાં ફળ! અરે! શો અવસ્થાન્તર! જે સ્ત્રી

પુષ્પની શય્યા ઉપર પોઢતાં પણ ખુંચવાનો છનછનાટ કરતી, જે સ્ત્રીના આસનને માટે સીમળાના વૃક્ષના તૂલનુ પણ સત્વ કં'ડાતું, જેના પાદસ્પર્શને માટે રૂ અને ઉન તથા શણના ગાલીચા પથરાતા અને જેના ઘરનાં પોપટ, મેના અને શકુંત "ખમા ખમા" શીખી ગયાં હતાં, તે સ્ત્રી કુસુમથી કોમળ અને નવનીતથી લીસી બની, પતિના સ્નેહાર્ણવમાં દેહયાત્રા કરતી કરતી, આમ છુટે કેશે, માટીથી અને રક્તથી ભરેલા દેહે, ફાટી ગએલે વસ્ત્રે અને ફટારેલે ડોળે, બ્હેબાકળી, ઉપાયરહિત, સુખરહિત, આશારહિત, દુષ્ટ ચાંચીઆના ગ્રાહમાં જાય એ માયાના કેવા પરિપાક! સર્વથા, માયાના ખેલ અજબજ છે.

પ્રકરણ ૧૦ મું.

ઉદાસી ગોસાઇ.

એક દિવસ બરોબર રાત્રીના અગીયાર વાગ્યે સુજનના નયનકમલમાં નિદ્રા દેવીનું આવાહન કરતો હોય, મદનનો જય પ્રસિદ્ધ કરતો હોય, અભિસારિકાઓને બતાવી દેવા રવ કરતો હોય, વા રજનીનુ રાજ્ય સર્વતઃ નિષ્કંટક પ્રવર્ત્તાવવા દાંડી પીટતો હોય એમ, શંભુના નૃત્ય સમયે વાગતા ભવ્ય પટહના નાદ જેવો ઘેરો અને ગંભીર ધ્વનિ, સમુદ્રની છોળોની પેઠે કનકપુરીના મધ્ય ભાગની ગચ્છીમાંથી નીકળી પવનમાં મંદ મંદ અનિવાર્ય પણ નિયમિત બની, રાત્રીના તમસ સાથે સર્વ સ્થળે પ્રસાર થઈ રહ્યો હતો. સ્થળે સ્થળે હાથમાં સંગીન ધારનાર રક્ષકોના બક્તરના ખડખડાટ અને "આલબેલ" ના ઉચ્ચાર સાથે માત્ર બંધ પડતાં ગીતના પ્લુત સ્વરજ મળતા હતા. બજારોના દીપક હવણેજ રાજા થઈ ગયા હતા. આ સમયનો મરૂત્ મદનનો દર્પ વધારતો હતો, મદનો વેગ જમાવતો હતો પણ મદિરાનો ગંધ તો હરી લેતો હતો. નિઃસંશય, નરમ ઉપર ગરમ સર્વેયે થાય છે.

આજે નૃપમહાલયનો દેખાવ ઘણો બીભત્સ બની રહ્યો હતો. ચંદ્રકાન્ત અને સૂર્યકાન્તની કાન્તિને કલાન્ત કરનાર આ રાજભવન આજે કાજળના ગિરિ, કોયલાના ઓઘ, કે દુષ્કૃતિના ભંડાર જેવું

દીસતું હતું. વિશેષ કાલિમાથીજ તે રાત્રીના ઘનતિમિરથી જુદુ પડતું હતું. મધ્યે કીર્ત્તિસ્થંભ ઉપર શુભ સૂચવનાર વિજયધ્વજ પણ વાળી લેવામાં આવ્યો હતો. આ મહાલયના દ્વાર આગળ પોતાની સ્થિતિમાં નૃપાવસ્થાનું દર્શન કરાવતો હોય એમ પ્રતિક્ષણ ફરકતો, એક મહાન્ મોગરાથી સવિશેષ ઝાંખો બળતો દીપક, સ્મશાનઅંગારની પેઠે ભયાનકતામાં ભયંકરતા મેળવતો હતો. ઉંચે બારીઓમાંથી પણ કંઈ બારણે પ્રકાશ પડતો નહોતો. અંદર કંઈ મનુષ્યનો સંચાર જણાતો હતો. તેથી વિદેશીને તો આ મહાલય અત્યારે ભૂત, પિશાચ, અને વેતાલથી વસેલુ સ્મશાનગૃહ જેવું જણાય એ સ્વાભાવિક હતું. આ સ્થળે અત્યારે તો પાસેની નદીને કિનારે રહેલી તોરીઓનુંજ ગાયન થતું હતું, અન્યોન્યને મળેલાં વૃક્ષનુંજ નૃત્ય થતું હતું; હાસ્યવાદ જળફેનમાંજ હતા. સતત પ્રકાશ કરનાર દ્વાર આગળ મંગળસૂચક હીરા અને માણેકનાં તોરણના તો જાણે દેવતાજ ઉઠી ગયા હતા. એ દરવાનોએ મનોવૃત્તિમાં ઉદાસીનતા અને અંગવસ્ત્રમાં કૃષ્ણતા સજેલી હતી. તેથી આ ન્યાયનું આગાર, ધર્માસનનું સ્થાન અને આનંદનુ નિકેતન જાણે ઈશ્વરના ભંડારમાં અંધકારનુ નિધિસ્થાન હોય, ધોવાયલાં પાપનો ઓઘ હોય, યમુના નદીનુ જન્મસ્થાન હોય, કાકપક્ષિઓની ઉત્પત્તિ તથા લયનું સ્થળ હોય, કાજળની ગારથી લીપેલુ યમગૃહ હોય, નીલવર્ણ આકાશમાંથી રુશનાઈની ધારાઓમાં ભિંજાતુ નાવ હોય, ધરતીકુંપથી ઉપર ઉપસી આવેલો કોલસાનો ખડક હોય, જનમેજયથી ડરીને છુપાતા કૃષ્ણ સર્પોની રે'ણાક હોય, નલ અને ધર્મથી ભય પામીને નાસતા ફરતા કલિનો અખાડો હોય, અથવા ઘોર કૃતિ કરનાર માયાવી કાલયવનનુ વક્ષઃસ્થળ હોય એમ, મનને ભય, શરીરને કંપ, ઈંદ્રિયોને જડતા, વિચારને વિક્ષેપ અને ચિત્તને ભ્રમ આપતું હતું. આવે સ્થળે સિંદૂરચર્ચિત ગૌર કલેવરવાળા એક ઉમ્મરે પહોંચતા બાળકની આંગળી ઝાલી કેવળ ધૂસર મુખવાળો ગોસાઈ મૂષિકવત્ ધીમે પગલે આવી, સમયની વાટ જોઈ ઉન્મુખ ઉભેલા યમદૂતની પેઠે અત્યુત્સુક બની, સ્થિર ઠરી રહ્યો હતો. ન મુકે તે નિઃશ્વાસ કે ન લે ઉચ્છ્વાસ. પાસે ઉભેલો બાળક પણ પાષાણમૂર્તિવત્ સ્તબ્ધ બની રહ્યો હતો. કેટલીએક વાર આમ બન્ને જણ ઉભા રહ્યા. પણ જેમ જેમ કાળ વીતતો ગયો તેમ તેમ અધૈર્ય વધતું ગયું. છેવટે અપવિત્ર સ્થાનના સ્પર્શથી દૂષિત થવાના ભયથી, સ્થાન ભૂલવાના સંશયથી, અથવા

કોઈ પણ કારણથી જેવો પાછો પગ ધરવાનું કરે છે તેવાજ આ ગોસાઈએ પેલા દરવાનોના કંઈ આલાપ સાંભળ્યા. સિંહ જેમ શિકાર માટે, તેમ આ પુરુષ નીકળતા શબ્દોને ગ્રહણ કરવા, અંગુઠા ઉપરજ અદ્ધર તાકી રહ્યો. જાણે પોતાના કાન વાર્ત્તા કરનારના મુખ સાથે તેણે જોડી દીધા. વાતો કરનારા પણ એવા ચૂપકીથી બોલવા લાગ્યા કે જાણે તેમનાં હૃદય વાતો કરતાં હોય; તથાપિ તે વાતમાંથી એક અક્ષર પણ આ ગોસાઈએ જતો મુક્યો હોય એમ બન્યું નહી. જેમ જેમ વાત સાંભળે તેમ તેમ તેની આંખમાં રક્તતા આવતી જાય, અચિંત્યા તેના દાંત કચડાઈ જાય, તેના હાથની મુઠીઓ વળી જાય–તેના ઓઠ પીસાઈ જાય. છેવટ વાતનો અંત આવ્યો, અને ગોસાઈ પાછો ફર્યો. બાળક સામે એક આર્દ્ર દૃષ્ટિ નાખી તેણે પોતાની દાઢી હલાવી અને મુંછ ઉપર હાથ નાંખ્યો. તેના મનનો ભેદ ભાગ્યો હોય એમ વેઢા ગણતો તે વાર્તાની સંકલના ગોઠવતો આગળ ચાલ્યો. મહા ગુપ્ત વાત જાણી હોય, અને ધારણા સિદ્ધ થવાની આશાનાં અંકુર ફુટતાં હોય એમ તેના પાદદ્વયમાં ચંચળતા આવી. ગુપ્ત મંત્ર સાંભળવાનુ અશાસ્ત્ર જાણીને પણ આપત્કાળમાં પ્રચ્છન્નશ્રાવી થયાના પશ્ચાત્તાપને બદલે કંઈ મનમાં હર્ષ થયો. દ્વારપાળની મૂર્ખાઈ ઉપર વિચાર થવા લાગ્યા. પોતે પણ આ કૃત્ય કર્યું તો અવર અપૂર્ણ જનો ગુપ્ત મંત્રનો ભેદ કરવા યત્ન કરે એવો એક અનુભવ થયો. તેથી "**दिवानिरीक्ष्य-वक्तव्यम् रात्रौन वचनैवच.**" એ પાદ બોલતો બોલતો, બજારમાંથી શેરી, ત્યાંથી ચકલે, ત્યાંથી વિશાળ પથ ઉપર અને ત્યાંથી નગરના દરવાજા તરફ પેલા બાળની સાથે તે ચાલતો થયો. તેવામાં પચીસ પચીસ વર્ષની સમવયની બે શરીરે ભરેલી સ્ત્રીઓને જોઈ તે તેમની પાછળ ચાલ્યો અને નિઃસ્પૃહ દેખાતો તેમની વાતો ઉપર ધ્યાન આપવા લાગ્યો.

આ બન્ને સ્ત્રીઓને પોતાની સ્વજાતિ લક્ષ્મી સાથે રૂસણાં હતાં–પણ તેમના ઉપર કુદરતની કૃપા હતી. આશાઢ માસના કૃષ્ણ પક્ષની મેઘમાલા જેવો તેમનો ઘેરો શ્યામવર્ણ હતો, તદપિ તેમના વદન ઉપર કંઈ રતાશ આવી રહી હતી. તેમનાં શ્વેત વસ્ત્રની બાહેર રહેલા કચ તેમની નીચવૃત્તિનું ભાન કરાવતા હતા. જાણે તેજ વૃત્તિથી શરમાઈ જઈ, નિતંબ ખસીજવાને વધેલા હતા અને પાદદ્વય ધરામાં પેસી જતા હતા તથા હસ્તદ્વય પોતામાંજ સમાઈ જતા હતા. દુર્ગંધના આગારરૂપ ખાલી છિદ્રવાળા ટોપલાઓ માથે અદ્ધર ધારી એક બીજીની આંગળીઓ

પકડી પૂર્ણાનંદ અનુભવતી પ્રભાતના સમયમાં આ બે નદી ઉપર જનારી સ્ત્રીઓ જાતે માછણો હતી, સ્વભાવે બગલીઓ હતી, વયે પ્રગલ્ભા હતી, અને કર્મે કુશળા હતી. આવી બે સ્ત્રીઓ ઘડીમાં હાથ અફાળતી, ઘડીમાં તાળીઓ આપતી, ઘડીમાં નખરાં કરતી, ઘડીમાં હસી પડતી, અને ઘડીમાં બે હાથની આંગળીઓ મચડતી, યૌવનપુરમાંથી વૃદ્ધાવસ્થામાં જતી હોય તેમ કનકપુરમાંથી નદી ઉપર વેગે ચાલી. તેમને પગલે પગલે રૂદ્રાક્ષની માળા, વિભૂતિ, ઇત્યાદિ બાહ્યચિહ્નથી તથા ગૌરવર્ણ, ભવ્ય કપાળ ઇત્યાદિ દૈહિક ચિહ્નથી સાક્ષાત્ શંકર જેવો દીસતો, પેલો ગોસાઈ ચાલ્યો અને તેની પાછળ પેલો ચેલો હીંડ્યો, તે જાણે ભીલડી પાછળ પડેલા શંભૂની પૂઠે દગ્ધ થયા પછી કિશોર વય ધારી કામદેવ જતો હોય અથવા દૂષિત થઈ દોડી જતી વિદ્યાઓ પાછળ ધાતા વસિષ્ઠ કેડે રામચંદ્રજી ચાલતા હોય.

નગરના દરવાજાની બા'રની સિકતા સતેજ છતાંયે પગ મુકનારને માર્ગ આપતી હતી. આવા સ્થળની કોમળતાથી મોહ પામીને અને તે ઉપર નદી પણ સતત નિવાસ કરતી હતી તે જોઇને, આ માછણોએ ટોપલા બાજુ ઉપર નાખી તે ઉપર આસન વાળ્યાં અને કંઈ 'અના ને પના' કંઈ કંઈ વાતો કરવા માંડી. નહોતી તેમને ચિંતા કે નહોતું તેમને દુઃખ. એક વસ્ત્ર અને એક કાંચળીમાં ઢંકાયલી આ સ્ત્રીઓને મન આખા જગતની વિભૂતિ તુચ્છ સરખી હતી. પુનિત નદી તેમની સખી હતી. સિકતાપ્રદેશ તેમનુ મંદિર હતું; વ્યોમ તેમનો ઘુમટ હતો; પવન તેમનો પરિચર હતો. સર્વરીતે સંતુષ્ટ દેખાતી આ સહીયરોને ધન તૃણ જેવું હતુ; ભવ્ય ભોગ સર્પભોગ જેવા હતા; દુકૂલ વલ્કલ જેવાં હતાં. નિર્દોષતા અને અજ્ઞાનતામાં તેઓ પૂર્ણાનંદની અનુભૂતિ કરતી હતી.

વેશમાં વિરાગી, હૃદયમાં ઉદ્વેગી પણ મનસ્વીતાનો સંયોગી ગોસાઈ આ સ્ત્રીઓનુ સુખ જોઈ ચકિત થઈ ગયો. તેને પેહેલ વેહેલુંજ સમજાયું કે આ નશ્વર જગતનો ત્યાગ કરી સાધુજન સન્યસ્ત ગ્રહણ કરેછે તે કંઈક આવા પ્રકારનુ ઉચ્ચ સુખ ભોગવવાનેજ; તેને જણાયું કે અનેક યત્ન કરી સંપાદન કરેલું સુખ, વેચાતા રાખેલા ગુલામ જેવું છે અને તે પ્રતિનિમિષ નાસી જવા યત્ન કરેછે; છતાં યે રહે છે તો ન ચાલ્યે સેવા કરેછે. "પરંતુ" તે બોલ્યો, "ખરૂં સુખ તો નિર્દોષતામાં છે. બાકી મત્સ્ય વેચી ઉદરપોષણ કરનાર આ બે અબળાઓ ઉપર આમ આનંદના વર્ષાદ થાય? ક્યાં છે એમને દુખ? ક્યાં છે એમને ભય?

શી છે એમને ચિંતા? શી છે એમને સ્પૃહા? સર્વથા—

"अकिंचनस्य दान्तस्य शान्तस्य समचेतसः ।
सदासंतुष्टमनसः सर्वा सुखमयादिशः ॥"

એ મહાવાક્ય આજે અનુભવસિદ્ધજ થયું." પરંતુ આ વિચાર ચાલતો હતો એટલામાં માછણોની વાતોમાં કંઈ રસ પડ્યો હોય એમ તેણે તેમના તરફ ધ્યાન આપ્યું.

સમવયની સાથે મળેલી આ માછણો, માછણો તોયે જોબનના મદથી છકેલી હતી. ઉછળતાં વક્ષોરુહમાંજ પતિનુ સુખ દેખાડતી આ બે જણીઓએ આ વિજન સ્થાનમાં જીહ્વાનુ તાળુ ઉઘાડી દીધું અને મનનો માર્ગ મોકળો મુક્યો. એક બીજીના પતિથી તે રાજા અને રાણીઓ સુધાંતની સાત સાત પેઢીનાં પાનાં ધીરે ધીરે ઉકલવાં લાગ્યાં. કોઈ શેઠ વખણાવા લાગ્યો, કોઈ રાજા નિંદાવા લાગ્યો, કોઈ પ્રધાન નંદાવા લાગ્યો—કોઈ ગાંડો ગણાયો, કોઈ મૂર્ખમાં ખપ્યો, કોઈ વ્યસની જણાયો, કોઈ લંપટ માલુમ પડ્યો. કનકપુરીના વિદેશ ગએલા પ્રધાનની સ્તુતિ થઈ, કુળમરજાદ છાંડી વેશ્યાને ઘેર જાર રમવા જનાર પરાધીન રાજાનુ સ્હવારમાં નામ ન દેવાઈ જાય એ વાતની સંભાળ લેવામાં આવી; કુળ—સંઘાતક અને અકુલના દુશ્મન રાજાની વર્ણસંકરતા ઉપર વિચાર થવા લાગ્યા; કુછંદ તે કુસંગનુ ફળ મનાયું. રાજાઓની રાણીઓ અને તેમનાં સંબંધી કરતાં ગરીબની વધૂઓ અને સંબંધીઓને સવિશેષ સુખ હોય છે એમ સિદ્ધ થયું; શિવાય અનેક વાગ્વિલાસ થયા. તે નગરના સુજ્ઞ પ્રધાનની કુલવધૂનો લોપ થયાની વાતથી અત્યંત શોક થયો; તેથી તુરત ઉઠીને, જાળમાં ફસાએલાં માછલાં લેવા આ બન્ને સ્ત્રીઓ નદીના મધ્ય ભાગે ગઈ; અને સંધ્યાવંદન કરતા આ ગુરૂશિષ્યે હીનસ્પર્શથી દૂષિત થવાના ભયથીજ હોય એમ તત્કાળ આ સ્થળનો ત્યાગ કર્યો.

પ્રભાત થતાં સૂર્ય દેવની આરાધના કરવા જતા હોય, એવી રીતે લક્ષ્મણ અને લવ જેવા આ બે જણ પૂર્વ દિશા તરફ વળ્યા. નથી રસ્તામાં કોઈની સાથે સંભાષણ કરતા, કે નથી કોઈના સામે દૃષ્ટિ કરતા. કેવળ ઉદાસીન વૃત્તિ ધારણ કરી ચાલનાર આ નિસ્પૃહી ગોસાઈનો શિષ્ય સ્વરૂપમાં કામ હતો, શાન્તિમાં ચંદ્ર હતો, ચંચળતામાં સિંહ હતો, અને બુદ્ધિમાં બૃહસ્પતિ હતો. હાથમાં કમંડલુ અને અંગે કૌપીન તથા અંચલ ધારતો તે સાક્ષાત્ નારાયણ જેવો દીસતો હતો. તેના

ચળકતા કેશ કોઇ સ્થળે ઉડતા હતા અને કોઈ સ્થળે ચોંટી રહ્યા હતા. જાણે કનકપુરના દેવતાના દૂત વેશ બદલી તેનાં ઓવારણાં લેતા હોય, જાણે વિધાત્રીના વૈતાલિકો વિભૂતિમાં સમાયલી છતાં જ્વલંત વિભૂતિનું ભાન કરાવતા હોય, અથવા વિરહવેદનાથી શુષ્ક થએલી રાજ્યલક્ષ્મી રૂપી રાધિકાની અવસ્થાનુ કથન કરવા ભ્રમરો ભમતા હોય એમ, તેના કાકપક્ષ તેના કર્ણદ્વાર આગળ ગતિ કરતા હતા. તેનો વદનશશી ઉદિત થતા સૂર્યથી અસ્ત થતો નહોતો; તેનાં નયનકમળમાંથી નીકળતો અગ્નિ, તેના ઓષ્ટને રક્તતા આપતો, કપોલને દીપ્તિ આપતો અને ભ્રમરોને કાલિમા આપતો. એક પગ યુવાવસ્થામાં મુંકી બીજો ઉપાડવાની તૈયારી કરતો આ યુવક, નંદના નન્દન જેવો જગતનયનાનન્દ બની રહ્યો હતો. આવી મનોહર આકૃતિ ધરનારને આ વયમાં વૈરાગ્ય જોતાં અનુકંપા ઉત્પન્ન થતી હતી. કોઈ તેના સામે જોઈ રહે, કોઈ તેને બોલાવે, કોઈ તેને સ્પર્ષે, કોઈ તેના ઉપર હાથ ફેરવે. પણ કોઈની સાથે એક અક્ષર ઉચ્ચાર્યા વિના આ બાલક પેલા ગોસાઈના પગમાં પગ મુંકે, તેથી કોઈ કહે તેને ભૂરકી નાંખ્યો, કોઈ કહે તે બહુરૂપીછે, કોઈ કહે તે બટુક છે; આમ વિચિત્ર કિંવદંતી સાંભળતાં છતાં પણ હર્ષ શોક કે રાગદ્વેષ દેખાડ્યા શિવાય, નગર બાહેર પણ મળેલાં લોકોનાં ટોળાં વચ્ચે થઈ તેઓ પર્વત વચ્ચેથી આગની ગાડીની પેઠે સરરર સટ ચાલ્યા ગયા. ન સાંભળી તેમણે લોકોની બૂમો કે ન ગણી તેમની વાર્ત્તા.

થોડીક વારે નગરથી કેટલેએક છેટે એક જીર્ણ થએલુ મહાદેવનુ દેવળ હતું ત્યાં તેઓ જઈ પહોંચ્યા. આ દેવળમાં મનુષ્યનો સંચાર નહોતો. માત્ર ભુત પ્રેતનુજ તે ઘર ગણાતું હતું. રાત્રે નગરમાંથી કોઈનુ છોકરું, કોઈનુ ઢોર, કોઈનુ કંઈ, કોઈનુ કંઈ, લેઈ આવી, દિવસે આ સ્થળે વેતાલ આદિ ક્ષુદ્ર દેવો ઉજાણીઓ કરતા હતા એમ પ્રજાનુ મત હતું. આ સ્થળમાં ઉતરતા અજાણ્યા મુસાફરો પણ ગેબ થઈ જતા એમ માનવાને કારણ બનેલાં હતાં. આવા વર્જીત અને ભયંકર સ્થળમાં રહસ્ય જાળવવાને માટેજ હોય એમ બન્ને જણ કેટલાએક દિવસ રહ્યા.

પ્રકરણ ૧૧ મું.

મણિપુર.

મણિપુરે પોતાના નામનુ સાર્થક કરેલુંજ હતું. તેના રમ્ય અને મનહર પ્રદેશમાં પ્રભાતે અને સાયંકાળે ભગવાન્ સૂર્યનારાયણ પોતે સુવર્ણ પાથરી ઉદય અને અસ્તમાં એક સરખી મહાનુભાવતા બતાવતો હતો, અને તેથી "**संपत्तौ च विपत्तौ च महतामेकरूपता**" એ વાક્યનું પોતામાંજ દૃષ્ટાન્ત દેખાડતો હતો. તેના તેજોમય સ્ફટિકથી મઢેલા વિશાળ પાદપથોમાં પદ્મિણીઓના સ્વાભાવિક રક્ત પાદદ્વય કૃત્રિમ અલક્તકનું હાસ્ય કરતા સ્થળે સ્થળે અંગોળી પાડી દેતા હતા. પથ ઉપરની હર્મ્યની ભીત્તિઓમાં પોતાના જેવાં સ્વરૂપોમાં સપત્નભાવ જોઈને પણ પ્રમદાઓનાં વદન પ્રકાશિત રહેતાં હતાં. ગૃહાંગણે ઉપવનોમાં પ્રફુલ્લ થતા ગુલાબને આ નગરના બાલકોના ગાલની અસહ્ય ઈર્ષ્યાનાં શલ્ય રૂપીજ કાંટા ઉગેલા જણાતા હતા. આ નગરમાં બાલમાં યુવા તથા વૃદ્ધાના ગુણો રહેલા હતા, યુવાનમાં બાલ્ય અને વૃદ્ધાના ગુણો હતા, અને વૃદ્ધમાં બાલ્ય અને યુવાના ગુણો સમાયા હતા. ઉદ્યોગના, સ્નેહના, અને સત્યના અધિદેવતાઓ નગરના ગ્રામદેવો હતા. તેમાં પવન સુગંધનુ વહન કરતો હતો, નદી ઝીણા કણશીકર છાંટી શાન્તિ વિસ્તારતી હતી, ચંદ્ર અમૃતવર્ષણ કરતો હતો. આમ ઈશ્વરની વિભૂતિઓની નિઃસ્વાર્થ સેવાને લીધે આ નગરમાં દેહની વૃદ્ધિ થતી હતી, રોગનો ક્ષય થતો હતો. સ્વભાવે જડ, સમીપનો ગિરિ, સ્નિગ્ધ બનીનેજ વર્ષાદને યોગ્ય સમયે ખેંચી આણતો હતો; અને તેમજ સ્વભાવે પ્રચંડ સૂર્ય અન્નના ઓઘ આપતો હતો.

ગાય અને ગોપાલના બાહુલ્યથી તે જાણે શ્રીકૃષ્ણનુ ગોલોક હતું. સુબુદ્ધિને પૂર્ણાનંદ આપતુ અને કુબુદ્ધિની ગતિ રોકતુ તે જાણે પરમાત્માનું વૈકુંઠ હતું. અપાર વિભૂતિ તથા ચંદ્રકાન્તના વર્ષણથી ઠગાતા મયૂરનાં નિરંતર તાંડવથી અને વાતાયન ઉપર ઉભેલી લોલ લલનાઓના માથા ઉપર ચ'ડેલા કૃષ્ણ સર્પોથી તે જાણે કૈલાસ હતું. રખેને છછ મહિને ત્રાસ પમાડતા રાવણના ત્રાસથી સર્વ સમૃદ્ધિ

સહિત નાશી જઈ વિભીષણે, શંભુ ઉપર ક્રોધ કરી કૈલાસને હલકું પાડવાને માટે દક્ષ પ્રજાપતિએ, અથવા ધર્મ નિયમ પાળી, અવસાન પછી પોતાના ધામમાં આવતા ભક્તોને વિશ્રામસ્થાન તરીકે ત્રિમૂર્ત્તિએ, આ કોઈ માયાનુંજ અદ્‌ભૂત સ્વરૂપ બનાવ્યું હશે!

પ્રભાતના સમયમાં થતા વલોણા, વલય અને મેખળાના રવથી ત્રાસીને જાણે આ નગરના સિંહ વનમાં નાશી ગયા હતા. પ્રમદાઓની સૂક્ષ્મ કટિઓથી હારી જઈ ભ્રમરના ગણ તેમનું છત્ર બનતા હતા. તેમની ગતિ જોઈને મદોન્મત્ત હાથીઓ પણ પોતાના મદનું વમન કરતા હતા. કામધેનુ જેવી ધેનુઓના ઝાંઝરના ઝમકારથી સ્તબ્ધ બની વૈરાગ્યથીજ હંસ પરમહંસ બની નદી કિનારે રહેતા હતા. યૌવન રૂપી અશ્વોની બરાબરી કરવા જતા આ નગરના અશ્વની ખરીઓથી પડતા ખાડા પુરનાર પ્રમદાના પુષ્પપરાગજ હતા. કોકિલા બાહેર રહી અને મેના ઘરમાં રહી ગુણનુ ગાન કરતી હતી. દીપકના સૂરથી દગ્ધ થતા જનોને ટા'ડા પાડવાને ઘેરે ઘેર ધારાગૃહ અને ફુવારા શીતળ અને સુગંધિત જળ સિંચ્યા કરતા હતા.

આ નગરમાં યુદ્ધ મદનનાં થતાં હતાં, ખેદ રતિશ્રમનો થતો હતો, વાદ શાસ્ત્રના થતા હતા, અશ્રુ હર્ષનાં પડતાં હતાં, ચોરી જ્ઞાનની થતી હતી. વળી આ નગરમાં કામ ઈશ્વરપર હતો, ક્રોધ ક્રોધપર હતો, લોભ ચિદાનંદનો હતો, મોહ સદ્‌ગુણનો હતો, મદ નિષ્કામનો હતો, સ્પર્ધા ઈશ્વરભક્તિમાં હતી અને અભિમાન દેશનું હતું.

ચારે દિશાએ આવી રેહેતા થોડુ વધતું તેજ ધારણ કરતા અનેક ના'ના મો'ટા ગ્રહ, તારા અને નક્ષત્રોને પોતાના તરફ સમાન્તરે આકર્ષી અન્યોન્યનો સંબંધ વધારી અને સર્વની અદ્વિતીય પ્રીતિના પાત્ર થઈ આખા બ્રહ્માણ્ડચક્રને અનેક પ્રકારનાં સુખ આપનાર ભગવાન્ સહસ્ર-રશ્મિ જાતેજ અવતર્યો હોય એવો, રક્તપાદપીઠ આગલ પ્રણામ કરતા આ રાજ્યના અનેક મંડળિકગણ તથા સામંતને સતેજ કરતા મુકુટ-મણિને તેજ:પુંજ આપતો, રાજહંસકદંબનો શિરોમણિ, મહારાજ શ્રીમદ્રાજરાજેશ્વર કેસરીવત્ શોભતો કેસરીસિંહ, આ રાજ્યધાનીમાં ધર્મ, ન્યાય, પ્રીતિ સહિત પ્રજાની સેવા કરતો હતો. મૃત થએલા અરિની પ્રમદાઓનાં ઉષ્ણાશ્રુથી ડાઘરહિત ધવલ થએલા આ ભૂપતિના યશને તેના સદ્‌ગુણો ત્રણે ભુવનમાં લઈ જતા હતા. નિરવધિ ફલદાયિની વસુંધરારૂપી પત્નિ ઉપર નૃપતિનો પક્ષપાત માની લઈને પણ વિદ્યારૂપી

વનિતા હૃદ્યા અને સુસાધ્યા બની રહેતી હતી. પંડિતોને મંડિત કરનાર, અને ધૂર્તને ખંડિત કરનાર, શાહને નંદિત અને ચોરને નિંદિત કરનાર સકળકળાગુણજાણ આ ભૂમણિ, પ્રતાપમાં દિનમણિ અને શીતલતામાં નિશમણિ હતો.

બરાબર ચાલીસ વર્ષનુ તેનુ વય હતું. વર્ણે ગૌર હતો, શરીરે પાતળો હતો. તેની મુખમુદ્રા ઉપર પ્રસંગે ઝળકી ઉઠતા તેજના પ્રભાવથી કવચિત્ કવચિત્ તેની વદનાકૃતિમાં વિવિધ રંગ પુરાતા હતા. તે જ્યારે ધર્માસન ઉપર બેસતો ત્યારે જુઠ મુઠવાળી પલાયન કરી જતી, કપટ ચપટ થઇ જતું, વાદ નિર્વિવાદ થતો, દુષ્ટતા પૃષ્ટ દેખાડતી, લુટની તુટ થતી, દ્વેષને કલેશ થતો અને ઘાતનો મ્હાત થતો. આ પૃથવીપતિની રાજ્યછાયામાં ધેનુ વત્સોને સુખે ધવરાવતી, માતા બાળને સુખે લડાવતી, પતિ પ્રમદાને સુખે પ્રમોદતા, પિતા પુત્રોને સુખે શીખવતા; તેમ વ્યાપારી વણજ, અને ખેડુત ખેતી સાધતા હતા. અહીં વ્યભિચાર પણ પતિથીજ થતો, અનૃત લગ્ન સમયેજ બોલાતું, ત્વંકાર કવિતાવિલાસમાં થતો, અભિસાર સાસરે થતો; નિર્દયતા આલિંગનમાં હતી, કઠોરતા નખ-દંત-પ્રહારમાં હતી, અને કુટિલતા નર્મ વાક્યમાં હતી.

તેમજ આ નગરમાં હીરાકણી કુંદનમાં જડાઈ હતી. આ સકલ સુખી રાજ્યના અધિશ્વર પ્રાણ જેવા આ નરેંદ્રની ધર્મપત્ની પણ સાક્ષાત્ સરસ્વતીનો અવતાર હતી; તેની ઉમ્મર પાંતરીસ વર્ષની હતી; પણ પતિ આગળ તો સોળ વર્ષની નવોઢા જેવી તે માન-સરોવરમાં રાજ હંસીજ હતી.

તે સાક્ષાત્ મહામાયાની બાલ્યાવસ્થાજ હતી. તે સ્નેહમાં લક્ષ્મીજી હતી, સુરૂપમાં રતિ હતી, ડહાપણમાં અરુંધતી હતી અને જ્ઞાનમાં ગાર્ગી હતી. કહ્યાગરી તો જાણે મંદોદરી જેવી અને કલ્યાણી તો જાણે સીતા જેવી–એવી અલૌકિક કામિનીની દેહલતાને વળગી આ દુસ્તર સંસારસાગરને તરવામાટે આ મહા નૃપતિ અનુક્રમે ચારે પુરુષાર્થ યથાસ્થિત સાધતો હતો, તેથી મણિપુરમાં લક્ષ્મી ના કહ્યા છતાંએ ભરાઈ પેસતી હતી તથા ઇંદ્રનો ત્યાગ કરી વૈભવ, અને બ્રહ્મવિદ્ પરમહંસનો ત્યાગ કરી સુખ, પોતાની મેળે આવી રહેતાં હતાં. આવા નગરમાં કાળ બાળરૂપે જણાતો પણ આવર્દા દીર્ઘ હતો. મણિ જેમ લોહને અથવા ભ્રમર જેમ કીટકને, તેમ આ દંપતીએ આખી વસ્તી આત્મવત્ કરી નાખી હતી.

આ રાજ્યનો દુશ્મન અધર્મ હતો અને તેની સખી નીતિ હતી. સર્વથા, આ રાજ્યમાં જન્મ પામેલા સર્વ જનોને "**શ્રીમતામ્ ધીમતામ્ ગેહે યોગભ્રષ્ટોભિજાયતે**" એ વાક્ય લાગુ પડતું હતું.

પરંતુ સમુદ્રને ક્ષારતા, ચંદ્રને લાંછન, સૂર્યને અસ્ત, નદીને વક્રતા, અને ગિરિને કઠિણુતા આપનાર હતવિધિ, બધુંયે અનુકૂળ કરે ત્યારે એ વિધિ શાનો ?

અનેક જન્મકૃત તપ અને પુણ્યના પ્રભાવને લીધે અનુપમ અપૂર્વ સામગ્રી નિર્માણ કર્યા છતાં ઈર્ષાળુ વિધિએ, આ લક્ષ્મી સહિત નારાયણ જેવા નરેંદ્રને સુતનું સુખ નહોતુ આપ્યું. પુત્રના અભાવથી ઉત્પન્ન થતો શોકરૂપી કીડો આ દંપતીનાં હૃદય ફોલી ખાતો હતો. અને ખરેખર ! જો, અલ્પને બહુ માની લેનાર, પ્રિયાના પ્રેમથી મુગ્ધ બની તેના સન્મુખ બાલવત્ નૃત્ય કરનાર, મહાન્ ઉપાધિઓના મધ્યમાં રહીને પણ પ્રાણીમાત્રનુ કલ્યાણ કરનાર, વિભૂતિના ધારણુ કરનાર, રક્ષાથી મલિન જટામાંથી પુનિત ગંગાને ઉત્પન્ન કરનાર, સુધા, વિષ, મયૂર, સર્પ, ભૂત–ગણ ઇત્યાદિ પરસ્પર વિરોધી સત્વોને સ્વસ્થાને નિયમમાં રાખી, અવિદ્યાકૃત ભ્રાન્તિમાંથી શાંતિને ઉત્પન્ન કરનાર, અને સર્વ શક્તિઓના અધિપતિ, ભગવાન્ કૈલાસપતિની, અતિ આગ્રહ અને હઠથી કરેલી પૂજાથી, અનેક તપ, નિયમ, વ્રત અને ધર્મ તથા કર્મથી અને સંતુષ્ટ પ્રજાની આશિષથી, બન્નેના સ્નેહના ફલ રૂપી એક પુત્રી રૂપી સુધાની મૂળી ન ઉગી હતે, તો એ અંતરનો કીડો દૂધમાં વિષ મેળવ્યા વિના રહેતજ નહી. બન્નેમાંથી તાવી કાડેલું સત્વ હોય, બન્નેના અંતરાત્માઓ મળી જઈ બીજે રૂપે બાહેર આવ્યા હોય, બન્નેના સુગુણનો સજીવ પિંડ હોય, બન્નેનાં સ્વરૂપનાં ઘર્ષણથી ઉત્પન્ન થતો ઉચ્છિખ અગ્નિ હોય, બન્નેના આરામનુ સ્થાન હોય, બન્નેને ઠરવાનુ ઠામ હોય કે બન્નેના સુખની સીમા હોય એવી, આ એકની એક કુમારી કન્યા હતી. સૂર્યની પ્રસૂતિ કૃષ્ણુ હોય, ચંદ્રની પ્રસૂતિ ઉષ્ણુ હોય, તોજ આ દંપતીની પ્રસૂતિ સદોષ હોય; એટલે આ કન્યાનુ વર્ણન કરવું એ તો પુનરૂક્ત અને તેથી મિથ્યા થઈ પડશે. જો એમ કહીએ કે તે અનુપમ છે તો તે અજ્ઞાન છે. જો એમ ધારીએ કે તે સાક્ષાત્ કમળા છે તો પક્ષપાત ઠરેછે. જો એન માનીએ કે તે ગુણરૂપની અધિષ્ઠાતા છે તો તે અસત્ય કહેવાય છે. જો એમ સમજીએ કે તે સુખનો ભંડાર છે તો હીનોપમા થાયછે. તેને અવર્ણ્ય કહેતાં પ્રમાદ

કરેછે; સૌંદર્યસાર કહેતાં જડતા જણાયછે; માટે "એ તે એજ" એટલુંજ એને માટે કહેવું ઉચિત કેહેવાશે.

આ કથાનો પ્રસંગ ચાલેછે તે સમયે કુમાશ, લાવણ્ય, રંગ અને પ્રભાથી સાક્ષાત્ કૃષ્ણની શય્યાસ્થાને રહેલા સહસ્રમુખી શેષનાગને પણ ઈર્ષ્યાથી ઉત્પન્ન થતા ઝેરથી ભરનાર–સુંદર કચવાળી આ કન્યા, બાલ્યના આલયમાંથી એક પગ મુગ્ધત્વના નિકેતનમાં મુકતી હતી; તેના પાદની ચંચલતા ધીરે ધીરે મકરકેતુની સાથે તેનાં નયનકમળમાં ચઢતી હતી; તેના વક્ષઃસ્થળમાં લપ્પાઈ રહેતા મદને તેના હૃદયમાં વિકારનો રોપ રોપવા માંડ્યો હતો. તે બાલ્યક્રીડા અને યૌવન ક્રીડાની પ્રાન્તભૂમિમાં જઈ પહોંચી હતી તેથી એક તેને રાખવા અને બીજી તેને લઈ જવા, ખેંચતાણ કરતી હતી. બાલ્યની ઉચ્છૃંખલતામાં અતિશય ફરવા હરવાથી જાણે તેના કટિતટ ઉપરનો રસ તેના નિતંબમાં ઉતરવા માંડ્યો હતો. તેની દેહવલ્લીને ફાલ આવવાની તૈયારી હતી. તેના હૃદયમાં રહેલા મદનને ખોળતી ખોળતી આવેલી તેની સખી વસંતજ જાણે આ વસંતવિલાસિનીના સુવર્ણ દેહાગારમાં પ્રવિષ્ટ થઈ હતી. તેના મનમાં લઘુતાને સ્થળે ગૌરવ આવતું હતું; અને તેના ચિત્તમાં રહેલી જડતાને કહાડી મુકી પોતે દાખલ થવાને વિભ્રમ યત્ન કરતો હતો. તેના સ્ખલિત આલાપનુ કારણ બાલ્ય અને અજ્ઞાન કરતાં વિસ્મૃતી અને રતીમાં જડશે. તેના વદન ઉપરના ગુલાબે કોઈ કોઈ વેળા રંગ બદલવા માંડ્યા હતા. આમ્ર, અશોક, વસંતિકા, કેતકી ઇત્યાદિ પુષ્પો ઉપર પ્રસંગે તેને અપ્રીતિ થતી હતી.

રાજ્યકાર્યનો ભાર ઉતર્યા પછી તથા ગૃહનું અવશ્ય કાર્ય કર્યા પછી આ બાળાને રમાડવામાં, તેનું હિત વિચારવામાં, તેના મૃદુ અને મંજુ શબ્દો સાંભળવામાં, તેને રમતી ટગુમગુ જોઈ રહેવામાં, કંઈ કંઈ વાર્ત્તાથી તેને હસાવવામાં, તેને મન ગમતું કરવામાં અને તેની સર્વ માંગણીઓ સ્વીકારવામાં આ બન્ને પતિ પત્નિનો કાળ જતો હતો. તે બાહેર રમતી હોય, શય્યામાં સુતી હોય કે કઠારે ઉભી હોય– અર્થાત્ જરા પણ દૃષ્ટિથી દૂર હોય ત્યારે તેનાં બોલેલાં ટુંકાં વાક્યો સ્મરતાં સ્મરતાં, તેની નિર્દોષ રમત ઉપર ચર્ચા કરતાં કરતાં, તેનુ મલપતુ વદન નયન સમીપ ધારતાં ધારતાં, અને તેના નામથીજ આનંદ પામતાં પામતાં આ દંપતી જીવિતપ્રયાણ કરતાં હતાં. ન્યાય પક્ષે તો તેની વાર્ત્તાઓ રૂપી ભવ્ય ભોજન, તેના દર્શન રૂપી મીષ્ટજળ,

તેના કોમળ અને અસ્ફુટ શબ્દ રૂપી સ્વચ્છ હવા તથા તેના સ્પર્શ રૂપી સુંવાળા વસ્ત્રથી મણિપુરનો રાજા અને રાણી વૃદ્ધ છતાંયે વૃદ્ધિ પામતાં. નવી ઉગેલી કેળના સ્નેહ રૂપી અપાર કર્પૂરથી એ બન્નેનો આયુર્દીપક ચિરકાળ અને સતેજ બળવાનો એમાં કોઈને શંકા નહોતી.

જોકે પ્રતિક્ષણ, પ્રતિદિવસ, પ્રતિમાસ, અને પ્રતિવર્ષ તેનું વય વધતુ હતુ અને તેનાં ગાત્ર મહાન્ થતાં હતાં તોપણ માબાપને છોકરાં ક્યારે મોટાં લાગ્યાં છે? ઉમ્મરે આવેલી બાળાને યોગ્ય વર સાથે જોડી દઈ જીવિત સફળ કરવાનો અવસર સમીપ છતાં પણ તેને પારકી કરવાના વિચારથી ગમે તેવા લગ્નના હર્ષમાંયે કયો બાપ કે કઈ મા નથી ગળી જતી? માટે બને ત્યાં સુધી તેના વિવાહની વાર્ત્તા પાછલે પડાળે મુકી આ બન્ને જણતો આ અજ્ઞાન બાળા જેમ રમતી તેમ રમવા દેતાં, જેમ ભમતી તેમ ભમવા દેતાં, જેમ બોલતી તેમ બોલવા દેતાં, અને ટુંકામાં જેમ કરતી તેમ કરવા દેતાં. તેમ આ બાળા પણ પિતાના પેટ કે માની છાતી ઉપર બેશીને, કંઈ કંઈ ટોળ કરીને, કંઈ કંઈ પ્રશ્ન પુછીને, કંઈ કંઈ ઉત્તર મેળવીને, સાનંદાશ્ચર્ય પામતી અને પમાડતી. અનુભવનો અભાવ અને જ્ઞાનનુ તિરોધાન, આ સ્વભાવે પુનિત કન્યાના સદ્‌ગુણની વૃદ્ધિને બાધક નહોતાં. નિઃસંશય, કેળમાંથી કેળનીજ પ્રસૂતિ થાયછે.

પ્રકરણ ૧૨ મું.

વિવાહ વિચાર.

રાજ્ય મહાલયના એક વિશાળ ખંડમાં દિવસના બાર વાગ્યાના સમયે, વિવિધ રસપ્રદ અને તુષ્ટિપ્રદ, વિચિત્ર, ભવ્ય અને મધુર ભોજ્યને બરાબર ન્યાય આપીને, એક રમ્ય, મણિમય, શીતમય, ચિત્રમય, નાદમય, શાન્તિમય અને સુગંધમય હીંચોળાખાટ ઉપર બેસીને, સકલ પ્રજામંડળનુ વિશ્રામ-સ્થાન, સકલ ચૌરજનનુ ભયસ્થાન, સકલ પ્રેમનુ કેન્દ્રસ્થાન, સકલ દાક્ષિણ્યનું વાસસ્થાન અને સકલ સદ્‌ગુણનુ નિધિસ્થાન, એવો નૃપ-કેસરી કેસરીસિંહ, ત્રિભુવનદીપ્તિની અધિષ્ઠાતા દેવી મહાલક્ષ્મી જેવી સતી કામસેના સહિત, હસિત વદનથી પોતાની પ્રતિકૃતિરૂપ વસંત-

વિલાસિનીને રમાડતો હતો, હસાવતો હતો, ખીજવતો હતો, લડાવતો હતો. મનુષ્યકૃત મંડપમાં ફળ સહિત આમ્ર અને માધવીને આમ ડોલોચ્છવ કરતાં જોઈ વ્યોમઘુમટ તળે રહેલાં આમ્રમાધવીને અસૂયામાંથી જડતા પ્રાપ્ત થાય એ આશ્ચર્યકર નહોતું. ચારે તરફની વૃક્ષ ઘટામાં સમાઈ રહેલાં ચાતકમિથુને રત્નખચિત મહાલયની મધ્યે મહારાણીના વદનારવિંદમાં ચંદ્રની શંકા કરી દિવસે પણ વિરહ વેઠ્યો હતો. અનેક પ્રજાજનોમાં જ્ઞાન પ્રેરનાર અને પરજનોમાં ભાવ પાડનાર નૃપતિ અત્યારે તો બાળકથી પણ બાળક બન્યો હતો અને ઘેલાથી પણ ઘેલો દેખાતો હતો. ફેર એટલોજ કે આ ઘેલછા પ્રેમની હતી. છોકરાં રમાડતાં ક્યાં માબાપ ઘેલાં નથી થતાં? વળી આ રાજાને તો કંઈ ચિંતા નહોતી. રાજ્ય સ્વસ્થ, પ્રજા સુખી, પ્રધાનમાં સંપ, વ્યાપારમાં તેજી, ઉપજની વૃદ્ધિ, પાકનુ બાહુલ્ય, રોગનો ક્ષય, કરમાં ઘટ, પ્રતિઘર આનંદ, ગુન્હા ઓછા, એમ અનુકૂળતા—પરંપરામાં ઈશ્વરે પ્રસન્નવદની અને પ્રિયવાદિની પ્રેમાળ પ્રિયા અને સત્પુત્રનુ સુખ વિસરાવીદે એવી ડાહી, વિવેકી, ચતુર અને સ્નિગ્ધ—કહ્યાગરી આત્મજા આપેલી, એટલે ધનથી કે ધર્મથી, સંપથી કે સંતોષથી લોભાઈને, તણાઈને, પૂર્ણાનંદે આજે અને અત્યારે યોગી, બ્રહ્મજ્ઞ કે હરિભક્તનો ત્યાગ કરી અહીંજ નિવાસ કરેલો જણાતો હતો. અનેક પ્રકારનાં કૌતક કરીને, હસીને, હસાવીને, પોતાના પિતાને વસંતવિલાસિની વસંતરાજજ બનાવી દેતી હતી.

પણ આઠ ચક્ષુઓ છતાંયે અદેખા ચતુરાનનની ઈર્ષા કોની અજાણી છે? મનુષ્યગણ સુખદુઃખભાજી છતાં તેમાં વસતા મણિપુરના મહારાજની અવિચ્છિન્ન સુખસંપત્તિ અજને તો રૂત્રાકરી થઈ પડી. ઈર્ષાએ તેના પાણ્ડિત્યનો પરાભવ કર્યો, વિવેકનો પરાજય કર્યો. કહ્યું છે કે

> " सृजति तावदशेष गुणाकरं पुरुषरत्नमलंकरणं भूवः ।
> तदपि तत्क्षण भंगिकरोति चेत् अहह कष्टमपंडितता विधेः ॥"

આ ધર્મરાજ્યના ધર્મમૂર્તિ મહારાજાના ધાર્મિક હૃદયને કે ધર્મ રક્ષિત દેહને કંઈ ન કરી શકાયુ ત્યારે ઈર્ષાથી નિષ્ઠુર બનેલા અજે, ઈશ્વરાર્પિત જનનશક્તિનો દુરૂપયોગ કરી, મહારાણી છતાં પ્રેમાળ અને ભોળી અબળાના મસ્તિષ્કમાં એક વિચારરૂપી કીટક ઉત્પન્ન કર્યો. અરેરે! ઈર્ષા કેવી ભુંડી છે?

ઈર્ષા કેવા અનર્થ કરાવેછે? ઈર્ષાથી સંતાપ વધેછે પણ બુદ્ધિ ઘટેછે; કલેશ ઉત્પન્ન થાયછે પણ શાન્તિ નષ્ટ થાયછે. ઈર્ષા એ બળતા અગ્નિની જ્વાલા છે; તે જેના હૃદયતલમાં પેઠી તેને ઉષ્ણ કરેછે, કકળાવેછે, સંસણાવેછે. પ્રદીપ્ત થયા પછી તે હોલાતી નથી. હિતૈષી થઈને મનુષ્યના હૃદયમાં તે પેશી જાયછે, અને પછી દુષ્મનની ગરજ સારેછે. તે વ્હાલાંમાં વેર કરાવેછે, કુટુંબમાં કલેશ ઘલાવેછે. વળી પરજન કરતાં સ્વજન હોય ત્યાં તેનું બહુ ચાલેછે. આખા જગતના લોકોનો ઉદય થાય તેનુ કંઈ નહી પણ કોઈ સગા કે સંબંધી કે મિત્રજનનુ રૂડુ થાય એટલે ઈર્ષા પ્રબળ થાયછે. ઈર્ષાને લાભની અપેક્ષા નથી. તેને પારકાની હાની ઉપરજ પ્રીતિ છે. પોતાથી ઉતરતા જન બરાબરીઆ થઈ જશે, કે બરાબરીઆ વધી જશે એવા ભયથી અને ચઢતા જન ઉતરતા નથી થતા તેના દુઃખથી ઈર્ષાળુ પુરુષનુ હૃદય ખાખ સમાન થઈ જાયછે. ભૂતકાળની બળતરા, વર્તમાનની શોચના અને ભવિષ્યની ચિંતાથી ઈર્ષા મનુષ્યમાત્રનો વધતો ઓછો ભોગ લેછે. અવનવાં કલ્પિત કારણો ખોળી ઈર્ષા દ્વેષ અને વૈર ઉભાં કરેછે, અને તેજ વૈર તથા દ્વેષને નવી નવી કલ્પનાઓથી વર્દ્ધિત કરેછે. અન્યોન્ય વિશ્વાસ અને પ્રીતિના પાયા નાભિકમળ સુધી ઊંડા ગયા હોય તોપણ ઈર્ષા એક ઈષત્ સ્પર્શથી તેમને ડડળાવેછે. જેના હૃદયમાં ઈર્ષાનુ મૂળ પેઠુ તેના સુખનો અંત આવેછે—તેને સુખ દુઃખરૂપ થઈ પડેછે, ઘર સ્મશાનવત્ લાગેછે, અનુકૂળતાઓ પ્રતિકૂળતાઓ થાયછે; ટુંકામાં સુધા પણ વિષતુલ્ય લાગે છે. સર્વથા, મહાકવિ શેકસપીયરના

"O, beware, my lord, of jealousy;
It is the green-eyed monster, which doth make
The meat it feeds on."

એ અભેદ્ય ઉપદેશકવચને નિરંતર ધારણ કરી, સર્વ કોઈ આત્મહિતેચ્છુએ અનેક પ્રકારનાં તીવ્ર, અદૃશ્ય, અને ગેબી ઈર્ષાનાં શરને પેસતાંજ રોકવાં જોઈએ. ઈર્ષાથી જે લેવાયો તેને દૈવેજ ખાધો. પણ દૈવે ક્યાં આ ભુંડી ઈર્ષાને પર કરી શક્યો છે? તેણેજ જો તેને વિમુખ કરી હોય તો અત્યારે સર્વ પ્રકારના ઉચ્ચ સુખમાં મગ્ન થએલાં આ દંપતીને સંતાપવા શું કરવા તે એક મોહક પણ ક્ષોભક વિચાર ઉત્પન્ન કરે?

આવા કોઈ વિચારના સંચારથી હરખાઈ હોય એમ પુત્રીને

ઉદ્દેશી મહારાણી બોલી "બેન, રૂપાળો વર જોઈને પ્હોર તને પરણાવીશું ત્યારેકની, ત્હારી પાસે ચંદ્રપૂજન કરાવીશું; અને ઝાર કરાવી ત્હારી નણંદ સાસુને એકેકી હીરાની માળા આપીશું." કંઈક લજ્જાથી નમ્રમુખી થઈ વસંતવિલાસિની બોલીજ નહી ત્યારે ફરીથી તે બોલી "કેમ બેટા! તને પરણવું ગમશે કે નહી? તું આ બોલે નહી ત્યારે તો શા કામનું? કહેતી શેં નથી જે?" વસંતવિલાસિની બોલી "બા! તને એવી એવી વાતો બહુ ગમે છે. એમાં તે શું પૂછવું ને શું કહેવું? જો પેલી મેનાયે એકલી એકલી કેવી રમે છે?" કંઈક ધ્રાશકો પડ્યો હોય એમ રાણી બોલી "બેટા, હવે તો તું મ્હોટી થઈ તે તા'રે માટે હુ તો રોજ વિચાર કરૂંછું. પણ તને પરણાવીશું તો ખરાં, પણ જુદી રાખવાની નથી." માતાની આ વાર્તાથી કાંઈક સ્મરણ થવાથી એકદમ તેના ગુલાબી વદન ઉપર ઇંદ્રધનુષ્યની પેઠ રંગની જવર અવર થવા લાગી અને માનશકુન થયા હોય એમ તેના કાળજામાં તેલ રેડાવા લાગ્યું; તેથી તે બિચારી આ અણગમતી વાતથી અલગ રહેવા દીર્ઘિકા ઉપર રમતું સારસમિથુન જોવાને બ્હાને જતી રહી. માતાએ તેને જવા દીધી, પિતાએ તે ગઈ તે જાણ્યુંજ નહી.

મુછના અગ્રવાળ ઉપર આંગળી ફેરવતાં ફેરવતાં કેટલીએકવાર વિચાર કરી જરા ગંભીર મુખ રાખી રાજા બોલ્યો, "પર ગામના રાજપુત્રો કરતાં ગામના ગૃહસ્થો શા ખોટા? વૈર અને કુસંપ તથા કુસંગથી પરાધિન થએલા પરરાજાના ઉચ્છૃંખલ અને અભિમાની દીકરાઓના તાબામાં આ કુલને કેમ સોંપાય? શો વિશ્વાસ એવા જનનો જેની સાથે ઓળખાણ પણ લગ્નપ્રસંગે થાય? ખાંડાથીજ પરણનાર રાજાઓ ઠેઠ સુધી ખાંડુ ને ખાંડુ રાખે ત્યારે? વળી ગુણ દોષની પરીક્ષા વિના કેવળ લક્ષ્મી, કુળ કે કીર્તિ ઉપર મોહ પામી, આવી ગાય જેવી દીકરીને કોઈ ક્રોધી, પ્રમાદી કે લોભી વા સ્ત્રૈણને હસ્તગત કરવી એ કેવી નિર્દયતા? વળી આપણે ક્યાં કશાની ખોટ છે? આ સર્વે વસંતબાનુંજ છે તો.... ત્યારે મને તો પેલો સુગુણસિંહ બધી રીતે ઠીક લાગે છે. કહે વારું! ત્હારો શો વિચાર છે?" રાણી, "હા, એયે ખરો–દેખાવડો તો વસંતજેવો છે. બોલવે ચાલવે પણ શીળો છે, પણ વસંતને ગમે ત્યારે કની?" રાજા, "વસંતને શા માટે નહી ગમે? જો એ શૂરો તથા દયાળુ છે; લક્ષ્મી છતાં તેનુ ફલ જે ગર્વ તે તેનામાં નથી; યૌવન છતાં તેનુ ફલ જે ઉચ્છૃંખલતા

તે તેનામાં નથી; કીર્તિ છતાં તેનો તેને મદ નથી. મોહ તેને મારી શક્યો નથી. લોભ તેને ધારી શક્યો નથી. હવે એ નહી ગમે ત્યારે કોણ ગમશે?" "હા, છે તો એમ; આંખમાં તો જાણે જાદૂ ભર્યો છે. મ્હોં તો જાણે પૂનેમનોજ ચંદ્ર; ખરે, કહ્યાગરોયે ખરો. બેનના કહ્યામાં તો રોજ રહેશે; ઠીક, વર તો ખાસો છે." આટલું બોલી વિચારમાં લીન થઈ જાણે દીકરીનુ દાન અને તે ઉપર રાજ્યની દક્ષિણા આપવા માંડ ઘાલી માંહ્યરામાંજ બેઠી હોય, સમીપવર્તી વનિતાઓનાં વરકન્યાનાં વખાણનાં જોડકડાંજ સાંભળતી હોય, વરકન્યા સામે જોતી "ભવોભવ આવુ સુખ દીકરીને હજો" એવી આશિષ દેતી હોય એમ મહારાણી જણાવા લાગી; અને રાજાના નીચેના શબ્દોથીજ ભવિષ્યપર્વમાંથી વર્તમાન અનુભવમાં આવી. "સુગુણસિંહ વિદેશથી બેચાર રોજમાં આવશે. એટલે તેની ઇચ્છા અને તેનાં વડીલની અનુમતિ હશે તો ચારેક દિવસમાં ભર દરબારમાં ચાંલ્લો કરીશું. કેમ તને ફાવશે કની?" રાણી "હા. ઠીક છે. પણ જે કરવું હોય તે પેહેલેથી કેહેજો. ચાર સગાંને બોલાવવાં પડશે. એમ "ઉડ, ઉડ" થવાનું નથી. ઉપન્યું ત્યાંથી નિપન્યું તમે તો કરો-પણ અમારે તો ખોટું દેખાય." રાજાઃ "આ કહ્યું; એમાં શું કહેવું છે? કરજે ત્હારે જે બંદોબસ્ત કરવો હોય તે; પણ જરા વસંતબાને વાત કરજે." રાણી; "એમાં એને શું પુછવું છે? એ બાળક તે શું સમજે—તમે આવડા મ્હોટા એને માથે બાપ છો ને એતે શું કેહે?" રાજાઃ "ના, એમ નહી—એની રુચિ પ્રમાણેજ કરવું. એમાં આપણું કર્તવ્ય છોકરીને જન્મારો નડે; માટે તેની મરજી પેહેલી લેજે." રાણીઃ "હવે એક દહાડો સે'જ વાત નીકળી'તી ત્યારે એણે તો સુગુણનુ નામ સાંભળી મ્હોં મરડ્યું હતુ. પણ એનુ ધાર્યું કંઈ થાય કે શું? એ કેદા'ડાની ડાહી? હવેથી સાથે બેસાડીશું, જમાડીશું એટલે મન મળી જશે, એમાં તે કેટલી વાર?" પ્રિયાની અજ્ઞાનતા ઉપર હાસ્ય કરી, દીકરીને સુગુણ ફાવતો નથી એવી કંઈ શંકાથી તે જરા વિચારમાં પડ્યો. રાણી બોલીઃ "ઉતાવળ કરો. કુળ, ઘર ને વર ત્રણે મળ્યાં. પછી શું જોઈએ? પછી વરાઈ જશે તો પડશે દુઃખ." માતાની વત્સલતા ઉપર વિચાર થતાં પત્નીની ત્વરા ઉપર તેને માઠુ ન લાગ્યું; તેથી તેના સામે હસી રાજાએ કહ્યુંઃ "ઠીક છે, તું કહીશ એમ કરીશું—હવણે તો કંઈ નથી. ધણીનું ધાર્યું થાય છે. પણ હવણે જા; બેન સાથે આ વાત તો કરી જોજે."

આ શબ્દોથી સંતુષ્ટ થવું કે ન થવું તેની કંઈ ફામ વિનાં આજ્ઞાનુગામિનીપ્રિયા પતિનુ હસતું વદન નિરખતી નિરખતી ચાલી ગઈ.

પોતાના મનમાં એક વાત ઠીક લાગી એટલે તે વાત વિરુદ્ધના તમામ રદીયા નકામા ગણી તથા તે વાતમાં સર્વ સાનુકૂળતાઓ ગણી સ્રીઓ તે વાત કરવાનો દિવસ રાત શ્રમ કરે છે. એક વાતમાં લુબ્ધ થઈ એટલે સ્રીઓને અહિત હિતના વિચાર રહેતા નથી. વળી "અજવાળી પણ રાત" તેમ ગમે તેવી ડાહી તોપણ આ રાણી સ્રી હતી તેથી ડહાપણ અને અનુભવ તથા જ્ઞાન, તેનો વેગ અટકાવી શક્યાં નહી. તેથી સુગુણને સર્વ રીતે લાયક માની લીધો એટલે તેનેજ કન્યાદાન દેવાને આ સતી દુરાગ્રહી થઈ; પણ એક શબ્દમાંજ દીર્ઘદર્શી રાજાનું મન એ ખાતે ઢીલું પડી ગયું. તે સારી રીતે જાણતો હતો કે પ્રેમ કૃત્રિમ હોય નહી, હોય તો તેમાં સુખ હોય નહી–તે પણ હોય તો અંતે શતધા દુ:ખની ઉત્પત્તિને માટેજ; તેને અનુભવ હતો કે વગર સ્નેહે જોડાયલાં વરકન્યા અન્યોન્યનાં દુશ્મન થઈ જાય છે. તેમ પોતાની એકની એક દુહિતાનું યાવજ્જીવ સુખ સાચવવાનો તેને તો આટલો આજ પ્રસંગ હતો. તેમાં પણ રાજ્યની માલિક જ્યારે ત્યારે દીકરી થાય તો તેનો શિરછત્ર તેનો પતિ પણ તે રાજ્યપદને ઉચિત જોઈએ, એ વાતનો પણ વિચાર તેનેજ કરવાનો હતો. તેથી નિત્ય વ્યવહારની, રાજ્યની અને બીજી સર્વે વાતોને લઘુ ગણી અત્યારે આ ઝુલતા હીંચકા ઉપર દેહને હીંચાવતો રાજા, મનને, દીકરીના વિવાહના વિચારના હર્ષ, શોક, ચિંતા અને વિતર્કની સાંકળે મઢેલા હીંચકા ઉપર ઝુલાવવા લાગ્યો અને કાંક નીચે પ્રમાણે ગણગણવા લાગ્યો:

"કોઈ નિર્માલ્ય યુવકને કન્યા આપીએ અને બાપની મીલકતના છકમાં કન્યા તેને બદે નહી, કે તેને દબાવે કે તેનું કહ્યું ન માને અને છેલે તે બિચારાને દુ:ખ દે ત્યારે મ્હેં તો મ્હારે હાથે કરીને દીકરી આ ભવમાં અધમ બનાવી અને પેલે ભવ પતિત બનાવી! પણ એમ કેમ થાય? વસંત એવું કરે એવી તો નથી. પણ હાથીને અને સ્રીને અંકુશ તો જોઇએ. વળી "स्त्रीबुद्धिः प्रलयकृता"; ત્યારે મ્હોટી થયા પછી એ કેવી નીવડશે તેનુંએ શું કહેવાય? પણે હવે જોઉ;" એમ કહી આંગળીના વેઢા ઉપર અંગુઠો મુકી ગણતાં ગણતાં તે બોલ્યો, "આગળ પાછળના રાજાઓમાં શો માલ બળ્યોછે? કનકપુરવાળો લંપટ નીવડ્યો, બીજો છોકરો ગુમ થઈ ગયો. અજમેર, જેપુર, હસ્તિપુર, કમળપુરમાં કંઈ વટ કે માલ

નથી. અફીણનું વ્યસન વધી પડ્યું. કોઈની પ્રજા પીડિત તો કોઇની જાત વ્યથિત; કોઈને માથે દેવું; કોઈ સ્વચ્છંદી તો કોઈ કલંકિત; વળી એવો કોઈ મહાન્ નથી કે જેનો દીકરો લાયક કહેવાય–સુગુણ જેવો તો કોઈ જડનાર નથી–પછી ધરતીના છેડા સુધી નજર ફેરવો. પણ એ એને ન ગમે ત્યારે?—ત્યારે સંતાપ. હવે જે પુત્રીને માટે ભર જોબનમાં મહા કષ્ટ વેઠેલાં, જે પુત્રીને કુખમાં રાખી લાડ લડાવી ઉછેરી પાલવેલી અને આ સર્વસ્વ પણ જેને સોંપવાનુછે તે એકની એક જીવિતાધિક પુત્રીનુ આટલું આએ સુખ ન જળવાય ત્યારે ધિક્કાર પડ્યો આ રાજ્યનીતિમાં અને ધિક્કાર પડ્યો આ પિતૃત્વમાં. વળી હવે સમય પણ સમીપ આવ્યો. કન્યા કુંવારી પણ કેમ રખાય? "દીકરી અને એઠું ધાન્ય, વાસી રખાય નહી." આપણે મન તો અર્ધાક્ષર બોલતી એ નાનકડી ને નાનકડીજ છે પણ વરસ વરસનુ કામ કરે છે. શરીરસાથે પાકુ લ્હેણું એટલે નાની તોએ મ્હોટી દેખાય છે. લોકોએ તો રાજા રામને પણ નથી મુક્યા ત્યારે આપણી વાતો કરેજ તો; પ્રધાન પણ એ વાત કેહેતા હતા. પણ કરવું શું? નીકળી પડું એને માટે વર ખોળવા? રાજ્યકાર્યનુ તો કરી લેશે પ્રધાન. પણ એમે કેમ થાય? મ્હેં તો એને માટે ખોજ્યોજ છે તો, પણ તે એને ન ગમે ત્યારે શ્રમ વ્યર્થ જાય–લોકમાં બમણી હાંસી થાય. વળી એ દીકરી અને બાળક. તે શરમથી ન ગમતાંયે હા કહી બેસે તો એનો જન્મારો બગડે. પણ એને સુગુણ નથીજ ગમતો એ વિષે શી ખાત્રી? હોય; એ ન પણ ગમે. કહ્યુંછે કે "**भिन्नरुचिर्हिलोकः**".

"પણ એક દિવસ મ્હોં મરડ્યું તે કોણ જાણે શાયે કારણથી હોય; માટે એક વેળા આ વાત તો નક્કી કરૂં. આવવાદ્યો સુગુણને, પછી એની દાસી દ્વારા–"પણ આટલા વિચાર કરી હીંચોળા ખાટમાંથી જેવું ઉઠવાનુ કરેછે તેવોજ તેની દૃષ્ટિએ સુગુણસિંહ શિવાય બીજો કોણ પડે? તાત્કાલિક હર્ષ અને આશ્ચર્યથી તેને રોમોદ્‌ગમ થયો. તેનાં નયન સુગુણ સામે ઠરી રહ્યાં. પણ થોડીજ વારમાં સદૈવ આનંદમાં રેહેનાર સુગુણસિંહના વદનશશિને શોક–રાહુએ છાયેલો જોતાંજ હર્ષને બદલે તેને શોક થવા લાગ્યો. તથાપિ વીર પુરુષો શોકને બહુ વાર પોતાના હૃદયસ્થળમાં ટકવા દેતા નથી; ઝટ તેનો પ્રતિકાર કરે છે. તે પ્રમાણે ગમે તેવા સંકટનો પણ ઉપાય કરવાની પોતાની શક્તિને બરોબર જાણનાર આ નૃપતિ, પાદસમીપ પડેલા સુગુણને "ઉઠ, ઉઠ," એમ કેહેતો પુછવા લાગ્યોઃ "ભાઈ સુગુણ! શું છે આ? તું સુગુણસિંહ! મ્હારા રાજ્યનો ધ્રુવતારક–મ્હારી કીર્તિનો

સ્થંભ—તું આજે આમ—વી'લે મ્હોંએ! આ શું? બોલ ઝટ, શું છે? સુગુણસિંહ બે હાથ જોડી બોલ્યો "પૃથ્વીનાથ! આપત્કાળ અને દૈવ પ્રણિત, અને ઉપકારનો બદલો ન વળાયો એ ફળ". રાજા—"ચિંતા નહી. અક્ષરશઃ વાત કહીજા. જે હશે તેનો ઉપાય થશે. ઈશ્વરે ઉપાય વિના કંઈ વસ્તુ રાખી નથી." સુગુણે ધીરે રહી સર્વ વનની વીતક કહી સંભળાવી. "ધિક્—રામ રામ! ચિંતા નહી. હવણે ખોળી કે'ડાવું છું; એ દુષ્ટોના શા ભાર છે?" ઇત્યાદિ પ્રોત્સાહક વચનથી રાજા સુગુણને આશ્વાસન દેવા લાગ્યો; અને તેજ સ્થળે પ્રધાનને બોલાવી બસેં બસેં સવારોની ટુકડીઓ આઠે દિશા તરફ ચોક્કસ તપાસ કરવા સપાટાબંધ મોકલી દેવા લાગ્યો. અવર જનને કંઇક આશ્ચર્ય લાગ્યું તો ખરું, પણ થોડીજ વારે દિવાનખાનામાં આવી ધર્માસન ઉપર વિરાજી પ્રજાની વિવિધ અરજો ઉપર યોગ્ય આજ્ઞાઓ કરતાં જરા પણ આ રાજા ખિન્ન જણાયો નહી તેથી તે આશ્ચર્યમાં પ્રજાને કંઈ ખેદ થયો નહી. આમ ન્યાય કરતાં આ મણિપુરના નરપતિએ તે દિવસનો રહેલો શેષ ભાગ ગાળ્યો. સુગુણ પણ અંતરમાં ઉગતાં આશાનાં અંકુરોથી પ્રફુલ્લ જણાતો જેવો ઘરથી વિદેશ ગયેલો તેવોજ પોતાના ઘરમાં પેઠો. બીજી તરફથી પેલા શોધ કરવાને મોકલેલા અશ્વારો સ્વૈચ્છિક પ્રયાણનો પ્રમોદ અનુભવતા અનુભવતા, અનેક પ્રકારના તર્ક કરતા કરતા, હાસ્યવિનોદશી તાણીને હસતા હસતા, અશ્વની ખરીથી ધરાને ધમકારતા ધમકારતા, પગના અસહ્ય સ્પર્શથી ખસી જતી રેણુકાને ચારે પાસ ઉડાવતા ઉડાવતા, કંઈ કંઈ જાતના કૌતક જોતા જોતા, ગિરિ, ગુહા, કંદર, નાળાં, રે'ઠાણો, વિસામા, માળા, ઘાસની ગંજીઓ અને અખાડાઓ તપાસતા તપાસતા, નિરંકુશ નીર્મિત દિશા તરફ ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૩ મું.

બે અરજદાર.

કન્યાને માટે યથેચ્છ વરની શોધ કરવામાં રાજાનો, તેના લગ્ન સમયે કરવાની પેહેરામણીઓ કરવાના વિચારમાં રાણીનો, યદૃચ્છા ફરતાં કંઈ કંઈ અપરિચિત વિકારો અનુભવવામાં વસંતવિલાસિનીનો અને દિવસોની ગણત્રી કરવામાં સુગુણસિંહનો કાળ ધીરે ધીરે કેટલોયે વહી ગયો. કાળમહોદધિમાં એક

દિવસની છોળ બીજા ઉપર વાગવા લાગી; એક માસનું તરંગ બીજા ઉપર પડવા લાગ્યું. પણ હજી કંઈ પત્તો લાગ્યો નહી. જ્યાં ગયા ત્યાંથી અશ્વારો અને ચારો પાછા આવ્યા. સેનામાં ખરેખરા તોરા હતા તેમના શ્રમ પણ વ્યર્થ ગયા. વિશ્વાસુ, મેહેનતુ, નિમકહલાલ અને કાબેલ પુરુષો પણ વ્હીલા જેવા દેખાવા લાગ્યા, મોકલેલા મનુષ્યોમાંથી માત્ર એક જણ આવ્યો નહોતો—તે ક્યાં ગયો તેની કોઇને ખબર રહી નહોતી. તેમ તે પાછો ન આવવાથી પ્રસંગે કંઈ આશાનાં કિરણ દેખાતાં હતાં; પરંતુ એકંદર મત તો એવુંજ હતું કે ન આવેલો તો માત્ર ખુટીજ ગયો અને જેની આટલી બધી શોધ થતી હતી તેની તો

"कल्याङ्क्रिरंगलतिका नियतं विलुप्ता."

આ શંકાથી રાજાને ઉદ્વેગ થતો હતો, સુગુણને મહા શોક થતો હતો; અને પ્રધાનને ચિંતા થતી હતી. પ્રતિદિવસ "શું કરવું" તેના વિચાર ચાલતા હતા; અને આજે શુક્રવાર છતાં સમય વીત્યા છતાંયે ધર્માસન ઉપર રાજા વિરાજીત નહોતા તેનું પણ આજ કારણ હતું.

નક્ષત્રીપૃથ્વી કરી હસિત વદનથી ઉભેલા મહા ઉગ્ર પરશુરામ જેવો ભગવાન્ સૂર્યરાય આકાશના મધ્ય ભાગમાં એકલો નિષ્કંટક રાજ્ય ચલાવતો હતો. અજ્ઞાનને બાળી નાખવાનો જાણે તે કુંડ હોય એમ દીસતો હતો. તે દરિદ્રીને નિદ્રા અને ઉદ્યોગીને ઉત્સાહ આપતો પોતાના હઝાર કર વડે આખી ધરતીનું પાણી હરી લેતો હતો. અત્યારે તેનો પૂર્ણોદય હતો; તદપિ પ્રમાદને તે તિરસ્કારતો હતો.

આવા મધ્યાહ્નના સમયે રાજમહાલયનાં દિવાનખાનામાં દફ્તરી લોકો પોતાનાં દફ્તરો છોડી, કોઈ કાગળો વાંચવા મંડી ગયા હતા, કોઈ શે'રા લખતા હતા, કોઈ લખાવતા હતા, કોઈ કલમ કરતા હતા, કોઈ ચસ્માં લો'તા હતા, કોઈ તમાકુ કરતા હતા, કોઈ પટ્ટી ખાતા હતા, કોઈ તકરારી તુમારના ખુલાસા કરતા હતા, કોઈ કાયદાની બારીકી શોધતા હતા; પરંતુ સિંહાસન પાછળ બંધ રહેલા કનકદ્વાર તરફ પ્રતિક્ષણ તેમની દૃષ્ટિ એની મેળેજ જતી હતી. તે તરફથી આવતા લેશ પણ અવાજથી સર્વે સ્વસ્થ થઇ જતા. આ રાજ્યની કચેરીમાં સર્વ ગાદીઓ ભરાએલી હતી.—માત્ર એજ ખાલી હતી. તે પૂરાવાની વાટ જોતા હોય એમ ચોપદારો કનકની છડી લેઈ તાકતા ઉભા રહેલા હતા. જાતે હાજર થએલા અરજદારો, પ્રતિવાદીઓ અને વાદીઓ પણ ઉન્મુખ થઈરહ્યા હતા. રાજાના ન્યાયથી સર્વતઃ સંતોષ વર્ત્તતો હતો; તેથી વાર તલવારની ધાર જેવી લાગતી

હતી. રોજની વેળા વટી ગઈ-એક વાગ્યો-બે વાગ્યા-ત્રણ વાગ્યા; ઉઠવાનો પણ સમય થવા આવ્યો; પણ હજી કોઈ આવ્યું નહી. તેથી વિવિધ પ્રકારના તર્ક અને ગપના વાયરા વાવા લાગ્યા. એકે, બીજાએ અને છેલ્લે સર્વ કામદારોએ કલમો કાને ખોશી, ચસ્માં કપાળે ચઢાવ્યાં, પાઘ, મુકુટ કે ફેંટા હેઠે મુક્યા. કેટલાએક કંઈ બ્હાને પગ છુટો કરવાને બારણે ગયા, કેટલાએક આડા થયા, કેટલાએક કોઈ વાતોડા કામદાર આગળ ટોળુ વળી ઉભા. અરજદારો પણ આજે પેહેલવે'લીજ નિરાશા અનુભવતા બીજી રજુવાતે આવવાના ઠરાવો કરી અથવા અંદર અંદર સંપી જઇ પાછા જતા રહ્યા. કોઈ રહ્યું નહી. માત્ર બેજ અરજદારો રાજાની વર્ષાવત્ વાટ જોતા બેસી રહ્યા હતા. ઘડીએ તો ચાર વગાડ્યા. હજી ન આવ્યા પ્રધાન કે ન દેખાયા રાજા. તેમ પ્રતિહારો પણ રાજા પ્રધાનની કંઇ ખબર કહી શક્યા નહી. સમય વીતી ગયો તેથી હવે ઘેર જવાની ચટપટી થઈ. પેહેલું કોણ બોલ્યું તે જણાયું નહી—પણ માંહોમાંથી શબ્દ થયો કે હવે "જવું." પણ પેહેલ કોણ કાહ્ડે? ઉભા થાય ને બેસે. પોટલાં બંધાયાં. કલમો લ્હોવાઈ, ચસ્માં ડાબલામાં ઘલાયાં—પણ કોઇથી જવાય નહી. આ સર્વ જોઇ પેલા બે અરજદારનાં મ્હોં સુકાઇ જવા લાગ્યાં. તેમના શરીર ઉપર ભુખના પ્રહાર હતા, ચિંતાના ઝટકા હતા, પ્રજાગરની વેદના હતી. તેમાં નૃપ રાજ્યાસન પર નહી વિરાજે એવું કંઇક કામદાર વર્ગની હીલચાલ ઉપરથી જણાયાથી બન્ને એક બીજા સામે જોઇ રહ્યા. એટલામાં આવી એક પ્રતિહારે તેમને બીજી રજુવાતે આવવાની સમજુત કરી તેથી તેઓ તો બોલ્યા નહી, પણ તેમનાં વદનોએ તેમનો શોક કહી દીધો. તદપિ તેઓ ઉઠ્યા નહી; કામદાર-મંડળને જરા અકારા લાગ્યા; એ બેને લીધેજ તેમનાથી જવાયું નહી. "**स्वार्थी दोषान्न पश्यति**" એ પ્રમાણે પોતાને માટે આટલા બધા જન ખોટી થાય છે, એવું ન સૂઝયું આ બે અરજદારને—કે અરજદારને પાછો નજ ક'ડાય એ વાત સાંભરી આ રાજયમંડળને; તેથી અન્યોન્ય કટાક્ષ પ્રહાર થવા લાગ્યા. પણ એટલામાંતો અંદરથી અચિંત્યો "જય જય" શબ્દ સર્વના કર્ણ ઉપર પડ્યો. રાજ્યશાળાના મહેતાજીને આવતા સાંભળી સર્વ શિષ્યજન પોતપોતાને યોગ્ય સ્થાને ચપોચંપ બેશી ગયા. સર્વની સલામો ઝીલાયા પછી, સર્વના શે'રાઓમાં સહીઓ થયા પછી, બંદીજનોએ સ્તુતિપાઠ ગાયા પછી અને રાજ્યનો દૈનિક વર્તમાન સંભળાયા પછી, બાકી કામની મુદતો નાખવામાં આવી.

આ રાજાના વખતમાં કામ કહાડવાની ઘણી છુટ હતી. પદ્ધતી એવી

રાખેલી કે એક કામ રજુ થાય એટલે પક્ષકારોની હકીકત સંભળાતી, અને પછી પ્રધાન સાથે વાત કરી રાજા તુરત છેવટની આજ્ઞા આપતા. તેજ આજ્ઞા બીજા લેખકો લખી લેતા ને તેમાં ભૂપાલની સહી થાય એટલે તરત બીજા પાસે બેઠેલા નોંધી લેતા હતા. આથી કામ એવી ઝડપથી ચાલતું હતું કે આજનુ આજ અને કાલનુ કાલ થઈ જતું. કામ ઉધારે કે શિલિકે ભાગ્યે રહેતું. પ્રજાને સાંઘો અને વ્હેલો વ્યાજબી ન્યાય મળતો. સર્વ વર્ગના લોકોને સરખો ઈનસાફ મળતો તેથી શ્રીમાન ગરીબને કનડી શકતા નહી અને ગરીબ શ્રીમાન ઉપર મિથ્યા અપવાદ નાખી શકતા નહી. વળી આ મહારાજાને સર્વ જન ઉપર પ્રેમાળ કરુણાદૃષ્ટિ હતી તેથી રખેને આપણું ખોટું જાણી આપણા ઉપર ઈતરાજ થાય એવી ધારણાને લીધે અસત્ય સંભાષણ કે પ્રપંચરચનાનો આશ્રય લેવાતો નહોતો. ન્યાય સજજ અને સનેત્ર હતો એટલે પક્ષકારોને પક્ષવાદીની અપેક્ષા રહેતી નહોતી; તેમ સ્વધર્માચારી નૃપતિની સ્વધર્મજ્ઞ પ્રજામાં દુષ્કૃતિ માત્ર ક્ષણિક વિકૃતિ જેવી હતી તેથી ગુન્હાનાં સ્વરૂપ અને સંખ્યાની લઘુતા હતી. એટલે સહજ વારમાં પોતાનુ કર્તવ્ય કરી લઈ સેવકવર્ગ સાથે મધુર ભાષણ કરતાં કરતાં સિંહાસન ઉપર જરા આડા થઈ નરપતિએ નવા અરજદારને પોકરાવ્યા; તો પેલા બે અરજદારો શિવાય બીજું કોણ હોય ?

આ બન્ને અરજદારો એકજ હતા. તેમાંનો એક વૃદ્ધ જેવો દેખાતો હતો. બીજો જુવાન હતો. બન્નેનાં વદન કરમાઈ ગયાં હતાં; બન્નેએ શસ્ત્ર સજેલાં હતાં. બન્નેની આકૃતિઓમાં મહત્તા હતી. જાણે વખાના માર્યા આ સ્થળે આવ્યા હોય એવા તે દીસતા હતા. તેમાં જે જુવાન હતો તેની મુખમુદ્રા પ્રભાતના ચંદ્ર જેવી હતી. પણ તે ઉપર પ્રતાપ પ્રભાતના સૂર્ય જેવો દેખાતો હતો. પાંજરામાં પડેલા સિંહના જેવી તેની ગતિ હતી. તેની નીચે નમેલી આંખોના અગ્નિને, રસાર્દ્ર કાયનાં ઢાંકણ ન હત તો તે બજારો ને બજારો બાળી નાખે એવો સંભવ જણાતો હતો. તેના વિશાળ કપાળમાં પોતાનાં અને પ્રજાનાં પ્રતિબિંબ જોઈ રાજા અને પ્રધાનના મનમાં ઇંદ્રજાળનો ભ્રમ પેઠો. મદનની પણછ જેવી તેની ભ્રમરો હતી. તેની ભૃકુટિમાં કોટીના જીવિતનો આધાર હતો. તેના કંઠનો શંખ વાણીમાંજ દંખ દેઈ આખી સભાને ઝંખવાણી કરવા સમર્થ હતો. બળ અજમાવવાનું સ્થાન ન જડવાથીજ તેના આજાન બાહુ હાલ્યા કરતા હતા. તે પગથી હાથી હતો, કેડથી કેસરી હતો, કંઠે કોકિલ હતો, આંખે ખંજન હતો, કેશે કાળીનાગ હતો. દેહવાટિકામાં અંગ રૂપી

પુષ્પોના વિકાસથી તે જાણે સાક્ષાત્ વસંતરાજ હતો. ગુરૂજનની અકૃપાથી વિદેશ સેવતો તે જાણે રામચંદ્રજી હતો. બલિરાયને ત્યાં ભિક્ષા લેવા જનાર તે વામનજી હતો. તેનામાં શીતલતા ચંદ્રની હતી, પ્રકાશ સૂર્યનો હતો, ધૈર્ય ધરાનુ હતું, દાક્ષિણ્ય પવનનું હતું, મહાનુભાવતા આકાશની હતી અને ગંભીરતા મહાસાગરની હતી. કરણની ત્યાગશક્તિ, દુર્યોધનની નીતિ, ધર્મનુ સત્ય, ભીમનુ બળ, કૃષ્ણની કલા અને અર્જુનનુ શૌર્ય એ સર્વે એના લઘુ દેહમાં અન્યોન્યથી અધિકતર સત્તા મેળવવાને યત્ન કરતાં હતાં.

આવા વિરલ બાળકને આ વૃદ્ધ દેખાતા પુરુષની સાથે નૃપતિપદ સમીપ આવતો જોઈ કોઈને હર્ષ, કોઈને સંદેહ, કોઈને આશ્ચર્ય અને કોઇને ભ્રમણા થવા લાગ્યાં. છેવટ "શી અરજ છે?" એવા ધ્વનિની સાથેજ આ યુવાન બોલ્યોઃ "મહારાજ! આ સાથે આવેલા આર્યજન મા'રા શિરછત્ર છે. અમે ક્ષત્રીઓ છીએ. આપત્કાળથી અમારું સર્વસ્વ ગયું છે. આપની ખ્યાતી સાંભળી અમે બન્ને અહીં આવ્યા છીએ—પણ યાચના માટે નહી. હું જુવાન છું—માટે આપની કોઈ સેવા મન કૃમ વચને કરવા ખુશી છું. અનેક સ્થળે જય મેળવી વિપરીત દૈવથી આ અવસ્થા ભોગવનાર આ ક્ષત્રીયજન વૈદ્યક સારું જાણે છે. તેથી તેઓ પણ આપના રાજ્યમાં નિરૂપયોગી નહી જણાય. જો ઇચ્છા હોય તો આ વેળાથીજ આપના પરિચરવર્ગમાં મને દાખલ કરો. આપની સેવા કરીશું અને ઉપકાર માનીશું." આટલું બોલતાં તે જરા ગળગળો તો થઈ ગયો પણ મોતી જેવા દાંત અને પ્રવાળ જેવા ઓષ્ટથી નીકળતા તેના શબ્દોએ સભામંડળની સર્વ ઇંદ્રિયોને સ્તબ્ધ બનાવી દીધી હતી એટલે કોઈનું લક્ષ તે ઉપર ગયુંજ નહી. જાણે તેના શબ્દની ધારા હજુ પણ કર્ણ ઉપર પડતી હોય એમ સર્વ કોઇને લાગવા માંડ્યું. રાજા તો જાણે તેના રૂપના અર્ણવમાં ન્હાવા લાગ્યો, તેના ભ્રૂભંગમાં ધવાવા લાગ્યો, તેની પ્રભામાં સમાવા લાગ્યો, અને તેની શબ્દ-જાલમાં ફસાવા લાગ્યો. તોપણ એકાએક પુત્રવત્ પ્રીતિ તેના ઉપર રાખવાને હૃદય ધડાકા લેતું હતું, તેથી તેને પોતાની પાસે બોલાવી તેને પગલે પગલે પોતાનું સર્વસ્વ આપતો હોય એમ પ્રેમથી ગદ્દગદ શબ્દે રાજા બોલ્યો "ભાઈ! તમ સરખાં રત્ન આ રાજ્યની શોભા વધારનારાં છે. ભલે અત્યારથી અહીં રહો. તરવાર એજ તમારી સખી, રક્ષણ એજ તમારું કર્તવ્ય અને મ્હોં માગ્યો મુસારો; કહો, બીજુ શું જોઈએ?" ઓશીયાળો થઈ ગયો હોય, સર્વસ્વ હરાઈ ગયો હોય, અધમાવસ્થાના ભારથી દબાઈ ગયો હોય

એમ નમ્ર થઈ જઈ આ યુવાન બોલ્યો "જોઈએ એટલું કે હવે આપ કાર્યક્રમ બતાવો; સેવા બજાવ્યા વિના આપની પ્રજાના ધનમાંથી એક પાઈ પણ અમારે હરામ છે." આવા શબ્દોથી મંદહાસ્ય કરી જાણે તેને છાતી સરસો દાબવાને સોત્કંઠ હોય, જાણે તેને પોતાનું રાજ્ય આપવાને તત્પર થયો હોય એમ સિંહાસન ઉપરથી ઉચ્ચો થઈ તેને પોતાની પાસે બોલાવી, જેવો આ યુવાન તેને પગે પડેછે તેવોજ, આ રાજાએ તેના માથા ઉપર રાજ્યલક્ષ્મીસહિત પોતાનો જમણો કર મુક્યો.

પોતાનાજ મહાલયના એક સામેના ગૃહમાં આ બન્ને ક્ષત્રીયોને રહેવાને સર્વ સોઈ કરાવી બન્નેને ત્યાં વદાય કરી તથા સર્વ સભાને વિસર્જન કરી રાજા, સુગુણસિંહ તથા પ્રધાન સાથે એકચિત્તથી વાત કરતો હેમકૂટના શિખરની શોભાને ધારવા લાગ્યો. તેના વદન ઉપર ઇષત્ સ્મિત ફરકવા લાગ્યું. કંઈક સુકૃતિ કર્યા પછી થતો સંતોષ તેને સાકાર થઈ ગયો. વૃદ્ધ વડિલ સાથે આવેલા કિશોર માધવસિંહનામાં તેણે પોતાની આશાની પરિસીમા તથા પોતાની ઇચ્છાની પૂર્ણાહુતિ પ્રત્યક્ષ અનુભવી. અલ્પ સમયમાં અને સહજવારમાં તેની સર્વે મનોવૃત્તિ તે જુવાન ઉપર ઠરી તેથીજ હોય એમ તેણે આજે સુગુણસિંહ આગળ કંઈ ઉદાસી દેખાડી નહી. પરંતુ ઈષ્ટ વસ્તુની શોધ કરતાં તે નથી મળતી તેમ તેમ તેના ઉપર પ્રીતિ વધતી જાયછે અને તેમ તેમ તેને મેળવવા મનુષ્યમાત્રનો આગ્રહ વધતો જાયછે; તે પ્રમાણે કાળના કાળ વહી ગયા પણ નદીમાંથી બચેલી અને પોતાનુ રક્ષણ કરવામાં ખોવાઈ ગએલી ભગિનીનિર્વિશેષ એક સ્ત્રીને માટે પણ સુગુણસિંહ તો કાયો કાયો થઈ ગયો હતોઃ તેથી તેણે ઘણી નમ્રતા તથા આજીજીથી રાજા પાસેથી વિદેશ જાતે ખોળ કરવા જવાને આજ્ઞા માગવા માંડી. ઘણી ઘણી વાતો કહી સમજાવ્યો, ઘણો મોળો પાડ્યો, ઘણો વ્હેમાવ્યો પણ સુગુણસિંહ તો એકનો બે ન થયો. "જે સ્ત્રી ન હોત," તે બોલ્યો, "તો આ દેહ અહીં પાછો આવવાનોજ ન હતો તે સ્ત્રી વનમાં રઝળે અને આ દેહ અહીં રહે—રાજ્યની માંજ માણે, એ મહારાજાધિરાજ કેસરીસિંહના રાજ્યમાં બનેજ નહી. શું કરવાનો આ દેહ જ્યારે ઉપકારનો બદલો પણ તે ન વાળી શકે? "**परोपकाराय सतां विभूतयः**" તેમાં આ તો પરોપકાર નથી પણ ધર્મ છે. માટે આજ્ઞા આપો, કૃપાનાથ! એ અબળાના રક્ષણમાં—તેની શોધમાં આ દેહ પડશે તો એ ખોટું નથી." આવા આવા શબ્દો સાંભળી રાજાએ "ઠીક, એમ કરો, પણ સાથે માણસો લેઈ જા" એવો ટુંકો, અણગમતો અને ન ચાલ્યાનો

ઉત્તર આપ્યો. પ્રધાને કહ્યું "માણુસનું કંઈ કામ નથી. માણુસો તો જઈ આવ્યાજ તો. પણ હું અને સુગુણસિંહ કાલે સહવારે નીકળી પડીએ. ઈશ્વર કરશે તો પંદર દિવસમાં પાછા આવીશું. માટે એવી આજ્ઞા કરો, પૃથ્વીનાથ!" આ વાત સર્વને અનુકૂળ પડવાથી "બહુ સારું; પણ સવારે ઉગતે પ્રહરે વસંત બ્હેનને હાથે અક્ષત, કુંકુમ, પુષ્પ, ફોફળ, શ્રીફળ આદિ વધાઈ લેઈને જજો." એવાં રાજાનાં વેંણથી સુગુણ પ્રસન્ન થયો. રાજા વસંતબાને રમાડવા, નવા આવેલા માધવસિંહ સાથે વાત કરવા અને સુગુણને વદાય કરવાની તૈયારીઓ કરવા મંદ મંદ પગલે વાસગૃહમાં ગયો; અને સુગુણ પણ કંઈ મુદ પામતો, કંઈ ચિંતા કરતો, કંઈ વિચાર કરતો, અશ્વ ઉપર ચ'ડી પોતાને ઘેર ચાલ્યો; પણ અવશ્ય કામ માટે પરદેશ જવાના કારણથી રાજયકાર્યનો બંદોબસ્ત કરવા પ્રધાન તો દરબારમાંજ રહ્યો.

પ્રકરણ ૧૪ મું.

મીલન.

બીજે દિવસે પ્રભાતનો સમય થયો. 'ઉદય થતા પેહેલાં પણ મહાન્ પુરુષો દાનશક્તિ રાખે છે,' એ વાક્યને સપ્રમાણ કરવાને સૂર્ય ઉદયગિરિ ઉપર સુવર્ણની ચાદર પાથરવા લાગ્યો. મહાપતન થવાથી જાણે તેના વપુમાંથી રક્તની ધારાઓ છુટતી હતી. એમ છતાં પણ શતમણિની મણાને પણ માંણ માંણ બનાવતો ભગવાન આકાશમણિ જાણે ચંદ્રની રીતિ શીખીને રાજભવનના વાસગૃહમાં પ્રમદાઓના કેશકલાપ ઉપર કર નાખવાની તૈયારીમાં હતો. પરંતુ તેના ગ્રાહમાં ન આવતાં પોતાનુ કૌમાર સાચવતી રાજપુત્રી વસંતવિલાસિનીએ તો ઉત્થાન, દંતધાવન અને સ્નાનાદિક કર્મ ક્યારનુંયે કર્યું હતું. અત્યારે તો તે ઈશ્વર પામવાને માટે પાર્થિવપૂજન કરતી હતી. તેના કપાળની વિભૂતિ, વિભૂતિથી જરા પણ ગોપિત રહેતી નહોતી. એક પીતામ્બરમાં તેની દેહલતિકા સમાઈ રહી હતી. કરપલ્લવને એકૈકી અંગડીનુજ વલય હતું. સુવર્ણપાટ ઉપરથી જ્યારે તે પોતાના રચેલા મહાદેવને નમતી હતી ત્યારે તેજ શંકરને પરાધિન કરવાને ચ'ડાવેલા કામના બાણની પણછ જેવી દેખાતી હતી; તે જ્યારે હાથ જોડતી હતી ત્યારે મદનને જાગ્રત કરવા વિજ્ઞાપના કરતી

જાણે રતિ જેવી દીસતી હતી; તે જ્યારે સ્તુતિ કરતી હતી ત્યારે વસંતનો જય પોકારતી કોકિલા બની રહેતી; પ્રદક્ષિણા ફરવા લાગી ત્યારે પ્રેમના પાશે કૃષ્ણને બાંધતી તે રાધિકા થઈ રહેતી. સામા ધરેલા આયનામાં તે જાણે પોતાનું હૃદયજ જોતી હતી.

આ કન્યાની પાસે અત્યારે બે દાસીઓ હતી. એક તેને જે જોઇએ તે લાવી આપતી, આગળ પડવા શ્રમ લેતી, પોતેજ સર્વ કરેછે એમ દેખાડતી, પોતાનીજ અગ્રસરીતા પ્રસિદ્ધ કરતી, અને લતપતાત બહુ રાખતી; બીજી તેની પાસે બેસી સેવા કરતી, વાતોમાં પણ શિક્ષા દેતી, ગોપિત રહેવા યત્ન કરતી, અને નમ્રતા અધિક રાખતી. એ બન્ને દાસીઓ કુટડી હતી. પરંતુ એકનુ સુરૂપ તેના ચંચલ અવયવ અને હાવભાવ ઉપરથી પ્રત્યક્ષ થતું; બીજીનુ તેના પાદની આંગળીઓથી કલ્પાતું. બન્ને ઉપર વસંતવિલાસિનીને સરખી પ્રીતિ હતી. તે કોઈ વેળા ખીજતી નહી. પણ પ્રસંગે કંઈ કેહેવા જેવું હોય તો પણ એકની લઘુતાથી તે ડરતી, બીજીના ગૌરવથી અચકતી—તો પણ તે બન્નેને સખીઓ પેઠે રાખતી.

શંકરનો વર પામી પ્રસન્નવદનવાળી મુગ્ધા પાર્વતી જેવી તે પૂજા કરી ઉઠ્યા પછી શોભવા લાગી. પ્રાતઃકાળમાં નવપલ્લવની ઘટાને ઓથે રહેલા સૂર્યની શોભાને ધારનાર તેના કોમલ વક્ષઃસ્થળ ઉપર બે માલતીપુષ્પ ઉન્મીલિત થતાં. તેના વદનની લક્ષ્મીને સાચવવા ફણા માંડીને બેઠેલા સર્પનું ભાન કરાવતી તેના અલકની લટો તેના સ્કંધફલક ઉપર નૃત્ય કરતી હતી.

પુરુષાર્થનો પ્રથમ અર્થ સિદ્ધ કર્યા પછી આ લલિત કન્યા પોતાના વાસગૃહમાં શૃંગાર સજવા ગઈ. પણ તેના શૃંગાર સાદા અને થોડા હતા. સૂક્ષ્મ પરીક્ષકને તો તે પણ અળખામણા થઈ પડતા હતા. સ્વભાવિક રમણીયતાને બાહ્યસુંદરતા તે શું શોભાવનારી હતી? શું મુક્તાનો છડો તેના કંઠ આગળ ફીકો નહોતો પડતો? શું મણિવલય તેની નખ–પ્રભાથી નહોતાં છવાતાં? સર્વથા, શૃંગારરસે તેના ઉપર વાસો કર્યો હતો. જાણે સુધાકરનુ સત્વ અતિ પ્રેમથી તેનામાં પેશી ગયું હોય એમ તે શાન્તિ અને તેજ પ્રસારતી હતી.

રૂપાળી અને કોમળ તથા ઘટ સાંગામાંચી ઉપર બેસી, દાસીએ તૈયાર કરી આણેલી કંચનની સ્થાલીને તથા તેમાંનાં પાત્રને તથા સૌભાગ્યદ્રવ્યને તપાસતી તે ઘડીમાં ખુલાસો કરતી, ઘડીમાં ટીખળ કરતી, ઘડીમાં વિચારમાં પડી જતી અને ઘડીમાં મુદિત થતી. બે દાસીઓમાં પરસ્પર વિરોધ ઘલાવી બેને વરા'ડવામાં કાંક તે આનંદ

માનતી અને તેથી બન્ને વઢે એમ કંઈક નિર્દોષ યુક્તિયો કરતી. તેના વદન ઉપર મંદ મંદ હાસ્ય આવતું હતું તે જાણે પ્રેમસિંધુ શ્રીકૃષ્ણ અદૃશ્ય રહી રાધિકાના વદન ઉપર પુષ્પગુચ્છ ફેંકતા હોય એમ સમજાતું હતું. પરંતુ ક્ષણે તેનું હૃદય જરા જરા ધબકતું હતું તેથી પ્રાણનાથના પુષ્પ-પ્રહારથી ગભરાયલી વિભ્રાન્ત રતિ જેવી તે દેખાતી હતી. તો પણ ગજમુક્તાને માનમુક્ત કરનાર તેની દંતપંક્તિમાંથી નીકળતા જ્વલિત કરસમૂહના પ્રભાવથી તેની ભ્રમર ઉપરનો ભાર નહી જેવો થઈ જતે હતો એમ તેના કાજુ, સ્પષ્ટ અને હર્ષથી ભરેલા શબ્દોથી અનુમાનાતુ હતું. વિદેશ જતા સુગુણસિંહને વિદાય કરવાના સમયનીજ વાટ જોતી-ઘડીમાં તે ચોંકતી, ઘડીમાં આમ જોતી, ઘડીમાં તેમ જોતી, ઘડીમાં પુછતી અને ઘડીમાં ખબર ક'ડાવતી હતી.

પરંતુ જે તરફ તેની દૃષ્ટિ જતી હતી તે તરફ એક વિશાળ ખંડમાં સુવર્ણમેરુ ઉપર દીપતા સૂર્ય જેવો દેખાતો મહારાજ કેસરીસિંહ બે યોગી જેવા પુરુષો સાથે એકાન્ત કરતો હતો. કંઈ કંઈ પ્રકારના ગૂઢ મંત્ર થયા. કેટલાએક વિચારોનો સ્વીકાર થયો, કેટલાએક ભ્રષ્ટ થયા, કેટલાએક લોપ થઈ ગયા—કેટલાએક સંશયને ચગડોળે ચ'ડ્યા. આમ કેટલીકવાર ચાલ્યા પછી ભૂપતિને સાષ્ટાઙ્ગ પ્રણામ કરીને તેની આજ્ઞા અને આશિષ સાથે લાગાં શિર ઉપર ધરીને સુગુણસિંહ પ્રધાન સાથે જગદંબા જેવી રાજ્ય-માતાનો અનુગ્રહ લેવા અંતઃપુરમાં ગયો. અનેક સુંદર દાસીઓથી વિંટા-યલી મહારાણી સાક્ષાત્ નારાયણની તપશ્રી ધારણ કરનાર ઉર્વશી જેવી દીસતી હતી. નિઃસંશય, પૃથ્વીના ચંદ્રસમેત તારામંડળે આકાશના ચંદ્ર અને તારાને હરાવ્યા—નમાવ્યા—અસ્ત કર્યાં. કપાળે ચંદ્ર, ભમ્મરે ભ્રમર, નયને કમલ, દાંતે બકુલ, કંઠે કોકિલ, ઈત્યાદિથી દેવી કામસેના કામસેનાજ હતી. ઈષ્ટની અને પતિની સેવા કરી રાગદ્વેષ રૂપી શુંભ અને નિશુંભને સેના સહિત મારનારી પ્રસન્નવદની દેવી સાક્ષાત્ મહાકાળી બની રહી હતી. તેની સમીપ જઈ, રક્ત પાદથી રક્ત થયેલી ભૂમિકા ઉપર પોતાનાં પાદાઙ્ગુષ્ટ, જાનુ અને કરતલ ગોઠવી, પાદપીઠ ઉપર ઉત્તમાઙ્ગને ઢારવી, જેમ વધૂની વરમાળ, જેમ બ્હેનનું તિલક, જેમ રાજાનો શિરપાવ, અને જેમ ઈશ્વરનો વર, તેમજ સુગુણસિંહે ઘણા ઉમળકાથી રાજયમાતાની આશિષ ગ્રહણ કરી. જાણે તે આશિષથીજ ટટાર થઈને, એક સહજ ઉપકાર કરનાર કોઈ અનતિપરિચિત સ્ત્રીની ખોળ કરવા સત્વર જવાની આજ્ઞા તેણે માગી; અને મહારાણીએ તે આપી.

જડ પૃથ્વીની પાછળ કુમારની પેઠે પ્રદક્ષિણા કરવા ન જતાં આ સાક્ષાત્ પૃથ્વીમાતાની પ્રદક્ષિણા આ ગણેશ જેવા શાણા પુરુષે કરી. અને થયું પણ તેમજ. ઇષ્ટવ્યક્તિની શોધને માટે તેને જડ પૃથ્વીપર ભટકવું નજ પડ્યું; કારણ જેવો તે અંતઃપુરના દ્વારમાંથી નીકળે છે તેવીજ વસંતવિલાસિની પોતાના દ્વયકરામ્બુજથી તેનાં ઓવારણાં લેતી, છેલ્લી વધાઈ ધરવાને, દાસીની સાથે આવી સામી ઉભી રહી.

સુગુણસિંહના ઉપર તેને પ્રેમ નહોતો એમ નહોતું. તેના ઉપર તેણીને સગા ભાઈથી પણ વધારે સ્નેહ હતો. પણ તે પરગામ જાય તેમાં તેને કંઈ શોક નહોતો. પરંતુ તેના સુરક્ષણને માટે ચિંતાયે હતી. તેથી તેણીએ તેને બરોબર નખશિખ નીહાળી જોયો અને ખાત્રી કરી કે “ આ વેશ બરોબર ભજશે.” વિશેષ ખાત્રીને માટે રાજ્યલક્ષ્મી અને રાજ્યકીર્તિ જેવી શોભતી દાસીને તેણે કહ્યું, “ ફુલી, જો ન્યાળી ન્યાળીને આ સાધુ જનને—તેં કોઈ દિવસ એમને દીઠેલા છે ?” દાસી બોલી નહી, નાકસામી દૃષ્ટિ રાખી ઉભીજ રહી. આજ્ઞાભંગ થયો—અને રાજાની પુત્રી—એટલે વસંતવિલાસિની રીસાઈ. સૌભાગ્યદ્રવ્યની સ્થાળી ખેંચી લેઈ મ્હોં ચડાવી સુગુણસિંહને અક્ષતથી અક્ષત થવાનુ આશિર્વચન આપતી હોય એમ તે દેખાવા લાગી. દાસી સમજી; વિટંબણામાં પડી. એક પાસ ધર્મભંગ, બીજી પાસ આજ્ઞાભંગ—પર પુરુષને ન્યાળીને જોવું તેને પાતિવ્રતધર્મથી વિરુદ્ધ લાગ્યું; તેને ન જોવામાં સેવકધર્મથી પ્રતિકૂળ જણાયું; એક પાસ ભીંત અને એક પાસ ભાલો જણાયાં; દાસત્વ ઉપર તિરસ્કાર થવા લાગ્યો; દાસજનના હાથમાં તેનુ મૃત્યુયે નથી, તેનો ધર્મે નથી એવા કંઈ વિચાર ઉત્પન્ન થયા; પુસ્તકોમાં વાંચેલાં દાસત્વનાં દુઃખ નયન આગળ નાચવા લાગ્યાં. તે ગાભરી બની ગઈ, આકળી થઈ ગઈ. રૂદન તેના ઓઠ ઉપર ફરકવા લાગ્યું; નિઃશ્વાસ તેના ગળામાં રોકાવા લાગ્યા; ફેર તેની આંખે ચ’ડવા લાગ્યો. તેથી વસંતવિલાસિનીએ તેના હાથમાંથી ખેંચી લીધેલી સ્થાળી પાછી લેવાનુયે તેને ભાન ન રહ્યું, કે ન રહ્યું તેને સાન્ત્વના કરવાનુ ભાન; કેવળ જડરૂપજ બની રહી. પણ એટલામાં “વ્હેલા આવજો” એવા વસંતવિલાસિનીના શબ્દોનો ઉત્તર “જળમાંથી આવેલી જળદેવતા જેવી મ્હારી ધર્મની ભગિનીને આપની સેવામાં રાખવાને તેને લેઈનેજ આવીશ.” એટલું વાક્ય સુગુણસિંહે જરા મ્હોટે સાદે અને જોરથી કહ્યું. આ શબ્દોથીજ જાણે ઘાયલ થઈ હોય, જાણે કંઈ ભૂતવાતનુ ચિંતન થયું હોય, જાણે પરિચિત

શબ્દો કાને પડ્યા હોય એમ દાસી ચકળવકળ થઈ ગઈ. આ શબ્દરૂપી સાંગે આ દાસીના હૃદયમાં જળના ઉભનળ જેવી ઉર્મિ ઉત્પન્ન કરી. પતિવ્રતા છતાં, પરપુરુષનુ વદન ન જોવાની પ્રતિજ્ઞા છતાં, આ શબ્દ બોલનારનુ વદન જોવા તે ઉશ્કેરાઈ. આજ્ઞાથી જે કૃત્ય નહોતું કર્યું તે ઇચ્છાથી કર્યું. વશે નહોતું કર્યું તે કવશે કર્યું. તેણે સુગુણસિંહને જોયો—નીહાળ્યો—ઓળખ્યો.

અણચિંતવીજ તેના નયનકમળમાંથી જળની ધારા છુટી તે જાણે પોષ માસમાંજ માવઠું. તેના હૃદયકમળને આ શબ્દરૂપી જાનવરોએ ક્ષુભિત કર્યું, તેથી તે ઉપરના મોતીના દાણાજ જાણે ખરી પડતા હોય એમ તેનાં અશ્રુ સરવા લાગ્યાં. નયનવારિથી અંતરાગ્નિ શાન્ત પડ્યાના ધુમાડાથીજ તેની મુખમુદ્રા છવાઈ ગઈ. જ્યેષ્ટમાસના પવનથી માધવીની પેઠે તેની દેહલતા કંપવા લાગી. તેના સ્વભાવે શીળા વદનમાંથી ઉની વરાળો નીકળવા લાગી. શત્રુ દેખી શાહુડીનાં તેમ મિત્ર દેખી એનાં રોમનો ઉદ્ગમ થયો. જાણે સુગુણસિંહના શબ્દનોજ આ સ્ત્રીને ગળે ડચુરો ઘાલ્યો એમ તેનાથી ના નિયમિત શ્વાસ લેવાય કે ન મોકળુ મુકીને રડાય. એક થાંભલાને અઠીંગીનેજ તે પડતે પડતે રહી ગઈ. પણ એટલામાં તો સુગુણે જવાનું કર્યું તેથી આ સ્ત્રીની ધીરજ જતી રહી, પણ શરમ કાયમ રહી; તેનો કંઠ રૂંધાઈ ગયો; તેની જિહ્વા તાળવે ચોંટી ગઈ; તેના ઓઠ ઠરી ગયા; તેનાં નેત્રો નિસ્તેજ બન્યાં. ક્ષણવારમાં શાપથી જેમ અહલ્યા તેમ સંતાપથી તે ધરણી ઉપર શિલા જેવી ઢળી પડી. તત્ક્ષણ "આ શું?" એમ કહી સર્વ તેના આગળ ધસી આવ્યાં—દોડી આવ્યાં. સર્વથી આગળ વસંતવિલાસિની આવી અને સર્વથી વધારે છોભીલી બની ગઈ, ઓશીયાળી જેવી થઈ ગઈ અને દાસીની પણ દાસી થઈ. મૂર્છિત થએલી દાસીનુ માથું ધીરે રહી પોતાના અંક ઉપર મુકતાં ન આવી તેને શરમ કે ન ગઈ તેની ચપળતા. વિવેકને તે ભૂલી ગઈ, કૃતજ્ઞતાને સંભારી લાવી. શોકસમુદ્રમાં પતિત થતી સૂર્યદીપ્તિને પશ્ચિમ દિશાએ ખોળામાં લીધેલી જોઈ રાજા રાણી વગેરેનાં વદનકમળ કરમાઈ ગયાં; આનંદ ભ્રમર પેઠે તેમાં પૂરાઈ ગયો. અચિંત્યું આમ શાથી થયું તે કોઇના કળ્યામાં ન આવ્યું. સર્વ મૂઢ જેવાંજ બની ગયાં. પણ જેમ પવનની લહરી સૂર્ય ઉપરથી વાદળીને તેમ આ સ્ત્રીના વદનરવિ ઉપરથી વસંતવિલાસિનીએ ઘુંઘટના પડને ખસેડ્યું; અને ખસેડ્યું એટલે અચિંત્યો સુગુણ ચમક્યો, અટક્યો, સ્તબ્ધ થયો. મૃત્યુની બ્હેન મૂર્છાના ગ્રાહમાં

પોતાની બ્હેનને જોઈ સુગુણે નિર્લજ્જાના ગ્રાહમાં જવાનોજ નિશ્ચય કર્યો હોય એમ જણાયું. "આજ એ" એટલું બોલી તે તેના ઉપર તુટી પડ્યો—કુદી પડ્યો, ઉડી પડ્યો. સારે ભાગ્યે કોઈને વાગ્યું નહી. "આ શું? સુગુણ! આશું?" એવા રાજા, રાણી અને પ્રધાનના વારંવાર પુછાતા પ્રશ્નના ઉત્તરમાં "એજ મ્હારું રક્ષણ કરનારી, એજ ધર્મભગિની," ઇત્યાદિ વચન ગદ્‌ગદ બોલતો સુગુણ તેને બહુ-વાનાં કરવા લાગ્યો. ઘડીમાં તે તેની નાડી જુવે, ઘડીમાં તેનો શ્વાસ તપાસે, ઘડીમાં તેની આંખો તપાસે, ઘડીમાં તેના વદન ઉપર કર ફેરવે અને ઘડીમાં કંઈ એવી એવી અનેક ચર્યાઓ કરે. કેટલીએક વારે આ દાસીને ચેતના આલિંગી; તેની આંખો ઉઘડી. કંઈક વિસ્મૃતિ થઈ હોય એમ તે ચારે તરફ જોવા લાગી. અચિંતી તે સફાળી ઉઠી-બેઠી. રાણીએ અને વસંતબાએ તેને ધારી રાખી, "શું થયું તને, બ્હેન!" એમ ધીરે રહી પુછ્યું, તેના જવાબમાં વદન નીચું રાખી વસ્ત્રના પાલવથી અર્ધું મ્હોં ઢાંકતી તે બોલી કે, "બા, મ્હેં એવડું શું કર્યું છે કે મ્હારે માટે આવા કેળના ગર્ભ જેવા આ ભાઈ આવો વેશ લે?" આ શબ્દોથીજ અને પ્રથમ "આજ એ" એવા સુગુણના શબ્દોથી સર્વને યથાર્થ વાતનું ભાન થયું; પણ આશ્ચર્ય વધ્યું. દાસીને આવે બાર મહિના થયા હતા; તેની શોધ કરાવતાં પણ બાર માસ થયા હતા; એટલે ભૂપાલે સુગુણ સામુ જોયું. અને તે બોલ્યો, "પિતાજી, માતાજી, બ્હેન! જેને માટે આપ પૃથ્વીનાથે અને આ પ્રધાને એક વર્ષ પર્યંત અસ્ખલિત શ્રમ કર્યો, જેને વાસ્તે હજારો રાજ્યના સુભટો અથડાઈ મુંવા, જેને માટે અન્ન, વસ્ત્ર અને સાહ્યબી સાથે મ્હારે વૈર થયું, જેને માટે આજે આ ભિક્ષુક યોગીનાં વસ્ત્ર આ પ્રતાપી પ્રધાને સજ્યાં છે, જેને માટે આપની આશિષ લીધી, જેને માટે ગંગા જેવી પુનેત ભગિનીએ વધાઈ આપી—અરે, જેના નિઃસ્વાર્થ ઉપકારના શલ્યથી ભેદાયલું આ હૃદય રૂઝતુંયે નથી અને ભેદાતુંયે નથી, તેજ આ દેવકન્યાને લઘુ કરનારી, ધર્મપત્નીને લજવનારી, રાક્ષસના ગ્રાહમાંથી શંભુને મુક્ત કરનાર સાક્ષાત્ શ્રીકૃષ્ણની મોહમાયા જેવી મ્હારી ધર્મની ભગિની. તાત્કાલિક બુદ્ધિ, ધૈર્ય, ચાતુર્ય, ચાપલ્ય અને દાક્ષિણ્ય તથા દયાથી તેણે આ દેહને દેહમાં રાખ્યો છે, અથવા પોતાનો દેહ સાંઘો કરી આ દેહ તેણે ખરીદ્યો છે. માટે હવે એને મ્હારે ઘેર જવાની આજ્ઞા આપો; મ્હારું કર્તવ્ય પુરું થયું. હું કૃત-કૃત્ય થયો." આટલું બોલી તે રાજા રાણીને પગે લાગ્યો. "જેમ તમારી

ભગિનીની ઇચ્છા" એટલા શબ્દો રાજાના મુખમાંથી નીકળ્યા અને વસંતવિલાસિની દાસી સામે વ્હીલું મ્હોં કરી બોલી "ત્યારે તમે જશોજ કે?" આ શબ્દો બિચારી દાસીને ઘણા સાલવા માંડ્યા. પોતાની દેવી પોતાને આમ વિનવે અને પોતા આગળ વ્હીલું મ્હોં કરે તેથી તેને ઘણુંજ ઓછું આવ્યું; તેથી તે બોલી "બ્હેન, તમે સર્વે રાજી થશો એમ કરીશ." પણ આટલાથી સંતુષ્ટ ન થઈ હોય એમ વસંતવિલાસિની બોલી "ત્યારે તમે કહેતાં કે 'જઈશ તો ઘેર જઈશ પણ તમને મુકીને બીજે ઠેકાણે તો નહીજ જાઉ; એ વાત જુઠી પડી કે? બોલ્યું પાળવાનું મને કહી હવે "સહુ રાજી થવાની" વાત શાને કરો છો?" આ વાત ઉપરથી દાસીને એક ક્ષણમાં અથવા આ લખતાં થાયછે એથી પણ ઓછી વારમાં વિચાર થયા કે "ઉપકાર કરનાર તોપણ સુગુણ પરપુરુષ છે. વળી પરણેલા હોય એમ જણાતું નથી. બીજી તરફથી અહીં રાણી ધર્મમૂર્તિ છે, વસંતબા માયાળુ છે અને ધર્મ સચવાયછે. પેટ પણ સેવા કરી ભરાયછે–મફત નહી. ત્યારે દાસત્વ કરવું તો અહીંજ સારું. પણ સુગુણને ના ક્યમ કેહેવાય? વારુ જોઉછું." એટલો વિચાર કરી કંઈક નવો વિકાર થઈ આવ્યો હોય એમ તે મહારાણીને પગે પડીને બોલી "માજી! અલ્પમતિનો અવિનય ક્ષમા કરજો. પણ જળતરંગોમાંથી મને બચાવી લેનાર આ મહાત્માની સેવા કાંઈ નથી થઇ અને હજુ સુધીયે મ્હારે માટે તેઓ આવી સ્થિતિ ભોગવતા હતા તે વાતનું સ્મરણ થતાં દાસીની રીતિવિરુદ્ધ વર્તાયું." તેનો હાથ ઝાલી "ઉઠ બ્હેન, ઉઠ" એમ કેહેતી રાણી બોલી "અમારા સુગુણસિંહ ઉપર તા'રા ઉપકાર છતાં અમે તને દાસી કરી રાખી તેનો અમને પરિતાપ છે. તા'રી પાસે સેવા કરાવવામાં અમે તા'રાં ઓશીયાળાં થઈ ગયાં. તેમાં આ વસંતતો જંપીજ નહી. રાત દહાડો તા'રી પાછળ પડી'તી, પણ બ્હેન, તું તે મનમાં ન રાખીશ. એ તો છેજ એવી: પેલી નકટી કેસરીની વાદે." આ સર્વ સાંભળી વસંતવિલાસિની રડી પડી અને દાસીની કોટે વળગી બોલી "હું શું કરું? મ્હેં શું કર્યું છે? મા'રે તો એ બ્હેન જેવીજ છે તો." ગદ્ગદ થઈ વસંતબાને છાની રાખતી દાસી બોલી "છાંનાં રહો બ્હેન, તમે તો મને જાતથાયે વધારે માની છે. તમારો કશો વાંક નથી. માજી, વસંતબા જેવી આપે મને ગણી છે. મા'રા હઝારો વાંક પડે તોયે તમે જવા દેતાં! હું જેવી દાસીનું શું ગજું? પણ કુલને પાને મને તમે તો રાખી! માજી! બ્હેન! મ્હારી આંતરડી તમને આશિષ દેછે. હું તો શો બદલો વાળવાની છું?

અસ્ત થએલી"–એટલું બોલતે બોલતે તે એમ કહી રડી પડી. શ્વાસ કુંઠિત હતો તદપિ ધીરે રહી રાણી બોલી "બ્હેન, તેં મને જરાયે વાત કેમ ન કરી? મને તો કેહેવું હતું? તે દહાડે તને હું ખીજી ત્યારે તો જરા અણસારોયે કરવો'તો? હવે અમને એ બધું કેવું સાલે છે?" દાસી બોલી "મા'રા સારાને માટે આપે કહ્યું હોય તેમાં શું ખોટું કર્યું? મ'ને તો કોઈ દા'ડોયે ખીજ્યાં એમ લાગતું નથી." કંઈ કંઈ વાતોમાં દાસીને સખી રીતે માનેલી અને તેના ઉપર પૂર્ણ વિશ્વાસ રાખેલો તથા પ્રસંગે તેની સાથે કટ્ટા કરેલી તે સર્વ સાંભરી આવવાથી વસંતવિલાસિની બોલી "સખિ! મ્હેં તો તને બહુ પજવી. જંપીને ખાવાએ નથી દીધું. સોં'ડ તાણી સુવાએ નથી દીધી–હવે હું શું કરૂં? બ્હેન, ગઈ ગુજરી કરીને હવે તો અહીંજ રેહે–હું નહી જવા દેઉ. ત્હારા સમ જવા દેઉ તો." દાસી બોલી "બ્હેન, એમ શું બોલો છો? આખા લાડુમાંથી અર્ધો મને આપી પાળીછે તોએ આવું શું કહો છો? પિતાજીની છાયા તળે હુંએ તમારી સાથેજ ઉછરીછું તો. હવે શું બાકી રહ્યું છે જે? માબાપે તો જન્મ આપી નાખી રઝળતી–પછી–પછી–પછી–આપને ત્યાંજ ઉછરીછું તો! માટે આ વગર દામની દાસીને દાસીજ માનો અને એવોને એવોજ ભાવ રાખો." એટલું બોલી ફરી પગે પડી. તેને ઉઠાડી તેને ગળે હાથ નાખી વસંતવિલાસિની બોલી "એ બધું ખરૂં, પણ જવા તો નહીં દેઉ. બાપાજી! કહોને સુગુણભાઈને! હું તો હવે નહીં જવા દેઉ એને; જેવી એને પજવીછે તેવીજ એને સુખી કરૂં ત્યારે હું ખરી." સુગુણસિંહ બોલ્યો "બ્હેન, આમ આગ્રહ કરો ત્યારે મ્હારે ઉપકારનો બદલો વાળવાનો અવસર કયો? માટે હાલ તો મને લેઈ જવાદ્યો." રાજા કંઈ બોલ્યા નહી.–રાણી વિચારમાં પડી–પ્રધાન ટગર ટગર જોઈ રહ્યો; ત્યારે આંખોને જળથી પૂર્ણ ભરી વસંતવિલાસિની બોલી, "લેઈ જાઓ ત્યારે એને. હુંએ એની પાછળ આવીશ–જ્યાં એ ત્યાં હું." દાસી બોલી "એમ બોલો મા. આ દેહ તમારો છે. તમને જરાએ નારાજી કરવાં નથી. હું અહીંજ રહીશ." આટલું સાંભળી વસંતવિલાસિની ફરી સખીને ભેટી પડી અને "રોજ આમ બેસીશું, ફરીશું, ગાઈશું" એમ અનેક શબ્દો બોલવા લાગી. જરાવાર પછી દાસી સુગુણને ઉદ્દેશી બોલી "સુગુણભાઈ! એમજ ઠીક પડશે. બ્હેન પાસે મને રહેવાદ્યો. પિતાજીની છાયા તળે આપે છો અને હુંએ છું. માટે અનાથ દીન ભગિની ઉપર પ્રીતિ રાખોછો, તેવી રાખો અને મ'ને વસંતબાની દાસીજ રહેવાદ્યો." વસંતબાઃ–

"દાસી નહી, સહિપણી." ઓઠ ઉપર આંગળી મુકી જરાવાર વિચાર કરી "ઠીક, એમ કરો" એટલું બોલી સુગુણે રાજા રાણી અને વસંતબાને વિનંતી કરી કે આ દાસી ઉપર મમતા રાખે.

આમ કેટલોએક કાળ વહ્યા પછી આજનો દિવસ ઉત્સવમાં ગાળવાનો ઠરાવ કરી સર્વ જન પોતપોતાને સ્થાનકે ગયાં; અને રાજપુત્રી તથા દાસી આનંદિત વદન રાખી, એક બીજીના કર ઝાલી, એક બીજીને કંઈ કંઈ વાતો પુછી, એક બીજીના વદન સામે જોઈ, એક બીજીને તાળી દેઈ, ના'નાં બાળની પેઠે ગત વાત વિસરીનેજ જાણે રમત કરવા લાગ્યાં.

પ્રકરણ ૧૫ મું.

વિપત્તિની વાત.

આ બનાવ બન્યા પછી રાજ્યભવનમાં તેમ અંતઃપુરમાં સુગુણનો પગ વધતો ગયો. ગૂઢ મંત્રને માટે, દાસીને મળવાને માટે, વસંતબાને કંઈ વાત કરવાને માટે, પ્રસંગે જમવાને માટે અને એવે અનેક નિમિત્તે તે વાયુવત્ સર્વગામી થયો. પોતાના પ્રવાસની અનેક વિકટ વાતોથી, કંઈ કંઈ અનુભવી દૃષ્ટાન્તથી, કંઈ કંઈ દેશોનાં વર્ણનથી, કંઈ કંઈ ઇતિહાસવાદથી અને કંઈ કંઈ આખ્યાન આખ્યાયિકાઓથી દાસીની વ્યથા શમાવતો, રાજપુત્રીની પ્રીતિ વધારતો, રાણીની ઇચ્છા વર્દ્ધિત કરતો અને રાજાની મમતા મહતી કરતો, સુગુણનોજ સિંહ હોય એવો સુગુણસિંહ રાજ્યમંડળના હૃદયવનમાં સિંહવત્ નિરંકુશ વર્તતો હતો. એકલી પડતી વસંતબાને કોઈ વેળા તે ગાયન શીખવતો, કોઈ વેળા સ્વધર્મ સમજાવતો અને કોઈ વેળા વ્યવહાર બતાવતો. આમ આનંદમાં વહી જતા દિવસો ન જણાયા કે ન ગણાયા.

એક દિવસ સંધ્યાસમય થયો હતો. જાદૂગર સૂર્યનારાયણે સુવર્ણનો પછેડો ધીરે ધીરે ઉચકી લેવા માંડ્યો હતો. વાદળનાં પગથીયાં ઉપર સત્વર ચ્હડતો સંધ્યા–શંખનો ધ્વનિ, કામિનીનો કામદુંદુભિ બનતો હતો, રજનીનો વિજયપટહ થતો હતો અને સુર્યસિંહનો પતન–નાદ થતો હતો. આખો દિવસ વિરહથી આરડતાં વત્સોને પયઃપાન

કરાવવા આવતી ધેનુઓના પાદપ્રહારથી ઉડતી ચકચકિત રેતી, અગ્નિમાંથી ઉત્પન્ન થતા અને ધૂમનાલીમાં પ્રસરી નિરંકુશ વર્તતા ઘનશ્યામ ધૂમ સાથે લગ્ન કરીનેજ તેને આલિંગતી હતી. મિત્રના અસ્તથી સંકોચ પામતાં જળકમળની શ્રી પ્રમદાઓના વદન ઉપર બેસવા લાગી હતી. બંધુના ઉદયથી ઈર્ષા ન પામતાં, ઉગ્રતા તજી દેઈ પવન પણ સાનુકૂલ વર્તતો હતો. આકાશનગરના મેઘાડંબરમાં રત્નદીપકો ઉભરાઈ જતા હતા. સતત વિરહિણી છતાં પણ સખીઓનાં સુખ જોઈનેજ વધતી ઓછી પ્રફુલ્લ રહેલી "ચંદા" મંદ મંદ હસતી હતી. અંધકારની પાંખ ઉપર બેસી, વિનોદ તથા પ્રમોદ ઉદ્યોગી તથા સદ્‌ગુણીને ઘેર સંચરતા હતા.

આ વેળા રાજપુત્રી, દાસી અને સુગુણસિંહની ત્રિપુટિની પ્રેમથી ભરેલી વાર્ત્તા પ્રાસાદ–અલિંદની ચારે દિશામાં સમાઈ રહી હતી. વાતે વાતમાં પ્રસંગ ભૂતકાળનો નીકળ્યો હતો અને વારો દાસીનો આવ્યો હતો. કાંકે સુગુણની વાતમાંથી પ્રસંગ આવ્યે તુરત વસંતવિલાસિનીએ તેને પુછ્યું "ફુલી બ્હેન! તું કેમ કેહેતી નથી કે તું કોણ છે? ત્હારો પાછલો હેવાલ કેહેતાં તને શું થાય છે? હજીએ હમારો વિશ્વાસ નથી?" દાસીને સંકટ આવ્યું. કંઈ સુગુણ કે સખી ઉપર અવિશ્વાસને લીધે પોતાની વાત તે ગુપ્ત રાખતી હતી એમ હતુંજ નહી. છતાં પણ અકારણ આવો વ્હેમ સખીને આવે તે એને ઠીક ન લાગ્યું. તેમ હજુ પણ પોતાની અથેતિ કેહેવામાં તેને કંઈ કંઈ શંકાઓ થવા લાગી તેથી તેણે નીચુ વદન રાખી ઉત્તર આપતાં વાતને પણ ઉડાવી. "કર્મની કાહાણીઓ શું કેહેવરાવોછો બા? પાછલી વાત સંભારી શીદ દુઃખી થવું? જુવોને, સુગુણભાઈ જેવો પેલો ચંદ્ર પોતાનીજ પંદર દિવસ ઉપરની અવસ્થા સંભારતો હોય તો આવો આનંદિત હોય?" આ વાતથી બીજા વિચારો થયા. ચંદ્રના અસ્તોદયનાં કારણ શોધાયાં–અસ્તોદયના નિયમો સર્વવ્યાપી મનાયા; વિપત્તીમાં શોક નકામો ગણાયો, સંપત્તિમાં હર્ષ વ્યર્થ સમજાયો. પછી સુગુણનો વારો આવ્યો. દુષ્ટ વનેચરના ગ્રાહમાંથી મુક્ત કરાવવા મહા મૂલ્યવાન રત્નો લેઈ નાસી જવાનો ડોળ દેખાડતી આ અબળાથી છૂટા પડેલા સુગુણની શી વલેહ થઈ તે પ્રસંગ નીકળ્યો. ફુલીને આ વાત ગમી નહી. તેનાથી બોલાયું નહી. બે પગ ઉભા મુકી સોડીયુ વાળી તે બેસીજ રહી. પણ આપત્તિ સહેતા છતાંયે ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિથી સુગુણ તો

આનંદાવેશમાં પોતાની વીતક વર્ણવવા લાગ્યો. "મ્હારૂં રક્ષણ કરવાને પોતાને માથે શત્રુનો ક્રોધ લેઈ કુલીબા જેવી નાઠી તેવોજ અંતરમાં ઇંદ્રવર્ણના ફળના ગુણ ધરનાર અને હાથમાં યમદંડ જેવી જેષ્ટિકા ધારનાર પેલો આતતાઈ તેની પાછળ દોડ્યો. મ્હેં પણ રથવાહકને બાંધી તેની પાછળ ગમન કર્યું. પણ મને તો ન જડી દિશા કે ન લાધ્યું પગલું. જાણે દિશ ચ્ડી હોય એમ હું તો આમથી તેમ ઉઘાડી તરવારથી ભમું, પણ મને કંઈ પત્તો ન લાગ્યો. શ્રમ કરતાં ચિંતાથી મ્હારા હોષ ઉડી ગયા—હું તો શિથિલવિથિલ થઈ ગયો. છેવટ એક શાલ્મલીવૃક્ષ ઉપર ચ્હઢી મ્હેં તો ફેરવાય ત્યાં સુધી નજર ફેરવી. પણ કંઈ નાખી નજર ન પહોંચી. તેથી હું તો જાણે એ વૃક્ષને ચ્હોંટી રહ્યો હોઉ, જાણે એ વૃક્ષમાં માળો કરી રહેતો હોઉ, જાણે એ વૃક્ષનુ એક ડાળ હોઉ એમ ત્યાં ને ત્યાં ઠરી રહ્યો—લપ્પાઈ રહ્યો—સમાઈ રહ્યો. છેવટ એક યુક્તિ સુઝી. અચિંતી એક શૃગાલવત્ મ્હેં ચીસ પાડી, તેની સાથેજ જાણે પાતાળમાંથી નીકળ્યો હોય એમ એક લૂટારો આવ્યો—બીજો આવ્યો—ત્રીજો આવ્યો—પંદર વીસ ભેગા થઈ ગયા. કોણે બોલાવ્યા, શામાટે બોલાવ્યા, તે કંઈ સમજાયું નહી. માંહોમાંહે મહા વિચારમાં પડી ગયેલા આ લૂટારા અનેક તર્ક કરે, અનેક વિચારો કરે, પણ યથાર્થવાત કોઈ જાણી શક્યા નહી. કોઈ આ વાત લઘુ માનતા હતા. કોઈ ગુરૂ માનતા હતા. કોઈ શોધ કરવાનુ કહેતા હતા—કોઈ સાવધ રહેવાનું સૂચવતા હતા. પણ મને તો બ્હેનના વિચાર થતા હતા તેથી આટલા બધા રાક્ષસોના ટોળામાં જવું દુઃખદ જણાયું, તોપણ ઉપકારબુદ્ધિમાં તે સર્વ દબાયુ અને પ્રેમ વૃત્તિથી આ વપુ હેઠે તણાયું. તેથી જાણે મૃત્યુના ઘરમાં જતો હોઉ, જાણે પાતાલમાં ખેંચાતો હોઉ, જાણે યજ્ઞકુંડમાં બલિ થતો હોઉ, જાણે યમને તાબે થતો હોઉ એમ નીચે પડ્યો—પડ્યોજ.

"અચિંત્યો મને જોઈને સ્તબ્ધ બનેલા આ આતતાઈ, વર્ણે કાળા દેખાતા હતા. તેમના અર્ધનગ્ન દેહમાં કઠિણતા હતી; બોકાનીથી દબાયલા વદનમાં ક્ષુદ્રતા હતી, ફટારેલાં નયનમાં વિષ હતુ અને વિશાળ છાતીઓમાં ક્રૂરતા હતી. તેમાંથી કોઈના હાથમાં ડાંગ, તો કોઈના હાથમાં ભાલા, કોઈને ખભે તીરકામઠાં, તો કોઈની કેડે તરવાર હતાં. તાત્કાલિક આશ્ચર્ય મટ્યા પછી મનેજ વિઘ્નકર જાણી મ્હારૂ રક્ત પીવા ટમટમી રહેલાં આ વરૂઓની આંખોએ તો જાણે રક્તનીજ ઉલટી કરવા માંડી. તેથી તેમને આમ ક્રુધિત થએલા જોઇને હું તો શોકના

સાગરમાં ઝોકાં ખાવા લાગ્યો, નૈરાશ્યના ખાડામાં રગદોળાવા લાગ્યો, અનિશ્ચયની પાંખો ઉપર ઉડવા લાગ્યો અને ગભરાટના કુંડાળામાં ફરવા લાગ્યો. "બોલ, કેમ બૂમ પાડી?" એવા મહાપ્રચંડ શબ્દોથી હું તો ભૂઠો પડી ગયો. અસત્ય બોલાય કેમ? સત્ય બોલવામાં હાનિ દીઠી; તેથી મેં તો ઉત્તરજ ન વાળ્યો. તેથી ચ્હીડાઈને એક રાક્ષસે અચિંત્યો મને ઉચકી હેઠે પછાડ્યો, બીજાએ મ્હારી તરવાર ખેંચી લીધી, ત્રીજાએ મને નખ મારવા માંડ્યા, ચોથાએ મને ઠુસા માર્યા. એમ આ સર્વ મનુષ્યાકારમાં આવેલાં ગીધ કે કાગડાઓ મ્હારા ઉપર અનેક પ્રહારો કરવા લાગ્યાં. પણ વધારે બળવાને માટેજ કંઈક ક્રોધ શાન્ત પડ્યો હોય તેથી કે પ્રભાતનો સમય થવા આવ્યો હોય તેથી તુરત તો મને તેઓએ દયા બતાવી અને મને તેમની રહેઠાણમાં લેઈ જવાનો ઠરાવ કર્યો. મ્હારે માટે ભગવાન્ સૂર્યનારાયણે પણ ગાળો ખાધી; કારણ શિયાળાની લાંબી રાત્રીમાં નિરંકુશ મ્હાલ્યા છતાંએ આ ચાંડાળોનો કાળ ક્ષણવત્ વહી ગયો હતો. અંતે આ મંદબુદ્ધિઓએ મડદુ બાંધે તેમ મને બાંધ્યો; મ્હારી ઠાઠડી કરી–." દાસી રડી પડી. રાજપુત્રી હબક મારી ગઈ. પણ વેગમાંને વેગમાં સુગુણે તો વાત આગળ ચલાવી. "પછી તો ચારજણે મને ઉપાડ્યો; અને "રામકો ભાઈ રામ" એમ બોલતા બોલતા, પ્રસંગે પોક મુકતા મુકતા, તેઓ નિકટના સગાના મરણનો શોક દેખાડતા ચાલ્યા અને જનપથપર આવ્યા. મ્હારે ગળે એક દોરડાની આંટી નાંખી મ્હારા માથા આગળના બે કાંધીયા ધીરે ધીરે ગણગણતા હતા કે "જો હાલ્યો કે બોલ્યો તો ટપ્પ ફાંસો ખેંચીશ."

હું તો ઘણો પસ્તાઉં, ઘણોયે અકળાઉં, પણ ઇલાજ શો? જીવતાનુંજ શબ કરી ભાઈ કે બાપ કે મિત્રવત્ હૈયાફાટ રડતાં રડતાંએ છાને છાને ગાળો દેતા આ નૃશંસોની ચેષ્ટાથી મ'ને તો એકપાસ હસવું ને બીજી પાસ રડવું થયું. ઘણોયે વિચાર કરૂં, ઘણુંએ અંતરમાં રૂદન કરૂં, ઘણોએ મુંઝાઉં; પણ ન આવે મૃત્યુ કે ન આવે મૂર્છા–તો શાન્તિનુ તો નામજ કેવું? હઝાર લોહના તીવ્ર ખીંટાની શય્યા ઉપર લોથતો હોઉં, કે જવ તલથી ફટાકુટ થતી અધિક પ્રજ્વલિત ચિતામાં આલોટતો હોઉં અથવા નિરતિશય શીતલ બરફના કરા ઉપર રગદોળાતો હોઉં એમ હું તો અનુભવવા લાગ્યો. આની આ સ્થિતિમાં ચાર પાંચ ઘડી વટી ગઈ, ત્યારે એક મહાન ટેકરી ઉપર ચ્હડી તેની બીજી બાજુએ ધીરે ધીરે ઉતરી તેઓ એક ઘોર ગુહામાં પેઠા. આ ગુહામાં

અંધકાર સામે આવતો હતો તેને જોઈનેજ હોય એમ એ કાંધીઆ-ઓએ મને ખરા મડદાની પેઠે પછડતો નાખ્યો—મ્હારા બંધ છોડ્યા—મને બે ત્રણ ગોદા માર્યા. નિઃસંશય, આ વેળા મા'રાં ગાત્રો શિથિલ થઈ ગયાં; મા'રાં અંગો વેરાઈ ગયાં. તો પણ વિશેષ ગોદા ન વાગે તેટલા માટે હું બેળે બેળે ઉભો થયો. ભક્ષ કરવાનેજ હોય એમ મ્હારી આગળ પાછળ વિંટળાઈ તે લૂટારા અંધકારમાંને અંધકારમાં આગળ ચાલ્યા." આટલુ બોલી તેણે દાસી સામે જોયું તો તે કેવળ મૂઢ અવ-સ્થામાં આવી પડી હતી. તેથી "અરે, આ શુ!" એમ બોલી તેણે ઢંઢોળી તેને જાગ્રત કરી—પણ તે રડાવવાને માટેજ. ખાળ્યું ખળે નહી એમ તેને રડવું આવ્યું. પોતાનુ ભાન ભૂલી રાજપુત્રીએ તેને શાન્ત કરી અને વાત બંધ રાખવા સૂચના કરી; પણ "હવે બહુ શોચ્ય-વાત નહી આવે" એવા સુગુણના શબ્દોથી ગદ્ગદ કંઠે "કહીદ્યો" એટલુ દાસી બોલી, તેથી વાત આગળ ચાલી.

"પછી તો એમનાએમ કેટલીએક વાર ચાલ્યા પછી એક કારા-ગૃહ જેવી ઓરડી આવી તેમાં અમે સરવે દાખલ થઈ ગયા. મ્હારા હાથપગ બાંધેલા હતા તે છોડવાને અંધકારનો લાભ લેઈ હું તો ઘણાયે યત્નો કરૂં, પણ સર્વ નિષ્ફળ થયા. થોડીવારમાં તેઓએ ચકમક ઝરાવી અગ્નિ ઉત્પન્ન કર્યો અને તેને ઝાંખે તેજે મને જોતાં જોતાં, મ્હારા ઉપર કાતરીયાં ખાતાં ખાતાં, મ્હારૂં શું કરવું તેનો વિચાર કરવા માંડ્યો. એક કહે "એને જીવતો બાળો." બીજો કહે "એની તિરં-બાજી કરો." ત્રીજો કહે કે "એને શૂલી ઉપર લટકાવો." એક રાક્ષસ તો કહે કે "એનાં અંગે અંગ કાપી જક્ષને ભક્ષ આપો.". ધર્મનો ડોળ રાખનાર એક આતતાઈ તો પોતાના ઈષ્ટદેવ મગરને મ્હારૂં નૈવેદ્ય ધરાવવા સૂચવતો હતો. આવા આવા અનેક તેમને સુખકર અને મને દુઃખકર વિચારો આ સંકેતગૃહમાં થયા અને નાશ પામ્યા. મને તો ઘણોએ તિરસ્કાર આવે, ઘણોએ દેહ ઉપર અભાવ આવે પણ વિપ-ત્તિવેળા તો મૃત્યુયે ક્યાં સામું આવે છે? વળી આમ ઘાત કરવાના મહા ક્રૂર રસ્તાઓ ખોળતા આ નિર્લજ્જ પુરૂષો અથવા ઝરખો મને કંઈ કંઈ પ્રકારની પજવણી કરવા લાગ્યા. કોઈ ગાંજો ફુંકી મ્હારા ઉપર ધૂણી કહાડે, કોઈ તમાકુ મસળી હાથ મા'રા દેહે લુછે, કોઈ તકીયાની પેઠેજ મને દબાવે અને કોઈ ગ્રામ્ય ચાળા અને ચિહ્ન કરે. પણ આ સર્વ વેળા મ્હેં તો ધૈર્ય ધારણ કર્યું.

"આપત્કાળમાં મનુષ્ય માત્રને ધૈર્ય એ અભેદ્ય દુર્ગ છે. ધૈર્યના દુર્ગમાં સમાઈ રેહેનાર અલ્પ પ્રાણીના પણ શત્રુઓ ઝખ મારેછે. ધૈર્યથી વિપત્તિ વિનષ્ટ થાયછે. ધૈર્યની ઢાલ ધારી આ સંસારકૂપના કૂર્મ, દુર્દૈવ, દુર્જન કે દુષ્મનના ત્રાસરૂપી પથરાના આઘાત નહી જેવા કરી નાખે છે. આપત્કાળમાં શોધાતો પુરૂષ ધૈર્યથી વધારે સતેજ થાય છે, વધારે મૂલ્યવાન થાયછે. ધૈર્યથી બુદ્ધિ ઉદય પામેછે, તેથી ઉદ્યોગ પ્રકટ થાયછે, તેથી લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત થાયછે. આ ચારે પાસ કામ ક્રોધાદિ દાવાનલોથી સતત દગ્ધ થતા સંસારવનમાં ધૈર્યરૂપી અક્ષય્ય જળાશયમાં તરનારાઓ અદાહ્ય રહેછે. આગત-વિપત્તિમાં ધૈર્ય તજી શોક પામનાર હાથે કરીનેજ તે વિપત્તિ રૂપી વાઘેણના હાથમાં બકરાં થઈ જાયછે. ધૈર્યથી દેવલોકોએ જળમંથન કરી વિષને પણ ન ગણકારી અંતે અમૃતજ લીધું. સર્વથા, ધીર જનની વિપત્તિઓ અસ્થાયીજ હોયછે. રાત્રીના કૃષ્ણપટલમાં ઘેરાયલો, મહા-સમુદ્રમાં પતિત થએલો અને અનેક મેઘાડંબરોથી તિરોહિત થએલો સૂર્ય પૂર્ણ પ્રકાશ પામેછે તે માત્ર ધૈર્યનોજ પ્રતાપ. વિપત્તિમાં ધૈર્ય રાખનાર વિપત્તિને અને તેના નાખનારને હસેછે, તેને ચ્હીડવેછે, તેને મુંઝવેછે." વસંતવિલાસિનીઃ-"પણ પછી તમારૂં શું થયું-તે કહોને?" ઇષત્ હાસ્ય કરી સુગુણસિંહ બોલ્યો "હું ધૈર્યની વાત કરૂંછું તેમાંએ તમે અધૈર્ય ધારોછો! પણ હવે મ્હારી વાતઃ-હુંતો

"कदर्थितस्यापि हि धैर्यवृत्तेः नशक्यते धैर्यगुणः प्रमार्ष्टुम् ।
अधोमुखस्यापि कृतस्य वह्नेः नाधःशिखा याति कदाचिदेव ॥"

એ શ્લોકનુ મનન કરતો, આપત્કાળમાં મહાત્માએ સ્વીકારેલી ધીરજને સજીને તથા ચક્ષુઓ મિંચીને બેસીજ રહ્યો. તેથી અનેક પ્રકારની ગ્રામ્યતા અને દુષ્ટતાથી હું ન ચ્હીડાયો તેથી ચ્હીડાઈને અચિંત્યો એક આતતાઈ મને ધક્કો મારી, ચતોપાટ નાખી દેઈ, મ્હારી છાતી ઉપર ઘોડો ફલંગી ચ'ડી બેઠો અને મ્હારા ઉપર તરવાર ઉગામવા લાગ્યો; તે વેળા અને તેજ વેળા આ ક્રૂરતાના સેવકોમાંથી એક જણે તેને ખસેડી નાખ્યો અને તેને વાર્યો. ખરે! તેને દયા આવી. મને ન સમજાય એવી કોઈ નવીન ભાષામાં તેણે વાત કરી એટલે વારાફરતી દરેક જણે મને તપાસ્યો અને હતું તે સર્વે લૂટી લીધું. પછી આ બોલનારાજ પુરૂષે મ્હારા પગમાં સાંકળો ઘાલી, મ્હારી આંખોએ પાટો બાંધ્યો, મ્હારા હાથ અવળે પાંગોઠે બાંધ્યા અને મને ખેંચ્યો. શ્રૃંખલાબંધન

થયું એટલે તેની પાછળ હું તો જાણે ઘસડાતો હોઉં એમ કાળના કાળ વીતી ગયા ત્યાં સુધી હિંડ્યો, દોડ્યો. એમ કરતે કરતે છેક મધ્યાહ્ન નમ્યા અને એક રસ્તેથી બીજે, બીજેથી ત્રીજે, એમ અમે ભમ્યા, ત્યારે રાનની એક બાજુએ જઈ પહોંચ્યા; અને અહીંથી હું મુક્ત થયો-પણ એક વાત રહી ગઈ. મને સર્વ પ્રકારના બંધનથી મુક્ત કરતા પેહેલાં આ આતતાઈ મને એક મ્હોટી ખો પાસે લેઈ ગયો. ત્યાં આગળ જાણે કંઈ દાટ્યું હોય તે લેવાને માટે તેણે માટી ઉથામી. પણ મહા આશ્ચર્યથી તેણે જોયું કે ઇષ્ટ વસ્તુ ત્યાં નહોતી. થોડી વાર તો તે સ્તબ્ધજ બની ગયો-દિંગ્મૂઢ બની રહ્યો. અને આ મૂઢતા આક્રંદમાં સમાપ્ત થઈ. મારી નાંખતાં પણ જેને અનુકંપાનો છાંટો ન લાગે તે કેવળ દયાપાત્ર થયો. મને તેની દયા આવી, તેથી મેં તેને તેના દુઃખનુ કારણ પુછ્યું-પણ તે ન બોલે કે ન ચાલે. મ્હારા ઉપર ચ'ડેલી રીસ જાણે પોતાના ઉપર કાહાડતો હોય એમ તેણે બાળક પેઠ પગ ઘસવા માંડ્યા, છાતી કુટવા માંડી, માથુ પછાડવા માંડ્યું. હું તો ઘણોયે ખાળું-ઘણોયે વારૂં-પણ ક્યમે તે છાનો ન રહે. માંણ માંણ મેં તેને છાનો રાખ્યો અને તેની વ્યથાનું કારણ પુછ્યું. તેનો ઉત્તર ન આપતાં તેણે એટલોજ પ્રશ્ન કર્યો કે “ત્હારી સાથે સ્ત્રી હતી તે કોણ?” હું જાણતો હતો એટલું મેં તેને કહ્યું. તેથી વળી તે વિચારમાં પડ્યો, હું સાચું કહૂંછું કે જુઠુ તે મ્હારા વદન ઉપર વાંચવા લાગ્યો-એક ટશે ને ટશે મ્હારી સામે જોઈ રહેવા લાગ્યો. પણ તેણે કંઈ મ્હારામાં કિલ્મિષ દીઠુ નહી તેથી, “ત્યારે કનકપુર આગળથી એ તમને લાધી એ વાતમાં કંઈ ફેર છે!” એવો ફરી તેણે પ્રશ્ન કર્યો. મેં યથાર્થ વાત કહી-મૂર્છામાં અને નિદ્રામાં મેં જે લવરી સાંભળી હતી તે પણ કહી દીધી, તેથી “હા! કુસુમાવલિ! ત્હારો ઘાત મ્હેંજ કર્યો? હું પુત્રીહત્યારો?” એમ કહી જાણે કંઈ ધક્કો વાગ્યો હોય એમ તે પડી ગયો.” આટલી વાત થતી હતી એટલામાં દાસી ફરી મૂર્છિત થઈ ગઈ. “બળી આ વાત” એટલું બોલી વસંતવિલાસિની પોતાની બીજી દાસીઓને બક્કોરી કુલીને પોતાના ઓરડામાં લેઈ ગઈ. વાત વાતને ઠેકાણે રહી અને સુગુણ સુગુણને ઠેકાણે રહ્યો. વસંતવિલાસિનીએ પોતાની સહીને ભાનમાં આણવા ગુલાબનાં જળ છાંટ્યાં, માત્રાઓનાં ઔષધ દીધાં, બાધાઓ આકરી રાખી, બેત્રણ નજરો ઉતારી; પણ દાસીને મટે નહી. એક દિવસ થયો-બીજો થયો, ત્રીજો થયો.

ચાર લાંઘણો થઈયો, ચાર રાતના ઉજાગરા થયા. દાસી ક્ષીણ થવા લાગી, તેની આંખો ફટાર થઈ ગઈ, તેના હાથપગ ટા'ડા પડી ગયા, તેની નાડી મંદ પડી ગઈ, તેના દાંત પીસાઈ ગયા, તેના શ્વાસ એકદંડી થયા. વસંતબાએ જન્મમાં પેહેલ વહેલો શોક અનુભવ્યો. બેભાન દાસીનુ માથું પોતાના ખોળામાં લેઈ, ઘડીમાં તે તેને બોલાવવા લાલન કરે, ઘડીમાં ઉત્તર ન મળવાથી દીનજેવી થઈ જાય, ઘડીમાં રડી પડે, ઘડીમાં તેના ઉપર હાથ ફેરવે. દાસીનુ આ અવસ્થાનુ દુઃખ પોતેજ અનુભવતી હોય એમ તે કોઈને ભાંડી નાંખે, કોઈને કહાડી મુંકે, કોઈને તરછોડી દે; આ સર્વ મહારાણીએ અને તે દ્વારા મહારાજાએ જાણ્યું. તેઓએ પણ અનેક ઉપચારો કરાવ્યા પણ કંઈ ધવા વળી નહી. વસંત ઘેલી થઈ, મહારાણી શોકગ્રસ્ત થઈ, રાજા ચિંતાતુર થયો અને સુગુણ ખશીયાણો પડી ગયો. પણ પ્રધાન અવ્યગ્ર રહ્યો.

પેલા જવાન માધવસિંહના આવ્યા પછી બાળક છતાંએ તેની સત્તા મહારાજ ઉપર વધારે બેસવા માંડી હતી, એ વાત જુના રાજ્યમંડળમાં કોઈને ગમતી નહી. નીતિજ્ઞ અને પ્રતાપી કુળવાન મહારાજાને રખડતા-ભટકતા-નામનિશાન વિનાના એક ઉગતા બાલકનો અભિનિવેશ થઈ ગયો તે જોઈ પ્રધાન પણ ચિંતા કરતો હતો. તેથી તે પોતે ન સમજ્યો એમ નળમાં તેમ તેનામાં કળિ પેશી ગયો. 'યોગ્ય અવસર છે અને ટા'ડે પાણીએ ખસ જશે' એમ વિચારી તેણે પરસ્પર વસંતબાને કહેવરાવ્યું કે "માધવસિંહના વડીલ વૈદ્ય છે તે બેઠો પગાર ખાયછે. આ વેળા કામમાં નહી આવે તો ક્યારે આવશે?" વસંતે હઠ લીધી. તેને બોલાવ્યો અને અંતરપટથી નાડી દેખાડી. સ્પર્શની સાથેજ કંઈ ચમકારો થયો હોય એમ દાસી કંપી–તેની આંખો ઉઘડી–કંઈ તેને ગરમાવો થયો. પણ વૈદ્ય વિચારમાં પડી ગયો. તેણે નિઃશ્વાસ મુક્યો તે ઉપરથી "હેં! નહી મટે ત્યારે?" એટલું બોલી વસંતવિલાસિની રડવા લાગી. પણ સર્વને ધૈર્ય દેઈ, સહજસાજ ઓસડસાથે વૈદ્યે સલાહ આપી કે "સુખ, ઉદય અને આશાની આનંદમય વાતો સતત આ સખી આગળ કરવી. તેથી અને આ દવાથી એને ફેર પડશે. વિશેષમાં આ મંત્રનુ રટણ, મનન અને નિદિધ્યાસન કરાવજો." એમ કહી નીચેનો શ્લોક એક પત્ર ઉપર લખી આપ્યો:

भुक्तिमुक्तिसुखं साध्या भक्तिश्चेन्माधवेसदा ।
भस्मीभूतोपि कंदर्पः सदर्पो हरिसेवनात् ॥

એ પ્રમાણે સૂચના કરી વૈદ્ય વિદાય થયો—આશા અને આરોગ્ય મુકતો ગયો. દાસીને મટ્યું, વૈદ્યની કીર્તિ વધી, માધવસિંહનો ભાર વધ્યો.

પરંતુ ગમે તે કારણથી હવણે અને હવે આ દેશમાં પોતે જાતે તો વધારે ન રહેવું એમ ધારી, દાસીને મટાડ્યાના શિરપાવમાં વૈદ્યે બારમાસની રજા દેશાટન કરવાને માગી. રાજાએ તે આપી.

પ્રકરણ ૧૬ મું.

કનકપુરીનુ અવસ્થાન્તર.

કનકપુરીમાં એક વેળા કનકનુંજ પૂર ચ'ડતુ હતું. પ્રમાણિકતા અને ઉદ્યોગ, સુખ અને ધનને કીર્ત્તિરૂપી ચાંદીથી મઢી દેતાં હતાં. દેવોના વિહારવન જેવા આ નગરમાં પુરૂષો અમર હતા, સ્ત્રીઓ અમરીઓ હતી. લગ્ન સમયે ઋષિઓ રીસાઈ જવાથી સ્વેચ્છાથી શંકરે પોતાની ઝાંઘમાંથી ઉત્પન્ન કરેલાં વરૂણ અને વરૂણીઓ જેવાં આ નગરનાં દંપતીને "देहे पित्तं गृहे वित्तं चित्तं विष्णुपदाम्बुजे" હતું. તેથી હૃદયાહ્લાદક, ચિત્તાકર્ષક, સુંદર, દિવ્ય અને ઘટ પણ બલવાન વપુ ધારીને જાણે આ નગરમાં ઋષિ તથા ઋષિપત્નીઓએજ નિવાસ કર્યો હોય એમ જણાઈ આવતું હતું. કાંકે "મને લ્યો, મને લ્યો," કહી રઝળતી ફરતી ઋદ્ધિ અને સિદ્ધિને આ નગરના ગરીબને ઘેર આશ્રય મળતો હતો—નવનિધિ નવધણી કર્યા છતાંયે આ નગરની લક્ષ્મીની તુલના તે નહોતી કરી શકતી. શંકરે કૈલાસ, વિષ્ણુએ વૈકુંઠ, કુબેરે અલકા, વિશ્વકર્માએ ઇંદ્રપ્રસ્થ તેમ, પોતાનુ અમર નામ રાખવાને માટેજ બ્રહ્માએ જાણે આ એક અનુપમ નગરી બનાવી હશે. તેમાં વર્ણ ચાર હતા, આશ્રમ ચાર હતા અને અર્થ ચાર હતા. આ નગરની લક્ષ્મી ત્યાગશક્તિને મળેલી હતી, શૂરતા દયાને હળેલી હતી. આગળ પાછળ આવેલી અપગા જાણે આ નગરનોજ આશ્રય લેતી હોય, જાણે તેનાજ સ્પર્ષથી પુનિત થતી હોય, એમ સતત નિર્મળ જળ વહેતી હતી. તેની અનુકૃતિ કરીનેજ પ્રમદાઓએ પ્રમાદનો ત્યાગ કર્યો હતો, પુરૂષોએ જડતાનો ત્યાગ કર્યો હતો. સર્વથા "उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीः" એ વાકય પ્રત્યક્ષપ્રમાણ થયું હતું. અને ઉદ્યોગ શું નથી કરતો?

ઉદ્યોગથી દુઃખનો નાશ થાય છે, સુખનો જન્મ થાયછે. અનેક પ્રકારનાં દુર્ઘટ અને કઠિણ કાર્ય ઉદ્યોગથી સિદ્ધ થાયછે. નાખી દૃષ્ટિ ન પોહોચે એવાં મહા ઉત્કટ ગિરિશિખરો તે પણ ઉદ્યોગના પાદ તળે ચંપાયછે. અંત ન જણાય એવા મહા ગંભીર મહાસાગરો પણ ઉદ્યોગ આગળ ગાગર જેવા થઈ જાયછે. દિશા ન જડે એવો આ આકાશઘુમટ તે પણ ઉદ્યોગ આગળ છત્રવત્ પરિમિત થઈ જાયછે. ઉદ્યોગથી ગરીબ ધનાઢ્ય, નિરક્ષર સાક્ષર અને મૂર્ખ ધીમાન્ બની જાયછે. ઉદ્યોગ રૂપી પારસમણિ જેને સ્પર્શ્યો તે લોહ હોય તો પણ કાંચનવત્ થઈ જાયછે. ઉદ્યોગ મનને શાન્તિ આપેછે, બુદ્ધિને સ્થૈર્ય આપેછે, દેહને આરોગ્ય આપેછે. મનુષ્ય માત્રના આવા ક્ષણભંગુર દેહમાંથી ઉદ્યોગ એક યશઃ શરીર ઉત્પન્ન કરેછે અને તેને ચિરંજીવ બનાવેછે. ઉદ્યોગી જનના દુર્ગુણો આલંબન વિના તેમની મેળે અખડાઈ પડેછે અને સદ્ગુણો ઉચ્ચ ચ્હડી પોતાના ધારણ કરનારને પણ ઉચ્ચ સ્થાન આપેછે. ઇન્દ્રપુરીના દેવતા પણ ઉદ્યોગી સામે પોતાની લઘુતા અનુભવેછે. સંચિત શુભકર્મના ભોક્તાનાં સુખ નિરવધિ નથી હોતાં. તેમના સંચયની કોથળીનું વ્હેલુ મોડુ તલ આવેછે ત્યારે યોગેશ્વર શ્રીકૃષ્ણ કહેછે તેમ તેઓ **"क्षीणे पुण्ये मर्त्यलोके पतन्ति ।"** અને મર્ત્ય લોકમાં તો ઉદ્યોગ વિના સુખનો યોગ કયાંથી હોય? અને ઉદ્યોગના સુખનો આસ્વાદ લીધા પછી દેવલોકની પણ ઈષણા કોને થાય? ઉદ્યોગ જાતેજ સુખનો ઉત્પાદક છે એટલે તેને સુખ કે લાભહાનિની અપેક્ષા નથી. તેમ તે સુખ વ્યયથીજ વધેછે. ઉદ્યોગથી સુખ થાયછે; સુખ થાયછે એટલે ઉદ્યોગ કરાયછે. ખરેખર, જો સમજાયતો મનુષ્યદેહરૂપી દાન અને તે ઉપર ઉદ્યોગની દક્ષિણા આપવામાં પરમાત્માએ આલોક ઉપર અલૌકિક કૃપા દર્શાવીછે. આવા પ્રકારનું ઉદ્યોગરૂપી મૂળ વાવીને અહીંની પ્રજા અખંડ અનંત સુખ ભોગવતી હતી. તેથી આ નગર જોઈ ઈંદ્રને પણ લજ્જા આવતી હતી.

આ નગરના મહા પ્રતાપી, ગુણશીલ અને પ્રજાપ્રિય નરેંદ્ર શ્રીમદ્વિજયસિંહે વીસ વર્ષ રાજ્ય કર્યું તેટલામાંજ રાત્રીમાંથી વ્હાણાની પેઠે ગરબડાટમાંથી રાજ્યોદય વાયો હતો. પરંતુ જાણે તેના ઉપર ઈર્ષા વધવાથી સુરલોકોએજ તેને "ઠેકાણે કરી દીધો હોય" એમ તે અચિંત્યો ગુમ થઈ ગયો હતો. તે કયાં ગયો, તેનુ શું થયું, તે ખાતે ઘણોયે શોધ કર્યો–ઘણોયે પત્તો ખોળ્યો પણ કોઇને તેની કંઈ ભાળ ન જડી તે નજ જડી. તર્ક તો અનેક પ્રકારના થતા હતા. પણ પોતાની બુદ્ધિ, સ્વભાવ

અને સંગને અનુસરી અનેક જનના અનેક પ્રકારના તર્ક ક્યારે સાચા પડ્યાછે? તોપણ એટલું તો અનુમાનાતું હતું કે આ રાજ્યનો અધિપતિ મુવો હોય તોએ સમોતે તો નહીંજ. જાણે દૈવનોજ કોપ થયો હોય એમ પાનખર ઋતુમાં પાંદડાંની પેઠે આ રાજ્યના કુટુંબનાં સર્વ બાલપ્રરોહ પણ આ બનાવ પછી અલ્પકાળમાંજ ખરી ગયાં હતાં. માત્ર પાટવીને ગાદી ઉપર બેઠેલો જોઈ પ્રજા મન વાળતી હતી. એમ છતાં તંત્રી પણ જ્યારે બદલાયો ત્યારે તેની સાથે રાજ્યની દશા પણ બદલાઈ. જે નગર એક વેળા અપ્રતીમ હતું તેની કંઈ 'ફરતી છાંઈ'ને જોતાં ઉત્પન્ન થતા શોકનો અંત પ્રજાની સુજ્ઞતા અને ગુણજ્ઞતામાં આવતો. ગમે તેટલું દુઃખ પડે, ગમે તેટલી વિમાનના થાય, ગમે તેટલો પરાભવ થાય, ગમે તેટલી લાજ લૂટાય, તોપણ સર્વના હૃદયના સત્વરૂપી પોતાના મહારાજાના પાટવી ઉપર આ વર્ણન વેળા કોઇને અભાવ આવ્યો નહોતો. મોહનીમંત્રથી, અણગમતો, કોબાડ, મૂર્ખ અને દુરાચરણી પુરુષ પણ પ્રિય લાગેછે તેમ વિજયસિંહ મહારાજાના નામરૂપી મોહમંત્રે બંધાયલી આ પ્રજા આ વેળાના રાજા રાયમલ્લસિંહજી ઉપર વારી જતી હતી. "બાળક છે, અલેતો છે, અનુભવ નથી, સમજણ નથી, લાડમાં ઉછર્યો છે, કંઈ દીઠું નથી," ઇત્યાદિ વાતો કરી, અનેક પ્રકારના સ્વચ્છંદ, વ્યભિચાર, જુલમ, ત્રાસ, અને અપમાનને એક ન્હાનાથી તે મ્હોટા સુધી, સર્વ કોઈ સહન કરીને, યૌવનના મદરૂપી મદિરાના સમુદ્રમાં તરતા આ ઉચ્છૃંખલ કેહેવાતા નરપાલ પણ સ્વભાવે અને કૃત્યે નરવ્યાલથી, પોતાનાં ધન, પોતાની પ્રિયા, પોતાની પુત્રી, પોતાનો પ્રતાપ અને પોતાની ચિંતા ગુપ્ત રાખતા હતા. બહુ થાય ત્યારે "ज्येष्टपुत्रो वैकलः" એવું વેણ બોલી, "એમના ના'ના ભાઈ રહ્યા હત તો પ્રજાનું ભાગ્ય ખીલત" એમ વૃદ્ધજનો પોતાના વિચારો દર્શાવતા હતા. ઘટ લઘુ હોય અને વર્ષણ વિશેષ હોય તો ઘટ ઝટ લેઈ ભરાઈ જાયછે. પરંતુ અહીં તેમ નહોતુ. કાંકે મહારાજા વિજયસિંહની પ્રીતિની સાથે નગરજનોએ તેની પાસેથી ક્ષમા લીધી હતી; તેથી સર્વ કોઈનાં મન ઘણાં મ્હોટાં થયાં હતાં. પરંતુ જ્યારે તળેથીજ દેવતા ઉઠે ત્યારે ઉભરણ ચ'ડ્યા વિના કેમ રહે?

આ સમયે આ પુરીમાં રાજ્યમહાલય દુરાચારનું નિવાસસ્થાન હતું, વાસમંદિર વ્યભિચારગૃહ હતું, ધર્માસન દુષ્કર્માસન હતું; રાજ્યસભા વીટમંડળી હતી; સભાશાળા નાટ્યશાળા હતી; વળી આ સમયે અહીં પ્રમદાઓને ગૃહમાં પણ કારાગૃહ હતું; શાહુકારોને બજારોમાં પણ

આડીવાટો હતી; વ્યાપારીને ચૌટામાંએ ચૌરસ્થાન હતાં. તેમજ અહીં પ્રતિષ્ઠા દ્યૂતકારની હતી, માન અભિસારિકાઓનાં હતાં, જોર ચોરનું હતું, ચલણ માલણનું હતું, મઠ શઠના હતા, ભજન વ્યસનનું હતું, વજન દુર્જનનું હતું, અધિકાર ગણિકાનો હતો અને પ્રચાર મિથ્યાચારનો હતો.

એક દિવસ આ પ્રમાણે પ્રથમ સ્થિતિનુ વિપરીતદર્શન કરતો, પથ ઉપર ફરતાં બેદી અને અફીણીની ટોળીનુ હાસ્યાસ્પદ થતો અને "સાચે રાચે રામ" એવી ટેલ નાખતો, એક ભિક્ષુક સવારથી સાંજ સુધી આ નગરમાં ખાધા પીધાની સ્પૃહા રાખ્યા વિના ફરતો હતો. ગાંડાની પેઠે પેટ ઠોકતો અને ટેલ નાંખતો આખો દિવસ આખા નગરમાં તે રખડ્યો પણ કોઇ સ્થળે પરિચિત આચાર, વ્યાપાર કે વૈભવ તેના જોવામાં ન આવ્યો. ક્યાંથી આવે ? સજ્જનનાં દ્વાર, મુખ અને દર્શન બંધ હોય, વૈશ્યનાં હાટમાં વેશ્યાના વાસ હોય, રાજ્યપથમાં ઇંદિરાને બદલે મદિરાની રેલ આવી હોય, દેવમંદિર પાખંડ–બંદર બન્યાં હોય અને વિશ્રાન્તિના આગારમાં કલહના અંગાર ઉડતા હોય ત્યાં આંખ ઠરે એવું જોવાનુ હોયજ નહી; તેથી ખેદ પામતો આ ટેલીઓ નિઃશ્વાસ નાખતો હોય, શ્રાન્ત થયો હોય, કે ક્ષીણ થયો હોય એવો બની, પ્રસિદ્ધિ પામેલી રાજ્યમાનીતી વારાફ્નાના ઘરના ઓટલા ઉપર રાતવાસો કરવાનેજ હોય તેમ બેઠો, અને પથ ઉપર જતા આવતા નૂતન સત્તાધારી અને સત્તારહિત અલબેલાઓની વિચિત્ર ચેષ્ટાઓ જોવા લાગ્યો. ગ્રામ્યતા, દુષ્ટતા અને નીચતા સાક્ષાત્ પ્રસરી રહી હોય એમ અનુભવીને, સમીપવર્તી કૃત્યોને સાંભળવા, જોવા કે વિચારવામાંયે તેને હીનપદ જણાયું. તેથી બે પગ ઉપર બે હાથમુકીને, તે ઉપર માથુ નીચુ ઘાલી, અધર્મસંચારમાં પણ તે ધર્મચાર થઈ રહ્યો. પણ અચિંત્યોજ તેના ઉપર મુષ્ટિપ્રહાર થયો, અને ઉચ્ચુ વદન કરી જુવેછે તો ચાર પાંચ પતિત અને ભ્રષ્ટ છતાં મદમત્ત બનેલા જુવાનોમાંથી એક જણે "અલ્યા રાજ્યના દિવાન, લે આ ખાવાનું" એમ કહી તેના હાથમાં રસ્તાની ધૂળ આપી; અને સર્વે ખડખડ હસી પડ્યા. ગંભીર આકૃતિ રાખી આ ભલો આદમી કંઈ બોલ્યો નહી; તેથી તાળીઓ લેતા તથા "ગાળ દેઈ ગમ્મત કરતા" આ ગોઠીયાઓ તો ચાલ્યા ગયા. પણ એટલામાં રાજ્યસૈનિકના પોશાકવાળા બે શિષ્ટ દેખાતા ગૃહસ્થો હાથમાં સંગીનો લેઈ આવતા દેખાયા–તેમને પોતાની સર્વ વાત કેહેવાને આ ટેલીયો પ્રણામ માટે નીચો નમ્યો કે તુરત તેના બરડા ઉપર લટકતો લોટો ખેંચી લેઈ તેને ધક્કો મારી નાંખી દેઈ આ બે રાજ્યભૃત્યો બોલ્યા "અબે,

તુમકુ ક્યા હુવા ભલા ?” ટેલીયો તો બિચારો ધૂળમાં રગદોળાયલાં પોતાનાં વસ્ત્ર ખંખેરતો હતો, પણ એટલામાં તેને ઝાલી આ સૈનિકોએ તેનાં વસ્ત્રનો ઝાડો લીધો; અને કંઈ નીકળ્યું નહી એટલે તેઓ તો ચાલતા થયા.

આ ધર્મપુરી જેવી નગરીનું અલ્પ સમયમાં આવું અધમ અવસ્થાન્તર જોઈ ઉદ્વિગ્ન બનતો આ ટેલીયો બહુ વાર ન બેઠો એટલામાં ફૈલથી ભરેલા ચાર જુવાન છેલ વચ્ચે એક ઉઘાડા માથાની “માથા વિનાની” ફાટેલી છોકરી તાળીઓ આપતી તથા લેતી, અશ્લીલ શબ્દ બોલતી અને સાંભળતી, કુટિલ હાસ્ય કરતી અને કરાવતી, નીચ નખરાં કરતી અને કરાવતી, હોળીના ઈલ્લાજીની નાયકા જેવી, લજ્જા, ચેલ અને ચોલને રમતાં મુકી દેઈ, તે સ્થળે રમતી રમતી આવી પહોંચી. દુષ્ટ કૃતિમાં પોતાનાં પરાક્રમ વર્ણવતાં, લાજ મુકીને ન્હાનુ સરખુ રાજ્ય ભોગવતાં, આ પંચમહાભૂતનાંજ વિપરીત સત્વ હોય એવાં ક્ષુદ્ર પ્રાણીઓ, શ્વાન જેમ શીકારને તેમ, જરા આડે પડખે થએલા આ ટેલીયા ઉપર તાકી તાકીને જોવા લાગ્યાં તથા તેને ખીજવવાનેજ તેનાં પાંસળાંમાં આંગળીઓ ખોસવા લાગ્યાં. એક કેહે “અલ્યો મુડદુ છે.” બીજો કેહે “મ્હારુ હાળુ હાલેછે ને.” ત્રીજો કેહે “ગગડાવી પાડો હેઠે.” આવાં આવાં સ્વસ્તિવાચન સાંભળી આંખો ચોળતો ચોળતો આ ભિક્ષુક ઉઠતો હતો એટલામાં પેલી દુષ્ટાએ તેનુ વસ્ત્ર ખેંચ્યું અને અનિષ્ટ ચિન્હ કર્યાં. અદ્યાપિ પર્યંત ધૈર્ય ધરનાર આ કોઈ બહુરૂપીએ ભ્રમર ચ’ડાવી એક બેને એવી લપડાકો ખેંચી કહાડી કે “બાપ રે” કહી સર્વ ત્યાંથી નાસી ગયાં. તેમ હવે આડે પડખે થવું નહી, વિચારમાં દેખાવું નહી પણ સ્વસ્થ રહેવું એમ નિશ્ચય કરી, પગ ઉપર પગ ચ’ડાવી, આ વિરલ જન આવા અને આવા અનેક રંગ જોતો, ઘડીમાં મુછ ઉપર હાથ નાખતો, ઘડીમાં ભૃકુટી ચ્હડાવતો, ઘડીમાં હડપચી તળે આંગળી મુકતો અને ઘડીમાં દાંત પીસતો.

થોડીએક વાર થઈ એટલે કાકલી સ્વરે મધુર વીણા વજાડતી, અગાશીમાં ગાદી તકીયે બેઠલી પેલી ગણિકા પોતાના સુસ્વરથી જન-પથ ઉપર જંગમને સ્થિર કરવા લાગી, પોતાના સુરૂપથી નિવૃત્તને પ્રવૃત્ત કરવા લાગી અને પોતાના હાવભાવથી તટસ્થને પરાધીન કરવા લાગી. જેમ જેમ પવનનાં મોજાંમાં વીણાના નાદની સાથે મીશ્રિત થએલા તેના રાગ અથડાયા તેમ તેમ લોકોનાં ટોળેટોળાં ભેગાં થયાં.

હચડાહચડી પારવિનાની થઈ ગઈ; સીધી થાળી ફરી જાય એવી ભીડમાં ન રહ્યો કોઈને જવાનો માર્ગ કે ન રહ્યો કોઈને હાલવાનો લાગ. શ્રીમાન્ અને ગરીબ કોઈનો મેળ રહ્યો નહી. તેમાં ન જણાય સ્ત્રી કે પુરૂષ; કાંકે આવી ધક્કાધક્કીમાં અને આવા સેળભેળમાં ઉઘાડાં થઈ ગએલાં માથાં રાખી અહીંની સ્ત્રીઓ ધક્કા ખાતી અને ધક્કા મારતી, હસી પડતી અને આગળ ધપતી અથવા કોઈ ધૂર્ત કામુકની બાહુજાળમાં આવતી કે કોઈ નિર્લજ્જને ગળે બાહુજાળ પરોવતી હતી. સુમારે બે ઘડી ગાયન ચાલ્યું. પછી સારંગી હેઠે મુકી, આ ગણિકા ઝરુખામાં જઈને ઉભી રહી અને સર્વ જનની સલામ ઝીલવા લાગી. "વાહ! લવઙ્ગિકા, વાહ!" એવા શબ્દો બોલતાં બોલતાં, તેનાં રૂપ, લટકા અને ધૂર્તતા ઉપર અનેક પ્રકારની ચર્ચા ચલાવતાં ચલાવતાં, તેની દૃષ્ટિને પાત્ર થનારનાં ભાગ્ય માનતાં માનતાં અને એવી આ રાતની નાયકા સંબંધી અનેક પ્રકારની વાર્તા કરતાં કરતાં ટોળેટોળાં ચારે દિશાએ વેરાઈ ગયાં. સર્વ શાન્ત થઈ ગયું. વહીગએલાં સ્ત્રીપુરુષોને ઘેર મોકલી રાત્રી વહીજવા લાગી. પ્રસંગે ભસતાં કુતરાં શિવાય કોઈના નાદ સંભળાય નહી એમ સર્વ શૂન્યકાર થઈ ગયું. માત્ર પેલી ગણિકાના ઘરમાં પેશનીકળ કરતાં મનુષ્યોના અવાજ સંભળાવા લાગ્યા. જાણે કોઈની વાટ જોવાતી હોય એમ "જોને, કોઈ આવ્યું?" "કોઈ જણાતું નથી." એવા શબ્દો મંદ મંદ કર્ણગોચર થતા હતા. એટલામાં ભાંડ જેવા બે રક્ષપાળ સાથે કનૈયાનો વેશધારી પણ ભવૈયા જેવો દેખાતો એક કામાન્ધ દૂરથી આવતો જણાયો. "પેલ્લુ કોક આવે." "એતો એજ." એવાં ગણિકાના ભવનમાંથી નિઃસરતાં વાક્યોથી એકદમ ચમકીને આ ભિક્ષુક ઉઠ્યો; અને ઉઠ્યો તેની સાથે ભિક્ષુક મટી કોઈ વીર સુભટ જેવો દેખાયો. એકદમ કહીં સંતાડી રાખેલી ના'ની તરવારને નાગી કરી તલપ મારવાના અવસરની વાટ જોતોજ તે ઉભો રહ્યો. કાળાં કર્મમાં કૌશલ ધરનાર પેલો પુરૂષ હાથવેંતમાં થયો એટલે તુરત તેનુ ગળુ પકડી, તેને ચતો પાડી, આ ભિક્ષુક તેની છાતી ઉપર ચ'ડી બેઠો; અને તેના કંઠ આગળ પોતાની તરવારની અણી રાખી બોલ્યો "કહે, ક્યાં ગઈ વિમળા? કહે–કહે–નહીતો મારી નાખુંછું હવણાં. બોલ!" થર થર થર કંપતો અને શ્વાસ ઉપર શ્વાસ મુકતો, "બાપજી, ભાઈ સાહેબ, મુકો–કહુંછું. બધુ કહી દેઈશ. હાય હાય." એવા ભાગ્યા તુટ્યા શબ્દો બોલતો, આ જાર સહાય માટે રક્ષપાળ તરફ દૃષ્ટિ કરવા લાગ્યો. પણ

રક્ષપાળ તો ભિક્ષુકની તલવારનો ચમકાર જોઈનેજ પલાયન કરી ગયા હતા. લંપટને વ્યંડળનીજ સહાય હોય. "બસ, બીજી વાત નહી, બોલ! વિમળા ક્યાં ગઈ? બોલછ કે નહી–કહે શું થયું વિમળબ્હેનનું? ચાંડાળ!" એમ ભિક્ષુકના પ્રશ્નનો ઉત્તર "કહુછુ માબાપ, મ્હને બ્હીક લાગેછે તમારી. જવાદ્યો." એવાંજ વાક્યોમાં થયો, તેથી ચ્હીડાઈને, "નથી કહેતો ત્યારે લે આ" એમ કહી આ ભિક્ષુક સુભટે તેના કંઠ ઉપર તલવારની અણી મુકી. અસહાય અને નિઃસત્વ કામુકને ખાત્રી થઇ કે ગણિકાનો કંઠાશ્લેષ કરવા જતાં અસિનો આશ્લેષ થશે; તેથી ગળામાં ને ગળામાં તેણે કંઇ સ્ખલિત શબ્દો કહ્યા—ભિક્ષુકે તે સાંભળ્યા. તુરતજ તે શબ્દો કર્ણદ્વારા ભિક્ષુકના હૃદયમાં, ત્યાંથી તેને હાથે અને ત્યાંથી તરવારમાં પેસી ગયા. તેના આઘાતથી તરવાર આઘી ખસી ગઈ, ક્રોધ મંદ પડી ગયો, ભ્રમરની કમાન ઉતરી ગઈ અને જુસ્સો શમી ગયો. માત્ર તિરસ્કાર રહ્યો. મહારાજા વિજયસિંહનો કુપુત્ર પોતાની કૃપા કે પોતાના કૃપાણને પાત્ર નથી એમ ધારી, ધારેલી બાટણી મળ્યાથી ભિક્ષુકે તેને જતો કર્યો અને પોતે જરા અદૃશ્ય થયો. તુરતનું ભય દૂર થયેલું માની કામાન્ધ રાયમલ્લ ગણિકાના ગૃહમાં પેઠો; અને મધ્ય રાત્રીએ રાજ્યમહાલયનો ત્યાગ કરી વેશ્યાના ગૃહમાં પ્રવેશ કરનાર અવિચારી જારનો અધઃપાત સમીપવર્તી સમજી વિશેષ કુચેષ્ટા જોવાને આ ભિક્ષુક સાક્ષાત્ યમદૂતની પેઠ તે ગૃહની આગળ પાછળ ભમવા લાગ્યો. છેવટ પછીતે તેને એક ડોકાબારી ઉઘાડી જણાઈ. ખાવાનો હોય એવા એક કંડીઆમાંથી ઝીણી અને ઘટ રેશમની દોરીએ બાંધેલી એક પાટલાઘોને તેણે ઉચ્ચે ફેંકી અને વજ્રવત્ ભીત્તિને ચ્હોટાડી, પછી તેને આધારે પોતાનાં મ્હોમાં તરવારને લટકતી રાખી તે ઉપર ચ્હડી ગયો અને બારીની અંદર કુદી પડ્યો.

ચારે પાસથી સુગંધિત વાસે તેને ઘેરી લીધો; પણ તે ઘેરામાંથીજ મુક્ત કરનાર હોય એવા રમણીય આયનામાં પોતાનાં પ્રતિબિંબ જોઈને તે મંદ મંદ હસ્યો અને આગળ ચાલ્યો. એક ખંડમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં તેણે ભમવા માંડ્યું, પણ તેણે કોઈ દીઠું નહી.–કોઈએ તેને દીઠો નહી. છેવટ તે એક મધ્યખંડમાં આવ્યો. તેમાં વિસ્તરેલા રત્નખચિત પલંગથી, અત્તરથી મગમગાટ થયેલાં વસ્ત્રોથી, વિષયોત્પાદક વસ્તુઓથી, ગ્રામ્ય છબિઓથી, પુષ્પના હાર તથા ગુચ્છોથી, ઝઘઝઘતા દીપકોથી અને એવી એવી અનેક રમણીયતાઓથી, આ પૃથ્વીની

મેનકાનુ સુરતમંદિર છે એમ તેણે અનુભવ્યું. આ સ્થળે સર્વ વિશેષ વાતનો ખુલાસો થશે એમ ધારી મહાન ઝુલવાળી રત્નશય્યા તળે તે લપ્પાઈ રહ્યો. તુરતજ મનુષ્યના આકારમાં આવતાં એ બે પશુઓને તેણે જોયાં. ઘડીમાં હાસ્ય કરતાં, ઘડીમાં નખપ્રહાર કરતાં, ઘડીમાં ઈસારા કરતાં, ઘડીમાં ધક્કાધક્કી કરતાં, ઘડીમાં નીહાળી રેહેતાં અને ઘડીમાં અનેક બાહ્યોપચાર કરતાં આ બે માનવી અત્યારે તો એમજ સમજતાં હતાં કે કોઈ દિવસ મરવું નથી. અહો! શો મનુષ્યમાત્રનો મોહ?

જે વસ્તુ આપણી હતી નહી, આપણી રહેવાની નથી અને સૂક્ષ્મ-દૃષ્ટિથી જુવો તો જે આપણી છેજ નહી, તે વસ્તુને વાસ્તે આ શાં મનુષ્ય પ્રાણીનાં વલખાં? માતાના ઉદરગ્રામમાંથી જે દિવસે, જે પળેથી, આ સંસારનગરમાં આવ્યા ત્યારથીજ અસ્ખલિત પ્રયાણ મૃત્યુપુરીમાં થાય છે, એ વાત જાણીને પણ શાને કાજે પુરુષો ચળમાં પ્રીતિ રાખતા હશે? નથી જાણતા કે—

"चला लक्ष्मीश्चलाः प्राणाश्चलं जीवितयौवनम् ।
चलाचले च संसारे धर्म एको हि निश्चलः ॥"

પરંતુ મોહની ગારથી લીપાઈ ગએલી બુદ્ધિઓને નિત્યની ટેવ રૂપી કેલનો છાંદો એવો વાગ્યોછે કે આંખ આગળ બનતા બનાવો પણ લઘુ મનાયછે. નખમાં રોગ ન હોય, ગળતે ગળતે છ મહિના થાય એવો શરીરનો બાંધો હોય, વાઢ્યો વઢાય નહી એવો મજબુત દેહ હોય, એવો પુરુષ પણ એક ઘડીના છઠ્ઠા ભાગમાં મરી જાયછે, ઉડી જાયછે, ગુમ થઈ જાયછે. તે જોઈને પણ અનીતિ અને અધર્મમાં આચકો ન ખાનારાં આ જગતનાં ક્ષુદ્ર પ્રાણીઓની ભવિષ્યમાં કેવી સ્થિતિ થશે? મરવાનું તો રહ્યું, પણ આને આ ભવમાં બાલ્યમાં વિષયવિકાર ક્યારે હતો? વૃદ્ધામાં વિષયશક્તિ ક્યાં હોય છે? છતાંયે વિષય, વિષય ને વિષય. આ શો ચડસ? જે વસ્તુ જવાનીજ છે–રાખી રહેવાની નથી, તેમાં સુજ્ઞને પરાધિનતા કેમ ઘટે? તોપણ છે તો એમજ–એમજ. નહી તો કોણ નથી જાણતું કે મહા અનર્થ કરી સંચિત કરેલું ધન, મહાદુઃખ વેઠી ઉછેરેલો પુત્ર અને મહા દંભ રાખી મેળવેલી કીર્તિને પણ અહીં ને અહીંજ મુકીને જવાનું છે? અરે! જેને આપણે સાથે લેઈને આવીએ છીએ, જેની આટલી આટલી સેવા કરીએ છીએ તે કુંચન સરખી કાયા પણ બળીને ખાખ થઈ જશે તો બીજાની શી વાત? અથવા કાળમહોદધિમાં કેટલા થયા અને કેટલા ગયા?

અહો શો મોહનો પ્રભાવ ! સંસારની ક્ષીણ વસ્તુઓ ઉપરથી ચિત્ત ઉઠાવેછે ત્યારે કહેવાતા વૈરાગીઓ માન કે યશને માટે કેવાં ફાંફાં મારેછે? કોનું માન ? શાનુ માન ? માન આપનાર મરી જવાના છે, લેનાર મરી જવાના છે. મરી ગયા પછી ભૂતકાળ જણાવાનો નથી ત્યારે એ માન તે શું ? તેમજ કીર્તિયે શું ? યુદ્ધમાં હઝારોના ઘાણ કાહાડી નાખનાર, એટલે પોતાના ભાઈઓનુજ ખુન કરનાર આ કીર્તિના અગ્રણી થાય ત્યારે કીર્તિ તે કીર્તિ નહી પણ અકીર્તિજ છે; સંસારના વ્યવહારમાં ઉદાસી ન થવાને માટે નીતિજ્ઞોએ યશઃશરીર બંધાયછે એવી કલ્પના કરીછે; બાકી નામરૂપનો તો નાશજ છે. તદપિ

“न मुञ्चामः कामानहह गहनो मोहमहिमा”

સર્વથા, મોહમયી મદિરામાં ઉન્મત્ત થએલો આ મંદધી, વિષમય, ચલ અને કૃત્રિમ પ્રેમવાળી આ વેશ્યારૂપી સાપેણની બાહુફણામાં પકડાયો હતો–ફસાયો હતો–વિંટાયો હતો. તેમ આ વેશ્યા પણ જાણે પાંચ સાત જીવાડવાં હોય, જાણે અખૂટ ધન ધાન્ય પણ ઓછું પડતું હોય, જાણે સો બસેં વર્ષ કહાડવાં હોય એમ ધન ધન જપતી આ ગુણહીન જડમતિથી ગળાઈ હતી, દબાઈ હતી, ખેંચાઈ હતી. લોભ અને કામની પરસ્પર મૈત્રી આ સ્થળે સાકાર થતી હતી. તે જોઈને મહા તિરસ્કાર આણતો પેલો છુપાઈ રહેલો ભિક્ષુક કંઈ અજ્ઞાત વેદના અનુભવવા લાગ્યો.

થોડીજ વારમાં તેણે અક્ષર, શબ્દ અને વાક્યો સાંભળવા માંડ્યાં. મૃદુ, ચિત્તહર અને યુક્તિમય વચનોથી તેણે જાણ્યું કે કઠોર, ગ્રામ્ય અને વિશ્વાસમય વચનો બોલનાર કુલાઙ્ગારને આ ધૂર્ત નર્તકી હતભાગ્ય બનાવવા બેઠી છે. વાકયે વાકયે અથવા શબ્દે શબ્દે તેણીએ તેના અંગ ઉપરનાં આભૂષણ ખંખેરી લેવા માંડ્યાં; કંઈ ન રાખ્યું; વાલની વિંટી પણ ખેંચી લીધી. માત્ર એક ઓટીમાં ઘાલેલી મુદ્રા રહી. પછી તે બોલી “જાઓ ઘેર વ્હેલા; નહી તો વ્હડશે ઘરમાંથી.” ગળે હાથ નાખી આ મૂર્ખ બોલ્યો “જા જા, ઘેલી ! તું તો હજી એવી ને એવી રહી. કોણ મને વ્હડનાર છે? ત્હારાથી બીજુ કોણ છે ?” ગણિકાઃ– “મ્હારાથી બીજુ કોઈ ન હોય તો કો’ની બ્હીકથી છાનેમાને આવોછો?” “ઘેલી રે ! ઘેલી” એમ બોલી પ્રેમચિન્હ કરી આ કામીજન બોલ્યોઃ “જો સાંભળ ! ત્હારાથી કંઈ વધારે નથી. રાંડને તો ત્હારા કહેવા પ્રમાણે મોકલી દીધી એને ઘેર–પણ આતો પેલા મુવા મ્હારા બાપના નામથી

આટલો વેશ ભજવવો પડે છે. બાકી ફરું નહી તને લઈને ઉભી શેરીએ? જો! હવે તો ત્હારે આમ મ્હોં મરડવાનું નથી. ઘરમાં ને રાજ્યમાં પણ ત્હારા કહેવા પ્રમાણે કરછ. પણ જરા આડ્ય સારી.” ગણિકાઃ “ઠીક, એમ કરો. મારે શું? પારકી પરણેલીને બલાત્કારથી હરી લાવવામાં કંઈ આડે ન આવ્યું અને મારા જેવી સ્વતંત્ર કુમારિકાનો સંબંધ કરવામાં તમને શરમ આવે છે. ભલે, તમને સુઝે તે ખરૂં. પણ એટલું યાદ રાખજો કે “તેરે મંગન બોત હય તો મેરે ભૂપ અનેક.” એમ બોલી તેણીએ મોં મરડ્યું અને વ્હીલાવ્યું. આ કામથી વ્યાકુલ થએલો પુરુષ રંગમાં ભંગ થયો સમજી તેણીને કાલાવાલા કરવા લાગ્યો અને તેના આગળ દીન બની લાચાર થઈ બોલ્યો “લે! આ મ્હારું વચન; તું કેહેશે તો કાલથી તને મ્હેલમાં લેઈ જઈશ. શું કરવા વ્હેમાય છે? મ્હારે તે એ કુસુમડીને શું કરવી છે?” અચિંત્યો કંઈ તીનો સાદ સાંભળ્યો હોય, કંઈ ધક્કો વાગ્યો હોય એમ ગણિકા ચમકી; પણ પેલો તો બોલ્યાંજ ગયો: “તને લોકો ભરમાવે ત્યારે હું શું કરું? બાકી હું તે હવે શું કરવા એની ખોળ કરાવું? પણ જો સાંભળ, એક વાત યાદ આવી.” ફરી ગણિકા ચમકી ચારે તરફ જોવા લાગી. પણ કંઈ જણાયું નહી; તેથી બોલી “એ બધુએ ખરું ક્યારે કે રાજ્યમુદ્રા આપો ત્યારે.” “લે આ” એમ કહી પાસે રહેલું છેલ્લામાં છેલ્લું સર્વસ્વ તેને આપી આ મૂઢ જન બોલ્યો: “હવે આજથી તું રાણી થઈ. પણ આજ પ્હેલી રાતની વાત જાણે છે? એક શંખજેવો કોઈ આદમી મ્હારી છાતી ઉપર ચ્હડી બેસી મને તરવાર મારવાની બ્હીક બતાવી પેલી રાંડ વિમળીની વાત મ્હારે મ્હોંડેથી કહડાવી ગયો.” “હેં! હેં!” એમ ચિંતાથી બોલતી ગણિકા, ફરી કોઈ પરપુરુષના ઘસારા જેવું લાગવાથી ચમકી પણ પાછી વિચારમાં પડી ગઈ; અને અંતે બોલી “ત્યારે બધુંયે કહી દીધું? અરેરે! કુંભારનાં છોકરાં રાજા થાય ત્યારે–” પોતાના કૃત્યથી કંઈ ભય ઉપજવાનું હોય એમ ગણિકાના શબ્દોથી સમજી તે બોલ્યો “હવે જે થયું તે થયું. હવેથી નહી કહીયે. પણ કહે, શું કરવું?” રાજ્યમુદ્રા હાથમાં આવી હોય તેથી કે કામ બગડ્યાની રીસ ચ્હડી હોય તેથી, પણ મહા ક્રોધ કરી પ્રથમ કુટડી પણ હવે ડાકેણ જેવી દેખાતી ગણિકા બોલી “હવે કુટ ત્હારું માથુ! રડ્યા અક્કર્મી.” ડરતો ડરતો કામુક બોલ્યો “પણ હવે શું કરવું તે કેહની? રોજ કહીએ છીએ કે એને ત્હારા જેવી કરી નાખ; તે તો માનતી નથી ને હવે વળી ગાળો દે છે.” પલંગ તળે

ખખડાટ થયો. ગણિકા ચમકી; મૂઢ "બાપરે" કહી ઉઠ્યો. બે જણુ કંપવા લાગ્યાં. કોઈથી પલંગ તળે જોવાય નહી, કોઈથી એક બીજાને પ્રશ્ન પુછાય નહી. પણ પાછું સર્વ શાન્ત થઈ ગયું તેથી જરા જરા ધિરજ આવી. પણ પલંગ તળે તો બેમાંથી કોઈએ જોઈ શક્યાં નહી. કામુક બોલ્યો "ત્યારે કહી દે ઝટ. ત્હારે ન રાખવી હોય તો રમાડી દેવા દે એના રામ; કેહે તો કહું પેલા વીરવિજેને." આ શબ્દોની સાથેજ અચિંત્યો બોડમાંથી ચિત્તો નીકળે તેમ પેલો ભિક્ષુક ઉછળ્યો. "ઓ મ્હારા બાપરે" કહી એક પેહેરેલા પંચીઆ સાથે રાયમલ્લ તો જીવ લેઈનેજ નાઠો.

ગણિકાનો સ્પર્ષ કરવો અનુચિત લાગ્યો, તેની સાથે એકાન્ત ધર્મ વિરૂદ્ધ લાગી, તેની સાથે ભાષણ એ પણ નીતિવિરૂદ્ધ સમજાયું તેથી અને પોતાના પ્રતાપી રાજાના પુત્ર ઉપર હાથ ઉગામવો એ કૃતઘ્નતા જણાઈ તેથી બીજુ કંઈ ન કરતાં, આ ભિક્ષુકે થોડીજ વારમાં પેલી ગણિકાને ધમધમાવી તેની પાસેથી રાજ્યમુદ્રા છીનવી લીધી અને "વીરવિજે" ની વાત તેના હૃદયમાંથી કહાડી લીધી.

વારાફરતી અને પ્રસંગે સાથે સાથે ક્રોધ, વૈરાગ્ય, ઔદાસ્ય, વૈર, દીનતા, ક્રૂરતા ઇત્યાદિ વિકારોમાં ગ્રહાતો, આ ભિક્ષુક બીજુ કંઈ પણ લીધા વિના મેડેથી હેઠે ઉતર્યો, ત્યાંથી રસ્તે પડ્યો; પણ ત્યાંથી કયાં ગયો તે આ ગણિકાએ જાણ્યુંયે નહી અને જાણવાનું કર્યુંયે નહી.

પ્રકરણ ૧૭ મું.

વેશધારી.

બળ, ધન, પ્રતાપ, સત્તા, માન અને છેલ્લે જીવિત ઇત્યાદિ ઐહિક સુખના આધારોને હરી લેનારી, ગુણનો ત્યાગ કરી ધનને માટેજ દુષ્કૃતિ કરનારી, મનોવૃત્તિઓનું ગ્રહણ કરી તેમાં પોતાનો પટ બેસાડનારી, ગુણહીના, પ્રેમરહિતા અને પાપા પણ્ય-સ્ત્રીને પ્રસન્ન કરવા, તેના પારાવતના જેવા ભરેલા, બરફના શિખર સમાન ધવલ અને સર્પના અંગ જેવા કોમળ કંઠ ઉપર પોતાનો વામ કર ફેરવતો ફેરવતો, "અસત્ય બોલી ઠગુછું" એમ ધારી ઠગાતો ઠગાતો,

વિષયી પ્રેમનાં ઝરણુ વર્ષાવતો વર્ષાવતો, આ નગરનો રાજા રાયમલ્લ પારકુ હૃદય હરી લેવા જતાં પોતાનું સર્વસ્વ હારી બેઠો. થોડી વધતી રહેલી લાજ ગઈ, રાજ્યચિન્હ જે મુદ્રા તે ગઈ, હૃદયમાંજ સમાવાની વાત તે ગઈ, તથાપિ જીવિત રહ્યું તેથી મકલાતો મકલાતો, "થવાનું હશે તેમ થશે; છેવટ બંટીના રોટલા તો નથી ગયા ?" એમ ગણગણતો તે તો જેવો આવ્યો હતો તેવોજ રાજ્યમહાલયમાં ગયો અને નિશામાં નીશો કરી નિશાકરની દુષ્કૃતિમાં પ્રવૃત્તિ કરવા લાગ્યો: પણ કામને લગતી સર્વ વાતનો ખુલાસો મેળવી, અવસર જોઈ, આ સ્થળે વધારે રહેવું પાપમય ધારી, જે દોરડે થઈ ચ'ઢ્યો હતો તેજ દોરડેથી આ વીર ભિક્ષુક નટની પેઠે—જળધારાની પેઠે સરરસટ ઉતરી પડ્યો, અને સીધુના ગંધથી, દુષ્ટસ્થાનના સ્પર્ષથી, ક્રૂરવાર્તાના શ્રવણથી અને પાપી જનના દર્શનથી દૂષિત થએલાં અંગને શુદ્ધ હવાની સતત વ્હેતી સરિતામાં સ્નાન કરાવતો કેટલી એક વાર તો એટલામાં ને એટલામાં ફરતો ફર્યો. પણ આ સમય તેને ફરતાં ફરવાનો નહોતો તેથી યુક્તિ ખોળવાને અને શ્વાસ ખાવાને ઘટે એટલો કાળ આમ કહાડી તે નિયમિત દિશા તરફ ચાલ્યો.

પગલે પગલે રસ્તો કાપતો, ખાંચે ખાંચે નિઃશ્વાસ મુકતો, બારીએ બારીએ દૃષ્ટિ નાખતો, ચકલે ચકલે ચર્ચા જોતો, મદ્યમાંસની દુર્ગંધના પ્રબંધથી ગભરાઈ જતો, ઘરની નીકો આગળ ભૂખ, તર્ષ કે છાકથી વિભ્રાન્ત પડેલા અનાથ ચેટો ઉપર તિરસ્કાર અને દયા લાવતો, અવસ્થાન્તર ઉપર વિચાર કરતો, ધડકતા હૃદયને હાથવતે દબાવતો, વૈરના છોડને ક્રોધના જળથી નિચ્રલાવતો, આ ભિક્ષુક, રાજસેવક બનીને, ખૂણે ખોચલે થઈને, અનેક શેરીઓ વટાવીને, નગરના ઉપાન્ત ભાગમાં એક અપાસરા આગળ જઈ પહોંચ્યો; અને તે અપાસરાના દ્વારનુ કડુ ઠોકવા લાગ્યો. કેટલીએક વારે એક હાથમાં કાકડો લેઈ એક શેવડાએ આવી બારણું ઉઘાડ્યું પણ પરિચિત પુરુષ ન દીઠો એટલે તુરત કમ્મરે ખોસેલો છરો કહાડી તેના સામે ધર્યો. ઈષત્ હાસ્ય કરી, "ન ઓળખો તેમાં તમે શું કરો ?" એમ કહી, પોતાની આંગળીએ રહેલી રાજ્યમુદ્રા તેને આ વેશધારીએ દેખાડી. શેવડો તો ચકિતજ થઈ ગયો અને તેને કાલાવાલા કરવા લાગ્યો. "કંઈ નહી. એમાં શું ?" એમ બોલી શેવડાની સાથે તે અંદર પેઠો. એક અંધકારની ગલી ગઈ એટલે તેવાને તેવાજ અંધકારવાળો એક ઓરડો આવ્યો તેમાં પચીસ પગથીયાં ઉતરી શેવડા સાથે તે અંદર ભોંયરામાં ઉતરી પડ્યો.

અહીં તો તેણે કંઈ વિપરીતજ જોયું. મહા કુશાગ્રબુદ્ધિનો પેશધારી છતાં, બહુ બહુ દેશ નજરતળે ફ્હાડ્યા છતાં તેણે આટલું તો પેહેલ વેહેલુંજ જાણ્યું કે જૈન ધર્મ પ્રવર્તાવનારો શ્રીપૂજ થઈને આ વિશ્રામનો માલિક મધ્યરાત્રે બટુકની ઉપાસના કરેછે! લોભથી હણાયલી બુદ્ધિવાળાં ક્ષુદ્ર જન શું શું નથી કરતાં?

બરાબર મધ્ય ભાગમાં એક દર્ભની આસની પડી હતી. તેની સામે બીજી આસની ઉપર બેસી, બિહામણી આકૃતિમાં સિંદૂર, તૈલ ઈત્યાદિથી વધારે બીભત્સતા ધારનાર એક ગોરજી હાથમાં લીધેલી માળાના મણકા હળવે હળવે મુકતો હતો. સામે તેલનો દીવો ઝઘઝઘ બળતો હતો તેથી સ્પષ્ટ જણાતું હતું કે ભુખ્યા આવતા ભૈરવને માટે ખીર અને વડાં મુકેલાં હતાં. ગૂગલનો ધૂપ શળગાવેલો હતો, કરેણાના હાર પાથરેલા હતા, જળ અને દૂધના કટોરા ભરેલા હતા અને શ્રીફલ વધેરેલાં હતાં. ઘડીએક સુધી આ વ્યવહાર ટગટગ જોઈ રહેતાં આ સેવક ક્ષણે તરવાર ઉપર હાથ મુકી દેતો અને ક્ષણે વજ્ર જેવી મુઠીઓ વાળી દેતો. પણ પછી તો આ સિદ્ધ માળા લેઈને ઉભો થયો. જમણો પગ ડાબા પગને અદ્ધર વળગાડી, એક પગે ઉભા રહી તથા એક હાથ ઉચ્ચો કરી, આંખો ઉચ્ચી કરી, તે માળા ફેરવવા લાગ્યો. એમ કરતે કરતે માળાનો મેર આવ્યો. મહા પ્રચંડ ગગડાટ સંભળાયો. મહા કારમી ચીસ કાને પડી. પણ સિદ્ધ ડર્યો નહી, ડગ્યો નહી, ફગ્યો નહી. એટલે માથા ઉપરના અને અંગ ઉપરના વાળમાં સિંદૂર, હરિદ્રા અને હિંગળોક ભરીને, કોલસાથીજ બની હોય એવી કાળી નાગેણ જેવી લાંબી જીભ બહાર ફ્હાડીને, ભુવડના જેવા લાંબા નખથી કાળજુ ફોલી ખાવાની ઇચ્છા સૂચવીને, ગળામાં હાડકાંની માળા ધારીને, કપાળમાં રૂધિરનું તિલક ચોપડીને, તેલથી કે ચરબીથી વપુને ચીકાશ અને તેજ આપીને, હાથમાં તરવાર લેઈને "ખાઉ ખાઉ" કરતો એક મહાન્ પ્રચંડ રાક્ષસ આકાશમાંથી હોય એમ અધ્ધર ઉતરવા લાગ્યો. તેને જોઇને "ઓ મ્હારા બાપરે" કહી કૃત્રિમ ભયથી રાજ્યસેવકને ભડકાવી નસાડી મુકવાના હેતુથી ગોરજીનો શિષ્ય ત્યાંથી ભાગી ગયો; પણ ન ખસ્યો રાજ્યસેવક કે ન ચસ્યો સિદ્ધ. તેથી તે રાક્ષસ તો ચ્હીડાયો હોય એમ રાજ્યભૃત્ય ભણી મ્હોટે પગલે–મ્હોટે ઉપાડે ગયો. પણ જેવો તે એને સ્પર્શવા જાયછે તેવીજ આણે તો પોતાની તરવાર ફ્હાડી અફાળવા માંડી. ડરીને નહી

પણ સ્વેચ્છાથીજ જાણે ખસી ગયો હોય એમ તે રાક્ષસ આઘો જતો રહ્યો. તેણે અન્ય ઉપાયને અભાવે દીપ ઓ'લવી નાખ્યો. અંધકાર ઘોર થઈ ગયો. કોઈ દેખાય કે કરે. તેથી રાજ્યભૃત્ય તો પટા ખેલતો હોય એમ અંધકારમાં તરવાર ફેરવવા લાગ્યો.

થોડી વાર થઈ એટલે દીવો શળગ્યો. વડાં ખીર વગેરે સર્વ જતું રહ્યું. રાક્ષસ ગુમ થઈ ગયો. પણ સુંદર લટોથી સુશોભિત, ગૌર વદનથી મનોહર અને ઘટ શરીરથી પ્રિય લાગતો, કિશોર વયનો એક બાલક આ નાટ્યશાળામાં હાથમાં એક સુવર્ણ છડી લેઇને ઉભેલો રાજ્યભૃત્યે દીઠો; અને દીઠો તેની સાથે તે ચમકયો, પણ ઠરી રહ્યો. બટુક બોલ્યોઃ—"માગ્ય, માગ્ય, જે માગું તે આપુ. પ્રસન્ન છુ ત્હારા ઉપર." પગે પડી માળા દૂર મુંકી દેઈ સિદ્ધ બોલ્યો "જોઈએ એ વાત." બટુકઃ—"બે નહી, એક." "આ નગરના રાજશત્રના સત્વર મરણની યાચના છે;" એ સપ્રણામ સિધ્ધે કહ્યું. "તથાસ્તુ" બોલી બટુક ચાલ્યો જતો હતો એટલામાં મહાક્રોધના આવેશમાં આવી "તુંજ રાજશત્રુ છે" એમ કહી પેલા રાજ્યસેવકે તે સિદ્ધ ઉપર ઉછળીને એવી તરવાર મારી કે તેના એક ઘાથી બે કડકા થઈ ગયા. બટુક વર આપતાં આપતાં છળી ગયો હોય એમ નાઠો. પણ રાજભૃત્યે તેને પકડી લીધો અને તે હોંકારા ન કરે માટે તેના મ્હોં ઉપર પોતાનો હાથ દાબ્યો. બ્હેબાકળો થઈ, ગાંડા જેવો થઈ, બટુક તો આંખો ફાડી નાખી, પેલા ભૈરવના પણ ભૈરવને જોવા લાગ્યો. પણ "બ્હેન વિમળી! ચિંતા ન રાખીશ. તું મને નથી ઓળખતી પણ હું તને ઓળખું છું. બ્હીનીશ માં." એવા શબ્દથી તે બટુકની કન્યા બની ગએલી ભવ્ય આકૃતિની કુમારિકામાં ભયને ઠેકાણે આશ્ચર્ય પેઠું. તે તો એમની એમ જોઈજ રહી. પણ તેને કંઈ ઓળખ ન પડે. તેથી તે હાથ જોડી બોલીઃ "ભાઈ! તમે જે હો તે ખરા. પણ જો મ્હારા ઉપર હેતવાળા હો તો તમને કહુંછું કે અહીંથી તમેયે ચાલો અને મનેયે વેહેલી લેઈ જાઓ." રાજ્યભૃત્યે તેના કાનમાં પોતાનું નામ કહ્યું તેથી અચિંત્યો તેને એના ઉપર વિશ્વાસ આવી ગયો એટલે, "અહીંની વાતો પછી કહીશ. આવાને આવા અહીંતો ઘણા છે. હીંડો વેહેલા, નહી તો આપણ એને મારી નાખશે. પણ લ્યો આટલી ડાબલી." એમ કહી તેલની દીવી તળે એક ડાબલી હતી તે એના હાથમાં આપી, વિમળા તેની આંગળી ઝાલી ખેંચવા લાગી. એક, બે, ત્રણ ખંડ અને

ત્રણ ગલીઓ મુક્યા પછી તેઓ કોઈ બીજેજ રસ્તે એ ઘરની અગાશી ઉપર આવી ન્હડ્યાં. અને ત્યાંથી એક દોર લટકાવી વિમળાને પોતાની કાંધે બેસાડી આ રાજભૃત્ય હેઠે ઉતર્યો, આગળ ચાલ્યો, અને એક એકાન્ત સ્થળમાં જઈ, ત્યાં કોઇ ગરીબ જેવા દેખાતા ઘરમાં પેઠો અને વિમળાને ત્યાં મુકી કેટલીએક વારે પાછો નીકળ્યો.

રાજભવન તરફ હવે તેનુ ગમન થયું; પણ તે રાજભૃત્યના વેશમાં નહી. શ્રીપૂજ વીરવિજય જેવો તેનો વેશ દેખાતો હતો. તેના હાથમાં ઓઘો હતો, મ્હોં ઉપર મુંમતી હતી અને શરીર ઉપર અંચળો નાખેલો હતો. ક્ષુદ્ર દેવના રૂઢ ઉપાસકના જેવા ચાળા કરતો તે રાજદ્વાર આગળ પાછલી રાત્રીએ ગયો અને રાજમુદ્રા દેખાડી અંદર પેઠો.

આ સમયે સર્વ પ્રાણીમાત્ર ગુલાબી નિદ્રા લેછે અને નિરાંત વાળેછે. પણ અત્યારેયે એક ઘટ અને રૂષ્ટપુષ્ટ સ્ત્રીના ફંદમાં ફસાયલા રાજા રાયમલ્લને, દ્રાક્ષવલ્લીરૂપી નાગેણના દ્રાક્ષરૂપી વદનમાંથી નીકળેલા મદ્યરૂપી ગરલની લહરીઓ ઉપરાઉપરી એવી આવતી હતી કે સીમા. દૂષિત, દગાખોર અને પાખંડી પુંશ્ચલીના ભોગાવો નદીના પુલિન જેવા અંકમાં તે ગરકાઈ જતો હતો, ઉતરી જતો હતો, દબાઈ જતો હતો. નહોતું તેને સ્વસ્થિતિનું ભાન કે નહોતું તેને સ્વપદનું માન. વિજયસિંહ મહારાજાએ દબાવેલી, શૃંગારેલી અને વિસ્તારેલી રાજ્યગાદી ઉપર વિરાજનાર આવો ધર્મભ્રષ્ટ, પદભ્રષ્ટ અને વિવેકભ્રષ્ટ થએલો જોઈ આ ગોરજીની આંખમાં કાતરીયાં આવ્યાં, તેની રગોમાં વેગ આવ્યો, તેના ઉચ્છ્વાસમાં તિરસ્કાર આવ્યો; પણ તેના હૃદયમાં હિમ્મત આવી. ન ગમતાં ન ગમતાંયે આ સ્થલમાં કિતવવત્ પ્રવેશ કરાવવા તેને કૌતુકે પ્રેર્યો, ગૂઢમંત્ર શ્રવણ કરાવવા સ્નેહે ધકેલ્યો અને કપટ કરાવવા તેની પરોપકારવૃત્તિએ ઉત્તેજ્યો; તેથી પોતાનું કર્ત્તવ્ય અયોગ્ય જાણીને પણ, તે કરવાનાં વ્યાજબી કારણો મહાશ્રમે ખોળી કહાડી, તેણે અશ્રાવ્ય વાર્ત્તા શ્રવણ કરવા ધાર્યું. કામના આવેશમાં અને મદ્યના તરંગમાં ઝોકાં ખાતો, પ્રજાનો પિતા બનેલો, આ નૃપતિ જે સ્ત્રી સાથે વાત કરતો હતો તે કોઈ દિવસ, અન્ય કોઈ સ્થળે, દીઠલી છે એવો કંઈક સંસ્કાર થતાં તેની ઈચ્છા ને ઉત્કંઠા વધી; તેથી સારા નરસાના વિચારો તેણે બાજુ ઉપર મુકી શ્રવણમાર્ગ ખુલ્લો મુકી દીધો; અને તે માર્ગે થઈ નીચે પ્રમાણે વાતો તેના હૃદયના અગ્નિને વધારે પ્રજ્વલિત કરવા પેઠી.

રાજાઃ– "હું કંઈ એવો છું? મ્હારે તે એ કુસુમાવલીનું શું કામ છે? પણ રાંડનું માન મુકાવવુંછે. માટે તું કહે ત્યારે નીકળીયે. તું કહેતો બાયડીનો વેશ લેઉ. તું કહેતો ભીખારી કે જોગીનો વેશ લેઉ. પણ હવે વાર ન કરવી." રાજપુષ્પમાંથી ધનરૂપી મધુ ચુશી લેનારી આ ભમરી હલકાશમાં ગૌરવ દેખાડતી બોલી "તે એ કંઈનાનાં છોકરાંના ખેલ નથી. અમારેતો મ્હા મેહેનત પડેછે. માટે જે આપવાના હો તે અત્યારથી આપો, પછી ફાવે તો સવારે નીકળો." "તું કહે તે આપું. લે આ હીરાનો હાર. પછી કંઈ જોઈશે? તું તો અમથી વ્હેમાય છે. ત્હારાથી મ્હારે કોણ વધારે છે?" એમ કહી રાજાએ પોતાની કોટનો રત્નહાર તે રાંડના ગળામાં પેહેરાવ્યો. તેથી મકલાતી મકલાતી તે બોલી "તમને તો મ્હારો ભાર નથી ને મ્હારો વિશ્વાસ નથી, બાકી માનો તો એ કુસુમડી કરતાં વસંતડી ઓછી નથી." કાન દાબીને "शान्तम् पापम् शान्तम् पापम्" એમ બોલતો બોલતો, અગભગત બનેલો બહુરુપી "શાવક, શાવક" એમ દ્વાર આગળ બકોરવા લાગ્યો. ઝટ લઈને સ્ત્રીના ખોળામાંથી ઉઠી "આવું છું" એમ કહી સાક્ષાત્ મૃત્યુ જેવો ફીકો બની ગએલો રાજા બહાર આવ્યો, અને ગોરજીને એક પાસેના ખંડમાં લેઈ જઈ ગાદી ઉપર બેસાડી તેને પગે પડવા લાગ્યો. "કેમ મહારાજ, અત્યારે શી આજ્ઞાછે? આપે કેમ તસ્દી લીધી? રૂપલો મળ્યો કે નહીં?" એવા એવા તેના પ્રશ્નના ઉત્તરમાં ગોરજીએ તેને માથે યમદંડ જેવો હાથ મુંક્યો અને ક્રૂર કાળભૈરવ જેવું અટ્ટહાસ્ય કર્યું. પણ અતિ અનિશ્ચયને ચગડોળે ચ્હડવાથી આ હાસ્યનું રહસ્ય ન વિચારતો વેગમાં ને વેગમાં તે બોલ્યો "કહો! બાપજી! ત્યારે વિમળીને કરી ઠેકાણે?" ગોરજી તુરત બોલ્યો "હા, તેને ઠેકાણે ક્યારનીયે કરી દીધી." "પણ," રાજા બોલ્યો "પણ હવે એ વિમળીની મા રહી ધોકા જેવી; તેના રામ રમાડી દ્યો એટલે થયું. પછી બધા કાંટા સોરાઈ ગયા અને શ્રીપૂજના પ્રતાપથી કુસુમાવલીને તો આ લીધી જાણો. ધરતીના છેડા સુધી એનો ખ્યાલ નહી મુંકું. પણ બટુક પ્રસન્ન થયા?" ગોરજીઃ–"હા, થયા. તે પ્રસન્ન ન થયા હોય તો અહીં શું કરવા આવીએ?" રાજાઃ–"ત્યારે એ રાંડ સુજાણને સ્વધામ પહોચાડવાનેજ આપને અહીં મોકલ્યાછે?" ગોરજી "હા." એમ કહી કંઈ સાત સાત ગાંઠના દોરા તથા કંઈ વાઘના નખ અને મનુષ્યનાં હાડકાંના કડકા વગેરેથી ભરેલો એક નાનો દાબડો દેખાડવા લાગ્યો. ચકિત થઈ જઈ, જરા દૂર ખશી

જઈ, રાજાએ આદરયુક્ત તેને પ્રણામ કર્યો અને કહ્યું, "તે દિવસ કુસુમાવલીને કહાડવાને આ સુરંગ ખોદીછે તેમાં થઈને એ પ્રધાનને બંગલે જવાયછે." શ્રુણતાંજ ગોરજી ચોંકયો, વસ્તુયાથાર્થ્ય સમજ્યો, ગોપિત રહેલા છરાને અડક્યો પણ અટક્યો. રાજા:-"શુ કરવા ચમકોછો ? એ પ્રધાન ઉપર તો અત્યારે ફુંવાડીયા ઉગી ઘરડા થઈ ગયા છે. રુપૈયા લાખ એક આપ્યાછે એને ઠેર કરવા-પેલા પર્વતના ફાંસીયાઓને." મહા શ્રમે પોતાનો ક્રોધ અટકાવી પણ દાંત કચરડી ગોરજી બોલ્યો "શાવક, બતાવ રસ્તો." રાજા ઝટ ઉઠ્યો અને એક બે ત્રણ તાળાં ઉઘાડતાં છેવટ એક દરવાજો ઉઘાડી એક મણિની અમૂલ્ય વિંટી તેને આપી બોલ્યો "આ વિંટીથી તમારે અજવાળુ થશે, અને હવે જાઓ." ગોરજી અંદર ઉતર્યો અને રાજાએ બાહેરથી તથા તેણે અંદરથી સાંકળ વાસી.

અવર્ણ્ય વિકારોથી હૃદયને ભરીને, આ પાપીને-દંભીને-ઘાતકીને-પંડને-વિષયીને-કાપટિકને-નીચને અને નિર્દયસ્વાર્થીને તત્ક્ષણ હણી ધરાનો ભાર ઉતારવાના વિચારમાં ને વિચારમાં ઉંડો ઉતરતો, કોઈ ઇષ્ટવસ્તુને પ્રાપ્ત કરવા અનેક વેશ ધારણ કરી વિશ્વતલ ઉપર ભમનાર આ વીરજન છેક નીચે ઉતરી પડ્યો; અને જે વેળા, જાણે પગમાં પેઠલો કંટક નીકળી ગયો હોય, જાણે દાંતમાં ભરાયલો કણ છુટી ગયો હોય, જાણે આંખમાં ખટકતો કાંકરો ગળી ગયો હોય એમ મકલાતો મકલાતો, આ લંપટ રાજા વિષયાભિનિવેશથી પોતાના મનની પ્રતિમા, પોતાના જીવિતના ફળ, પોતાના હૃદયના અંતરહાર, પોતાના બહિશ્ચર પ્રાણવાયુ, પોતાના સત્ત્વની અધિદેવી અને પોતાના નયનના કર્પૂરતુલ્ય એવી નવયૌવના સતી રૂપસુંદરી કુસુમાવલીને માનીને તેની સમીપ નિષ્કંટક દાસત્વ કરવાનો સમય નજીક ગણતો હતો અને તેના મીલનની સહાયભૂત આ સ્ત્રીને પ્રમોદતો હતો તેજ વેળા તેનોજ મોકલેલો ગોરજી તેની યુક્તિયો નિષ્ફળ કરવા, તેનાં સાધનોએ તેનેજ નડવા અને તેના સર્વ સંકલ્પો વ્યર્થ કરવાને અનેક વિચાર તથા યુક્તિયો વધારે વેગથી અને ચપળતાથી ખોળતો હતો.

અહો! શું માણસનું અજ્ઞાન! ઉંદરને મારવાને તાકી રહેલી બિલાડી નથી જાણતી કે ફાફરડી ખાવા શ્વાન પાછળજ ભમેછે. શ્વાન ઉપર મહા ક્રોધથી ધસનાર ચિત્તા નથી સમજતા કે પ્રાણ લેનાર ગેબી ગોળી સામીજ આવેછે. પારકા પ્રાણ હરનાર અને

પારકું ધન ચોરનાર તથા પારકી સતીઓને પજવનાર નથી જાણતા કે એક ક્ષણમાં ઉંધું વાળી દેનાર દૈવચક્ર ઓ આવે. આ સંસારમાં અનેક પ્રકારનો અધર્મ થાય છે, અનેક પ્રકારનાં કુકર્મ થાય છે; પણ તે અધર્મ કે કુકર્મ કરનારા અભિમાની પુરૂષો નથી જાણતા કે આ જીવિતરૂપી મહા સમુદ્રમાં ઉદયની ભરતી સર્વ કોઈને હોયછે. પણ જો તે ભરતી વેળા મહાવેગ મુંકી દેઈ ધીરે રહીનેજ મોજાં કિનારે લેઈ જવામાં આવે તો પાછો ધક્કો ઓછો વાગેછે. આઘાતના પ્રમાણમાં પ્રત્યાઘાત થાયછે એવો સિદ્ધાંત અનુમાનાદિ પ્રમાણોથી નિર્વિવાદ થયા છતાંએ શો મનુષ્યમાત્રનો વેગ? શી હઠ? જુવોને, અનેક સ્ત્રીઓના ધર્મ-ભ્રંશનું કારણ થયા છતાંયે એક નિરપરાધી સતીની પાછળ આ રાજ્યના શિરોમણિનો આગ્રહ કેવો વિષમ થઈ પડ્યો છે? નથી એને નિદ્રા કે નથી એને શાન્તિ; નથી એને ભૂખ કે નથી એને તર્ષ; નથી કામમાં લક્ષ કે નથી સુખનો પક્ષ. રાતદિવસ રાજ્યકાર્ય બાજુ ઉપર મુંકીને કુસુમાવલીનીજ માલા જપતો, પરસ્ત્રી, દ્યુત, મદ્યપાન ઇત્યાદિ છંદોમાં ન જતા કાળનો ક્ષેપ કરતો, આ વિવેકશૂન્ય અને મૂઢ મંદપ્રજ્ઞ રાજા ક્ષણે તેના રૂપનો ચિતાર નયન આગળ આણતો, ક્ષણે તેના બોલેલા બોલ બોલતો, ક્ષણે તેની ચ'ડેલી ભ્રમર ઉપર હાસ્ય કરતો, તેનુ શ્વસિત, તેના વક્ષઃસ્થળની ધડક, તેની રક્તતા, તેની ધવલતા, તેની શ્યામતા ઇત્યાદિ ઉપર અનેક વિચારો કરતો હતો. વળી તે જડ પણ ચપળ, સેવ્ય પણ સેવક, ક્રૂર પણ દીન રાજાના માથા ઉપર અધીરતાના વાદળે નૈરાશ્યના પથ્થરનો વર્ષાદ વર્ષાવ્યો હતો; તેથી તે મહા શોકસાગરમાં તણાતો, ખેંચાતો, ડુબાતો હતો. તેવામાં કંઈ આશાની શાન્ત હવાને લીધે, સાઠ વર્ષે પુત્ર પ્રાપ્તિનુ, જન્મરોગીને નિરોગીતાનુ અને ગુલામને સ્વતંત્રતાનું થતું સુખ અનુભવતો તે આનંદસિંધુમાં તરવા લાગ્યો.

આણીપાસથી ન કરવાનું કરવું પડશે તેની વિમાસણ કરતો, છાતી ઉપર હાથ મુકતો, નિઃશ્વાસ નાખતો, ઇશ્વરની સહાય માગતો, સ્તબ્ધ થઈ જતો, અચિંત્યો અટકી ઉભો રહેતો અને કાળજુ બાળતો છતાં, આ વિરલ સાહસિકે અર્ધમાર્ગ કાપી નાખ્યો તેથી શ્રાન્ત કે વિભ્રાન્ત થયો હોય એમ ત્યાંને ત્યાં ઉભો રહ્યો. પગની અને વિચારની ગતિઓ બંધ થઈ ગઈ. બાહ્યાન્તરે કંઈ દિશા નજ સૂઝી. પણ અચિંત્યો કંઈ વિચાર થઈ આવ્યો હોય એમ "का हानिः समयच्युतिः"

એટલું બોલી તે સડફ્ડ સડફડ આગળ ચાલ્યો અને સુરંગને સામે પાર પહોંચ્યો. સ્વભાવે સદ્‌ગુણી હતો એટલે જે સીડી ઉપર ચ્હડી અંદરનું દ્વાર ખોળવાનું હતું તે સીડીનાં પગથીઆં આગળ ઉભો રહી આ બહુરુપી નીચે પ્રમાણે વિચાર ગણગણાટમાંજ કરવા લાગ્યો. “આ રાત્રીનો સમય છે, હજી પ્રભાત થયા નથી. તો આવી વેળા પતિથી વિરહિત, રૂપગુણથી યુક્ત અને વિશ્વાસમાં નિર્ભય સુતેલી સ્ત્રી પાસે એકાન્ત સ્થળમાં હું સમ પરપુરૂષથી શી રીતે જવાય? શી રીતે પગપ્રચાર થાય? શી રીતે તે અખંડિતસૌભાગ્યાની નિદ્રાને ખંડિત થાય? શી રીતે નિદ્રામાં ખશી ગએલા તેના ઉત્તરીયથી જૂદુ પડેલું તેનું વપુ જોવાય? શી રીતે તેની સતીત્વની સીમાનુ અતિક્રમણ થાય? એકાન્ત, અંધકાર અને અબળાનો યોગ હોય ત્યાં પુરૂષનો સંચાર અશાસ્ત્ર છે. વળી તે માતાજી તો પણ સ્ત્રી; અને હું પુત્રવત્ તોપણ પુરૂષ. વળી કદાપિ તે ભયથી ત્રાસી ગભરાઈ જાય–કદાચ હબક મારી જાય–કદાચ મૂર્છિત થઈ જાય–કદાચ કોળાહળ કરી મુંકે–તે પણ ખોટું. એમ કરતાં પેલા ચાંડાલ રાયમલ્લે તો ન ઓળખ્યો પણ કોઈ વિચક્ષણ રક્ષપાળ ઓળખે તોપણ કાર્યભ્રંશ થાય અથવા તે દુઃખની મારેલી, અસાવધ, ચ્હીડવાઈ રહેલી, ખીજવાઈ રહેલી, મહા ક્રોધાવેશના ઝપાટાથી ધકેલાઈને પોતાની પવિત્ર આંતરડી કકળાવી શાપ દે તે પણ કેવું વિપરીત? વળી ન કરે નારાયણ ને કદાપિ મ્હારામાં મુક્તિના બદલામાં વિશેષ બંધન જોઈ તે આત્મહત્યા કરે ત્યારે કેવું અનીષ્ટ? માટે જે થાય તે ખરૂં. રાત્રીમાં ને રાત્રીમાં કંઈ વડી પાપડ વંઠી જવાના નથી. માટે લાવને અહીંજ બેસું?” એમ વિચાર કરીને તે સીડીના પગથીયા ઉપર બેઠો. તેની અંગચેષ્ટા બંધ પડી, ઇંદ્રિયોનો વ્યાપાર મંદ પડ્યો, પ્રાણની ક્રિયા નિયમિત થઈ; પણ સ્મૃતિની વાત્યાથી મનનો વેગ વધી ગયો. પ્રિયાની સરલતા, રાજ્યનીતિની કુટિલતા, નૃપતિની કૃપા આદિ નગરી વટાવી, વિંધ્યાટવીની રમણીયતા, દુરાચારીની દુષ્ટતા, પરરાજાની અનુકંપા અને પોતાની વૈદ્યવૃત્તિનાં પુનઃ દર્શન કરી, તેનુ મન પ્રિયાના લાવણ્યસરોવર આગળ ઠરી દેહનું સ્પંદન કરાવવા લાગ્યું.

પ્રિયાના ગતાનુગત ખેલ, રસિક ગાયન, મિષ્ટ શબ્દ, વિદગ્ધ ભાવ, નિર્દોષ ટીખળ, અનુરકત લજ્જા, ચંચળ નૃત્ય, મુગ્ધ વિનય, પ્રણય ક્રોધ, ભ્રૂવિલાસ, મંદશ્વસિત, મૃદુહાસ્ય, ગાઢ આશ્લેશ ઈત્યાદિ પ્રત્યક્ષ અનુભવતો હોય એમ આ યતિ ક્ષણે તેને ઇસારત કરે, ક્ષણે

તેને હસે, ક્ષણે તેને રમાડે, ક્ષણે તેને મનાવે. તેમ આ સર્વે માત્ર કલ્પિત છબિ પ્રતિ છે એમ પણ તેને ભાન રહ્યું નહી. જાણે પોતાનાજ ગૃહમાં પોતાની ધર્મપત્નિને પાસે બેસાડી, પોતાના આપત્કાળની વાતો કહી પોતાનુ દુઃખ લઘુ કરી નાંખતો હોય, જાણે પોતાના વિરહથી કાળક્ષેપ કરવા હંસ, મેના, પોપટ, સારંગી, પતિની પ્રતિમા, પતિના પત્રો ઇત્યાદિ પ્રિયતમને લીધે પ્રિયતર થયેલી વસ્તુઓ સાથે ગમત કરતી પ્રિયાનાં વીતક સાંભળી સાંભળી, સર્વે આધને ચક્ષુદ્વારા ગળાવી નાંખતો હોય, એમ તે ચેષ્ટા કરવા લાગ્યો; અને સ્વપ્નની લીલામાં વિલીન થતો, હર્ષ અને શોકની સુધાસ્યંદિની સરિતામાં સ્નાન કરતો, સાયુજ્ય સુખના મહાકાશમાં ઉડ્ડયન કરતો, પવિત્ર આનંદનો અનુભવ કરવા મંડ્યો. પરંતુ આ વેળાએ તેના આનન્દનું ખંડન કરવા, કે આનન્દ અને નિરાનન્દનુ અભેદ્ય યુગલ સુજ્ઞ પણ સંસારી જનને અપરિહાર્ય છે એવું તેને ભાન કરાવવા, બાલ પ્રભાતે, પોતાની ભાત આ ભીત્તિથી રક્ષિત સ્થાનમાં પણ પાડી અને સ્નેહ–સમાધિસ્થ યોગીની નિદ્રા ઉરાડી; તેથી તે મનોમય કોષમાંથી અન્નમય કોષમાં આવી દ્વાર ઉઘાડી અધીરી અને વ્હીલી ચક્ષુથી આસપાસ જોવા લાગ્યો; પણ તેની નજરે કોઈ મનુષ્ય આવ્યુ નહી. જેની સંભાળ લેવા વજ્ર જેવું હૃદય કરી આ સ્થળે આવ્યો હતો તેનુ તો કાંઈ નિશાન પણ ન જણાયુ. ઉલટા પરિચિત પદાર્થો અને સુરક્ષિત આસનો તેની દૃષ્ટિએ પડ્યાં. શોકગ્રસ્ત થઈ, જીવિતદશાના મંદિરમાં ભૂતની માફક તે અહીં ભમવા લાગ્યો અને ભૂતનીજ પેઠે અતૃપ્તિના આધિનો ભોગ થઈ પડ્યો. એક સમયે સુખનાં સાધન બનેલા પદાર્થો અત્યારે તેને વૃશ્ચિકની પેઠે ડંખવા લાગ્યા. તેનુ હૃદય ભરાઈ આવ્યું, તેનાં ગાત્ર શિથિલ થઈ ગયાં, તેના હોષ ઉડી ગયા, હાથ ઢળી પડ્યા અને પગ કંપવા લાગ્યા. સંસારના સ્વર્ગ જેવુ મનાયલુ આ વિજનસ્થાન તેને દુઃખાગાર જણાયુ. સહભાગી અને સહભોગીના ભાવથી લેવાતા લ્હાવ, તેના અભાવથી લ્હાય જેવા બનેછે. સર્વથા, દંડકારણ્યમાં રામચન્દ્રની તેમ આ સ્થળમાં આ વીર ધીર પુરૂષની સ્થિતિ થઈ. વીરને પણ વિરહ નડેછે.

પરંતુ મહા દુઃખનું તાત્કાલિક ઓસડ અશ્રુપાત અને ચિરકાલી ઓસડ આશા છે. તે બન્ને સાથે લાગાં સમકાલી થઈનેજ તેને સહાય થયાં. આશારૂપી પૂર્વાશામાં ઉદિત થતા ધૈર્યસૂર્યે ધીરે ધીરે શોકનાં વાદળને ખસેડ્યાં. શોકસાગરમાં ડુબેલા તેના હૃદયને હિમ્મત રૂપી

તરણી મળી તેથી તે સુસ્થ થયો, અને આ એક વેળા મનોહર, દૈવને પણ દુર્લભ, આનંદનુ નિકેતન, કામનુ મંદિર અને સુખનુ સ્થાન એવા—પણ અત્યારે વર્જ્ય મહાલયનો તત્કાળ ત્યાગ કરવા અને તેમ કરતાં અવસાન આવે તો તેને પણ હસવા, આ યતિયે કચ્છોટ વાળ્યો, કેડ બાંધી, ખોકાની ભીંડી. એટલામાં તો લોહની સાંકળો, નાગી તરવારો આદિ અમંગળસૂચક વસ્તુઓ સાથે રાખી ચાર મહા ઉત્કટ સૈનિકો અને એક અધ્યક્ષ એમ પાંચ જણ તેના સામા આવ્યા. તત્ક્ષણ એ તેમના પગ વર્તી ગયો, તેમનુ કર્તવ્ય કળી ગયો, કારણ સમજી ગયો. એટલે જીવિતનિરપેક્ષ, માયાવિમુક્ત, ઈશ્વરપરાયણ અને સ્વરૂપાનુસંધિત થઈ તે હાલ્યા ચાલ્યા વિના કાષ્ટવત્, શબવત્, પ્રતિમાવત્, તે ને તે સ્થળે ચ્હોંટી રહ્યો, ઠરી રહ્યો, ઉભો રહ્યો. અનેક રાસવિલાસના ધામમાં પ્રિયાને ઠેકાણે તેની કેશલતિકાની અનુકૃતિ કરનાર અસિને પૂર્ણ પ્રેમથી ભેટવાને આતુર થયો હોય એમ તે જણાયો—પણ માત્ર જણાયોજ.

આ પ્રમાણેની સ્થિતિમાં રહેલા આ મૂઢ જેવા પણ પ્રચંડ દેખાતા પુરૂષની પાસે જતાં જતાં આ ચાર ને એક પાંચ જણ એક બીજાના અંગમાં ભરાવા લાગ્યા, એક બીજાને ઓથે રહેવા લાગ્યા, એક બીજાની પૂઠમાં પેસવા લાગ્યા, એક બીજાને આગળ ધકેલવા લાગ્યા; પણ પેલો સ્તબ્ધ ઉભેલો પુરૂષ હાલે કે ચાલે—કાંઈ નહી. તેથી જરા હિમ્મત ધરી, જાણે નાશી જતા ધૈર્યને અટકાવી રાખી, તેમનો અગ્રસરી ફટારેલે ડોળે તેને જોતો, આજ્ઞાભંગમાં વધારે અનીષ્ટ પરિણામ જાણી, તેને ધ્રુજતે હાથે અડક્યો; અને અડક્યો એટલે ખમચ્યો. સમીપમાં આવતા શીકારની વાટ જોતા સિંહની પેઠે આ યતિ તેના ઉપર તાકીને જોવા લાગ્યો, તેથી “ઓ બાપરે ભૂત!” એટલું તે બોલ્યો; અને તે બોલ્યો તેવાજ પેલા કનકપુરીના ચાર પેહેલવાનો મુઠીઓ વાળીને, જાણે પડીકે બંધાયલા જીવને સાચવવાનેજ નાઠા—દોડ્યા—જળમાં પડ્યા. જાણે ઉધારે મુકેલા જીવને લેવાનેજ તેઓ સામેપાર તરી ઉતર્યાં. આરા ઉપર પણ શ્વાસ લેવો દુરસ્ત ન જણાયો; તેથી તેઓ રામ, કૃષ્ણ, શિવ, ભીડભંજન, ઇત્યાદિ અનેક દેવોનાં નામ બોલતા, “**यः पलायति स जीवति**” એમ ધારી છ પાંચ એવા ગણી ગયા કે ન કરો વાત.

પેલો અંદર રહેલો અગ્રસરી તો શું નાસે? પાછળથી પેલા યતિએ ખડખડ હસી તેના ગળા ઉપર હાથ નાંખ્યો એટલે પવનના સ્પર્શથી મંદિર અથવા અલ્લાઉદ્દિનના સ્પર્શથી રૂદ્રમાળની પેઠે તે

ભહુદુડુ ભૌસ ધરા ઉપર ઢળી પડ્યો, ખસી પડ્યો અને વિષ આપેલા શ્વાનવત્ તરફડવા લાગ્યો. તેના ભયનો લાભ લેઈ, તેની પાસેથી કેટલા એક ખુલાસા કરી અને તેને શૃંખલાબંધનમાં નાખી પેલો યતિ દોડી જતા ચાર સૈનિકો પાછળ દોડ્યો—ધાયો.

બહારના રક્ષપાળોએ ગભરાટમાં ને ગભરાટમાં ન જોયું તેનુ મ્હોં કે ન પુછી તેને વાત. પાંચ પેઠા હતા તેવા પાંચ નીકળ્યા એમ ધારી તેમણે એની ગતિ પણ રોકી નહી; તેથી આગળ દોડી મહાવૃક્ષોની એક નિકટ ઘટામાં તે પેસી ગયો. પોતાને સ્થળે જવા યોગ્ય ઉપાય કરતો તથા ઘટિત વાટ જોતો, હઝારો વિકારોના હુમલાઓ મધ્યે છતાં પણ, હઝારો વિચારોના તરંગો તળે છતાં પણ, હઝારો ચિંતાઓના બાણો સમીપ છતાં પણ, હઝારો ભ્રમની પાંખો ઉપર ચ્હડ્યા છતાં પણ, આ વીર જેવો દેખાતો પુરૂષ આ પેહેલવાનોની ભીરૂતા અને ભોળપ ઉપર મંદ મંદ હાસ્ય કરવા લાગ્યો.

પ્રકરણ ૧૮ મું.

માધવસિંહ.

યુવાન માધવસિંહને રાજાના આશ્રય તળે મુકી પેલો વૈદ્ય દેશાટણ કરવા નીકળ્યો તેને આજકાલ કરતાં વરસ દા'ડો થઈ ગયો. તે દરમ્યાન મહારાજા કેસરીસિંહનો પ્રેમ ધારણ કરતો આ યુવાન વયે, દેહે અને યશે વધતો ગયો. મહારાજનો હઝુરી હતો તેની સાથે તે અંતઃપુરનો હઝુરી થયો. સેવાના પણ પ્રસંગ એવા આવવા લાગ્યા કે રાજાનો પ્રેમ, પ્રજાનો વિશ્વાસ અને રાજ્યમંડળનું વાત્સલ્ય વધારતો તે જ્ઞાન સંપત્તિ અને અનુભવનિધિ, વગર શ્રમે, વગર અભ્યાસે અને વગર ઉજાગરે વધારતો હતો. મહારાજાને તો પ્રથમથીજ તેના વિના ચાલતું નહતું. રાજ્યમંડળે તેને પોતાની શક્તિથી બહાર જાણી તેને પ્રમોદવા માંડ્યો હતો. ભાયાતો તથા શેઠીઆઓ અને જમીનદારોએ તેને પ્રસન્ન કરવામાં તથા પરોક્ષે તેના ગુણ ગાવામાં મહત્તા માની હતી. પરિજનવર્ગ તો તેની વાર્તામાંજ કાળક્ષેપ કરતો. તેની લટકતી ચાલ જોતો જોતો, તેના મધુર શબ્દો સાંભળતો સાંભળતો, કંઈક કૌતુકમય નિમિત્તે તેને હસાવતો હસાવતો, તેની વર્તણુકનુ મનન

કરવા તે સર્વ સ્મૃતિમાં રાખતો રાખતો, તેના સ્તુતિપાઠ ગાતો ગાતો, રાજાની સેવા અને પોતાની આજીવિકાને વિસરી જઈ, તેને પોતાના હૃદયમાં ધારી તેથીજ મંદગતિ બની, નિત્ય કર્મ, નિત્ય વ્યવહાર અને નિત્યચારણને કોરે મુંકી, તેને ને તેને આમ, તેમ, ઉચ્ચે, નીચે, આગળ, પાછળ અને સર્વતઃ નિરંતર જોતો જોતો અને તેથી નિઃસ્નેહ કે સ્વાર્થી હૃદયનાં કિલિમષ ધોતો ધોતો, રાજ્યની પરિચારિકાનો સમુદાય તેના ઉપર વારી જતો હતો. તેમ નગરસ્ત્રીજનનાં તો તેણે ચિત્તજ ચોરી લીધાં હતાં. રાજ્યમહાલયના એક રમણીય બંગલાના ઝરૂખામાં પ્રભાતે જ્યારે તે દાતણપાણી કરવા બેસતો હતો ત્યારે—પાણીને મશે બ્હેડું લેઈને, છાશને મશે મટુકી લેઈને, તળાવ ઉપર જવાને મશે વસ્ત્રનો ગાંસડો લેઇને, પીયર જવાને મશે કાપડુ લેઈને, સાસરે જવાને મશે છોકરૂં લેઈને, શિવપૂજન કરવાને મશે પંચપાત્રી લેઈને, ચાંલ્લા કરવાને મશે કંકાવટી લેઈને અને એવે એવે અનેક મશે, અનેક વસ્તુ લેઈને, આ રસ્તા ઉપર થઈને પ્રમદાઓનાં ટોળે ટોળાં જતાં હતાં. તેમાં કોઈ ઠેશ વાગ્યાને બ્હાને, કોઈ દોરડું સંકેલવાને બ્હાને, કોઈ કાંટો ભોંકાયાને બ્હાને, કોઈ વસ્ત્ર સજ્જ કરવાને બ્હાને, કોઈ સખીની વાટ જોવાને બ્હાને અને એવે સ્વલ્પ બ્હાને તેની દૃષ્ટિગોચર બની, ઉભી રહી, આ નગરની સર્વ પ્રકારના ભેદવાળી નાયકાઓ આ એક અપૂર્વ નાયકની આગળ પાછળ, ચંપકના છોડને ભ્રમરીઓની પેઠે વિંટાઈ રહેતી અને ચંપકવત્ તેને અસ્પર્શ્ય જાણી અંદર અંદર ભ્રમરીઓવત્ ગણગણતી. એક તેના સામી લજ્જાદૃષ્ટિ ફેંકતી, બીજી તેના સામે ઈષત્ હાસ્ય કરતી, ત્રીજી તેને કંઈ ઈસારા કરતી, ચોથી તેના ઉપર ભ્રકુટિબાણ ચ’ડાવતી, પાંચમી તેના રૂપગુણથી લજાઈ નમ્રમુખી બનતી, છઠ્ઠી તેને મદનરસ પાવાને હાવભાવ કરતી, સાતમી તેના ઉપર પ્રણયકોપ દેખાડતી—એમ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરતી આ નગરની અબળાઓ તે અબળાઓજ બની ગઈ હતી.

આમ પ્રતિદિવસ વૃદ્ધિ પામતી અને રૂઢ બનતી પુરૂષ વર્ગની સ્તુતિ અને પ્રમદા જનની પ્રીતિથી આ વિરલ યુવાનને કોઈ પણ પ્રકારની અસર થઈ જણાતી નહોતી. કેવળ સ્વામિભક્તિમાં દૃઢવૃત અને એક સદ્વૃત્તિની સરણીથી ઉદયગિરિ ઉપર આરોહણ કરવા ઈચ્છનાર આ સિંહના બચ્ચા જેવા માધવસિંહે કોઈની, કશાની, સ્પૃહા રાખીયે નહી, તેમ કોઈની અવગણના કરીયે નહી. તેને લલચાવવા આવેલી રતિ જેવી અનેક

સ્ત્રીઓએ તેને અચલથી પણ વિશેષ અચલ જોઈ, એક પાર્વતીથી દંડધારીમાંથી વેશધારી બનનાર શંકર ઉપરનો ભાવ તેના ઉપર આણ્યો હતો. તેને બનાવવા આવેલા અનેક ચાણક્ય જેવા રાજ્યમંત્રીઓએ તેને દુર્યોધનથી વિશેષ નીતિજ્ઞ જોઈ, તેનામાં રામત્વ કલ્પ્યું હતું. તેને હંફાવવા આવેલા ઘણા અર્જુન જેવા પરાક્રમી સુભટોએ, તેને ભીષ્મથી પણ વિશેષ અડગ જોઈ તેને પરશુરામનો અવતાર માન્યો હતો. તેથી લઘુ વયમાં પણ આ યુવાન રાજ્યમાં અદ્વિતીય તથા પ્રસાદપાત્ર ગણાતો.

વળી તેની કૃપાથી રાજ્યમાં, કોઈ પોતાનું હિત કરવા, કોઇ નોકરી લેવા, કોઈ માનીતા થવા, કોઈ અનન્યસાધારણ વ્યાપારપટ્ટો લેવા, કોઈ દાણ માફી કરાવવા, કોઈ ઈજારો રાખવા, કોઈ પડતર જમીન કે ચ'રા રાખવા અને એવાં એવાં અનેક લૌકિક તથા ઐહિક કામ સાધવાને માટે તેની નવરાશે પોતાની નવરાશ ખોળી તેને ઘેર ફેરા ખાતા, પ્રસંગ જોઈ તેને અભિનંદતા, તેની શ્લાઘા કરતા, તેની રૂચિઅનુસાર હાએ હા કેહેતા અને તે જેમ રાજી થાય તેમ મથતા હતા.

અને સ્વાર્થી પુરૂષની શ્લાઘા, તેની યુક્તિથી કોણ નથી ઠગાતો? વખાણ કો'ને સારાં નથી લાગતાં? કેહેછે કે પરમેશ્વરની પણ સ્તુતિ કરે છે ત્યારે તે કલ્યાણ કરેછે. તો પછી માણસનુ શું ગજું? મનુષ્ય માત્રને પોતાનો ઉત્કર્ષ ગમેછે—પછી તે જ્ઞાની હો કે અજ્ઞાની. પોતાનાં વખાણ સાંભળવાં જેને નથી ગમતાં તેને પણ પોતામાં વખાણ ન સાંભળવાનો જે ગુણ હોય તેનાં વખાણ તો ગમેજ છે. અથવા "આ અધિકારી પોતાનાં વખાણ નથી સાંભળતા" એવાં વખાણ કયો નથી સાંભળતો અને સાંભળી કયો આનંદ નથી પામતો? આવાં વખાણ કરી ન્યાયબુદ્ધિવાળા પુરૂષોને પણ યુક્તિવાળા સ્વાર્થીજનો ઠગી જાય છે. લાંચ અને પક્ષનો તિરસ્કાર કરનાર સત્તાધારીઓ સ્તુતિનુ ગ્રહણ કરતાં ધરાતા નથી. સ્તુતિથી પ્રસન્ન થયેલું મન કૃપાળુ બનેછે, એટલે અસ્થાને વરદાન આપી બેસેછે. તે વરદાનથી અવર જનને અનેક પ્રકારની હાનિ થાય છે તેનો તેને વિચાર પણ નથી આવતો. એકનું ભલું કરતાં અવરનું ભુંડુ થાય એવો વિચાર શંકર જેવા યોગીને પણ નહોતો થતો તો પછી આ જગત્‌ના ભોગી મનુષ્યને તેની કલ્પના પણ ક્યાંથી હોય? ક્વચિત્ એવી કલ્પના ઉદ્ભવે તો પણ "આપણે તો કોઇનુ ભલું કર્યુંછે" એવી ખુમારી તેને દાબી દેછે. માટેજ સ્તુતિથી સાવધાન રહેવાનો સાધુજનનો ઉપદેશ છે. તે

ઉપદેશની જેટલા પ્રમાણુમાં વિસ્મૃતિ તેટલા પ્રમાણુમાં મનુષ્યની કે વિષયની ઉર્ધ્વગતિ અટકેછે—પ્રસંગે અવગતિ પણુ થાયછે. ન્યાયી કે કૃપણુ સ્તુતિનો અંગીકાર કરી બદલામાં કંઈ આપતા નથી એમ માની લેછે, પણુ વિસરી જાયછે કે કાળક્રમે સ્તુતિપાઠકના તેઓ પોતેજ સ્તુતિપાઠક બનેછે. આમ પરસ્પર સ્તુતિ કરનારનુ મંડળ પોતાને ઠગેછે, અજાણ્યે અન્યાય કરેછે, સુજ્ઞનુ હાસ્યાસ્પદ બનેછે તથા સ્તુતિના અનેક વિષાંકુરોને ઉગાડેછે.

પરંતુ આ નગરમાં તેમ ન હતુ. અહીં ધર્મબુદ્ધિ સ્વાભાવિકી હતી. તેથી અનેક ઝીણી યુક્તિયો થતી નહોતી. કદાચિત્ થતી હોય તોપણ આ વિરલ તરૂણને તેની અસર થવાનીજ નહોતી. કાંકે, જો કે પોતે બાળક હતો, તડકો છાંયડો જોયો નહોતો, રાજ્યપ્રપંચમાં પ્રવીણુ નહોતો, તોપણ કંઈ પ્રકૃતિથી, કંઈ પેલા વૈદ્યના સંગથી, કંઈ પારસ-મણિ જેવા મહારાજાના સહવાસથી અને અંતઃપુરના પ્રેમથી વા પૂર્વના ઋણાનુબંધથી, તે અલ્પ કાળમાંજ શાણો, અનુભવી, મનસ્વી, સુબુદ્ધ, શૂર અને પરોપકારી બની રહ્યો હતો. તેથી પોતા પાસે આવનાર પુરૂષો કેહેવા માંડે તે સ્તુતિને તે સાંભળતો નહી, કોઈને પારકો પોતાનો ગણુતો નહી અને કોઈનુ અપમાન કરતો નહી. જે કોઈ આવે તેનુ વાજબી કામ રાજાને વિનવી તથા પ્રધાનને કહી તે કરી આપતો અને ગેરવાજબી કામ શિક્ષા દેઈ તેનીજ પાસે ત્યાગ કરાવતો અને પ્રપંચ વાતોથી દૂર રહેતો. તે પ્રિય કે અપ્રિય કહે તોપણુ તેના ઉપર કોઈને માઠુ લાગતું નહી. તેની કહેણી અને રહેણી એકજ હતી. એમ છતાંયે કોઈ ઘુવડની પેઠે તેની તરફ આંખો મીંચે કે જવાસાની પેઠે તેને જોઈ સૂકાઈ જાય તોપણુ તે ઉપરથી તેની પ્રીતિ ઓછી થતી નહી.

જેમ જેમ રાજ્યતંત્રની વિકટ પ્રપંચજાળમાં તે વધારે વધારે ખડતો ગયો તેમ તેમ તે જાળના ચુરેચુરા ઉડાવતો માધવસિંહ સોનાની પેઠે કસાતાં કિમ્મત વધારતો હતો અને સુખડની પેઠે ઘસાતાં સુગંધ પસારતો હતો. આપત્કાળના વાદળમાંથીજ સર્વથા, તેના સદ્ગુણો ઉઘાડ પામ્યા હતા.

ઉચ્ચ પદવી મેળવવા ઉચ્ચ ચ્હડતા આ તરૂણ નરને માથે મહારાજા શ્રી કેસરીસિંહના બન્ને હાથ હતા; તેની પૃષ્ટે મહારાણી દેવી કામસેનાની પવિત્ર અને બળવાન ઓથ હતી; તેના સામે વિશુદ્ધિમૂર્તિ કુલીનાં કોમળ પણુ પરીક્ષક ચક્ષુદ્વય હતાં; અને તેના દેહાત્મા

પ્રતિ કુમારી વસંતવિલાસિનીનુ સર્વસ્વ હતું; તેથી તે સર્વ પ્રકારે ભાગ્યદેવીના ખોળામાં બેઠો હતો, લાડતો હતો. તદપિ તેનેયે ચિંતા હતી. પણ તેનું કારણ તે જાણતો નહોતો–કોઈ જાણતું નહોતું. કોઈ કહે કે હવણે હવણેમાં મહારાજાને અને એને બનાવ તુટ્યોછે, કોઈ કહે કે પ્રધાનની ઈતરાજી થઈ છે, કોઈ કહે જનાનાની કમમેહેરબાની થઈછે, કોઈ કહે રાજ્યને માથે કંઈ સંકટ છે, કોઈ કહે માબાપ સાંભર્યાં–એમ અનેક પ્રકારના હાસ્ય ઉપજાવનારા લોકોના તર્કોમાંથી એકકે સાચો નહોતો. શા માટે તે પોતાના કર્તવ્યકર્મમાં સ્ખલિત થતો હતો, શા માટે પ્રશ્નના ઉત્તરમાં "હું" એટલું બોલી શૂન્ય થઈ જતો હતો, શા માટે ઉદાસીન વૃત્તિ ધારણ કરતો હતો, શા માટે ગમત રમતને પરી કરતો હતો, શા માટે નયનાનંદ છતાં નિરાનંદ બની રહ્યો હતો, શા માટે હસમુખો છતાં ચ્હીડીયો થઈ ગયો હતો તેનુ કારણ ઈશ્વર વિના અન્ય કોઈ મનુષ્ય જાણતું હોય તોપણ તે ખરી ખાત્રીથી નહી. બાકી ઘણા કાળથી પરગામ ગયેલા પોતાના મનસ્વી કાર્યાર્થી વડીલ વેળાસર પાછા આવે તો ઠીક એવો કંઈ આ પે'લવાન પટાવતનો વિચાર અનુમનાતો હતો.

પરંતુ તેઓ આવ્યેથી તેના હૃદયમાં ઉગતો કોઈ અપૂર્વ સુખમથી આધિનો છોડ નિર્મૂલ થશે–કરમાઈ જશે એમ તો એના મનમાં નહોતું. તેથી તેને ન ગમે ભોગ કે ન ગમે યોગ, ન ગમે વાત કે ચીત, ન ગમે ગાન કે ન ગમે માન. કોઈ કોઈ વેળા હીરાગળ ગાલીચા ઉપર ફરતો ફરતો, કોઈ કોઈ ફેરા રમણીય પલંગમાં ચતોપાટ સુતો સુતો, કોઈ કોઈ વેળા ટોડલે હાથ મુકી ઉભો ઉભો, કોઈ કોઈ ફેરા ઝરુખાની જાળી ઉપર એક પગ મુંકતો મુંકતો, કોઈ કોઈ વેળા શૂન્ય નયનથી પથ ઉપર જોતો જોતો, કોઈ કોઈ ફેરા કપાળ ઉપર હાથ મુંકી બેઠો બેઠો, જ્યારે તે પોતાના અંતરમાં અનન્ય પ્રકારના બળતા અગ્નિથી બહુ બહુ દગ્ધ થતાં રંગરહિત બનતા રક્તને નયનરૂપી નભમાંથી બહાર પતન કરાવતો હતો ત્યારે વાદળથી છવાએલા માણેકઠારી પૂર્ણિમાના ચંદ્રની અમૃતકુપ્પીમાંથી અમૃતનાં બિંદુ કે મોતીની ધારા સરેછે એમ ઉત્પ્રેક્ષાતું હતું. અને આ પ્રમાણે ઉકળતું લોહી બહાર ફહાડીને, પોતાના ઈષ્ટનુ સ્મરણ કરીને, સૃષ્ટિસૌંદર્ય નીહાળીને, માનુષીય કળા તપાસીને, કંઈ કંઈ વિષયોમાં મન ઘાલીને, સંસારની વિચિત્ર ઘટના ઉપર વિચાર કરીને અને એવાં એવાં અનેક સ્થળસમયોચિત વિધાન માંડીને, તે શોકની ઉર્મિ શમાવી દેવા ભગીરથ પણ નિષ્ફલ પ્રયત્ન કરતો. પરિજનો

તેને અકારાં થઈ પડ્યાં. એકાન્તવાસ ઇષ્ટ થઈ પડ્યો. થોડે થોડે તેનો જઠરાગ્નિ મંદ પડવા માંડ્યો, બુદ્ધિનુ ચાપલ મંદ પડવા લાગ્યું, તર્કનો કર્કૂ પાંગળો થયો, દેહયષ્ટિ વંશયષ્ટિ થઈ, વદનનુ તેજ વદનમાં સમાઈ ગયું. પતિત રાજા, દેવાદાર શાહુકાર અને પ્રભાતના ચંદ્ર જેવો તે ફીક્કો દેખાવા લાગ્યો. તેની આ અવસ્થાથી રાજાના મનમાં ચિંતા પેઠી. તેણે એને ઘણા ઉપચાર કરાવ્યા. બે બે વખત રાજા તેને ઉતારે જવા લાગ્યો, તેનું મસ્તક પોતાના ખોળામાં મુકી સેવકની પણ સેવા પિતૃવત્ કરવા લાગ્યો. તદપિ પોતાનું દુઃખ માધવ કોઈને કહેતો નહોતો. પણ તે જાણતોજ ક્યાં હતો? આવા ઉગતા આંબાનો આ પરિપાક જાણી મહારાજાધિરાજ ઘણો ખેદ પામતો, જેને પોતાની અર્ધભાગિની પ્રિયંવદા પ્રાણપ્રિયાને નિવેદન કરીનેજ લઘુ કરતો. પણ એક દિવસે ત્યાંથી અથવા પોતાની જીવિતાધિક પુત્રીથી પણ તેનો શોક ન શમ્યો તે નજ શમ્યો. કાંકે એક દિવસ અચિંત્યો, તે આ તરૂણને ઘેર ગયો અને જુવેછે તો, જીવિતનિરપેક્ષ બની ખાટલા ઉપર પડેલો, દીન અને કરૂણ આલાપ કરતો, ઊંડાં ઉતરી ગએલાં નયનને બાષ્પજળથી ચકચકિત કરતો, શ્વસિત અને ઉચ્છ્વસિતમાં શોકપરંપરા સૂચવતો તે શોકશય્યા ઉપર શેકાતો હોય એમ દેખાયો. તે જોઈને વિધિના અન્યાયને તિરસ્કારતો, નીચી દૃષ્ટિ રાખી મંદમંદ પગલાં ભરતો ભરતો, કિંકર્ત્તવ્યતાને વિચારતો વિચારતો, શ્રીમાન્ કેસરીસિંહ આશાભંગ થઈ ગયો—તે એટલો બધો કે હરખની વાત તેને ગમે નહી, સ્વાદિષ્ટ ત્રીજા પ્રહરનુ ભોજ્ય તેને રૂચે નહી, બ્હેન સાથે બાલિશતા ફાવે નહી અને નીતિની વાત ગોઠે નહી.

આ જોઈને, પિતાજીનુ વ્હીલુ વદન ન્યાળીને, અધીરિણી વસંતવિલાસિની બોલી "બાપુ! આજે તમે બહુ દુખીઆરા દેખાઓછો. ક્યમ બા! ખરુંકની? કહો ત્યારે એવું શું આવી પડ્યુંછે જે?" રાજાઃ—"કંઈ નહી, બેટા! એ તો સહજ." વસંતવિલાસિનીઃ—"કંઈ નહી તે ક્યમ? મ્હોં ઉપરથી સાફ દેખાયછે તોયે માનતા નથી. આ તે કેવું? અમને નહી કહો ત્યારે કહેશોયે કો'ને?" રાજાઃ—"એમાં શું કહેવુંછે? હોય; રોજ આનંદ હોય ત્યારે એક દહાડો એમે હોય." મ્હોડે ચ'ડેલી દીકરી બોલી "તે એમ તો નહી ચાલે, બાપાજી! કહેવું તો પડશે." નિઃશ્વાસ નાખી રાજા બોલ્યો નહી તેથી જરા દીન મ્હોં રાખી માતાની હડપચી ઝાલી વસંત બોલીઃ—"હેં! બા! શું છે? ક્યમ કેહેતા નથી બાપાજી? તું પુછી જોને." રાણીઃ—"શું પૂછવું છે? જ્યારથી

પેલો માધવ માંદો થયોછે ત્યારથી ત્હારા બાપ ક્યારે ખુશીમાં જોયા? આજ કંઈ વધારે હશે." રાજાઃ-"દેવી, તું ખરેખરી દેવીજ છે. ત્હારી વિશુદ્ધિ ત્હારા મ્હોંમાંથી વિશુદ્ધ-સત્ય વચન ક'ડાવેછે. ખરે! એ કુમારને આજે વધારે છે. બે દિવસ આમ ને આમ રહેશે તો-હું શું કરું?" વસંતવિલાસિનીનું લોહી એક પળમાંજ ઉડી ગયું. પોતાના ભવ્ય દેહના ઓળા જેવીજ તે દેખાવા લાગી. રાણી વિચારમાં પડી ગઈ; રાજા બોલ્યાં ગયો "એ મા'રા સામે ટગર ટગર જોઈ રહેછે, આંખોમાં જળ પૂરેછે અને ડુસકાં ભરેછે. જાણે કંઈ મ્હારી પાસે માગવા ઇચ્છતો હોય ને મગાતું ન હોય કે અપાય એવું ન હોય તેથી તે શબ્દોને કંઠમાંજ કુંઠિત કરેછે. મ્હેં નથી એના બાપની ખોળ કરાવી-કે નથી એના કાકાની ભાળ ક'ડાવી! મ્હારા જેવો તે પ્રમાદી કોણ હોય? અરેરે! મા'રે આશ્રયે રહેલુ આ કોમળ વૃક્ષ કપાઈ જશે?" દીકરી શીવાઈ ગઈ, તેના હોશ ઉડી ગયા, તેનુ વદન કરમાઈ ગયું, તેનો દેહ કંપી ગયો, તે પરસેવાથી ન્હવાઈ ગઈ. અને "હવે શું કરું"? એમ પોતાના હૃદયને પુછતી તે સોડીયું વાળી બેઠી અને પગને અંગુઠે ધરા ખોતરવા લાગી. કોઈ વેળા અનુભવેલી નહી એવી વેદના રૂપી વેદીમાં તેનુ રૂધિર ઘૃતની પેઠે બળવા લાગ્યું. પરંતુ પતિના દુઃખનો પ્રતિકાર અને બહિષ્કાર કરવામાં નિમગ્ન મહારાણીજીએ દીકરીની અવસ્થા ન દીઠી કે ન કલ્પી. અને તે સારુંજ થયું. કારણ આવો અપૂર્વ વિકાર ગુરૂજન સમીપે અકાલ પ્રકટ થાય એ કુલકન્યકાને અનુચિત હતું.

વિવેકબુદ્ધિ અને અભિનિવેશના મહા યુદ્ધમાં બહુ કરી અભિનિવેશનો જય થાયછે. તે પ્રમાણે આ કન્યાની વિવેકબુદ્ધિ હણાઈ. તેને અંગે તનખા પડતા હોય એમ તે વેદના ભોગવવા લાગી. જાણે સર્વ અનુકૂળતાઓ અચિંતી સાથે લાગી તેને તજી દઈ જતી રહી હોય એમ તે હરાયલી, લૂટાયલી, છોભીલી પડી ગઈ. સંતાપ અને વ્યાકુળતાનું દબાણ વધારે વખત ચાલુ રહ્યું હત તો આ અવિદગ્ધ કન્યાના કોમળ હૃદયનાં દ્વાર ઉઘડી જાત. સેવકપરાયણ પિતાએ અને સ્વામીપરાયણ પત્નિએ જે રહસ્ય ન દીઠું તે અલેતી પુત્રી પોતાની મેળે દેખાડત. પણ એટલામાં મહારાણી બોલી "રાણાજી! આજ્ઞા હોય તો હમે મા દીકરી આજ રાત્રે એને જોઈ આવીએ. તમને નહી કહે તે હમને કહેશે." રખેને આ કુમારના શોકનુ તથા દુઃખનુ કારણ પોતેજ હોય એમ તેના ખ્યાલમાં આવવાથી, વસંતવિલાસિનીએ માતાના આ પ્રશ્નના ઉત્તર ઉપરજ કાચે તાંતણે હોય એમ, પોતાનો જીવ લટકાવ્યો. રાજાને

આ વાત ગમી. આ કુમાર તેને પુત્રનિર્વિશેષ હતો તેથી તેને સાજો કરવાને કંઈ પણ કૃત્ય તેને અકર્તવ્ય નહોતું. તેને તો આ કુળદીપકને સતેજ કરવા ઉપરજ ચોટ હતી, તેથી તેણે આ વાતને સ્વીકારી, હા પાડી.

ઇચ્છિત વસ્તુ અણધારી મળી હોય એમ મહા શોકમાંથી મહા હર્ષમાં કુદી પડતી વસંતબા, પુસ્તકોમાં વાંચેલી પણ વિશેષે કુમાર માધવને મ્હોંડેથી સાંભળેલી સારી સારી વાર્તાઓ, ગાથાઓ, આખ્યાયિકાઓ, કથાઓ અને નાટિકાઓના ટુંક ટુંક સાર પિતાજીને કહેતી કહેતી તેના મનને બીજી દુઃખરહિત પ્રનાળિકામાં વાળવા લાગી. આમ વાર્તાઓની ભુલભુલામણીમાં શોકને વિસ્મૃતિમાં નાંખતો રાજા, રાણી સાથે સંસારના ક્ષરત્વ ઉપર વિચાર કરતો હતો, તે વેળા લાગ જોઈને વસંતવિલાસિની, પોતાના જીવિતાધિક વલ્લભને પોતાના અચલ પ્રેમની ખાત્રી કરી આપવાની યુક્તિઓ ખોળવાનેજ માટે ઉઠી ગઈ, ચાલી ગઈ.

પોતાને રહેવાના ખંડમાં જઈ જરા વાર વિચારી તે એક લઘુ પત્રિકા ઉપર પોતાનું હૃદય આલેખવા લાગી. ભ્રમર ચ્હડાવીને લખેલા પ્રેમપત્રને પ્રેમામૃત પાવાને માટે હોય એમ તેણીએ તેને, સહજ ઉદય પામતા સૂર્ય જેવા પ્રકાશિત, હીમ જેવા શીતલ, ચંદ્ર જેવા ગૌર, કલશ જેવા ગોળ, માખણ જેવા કોમળ, ચુંબક જેવા આકર્ષી, વક્ષઃસ્થળરૂપી ચાંદીની ભૂમિમાં ઠરી રહેલા, બે લઘુ કંદુકની મધ્યે પ્રણયદીર્ઘિકામાં દબાવ્યો, ઝબકોળ્યો.

પણ અતિ હર્ષની વાત ભાગ્યેજ પેટમાં રહેછે. તેમાં વળી આ તો મુગ્ધા અને મિષ્ટ ભાષણમાં લેવાઈ જાય એવી, એટલે તુરત તેની દાસી કેસરી અંદર આવી તેને જોઈ વસંત બોલી "અલિ કેસરી! આજ રાત્રે તો પેલા કોડીલા કુમારને જોવા જવાનું છે. તું જોડે આવીશ?" કેસરી દાંત પીશીનેઃ—"બા સાહેબ! હું તો જાણતીજ હતી કે ગમે તે મશે તમે એને મળવાનાં." વસંત હસીને પણ નીચું જોઈને બોલી "જા, જા! મશ્કેરી શું કરેછે? એ બિચારો માંદો છે તોયે મશ્કેરી?" કેસરી—"માંદો તમેજ કર્યોકની? આ અણિયાળાં ને લાલચોળ હયણાંશાં નેણાંએજ એને પીળો ધમ્મક જેવો કરી નાખ્યો. હવે તે શું જોવા જાઓ છો?" વસંત "ખરે! ત્યારે એમ હશે? મ્હને એને માટે થાયછે એવું એને મ્હારે માટે થતું હશે? હોય. પણ ના, ના! એને તો માબાપ સાંભર્યાં હશે." કેસરી "તમને તો માબાપ નથી સાંભર્યાંની? બિચારાં પાસે છે તોએ તેમને છેતરો છો? આજકાલની તમારા જેવીઓ તો, બાપા, દેવતાઈ શાખા." વસંત "જા જા! એવુ શું કહેછે?

પણ એને તો એનાં માબાપ સાંભર્યાં હશે. જોને! મ્હારા સામે તો એ આંખે આંખ મેળવતોયે નથીં." કેસરી "એ બધુએ હું જાણુંછું. આવડાં હતાં ત્યારની ઓળખુંછું. ધાવણાં હતાં ત્યારે સાચુ રડ્યાંયે નથી." વસંત "પણુ, અલિ, જો, કુલીબ્હેંનને આ વાત ના કહીશ, હોં. એ તો પેલા સુગુણુનાજ ગુણુ ગાનારી છે." કેસરી "તોએ એતો તમારી બ્હેંન ને અમે તો નઠારાં." વસંત–"એમ મા બોલ; મ્હારે તો તુંયે ઓછી નથી. જોને આજ તનેજ સાથે લેઈ જવીછે તો." કેસરી ઓઠ પીશીને બોલી "તે તો ઠીક છે. પણુ એ કુમારનાં થયાં પછી કાંઈ મને સંભારનાર છો?" વસંત જરા રીસ કરીનેઃ—"જો એવું અત્યારથી બોલીશ નહી. આપણે ખોટું દેખાય. પણુ એનું મ્હારા જેવું મન હોય તો ત્હારી મારફતજ બધી વાત કરાવવી પડશે. મ્હારાથી કંઈ માતાજીને કહેવાયું?" કેસરી "હા બા! એ કામ તો હું બરોબર કરીશ. મ્હારે પીયર હતીકની ત્યારેયે મને થતું હતું કે બ્હેંનને માટે તો વર એક અમારા કનકપુરનો રાજા છે. પણુ તે હા કેહે કે ના કેહે. માટે આતો ઘરઆંગણે આવ્યોછે તે ખાસો ધનંતર જેવો છે." વસંત "જા, જા! નકટી! તું તો વાતજ નઠારી નઠારી કરછ. એકવાર ના કહી, બે વાર ના કહી તોએ એવી ને એવી. જા! મ્હારે કામ છે હવણાં. પછી આવજે." કેસરી "મ્હારે શું! હું તો આ હીંડી" એટલું બોલી ચાલી ગઈ. પણુ પોતાના મનના માનીતા સાથે વરવહુનો લ્હાવો લેવાને ઉત્સુક, અંધારી રાત્રિએ પણુ તેના હિતને માટે કુવામાં પડવાને તત્પર, તેને પોતાનું હૃદય આપી દેવામાં દાતા, તેને ભ્રૂવિલાસમાં બાણુ મારવાને ચતુર, તેનાં દુઃખને નિર્મૂલ કરવાને ઉદ્યોગી, તેનુ ચિંતન કરવામાં અવ્યગ્ર, તેના નામગુણનુ કિર્તન કરનારી, તેનામાં પોતાના પ્રાણુ મુકનારી, તેના પ્રાણુની છાયામાં ચાલનારી, વસંતવિલાસિની, "જઇને એને શું કહીશ? એના સામે કેમ જોવાશે? એને કાગળ કેમ અપાશે? એ અવિનય કલ્પશે તો? કળી જશે તો? નહી ગણે તો? નહી બોલે તો? ઠપકો દેશે તો? અરે, સ્નેહ ન દેખાડે—કે તિરસ્કાર કરે તો? અથવા મને અનિપુણ, અરસજ્ઞ, ઉચ્છૃંખલ કે અવિનીત સમજી અપરિણેય ધારશે તો?"—એવા એવા વિચાર કરતી કરતી, હર્ષ, શોક, આશા, નિરાશા, ચિંતા, ધૈર્ય, હિમ્મત, ભીરૂતા ઇત્યાદિ અંદર ઘુમતા વિકારોના આભાસને વદન ઉપરની બે મણિની આરસીઓમાં દેખાડતી અતિ શ્રમને લીધે દિવસે પણુ નિદ્રાને વશ્ય થઈ ગઈ.

પ્રકરણ ૧૯ મું.

હૃદયની વાત.

ઘો ળે દિવસે પૂર્ણ પ્રકાશ ધારણ કરતા વસંતવિલાસિનીના વદનશશિના મધ્ય ભાગમાં રહેલાં બે અરવિંદ મિંચાયાં, તેની દૃષ્ટિએ સર્વ જગત્‌નો લય થઈ ગયો, તેના દેહમાં પ્રાણવાયુની અપ્રતિબદ્ધ શક્તિ પ્રસરી રહી. પણ ક્ષણે ક્ષણે તેના વદન ઉપર ફરકતા હાસ્યથી, તેના મંજુલ અને મિષ્ટ અણધાર્યાં શબ્દથી, તેના કરકમલના ચલનથી, તેના નીવિબંધની શ્લથતાથી, તેના હૃદયની ધબકથી, કપાલ ઉપર ઠરેલા પ્રસ્વેદની અચલતાથી, કરાંગુલી, ઓઠ, નાસિકા, નયન આદિ તેના લઘુ અવયવોના સ્ફુરણથી, તે કોઈ મનોમય સૃષ્ટિમાં વિહાર કરતી હોય એમ દેખાવા લાગી. મીનાકારી મહાલયમાં અંદરથીજ નવા નવા રંગ પૂરી કોઈ કારીગર તેને રમણીયતાનુ રૂપ બનાવી દેતો હોય એમ તેના અંતરનો કોઈ વિચાર વારાફરતી તેના ગાલ ઉપર વિવિધ છાયાઓ પાડી દેતો. નિઃસંશય, ચંદ્ર ઉપર વાદળો-નાજ હુમલા થતા હતા.

પૂર્ણ સ્નેહથી અને પૂર્ણ ઉપકારથી તેને આવી રીતે જોઈને કુલી સાનંદાશ્ચર્ય પામતી હતી. “અહો!” તે ગણગણી, “પ્રીતિની લતિકા કેવી છે? કોણ એને રોપેછે? કોણ એને સાચવેછે? કોણ એને પાણી પાયછે? છતાંયે તે કેવી નિરંકુશ પ્રસરેછે? માતાપિતાના અંકમાં રમતી, અણસમજુ, અલેલી અને ન્હાની છોકરીથી તે કોઈ જડ અને ઘાતકી પુરુષ સુધી પ્રત્યેક મનુષ્યમાં તે કેવી એની મેળે ઉગી નીકળેછે? કોણ શીખવેછે વાઘને પોતાની વાઘેણ ઉપર પ્રીતિ રાખવાનુ? કોણ શીખવેછે નાગેણને પોતાના પતિ ઉપર વારી જવાનુ? તથાપિ વાઘનેયે વાઘેણ વ્હાલી છે, નાગેણને પણ નાગ માનીતો છે. અને જ્યારે આવાં વૈર અને વિષથી ભરેલાં અજ્ઞાન પ્રાણીઓમાં પણ પ્રીતિની વલ્લી વણ ઉગાડ્યે ઉગેછે તો માણસના હૃદયની કોમળ ધરતીમાં તે શેં ન ઉગે? એવી કઈ વસ્તુ છે જેમાં પ્રીતિ નથી? સૂર્ય, તારા, ધરા, ગ્રહો અને નક્ષત્રો પણ એક બીજા ઉપર પ્રીતિ રાખી એક બીજાને ખેંચેછે, એક બીજા તરફ ખેંચાયછે. લોહ

જેવી જડ અને અગ્નિમય વસ્તુ પણ ચુંબકને જોઈ તણાયછે, તેને મ્હોટે છે. મનુષ્યમાં વધારે બુદ્ધિ ત્યારે તે આ પ્રીતિનાં સુખ સેવેછે, દુઃખ સહેછે. પણ પ્રીતિ તે શું ? એતે કંઈ વિકાર ? હા, વિકારજતો; અને તે સહજ. જન્મ પામ્યા પછી તુરતજ આ વિકાર સ્તનંધયોને થાયછે. તેથીજ તેમનો વ્યવહાર આગળ ચાલેછે, તે મ્હોટાં થાયછે. આ વિકાર પ્રથમ માતા પ્રતિ, પછી પિતા પ્રતિ, પછી સહોદર પ્રતિ, પછી કુટુંબ પ્રતિ, પછી જ્ઞાતિ પ્રતિ, અને પછી દેશ તથા છેલ્લે આખા જગત્પ્રતિ વિકાસ પામેછે. પણ તેનું ખરેખરું અને ઉચ્ચ પરિણામ તો દાંપત્યમાંજ આવી રહેછે. સ્નેહથી આલિપ્ત દાંપત્ય સુખી થાયછે, સુખી કરેછે. દાંપત્યનો ખરો જીવ, તેનુ ખરું સત્વ, તે સ્નેહજ છે. સ્નેહથી સર્વ વ્યવહાર ચાલેછે. સ્નેહરહિત આ સંસારનો વ્યવહાર નથી. વૈરાગી પુરુષો પણ સ્નેહ વિના રહેતા નથી. સાત્વિક જ્ઞાન વિજ્ઞાનના લાભને લીધે પોતે અસાર માનેલા ગૃહસંસારથી વિરક્ત બનેલા પુરુષો ક્ષણિક અને નાશવાન પદાર્થ ઉપર પ્રીતિ નથી રાખતા તો પોતાની કલ્પના અથવા બુદ્ધિ પ્રમાણે કોઈ મૂર્તિ ઉપર, કોઈ કર્ત્તા ઉપર, કોઈ આત્મસ્વરૂપ ઉપર અથવા કોઈ કંઈ ઉપર પણ પ્રીતિ રાખેછે, અને તેજ પ્રીતિને મોક્ષનુ કારણ માનેછે. અહો ! મરણ પાછળ પણ સુખ આપનારી આ પ્રીતિ તે શું ઈશ્વરની પુત્રી તો નહી હોય ? પ્રીતિ કદરૂપને સુરૂપ બનાવી દેછે, ગંડકને ડાહ્યો કરી દેછે. પ્રીતિ શું નથી કરતી ? શું બ્રહ્મની સાથેજ તે પણ સર્વવ્યાપક નથી ? ખરે ! પ્રીતિની રીતિ કંઈક નાંખીજ છે. એમ ન હોય તો આ વસંતબા, ડાહી, કહ્યાગરી, સાચી, ભોળી અને સરલ, તે આમ પરાધિના થઈ, માતાથી, પિતાથી અને સર્વથી પોતાના હૃદયની વાત છાની રાખી શકે અને એકાદ દૃષ્ટિપાતમાંજ સર્વસ્વ હરી લેનાર કોઈ અપરિચિત પુરુષને પોતાનું સર્વસ્વ આપી દે ? નહી, નહી. પ્રીતિની ખુબી ઓરજ છે. જુવોને ! આ સરલા કુમારી એક પ્રીતિના જોરથી કેવી ચતુરાઈ દાખવે છે ? કેવો દંભ શીખે છે ? કેવો વિવેક કરેછે ? કેવી યુક્તિયો યોજેછે ? ઉંઘમાંયે એને જંપ નથી. જાગ્રત અવસ્થામાં માન રાખી, મૌન સેવી, મનની વાત મનમાંજ રાખનારી આ મ્હારા અન્નદાતાની કુલકન્યકા અત્યારે સુષુપ્તિની વિસ્મૃતિઅવસ્થામાં કેવા પ્રણય–આલાપ કરે છે ? એ બિચારી માને છે કે તેનુ ગુહ્ય મારા જાણવામાં નથી આવ્યું. સુગુણની શરમે એના સ્નેહમાં હું અટકાવ કરીશ એમ તે ધારી બેઠીછે. નથી જાણુતી કે મહારાજા વિજયસિંહના ચિરંજીવ માધવસિંહના

હાથમાં આ કન્યારત્ન આપી આ અફળ વહેતા આયુઃને હું પણ લેશ માત્ર સાર્થક કરવા ઇચ્છા રાખછું! સુગુણને પણ રાજકન્યા ઘટેછે પણ બીજી. પરસ્પર પ્રીતિ વિના દાંપત્ય વિપત્તિનુજ બીજ છે."

પોતાની પ્રિય સખીના સ્વપ્નસમાગમના આહ્લાદના સમયમાં તેને જાગ્રત કરવી, તેના પૂર્ણાનંદનો ભંગ કરવો, અણચિંતવ્યે તેને પ્રસ્તુત વિષયમાં પ્રવૃત્ત કરવી, એ અયોગ્ય જણાયું, તેમ નિદ્રાસૃષ્ટિમાં તેની સ્પૃહા, તેની લજ્જા, તેની અધીરતા, તેની સંભ્રાન્તિ, તેની રમત, તેની સંતુષ્ટિ અને તેની રતિથી તેને વિમુક્ત કરવી તથા પ્રેમામૃતનો ઉભરાઈ જતો ઘટ અતિત્વરા અને અતિ લોભથી મ્હોંએ માંડતાં તેને વિરામવી, એ ક્રૂર સમજાયું, તથા "આ મ્હારું સર્વ જાણી ગઈ" એવા ભયથી તેને સલજ્જ કરી દેવી કે "આ મ્હારી વાત ફોડી દેશે" એવા ભયથી તેને ઓશીઆળી કરવી એ નીચ મનાયું, તેથી તેની નિદ્રા વધારે વેળા ટકે–તેમાં તે સ્વપ્નસુખ વધારે અનુભવે એટલા માટે અનુકૂળ ઉપચારો કરવામાં આ દાસીની પ્રવૃત્તિ થઈ. તેની પાસે બેસી ઘડીમાં તેને પવન ઢોળતી, ઘડીમાં તેના પર હાથ ફેરવતી, ઘડીમાં ખસી જતું તેનુ વસ્ત્ર ઠીક કરતી, ઘડીમાં તેની પાસે ગાલમસુરીયાં ગોઠવતી, ઘડીમાં તેનાં ચરણ મૃદુ મૃદુ દાબતી, ઘડીમાં તેનાં ચિબુક ઉપર વળતી શૈવાલને લ્હોતી, ઘડીમાં એક ટશે ને ટશે તેને નિરખતી આ શાણી પરિચારિકા પોતાના અંતઃકરણના અંતઃકરણથી તેને આશિષ દેવા લાગી, તેને અનુરૂપ વર મળવા ઇચ્છા કરવા લાગી અને તે પ્રસંગમાંથીજ ઈષ્ટપ્રાપ્તિનો સંભવ ધારવા લાગી. પણ ગુણવતી પરિચારિકા છતાં કુલી પ્રેમદા હતી; દાસ્યને લીધે તેનો દેહ પરાધીન હતો, પણ મન સ્વતંત્ર હતુ. સેવ્યજનનાં દાક્ષિણ્ય અને કૃપામયતાથી મનોનિગ્રહ કરવાને પણ તે ઉત્સુક અને ઉદ્યુક્ત હતી, પ્રસંગે વિજય પામતી. ગત શોકની અફળતા ઉપર વિચાર કરી, ભોગથીજ ક્ષય પામતા પ્રારબ્ધને દોષ દેઈ, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી, પ્રસ્તુત કાર્યમાં નિમગ્ન થઈ, દમયંતી, તારામતિ આદિ સતીઓનાં ઘોરવીતક સંભારી અને ભવિષ્ય ઉપર આશા બાંધી, કુલી પોતાનુ મન વાળતી હતી. પણ જ્યારે પ્રેમનુ ઉભરણ ચ્હડે ત્યારે મન નિરંકુશ બનતું. આજે એવો પ્રસંગ આવવાથી ફુલ જેવી કુલી ઉપર શોકરાયે સામ્રાજ્ય કર્યું. એક પળમાં આનંદનિકેતનમાંથી નીકળી શૂન્યતાના માર્ગમાં થઈને મહા ધકધકતા લાક્ષાગૃહમાં તે બળવા લાગી. તેમ સૌમ્યવદની વસંત પણ

આજે પેહેલ વેહેલીજ વિરહીની વસંત જેવી થઈ પડી. અગ્નિમાં ઘૃત હોમાયું. વસંતબા કુંઈક ઉંઘમાં ને ઉંઘમાં લવી. શોકાગ્નિનો ભડકો થયો. દાસીને અંતર્બાહ્ય પ્રચંડ અગ્નિ બળવા લાગ્યો. તે અગ્નિમય થઈ ગઈ. વસંત લવીઃ "હે પ્રાણેશ્વર! પરણીને તો સદા સાથેજ રાખજો! નહીતો અત્યારેજ હૃદય તો લીધું છે તેમ પ્રાણ લેઈ લ્યો." વળી તે લવી "નાથ! બીજીઓ ભલે પતિ વિના આશામાં રહે. તેમને પતિ કરતાં જીવ વ્હાલો છે, માટે તેઓ આશાને વળગે છે. પણ હું તો તમારી છાયા. જ્યાં તમે ત્યાં હું. માટે પ્રિયપતિ, આમ ને આમ લડાવજો–પણ આઘા ન જશો. ભોગ તેના કે જે પતિ વિના જીવે." આટલું સાંભળીનેજ જાણે મરી જવાને તૈયાર થઈ હોય એમ કુલી રડવા મંડી ગઈ–પણ તે છાને માને. તેનાં ચક્ષુનું તાજુ અશ્રુબિંદુ વસંતબાના નાક ઉપર પડી મોતીની ઉપમા ધારણ કરતુ, જાણે અતિ શોક સહન ન થયેજ તેના કાન તરફ વળી તેને જાગ્રત કરવા મંડી ગયું. વસંતબા જાગી, રંગમાં ભંગ થવાથી ચ્હીડાઈ. પણ શરમાતી શરમાતી, ખાળ્યાં ન ખળતાં અશ્રુ લ્હોતી લ્હોતી, દીન થઈ મ્હીનતી મ્હીનતી, અપરાધભયે કંપતી કંપતી, અનન્યાશ્રયથી ત્રાસતી ત્રાસતી ઉભેલી સખી કુલીને જોઈ તેનો ક્રોધ દયારૂપ થઈ ગયો, તેથી વસંતબા બોલી "કેમ બેન! આ શું?" "કુંઈ નહી–સ્હેજ" એટલું કહી મુખપ્રક્ષાલનને માટે જળ લેવાને મશે કુલી બાહેર ગઈ.

જાતે બાળા અને પોતાના વિચારમાં ચકચૂર, એટલે તેણીએ તેને જવા દીધી. પણ સ્વપ્નસૃષ્ટિમાં પ્રત્યક્ષ ઉભેલી મનહરછબિને જાગ્રતિમાં ખોળી કહાડવા આમ તેમ જોતી જોતી, પાસેથી સરી ગએલી ઈષ્ટ વસ્તુની પુનઃ અપ્રાપ્તિથી ડુસકાં ભરતી ભરતી, શાણામાં પણ લગ્ન થતા પેહેલાં પરજન પ્રતિ પ્રીતિ કર્યાથીજ બાઝેલી હોય એવી નયનની કાલિમા અશ્રુવડે ધોતી ધોતી અને સ્વેદબિંદુથી સુગંધિત કપાળ લ્હોતી લ્હોતી, શૂન્યતા સજીને, બગાસાં ખાઈને અને શોકને પીને, શોકદાવાનળથી શુષ્ક થઈ જતી અંગમંજરીથી નિરાનંદ જણાતી વસંતઋતુ જેવી કન્યા વસંતવિલાસિની કુંઈ ઓરજ વિકાર અનુભવવા લાગી, અને અન્ય ઉપાયને અભાવે ચિત્રલેખા જેવી દીસતી પોતાની પ્રિય સખીને વાત કહી દેઈ પોતાનો ભાર લઘુ કરવાનો વિચાર કરવા મંડી. સુગુણસિંહની પક્ષપાતિની કુલીની ચોરી રાખવામાં નીતિ જણાઈ પણ તે સુશીલ અને સૌભાગ્યવતી દાસીના સ્નેહે તેને ઉત્તેજી, તેથી જળ લેઈને આવેલી

બ્હેંનપણીના સામું ટશે ને ટશે જોઈ રેહેતાં અથવા વદન સ્વચ્છ કરતાં કાતર દૃષ્ટિ નાખતાં, ક્ષણે તે તેના વદન ઉપર વિશ્વાસ વાંચે, ક્ષણે ભય દેખે અને ક્ષણે સંશય લેખે.

પાછલો પ્રહર થયો. મુખને ઉદ્યુક્ત રાખતી પાનની બીડી ગળે ઉતરી ગઈ. અધીરતાએ તેની સકલ ઇંદ્રિયોને અધીર કરી દીધી. વહી જતા કાળમાં સ્થૈર્ય જણાયું. કેમે કરી સામી ઉભી રહેતી વિરહની ઘડી ન પાછળ જાય કે ન આગળ ધપે. તેથી "કેમે કર્યો દહાડો ખુટતો નથી." "મુવો સૂરજે આજ તો હઠ માંડીને બેઠોછે તો; એને તે અહીં શું ડાટ્યું છે?" "હજી તો ગાયોએ ઘેર આવી નથી." એવા એવા અનેક આલાપ કરતી, પાટલેથી ખાટલે ને ખાટલેથી પાટલે બેસતી, તે બિચારી જાણે આખા ભવના ભવ ગાળવા લાગી. "મારીને રડવા ન દે" એવો તેને આજનો સમય વેરી લાગ્યો. પરંતુ આની આ સ્થિતિમાં વધારે વાર રેહેવું તે આ કોમળ કન્યાને માટે અશક્ય હતું. કેળનાજ ગર્ભમાંથી ઉત્પન્ન થતું કર્પૂર જરા અગ્નિથી શું બળીને ખાખ નથી બનતું? કુળીમાંથી નિઃસરતું ગુલાબ લેશ સૂર્યાતપથી શું ખરી નથી જતું? આકાશમાંજ વસનાર પંખી જડ ધરામાં પડી શું નથી તરફડતું? સર્વથા, નિર્મળ વંશની પ્રસૂતિને કોમળતા નૈસર્ગિક છે.

પવિત્ર પ્રેમાળ માતપિતાથી ઉત્પન્ન થએલી, સંસારમાં પણ ઇંદ્ર-ભવનનુ સુખ પામેલી, ખમા ખમામાં ઉછરેલી, નિરંતર નિરતિશયાનંદમાં મ્હાલેલી, નિર્દોષ છતાં દોષાકરવદનથી ખીલેલી, અને કાળની ગતિ ભૂલેલી રાજપુત્રીનું અંતઃકલ્પાન્ત જોઈને, કુલીએ પ્રથમ તો ઇતિહાસની આરસીમાં પ્રણયપીડા જીવમાત્રને કપાળે ચ્હોંટાડેલી જોઈ, જ્ઞાનની કુંચીથી હૃદયશલ્ય કહાડી નાંખ્યુ, સ્વધર્મના ભાનથી સેવામાં ધ્યાન લગાડ્યું; અને પછી પોતાની સહીના મનનુ સમાધાન કરવા નીતિશાસ્ત્રનો આશ્રય લીધો. "હાંરે કહેતામાં હઝાર ઉઠતા" એ પદ જેને શબ્દશઃ લાગુ પડતું, જેના અક્ષરો બોલતા પેહેલાંજ ઝીલાતા, તે પોતાની મદોન્મત્ત સખીનુ કશું ગયુંએ નહોતું અને કશું આવ્યુંએ નહોતું. તે છતાં પોતાની મેળેજ સંસ્કારેલા અનુરાગથી તેને આમ રાંક, બ્હેઆકુળી અને ઉપાયરહિત દીના જોઈ, તેને ખોટું ન લાગે, તેને ઓછુ ન આવે, તેને લજ્જા ન આવે, તે ભૂઠી ન પડે અને તેને રસ પડે એમ, હળવે હળવે કુલીએ મર્મ અને નર્મ વચનથી તેને પ્રમોદવા પ્રયત્ન કર્યો. તે બોલી, "વ્હાલી બ્હેન! આજે તો બહુ ઉંઘ્યાં?" વસંતબાઃ—"મને તો

લાગેછે કાચી ઉંઘે આંખ્ય ઉઘડી ગઈ. કશું ગમતું નથી. જોને, હજુ સાંજે પડતી નથી." કુલીઃ "ત્યારે હજુએ વેળા છે, સુઈલ્યો જરા. પાછુ આજ રાત્રે તો—" વસંતબાઃ–" પણ હવે આંખ્ય મળે નહી તો." કુલીઃ–"હુ વા ઢોળીશ એટલે જરા નિંદર આવશે. તમારે શી ચિંતા છેજે? પોઢો નિરાંતે." વસંતવિલાસિનીએ નિઃશ્વાસ મુક્યો. કુલીઃ–"કેમ બ્હેન, બોલતાં નથી? આવો; સવેળા સુઈલ્યો. નહી તો રાત્રે પડશે ઉજાગરો." ચોંકીને વસંત કુલી સામે જોઈ રહી; અને કુલી હસી. વસંતને ફાળ પડી. રહસ્ય પ્રકટ થઈ ગયું. હવે છાનું રાખવું નિરર્થક જણાયું. દુઃખભાર હલકો કરવાનો પણ એજ રસ્તો જણાયો; પણ લજ્જા ખશી નહી. મરતા મનુષ્યની ધોરી નાડીની પેઠે તેણે રમકાં કરવા માંડ્યાં. તેથી વસંત બોલી, "મ્હારે શું કામ ઉજાગરો પડશે?" કુલીઃ–"શું કરવા તે નહી જાણતાં હો! કહોને, આજ રાત્રે ક્યાં જવાનાં છો માતાજી સાથે?" વસંત શરમાઈ; તેની ભ્રમરે પરસેવો વળ્યો. તેના ગાલ ઉપર ગુલાબી રંગ ચ'ડ્યો, તેનો અધર ફરક્યો. પણ તે બોલી, "વારું! તેમાં શું મ્હોટી વાત છે જે? બાએ કહ્યું ત્યારે એ–એ–એ કુમારને જોવા જવાની મ્હેં હા કહી, એમાં તે ત્હેં શું જાણ્યું?" કુલી હસીનેઃ–"આપનુ હૃદય." જરા રીસ દાખવી વસંત બોલી, "મ્હારા હૃદયમાં તે તેં શું જોયું?" કુલીને લાગ મળ્યો તેથી હસીને બોલી, "વસંતબાના હૃદયમાં તો માધવનીજ છબિ જોવાય તો? બીજું શું?" ક્રોધ જણાવી વસંતઃ–"જા, જા! એવી હાંસી ત્હારે ન કરવી." કુલીઃ–"બ્હેન! શીદ રીસ ચ્હડાવોછો. છે એવું કહીએ તેમાંયે રીસ?" વસંતઃ–"શું છે એવું કહેવાનું જે?" કુલીઃ–"એજ કે આપના વિના એ રાજપુત્ર, અરે! એ કુમારને મટવાનુ નથી. માટે તે ગુણરૂપઅનુરૂપ પુરુષ પાસે આપ પધારો અને તેનો જીવ તેને આપો." પડદો તુટી ગયો, તેથી લજ્જા સરી ગઈ અને વસંત બોલી, "પણ તું કહી દે! મ્હારા સમ, કેમ એ કુમારનુ નામ દેઈ ત્યારની મ્હને મ્હેણાં મારી રહીછે?" કુલી ગંભીર મુખ રાખી બોલી, "હું તો બા સહજ કહુંછું. મ્હારા પેટમાં તો કાંઈ કિલ્મિષ નથી. તમારા મનમાં કંઈ હોય તો તમે જાણો. કમળાવાળુ પીળુ દેખે." વસંત લજાઈ ગઈ પણ સખીને ભેટી પડી અને જરા આકળી થઈ બોલી, "થયું થયું, હવે તું બધુએ જાણેછે; પણ હું શું કરું? જે દિવસે વાતો કરતી કરતી સુગુણભાઈના વેશની ચર્ચા કરતી કરતી ઝરુખામાં હું ત્હારી સાથે બાપાની અશ્વારી જોવા બેઠી હતી

તેજ દિવસે—અરે, તેજ વખતે, સકલ જનમંડલજીવિતસફલકર, સકલ પ્રમદાજનનો ચિત્તહર, સકલ કન્યાનો કૌમારહર, ત્રિભુવનમણિ, જગન્નયનાનંદ અને રતિને વિભ્રાન્ત કરનાર એ મદનનો અધિરાજા માધવ મ્હારું ચિત્ત ચોરી ગયોછે અને મ્હારા હૃદયમાં પ્રેમના અગ્નિનો તનખો નાખી ગયોછે. એક દૃષ્ટિપાતથી મ્હારું કૌમાર હરી લેનાર એ છચોરીયાને પણ લાજ આવ્યેથી "હવે શું મ્હોં દેખાડું," એમ ધારીને જ્યારથી એ અવળી દૃષ્ટિ કરી હીંડતો થયો ત્યારથીજ, પ્રિય સખિ! મ્હારી અવળી દશા બેઠીછે; ત્યારથીજ એના નામની માળા છે; ત્યારથીજ એને સુખે સુખ ને દુઃખે દુઃખ છે. બ્હેન! જયારથી સૂર્યના પુત્ર કર્ણ જેવા શોભતા એ કેસરીના બાળને જોયાછે ત્યારથીજ પોતાનો ઓળો મુકી જીવ પણ એનામાં સમાયોછે, ધ્યાન પણ એનામાં ગયુંછે, ભાન પણ એનુજ રહ્યુંછે. ખાતાંયે એ, પીતાંયે એ, બેસતાંયે એ, ઉઠતાંયે એ, જ્યાં ત્યાં એ, એ ને એ. ફુલી બ્હેન! શી એ ઐંદ્રજાલિકની સત્તા! ગર્ભનિવાસથી આજ પર્યંત મહા લાડકોડથી ઉછેરી—પાળી—પોષી મ્હોટી કરી મ્હારે કાજેજ જીવિત ધારણ કરનાર મ્હારાં પ્રિય માત-પિતાના ચિરકાળના ગ્રાહમાંથી અદૃશ્ય રીતે મને ખેંચી અત્યારે તો તે મ્હારાં રોમે રોમનો માલિક થઈ બેઠોછે? શું કહુ? કન્યાજનઅનુચિત મ્હારી કથાનો ક્યાં પાર આવશે? આર્યજનનીયે માઝા રાખ્યા વિના એ મને ખેંચેછે; તું પાસે છતાં પણ કંઠાશ્લેષ કરેછે, એકાન્તમાં તો મ્હારું યૌવનવન લૂટી લેછે; ગાઉં તો નાચેછે, વાંચું તો શિક્ષા દેછે, રમું તો રમાડેછે; ખાઉં તો ખવરાવેછે; રડું તો અનેક કૌતુક, ચ્હીડીયાં અને નખરાં કરી તથા ચાળા કરી મને હસાવેછે. તેથી હુ તો રડતી જાઉં ને હસતી જાઉં અને રીસાઈ પાસે ન આવવાના સમ દેઉં. પણ એ ધૂર્ત નથી વાર્યો રૂહેતો કે નથી હાર્યો રૂહેતો. અલિ સખિ! આતે ક્યાં સુધી સ્હેવાય! હુ બાળા! તે ઉપર તે આવા ચાળા હોય? પણ શું કરું? કો'ને કહુ? શી રીતે કહું? એનાથી છાની વાતે કેમ થાય? જ્યાં જાઉં ત્યાં એનો એ. ઠામે ઠામ એને દેખુંછું. ખરે, એણે મને ભૂરખી નાખીછે. પણ મને એનો અભાવ નથી. હુ જાણુંછું કે એ મને લૂટવા આવ્યોછે; હું જાણુંછું કે મ્હારા સોનામ્હોર જેવા દહાડાઓમાં તે અંધારું ઘોર કરી દે છે. પણ મને એના વિના ગમતું નથી. એને તાવ આવ્યાના સમાચાર જાણ્યા પછી હુ તો નથી ખાતી કે નથી પીતી, નથી ઉંઘતી કે નથી રમતી—પણ તું ક્યાં નથી જાણતી? અને

આ જીવ! એતો ક્યારનોયે પંખીની પેઠે ઉડી ગયો હત. પણ ઓ મ્હારી વિશ્વાસુ સહી! શું કરતાં એ કુમાર જીવે?" આટલું બોલી વસંતબા રડી પડી. તેને આશ્વાસન આપી ધીમી પાડી કુલી બોલી, "બ્હેન, આ સર્વ હું જાણુંછું. માતાજી જાણેછે." વસંતઃ-"હેં!" કુલીઃ- "હા, મ્હેંજ વાત કહીછે અને પ્રભુ કરશે તો સર્વે સારાંવાંનાં થશે." વસંતઃ-"સખિ! કહે, કહે-આ બોલ ફરીથી કહે!" કુલીઃ-"શું કહું? જો સાંભળ! સુગુણને મ્હેં ભાઈ કહ્યોછે. એ કુંવારો છે. તમારા જેવીજ રાજકન્યાને તે શોભે એવો છે. પણ મન મળ્યા વિના પ્રેમ કેવો? પ્રેમ વિના સુખ કેવું? વળી સ્વેચ્છાથી પ્રસન્ન ન થવાયું ત્યાં ધર્મપતિયે કેવો ને ધર્મપત્નીયે કેવી? તેમ ઐક્ય ન થતાં માંહ્યરામાંજ અરુચિ હોય ત્યાં આ સંસારપારાવાર ખેડાવો શી રીતે? ખરી વાત કે વિકારના બાહુલ્ય તથા તેના વેગથી અનુભવરહિત કન્યા, વલ્લીનીપેઠે ક્ષુદ્રમાં પણ લપ્પાઈ જાયછે, અને અંતે મહા કષ્ટ પામેછે; સતી છતાં પ્રસંગે અસતી થાયછે, અથવા કોઈ વિનષ્ટ થાયછે. અને આટલાજ માટે કન્યાના વિવાહનો અધિકાર આપણા ધર્મજ્ઞોએ માતપિતાને આપેલો છે. તેમનો અનુભવ અને તેમનું જ્ઞાન તથા તેમની પ્રીતિ કન્યાના વેગને અટકાવી તેના હિતનાજ માર્ગ ખોળેછે, અને તેમ કરવામાં સુજ્ઞ માતપિતા કન્યાની રૂચિ ઉપર પણ નજર રાખે છે. વસંતબા! સુગુણ ગમે તેટલો લાયક હોય, અદ્વિતીય હોય તોપણ તમને ન રુચે ત્યારે તે સોનાનો તોયે આપણે શું કરવાનો છે? માટે મારીજ વિનંતી સ્વીકારી માતાજીએ એને તો ગણત્રીની બાહેર મુક્યો છે; અને એ પણ પોતાને અનુરૂપ કન્યાની શોધ કરવા અન્ય સ્થળે ગયોછે. માટે એ ખાતે ચિંતાજ મુકી દ્યો. હવે જોવાનું એટલું રહ્યુંછે કે તમે અસ્થાને તો હૃદય નથી આપ્યું? આટલી શોધ પિતાજી કરાવેછે. કાંકે અલેતાં તો જન્મથીજ છો. તેમાં ઠગાઓ તો તમારૂં આખું ભવિષ્ય બગડે. પણ કંપશો નહી. ખાત્રીથી માનજો કે એ વર સારોજ નીકળશે. ખરે! તમે તમારા મનના માન્યાના અંકમાં રોજ લાડ કરી પુત્રપૌત્રાદિ સુખ પામશો એમ મ્હારું આ અંતઃકરણ સાખ પુરેછે." એટલું કહી વસંતને છાતી સરસી ચાંપી ફરી કુલી બોલી, "કામનું કામજ આવું છે. માટે હવેથી એનીજ વાતચિત કરી વખત ગાળજો." વસંતબા ડુસકુ ભરી બોલી, "શું વખત ગાળું? મ્હેં અસ્થાને સ્નેહ કર્યો, મ્હેં બાળચેષ્ટા કરી, મ્હેં નિર્લજ્જા ધરી; નહી તો તડકો છાંયડો ન દેખનારી ક્યાં આ હુ શ્રીમાન્ કેસરી-

સિંહ મહારાજાની બેટી ને ક્યાં આ અથડાતો ટીચાતો ક્ષત્રીયનો બાળ? જો! એ કેવો નિર્દય છે? ઈસારતો કરી કરી મને વાહી, મિઠી દૃષ્ટિઓ કરી કરી મને લલચાવી, ખુંખારા કરી કરી મને ચેતાવી, હવે મ્હારાથી આઘો આઘો જવાનું કરે છે. એને પકડવા હું હાથ પસારુંછું—સામી ધાઉછું તોએ એ હાથને હાથ વેગળો રહેછે. એનું તેજોમય વદન નથી રવિ કે નથી શશિ. બ્હેન, રવિ હોય તો સર્વ કોઈને બાળે, શશિ હોય તો સર્વ કોઇને શાંતિ આપે; આતો બીજાં સર્વને શાંતિ આપે છે ને મને એકલીને ઉભી ને ઉભી બાળી મુકેછે. હવે એને હું શું કરું? ખીજવા જાઉંછું તો મનેજ શોક થાયછે. મારવા જાઉંછું તો મ્હારોજ જીવ દુઃખાયછે; વારવા જાઉંછું તો માનતો નથી, મ્હેંણાં મારુંછું તો નફટ પેઠે હસેછે, લાજ કરુંછું તો ઘુંઘટ ખેંચેછે, આંખો મીચુંછું તો પાંપણો અંદર દાખલ થઈ લટકા કરેછે. એણે તો મને પોતાનીજ કરી લીધીછે. ઘણાયે અનુનય કર્યાં, ઘણાંયે બ્હાનાં કહાડ્યાં, ઘણાયે વાયદા કર્યાં, ઘણાયે યુક્તિપ્રચાર આદર્યા પણ એ એકનો બે શાનો થાય જે? પ્રિય સખિ! કોઇએ આમ કોઈ દિવસ કરેલું ખરું?"

આ છેલ્લા શબ્દોથી વિરહના વલવલાટને હડકવા હાલ્યો, દેહાર્ણવમાં બળતા વિરહાગ્નિમાં ઘૃત હોમાયું, ધૈર્યમાં સમાઈ રહેલું શોકપિત્ત ઉછળ્યું; તેથી કુલીનું મસ્તક ફરી ગયું, તેની આંખો ઠરી ગઈ, તેની કાંતિ શમી ગઈ, બુદ્ધિ ટળી ગઈ. તદપિ જાતે ડાહી હતી, એટલે તેણે ઉછળતાં શોકનાં મોજાં ન સહન થવાથી હૃદય ફાટી જતું હોય તો ફાટી જવા દેઈને પણ આ વેળા એક દુઃખમાં બીજું દુઃખ ન ઉમેર્યું તે નજ ઉમેર્યું. નિઃશ્વાસ નાંખી કુલીએ કરમાઈ ગયેલું વદન ઠાવકું રાખી મહાશ્રમે "પછી, પછી," એટલું બોલી પ્રશ્નનો ઉત્તર ઉડાવ્યો. પોતાના ને પોતાના વેગમાં વસંતબાના લક્ષમાં પણ એ વાત ન રહી. તે બોલી, "પછી શું કહું? પ્રિય સખિ! જાગ્રતીમાંયે એ, નિદ્રામાંયે એ અને સ્વપ્નમાંયે એ. નથી એને કાળનો નિયમ કે નથી એને સ્થળનું બંધન. આજેજ હવણે જરા નિરાંત વાળી સુઈ ગઈ હતી ત્યારે પણ આટલો માંદોછે તોએ એને જંપ ન વળ્યો, તેથી અચિંત્યો આવી મ્હારી આંખો દાબી અનેક પ્રકારનાં નખરાં કરી, ભૂધર જેમ ધરાઉપર ગંગાને તેમ મ્હારા ઉપર એ સ્નેહસરિતા રેલાવવા લાગ્યો. શું કહું એ સ્વપ્નની વાત? ખરે, જયારે એક ક્ષણભર જોતામાં તે આમ પજવેછે તો નિત્ય સહવાસ થશે ત્યારે એ કેટલું

ફરશે ? એની આંખમાંથી નીકળતાં બાણ કેમ ઝીલાશે ? એના મ્હોં સામે કેમ જોવાશે ? સહિ ! આજે એની પાસે જવું પડશે તોએ હું તો એની પાછળ બેસીશ, બાકી એને તો નહી આવે મ્હારી દયા કે નહી રહે માતાજીની લાજ. સખિ ! તુ મ્હારી સાથે ને સાથે રહેજે હોં." કુલીઃ–"કાંટા રૂપી હું સાથે રહીશ તે હવણે તો નહી, પણ મન મળ્યાંછે તેમ એની આંખ્યો મળશે ત્યારે સાલીશ. માટે એકલાંજ જજો." વસંતઃ–"ના બ્હેન ! ત્હારા વિના તો એ ધૂર્ત મને રગેરગે કાંટાની પેઠે સાલે. માટે તું પ્હેલી ને પછી એ"! કુલીઃ–"સખિ ! એમ હોય નહી. માબાપથી છુટી પડતાં કુલવધૂ રડેછે ખરી પણ તેથી સાસરે જતાં કંઈ અટકી ? વારુ ! તમારો આટલો મમત છે તો કોઈ દી 'જીવતો નર ભદ્રા પામશે.'" વસંતબાઃ–"તે હું એવી નહી, પણ એ નમેરો થશે ત્યારે ?" કુલીઃ–"એ ખાતે ચિંતા ન રાખો. એની આ દશાનું કારણ તમેજ છો. તમારા વિના એનો દેહ ટકવાનો નથી. તેમ તમે આ ભવમાં એને મળો એવી એને આશા નથી. માટેજ તે આમ રીબે છે." વસંતવિલાસિની બ્હીલી થઈ ગઈ–ખશીયાણી પડી ગઈ. "હેં, ત્યારે એનો દેહ નહી ટકે ?" એટલું બોલી આંખમાં ઝળઝળીયાં લાવીને પોતાના જીવિતનેજ હથેલીમાં લેઈને બેઠી હોય એમ તે દેખાવા લાગી. પણ કુલી બોલી, "એમ એવી ફિકર નથી. પણ ત્હારા સ્નેહનું કંઈ ચિહ્ન તું એને આજે આપે તો કેવું ?" આ વાક્ય સાંભળી ભ્રમર ચ’ડાવી થોડીવાર સખિ સામે જોઈ રહી, થોડીવાર શૂન્યદૃષ્ટિ રાખી અને થોડીવાર આમતેમ નજર ફેરવી પોતાની કાંચળીમાંથી એક ન્હાની પત્રિકા લેઈ તેણે તેને, શરમાતે શરમાતે, બ્હીતે બ્હીતે કુલીના હાથમાં આપી. કુલીએ તે પત્રિકા વાંચી હાસ્ય કર્યું, અને ધરા ખોતરતી તથા ધડકતા હૃદયને હાથવતે નિવારતી સખિ વસંતવિલાસિનીના સામે સાફૂત જોયું. આંખમાં ઝળઝળીયાં ભરી, હર્ષ, રીસ, શરમ આદિ વિકારોનું ઘડેલુંજ "શું છે ?" એટલું વાક્ય તે મહા શ્રમે બોલી. કુલીઃ–"કંઈ નહી, એતો આ પત્રમાં તેં બિચારા રાંક જનનો જીવ પાછો આપ્યોછે તે. બીજું શું ? જોજે હવે આમ ફરી ફરી લોકોના જીવ હરી લેતી." વસંત રડતી રડતીઃ–"મ્હારું સર્વસ્વ ચોરાયુંછે તો હું હવે કોઈનું શું હરી લેવાની હતી ? તેમ એના કાવાદાવામાંથી હું નથી છૂટનાર કે નથી બીજાની થનાર." એટલું બોલી વિશેષ રડી જરા આકળા સ્વરે તે પાછી બોલી, "ઋણાનુબંધે બા કે બાપા પ્રતિ-

ફૂળ પડ્યાં તો ઉમયાસહિત શંકર પાસે આ દેહની કમળપૂજા કરી પુનઃ એજ પુરુષનો કર ગ્રહવા વરદાન માગીશ." આટલું બોલતાંજ તેના મનના સાગરમાં મહાન તોફાન ઉઠ્યું. તે બ્હાવરી બની ગઈ, ફરી સખિને ભેટી પડી. કુલી બોલી, "કોઈ પ્રતિકૂળ પડનાર નથી. છાનાં માનાં જોયાં કરોને. ઈશ્વર કરશે તો સહુ સારાં વાનાં થશે. પણ પેલી સ્વપ્નાની વાત ક્યમ ઉડાવી બા ?" ધૈર્ય આવ્યાથી વસંત બોલી, "તુંયે રશીયેણ છેતો ? પણ મ્હારે ત્હારાથી શું છાનું છે ? લે સાંભળ":- પણ એટલામાં "વાળુની વેળા વટી ગઈ માટે ઉઠો બ્હેલાં, વસંતબા," એવા પ્રતિહારીના શબ્દથી વાત વાતને ઠેકાણે રહી, અને શત્રુ જેવો લાગતો દીર્ઘ કાળ મૂષિકવત્ વહી જવાથી મકલાતી મકલાતી, સંધ્યા-સમય ઉતરી જવાથી પ્રમુદતી પ્રમુદતી, અને મીલનસમય દૃષ્ટિગોચર થવાથી હરખાતી હરખાતી, વસંતવિલાસિની પ્રિય સખી કુલીનો કર ઝાલી માતાપિતાની પાસે ભોજનશાળામાં ગઈ.

પ્રકરણ ૨૦ મું.

અભિજ્ઞાન.

સૂર્યરાયને ગળી જઈ રાજ્યાગારને પણ કૃષ્ણગારથી લીંપતા તિમિરને પરાસ્ત કરી, મણિરત્ન આદિ તૈજસ પદાર્થ પ્રતિ અનેક કરપ્રસારણથી સ્નેહાનુસંધાન માંડી, લોલ લલનાઓનાં વદન ઉપર પૂર્ણેન્દુનાં દર્શન કરાવી, નિશાને પણ જ્યોતિષ્મતી બનાવી, પવનથી રમવા ન જતાં સ્વસ્થાનમાં રમતા અને નાચતા તૈલપ્રદીપો, સર્વ કોઇને ભોજનશાળા ભણી આમંત્રતા હતા. ત્યાં જઈને રત્નખચિત ચાંદીના, સ્ફટિકના કે હાથીદાંતના બાજઠ ઉપર બેસીને અનેક પ્રકારનાં નૌતમ ભોજ્યને મુખદ્વારા ઉદરગ્રામમાં શમાવતાં શમાવતાં, રાજદ્વારી, વ્યાપારી, સંસારી, ધાર્મિક ઇત્યાદિ વાર્તાઓ કરતાં કરતાં, અન્યોન્ય સામે હાંસથી જોઈ હીસતાં હીસતાં, બાહેર થતુ મધુર વીણાવાદ્ય સાંભળતાં સાંભળતાં, બંદીજનના સ્તુતિપાઠ આલક્ષતાં આલક્ષતાં, પ્રસંગોપાત્ પ્રધાનથી તે દાસજન પર્યંત સર્વ કોઈ

પુરુષ ઉપર પોતાના અભિપ્રાય બતાવતાં બતાવતાં, એકબીજાનાં હૃદય ઉલ્લાસથી ભરતાં ભરતાં, અને સાંભળેલી, દીઠેલી, અનુભવેલી કે વાંચેલી ચમત્કૃતિની વાતથી આશ્ચર્ય પમાડતાં પમાડતાં, આ ભોજનગૃહનાં અધિકારી મનુષ્યોએ "બ્હોતેર કોઠે દીવા" પ્રકટ્યા, અને હૃદ્ય તથા વૃષ્ય તંદ્રામાં કંઇક સમય ગાળ્યો. મુખવાસમાં પણ કેટલો કાળ વહ્યો. પછી મહારાજાધિરાજ પાછળ ટોળુ વળી બેસવાનો તથા નીતિનાં શિક્ષણો સાંભળવાનો સમય આવ્યો. ત્યારે માતાના જમણા પગના ઢીંચણને ઓથે બેસી વસંતબાએ દેહ વિશ્રામખંડમાં રાખ્યો અને જીવ પેલા માંદા માધવસિંહના હૃદયખંડમાં મોકલ્યો. પણ દેહને અને જીવને જૂદા પડવું ક્યાં ગમે છે? તેથી આ અવિદગ્ધ અને અનુભવરહિતા રાજકન્યાને પણ પોતાના જીવિતાધાર પાસે જવાની ત્વરા વધી. ચાતુર્ય કોણ જાણે ક્યાંથીયે આવ્યું. બુટ્ટો કોણ જાણે ક્યાંથીયે ઉઠ્યો, જડ કોણ જાણે ક્યાંથીયે પકડાઈ. આણે તો વાતે વાતમાં પ્રથમ સુગુણભાઇની, પછી પ્રધાનની, પછી કેસરીની, પછી ફુલીની અને છેલ્લે તેને મટાડનાર પેલા વૈદ્યની વાત અનુક્રમે એવી યુક્તિથી અને ધીરજથી તથા દંભથી કાહાડી કે જરુર આ સરલા બાળાએ ચતુર નૃપતિના હૃદયમાં કરમાઈ જતી સ્મૃતિને સતેજ કરી અને પોતાની લજ્જાને તિરોહિત કરી. વૈદ્યના નામ સાથે માધવસિંહ યાદ આવ્યો, અને તે યાદ આવ્યો તેવોજ નૃપતિ અચિંત્યો બોલ્યો, "અલિ પ્રિયે! તુંયે વિસરી ગઈ? જો, વેળા હજી નથી વટી ગઇ. જાઓ પેલા પ્રતાપી કુમારને જોવાને. ઉઠો, ઝટ કરો." રાણી ઉઠવા લાગી પણ વસંત તો ઉછળી અને ન રહેવાયું હોય એમ બોલી, "હા! અલ્યા! હીંડો વ્હેલાં જઇએ. એ બાપડાને આપણાથી જરા નિરાંત વળશે." તેની ત્વરા, તેના શબ્દ અને તેના રોમાઞ્ચને બરાબર ધ્યાનમાં લેનાર ફુલી તો તુરતજ સમજી કે મામાની કાંધે બેસી ઇષ્ટ વરનો હાથેવાળો કરવા જનારી કન્યાને પણ આટલો તો વેગ નહી હોય. પરંતુ તેના પિતાને આમાંની કંઈ સૂઝ પડી નહી. તેને તો વસંતી હતી તેવી ને તેવીજ અલેલતી, ઉછાંછળી, અણસમજુ લાગી. અહો! શો પિતાનો પ્રેમ? પોતાનાં અપત્યનો દોષ જોવાને સર્વથા તે અંધજ હોય છે. કૌભાણ્ડે કહ્યા વિના બાણાસુરે ક્યાં જાણ્યું હતું કે ઓખા—નિર્દોષ ઓખા, નીતિજ્ઞની બુદ્ધિ ન પહોંચે એવા એકસ્થંભના માળિયામાં મનના માનિતા સાથે વિહાર કરેછે? સ્નેહનું કામજ એવુંછે. તે અગુણમાંયે ગુણ દેખેછે. તેમાં વળી

આ કન્યાને તો સાક્ષાત્ મદનનટે વાક્ચાતુર્ય, હસ્તચાતુર્ય, ક્રિયાચાતુર્ય આદિમાં એવી કુશળ કરી દીધી હતી કે સીમા. અને મદનના શિષ્યોની ગતિ કો'નાથી રોકાઈછે? કૃષ્ણને લેઈ નાસી જનાર રૂક્મિણીનું હૃદય કોણ કળી શક્યું હતું? અથવા યોગીને વેશે આવેલા અર્જુનની સાથે નીકળી જનાર સુભદ્રા ઉપર છપ્પન કોટી યાદવની ક્યાં ઓછી દેખરેખ હતી? દુષ્યંત સાથે ગાંધર્વ વિવાહ કરવામાં શકુંતલાએ ક્યારે ઋષિની વાટ જોઇ હતી? અથવા માધવ સાથે માલતી અને મકરંદ સાથે મદયંતિકા વર્યાં તેમાં શું જાણ્યું નંદે અને નરપતિએ? નિઃસંશય, ભગવાન્ મકરકેતુના શિષ્યો કંઈ અપૂર્વ વૈદગ્ધ્ય શીખી જાય છે. પિતૃસ્નેહથી અંજાયલાં નયનથી અનંગરાજે રક્ષિત કરેલું બાલાનું હૃદય ન જોઈ શકાયું.

પતિની આજ્ઞાથી, દીકરીના ઉત્તેજનથી અને પોતાની પ્રેમવૃત્તિથી પુત્રી તથા તેની દાસીઓ સહિત મહારાણી એ કુમારના ભવન તરફ ચાલી. બ્રહ્માણીની પાછળ ખેંચાતી સરસ્વતી જેવી વસંતવિલાસિની, હર્ષોદ્ગમથી વસંતની અને શંકાથી પાનખરની શોભા ધારી રહી હતી. માનસમયૂરને પાદદ્વય સાથે નચાવતી, ઝાંઝરના ઝંકારથી પ્રિયતમની ચિંતાને અપસરાવતી તથા ઉછળતા વક્ષઃસ્થળમાં સુધાના ચષક સાચવતી, સાક્ષાત્ નારાયણની મોહિની જેવી વસંતવિલાસિની, અલ્પ સમયમાં માધવસિંહના વાસગૃહમાં માતા અને ફુલી સાથે દાખલ થઈ. પણ ત્યાં તો તેની આંખોએ કહ્યું ન કર્યું. રાહુના ગ્રાહમાં ખંડિત શશિને રઝળતો મુકી જીવ લેઇને નાસી જનાર તારકસૈન્ય જેવું ભૃત્યજનનું ટોળું દરદીને દવા આપવાને બદલે અગાશીમાં હવા ખાવા બેઠું હતું. જન્મકાળથી સાથે રહેલી અને વધેલી શક્તિ, કાન્તિ અને સ્ફૂર્તિએ પણ તેનો ત્યાગ કરવા માંડ્યો હતો. નિરંતર દેહમાં નિરંકુશ ફરતું શોણિત પણ પ્રસ્વેદનું રૂપ લઈ બહાર નીકળવા લાગ્યું હતું. આમ નયનાનન્દ છતાં નિરાનન્દ, સાધાર છતાં નિરાધાર, અને શ્રેષ્ઠ છતાં નિશ્ચેષ્ટ બનેલા માધવને જોઇ વસંતવિલાસિની તો હબકજ મારી ગઈ. દયાળુ અને શાણી મહારાણીને પણ દુઃખ દારૂણ જણાયું. માધવને શરીરે હાથ ફેરવતાં તથા તેને નિહાળીને જોતાં, ન જણાયો જ્વર કે ન જણાયાં શીત, ન જણાયો ઊર્ધ્વરસ કે ન જણાયો ત્રિદોષ—કંઈ રોગ પરખાયો નહી; તેથી જુદી જુદી જાતનાં ઔષધો તૈયાર કરવા અને કરાવવા, પુત્રીને અને ફુલીને ત્યાંને ત્યાં રહેવા દેઈ મહારાણી

અવર ખંડમાં ગઈ. રોગનું કારણ અને તેની ઔષધિ ત્યાં ને ત્યાં રહેવા દઈ મહારાણી મિથ્યા શ્રમ કરવા જાયછે એમ જાણ્યા છતાં કુલીએ તેને જવા દીધી અને તેની સાથે મુગ્ધા વસંતવિલાસિનીની લાજને પણ વિદાય કરી. તેથી "હવે ક્યાં સુધી શરમ રાખવી?" એવો વિચાર કરી હિમ્મત ધરી વસંત માધવ પાસે ગઈ અને સમય વર્તનારી પ્રિય સખિ કુલીની સાનથી તેનું માથું પોતાના અંકમાં લેઈ તેને શરીરે હાથ ફેરવવા લાગી. ટગર ટગર જોઈ રહેતા માધવના સામે દીન વદનથી જોઈ, નિઃશ્વાસ નાંખતી, વસંત તો જરા તેનો હાથ દાબે, જરા તેનો હોઠ હલાવે, જરા તેનો ગાલ ચલાવે. આમ મૂક ભાષણ ઘણીવાર ચાલ્યું. બીજી તરફથી રાજમાતા "લાવો મલીયાગર ચંદન, લાવો કમલપત્ર, લાવો પુષ્પપરાગ, લાવો સાતપડી વસંતિકા, લાવો ગુલાબજળ, લાવો તમાલવિંજન" એમ અનેક પ્રકારની આજ્ઞા કરતી કરતી, સુંઠ, મરી આદિ હાથે ઘસતી ઘસતી, ગંઠોડાના ઉકાળા કરાવતી કરાવતી, અનેક ઔષધો કુલીને હાથેજ તે પુત્ર જેવા કુમાર પાસે મોકલવા લાગી હતી. કંઈ ઉપચારથી, કંઈ ચર્યાથી, કંઈ લેપથી, અને કુલીના વિચાર પ્રમાણે સોએ સો ટકા વસંતબાના સ્પર્શથી કુમારના દેહમાં ઉષ્ણતા આવવા માંડી–તેનું લોહી ફરવા લાગ્યું. તેથી માધવ તો રાજકન્યાના અંકમાં ગળુ લટકતું રાખી દીન દૃષ્ટિથી તેના સામે જોઈ રહી, પાસે કંઈ પણ ન હોવાથી, હૃદય પણ ચોરાઈ ગયાથી, સ્નેહથી ઉત્પન્ન કરેલાં અને તેથી પ્રવાહી અશ્રુરૂપી મોતીની પુષ્પાંજલિ કપાલમાર્ગે તેના સામે મુકવા લાગ્યો. વસંતથી આ ભાર ન જીરવાયો. ભવિષ્યપતિનાં આંસુ તેણે લોહ્યાં. તેને છાનો રાખવા "ધીરજ રાખો. હરિ કાલે સારુ કરશે." એવાં એવાં વાક્ય તે બોલવા લાગી–પણ રડતે રડતે. અંતે રૂદનમાં દુઃખને ગાળી નાખી બન્ને જણ છાનાં રહ્યાં અને ડુસકાં ભરવા લાગ્યાં. આ કલ્પાન્તમાં, આ રૂદનમાં, આ નિઃશ્વાસમાં, આ પરાધિનતામાં અને આ અવસ્થામાં આ બન્નેમાંથી કોઈને દુઃખ નહોતું. અન્યોન્યના પ્રેમની સાક્ષી નયનોએ ક્યારનીએ પુરી હતી; સમાગમ પણ નિરંકુશ હતો, એટલે દુઃખ માત્ર દુઃખનું વમન કરવાનુંજ હતું– અથવા જો તે ખરેખરું દુઃખજ હતું તોપણ તે હૃદયંગમ અને અપેક્ષિત હતું. આ સમય પરસ્પર વિનોદ, પરસ્પર પ્રશ્નોત્તર અને પરસ્પર આહ્લો-પચારનો નહોતો. આ વેળા તો કંઈ અપૂર્વજ હતી. અને આ અપૂર્વ વેળામાં સન્મુખ ઠરેલા ચંદ્રને જોઇ પુષ્કળ ઉછાળા મારતા વક્ષઃસ્થળ-

રૂપી સમુદ્રના મધ્ય ભાગમાંથી આયુ:વર્દ્ધિની, આરોગ્યદાયિની, યોગવાહિની અને બલસંપાદિની પ્રણયપત્રિકા આ રાધાએ માધવને આપી. જાણે પોતાનું કાળજુ કાહાડી આપતી હોય કે તેનું ચોરી લીધેલું હૃદય પાછું આપતી હોય, વા અમૃતકુંડમાં ભીંજાવી પ્રેમાભિજ્ઞાન દેતી હોય એમ ચેષ્ટા કરતી શોભનાએ–બાલિકાએ–કન્યાએ–માતાપિતાની સંમતિ વિના, ગુરુની આશિષ વિના, સહીઓની સલાહવિના, અગ્નિચંદ્રની સાક્ષી વિના કેવળ મનસિજની માયાથી, પત્ર સાથે પોતાનાં તન, મન, ધન, આદિ સર્વસ્વ આ કુમારને આપ્યાં–આપ્યાંજ. અશેષ ગુણાકર જગત્‌ના અલંકારરૂપ આ પુરુષરત્નના ઉતરી જતા પાણીને અટકાવી તેને સત્વર સતેજ કરવા તેણીએ તેનો પ્રસ્વેદ લોહ્યો અને પછી તેના હાથમાં પોતાનો કર મુંકી નયનના ઇસારામાંજ વાત કરી કે "સર્વસ્વ તો ક્યારનાયે લેઈ ગયાછો. 'હાથ રહ્યો'તો તે લ્યો." માધવે તે હાથ લીધો, સ્વીકાર્યો, દબાવ્યો અને માથે ચ'ડાવ્યો. આંખમાં આંસુ ભરી ફરકતે ઓઠે વસંત હસી; કંઠમાં નિ:શ્વાસ ભરી ધડકતે હૃદયે માધવ હીસ્યો. યંત્રમાં કુંચી બરોબર ફરવાથી–અકસીર ઔષધના પ્રયોગથી, માધવની સર્વશક્તિઓની મૂર્છા વળી, તે સતેજ થયો. એટલામાં પોતાના ઉપચારની અસરનું નિરીક્ષણ કરવા આવતી મહારાણીના પગનો ઘસારો સંભળાયો. પર્યંક ઉપર બેઠેલી મુગ્ધા ઇસ પાસે ઉભી રહી, તેના અંક ઉપર ગોઠવાયલું માધવનું મસ્તક ઉસીકા ઉપર પડ્યું. ઉત્કંઠા દેખાડતી વસંત હડપચી ઉપર કરાંગુલી મુંકી દરદી સામે જોવા લાગી. હૃદય ઉપર હાથ મુંકી માધવ સન્મુખ આવતી મહારાણી તરફ જોવા લાગ્યો. મહારાણીએ પોતાના ઔષધથી તેને સુસ્થ થતો જોઈ પ્રસન્નતા દર્શાવી અને કહ્યું "કુમાર! કાલે તમને આજ ઉપચારથી મટી જશે. વળી તમારા કાકાને બોલાવવા મોકલ્યે બહુ દહાડા થયા; તે એયે હવે એક બે દીમાં આવ્યા જોયે; તેમના સમાગમથી, આ દવાથી અને શુદ્ધ હવાથી તમને ઘવા વળશે, માટે હવે નિરાંતે આરામ લ્યો. અમે હવે જઈએ છીએ." "જઇએ છીએ" એટલું સાંભળી વસંતના પેટમાં ફાળ પડી. માધવ જડ બની ગયો. ન બેમાંથી કોઈ બોલે કે ન ચાલે. કાષ્ઠની પ્રતિમાવત્ બન્ને બની ગયાં. ન વસંતને રહ્યું ઉઠવાનું ભાન કે ન માધવને રહ્યું ઉત્તર દેવાનું જ્ઞાન. સારે ભાગ્યે આ કુમારના સેવકો નઠોર લાગવાથી કેસરીનેજ તેની સેવામાં રેહેવાનું ઠરાવીને મહારાણી તેને શું કરવું તે શીખવતી હતી તેથી તેણે આ બે પ્રેમની

પાશમાં બદ્ધ થએલાં પંખીની અવસ્થા ન દીઠી. પણ કુલી સર્વે સમજી ગઈ–ચેતી ગઈ. સમયને અનુસરી તે છાનેછાને બોલી, "અલિ વર-ઘેલી! અત્યારથીજ અમને રઝળતાં મુકીશ કે?" ઝટ સાવધ થઈ માધવના સામી તિર્યગ્દૃષ્ટિ કરી વસંત ધીમે રહી બોલી, "જા જા! એવું બોલ મા, નહીતો આ કુમાર અવિવેકી ધારશે." લજ્જાળી પ્રિયાનાં આવાં અર્થયુક્ત વચન સાંભળીને, ઉત્તરનો પણ અવસર જાણીને, આ ધીર પુરુષ બોલ્યો, "ભવોભવના દાસને નીભાવતાં–જીવાડતાંયે શો અવિવેક?" સાકરથી ગળી, અમૃતથી મીઠી, કોકિલથી મધુર, જીવિતથી પ્રિય, મંત્રથી ગુપ્ત અને વેદથી પુનિત આ શબ્દધારા વસંતના કાનમાં સરી, ત્યાંથી રોમે રોમે પ્રસરી. તેથી પુનઃસમાગમનુ આમંત્રણ કરતી હોય એમ, માતાની આજ્ઞાથી ચાલતાં ચાલતાંએ વસંતે માધવના પાર્શ્વમાં હાથનો અંગુઠો ખોશ્યો–હાથની કુણીથીજ તેને દાબીને માધવે હા ભણી. પણ આટલું કરતાંયે એમાંથી કોઈને જુદાં પડવું ગમ્યું નહી. તેથી "હવે તમે જરા નિરાંતવાળી સુઈ જાઓ," એવા માતાજીના પ્રેમના શબ્દો પણ બન્નેના કાનમાં કટુકષાય થઈ પડ્યા–પણ ના ઈલાજ; તેથી માતાની પાછળ વસંતવિલાસિની ખેંચાઈ. માધવ તેને રાખી શક્યો નહી. મંથરગામિનીના ગમન તરફ નિશ્ચલ દૃષ્ટિ રાખી, તે દૃષ્ટિપર થઈ–તોપણ તેને દૃષ્ટિગોચર લ્હેતો લ્હેતો કેટલીએક વાર તે તો એમનો એમ પડીજ રહ્યો.

આણી તરફથી માતાની પુઠ હતી અને સખીની શરમ નહતી તથા પ્રીતિ નિઃસીમ હતી એટલે ક્ષણે ક્ષણે હરિણવત્ દૃષ્ટિઓ ફેંકતી આ હરિણી, સખી સાથે પોતાના ભવનમાં ગઈ અને પોતાની તથા સખીની નિદ્રા ઘણા દિવસના પ્રજાગરમાં રહેલા પોતાના પ્રિયતમને ત્યાંજ મોકલી દેવા લાગી. પછી એક સુંદર મશરૂની તળાઈમાં પોતાની પ્રિય સખીને ગળે હાથ નાખી, તેના સામે વદન રાખી, તેના પગ ઉપર પગ નાખી વસંતવિલાસિની આખી રાત પુનઃસમાગમસમયની વાતો કરી વિયોગને પણ સંયોગ બનાવી દેવા લાગી.

કુલી કંઈ અદૃશ્ય વેદના ભોગવતી હતી; તેને કંઈ વિકારે વિકૃત કરેલી હતી; યંત્રવત્ તે માત્ર કળથીજ ક્રિયા કરતી હતી; તોપણ આ શાણી ગંભીર સ્ત્રીએ પોતાનું દુઃખ દબાવ્યું. પોતાના અન્નદાતાની કન્યાને સુખ કરવાને તેણે પોતાના મનમાં થતા મહા અદ્ભૂત ક્લેશને ગુંગળાવ્યો-શમાવ્યો-દબાવ્યો. આજનો બનાવ જોઈ તેને કંઈ પૂર્વ સંસ્કાર

સાંભરી આવ્યો તેથી તેનો શોક નિરવધિ વધ્યો—પણ બાહેર ન દેખાયો. પરશુરામ પાસે વિદ્યા ભણવા જતાં એક ભ્રમર કરડ્યો અને તેથી રક્તજમાવ થયો છતાં ગુરૂની નિદ્રા અભગ્ન રાખવા કષ્ટ વેઠનાર કર્ણનું ધૈર્ય વખાણતાં અને આટલાં વર્ષ સુધી તેની કીર્તિ અમર રાખતાં મહા કવિ શ્રી વ્યાસાચાર્ય નહોતા જાણતા કે આ "बहुरत्ना वसुंधरा"માં તો મહારાજા કેસરીસિંહની રાજપુત્રીની બનેલી દાસી આ કુલી કલિ-યુગમાં અવતરી પોતીકા ધૈર્યથી ત્રણે યુગને ઈર્ષ્યાનો કલિ કરાવશે. રૂવે રૂવે લક્ષ ઠાકરીયા વિંછીના ડંખથી, અંગે અંગે પ્રલયાગ્નિની જ્વાલાથી, અંતરહૃદયે વિરહ રૂપી કૃષ્ણ સર્પના ચટકાથી અને રતિવાર્ત્તાઓ રૂપી કર્ણમાં અને મસ્તિષ્કમાં તરવરતી જળોના રક્તપાનથી આ સતી નિરંતર પીડાતી હતી, રડવડતી હતી, ઝુરાતી હતી. આમ બેજાર બેજાર થઈ ગયા છતાંયે આ અબળા પોતાના અન્નદાતાની પુત્રીને આનંદ આપવા મનનુ મનમાંજ રાખે, અને પ્રસન્નવદનથી પ્રણયરસને પુષ્ટિ આપે ત્યારે તેના આગળ શ્રીરામચંદ્ર વિના રડવડતી પૃથ્વિની પુત્રી સીતાનાં ધી અને ધૈર્યની ન્યૂનતા સ્પષ્ટ થાયછે. સર્વથા, રૂપ અને ગુણની અધિષ્ઠાત્રી દેવીઓએ ઉત્સાહથી બનાવેલી આ લોકોત્તર સ્ત્રીનું હૃદય પોતા પ્રતિ વજ્રથી કઠોર હતું, પરપ્રતિ કુસુમથી કોમળ હતું. તેથી પોતાનો પટ બેસાડી પ્રેમાળ બનાવેલી વસંત સાથે તેણે પ્રણય-વાત કરતાં પોતાનુ દુઃખ વિસાર્યું અને ન વિસર્યું તો ગુંગળાવ્યું—ન ગુંગળ્યું તો છુપાવ્યું.

વસંત બોલી, "પ્રિય સખિ! આજે તો મેં સ્વર્ગનુ સુખ ભોગવ્યું. પણ એને ક્યારે મટશે?" કુલી—"એને ત્હારુંજ દુઃખ હતું—તે તું તો મળી એટલે હવે એક બે દિવસમાં મટશે પણ—" "પણ" શબ્દમાં શંકાસ્થાન જોઈ બ્હાવરી બની વસંત બોલી, "પણ તું "પણ-પણ" કેમ કેહેછે? એનુ કુળ સારું ન હોય તેની વાત કેહેછે? ખરું ની? હેં! એજ વાત? હા, એ તો એજ." મહા શોકથી કુલી કંઈ પોતાની વાત ઉઘાડી પાડી દેવાની હત તોપણ આ સૂચન તેને યથા-કાળ મળ્યું તેથી સત્યભાષિણી સતીએ હાયે ન કહી ને નાયે ન કહી. વસંત તો એમની એમ બોલવા લાગી, "પણ મ્હારી વિશ્વાસુ કુલી! હવે શું? હવે તો એનું ગમે તે કુળ હોય, એ ગમે તે હોય પણ હું તો કાયા, મન ને વાણીથી ત્હારી સમક્ષજ એની થઈ ચુકી છું. હવે તો માતા કે પિતા આડાં આવશે તો આ જન્મમાંથીજ એને મળતા

સુધી વૈરાગ્ય પાળી એનીજ માળા ફેરવીશ. હવે બીજું શું? સખિ! જ્યારથી એ મહાનુભાવ સજ્જનનુ માથું આ ખોળામાં મુંક્યુંછે, જ્યારથી આ હાથ એની કમળપત્ર જેવી હાથેલીમાં મુંક્યોછે ત્યારથીજ હુ તો સાત વાર એની થઈ રહી છું. માટે હવે "પણ"ની શી વાત?" કુલીઃ—"કુળની અપેક્ષા વિના ત્હારી એના ઉપર પ્રીતિ છે તે સર્વથા સ્તુતિપાત્ર છે. બાકી પ્રભુ કરશે તો ત્હારા કરતાંયે એનુ કુળ ઉજ્જવલ નીકળશે." વસંતઃ—"હેં, હેં, મ્હારા કરતાંયે ઉજળું? વાહ! ધોળો શંખ ને દૂધે ભર્યો. પણ સખિ! તું શાથી જાણે?" કુલી વિચારીને બોલી, "ભર્તૃદારિકે! અંધકારમાંયે સૂર્યની પ્રસૂતિ ક્યારે છાની રહી? ગ્રહાએલોયે ચંદ્ર ક્યાં નથી ઓળખાતો? વિભૂતિથીયે કોનું ભાગ્ય છુપાયું? અવસ્થાન્તરમાં પરાધિન પડેલા આ કુમાર કસોટીયે ચઢશે ત્યારે કુંદન નિવડ્યા વિના કેમ રેહેશે? વિપત્તિવાદળના ગમે તેટલા કડાકા થશે તોપણ સિંહ કેમ સંતાશે? અલિ વ્હેમીલી! આટલામાંજ એની કૃતજ્ઞતા, એની બુદ્ધિ, એનુ બળ, એનુ લાવણ્ય, એનો વિવેક અને એની પ્રીતિ કેમ વિસરી ગઈ? શું ઉદ્ધત ચપલાને આકર્ષી લેનાર અને ધારી રાખનાર આષાઢના મેઘ જેવો એ પાણીદાર નથી? શું વસંતમાંજ વિલાસ કરનારો એ કામદેવ નથી? ત્હારા અંકમાં સુતેલો શું એ શેષશાઈ જેવો ન દેખાયો? ન જોઈ એના બોલમાં કૃષ્ણની ચાતુરી? ન જોઈ એનાં નયનમાં રામની પ્રીતિ? ન જોઈ એનાં ભવાં ઉપર દુર્યોધનની નીતિ? ન જોઈ એના શ્વાસોચ્છ્વાસમાં ધર્મની ધર્મજ્ઞતા? અધર્મી શત્રુઓને બાળવા પ્રકટ થયેલા તેના હૃદયાગ્નિથી કૃષ્ણ બનેલી તેની આંખ્યોનાં ધુમાડીયાં રૂપી ભ્રમરમાં ન જોયું તેં એનુ કુળ? બ્હેન, ચતુર છતાંયે હજી તું સરલ છે; બાકી અનેક સામંતચક્રમધ્યવર્ત્તી મહા નૃપતિઓનાં મંડળને નામથી, આંખ્યથી, ગુણથી, વચનથી કે શરથી વશ કરવામાં નિપુણ આ રાજપુત્ર ત્હારા હૃદયમાં વિરાજી ત્હારીજ આ બે કાચની બારીયેથી દર્શન દેતો, તેં ન પરખ્યો ને મ્હેં દીઠો એમ કેમ બને? સખિ! નક્કી માનજે કે એ રાજકુમાર છે." વસંતઃ—"બ્હેંન, એ તો બધું જોયું ને જાણ્યું. પણ એ પોતાનુ કુળ કેમ પ્રકટ નથી કરતો? સારુ હોય તો ઉઘાડુ પાડવામાં શી હરકત? એટલોજ વ્હેમ પડેછે." કુલીઃ—"વ્હેંમે નથી ને બ્હેંમે નથી; પુત્રનાં લક્ષણ પારણામાંથીજ જણાય. એ રાજપુત્ર છે એમાં સંદેહ નથી." વસંતઃ—"એમ?" કુલીઃ—"હા." વસંતઃ—"ત્યારે અત્યારે

એને કેમ હશે? આપણ બે જોઈ આવીશું?" કુલીએ મ્હોં મરડ્યું. વસંતે સમજ્યા વિના અત્યારે રાત્રે કુમારના ગૃહમાં જવાની હઠ માંડી. કુલી બોલી, "બ્હેન! આ શું બોલો છો? માતાપિતાની આજ્ઞા વિના અત્યારે એકાન્તમાં હજુ તો પરપુરુષ છે તેની પાસે જવાય?" વસંતઃ–"પરપુરુષ તો શાનો? બાકી આજ્ઞાની વાત કરે તેની તો ના નહી. પણ મ્હારો જીવ નથી રહેતો. મ્હારાથી ન જવાય તો તું જા." કુલીઃ–"કુલસ્ત્રી વિરુદ્ધ કર્મ મ્હારાથી કેમ થાય? કેમ મ્હારાથી પરપુરુષ સાથે બોલાય?" વસંતઃ–"પણ અત્યારે કોણુ દેખનારછે?" કુલીઃ–"અરરર! આ શું બોલી, બ્હેન? દેખવા માટે નથી જવું એમ તું સમજી? વ્યવહાર દેખવાનોજ તને લાગેછે? નારાયણ! નારાયણ! આવો વિચાર તને કામે કરાવ્યો? સખિ! કામને આધિન થઈ તું મર્યાદા વિસરી ગઈ. ખરેખર! કામ એવોજ છે. કામ દેખતાને આંધળોજ બનાવી મુકે છે એ વાત આજે ત્હારા જેવી નિર્મળી કન્યામાં પણ સિદ્ધ થઈ. ખરે! કામ કેવો અનર્થ કરાવેછે? કામ માતાપિતાની આયના મુંકાવેછે. કામ પુત્રપરથી પ્રીતિ તજાવેછે. કામ ધર્મને ગણુતો નથી. કામ કુટિલતા અંગીકારે છે. કામે કેટલાકને ખરાબ કર્યાં? કામે કેટલાકને દાસત્વ કરાવ્યાં? નિઃસંશય આ જગત્માં દુઃખમાત્ર કામથીજ ઉત્પન્ન થાયછે. અથવા અધર્મ તો કામનોજ પુત્ર જણાયછે. સદ્ગુણનીજ પ્રસૂતિ હોય એવી આ રાજકિશોરી કાલે તો હરિણુબાળની પેઠે કુદતી હતી અને આજે આમ તર્ક, નીતિ, ગુહ્યાખ્યાન અને કપટ કરવા શીખી ગઈ એ ઓછી વાત? ને હજુ તો કામનુ મૂળ હવણેજ રોપાયું છે. કામ મનુષ્યમાત્રના વિવેક રૂપી ફળને ચલિત કરનાર પારદ છે; બુદ્ધિનો ક્ષયરોગ છે; માત્ર અહંકારનો ઉત્તેજક છે. કામનુજ મૂળ લેઈ આ જગત્ની અસત્યના જળથી ભરેલી દુઃખસરિતા અનંતસિંધુમાં વહ્યાં જાયછે. સર્વથા કામના બીજથીજ વિકારમાત્રની ઉત્પત્તિ, સ્થિતિ અને વૃદ્ધિ છે. કહ્યું છે કે,

"कामात् क्रोधोभिजायते ॥

क्रोधाद्भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।

स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥"

"પણ બ્હેન વસંત! પરપુરુષ સાથે પ્રસંગ ન પાડવાની સરતેજ હુ તો તમારે ઘેર રહીછું." વસંતઃ–"કુલીબા! હું ભુલી! મ્હારી ભુલ થઈ. હવેથી નહી કહું. શું કરવા રીસાછ? ગાંડી–ઘેલી તોયે ત્હારી

તો બ્હેન કની? માટે બોલાયું તે ન બોલાયું થશે? એ કુમાર ઉપર હેતથી ધર્મવિરુદ્ધ કહી જવાયું તો ક્ષમા કર." કુલીઃ—"કંઈ નહી બ્હેન! પણ તું આવા વિચાર કરે ત્યારે ખોટું ની? લાવ! હવે બીજી વાતો કરીયે. એ કુમાર તો ત્હારો પત્ર છાતીએ ચાંપતો જશે, આંખે વાંચતો જશે ને હૈયે હરખાતો જશે. શીદ વ્હેમાછ? સવારે સારી ખબર આવશે." આમ વાતોમાં ને વાતોમાં બન્નેએ રાત્રી પડીએ નથી ને વ્હાણું વાયુંએ નથી એમ કાળનો ક્ષેપ કરી દીધો.

પ્રકરણ ૨૧ મું.

અપહરણ.

પ્રમદાઓનાં ચક્ષુ, રાજનગરનાં દ્વાર, પશુપક્ષીના ઓઠ, શાહની દુકાનો, અને શૂરાઓનાં શસ્ત્ર ઉઘાડનાર ઉષા જળમાં કમળને, સ્થળમાં ગુલાબને અને વાદળમાં સૂર્યને પ્રફુલ્લ કરી પવનને ઘોડે આવી હતી તેમ ચાલી ગઈ. તદપિ પ્રાણેશ્વરના ગૃહનુ દ્વાર અત્યારસુધી ઉઘડેલું ન જોઈ, ખભા ઉપર રમતી વાળની લટોથી સર્પયુત શંકરીનો ભ્રમ કરનારી, પ્રજાગર કે ચિંતાથી ધૂસરવદની વસંતવિલાસિનીએ પુનઃ પ્રિયસખી આગળ પોતાનું હૃદય તો ઉઘાડ્યું. તે બોલી, "પ્રિય સખિ! જોને! મુજ જેવી રાંકને બાળવાને આવેલા પેલા ચંદ્રનું તેજ હરી લેઈ, ભગવાન્ સૂર્યનારાયણ સમુદ્રમાં પતન થવાથી શ્રમિત છતાંયે, આટલા ઉચ્ચા ચ'ડ્યા તોયે હજી ન આવી કેસર કે ન મળી કંઈ ખબર? ખરે! અત્યારે એ મ્હારા સુખના સૂર્ય શું કરતા હશે? તેમને કેમ હશે?" લગ્ન પેહેલાં વર અને વહુ અન્યોન્યને ઉદ્દેશી અનેક પ્રકારની વાતો કરેછે તેથી પ્રીતિ અતિ ગાઢી થાયછે એ વાત કુલીના અનુભવની બાહેર નહોતી. તેથી તેણે આ કુમારની વાતમાં વસંતબાને નિરંકુશ વર્તવા દીધી એટલુંજ નહી પણ તેમ કરવા તેને ઉત્તેજી. આમ કરવામાં તેને પોતાને કંઈ વિકટ દુઃખ થયું હોય તોપણ પારકા સુખ આગળ પોતાનું દુઃખ તો આ સ્ત્રીને કંઈ લેખામાંજ નહોતું. ના'ના મોટી પડદા તોડવો અનુચિત કર્મ છે તે જાણીને પણ વસંતબાને નીતિ કે ધર્મ-ભંગ વિના સુખ થતું હોય તો તે કરવાને તે તેના જેવડીજ બનતી હતી. તેથી વસંતના

ઉપરના પ્રશ્નના ઉત્તરમાં અક્ષરે અક્ષરે તેની રગેરગે આનંદ અને ઉત્સાહ ભરતી કુલી બોલી, "બ્હેન? ત્હારા કટાક્ષથી ઘાયલ થયેલો એ રાજકુમાર નિર્ભર નિદ્રામાં સુતો હશે. ત્હારી પત્રિકાની સોડ ઘાલી તે નિરાંતે હુંફ વાળતો હશે. ત્હારા પાણિગ્રહથી કૃતકૃત્ય થયેલો એ યુવાન નિદ્રામાંયે સર્વ વેદનાને વામતો હશે. ત્હારા સ્પર્શથી સજક થએલો એ ધન્યજન્મ શ્વાસમાં પુષ્ટિ તથા બળ ખેંચતો હશે-ઉચ્છ્વાસમાં ચિંતા તથા શ્લથતા કહાડતો હશે. શું પુછેછે? ત્હારામાં અભિનિવેશની કદર્થના સદર્થે વપરાતી હશે. માટે હવે લઘુ દેહમાં સમાયલા એ મહાત્મામાં તન્મય થઈ ગયેલી ત્હારા જેવી વરઘેલીને 'વાતજ પડી મુક' એમ કેહેવું તો નિરર્થક છે; પણ 'એવી ચિંતા કરીશ માં' એમ તો અમારે કેહેવું પડશે." વસંતઃ—"તે તેની કોણ ના કહેછે, પણ—પણ પેલી કેસરી રાંડ કર્કશા છે. એતો ત્હારીયે નથી ને મ્હારીયે નથી. એનો વિશ્વાસ શો?" જરા અધીરતા દેખાડી કુલીઃ—"તો એ શું કરશે?" વસંતઃ—"શું કરશે તે એકલા પડેલાને લોભાવશે; એને પરણવાનુ મન ન થાય કે?" હસીને મૃદુ ઠપકો દેતી હોય એમ કુલી બોલી, "સખિ! એ શું બોલી? સિંહે ક્યારે ખડ ખાધું? વળી પોતાનું સર્વસ્વ આપી ત્હારા જેવું રત્ન ખરીદ્યા પછી હવે એને સ્મશાનઘટનોજ લોભ રહ્યો કે? ત્હારા સ્વાર્થને માટે તું કેવા અકારણ કુતર્ક કરેછે?" વસંતઃ—"પણ ખરેખરું કહી દેઉં? જો, ખોટું ન લગાડીશ, હોં. તું તો સુગુણની ભણી થઇશ એમ જાણી મેં મ્હારા મનની વાત એને કહી હતી ત્યારથી એની ચંચળતા વધીછે, ત્યારથી એ મ્હારા આગળ કુમારનુ હલકું પાડેછે. પોતે કનકપુરની—તે ત્યાંના રાજાને વખાણેછે. અને વળી લે, ખરું પુછાવે તો મ્હેં જાતે એક બે વાર એને એ કુમાર સાથે વાત કરતાં જાતે જોઈછે. તેથી બા! વ્હેમ આવેછે." કંઈ વિચારમાં પડી જઈ, કંઈ હાસ્ય કરી કુલી બોલી, "આ સર્વે વાત ખરી હોય તોયે કુમાર માધવસિંહ ધર્મ ચૂકે તે પેહેલાં સૂર્ય પશ્ચિમમાં ઉગવો જોઈયે, પૃથ્વી રસાતલ જવી જોઈયે અને આભ ફાટી પડવું જોઈયે. સખિ! સો વાદળ આવે, સો ગ્રહણ થાય અને સો રાત્રીઓ પડે પણ સૂર્યકિરણમાં અંધારું તો નજ હોય. માટે આ તો કેસરી વિવેકી છે પણ નઠારી હોય ને કંઈ જાળ પાથરે તોયે એ ત્હારો તે એનો થવાનો નથી." વસંતઃ—"બહુ સારું બા! મ્હારે બીજું જોઈયે છીયે શું? પણ કેસરી વાગા સજનાર એ કેસરીયાજી જેવા સુજ્ઞ

પુરુષની આંખમાં તો જાદુ છે. તેથી કેસરી–" એટલામાં કેસરી હસતી હસતી અંદર આવી અને વગર પુછચે ઘરદખાવીને બોલવા લાગી:– "વસંતબા! તમે તો હવે આ કુલીની સંગે છેક માઝા મુકી દીધી. હવે મ્હારે માતાજીને કહી દેવું પડશે." વસંતવિલાસિની ગભરાઈ, બ્હાવરી બની ગઈ. પણ કુલીને કંઈ સંકોચ ન આવ્યો. કેસરીનુ અંતઃકરણ તેના આગળ કાચની પેટીમાં રહેલા રમકડા જેવું થઈ ગયું તેથી તે બોલી, "કેસરી! જેનું લૂણ અત્યાર સુધી ખાધું તે હરામ કરવાનો વિચારજ તને કેમ થયો? ભર્ત્તૃદારિકાને આમ ધમધમાવાય? આમ દબાવાય?" કેસરી:–"જાણ્યું જાણ્યું ત્હારું ડા'પણ? લૂણહરામ તું કે હું? પેલા માગી ખાનાર છોકરાની ચોવટો કરોછો તે કહેવા ઘો તમારી વાત." છાતીએ હાથ મુંકી વસંત તો નિશ્ચેષ્ટ બની ગઈ. જાણે અત્યાર સુધી વર્દ્ધિત કરેલી પોતાની એકની એક જીવનદોરી જેવી લાલસા તુટી જતી હોય એમ તે પ્હોળુ મ્હોં કરી ઓશીયાળી બની રહી. પણ શાણી સતી કુલીને કંઈ ભય નહોતું. તેને રાજ્યમાતાથી એકપણ ક્રિયા અજાણી નહોતી એટલે તે બોલી–અને જરા રીસથી:–"અલિ! નકટી! જા, કહે રાજ્યમાતાને–કહે ત્હારે ફાવે તેને." ઘણીજ કરડી દૃષ્ટિ નાખી "આ હીંડી" કહી કેસરીએ ચાલવા માંડ્યું. ઘણીજ દીનદૃષ્ટિ કરી "ઉભી રહે" કહી વસંતે તેનો હાથ ઝાલ્યો, તેને કાલાવાલા કર્યા–તેની સાન્ત્વના કરી–કુલીથી આઘે લેઈ જઈ તેને શરમાવી, અને તેને એક મોતીનો છડો આપ્યો. કુલીએ ના ન કહેવાયું. દુશ્મનનુ પણ ભલુ થતું હોય તેમાં તેનાથી અટકાવ થયો નહી; તેથી છડો લેઈ કુલી ઉપર મ્હોં મરડી કેસરી વસંતને રાત્રીની ખબર કહેવા લાગી, "વસંતબા! મ્હારાથી તો તમે એ કુમારને છાનો કાગળ આપ્યો–પણ એને મ્હારાથી કંઈ છાનું નહોતું. એને તો તમે ને હું બે બરાબર! જુઓ આ કાગળ. હોય તમારો લખેલો?" કાગળ હાથમાં લેઈ, જોઈ, વસંત મૂર્છાને સ્વાધીન થઈ–બેઠી હતી ત્યાંથી ચતીપાટ પડી ગઈ. કેસરી ડરી ગઈ–નાશી ગઈ. પણ ગુણવતી કુલીને કંઈ શક પડ્યો નહી. નિદ્રામાં સુતેલા કુમારના અંગમાંથી આ શંખિનીએ ચોરી કરીછે એમ તેને ખાત્રી થઈ તેથી જળ છાંટી પ્રિય સખીને સચેત કરી એને કંઈ કંઈ પ્રકારે ખાત્રી કરી આપવા લાગી–પણ ખાત્રી કેમ થાય? તેથી ન ચાલ્યે તેણે એક અનુચરને બોલાવી ભર્ત્તૃદારિકાના નામથીજ કુમાર શ્રી માધવસિંહજીની ખબર પુછી મંગાવી. ખબર સારી આવી. સંદેશો

વિશ્વાસજનક આવ્યો. એક કલાકની સાઠ મિનીટમાં દરેક મિનીટે બાધાઓ રાખીને તે સર્વ પાળવાનો અધીરી વસંતે નિશ્ચય કર્યો. અને કંઈ બાધાને, કંઈ આશાને અને એવે એવે કંઈ ક્ષુદ્ર આલંબનને પણ વળગી પ્રિય સખી કાળક્ષેપ કરે એટલા માટેજ કુલીએ તેની હાએ હા ભણી.

વસંતબાના કોમળ હૃદયે પોતાની સર્વ યુક્તિયો નિષ્ફળ કરી એવા વિચારથી ગભરાતી કેસરી પોતાના પાપે ઘેરાઈ હોય એવી નિર્વિણ્ણ બની રહી. તેણે જાણ્યું કે નિર્દોષ માખીઓને પકડવા પાથરેલી જાળ કરોળીયાનેજ ફસાવશે. તેણે માન્યું કે વત્સલ રાજમાતા પુત્રીનું દારુણ દુઃખ જોઈ તેને ઇચ્છા પ્રમાણે વર્તવા દેશે, અને તેમ થતાંજ રાત્રીના બાર વાગ્યા પહેલાં તેનું સર્વ પોકળ ઉઘાડું પડી જશે. મહા કુટિલ અને પાપથી ગ્રસ્ત તથા લોભથી મસ્ત આ દાસીનું ધૈર્ય સ્ખલિત થયું—પણ જરા વાર. વસંતબા મૂર્છિત થઈછે તોપણ "ચોરની મા કોઠીમાં મ્હોં ઘાલીને રડશે" એ વાત અનુલક્ષીને સાપેણની પેઠે તે રાજમાતા પાસે ગઈ અને પોતાના દૂષિત મસ્તકમાંથી રચી કહાડેલો માધવસિંહનો સંદેશો વદી, "માતાજી! માધવસિંહે કહ્યુંછે કે આપના તથા રાજપુત્રીના ઓસડથી મને સમૂળ મટી ગયુંછે. માટે હવે આપ કાંઈ શ્રમ લેશો નહી. ઉપકાર કરવાને અસમર્થ બનેલા મારા જીવને આપના પધારવાથી ઓશિંગણ થાયછે." રાજમાતા પ્રસન્ન થઈ, હવે ત્યાં ન જવાને કૃતનિશ્ચય થઈ અને ફરી ચર્ચા કરવાની રીતિ શીખવી કેસરીનેજ એ કુમાર પાસે મોકલી સંતુષ્ટ થઈ. પણ કેસરી કંઈ એ કુમારના ભવન તરફ ગઈ નહી. એ તો રાજમહાલયની બહાર બજારમાં, પરામાં, પાદરમાં અને શીમમાં થઈ વાંકોચૂકો આડોઅવળો રસ્તો વટાવી સુમારે બે ત્રણ ગાઉ ઉપર એક ટેકરી ઉપર બેશી તાળી પાડી ગોવાળીયેણની પેઠે મ્હોટે સાદે ગાવા લાગી. મંત્રથી સર્પવત્ અથવા સાધનથી ભૂતવત્ અચિંત્યો, ચાર બલવાન ઘોડેસ્વારો વચ્ચે, જવાનીમાંજ સત્ત્વ ગુમાવનાર ગમાર જેવો દેખાતો એક તરૂણ તેના સામે આવી ઉભો રહ્યો. સામા સામી હસીને, કંઈ ગુપ્ત વાતો કરીને, પ્રત્યેકને આલિંગન દેઈને, તાળીયો આપીને આ સંસારના ષડ્રિપુની છ પ્રતિમાઓએ ધર્મ તો જાણ્યોજ નહી.

આ અનાદિ અનંત સંસારમાં એવી એક પણ વસ્તુ નથી કે જે અમર છે. જે અમર કહેવાયછે તે અમર નથી પણ ચિરંજીવ છે. ક્ષણમાં મરી જનાર પતંગીયાની નજરે આપણે સર્વ મનુષ્યો અમરજ

છીએ—વિશેષ આયુઃ ભોગવનાર અન્ય સત્ત્વો આપણી દૃષ્ટિયે અમર છે. પણ વસ્તુગતે અમર કોઈ નથી. એવા મૃત્યુપ્રાય દેહમાં રહીને પણ ધર્મ ન શીખનાર, અરે, ધર્મ ન પાળનાર નિઃસંશય, મહા દુઃખ પામેછે. આમુષ્મિક અવસ્થાની વાત બાજુ ઉપર રાખી ઐહિક સ્થિતિ ઉપર વિચાર કરીશું તોપણ એટલું તો સિદ્ધજ થશે કે ધર્મમાં સ્વાર્થ અને પરાર્થની સિદ્ધિ છે, અને પરમાર્થની વાત તો જુદીજ છે. ધર્મ પાળવાથી મનને શાન્તિ રેહેછે, તનને સુખ રેહેછે. ધર્મ ઉદયના ઝળહળતા પ્રકાશમાં ચંદ્રમણિ છે—અસ્તના ઘોરાન્ધકારમાં મણિપ્રદીપ છે. ધર્મથી અધર્મને પણ દુઃખ નથી થતું બલ્કે તેથી એકંદર જનમંડળને સુખ થાયછે. ધર્મી મનુષ્ય વિશ્વાસને પાત્ર થાયછે. ધર્મમાં રહી કરેલા કૃત્યથી કાર્યસિદ્ધિ ન થાય તોપણ મનમાં સંતોષ રહેછે. અને અધર્મથી સર્વ કાર્ય થાયછે એવું પણ ક્યાં છે? અધર્મ્ય કૃત્ય કોઈ વેળા સફળ થયેલુ જણાય તોપણ પરિણામે તે વિપત્તિનુંજ બીજ બનેછે. હરામીનાં ઝાડને મુશીબતનાંજ ફળ આવેછે; પછી ભલે તે ઇન્દ્રવર્ણની પેઠે ફળદાતા દેખાય. વળી ફળદાતા તો પરમેશ્વર છે. મનુષ્યમાત્રનો અધિકાર તો સ્વધર્માચરણમાં છે. "**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**" એ પરમાત્મા શ્રીકૃષ્ણનો ઉપદેશ નિરંતર શ્રોતવ્ય, મંતવ્ય તથા નિદિધ્યાસિતવ્ય છે. સ્વધર્મ સ્વાધિન છે; સુફલ પરાધિન છે. સ્વાધિન વસ્તુઓનો ત્યાગ અને પરાધિન વસ્તુઓનો રાગ કરનાર અંગારની પેઠે પોતે બળેછે, અન્યને બાળેછે; ક્ષણવાર સતેજ દેખાયા પછી સર્વાંગે કાલિમા ધારણ કરેછે, સ્પર્શથીજ અન્યને ડાઘ લગાડેછે. એક કવિ કહેછે કેઃ

"**आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत्पशुभिर्नराणाम्।**
धर्मोहि तेशामधिको विशेषो धर्मेण हीनाः पशुभिःसमानाः॥"

વિકારથી બુદ્ધિહીન બનેલાં અને વેગથી અંધતમસમાં અથડાતાં આ નરાધમ પ્રાણીઓએ સુખ ખાટવાનેજ હોય તેમ અધર્મની યુક્તિયો પ્રયુક્તિયો કરી અને રાત્રેજ ધાપ મારવાનો ઠરાવ કર્યો. "ઠીક, ત્યારે અમે તો નહી ચૂકીયે." એટલું બોલી તથા આ સ્ત્રીને કંઈક સુવર્ણ આપી પેલા પાંચે જણ આડાઅવળા ચાલ્યા ગયા. અને કેસરી—નિમકહરામ કેસરી—દગાખોર કેસરી ધનલાભથી હરખાતી હરખાતી, પોતાના પ્રપંચજયથી ફુલાતી ફુલાતી અને કુલી ઉપર વૈરપાતથી હૃદયમાં નાચતી નાચતી, નાગેણ પેઠે રાજદ્વારમાં થઈ પેલા કુમારના ખંડમાં ગઈ અને મહા કામમાં રોકાઈ હોય એમ ચેષ્ટા કરવા લાગી.

પણ જન્મથીજ ચંચળ, ઇંગિદ જ્ઞાનમાં કુશળ અને ખણખોતરમાં નિપુણ, આપત્કાળથી શકની દૃષ્ટિથી જોનાર, આ શકરાબાજ જેવા ચાલાક કુમારથી આ દાસીની કૃત્રિમ ચલતા છાની રહી નહી. જીવિત-પ્રદાન કરનારી, ભાગ્યશાળી, સુશિલા અને ભોળી વસંતવિલાસિનીના ગયા પછી પણ જાણે તેનાજ પાસામાં પોઢ્યો હોય, જાણે તેનીજ બાહુ-જાળમાં લપટાયો હોય, જાણે તેનેજ હૃદય મધ્ય દબાવી રાખતો હોય એમ સોડ વાળી, અવર પ્રવૃત્તિથી દૂર થઈ તેનીજ આપેલી સુખામૃત-મય નિદ્રામાં સુતેલો, ઉંઘેલો, લીન થયેલો છતાંયે આ રાજકુમાર નિદ્રામાંનો એટલો તો સંસ્કાર ધારી રહ્યો હતો કે "એનું થશે તો હું રહી જઈશ," એટલું બોલી કોઈ સુંદર સ્ત્રીયે તેના વક્ષઃસ્થળ ઉપર હાથ મુંક્યો હતો. કેસરીની અત્યાર સુધીની અકારણ અસન્નિધિ, તેની ચોરીની દૃષ્ટિ, તેનુ ક્રિયામાં વૈચિત્ર્ય, તેની વાતમાં અસંબદ્ધતા, એકાગ્રતા દેખાડવાની તેની કોશિષ આદિથી ચકોર માધવનો સંસ્કાર સંસ્કૃત થયો, અને પ્રિયાને અભાવે તેના જેવી પ્રિય લાગતી પત્રિકાનુ અપહરણ કરનાર આ દાસીજ હશે એમ કંઈક ભાસ તેને થયો. પણ ગમે તેવી તોયે પ્રિયાની દાસી અને વાત ખાત્રીબંધ નહી તેથી ન્યાયી કુમારે તેના પ્રતિ પોતાનો અભાવ દેખાડ્યો નહી.

ધર્મ અને શૌર્યના તેજથી ઝઘઝઘતી આ કુમારની પ્રેમાળ અને સ્નિગ્ધ પણ પોતાને કુટિલ ને ભયંકર દેખાતી આંખ્યો સામુ ન જોઈ શકાયાથી કે ચોરી ચાસન થયાના ભયથી કે બોલતાં કંઈ વાત ઉઘાડી પડવાની શંકાથી કે રાત્રીની કૃતિની લજ્જાથી કેસરી સેવામાં રહી તે ન રહ્યા જેવીજ. દિવસ ચ'ઢ્યો, મધ્યાહ્ન નમ્યા, સાંજ પડુ પડુ થઈ રહી, રાત્રી પડી, છતાં એક વેળાયે તે આ કુમારની ખબર જોવા ન ગઈ. પણ રાજપુત્રીની માનીતી એટલે કોણ એને કહી શકે? તેથી આખા સંસારના કારસ્તાનની આ લઘુ પુતળી ઘડીમાં બાહેર જાય, ઘડીમાં અંદર આવે, ઘડીમાં અંતઃપુરમાં પેસી જાય, ઘડીમાં બજારે નીકળે, ઘડીમાં પગથીયાં ગણી જાય, ઘડીમાં વેઢા ગણી જાય. કોઈ તેનું અંતર કળી શક્યા નહી, તેમ કરવાની કોઈને સ્પૃહાયે નહોતી ને અવસરે નહોતો. પણ તે ચકળવકળ દેખાતી. રોજ કરતાં તેની ચેષ્ટા કંઈ જાુદીજ જાતની હતી. વદન મલકાવીને, છાતી દાબીને, નિઃશ્વાસ નાંખીને, આમતેમ જોઈને અને એવાં એવાં વિલક્ષણ વિકારનાં બાહ્યચિહ્નો કરીને, ભુવનની વાતાયન ઉપર ચ્હડીને તે પુંશ્ચલી વિચારમાં છેક ઉંડી

ઉતરી જવા લાગી અને સ્વસ્થ દેખાવા યત્ન કરતાં ચમકવા–ભડકવા લાગી. મંદમંદ પવનની લહરીથી પણ તે સજડ બની જતી. આમ કેટલોએક કાળ ગયો ત્યારે જાણે હવામાં–પથમાં–ક્ષિતિજમાં કંઈ દીઠું હોય એમ તે ચોંકી, અને ચોંકીને તુરતજ ઉઠી. રાજમહાલયના આ ભાગમાંથી કોઈ બીજાજ ભાગમાં, પૃથ્વીમાં માટીની પેઠે, તે સમાઈ ગઈ.

આણીતરફ પૃથ્વીના એક આગારમાં રહ્યા છતાં નિર્મળ પ્રેમાર્ણવમાં પ્રયાણ કરતો માધવસિંહ આનન્દની લહરીઓથી સહ, બળ અને ઓજને પ્રતિક્ષણ સંગ્રહતો હતો અને તેથી કંઈ અપૂર્વ દિવ્ય શક્તિ અનુભવતો હતો. પ્રેમમંત્રથી વશ કરનારી સાક્ષાત્ મોહિની રૂપ વસંતવિલાસિનીનાં વસંતમાં ઉત્પન્ન થએલાં કુસુમબાણ જેવાં કોમળ અને તેવાંજ ક્રૂર નયનબાણથીજ માત્ર તે ઘવાયલો હતો; શિવાય કંઈ દેહનું કષ્ટ કે મનનુ દુઃખ તેને નહોતું. અંતર્શલ્ય ઉપર અમૃતનો લેપ લગાડનારી અને ખેંચી લીધેલાં બુદ્ધિ, બળ, વચનામૃતથી દ્વિગુણિત કરી પાછાં આપનારી, આ “મારીને વાળી લેવામાં કુશળ” રાજકન્યાના દર્શનથી, તેના સ્પર્શથી, તેના હૃદયપ્રતિબિંબરૂપી પત્રથી અને તેનાં સ્નેહપૂર્ણ નયનના અમીવર્ષણથી આ કુમાર તો જોતાજોતામાં તાજો થઈ ગયો હતો. એટલે કેસરીની અથવા કોઈ પણ સેવકની તેને અપેક્ષા નહોતી. અપેક્ષા માત્ર પ્રથમ રાત્રીએ જીવ સુદ્ધાંત પ્રિયાએ આપેલા પત્રની હતી. પણ મહાશ્રમે તે ન લાધ્યો; તેની શોધ અને પૂછપરછ કરવી પોતાના અને પ્રિયાના હિત વિરુદ્ધ જણાયું. તેમ “વાજતુ ગાજતુ તોરણે તો આવશેજ; અને વાગશે ત્યારે જાગશે” એમ નિશ્ચય કરી તેણે ગતનો શોચ ન કર્યો. એક વાર–બે વાર–ત્રણ વાર વાંચી છાતી સરસા દબાવેલા પત્રનું સ્વપ્નામાં મનન અને નિદિધ્યાસન વારંવાર થઈ ગયેલું એટલે તેનો ગૃહીતાર્થ હૃદયમાં ભરાયો હતો, લેખાર્થ જિહ્વાગ્રે હતો. તેનુ ઉત્તર આ કુટિલ દાસીદ્વારા મોકલવાનો વિચાર છોડી દેઈ તથા અન્ય અનુચરને પણ અનુચિત જાણી તેણે હવાને દૂતી બનાવી, પવનને વાર્ત્તાહર કર્યો. હાથમાં સારંગી લેઈ તેણે પ્રિયાનો લેખ ગાયો અને તેના પ્લુત સ્વરને પુચ્છે ઉત્તરને પણ જોડ્યો. અર્થ સમજ્યા વિના માત્ર રાગમાં ગુલતાન થનાર અન્ય જનનું તેને ભય ન લાગ્યું. ભિત્તીની–અંધકારની–દ્વારની–પટાન્તરની અને એવી અનેક નગરીઓ વટાવી પવનનાં મોજાં ઉપર ચઢી હવાએ પ્રિય વસંતના કર્ણે આગળ નીચે પ્રમાણે અક્ષરશઃ સંભળાવ્યું:—

"જોઈ માધવ લીધી સર્વ સુખની બાધારે
માધવ વિણ ઘેલી તૂર કુમારી રાધારે. ૧

નવ રાખીયે આવડું જોર હું તો કન્યારે
રહી દૂર પ્રજાળો ગાત્ર એ તો અન્યારે. ૨

તમે તોડ્યો લાજનો કોટ નેણુને બાણેરે
આંખ મિંચું નાચો માંહ્ય તોય પરાણેરે. ૩

થઈ રક્ષક ચોરો ચિત્ત ઘટે નહી તમનેરે
હોય ક્ષત્રીજાયો વીર નડે નહી અમનેરે. ૪

આતો ખાતાં પીતાં નિત્ય લાગ્યાછો લમણેરે
આવે નિંદર જો ઘડીવાર સતાવોછો શમણેરે. ૫

વરસોછો નૌતમ મેહ સ્નેહના વ્હાલારે
ક્યમ વેઠી શકે એ ભાર અલેતી બાળારે. ૬

રીઆવોછો મહારાજ ચંદ્રની સાથેરે
જ્વાલામુખી નાખો છો રોજ કુલને માથેરે. ૭

નહી ઠામ ઠેકાણું નામ કુળ સમજાયરે
મ્હારા ચિત્તતણો આ ચોર ન તેથી ઝલાયરે. ૮

વિનવું મૃત્યુને રોજ આવવા પાસેરે
એને લાગે તમારી બ્હીક તેથી નાસેરે. ૯

કરો કરવું હોય તે રાજ કહ્યા મેંતો "માન્યારે"
કરો હૈડું કોમળ લેશ છૈયા છો માનારે. ૧૦

મ્હારો હાથેલીમાં જીવ રમાડોછો શાનેરે
હદ આવી રહી હવે વીર! તુટે તાણ્યેરે." ૧૧

મેઘાડંબરમાં વિરાજિત અને પરિચિત જનથી પરાજિત કુલ-કન્યકા વસંતવિલાસિનીએ છાતી ઉપર હાથ દાબીને, શ્વાસ ઉચ્ચો ચ'ડાવીને, ઓઠ ઉપર આંગળી ધરીને, નયન ઉપર નિષ્કંપ રાખીને, ઈષત્ મ્હોળુ વદન કરીને અને કર્ણમાર્ગ ખુલ્લો મુંકીને, સ્વરચિત-મોહ-મંત્રનુ લલિત પદ સાંભળ્યું, અનુભવ્યું. અન્ય ઉપર મિથ્યાપવાદ-આરોપણ કરનાર પોતાના મન ઉપર હાસ્ય કરી, પ્રથમ પત્રમાં પણ નિર્દયતા ધરનાર પોતાના અંતઃકરણનો તિરસ્કાર કરી અને અવિદગ્ધ છતાં આટલી અસર કરનાર પોતાની બુદ્ધિથી આનંદ ધરી વસંત-

વિલાસિની સન્મુખ જોઈ રહેનારી પ્રિય સખીના ઈષિત્ હાસ્ય તળે દબાઈ–ચંપાઈ. એટલુંજ નહી પણ રક્ષણ અને ભૂષણને માટે જન્મપ્રભૃતિ પોતાની કરેલી લજ્જાથી તે ઘેરાઈ–રોકાઈ. એટલામાં ગીત આગળ ચાલ્યું–રાગ બદલાયો—

"ચિત્ત લે છે વસંત છિનાવી.
સ્વર કાજે કોકિલ ધરી કંઠે સર્વે અંગ ખિલાવી
ત્રિપુટી સમીર શરીર સજીને કામની ભગિની આવી
ખરી માધવ મન ભાવી—ચિત્ત લે છે— ૧

કમલનયનની છેક સમીપે ભ્રમરનથનને નચાવી
કંઈ કંઈ ભાવ વિકાસ કરે હેલિ અધરપ્રરોહ હલાવી
ઈષિત્ વપુ ભવ્ય નમાવી—ચિત્ત લે છે— ૨

જાદવવંશજ માધવને જ્યમ રાધા ગોપ બનાવી
નિજ કુળ ઉચ્ચ ગણી ખુબ ફાલે રીત વસંતની આવી
ગુણે આત્મીય ફસાવી—ચિત્ત લે છે— ૩

જડતાને આગળ પ્રેરીને પાછળ આતપ લાવી
દુઃખથી તારી દુઃખ વધુ દે મધ્યે રંગ જમાવી
તદપિ મ્હેં લીધી વધાવી—ચિત્ત લે છે—" ૪

આમ પવન ઉપર ચ'ડી આવતાં પદ રૂપી તરંગોથી ત્રણુપટ વેગ ધારી વિવિધ વિકારો તેના કોમળ અંતઃકરણના પુલિન ઉપર ઉછળવા લાગ્યા. કુલલજ્જાની સહજ બંધાયલી પાળ તુટી તેનીજ સાથે પ્રિય સખીની, માતાની, પિતાની–દેવની પણ આયના ખુટી. સ્નેહસિંધુએ મર્યાદા મુકી આ કુલજા રૂપી ધરાની ઉપર રેલ ચ'ડાવી તેમાં તેને ડુબાવી. અંગનાં સ્ફુરણ, પ્રસ્વેદનાં ટપકાં, મુખના સીત્કાર, હૃદયના ધબકાર, નયનનાં ઘુર્ણન અને ભ્રમરનાં સ્પંદનથી વસંતવિલાસિનીયે હાથે કરીનેજ પોતાનું હૃદય પારદર્શક કર્યું.

પોતાનાજ મકાનમાં રહીને સ્વરની દોરી ઉપર માધવે વસંત ઉપર સ્નેહધારા વર્ષાવી તેમાં બાહ્યાન્તરે ન્હવાઈ જઈ, આ રતિએ મદનપતિની મોકલેલી ગુલાબ, માલતી, બકુલ, ચંપક આદિ પુષ્પોથી પણ અધિક સુગંધીવાળી હૃદયાંજલિ સ્વીકારી. સ્વીકારતાં સ્વીકારતાં ચમત્કૃતિથી ચમકતી, ધ્વનિથી ધમકતી, ગૌરવથી ગ્રહાતી અને અલંકૃતિથી અખડાતી કન્યાએ કાન શબ્દમય કરી નાખ્યા, નયન સ્વરૂપ-

મય કરી નાખ્યાં, અને અંતઃકરણ તન્મય કરી નાખ્યું. પૂર્ણ વિશ્વાસ, પૂર્ણ પ્રેમ, પૂર્ણ સત્કાર, અને પૂર્ણ સ્વીકાર આદિ સર્વ યોગ્ય પૂર્ણતાઓના દર્પણ જેવા આ પદ્યમાં તેણે આયનામાં નળને દમયંતીની પેઠે તેને ભાળ્યો, ન્યાળ્યો. છેવટ પદ્યનો અંત આવ્યો. અવસાન સમયે વિત્તહર રાવણનો જીવ રામચંદ્રમાંજ લય પામ્યો, અને પ્રતાપહર શિશુપાળનો જીવ શ્રીકૃષ્ણમાં પ્રવેશી ગયો તેમ આ ચિત્તહર કાવ્યનો પ્લ્યુંત સ્વર વસંતવિલાસિનીમાં લીન થઈ ગયો. અને જાણે પતિના અભિનંદન જેવા આ પ્લ્યુત સ્વરરૂપી ગર્ભ ધારીનેજ તે અલસથી વિલસિત થઈ, ભારથી મંદગતિ થઈ, હર્ષથી વિકસિત થઈ, અભિરૂચિથી ભોગેચ્છુ થઈ. અગાસાંમાં સ્નેહસૃષ્ટિ જણાવતી કૃષ્ણની લઘુ મોહમાયા જેવી આ બાલિકાએ કંપથી ભય બતાવ્યો, અશ્રુપૂર્ણેક્ષણથી શ્રમ બતાવ્યો, બાહુ–સ્વસ્તિકથી અધૈર્ય બતાવ્યું અને અંગુષ્ઠાલેખથી લજ્જા બતાવી. તે આનંદને હીંચકે ચ'ડી, આશાને વિમાને બેઠી પણ મૌનના ડચુરાથી ગુંગળાઈ, મોહના અંધકારમાં ગરકાઈ. જાણે આમજ સદા પ્રિય પતિની પાશમાં ફસાયલી રમીશ એમ સૂચવવા તે પ્રિય સખીના બન્ને બાહુ મધ્યે ઉત્તમાઙ્ગ મુંકી કેટલોએક કાળ તો આનંદૈકરસ ચાખવા લાગી. અને ગાયન બંધ પડ્યા પછી પણ જાણે ફરી ફરી તે ગીત ગવાતુ હોય, જાણે ફરી ફરી સારંગી સૂર પુરતી હોય, જાણે ફરી ફરી ગાનસરિત તેના ઉપર રેલાતી હોય, જાણે ફરી ફરી તે શબ્દોરૂપી મોતી કર્ણદ્વારા હૃદયસંપુટમાં મુકી જીવતંતુ સાથે પરોવતી હોય એમ વસંતવિલાસિની હાથનાં, વદનનાં, નયનનાં તથા આખા અંગનાં ચાલનથી અંતર્ભાવ પ્રકટ કરવા લાગી. અનુકૂળ સમય જાણી કુલી પણ વસંતે માની લીધેલા વરના ગુણનુ સંકીર્તન કરી, અતિશયોપમાને પણ વક્રોક્તિથી હીનોપમા બનાવી પ્રેમના છોડનુ મૂળ ઉંડુ ઘાલવા લાગી. વસંતના સમયે તેને વેળાસર ફાલ આણ્યો.

એમ કરતાં કરતાં જ્યારે રજનીએ આ વિશ્વરૂપી પોતાના પ્રિય પતિનુ ગાઢાલિંગન કરવા માંડ્યું, જ્યારે જરીનો અને ઝીકનો શ્યામ વાગો પેહેરી આકાશમહિલાએ ચંદ્રવદન દેખાડી પૃથ્વી ઉપરની ચંદ્રાનનાઓને વિહારસમય સૂચવ્યો, જ્યારે રીસાઈને આડે માર્ગે ચાલ્યા જતા પોતાના ચિરંજીવી નભના રાજા ચંદ્રને લલચાવવાનેજ મહાસાગરે મોતીના છડા ઉચ્ચે ઉછાળવા માંડ્યા, જ્યારે ઉજ્જડ બનેલી દુર્ગ-

નગરીઓની પેઠે દિશાઓએ ભણકાર વર્ષવા માંડ્યા, જ્યારે આખો દિવસ નિરંતર સેવા કર્યાથી શ્લથ અને શ્રમિત થએલા દક્ષિણ પવનના અસ્ફુટ ખડખડાટ સંભળાવા લાગ્યા, જ્યારે ઉદ્યોગથી છવાઈ ગએલી નિદ્રાએ બ્રહ્માસ્ત્ર મારવા માંડ્યાં, જ્યારે અભિસારિકાના અભિસાર, દ્યૂતકારનુ દ્યૂત, વિલાસીના વિલાસ, રસિકના રાસ અને મદ્યપનુ મૌર્ખ્ય ગોપિત કરવા મહામાયાએ ચંદ્રકાંતમાં પણ કૃષ્ણપર્જન્ય કરવા માંડ્યો અને જ્યારે સ્ત્રીઓના નખથી કામે, અને પ્રાસાદના તલથી ચૌરજને આરોહણ કરવા માંડ્યું–અરે–જ્યારે માધવના પ્રેમમય, અર્થમય, રસ-મય, અને ધ્વનિમય ગાયનથીજ હોય એમ મેના પોપટ આદિ પણ શરમાઈ સંમૂર્છના વશ્ય થવા લાગ્યાં, ત્યારે પ્રિયતમની વાતોથીજ પેટ ભરવાનો નિશ્ચય કરી વસંતવિલાસિનીએ આ કુમારની કંઈ કંઈ પાછલી વાતો કરવાનુ શીરુ કર્યું. પણ એટલામાં કંઈ ખડખડાટ થયો અને શબ્દ સંભળાયો. એકદમ એ સહીપણીઓએ છાતી ઉપર હાથ મુંકી સાંભળવા માંડ્યું. એવામાં સામે કેસરી આવી તેથી એમની શંકા દૂર થઈ. પણ તેમને આવી સ્થિતિમાં જોઈ કેસરી ભડકી. અને તે ભડકી એવું કુલીએ જાણ્યું તેથી તેણે પુછ્યું. "કેસર! કુમારની સેવામાંથી આટલી રાત્રે અહીં ક્યાંથી ?" શો ઉત્તર આપવો તે એ પ્રશ્ન પુરો થતા પહેલાં ખોળી કહાડી કેસરી બોલીઃ–"એ કુમાર તો આવ્યાછે અહીં ને ઉભા છે બારણે–મળવાને." વસંત સસંભ્રમ બોલી, "બ્હેન? આપણે હવે શું કરીશું? કેમ જોવાશે એ મહા પરાક્રમી વીરના સામે?" ભ્રમરમાં-થીજ શુદ્ધ વિચાર ખોળી કહાડી, તેને ચ’ડાવી કુલી બોલી, "કેસર! એમ હોય નહી. કન્યાજનની પવિત્રતાને કલંક લગાડવા એ રાજપુત્ર અહીં આવેજ નહીં." વસંતઃ–"પણ એમ છતાંયે એ આવ્યા હોય ત્યારે?" કેસરી લાગ આવ્યો જાણી બોલી, "નજ આવે ત્યારે હુંતો ના કહું છું એ કુમારને. મ્હારે શું?" ઉતાવળીયણ વસંત બોલી, "ના, ના, બ્હેન; એમ શું કરે છે જે? આવી ક્યાંથી?" કેસરીઃ– "ત્યારે જોને વસંતબા? રોજ આ કુલડી મ્હારી પાછળ પડી છે. મ્હેં કુમારને આણ્યા માટે એ ના કહેછે." રીસ કરીને કુલીઃ–"કેસર, આ રીત સારી નથી. અત્યારે અહીં રાજકુમાર આવે તો તે લાખનો હોય તોયે અમારે રાખનો છે. અવિનીત પુરુષ સાથે વસંતબાનુ હૃદય જોડાતું નથી; માટે બોલ સાચું. મશ્કરી છે કે ખરી વાત?" કેસરીઃ– "હું કંઈ ત્હારી નોકર નથી. ત્હારા જેવી તો બહુએ આવીઓ ને

બહુએ ગઈઓ. આ કુમારને હું લાવી તે ત્હારા મ્હોંને લાવી હઈશ, ખરુંની ? જો વસંતબા, આજ રાત્રે તમને મળવું અથવા ન મળાય તો મરવું એવો નિશ્ચય કરી કુમાર આવ્યા છે. હવે કહે, તા’રે શું કરવું છે ?” આથી બિચારી વસંત સુડી વચ્ચે સોપારીની દશાને પ્રાપ્ત થઈ. તે કેસરી સામે વિનયથી જુવે અને ફુલી સામે વિનયથી જુવે. “ના” કહેતાં જીવ ચાલ્યો નહી—“હા” કહી સકાઈ નહી. અંતે દૃઢ નિશ્ચય કરી ફુલી બોલી, “કેસરી, કંઈ દગો છે. બોલ, કહી દે ખરેખરું ? રાજકુમાર માધવસિંહ અત્યારે આવે નહી; માટે કહી દે ખરેખરું, નહી તો ઉઠાડું છું રાજમાતાને. બોલ, કોણ આવ્યું છે અત્યારે આ રાજભવનમાં ?” કેસરી કંપી—ડરી. હવે કાળક્ષેપ તેને જીવક્ષેપ જેવો લાગ્યો તેથી કરગરતી, વસંત ઉપર દયાની તથા ફુલી ઉપર ક્રોધની દૃષ્ટિ નાખી આ કુટિલાએ પાછું ગમન કર્યું. ફુલી બારણાં વાસવા ગઈ. વસંત સ્તબ્ધ બેસી રહી.

એટલામાંજ કાળા કંબલ ઓઢીને—વદનને ઢાંકીને પાંચ યમ જેવા દારુણ દેખાતા પુરુષોએ આવી વસંત અને ફુલીના મ્હોંમાં ડુચા ઘાલી બેયેને ઉપાડી. પોતાની પ્રિય ભર્ત્તૃદારિકાને છુટી મુકાવવા ફુલીએ ઘણાંએ ફાંફાં માર્યાં પણ વ્યર્થ. “બહુ દહાડે લાગમાં આવી છું” એવા કંઈક પરિચિત શબ્દોથી તથા વસંતના સીત્કારથી આ બિચારી ફુલની કળીથી પણ કોમળ ફુલી મૂર્છિત થઈ ગઈ. પછી તે ક્યાં ગઈ, તેને કોણ લઈ ગયું, રસ્તામાં શા શા બનાવ બન્યા, તે ક્યાં પડી, વસંત ક્યાં રહી, તેનુ તેને કંઈ પણ ભાન રહ્યું નહી.

પ્રકરણ ૨૨ મું.

વા’રે ધાયો.

મધ્ય રાત્રીનાં ચોઘડીયાં મૃદુ મૃદુ વાગવા લાગ્યાં હતાં. કોઈ ચેતનનો સંચાર નહોતો; તે પ્રસંગે હથેલીમાંજ જીવ ધારણ કરતી હોય તેમ, સર્પિણીની ગતિથી એક સ્ત્રી ભર્ત્તૃદારિકાના વાસગૃહમાં પ્રવિષ્ટ થઈ. સર્વ પદાર્થ સ્વસ્થાને છતાં અધિષ્ઠાત્રીને અભાવે તે ગૃહ તેને શૂન્ય જણાયું તેથી ક્ષણ અને એક

ક્ષણજ તેને કંઈ શોક થયો—તેનાં ચક્ષુમાંથી અશ્રુ ઝર્યાં. પણ તુરતજ પોતાના મનને ઠપકો દેઈ, પોતાની નબળાઈને તિરસ્કારી, પોતાના હોઠ દબાવી તે આગળપાછળ જોવા લાગી. પછી એક તાકુ ઉઘાડી તેમાંથી સોનાની કુંચીઓનુ લુમખું લેઈ તેમાંની એક વડે એક સારી શીશમની ચિત્રિત ઘટ પેટી તેણે ઉઘાડી. તેમાંથી અન્નદાતાના અમૂલ્ય કન્યારત્નના સંતત સ્પર્શથીજ પ્રભા અને નિર્મળતા ધારી રહેલાં કંકણ, કંઠી, કડાં, કલ્લાં, કાંટા ઇત્યાદિ અલંકારને પુત્રવત્ પેટમાં ઘાલતી આ સ્ત્રી (અને તે કેસરીજ હતી) તેને, વાંકમાં પણ વાંક આપનાર મહા ઉદાર અને ભોળી રાજપુત્રીના ગુણ, તેનુ રૂપ, તેનો વિશ્વાસ, તેના આલાપ, તેનાં લાડ, તેની શિક્ષા, તેનાં પાલણ અને તેનાં પોષણમાંથી કશુંયે યાદ આવ્યું નહી—આવ્યું તો, તે કશું કરી શક્યું નહી. "પશ્ચાત્તાપ" અથવા "ગુણજ્ઞતા" એ શબ્દો તો આ સ્ત્રીના કોષમાંજ નહોતા. તેથી "રાત થોડી ને વેશ ઘણા" એમ બડબડતી કેસરીએ બીજી પેટી ઉઘાડી તેમાંનાં અમૂલ્ય બાંટ, સાડી, અંબર આદિના છેડા ગાંઠી એક દોરડું બનાવી રાજપુત્રીના ભવનને કઠારે બાંધ્યું. આખા જગત્ની સ્ત્રીઓની હિમ્મત પોતે એકલીમાંજ રાખી આ દુષ્ટા, છાતી સરસા અલંકાર અને કટિ સરસી તરવાર ધારીને, કચ્છોટો વાળી, પવૈની પેઠે સરરસટ વિજળીની ત્વરાથી હેઠે ઉતરી પડી અને ત્યાંથી થોડે છેટે જઈ સઘળો "ભો" ઠેકાણે કરી આવી. ચારેપાસ નજર ફેરવી પણ કોઈ તેની નજરે ન પડ્યું તેથી હરખાતી હરખાતી, પોતાના કુટિલ કર્મમાં ઈશ્વરની સહાય માનતી માનતી, અનેક વિચારો કરતી કરતી, જે દોરથી ઉતરી હતી તેજ અમૂલ્ય વસ્ત્રના દોર ઉપર આ નટી ચ'ડી ગઈ. એક કાર્ય થયું. બીજું થયું. હજી બે વાગ્યા નથી તેથી ત્રીજુ અને ચોથુ કામ કરવાને તત્પરા કેસરી માધવસિંહના ભવન પ્રતિ ચાલી.

અહીં તો રોગનુ કારણ બંધ પડ્યું, નિરોગિતાનુ ઔષધ રામબાણ મળ્યું, જીવિતાધિક વસ્તુ પરોક્ષ હતી તે પ્રકટ થઈ, ચિત્તહરાના ચિત્તહર અન્યાનુ ભાન થયું, તેથી કુમાર માધવસિંહ, પોતાના પ્રાણ પડીકે બાંધનારી, જતાં જતાંયે દૃષ્ટિનો દોર સાંધનારી પ્રાણપ્રિયાના વિચારમાં લય પામી, વિજનની નિર્ભયતાથી પોતાસાથેજ નિર્ભય વાતો કરવા લાગ્યો હતો. "ત્યારે," તે બોલ્યો, "કેમ ન જણાઈ એ મત્તકેશિની? નયનની મધુર રસની ધાર વર્ષાવી આ દેહ રૂપી બકુલ-

વૃક્ષને પ્રફુલ્લિત કરવા ક્યમ અત્યારસુધી ન આવી એ કુલકન્યકા? શો અંતરાય આવ્યો? શું વિઘ્ન નડ્યું? વિઘ્ન? નહી, નહી! ત્યારે મ્હારો એને અભાવ આવ્યો? ગીતની અસર ન થઈ? અથવા સાંભળ્યું નહી? કે મ્હારી કિમ્મત થઈ ગઈ? એમજ! અહો! શાં મ્હારાં ફાંફાં? આવી ઈંદ્રાણીને પણ લજ્જિત કરનારી કન્યાનો હાથેવાળો થવાનો હોય તો આવો સમય મ્હારે હોય? હા ધિક્! અથવા મ્હારા જેવા મૂઢને તે એ કન્યા ખલે? ત્યારે મને રોગ મટાડવાનેજ એ દયાળુ કન્યા માંણમાંણ આવી હશે? દૈવ જાણે! પણ લાવ્ય, તે અત્યારેજ નક્કી કરું. સંશય કરતાં આમનો કે તેમનો નિશ્ચય શો ખોટો? ત્યારે એ ખબર શું કરવા કં'ડાવે? ગમે તેમ, પણ અત્યારે—મધ્યરાત્રીએ એ કન્યાજન અને પરાધિન સરલા બાળાના એકાન્ત ઉપર પગપ્રસાર કેમ થાય? પણ આધિ વધેછે. માથુ ફરેછે. અધૈર્યનુ રાજ્ય થઈ ગયું. શું કરું? પેલી કુટિલ દાસી સાથે સંદેશો મોકલું? પણ અરે! એ વ્યભિચારિણી મનેજ લલચાવવા આવનારી—તેની સાથે અત્યારે વાત કરવાનો વિચાર પણ કેમ થયો? ત્યારે કેમ કરવું? કેમ શું કરવું? આ પ્રાણ ભલે જાય, ચિત્તભ્રમ ભલે વધે, દેહ ભલે રીબાય, અથવા ભલે ગમે તે થાય પણ મ્હારા અન્નદાતાની કન્યાપ્રતિ મ્હારો અવિનય—એ વાત હોય નહી. અથવા એ રાજપુત્રીજ મને કેવો ધારે? વારું, ત્યારે અત્યારે તો એની મનહર છબિનુજ ચિંતન કરું." એમ ગણગણતો ગણગણતો આ પાંજરે પુરેલો સિંહ, ભાન અને નિદ્રાને સાથેલાગાં વદાય કરતો, અબળા બાળાથી જીતાયલો, આમ તેમ ભવનમાં ને ભવનમાં ફરવા લાગ્યો. વળી કંઇ આવેશથી તે બોલ્યો. "ત્યારે એ અસ્વસ્થતો નહી હોય કે? કોણ જાણે? બાકી એની પ્રીતિ તો સાચી છે. અરે પ્રભુ! એને દુઃખ દેવું હોય ત્યારે તો એનુ દુઃખ મનેજ આપજે. અરે, એ કુલ મ્હારા જેવી દશા શી રીતે ભોગવે? હે દીનબંધુ! દયાનિધે! મ્હેં તો પૂર્વ જન્મમાં ઘણાંયે પાપ કર્યાં હશે પણ આ સુકુમાર કોમલાંગિની ખાતર હવે તો આ વિરહનો અંત વહેલો આણજે. એક ક્ષણ પણ એને સુખ દેવાને આ દેહ કાષ્ઠવત્ ઘસાશે તો તે ભાગ્યશાળી ગણાશે. એ નિર્દોષ પ્રણયપુત્તલીને વ્યથામાંથી મુક્ત કરીને આ જીવ પોતાને કૃતકૃત્ય માનશે. પણ એને વ્યથા? એમ કેમ બને? એ ઉચ્ચ ગુણથી ભરેલા અને તેથી દિવ્ય શોભા ધારણ કરતા મૃદુ અને સુન્દર સ્વરૂપ પાસે વ્યથા કેમ જઈ સકે?

"નૈસર્ગિકી સુરભિણઃ કુસુમસ્ય સિદ્ધા મૂર્ધ્નિ સ્થિતિર્ન ચરણૈરવતાડનાનિ।"

"સર્વથા મને ભ્રમ થયો છે. સમર્થ માતપિતાના રક્ષણ નીચે શાંત નિદ્રાને પારણે ઝૂલતી એ સાક્ષાત્ શુદ્ધિ જેવી કુમારિકાને વ્યથાનો સંભવ નથી. પણ અરે! કુતર્ક કેમ થાય છે? "**અતિસ્નેહી પાપશંકી**" જેવુંતો મને નથી થયું? ગમે તેમ હોય, પણ હે વિભો! એને લેશ પણ વ્યથા હોય તો તેમાંથી મુક્ત કરવાને મને અવસર વહેલો આપ." આટલુ બોલેછે એટલામાંજ યોગ્ય અવસર જાણી છુટા વાળ રાખી અચિંતી કેસરી સામી આવી ઉભી રહી. પ્રિયામંત્રના જપથી, વિરહના દારૂણ તપથી, કે સાન્દ્રલયથી પતિત કરવા આવી હોય એવી સાક્ષાત્ અવિદ્યા જેવી સન્મુખ આવી ઉભેલી આ સ્ત્રીને જોઈ આ ક્ષત્રીયનો બાળ પણ સ્તબ્ધ બની ગયો. પરંતુ તે સ્ત્રીનાં કંઈ લઘુ ચિહ્ન જોતાં રગેરગે ક્રોધ વ્યાપવાથી તેની નિશ્ચલ આંખો રક્ત થઈ ગઈ. તેથી તેણીનાં પ્રેમાળ નયન, અર્ધ ઉઘાડી છાતી, સુરેખી દાંત, રક્ત ઓઠ, ધવલ કંઠ, નાજુક હાથ, અને છુટા વાળથી લાભમાં દેખાતુ તેનુ પૂર્ણ સ્વરૂપ અહીંતો હવામાં હવાઈની પેઠે ઉડી ગયું. પરંતુ કામનુ વિષ રગેરગ વ્યાપી જવાથી આ દુરાચરણી સ્ત્રીએ એકદમ પેલા નક્ષત્ર જેવા કુટડા કુમારને એવું ગાઢ આલિંગન દીધું કે પરપુરુષના સ્પર્શથી કરમાવાને બદલે પ્રફુલ્લ થતાં તેનાં સ્તનમુકુલ તેની છાતી સરસાં ચંપાયાં.

નટ જેમ જાળમાંથી, યોગી જેમ માયામાંથી અને મલ્લ જેમ ગ્રાહમાંથી તેમ આ ધર્મબુદ્ધિવાળો નર આ દુષ્ટ પરિરંભમાંથી મુક્ત થયો; અને મુક્ત થતાં વાંતજ "દુષ્ટે! પિશાચિણી!" એટલું બોલી તે તેને ધક્કો મારી હેઠે પાડી લાતે લાતે બહાર ગબડાવી પાડવાનુ કરતો હતો. તુરતજ તેને પગે પડી મહા કારમુ રૂદન કરતી આ સ્ત્રી તેને વિનવવા લાગી.

કંઈ દયાથી, કંઈ ફજેતીના ભયથી, કંઈ પ્રિયતમા ઉપર દૃષ્ટિથી આ તરૂણે મંદિર બહાર જવાનુ તે કુલટાને મહા પ્રચંડ શબ્દોમાં ફરમાવ્યું. પણ અશ્રુમાં નયન, નિઃશ્વાસમાં કંઠ, કંપમાં દેહ, શોકમાં ચિત્ત અને સ્વેદમાં વદનને તરાવતી તરાવતી, અતિ કરુણ વિલાપ કરતી કરતી, ઘડીમાં છાતી અને ઘડીમાં કપાળ કુટતી કુટતી, પોતાના હતભાગ્યને ગાળો દેતી દેતી અને આશ્રય માગતી માગતી, આ કુટિલ વામનયના વામાએ ગદ્‌ગદ કંઠથી કહ્યું, "મા-રા-જ—વ-સં-ત-બા-ને—હાય હાય—હેં—હેં—હેં—કોઈ—હેં—હેં—લેઈ ગયુ—રે મ્હારા બાપ! હાય હાય!

કોઈ ધાવરે !" ઝટ તેનો હાથ ઝાલી તેને ઉઠાડી વાત જાણવાનેજ જીવ રહ્યો હોય એમ તલપી રહી તે બોલ્યો, "હેં હેં ! શું ? કોણ લેઈ ગયુ ? કેસર ! કેસર ! શું ? વસંતબાને કોણ લેઈ ગયું ?" અસર બરાબર થઈ અને વેશ બરાબર ભજવાયો જાણી દુષ્ટા ડુસકાં ભરતી ભરતી બોલી, "શું કહું ? હરામખોરો તેને લેઈ ગયા. પણ આપ વિના તેને કોણ છોડાવશે ?" "હા ! ખરી વાત !" કહી તમ્મર આવવાથી ઝરુખાનેજ દાદર જાણી જેવો તે ઉતરતો હતો તેવોજ દુષ્ટાએ તેને પકડી લીધો. તુરતજ શુદ્ધિમાં આવી હેઠે ઉતરી, દરવાનના પ્રશ્નોને પણ ન ગણકારી આ પવનવેગી પુરુષ કોઈની પણ સ્પૃહા રાખ્યા વિના રાજપુત્રીની વા'રે ધાયો.

કાર્તિકસ્વામી જેવા આ મહા બલવાન્ સુભટનો સર્વ શ્રમ ઉતરી ગયો, સર્વ પિત્તો ચ'ડી ગયો; તેનુ સર્વ દુઃખ મટી ગયું, સર્વ સુખ સટી ગયું; તેની સર્વ ચિંતા સરી ગઈ; સર્વ વાત વિસરી ગઈ. દેહ, ગેહ કે સ્નેહમાંથી અત્યારે તો કશુંએ એની સ્મૃતિમાં ન આવ્યું. પોતાના અન્નદાતાનુ લૂણ હલાલ કરવાને આ અચાનક આવેલા અવસરને વધાવી લેઈ, હરિશ્ચન્દ્ર કરતાં પણ વધારે માની લીધેલા ઋણને વાળી આપવાનો સમય સમીપ ન્યાળી, પરોપકૃતિથીજ ક્ષણભંગુર જીવિતને સફળ કરવાનો ઉપસ્થિત થએલો યોગ સત્વર સાધી લેવાને, આ વીરજન, પોતાની ગર્જનાશક્તિ હરી લેનાર મેઘની શોધમાં ફરતા મહાવિક્રાળ સિંહની પેઠે, આ ઝમઝમતી ઘોર રાત્રીમાં રમ્ રમ્ કરતો, ધરાને ધમ્ ધમ્ ધમકાવતો, અશ્વને ચમકાવતો, પવનપુત્રવત્ પવનવેગે હીંડ્યો. ભયમાં પણ તે અભય થયો. અથવા તેને ભયનો વિચારજ ક્યાં થયો હતો ? સો મૃગથી સિંહનુ બચ્ચુ શાનું બીયે જે ? તેમાં વળી માધવની કૃતજ્ઞતાને અંતર્ગત પ્રીતિનુ ગૂઢ પણ સબળ ઉત્તેજન એવું પ્રોત્સાહક હતું કે વસંતબાના રક્ષણમાં સમાહિત બનેલા તેના મનને નહોતુ બહિર્ પદાર્થનું ભાન કે નહોતું અંતર્વિકારનું જ્ઞાન. દુષ્ટ-ગ્રાહમાંથી રાજકન્યાના ઉદ્ધાર રૂપી નિશાન ઉપરજ તેનું ધ્યાન હતું. પોતાથીજ સખનો રેહે એવા અશ્વને હંકારી મુકતાં એણે ન જોયું મુહૂર્ત કે ન જોયા શકુન. મૃગયા રમવા જતાં દોડતા દુષ્યંતના અથવા દમયંતીનુ પુનર્લગ્ન કરવા જતા ઋતુપર્ણના રથનો વેગ આથી વધારે નહોતો.

ધનુષ્યમાંથી છુટતા રઘુના બાણની પેઠે એક પલકવારમાં દૃષ્ટિ બાહેર થતા આ પેહેલવાન પટાયતની પૃષ્ટ દીઠી એટલે કેસરીને તો

કંઈ વિચિત્ર વિકારો થવા લાગ્યા. ધારેલું તેણે પાર પાડ્યું. હવે કર્તવ્ય બાકી રહ્યું નહી. પાસા નંખાઈ ગયા. પોબાર પડી ચુક્યા. પોતાના અધિકારમાં અંતરાય કરતી કુલીનુ અને પોતાની પ્રીતિમાં આડે આવેલી વસંતનું અપહરણ થયું, પોતાની પ્રીતિનો તિરસ્કાર કરનાર માધવસિંહ પણ ચાલ્યો ગયો, અપહરણ કરનારે આપેલી લાંચથી અને વસંતબાનાં આભૂષણની ચોરીથી ધન પણ પુષ્કળ મળ્યું, વેર પણ પુરેપૂરૂં વળ્યું. પોતાઉપર શક લાવવાની કોઈને તક પણ ન મળે એમ ટા'ઢે પાણીએ ખસ ગઈ. પોતાના કલાકૌશલને ધન્યવાદ આપતી કેસરીને વિચાર ન થયો કે તેની અધમ કૃતિથી અવર જનને કેટલું દુઃખ થશે. દુષ્ટ વિકારની ગ્રહાયલી અહંતાને અભીષ્ટની પ્રાપ્તિસમયે અનિષ્ટનું ભાન ક્યાં રહેછે? પ્રત્યપકારનો પ્રત્યાઘાત મહા દુઃસહ અને ઘોર થાયછે એવો વિચાર પણ ક્યારે આવેછે? એટલે હરખાતી હરખાતી અને ગર્વથી ફૂલાતી ફૂલાતી કેસરી બાકી રહેલું ચોથું કાર્ય કરવા તત્પર થઈ.

પણ થોડીજ વારમાં બાહ્યઉપાધિમાં ગુંગળાઈ ગએલી અંતરાધિ સતેજ થવા માંડી. પ્રથમ તેને ભય લાગ્યું. તેની ચારે તરફ જોતી જોતી, પડછાયાથી પણ ડરતી ડરતી, પોતાના પગના ધ્વનિથી પણ હબકતી હબકતી, મહા શ્રમે કાળજુ ચોક્કસ રાખતી રાખતી, કેસરીએ સુખનિદ્રામાં સુતેલી મહારાણીના પલંગ પાસે સાપણની પેઠ જઈને, ત્યાંજ શયન કર્યું. પણ તેને નિદ્રા કેવી? જડતાની પ્રતિકૃતિ છતાંયે નિદ્રા દુરાચરણી મનુષ્ય પાસે તો નથી જતી. તેના ઉપર વિકારો ચ'ડી વાગ્યા. ભયે પોતાની ભગિની ચિંતાને બોલાવી. અને આ બે દાખલ થયાં એટલે અધૈર્ય, ઉચાટ, અને પશ્ચાત્તાપે તેના દેહને હલાવ્યો—કંપાવ્યો અને તેના અંતરના શતધા કટકા કરી નાખ્યા. તાંતણેજ જીવ બંધાઈ રહેલો હોય એમ તેને વેંણાચુંટા થવા લાગ્યા. લોભે અને ક્રોધે ઘણું કર્યું પણ એમાંથી કોઈ ન ફાવ્યા. દાસ્યમાંથી મુક્તિનુ સુખ, શ્રીમત્તાની અનુકૂળતાઓ, "બા, બા" નુ માન, અને રાજ્યના વૈભવની સાથે કુલી જેવી શત્રુને ધાપ માર્યાનો સંતોષ, એનાં કલ્પનાનયન આગળ નૃત્ય કરવા લાગ્યાં અને વિચિત્ર ચિત્તાકર્ષકતાઓ દેખાડવા લાગ્યાં; તોપણ હરાતી–લુટાતી ભર્તૃદારિકાની વ્હીલી અને ઓશીયાળી તથા આર્ત્તા છબિ રૂપી અસિ કાચે તાંતણે માથા ઉપર ટાંગેલી તેને ભાસી. તેથી તેના કલ્પિત સુખના દૂધમાં ઝેર મળી ગયું. જાણે રાજપુત્રીનુજ ભૂત તેની છાતી ઉપર ચ'ડી બેસતું હોય, તેને ગળે ડચુરો

ઘાલતું હોય, તેને તરછોડતું હોય, તેને તિરસ્કારતું હોય એમ તે બંધાઈ જવા લાગી, મિંચેલાં નયનો છતાં પણ કુલીનું ભૂત તેને યમદૂત જેવું દેખાવા લાગ્યું. જાણે તેના ગળામાં સતી કુલીના નયનમાંથી નીકળતો અગ્નિ ઉતરતો હોય તેમ તે સુકાવા લાગ્યું. જાણે ડાહ્યલી વસંત-વિલાસિનીના લઘુ કરપ્રહારથી એનુ સર્વ રક્ત વેરાઈ જતું હોય એમ તે શુષ્ક થવા લાગી. વસંતબાની ખબર પુછવા પાછલે દ્વારથી આવતાં રાજારાણી તો જાણે તેના બરડાને ખીલાજ મારતાં હોય એમ તેનાથી ન ચતાં સુવાય કે ન ઉંધાં સુવાય. પોતાની નિર્દોષતા સાબિત કરવાનું ચોથું કર્મ તેણે સ્હેલું માન્યું હતું. પણ તે કર્મ કરવા જતાં આ વિંછણને પણ શતવૃશ્ચિકની વેદના થવા લાગી. તેનાં ગાત્રોની ચેષ્ટા સ્વાધીન ન રહી; તેના વદન ઉપર તેનાં દુરિતોએ વાસો કર્યો; તેનુ રક્ત પ્રસ્વેદમાં પરિણામવા લાગ્યું; તેની દક્ષતા પણ અલક્ષ્ય થઈ ગઈ. ભયરૂપી ભૈરવના દુષ્ટગ્રાહમાં સપડાતાં તે વિચારવા લાગીઃ—"આ વાત સવારે ઉઘાડી પડશે. મ્હારું નામ તો આવવાનુ નથી. પણ કદી કોઈએ દીઠું હશે તો? હાય હાય! ત્યારે તો મ્હારુ ગાલે ચ'ડીનેજ આવ્યું તો? અરે બાપ! હવે હું શું કરું? પણ જા, જીવ, એમ તે શું ગભરાછ? કોણ ત્હારું નામ દેવાનુ છે? ત્યારનીએ માતાજી પાસેજ સુતીછું ની? પણ ખરે, હું નહોતી ત્યારે એ જાગ્યાં હશે તો? અરે, મ્હેં તે આ કામ શીદ કર્યું? બિચારી વસંતબા! એની શી વલે' થશે? પેલો રોઝ જેવો એને પજવશે તે એનાથી કેમ ખમાશે? બિચારી રડી મરશે. એણે તો જરાયે દુઃખ નથી દીઠું. એ તો બહુ રાંકડી છે. ને એણે મને શું કર્યું હતું? મ્હારું શું બગાડ્યું હતું? ઉલટી મને તો ફુલને પાને રાખેલી. નારણ! નારણ! હવે હું શું કરું? કોને કહુ? કહી દેઉ માતાજીને? રાજાજીને? છે તો દયાળુ. આટલું કર્યું તોયે મને જતી કરશે. ને વસંત તો મને ઉન્હી આંચે નહી આવવા દે. બળ્યું ત્યારે સોનુ; બળ્યા રૂપૈયા—ને આ છે તેતો હવે હું કંઈ એ રડ્યાને પાછી આપવાની હતી કે? વળી વસંતનુયે ઘરેણું ઠેકાણે કર્યું છે. ઘણુંયે છે. લાવ્ય, ત્યારે કહીદેઉ. પણ રાંડ પેલી કુલડી બહુ વસમી છે. એનુ તો કાત્યાયન કહાડ્યેજ છુટકો. મોઇ રાંડ એણેજ આટલાં-વાનાં કરાવ્યાં તો? બધુ એને પાપ. ને આપણે તો થોડા પૈસા બાંમ-ણાંને આપીશું ને થોડા ગાયોમાં નાંખીશું, એટલે 'પુણ્યે પાપ ઠેલાશે'. પણ વાત કહુ—ત્યારે તો એ કુલડી છુટે તો. તે એને તો રાંડને પાસે

ઉભી રહીને પજવાવું. વસંતબાએ એની બધી વાત કહીછે ત્યારથી એનુ તો મ્હોં મને નથી ગમતું. પણ એ છુટે ત્યારે તો મ્હારી વ'લે કરેજ તો. ત્યારે જે થાય તે ખરું–પણ વાત તો નજ માનવી. પણ ત્યારે વસંતબાનુ કેમ ? કેમ શું ? "ચોખા ભેગી ઈયેળે બફાઈ જાય." આવા અનેક વિચારોના તરંગોમાં ગોથાં ખાતી કેસરીને એક ક્ષણવાર પણ પશ્ચાત્તાપ તો નજ થયો. પશ્ચાત્તાપ કોને ? પાપ ન સમજે તેને પશ્ચાત્તાપ કેવો ? ભય અને ચિંતાનું દુઃખ સહ્યું પડ્યું એટલે ભય અને ચિંતાથી થયેલા વિચારો લુપ્ત થઈ ગયા. અલ્પ સમય શૂન્ય રહી પાછી અંતર્માં ઉંડી ઉતરી કંઈ નવાજ વિચારોને તે ખેંચી લાવી અને મનમાં ને મનમાં ગણગણીઃ—"પણ આપણે તો એક પંથ ને દો નહી પણ ત્રણ કાજ કરીએ. અત્યારે અહીંથી નાસી જઈ એ મ્હાર-વટીયાઓને મળુ. ત્યાંથી વસંતને સમીશીળે છોડાવી તેને મોસાળ પોંચતી કરું; રાજાની રાણી કે માનીતી થાઉ ને ફુલડીનાં ફુલાં રોજ પાડુ. હા, હા ! આ ઠીક. એમ કરતાં રાજારાણી નાસી ગએલી ધારશે તો હવે મ્હારે શી તેમની ગરજ છે ? માટે એતો એજ ! કોઈ દહાડો મ્હોંએ મ્હોં મળશે તોયે હશીને વાત ઉડાવીશું. ને તેમ કરતાંએ હું તેમના જેવી થઈશ ત્યારે સરખે સરખાંમાં વગોવશે તો એ કહેશે સાચું ત્યારે હુ કહીશ જાુઠું. માટે ચાલ–ઉઠ. હજી વખત છે." એટલું વિચારી સડફ લેઈને સુતી હતી ત્યાંથી આ અનાર્યા બેઠી થતી હતી, પણ એટલામાંજ મહા ભયંકર સ્વપ્નમાંથી ઝબકી હોય એમ મહારાણી "હે નાથ !" એટલું ફાટે સાદે બોલી ચમકી ઉઠી, અને આમતેમ ફટારેલે ડોળે જોવા લાગી. રગેરગે મહાતિવ્ર શરની વેદના અનુભવતી અને મૃત્યુનાં શીત અને જડતા ધારતી કેસરી તો કેસરની પેઠ કોકડુ વળી ગઈ. કાળ આવી પો'ચ્યો જાણી તે તો કાળના એ પંઝા વચ્ચેજ આવી ગઈ. અને મગરથી ગળાતા મત્સ્યની પેઠ હાંફવા લાગી.

પણ આગળ પાછળ કંઈ ભય જેવું જણાયું નહી તેથી સ્વપ્નને સ્વપ્નજ જાણી, જળપાન કરી, હસતી હસતી મહારાણી તો પોતાના નવરંગ રત્નજડિત પલંગમાં પાછી પો'ડી ગઈ–પણ નિદ્રા લેવાને નહી; દુષ્ટ સ્વપ્નના સ્પર્શથી પોતાને દૂષિત થએલી માનનારી મહારાણી, કોઈ ન જાગે એટલા માટે, ધીરે ધીરે ઈશ્વરનાં કિર્તન મૃદુ સ્વરે ગાવા લાગી. તેના પ્રભાતરાગે પ્રભાતને પણ વ્હેલું આણ્યું, તેથી નાસી જવાનો

વિચાર વ્યર્થ સમજી આ કુલટા, તો પોતાની વિક્રિયા છુપાવવા સોડો તાણી સુતી અને સ્હવારમાં શો વેશ ભજવવો, શી યુક્તિ કરવી, કેમ બોલવું ઇત્યાદિ ઉપર અનેક પ્રકારના વિચારોમાંથી કોઈનુ ગ્રહણ કરતી, કોઈનો તિરસ્કાર કરતી, કોઈને અજોળ રાખતી અને કોઈને પ્રિય કરી લેતી, મનના ઉદ્યમથીજ બાહેર નિરૂદ્યમ જણાવા લાગી.

પ્રકરણ ૨૩ મું.

અપાયના ઉપાય.

પ્હુ રોડ ફાટ્યું અને વ્હાણું વાયું. પરંતુ નિત્ય વ્યવહાર અટક્યો. નગરના ઉત્તમાઙ્ગવત્ શોભતા રાજ્યમહાલયનો મુકુટ ઉડાવી દેવાને સૂર્યરાયે પોતાનાં સર્વ શર તેના ઉપર નાખવા માંડ્યાં કે જનાર આવનારની દૃષ્ટિને લાંબા કરેલા કર વડે આ ભુવનની વર્તમાન અવદશા દર્શાવવા માંડી. તેથી એ પથ ઉપર જનાર આવનાર સર્વ નાગરિકો તેને ઘેરી વળ્યા. અનેક પ્રકારના અનિષ્ટ તર્ક થતાં ફીક્કા મ્હોંના ધણીયોના પેટમાં ફાળ પડી તેથી તેઓ એકબીજાના સામે જોઈ રેહે–પણ કોઈને કિંકર્તવ્યતા સુઝી નહી. વાયે વાત ચાલી; ચાલીચાલી પ્રધાનને કાને ગઈ. ભરેલે હૈયે અને સજળ લોચને તેણે ખાત્રી કરી કે વસંતબા હરાઈ, કુલી સાથે ગઈ અને ઓળખાણ વગર કુટુંબનો કરી રાખેલો માધવસિંહ ગુમ થઈ ગયો. વસ્તુયાથાર્થ્ય કળવામાં આવ્યું એમ માની તેણે શોકને કાર્યની ત્વરામાં એમનો એમ ધકેલ્યો અને સ્નાન કરવા બેઠેલા નૃપતિને તથા પૂજા કરવા બેઠેલી રાજમાતાને વૃત્તાન્ત કેહેવરાવી સંદેશો કહાવ્યો કે "ગતનો શોચ વ્યર્થ છે અને અપાય ઉપાયરહિત નથી." પછીથી "મ્હારા કાર્યભારમાંથી વસંતબાનુ અપહરણ કરનારના પ્રાણ લેઈનેજ હસતું મ્હોં દેખાડવું" એવી પ્રતિજ્ઞા કરી, મહા સમર્થ, પ્રતાપવાન, કુળવાન, ગુણવાન, અને નિપુણ પ્રધાન આખા રાજ્યના જીવિતસ્થળે રહેનારી, સર્વને આનંદ આપનારી, અને અનેકનાં દુઃખ હરનારી રાજપુત્રીની શોધને અર્થે ઉદ્યોગ કરવા લાગ્યો. મહારાજા કેસરીસિંહના ક્રોધાગ્નિને શાંત કરનારી સરસ સરસી, મહારાણીના સુખની સીમા, પ્રજાજનનાં નયનની અમૃતવર્તિ અને સતીજનના આદર્શ રૂપ કુલકન્યકા વસંત-

વિલાસિનીના અકાળ, અકારણ, અને અયોગ્ય વિસર્જનથી દીન થએલી, મૂઢ બનેલી અને શોક ભરેલી, ગરીબડી પ્રજા તો, આ રાજાપ્રજાના વિશ્વાસસ્થાન, બુદ્ધિના સાગર, ધૈર્યના ભંડાર, વિચક્ષણતાના ગિરિ અને દીર્ઘદષ્ટિના ક્ષિતિજ, એવા રૂડા પ્રધાન સામે જોઈજ રહી. મિત્રમાં દયા, શત્રુમાં ઉપહાસ અને પ્રજામાં શોક ઉત્પન્ન કરનારૂ પોતાનુ રૂદન તેણે ચક્ષુ અને હોઠ બાહેર નજ આવવા દીધું. પણ બારણે ન નીકળી ગએલું દુઃખ ઝીનાનુ રૂપ લેઈ રગેરગ વ્યાપી ગયું. તેથી એકે એકે તેણે રાજ્યભવનના ખાસ મંડળને પોતાપાસે બોલાવ્યું. જોનારના હૃદયને વગર અગ્નિએ પ્રજ્વલિત કરતો, તે, કયા શિકારને પકડી લેવો તેનો વિચાર કરતા ચિત્તાની પેઠે, તાકીને ઉભો રહ્યો. શોકથી કે ભયથી રક્ત સરે ત્યાં સુધી અશ્રુ સરાવતાં આ સેવકોમાં સર્વથી વિશેષ વ્યથા ભોગવનારી અને બતાવનારી કેસરીના છુટા થઈ ગએલા કેશમાં, રાતાં થઈ ગએલાં નયનોમાં, સૂકા પડી ગએલા ઓઠમાં, ઢીલા પડી ગએલા ચરણમાં, જીવને ખેંચતાં ડુસકાંમાં અને શોકનાં સર્વ ચિહ્નોમાં, જળદૂધ જુદુ પાડનાર આ રાજહંસે અથવા શળેલા અને ચોખ્ખા કણો જુદા પાડનાર પારાવતે રોગ દીઠો–ગુન્હો વાંચ્યો. તત્ક્ષણ તેના ઉપર ભ્રમર ચ’ડાવી તેનો હાથ હથેલી રૂપી સાપેણની ઝુંડથી એવો દબાવ્યો–ખેંચ્યો કે તેને અંગેઅંગે લોહીની તસો આવી અને તેનાં ચક્ષુ ચ્હડી ગયાં. તે લથડી પડી, પણ નિર્દય ગ્રાહ છુટ્યો નહી, તેથી અધુકડી ટંગાઈ રહી. “ હાય, હાય ! બાપજી, મ્હારે શું છે ? હું શું કરૂં ? ” એટલા બોલ બોલતા બોલતામાં તો તેનો ચોટલો ઝાલી તેને વિંછળી નાખી, ખીજાએલા ભુવડથી પણ વધારે ક્રૂર બની ગએલા રાજ્યના પ્રધાને તેને પોતાને ઘેર મોકલાવી દીધી.

રાજ્યનુ રક્ષણ કરવાને માટે અવશ્ય જોઈએ એટલી રાખી, બાકીની સેનાની ન્હાની મ્હોટી ટુકડીઓ કરી, પ્રધાને તેમને જુદી જુદી દિશાઓમાં, જુદે જુદે નાકે અને જુદી જુદી વાટોએ મોકલી દીધી, અને તેમને આજ્ઞા કરી કે “ ધરતીના છેડા સુધી વસંતને ખોળો. દુનિયા પાર તે ગઈ નથી. માટે જ્યાં હોય ત્યાંથી તેને લાવો.” “પણ,” તે દાંત કચરડી બોલ્યો, “ તેના સાથીઓને કાપી નાખી તેમના ટુકડા કરી નાખી, તેમનાં માથાં એક માસની અવધિમાં મ્હારા સામે રજુ કરો; નહી તો જે વલેહ તેના અપહરનારની તેથી માઠી તમારી. ” સદૈવ હર્ષમાં બીરદાવનાર અને ઈનામની વાર્તાઓ કરનાર પ્રધાન આમ

બોલે તે સમયનેજ લીધે, એમ ધારી સેનાએ તે આજ્ઞા માથે ચ'ડાવતાં પ્રધાનનો અવગુણ ન લીધો, અને વાંચનાર ! તું પણ ન લેઇશ. કાંકે મહા દુઃખનો માર્યો પ્રધાન અત્યારે તો પ્રધાન નહોતો પણ સાક્ષાત્ ક્રોધ હતો. અને ક્રોધ શું ન કરે ?

આ સંસારમાં થતાં જે અયોગ્યાચરણ—તેમાંનાં નીમે ભાગે ક્રોધથીજ ઉત્પન્ન થાય છે. ક્રોધરૂપી યોદ્ધો જેને ઝાલે છે તેને નીચોવી ધોયલા મૂળા જેવો કરી નાખે છે. ક્રોધથી પિતા પુત્રને હણે છે, પુત્ર માતાને હણે છે, ભાઈ ભગિનીને વિષ આપે છે, સાસુ જમાઈને રમાડી દે છે. ક્રોધથી કેટલી આત્મહત્યાઓ થઈ? ક્રોધથી કેટલા નીકળી ગયા ? કેટલા વિરાગી થયા ? ક્રોધ રૂપી વિંછીનુ બચ્ચું જેનામાં ઉત્પન્ન થયું તેનેજ પ્રથમ ખાય છે. ખરેખર ! ક્રોધનો ધકધકતો અગ્નિ પોતે બળે છે અને બીજાને બાળે છે. ક્રોધે પતિપત્નીના વ્યવહાર છોડાવ્યા, મિત્રોના સ્નેહ તોડાવ્યા, ડાહ્યાનાં ડા'પણ ભુડાવ્યાં, માનીનાં માન મુકાવ્યાં. અહો ! શું ક્રોધનુ પ્રબળ ? તેણે કોઈને ન મુંક્યા. ક્રોધના વિકારમાં કોઇ એવી આકર્ષક શક્તિ છે કે તેના સંગથી થતી દુઃસહ પીડા અનેક વાર જોયા તથા અનુભવ્યા છતાં પણ મનુષ્યથી તેનો ત્યાગ નથી થઈ શકતો. તેની નિષ્ફલતા જાણ્યા છતાંએ તેનો આશ્રય લેનાર સર્વથા, અસમર્થ છે. સમર્થને ક્રોધ થતો નથી. અશક્તિમાંથી ક્રોધની ઉત્પત્તિ છે. સમર્થ પુરૂષો પોતાની ઇચ્છાઓ આત્મબળથી પુરી કરેછે—તેમ કરતાં વિઘ્ન નડે તો તેનો ધ્વંસ કરે છે. કામના પુરી ન થતાં અથવા તે પુરી કરવાની શક્તિ ન છતાં આ પરિચ્છિન્ન સૃષ્ટિનાં પરિમિત દેહાભિમાની માનવી ક્રોધનો આશ્રય લેછે, ઈશ્વરનો આશ્રય વિસરે છે. ગમે તેવા સદ્ગુણ હોય, ગમે તેવું જ્ઞાન હોય, ગમે તેવો ત્યાગ હોય, તોપણ અહંતા ન ત્યજાઈ, ઈશ્વર ઉપર શ્રદ્ધા ન રખાઈ ત્યાંસુધી મનુષ્યમાત્રને કોઈ કોઈ સમયે ક્રોધને આધિન થવુંજ પડેછે. તેમ ન હોય તો સંસાર ત્યાગ કરી વન સેવનારા ગરીબ અને દયાળુ ઋષિયો સહજ વાતમાં પોતાના ક્રોધનો આવિર્ભાવ મહા ઉગ્ર શાપમાં કરે ? નિઃસંશય, "Anger is a short madness." એ કોઈ અનુભવીનુ વાક્ય ખરુંજ છે. ક્રોધનાં ચસ્માં ચ'ડાવી દૃષ્ટિ ફેરવનાર વ્હાલાને વેરી દેખે છે, નિશ્ચયને સંશય માને છે, અકર્તવ્યને કર્તવ્ય લે'છે. જેણે ક્રોધની શિક્ષા માની તે જીવતોજ મુવો છે; કાંકે આ ને આ અવતારમાં તેને ચિરકાળ સુધી પશ્ચાત્તાપની ધમણમાં બળવું પડે

છે. અહો ! તેનાથી થતી અનર્થપરંપરા પણ કેવી મહતી ? આપણા નિત્ય વ્યવહારમાં ગુન્હાના પ્રમાણમાંજ શિક્ષા હોય છે–અને તે પણ એક કાળમાં. પણ આ ક્રોધની તો વાતજ જુદી. જે ક્ષણે તેની ચિનગારી હૃદયમાં મુકાવી તે ક્ષણેથીજ તે વ્યથા કરેછે–કલેશ કરે છે, પછી અનુતાપ પ્રકટે છે. તેમાંએ તેની ઉત્પતિ અને સ્થિતિ અલ્પકાળ અને તેમાંથી થતો પશ્ચાત્તાપ યાવજ્જીવ ચાલવાનો. તદપિ ક્રોધ નથી છાંડાતો. વધતા ઓછા રાગદ્વેષની પાંખ ઉપર ચ'ડેલા મનુષ્યોને સર્વ સ્થળે ઈષ્ટાપત્તિઓ નથી હોતી. એટલે અવિચ્છિન્ન ચાલતા પ્રભાવમાં અટકાવ થતાંજ અકળામણ થઈ જાય છે. અને આજ કાલના મેઘની પેઠે જ્યાં ફાવ્યું ત્યાં ખુસુ નાંખવાને તે ક્રોધ તૈયાર હોય છે. જુવોને, નળ જેવા ધર્મરાજાએ દમયંતી જેવી ધર્મપત્ની ઉપર ક્રોધ કર્યો તે માત્ર પેટનુ પુરું ન થયાથીજ ! અથવા આ ડાહ્યા અને ગંભીર તથા ધીરા પ્રધાનને કાળા મ્હોંના ક્રોધનુ મ્હોં જોવું પડ્યું તે માત્ર વસંતબાનો ખરો પત્તો ન મળવાથીજ. અને આટલાજ કારણથી "રાંડ ઉપર શૂરા અક્કર્મી માંટી" જેવો બની તેણે પોતાની પ્રિય સેનાને અકારણ ધમધમાવી.

પણ ડાહ્યો એટલે તે ઝટ સમજી ગયો કે ચિરકાળથી દેશનિકાલ કરેલા કલિને લાગ ફાવ્યો તેથી તેણે આટલું અયોગ્ય ભાષણ કરાવ્યું. તુરત,

"રે ક્રોધ ! યોધ ! તુજ બોધ હવે જવા દે
હાવે લગાર ઉપશાન્તિ મને થવા દે
સદ્‌બુદ્ધિને ગ્રહણથી કર મુક્ત ભાઈ !
તોડાવવા ન મથ ઈશ્વરની સગાઈ".

એવાં નીતિનાં અને વિનયનાં વેંણ હૃદયાન્તર્ગત ક્રોધને કહી તેને વદાય કરી આ પ્રજ્ઞ પુરુષે પોતાનો ચારવર્ગ બકોર્યો. કોઈને સન્યાસી, કોઇને ફકીર, કોઈને ભીખારી, કોઈને વ્યાપારી, કોઈને કાપાલિક, કોઈને અલમસ્ત, કોઈને કાપડીયા, કોઈને ફેરીઆ, કોઈને અધોવાઇયા, કોઈને વહાણવટી, કોઈને માઉ, કોઇને દેસાઈ, કોઈને શ્રીપુજ, કોઈને ગોસાઈ એમ સર્વને જુદે જુદે વેશે બનાવી તેણે રાજપુત્રીની શોધને માટે તેમને સત્વર પ્રેરી દીધા. તેમાં કોઈ તો જોષ જોતાજ ચાલ્યા– કોઈ ટેલ નાંખતા નાંખતા હીંડ્યા–કોઈ વૈદુ કરતા કરતા ગયા અને કોઈ વેદપાઠ ભણતા ભણતા શુકલજી થઈને સંચર્યા. આટલું કરતાંએ તેને

સંતોષ ન થયો, જંપ ન વળ્યો. તેથી રાજભવનમાંથી નિઃસરી, એક અશ્વ ઉપર ચ'ડી નગરની બાહેર જઈ ગામના પાદરમાંથી વેરાનમાં ગયો; ત્યાંથી કોઈ ગુપ્તસ્થળે કોઈ ગુપ્તમંત્ર કરી પુનઃ પરિચિત પ્રદેશમાં આવી, રાજમાર્ગ, ગલી, નળી આદિ તપાશી, પગલાં ખોળતો, વૃક્ષ, ઝાડી, ગુહા ઇત્યાદિમાં કંઈ ચિહ્ન તપાસતો, વટેમાર્ગુ, વાનપ્રસ્થ અને અંતેવાસી ઇત્યાદિથી ભાવ કહાડતો આમતેમ બહુવાર ભટક્યો, અથડાયો, પણ તેનો શ્રમ નિષ્ફળ ગયો. વસંતનો પત્તો ન મળ્યો તેથી દેહનો પિત્તો ઉછળ્યો. તુરતજ વદાય કરેલા ક્રોધે ગુપ્ત પ્રવેશ કરવા માંડ્યો. છેવટ મધ્યાહ્નકાળ વટી ગયાથી, દુષ્કાળના ખડ્ગથી કે જ્વાલામુખીના કોપથી કે પિંઢારાની લુટથી ઉજ્જડ થઈ ગએલા જીર્ણારણ્ય જેવા દેખાતા દુઃખમય નગરમાં નિઃશ્વાસ નાંખતો નાંખતો, ભરાઈ આવતાં લોચન લ્હોતો લ્હોતો, સકરૂણ વિલાપ સાંભળતો સાંભળતો, મેંશ ચોપડાઈ હોય એમ લજાતો લજાતો, અશ્વ ઉપર છતાંયે ખર ઉપર બેઠો હોય એમ પોતામાં ને પોતામાં સમાતો સમાતો, પાછાં પગલાં પડતાં છતાંયે આગળ ધપી, તે પોતાનેજ ઘેર આવ્યો. અહીં પેલી દુષ્ટા કેસરી ક્ષુદ્ર દેવની બાધાઓ રાખતી, રડતી અને ઉપાયો ખોળતી, હિમ્મત હારતી અને પકડતી, માથે હાથ મુકી બેઠી હતી ત્યાં જઈને, હાથમાં એક નાગી તરવાર પકડીને, ગાય ઉપર સિંહ, ભેંશ ઉપર વાઘ, કે ચલ્લી ઉપર બાજની પેઠે આ રણધીર એ રંડા ઉપર તુટી પડ્યો.

રાજપુત્રીની શોધમાં આંખ્યો ગયાથી જાણે તે સ્થળે અગ્નિના અંગાર મુક્યા હોય એમ પ્રચંડતા ધારણ કરીને, મહા શોકથી પડી ગએલા દંતને ઠેકાણે સર્પના વિષમય દાંત મુંકીને, શૂન્ય થઈ ગએલા હૃદયમાં, ધન અને સુતરહિતા વિધવાના હૃદયની ક્રૂરતા ભરીને, ફીકા પડી ગએલા દેહમાં ભૈરવની ભયંકરતા ધારીને, આ ઉત્કટ સુભટ, જીવ લેવાને આવતા યમને પણ ઉછાળી નાખે એવી તેની ઉછળતી છાતી ઉપર ઘોડો ફલંગીને જાણે તેને ચાવી જવા, કાપી નાખવા, છુંદી નાખવા, કે પીંગળાવી દેવાનેજ બેઠો. ક્રુધિત થએલા આઠ રૂદ્રની સાથે નૃસિંહેજ જાણે તેના દેહમાં વાસો કર્યો હતો.

બ્રહ્માણ્ડનાથી પણ અધિક ભારનો અનુભવ કરતી છતાંએ આ કુટિલા સ્ત્રી બરુની પેઠે કંપતી હતી. પ્રથમથીજ જેનુ ભય હતું એવો ‘આ નઠારો પ્રધાન’ આગળ ને આગળ આવ્યો. “હવે તો

માની દીધેજ સિદ્ધિ છે." એવા વિચાર કરી, અઠ્ઠાણુ વશા કહી દેવાનો નિશ્ચય કરી પ્રધાનની ચળકતી તરવારમાં પોતાનુ મૃત્યુ પ્રત્યક્ષ જોતાં તે નિશ્ચયને દૃઢ કરતી તે ભાગ્યા તુટ્યા અક્ષરથી બોલી, "જવા દો મા–બાપ–ક–કહી–દઉછું–અ–બધુએ." કંઈક આશાથી, કંઈક કાળ-ક્ષેપથી, કંઈક આ અબળાના સ્ત્રીત્વના ભાનથી, અગ્ર શિખરે ચ'ડેલો ક્રોધ ઢીલો પડ્યો–વચકજ્યો. તેથી શોણિતથી પણ પેહેલાં વાર્ત્તા કહાડી લેનારી આ પોતાની વિલક્ષણ તરવારને આ પ્રધાને બાજુ ઉપર મુંકી અને કહ્યું, "બોલ! ખરી વાત શી છે?" આ વેળાના શબ્દો, વર્તણુક અને આકૃતિમાં કંઈ વિશેષ ભય ન જણાવાથી આ ચપલાના ચપલ મને કંઈ બીજોજ અચલ નિશ્ચય કરી દીધો. એટલે પછી તો ઘણીયે યુક્તિયો કરી, ઘણીયે લાલચ આપી, ઘણીયે જાળો પાથરી, ઘણીયે ભીતિ દેખાડી, પણ પ્રધાન, એ તલમાંથી તેલ નજ કહાડી શક્યો. દીન, કરૂણ, અર્થરહિત અને અસત્ય તથા કપટમય વચન બોલતે બોલતે આ પાપાએ, વાતને ઉડાવી, કપટને હરાવ્યું, ક્રોધને હંફાવ્યો, મારને થકવ્યો, ચાતુર્યને ચુકાવ્યું, ભાનને ભમાવ્યું, ચિત્તને ચળાવ્યું ને તર્કને ભુલાવ્યો. પ્રધાન કાયર થયો–થાક્યો. બીજું કંઈ કર્તવ્ય રહ્યું નહી. તેથી કેસરીને તો પોતાના પાપને માટે પશ્ચાત્તાપ કરવાને માટે નિર્જન કારાગૃહમાં એકાન્તના ચાબખાનો માર ખાવાને રવાને કરી, ધક્કો વાગ્યો હોય એમ તે એક ગાદી ઉપર ઉભો ઉભો પડ્યો. આપત્કાળમાંથી નિઃસરી જવા જેટલા સુઝ્યા તેટલા ઉપાયો કરતા સુધી અન્ય રસ્તે દોરાયલું પ્રધાનનુ મન નવરૂં પડતાં શોકના સમુદ્રમાં ઝબકોળાયું. "અરેરે!" તે રડતો જાય ને બોલતો જાય, "મ્હારા કાર્યભારમાં આમ? ઓ રાજપુત્રી! તેં આ શું કર્યું? મ્હારા ઉપરનો તો રહ્યો પણ આટલાં વર્ષ પર્યંત ઉછેરીને મો'ટી કરનારાં ત્હારાં માતાપિતા ઉપરનો ત્હારો સહજ પ્રેમ ક્યાં ગયો? બ્હેન? વસંતબ્હેન? આતે શું કહેવાય? શો ગજબ? ક્યાં ગઈ ત્હારી ભીરુતા? ક્યાં ગઈ ત્હારી લજ્જા? ક્યાં ગયું ત્હારું ડા'પણ? અને આ શું સૂઝ્યું તને? અથવા આમજ કરવું હતું ત્યારે હમે ક્યાં સુધી જીવવાનાં હતાં? વળી ત્હારી શી ગતિ થશે? ફુલનાંયે પગરખાં તને ખુંચતાં હતાં તો હવે અમને કષ્ટ કરે એવા કાંટા ત્હારા કમલથી પણ કોમળ પાદદ્વયમાં વાગશે ત્યારે તું શું કરીશ? કો'ને કહીશ? કોણ ત્હારી સહાય? કોણ તને પાણી પાશે? કોણ ભોજ્ય આપશે? કોણ બરડે હાથ

ફેરવશે? અરે! ત્હારે ઉપરાંણુંએ કો'નું? ધૂર્તને અને ત્હારે શી સગાઈ, શો સ્નેહ? પેટને માટે રખડી ખાનારા, ત્હારા અલંકાર લેઈ તને પતિત કરી રઝળતી મુંકશે ત્યારે શી વલ્હે થશે ત્હારી? બેટા! અરેરે! શિવ, શિવ, શિવ, હે ભગવન્, રક્ષણ કરજો એ કેળનુ! બાપુ! એ ધૂર્તથી તું કેમ છેતરાઈ? શો મોહ એ ગૂઢચારીમાં? પણ એવી શંકા ત્હારા ઉપર કેમ લવાય? એવી શંકા લાવવી એ જીવતાંજ મુવા જેવું છે. ત્યારે શું તને કોઈ હરી ગયું? હરી ગયું; એમજ તો. નહીતો ક્યાં ત્હારી ઈચ્છા પ્રમાણે લગ્ન કરતાં કોઈએ અટકાવ કર્યો હતો? હરીજ ગયું, અને તેમાં ત્હારો શો દોષ? પણ બ્હેન વસંતવિલાસિની? ત્હારું હરણ કરનારના પ્રાણનુ હરણ આ–ત્હારા બાપનો ચાકર–સેવક–કરશે, કરશે. પણ હાય! લોકમાં શું મ્હોં દેખાડીશું? શું કહીશું? કોણ માનશે? અરેરે! આ કાળે મૃત્યુ પણ સંતાઈ ગયું; રાજકુમારી! ત્હારી આ અવસ્થાજ જોવાની હતી તો તું જન્મતાંજ કાં ન મોઈ? અરેરે! તું સ્વેચ્છાથીજ હરાયું ઢોર બની હોય તોઃ—ક્યાં ગઈ ત્હારી ભોળપની આરશી જેમાં ત્હારું અંતઃકરણ પ્રકાશતું હતું? ક્યાં ગયું ત્હારું શીયળ જ્યાં પ્રજાનુ મન રાચતુ હતું? અને ક્યાં ગયું ત્હારું ધૈર્ય જેમાં કુવિચાર ગુંગળાઈ જતા હતા? અરેરે! આ હતભાગ્યાનુ લોકોમાં શું કહેવાશે? વગર ભણેલી દેવી કામસેનાની ભણેલી ગણેલી પુત્રીએ આમ કર્યું ત્યારે શું કેહેશે લોકો વિદ્યાને? કેવું કલંક દેવાશે સ્ત્રીકેળવણીને? પણ આમ વિલાપમાંયે શો નફો? આ વિલાપ તું કંઈ સાંભળનારી છે? માટે લાવ્યની, હુંજ બ્હેનની ખોળમાં નીકળી પડું? પણ રાજ્યને કોણ સાચવે? હરિ, હરિ! અદ્યાપિ પર્યંત રાજ્યભાર તથા વ્યવહારભાર માથે લેઈ સ્વપ્ને પણ દુઃખનુ દર્શન ન થવા દેતાં સપરિવાર રાજારાણીને સુખમાંજ કાયર કરી દેનારો અમાત્ય–હું–તે આમ ઉપાયરહિત હરાયલો બની ગયો? અને તે મ્હારી ઉછેરેલી-રમાડેલી-મહારાજાની કન્યાથીજ! સર્વથા, દુર્દૈવનોજ પરિપાક છે. જો તું મૃત્યુપરાયણ થઈ હોત, જો તું લગ્નપરાયણ થઈ હોત, જો તું જળપરાયણ થઈ હોત, કે જો તું અગ્નિપરાયણ થઈ હોત તો–હાય! આમ વેદના ન થાત. પણ હું જીવતાં સતી કામસેનાની પવિત્ર અને પૂજ્ય કૂખ લજાય? જે કૂખમાં જન્મ ધરવા ઋષિયો જેવા પણ કાશીમાં કરવત મુકાવે અને મ્હારા જેવા અવતારના અવતાર આશા રાખ્યાં કરે તે સતીની કૂખમાંથી આવી

પ્રસૂતિ? અથવા હું જીવતાં ત્હારું હરણ?. હા ધિક્—શતવાર—અરે, લાખવાર ધિક્—મ્હારા બંદોબસ્તને!" આમ બડબડતો—રડતો—કકળતો—કપાળ કુટતો, ઝ્હોંચા કરડતો, પગ પછાડતો અને હોઠ પીસતો કાર્યભારી મંડળીનો અગ્રસરી, દ્યૂતમાં હારેલા નળ કે કાબાથી લુટાયલા અર્જુન જેવો આ રાજ્યનો પ્રધાન્, ભુખ્યો, તરશ્યો અને થાકેલો, નગરચર્ચા જોવા દ્વાર બારણે નીકળવા લાગ્યો. પણ એને શું જોવાનુ હતુ? જાણે પોતાના શોકભાવનો ચેપ લાગ્યો હોય, જાણે પોતાના વિકારોનાં પ્રતિબિંબ પડ્યાં હોય, જાણે પોતાની સ્થિતિનો સર્વ સ્થળે ભ્રમ થયો હોય એમ આ ક્ષીણ પ્રધાને ઘેર ઘેર આત્મજાના હરણના દુઃખ, અને અપકીર્તિના ભારથી મરણાધિનતા પ્રત્યક્ષ જોઈ, અનુભવી. "હવે શું કરીશું?" "હાય, હાય!" "આપણાં શાં દુર્ભાગ્ય?" "હવે કેમ જીવાશે?" "કેમ મ્હોં દેખાડાશે?" "દીકરીની લાજ સચવાશે?" ઇત્યાદિ સંકષ્ટના આર્ત્તશબ્દમય નગરમાં નિઃશ્વાસના પવન વાતા હતા, અશ્રુનો વર્ષાદ થતો હતો, વક્ષસ્તાડનના મેઘ ગાજતા હતા અને નયનોન્મીલનની વીજ ચમકતી હતી. અત્યારે તો આ નગરમાં પ્રસ્વેદ ગ્રીષ્મ ઋતુને અને કંપ શિશિરને સૂચવતો હતો. વળી આ નગરમાં આ શોચ્ય પ્રસંગે વ્યાપાર અને દેહમાંથી કસ ઘટી ગયો, સટી ગયો, મટી ગયો. તેમાં હરતાલ ધંધામાં પડી, ચિંતા હૃદયમાં અડી અને જડતા દેહે ચ’ડી. પોતાની સાથેજ આ નગરમાંથી રાજપુત્રી, સ્નેહ, આનંદ, ઉત્સાહ, વિલાસ અને ભભકધમક લેઈ ગઈ હોય એમ આજે તો નથી માને સ્તનંધય ધવરાવવું ગમતું, કે નથી ભાઈબ્હેનને રમવું ગોઠતું; નથી સ્ત્રીપુરુષને સામે જોવું ગમતું, કે નથી પિતાપુત્રને બોલવું ગોઠતું. નાગરિકોની વાતોમાં બ્હીડીયાપણું આવ્યું હતું, તેમના વિચારમાં વસંત આવી હતી અને તેમના મનમાં આધિ આવી હતી. તેથી સર્વથા, પ્રજાની સ્થિતિ દયામણી હતી.

અને તે સર્વ પ્રજાનો રક્ષક, તેના દુઃખનુ નિવારણ કરનાર, તેના સુખને માટે નીતિમહોદધિ મથનાર, રાજ્યાતપમાં અખંડ તપનાર પ્રધાન—કૃતનિશ્ચય પણ સંદિગ્ધ જેવો જણાતો પ્રધાન—જનમંડળના વિચિત્ર વિવિધ આલાપ રૂપી મણકાઓમાં ચિત્તરૂપી સૂત્રને પરોવતો પરોવતો, જ્યાં ત્યાં નસીબ અને પડછાયાની પેઠે શોક અને શૂન્યકારને બે ડગલાં આગળ નિરખતો નિરખતો, લજ્જાના ભારથી ભૂમીમાં પેસતો પેસતો, જાણે આ નગરનો ત્યાગ કરતો હોય એમ આગળ

હીંડ્યો—બાહેર નીકળ્યો. શોકરાહુથી ગ્રસ્ત થએલો આ ભૂમંડળનો ચંદ્ર અન્યસ્થળે પરિક્રમણ કરવા લાગ્યો. ચિંતાપનોતીને પગ તળે ડબાવી સીતા જેવી વસંતની શોધ કરવાને આ નૂતન હનુમાન આગળ ધપવા લાગ્યો. આમ બહુવાર ન ચાલ્યો એટલામાં એણે કંઈ સકરૂણ વિલાપ સાંભળ્યા. તેથી તે નગર બાહેરના વેરાનમાં એકલો હાલ્યા ચાલ્યા વિના કેટલીએક વાર ઉભો રહ્યો. ઘણી વાર થઈ. અગીયાર વાગ્યા, બાર વાગ્યા. પણ ક્ષણે બહુ થતું, ક્ષણે મંદ પડતું અને ક્ષણે તુટક પડતું રૂદન બિલકુલ બંધ ન પડ્યું. આગળ પાછળ કંઈ જગ્યા જણાય નહી. તદપિ આ વીરજને નિરાશાને ન ભજી. છેલ્લે મધ્યરાત્રી વટી, અને ઘટીએ એકનો ટકોરો વગાડ્યો ત્યારે સામેના એક પોલા ઝાડમાંથીજ હોય એમ એક કાળો કંબલ હોડેલો મનુષ્ય હાથમાં કડી-ચાળી ડાંગ ઝાલીને આવ્યો. તેની ચાલથી, તેની ઉધરસથી, તેના મ્હોંના આચ્છાદનથી, તેમાંથી દેખાતાં તેનાં નયનોના ચળકાટથી, પ્રધાને તે બાહુક કે બ્રહ્મરાક્ષસ જેવા બીભત્સ નરને ઓળખ્યો, તેથી, આશ્ચર્ય, ભય કે ચિંતા રાખ્યાવિના—પણ આતુરતા રાખીને, "સલામ," "રામ રામ," કર્યા વિના તે બોલ્યો, "કેમ, મોહનસિંહ, કંઈ પત્તો?" શ્વાસનેજ બ્રહ્મરંધ્રમાં ઉચ્ચો ચ્હડાવીને એક ક્ષણ વર્ષતુલ્ય ગણતો તે ઉત્તરને માટે જાણે પોતાનો જીવજ તેના ઓઠ આગળ લેઈ ગયો. આ આગ્રહ મોહનસિંહ સમજ્યો તેથી ઝટ બોલ્યો, "હાજી." ચિત્તને ઠેકાણે બેસાડી, શ્વાસના ઉચ્ચ ચ્'ડેલા પૂરને નીચે ઉતારી, શ્લથ થએલા ગળામાં ખુમારી લાવી, અધર ઉપર હાસ્ય ફરકાવી, પ્રધાને આ પુરૂષનો ખભો થાબડ્યો અને પૂછ્યું, "તે ક્યાં છે? ચાલો લેઈ આવીએ તેને." પ્રધાનનો ઉચાટ ઓછો કરી, તેની જીજ્ઞાસા પુરી પાડી અને તેની ઇચ્છા સફલ કરી, હવે રઘવાટ ન કરતાં મોહનસિંહ બોલ્યો, "સુજ્ઞ સચિવ! મહારાજાએ મ્હારું સર્વસ્વ હરી લીધું. મ્હારું ગામ, મ્હારો ગરાસ લુટી લીધાં. અને તે શું કરવા? એ મ્હારી કન્યા"—એટલું કહી તે રડી પડ્યો. "મોહન, મોહન! આ શું! આટલે દહાડે હવે? આ શું?" એમ કહી તેને ધૈર્ય આપી તેની છાતી સરસો હાથ ચાંપી પ્રધાને તેને શાં શાં વાનાં કર્યાં. પણ ડુંટીનો ઘાવ લાગ્યો હોય એમ મોહનસિંહ મહા ઉદ્વેગથી બોલ્યો, "શું કરું? તમે વચ્ચે છો. બાકી બતાવત મહારાજાને કે છોકરાંનો તો સરવેને સરખો શોક છે." પ્રધાન, "મોહનસિંહ! આ શું? કોઈ દિવસ નહી ને આજ?" મોહન-

સિંહ,–" ભાઈ! મ્હારી આ દશા? મ્હારી એકની એક પુત્રીનો કાળ? અને તે મ્હારી ઇચ્છાથી? અને તે મહારાજાના છોકરવાદી તરંગથી! હાય! શું કરું? પણ ઈશ્વિરે બરોબર શિક્ષા કરીછે. તેને ઘેર તો ઘીના બળે છે." પ્રધાનઃ "મોહનસિંહ! ક્ષાત્રવટ ચુક્યા? અન્નદાતા ઉપર દ્વેષ હોય? તેના કષ્ટમાં રાજીપો?" મોહનસિંહઃ "અરે હાય! ક્ષાત્રવટ તો ગઈ કુસુમા"–તેટલું બોલી ફરી ગળગળો થઈ ગયો. તેથી પુનઃ પુનઃ તેને આશ્વાસન દેઈ, તેને વાત વિસરાવી, તેના અખાડામાંથી તેને હાથ લાગેલી સ્ત્રીને પ્રધાને મંગાવી. પણ ચકમકના અજવાળાથી જુવેછે તો, ખરે! આતો કુલી નીકળી, ને વસંત ન હોય. બન્ને એકબીજાના સામે થોડીવાર જોઈ રહ્યા. પછી મોહને પુછ્યું, "ત્યારે આ કોણ?" "સરલા વસંતબાની કુટિલા દાસી તે આજ. આનીજ સાથે વસંતબા ગુમ થઈછે." એટલા પ્રધાનના શબ્દથી મોહનસિંહ બોલ્યો, "તો ઠીકજ છે. એનાથી પગલું જડશે. એને રાખો કબજામાં ને મનાવો વાત. છેટું પડેછે, માટે હું તો જાઉંછું ખોળમાં." એમ કહી આકાશમાં દોડતા મેઘની ત્વરાથી મોહનસિંહ તો કોણ જાણે ક્યાંયે ઉતરી પડ્યો. અને પ્રધાન પણ પોતાના અશ્વ ઉપર મૂર્છિત બનેલી કુલીને નાખી આવા પ્રસંગને અનુસરતા અનેક વિચારોમાં રગદોળાતો રગદોળાતો એકલો એકલો ઘેર આવ્યો, અને કુલીને એક બીજા ગૃહમાં રાખી, રાજ્યભવન તરફ ચાલ્યો.

પ્રકરણ ૨૪ મું.

વૈષમ્ય.

પુત્રીના અપહરણ અથવા ગમનની વાત સાંભળીને–સર્વ રાજ્યથી ભ્રષ્ટ થએલા સપુત્ર હરિશ્ચન્દ્ર તથા તારામતીથી પણ વધારે વેદના ભોગવતાં, દ્યૂતમાં સર્વ રાજ્ય ખોઈને પુત્રપુત્રી વિનાનાં બનેલાં નલ દમયંતીથી પણ વિશેષ ભુઠાં પડતાં અને પોતાના દાંપત્યના ઉત્પન્ન થએલા ફળરૂપી શિશુને કંસે હરી લીધાથી તે નિમિત્તે અતિ ઉદ્વિગ્ન થએલાં વસુદેવદેવકીથી પણ અધિકતર રૂદન કરતાં–રાજ્યાભિષેકને દિવસે વનવાસ સેવતા

રામચંદ્રજીના વિરહથી મહા સંકટના સાગરમાં આમતેમ આલોટતાં દશરથ અને કૌશલ્યા જેવાં આ નગરનાં રાજારાણીનુ દુઃખ નિઃસીમ હતું. પરંતુ તેમના મહા શોક અને કરૂણ રૂદન તથા દીન આલાપનાં વર્ણનનાં પાનાં વાંચનારનાજ અશ્રુપાતથી ભીંજાવવા કરતાં પ્રથમ દિવસની આ રાજારાણીની અવસ્થા ઉપર પડદો નાખી દેવો એ ઉચિત લાગ્યું છે.

બીજા દિવસનું વ્હાણું વાયું. સૂર્યરાયનું દૈનિક પ્રયાણ પુરૂ થયું; પૃથ્વીએ પણ નિયમિત પરિક્રમણ કર્યું. રાત્રીને સમયે અંબરમાં દિગંબર બની વિહાર કરતું તારકમંડળ સલજ્જ બની સંતાઈ ગયું. કમળ પુનઃ વિકસવા લાગ્યું. વૃક્ષવલ્લિએ જીવનીય દ્રવ્ય અદૃશ્ય અનિલયંત્ર ઉપર ચ’ડાવી સ્થળેસ્થળે મોકલવા માંડ્યું. પક્ષીવર્ગનાં મધુર સંકિર્તન થવા લાગ્યાં. સાન્ત જગતના આયુઃમાં એક દિવસનો ઘટાડો થયો છતાં વિભ્રાન્ત જગજ્જનોએ માન્યું કે વયનો વધારો થયો. નદીનિર્ઝરનાં ઘણાં પાણી વહી ગયાં. ભૂત અને ભવિષ્યથી રહિત સતત વર્તમાન રહેતી અપરિચ્છિન્ન ઈશ્વરલીલાની અદ્ભુત શોભાના સમગ્ર અવલોકનની અશક્તિથી પરિમિત જીવોની અનુકૂલતા માટે કલ્પી ક’ડાયલા કાળના ચોવીસ કલાક ચાલ્યા ગયા. કંઈ આશ્વાસનથી, કંઈ ઔષધોપચારથી, કંઈ કાળક્ષેપથી, કંઈ સહ્યું પડ્યાથી, કંઈ વિચારશક્તિના ઉદ્ભવથી, કંઈ આશાથી અને કંઈ ઈશ્વરશ્રદ્ધાથી, પુત્રીના અપહરણથી આર્ત્ત અને દીન બનેલાં રાજારાણીએ તેટલા સમયમાં કેવળ મૂઢ અને તામસ સ્થિતિમાંથી, દુઃખ અને શ્રમજન્ય મિથ્યા નિદ્રામાં પ્રવેશ કર્યો અને ત્યાંથી શૂન્ય જાગ્રત અવસ્થામાં દાખલ થયાં—પણ તે રાજસી વેદના ભોગવવા માટે. જાણે બ્રહ્માસ્ત્રથી મુક્ત થયાં હોય, જાણે નવા જીવે આવ્યાં હોય, જાણે સમાધિમાંથી જાગ્રત થયાં હોય, જાણે મંત્રપાશથી છુટ્યાં હોય, જાણે મોહનિદ્રામાંથી ઉઠ્યાં હોય, એમ આ પુત્રીથી રહિત થએલાં એ માનવી આળસ મરડીને ઉઠ્યાં. ટોળાથી વિરહિત હરિણદ્વંદ્વ જેવાં દેખાતાં, અને એકજ સમયે ગ્રસ્ત થએલા સૂર્યચંદ્ર જેવાં વદન ધારતાં, આશ્રયરહિત અને દુઃખભારસહિત થએલાં, પ્રજાના જીવ રૂપી મહારાજા કેસરીસિંહ તથા મહારાણી કામસેના રાજ્યભ્રષ્ટ થયાં હોય, સર્વમૂષિત થયાં હોય, મહા પાપના પુંજમાં ડુબ્યાં હોય, મહા કલંકથી લજ્જિત થયાં હોય એમ પતિતવત્ દૈન્યને ધારી, ક્ષીણવત્ ધવલતા સજી, ગંડકવત્ નયન ફટારી, આલપંપાલ બોલવા લાગ્યાં,

આગ્નવત્ પોતે ધીકી બીજાને ધીકાવવા લાગ્યાં અને રાજ્યસહિત રાજ્ય-મંદિરને કલિને સાંપી દેવા લાગ્યાં. "હે પુત્રી, હે પુત્રી!" એમ મહા કારમા સ્વરથી બોલતાં બોલતાં એ બન્ને જણ કોમલ વક્ષઃસ્થલ કુટી કુટી તેમાં ભરાએલા શોકરિપુને તથા પરિજનનાં અશ્રુને સાથે લાગાંજ ખેંચી કહાડવા મંડ્યાં, તેથી તેમના ઉત્થાનસમયે ચડેલા અશ્રુ-પુરમાં જાણે મનુષ્યમાત્ર તરતાં હોય, એમ આખુ રાજ્યભવન શોકમય થઈ ગયું. દિનમણિનાં ઉષ્મા અને પ્રતાપ તથા નિશમણિનાં શીતળતા અને માર્દવને ધારણ કરી પ્રજાને પોષનાર ભૂમંડળનાં અમૂલ્ય મણિ જેવાં આ દંપતિને એકીજ વખત શોકરાહુએ ગ્રહ્યાં તેથી તેમનું પાણી ઘટી ગયું, રક્ત ઉડી ગયું, વપુ ગળી ગયું, માંસ ખપી ગયું, ચર્મ ચિમળાઈ ગયું અને લાવણ્ય લપસી ગયું. જળસિંચન અને બીજ વિના પણ તેમના કંઠમાં કાંટા ઉગવા લાગ્યા. તેમના નખમાં ધવલતા, નાડીમાં મંદતા, કાન્તિમાં ક્ષીણતા, ચિંતામાં ઉગ્રતા, હૃદયમાં શૂન્યતા, જિહ્વામાં શુષ્કતા, અને નિઃશ્વાસમાં ચપળતા, પોતપોતાની મેળેજ સમાઈ ગઈયો. શોકસરિતામાં આવી રહેલાં આ બે કમલ પોતાની આંખરૂપી ફટારેલી પાંખડીથી હાલ્યાચાલ્યા વિના ટગરટગર આસપાસ જોઈ રે'વા લાગ્યાં. શિયાળાના ઝાકળના આપાતથી ચણા ઉગીને ખાર ઉત્પન્ન કરેછે તેમ પુત્રીના વિરહાપાતથી બન્નેના હૃદયરૂપી ધરાતલમાં શોકે ઉગી નીકળી કટ્ટો વૈરમય ક્રોધ પેદા કર્યો, અને આ બનાવનું આ બન્નેને તો ભાન પણ ન રહ્યું. સ્વશક્તિ ગઈ અને અશક્તિ આવી, એટલે ક્રોધનુ જોર ફાવ્યું; અને આ રાક્ષસે તો રાતદિવસની સાથે લાગી લાંઘણ કરનાર સિંહની પેઠે પ્રથમ લાગમાં આવતા શિકાર ઉપર તુટી પડવાનો નિશ્ચય કર્યો. હૃદયમાંથી મસ્તિકમાં, ત્યાંથી નયનમાં, ત્યાંથી દાંતમાં, ત્યાંથી ઓઠમાં, ત્યાંથી જીભમાં, ત્યાંથી મુચ્છમાં અને ત્યાંથી મુષ્ટીઓમાં અને છેલ્લે પદતલમાં પ્રવેશ કરી, તેણે આ શાન્તિ-સાગર દયાસિંધુ મહારાજાને ધુણાવ્યો, ધીકાવ્યો, ધમાવ્યો. તેથી જેમ અગ્નિની શિખા લાંબી થઈને પણ સમીપવર્ત્તિને બાળેછે તેમ મહારાજની રીસ કોમળ રાજમાતાનેજ સ્પર્ષી.

સ્ત્રીનો જીવ, એટલે ઘડી ઘડી અકળાઈ જાય તો ખરોજ. તેમાં વળી સ્ત્રીઓ ડાહીડમ હોય તોયે તેઓમાં એક એવો સ્વભાવ હોયછે કે તેઓ જુની વાત વિસ્મૃતિના ખાડામાંથી ખેંચીને પણ રડે. તેથી વિલાપ કરતી કરતી તે બટબડી "રે મ્હારી ડાહ્યલી પુત્રી! કેવી કહ્યા-

ગરી!" કારણ તો કંઈ નહોતું તદપિ આ શબ્દોમાંજ માંણમાંણ કારણ ખોળી કહાડી ક્રોધથી પરાભૂત રાજા ચ્હીડાઈ બોલ્યો, "મોઈ એ ડાહ્યલી હોય ત્યાંથી. રાંડે કુળ તો બોળ્યું. પેટ પથરો પડ્યો હોત તો પંચાત મટત." ગમે તેવી, જતી રહી, દુઃખ દેઈ ગઈ, નામ બોળી ગઈ, તોપણ પુત્રી; અને તે માતાને ક્યારે અળખામણી લાગી? એટલે રાણી રડતી રડતી બોલી, "દયાનાથ! એમ શું બોલોછો? લાખ તોયે આપણું તો પેટ. વળી એણે શું દીઠુંછે?" આ શબ્દો ક્રોધના ધુમાતા અગ્નિની હોળી કરવાને બસ હતા. તેથી યુદ્ધમાં સામા આવતા શત્રુને જોઈને હોય એમ ભ્રમર ઉપર સર્પની ફણા મંડાવી મહારાજા ઘુરક્યોઃ "ઉઠ, ઉઠ—જા—અહીંથી. જા–ત્હારી છોકરી સાથે. નથી જોવું ત્હારું મ્હોં. ભટકી ખાઓ તું ને ત્હારી દીકરી, કુટ્ટિણિ!" "પ્રાણ-નાથ,! આમ બોલાય?" એટલું રાણી બોલતી હતી એટલામાં તો શબ્દમાં સમાઈ રહેલો ક્રોધ સ્પર્શમાં આવ્યો; અને અદ્યાપિ પર્યંત પોતાના તરફ ખેંચેલી, પ્રિયાર્હે, પ્રિયભાષિણી, પતિવ્રતા અને પતિત-પાવની પોતાની એકનીએક અંગનાને આ દયાળુ અને પ્રેમાળ નૃપતિએ તિરસ્કારથી ધક્કો માર્યો. અપૂર્વ અવમાનનાથી માનિનીને ડુંમો ભરાઈ ગયો. તે ચ્હડી ગઈ–ન હલાય કે ન ચલાય–તદપિ નૃપતિને ક્રોધે છોડ્યો નહી–તેથી તે બોલ્યો, "હજી ઉઠતી નથી? છોકરીને બગાડી ખરાબ કરી ને શું મ્હોં દેખાડવા બેઠીછું? ઉઠ–કે મારુંછું લાત." "પ–પ–પતિ, ત્‌ત્‌–તમેયે આમ કરશો કે?" એટલું બોલી અબળા મૂર્છિત થઈ ગઈ.

તેનો ત્યાગ કરી ઘેલા જેવો રાજા બીજા ખંડમાં જતો હતો–તેના સામો, લજ્જાથી નમિત, શોકથી વ્યથિત અને શસ્ત્રથી રહિત પ્રધાન ધ્રુજતે પગલે, ધ્રુજતે હૈયે અને ધ્રુજતે દેહે આવ્યો અને ધ્રુજતે હાથે પ્રણામ કરવા લાગ્યો. અન્ય સ્થળે પડેલો ક્રોધ ખપી ગયાથી કે દીન બનેલા પુત્રવત્ પ્રિય પ્રધાનના દર્શનથી નૃપતિ ગળ્યો અને ગદ્‌ગદ કંઠે બોલ્યો "હવે શું કરીશું?" હિમ્મત રાખી, પ્રધાન બોલ્યો, "પૃથ્વીનાથ! ચિંતા પ'રી કરો. કાલે સ્હવારે બ્હેન ઘેર આવશે." આ વાતથી રાજાને કંઈ હર્ષ થયો નહીં. તેની તો શોકથી ભરેલી ગંભીર આકૃતિ હતી તેવીજ રહી, અને તે બોલ્યો, "શી રીતે? અને આવશે તોયે શું?" આ બીજા પ્રશ્નનો ઉત્તર આપવા કરતાં જિહ્વાનાજ કટકા કરવા સારા માની પ્રધાને માત્ર પેહેલાનોજ જવાબ વાળ્યો, "પ્રાણ-નાથ, કેસરી તો કબજે હતીજ, અને કુલી પકડાઈછે. એટલે બ્હેનનો

પત્તો લાગશેજ લાગશે. તેમ હજારો માણસોને ચારે તરફ દોડાવ્યાં છે. તે પોતાના નાસી જતા પ્રાણ સ્હાવાને હોય એમ કાળજી અને ત્વરાથી તપાસ કરશે." ડોકું ધુણાવી રાજા બોલ્યો, "વારું ! આવશે તોયે માથું કાપવા." પ્રધાન આંખમાં ઝળઝળીયાં લાવી બોલ્યો "પ્રભુ એમ ન કરો. આપના અને ઘરડાંના પુણ્યે પરમેશ્વર સારુંજ કરશે." આ વાત ઉપર કંઈ લક્ષ ન રાખી નૃપતિ બોલ્યો, "પ્રધાન, હવે બહુ થયું. આજે હવણાંજ હું સભામંડપમાં આવુંછું. ત્યાં સર્વ પ્રજાજનને એકઠા કર. અને કેહે કે "પોતાની એકની એક દીકરીનુ પણ રક્ષણ જેનાથી ન થઈ શક્યું એવો રાજા આવી રૂડી પ્રજાને યોગ્ય નથી. માટે પ્રજાનુ રાજ્ય પ્રજાનેજ સાંપી દેઈ તે આજથી—અત્યારથી-હવણેથી વનવાસજ સેવશે." એ હાથની અંજલીમાં ભરાતા અશ્રુજળમાં વદન ધોતો પ્રધાન ન બોલ્યો કે ન હીંડ્યો. પરંતુ "ઉઠ—ઝટ કર—હજી તો હું રાજાછું" એવા શબ્દોમાં અને કરાળ ચક્ષુઓમાં કંઈ વિચિત્ર ભયંકરતા જોઈ પ્રધાન જેવો પ્રધાન હરબડી ગયો. આજ્ઞા માન્ય કર્યાવિના સિદ્ધિ નહોતી, એટલે સ્વેચ્છા રહિત જાણે પારકે પગલેજ ચાલતો હોય એમ ધીરે ધીરે પગ માંડતો માંડતો, 'ફરી બોલાવેછે?' એવા વિચારથી તેના સામી કાતર દૃષ્ટિ નાખતો નાખતો, દયા આવે એવું દીન વદન કરતો કરતો, સંભળાય એવાં ડુસકાં ભરતો ભરતો સભાસ્થાનમાં અને નિરાશાનગરમાં તે એકી વખતેજ પેઠો. ઘોષનાદથી એક પલકમાંજ લોક ભેગા થયા.

પિતાથી પણ પ્રિય મહારાજાના શોકમાં ભાગ લેવા, લુટાઈ જતી રાજ્યલજ્જા અટકાવવા, નિરાધાર બનેલા નૃપતિને આશ્વાસવા, કે પોતાઉપર પડતા દુઃખની ફરીયાદ કરવા આ નગરના નાગર, બ્રાહ્મણ, ક્ષત્રીય, કાયસ્થ, વૈશ્યથી તે ઘાંચી, મોચી, તેલી, તંબોલી અને માછી ધરાધર મધમાખીનાં જૂથની પેઠે રાજ્યભવન તરફ ભરાવા લાગ્યા.

બીજી તરફથી રાજ્ય રૂપી કલિ નીકળી જવાનો હોય તેથી, કે રાજ્યશિરોમણિ છતાંયે પોતાની ઉપર આજ્ઞા કરનારી પોતાની સતી વલ્લભા આમ સેવકહીના, પરાધિના અને દીનવદના પડેલી દીઠી હોય તેથી, કે ક્રોધમાં બળી ગએલા સ્નેહના પુનરૂદ્ભવથી કે અપાર સદ્ગુણની દીર્ઘિકા રૂપ સતીના શિયળપ્રભાવથી કે તેના અધિકતર દુઃખમાં અનન્યાશ્રયતાના ભાનથી, જેણે પોતાની પ્રિયાનો એક ઘડી ઉપર તિરસ્કાર કર્યો હતો, રોષનો વર્ષાદ વર્ષાવ્યો હતો અને અકર્તવ્ય પણ કર્યું

હતું તેજ રાજાએ તેનુ લચી ગયેલુ-લટકી ગયેલુ-ઉત્તમાઙ્ગ પોતાના અંકમાં લેઈ તેના કપાળ, તેના ગાલ, તેની છાતી, અને તેના પેટ ઉપર હાથ ફેરવવા માંડ્યો, તથા તેની હડપચી, તેના અધર અને તેની હાથેલીઓ હલાવવા માંડી. સુકાઈ ગએલાં નયનમાંથી પણ સરેલાં બે ત્રણ અશ્રુબિંદુએ રાણી કામસેનાના નયનકમળને ઉઘડી ગએલી મોતીની છીપોનુ સારુપ્ય આપ્યું.

વિષમ દશા પામેલો મૂઢ રહિતસુખ મનાધિથી બળતો રાજા પશ્ચાત્તાપથી માર્યો માર્યો થઈ ગયો હોય એમ કાલુ મ્હોં કરી બોલ્યો, “પ્રિયે! મ્હારી વ્હાલી! ઉઠ-બેઠીથા, ઉઠ! બાપુ! મ્હારો જીવ ઉકાળે ચ’ડ્યો હતો તેથી કેહેવાઈ ગયું. પણ, મ્હારી મીઠી! હવે નહી કહું.” પ્રિયતમના અમૃતથી પણ વધારે મીઠા શબ્દોના શ્રવણથી, તેના જીવિતથી પણ વધારે વ્હાલા સ્પર્ષથી અને તેના ચંદ્રથી પણ વધારે શીતળ દર્શનથી સતી ઉઠી-પણ રડતી રડતી. શોકનુ ભરાઈ રહેલુ જળ માર્ગ દેખતાં વહી ગયું. આંસુ લોહી ઓશીઆળા જેવા બની ગએલા રાજા પ્રતિ તે બોલી, “પ્રાણનાથ! પતિ! મને પાછી પોતાની કરી? આ શાણું કે સાચું? વલ્લભ!” એટલું બોલી આધેર અવસ્થામાં છતાંયે રાણીએ બાળચેષ્ટા કરી-નૃપતિને આલિંગન દીધું. કોટે વળગેલી પ્રિયાને ત્યાંને ત્યાંજ રાખી, કંઠગત આવેલા પ્રાણને નીચા ઉતારતો હોય એમ તે ઘુટડા ગળતો ગળતો બોલ્યો, “મ્હારી પ્રિયા! તું ખોટું ન લગાડીશ હોં. વસંતવિના પરાધિન પડેલો આ દેહ તું નહી સાચવે તો કોણ સાચવશે? હુ શું કરૂં? મ્હારાથી અવિવેક બહુ થઇ ગયો-પ્રિયે! મ્હેં તને-આ બકુલથી પણ કોમળ દેહને ધક્કો માર્યો-હા ધિક્! ” રાણીઃ-“મ્હારા વ્હાલા, આમ શું કરોછો? આપ મને ન કહો ત્યારે કો’ને કહો? હું તો આપની અણમુલી દાસી છું. મ્હારાં ક્યાંથી ધન્યભાગ્ય કે આપ મ્હારા ઉપર કુપિત થઈ ચિત્તશાન્તિ કરો!” “ચિત્તશાન્તિ” શબ્દથી કંઈ અન્ય વિચાર આવવાથી નૃપતિ બોલ્યો, “પ્રિયે! હવે આપણે ચિત્તશાન્તિનોજ સમય છે તો; વસંત વિના શા કામનો છે આ સંસાર?” રાણીઃ-“ખરું કહો છો, પ્રાણનાથ! હવે આપણે માટે વનવાસજ છે. આપણો ત્યાગ આપણી પુત્રીયે કર્યો તો હવે આપણે સર્વ રાજપાટ તજવાંજ ઘટે છે. માટે કરો તૈયારી. ઘડીનીયે વાર શાને કરવી?”-સકરુણ પ્રિયાનુ વદન જોઈ તેની હડપચી ઝાલી તેને મૃદુ ચુંબન કરી રાજા બોલ્યો, “પ્રિયે! ત્યાં તને કેમ ગમશે? કેમ

ફાવશે ?" રાણીઃ–"પ્રિયતમ ! એમાં શું ફાવવું તું. જ્યાં આપ ત્યાં હું. આપ હો ત્યાં દેવતા બળતો હોય તોપણ મ્હારે તો તે ચંદનનાં છાંટણાં છે. સ્વામીની સમીપે સતીને પ્રતિકૂળતા પણ સાનુકૂળતાઓ થાયછે. માટે પ્રિય પતિ ! આપની અનન્ય ભક્તિ કરી, શ્રીકૃષ્ણના હૃદયમાં સમાનારાં લક્ષ્મીજીની પેઠે કરવાને હું સદા તત્પરછું–પછી તેમ કરતાં ઉપરા ઉપરી લાખસેં મોત કાં નથી પડતાં ? સ્વામીનાથ ! આપનુ ઉચ્છિષ્ટ ખાવામાં અમૃતસ્વાદ છે. આપની પગચંપી કરવામાં રાજ્યનો વૈભવ છે. આપના મ્હોં સામું જોઈ રહેવામાં આનંદના ઓવારા છે. તો પછી મને કેમ નહી ફાવે–કેમ નહી ગમે ? માટે પતિ ! મ્હારી ચિંતા માં કરો, અને ચાલો." એમ કહી સતી ઝટ ઉઠી અને રાજા પ્રસન્ન થયો. ઉદયસમયે રાજા બનેલા પુરુષને પરણેલી સ્ત્રી અસ્ત સમયે દીન બનેલા વનેચર થવાની તૈયારી કરનાર પુરુષમાં આવો દૃઢ પ્રેમ બતાવે એ વાત, વાંચનાર ! ત્હારા આર્યદેશમાં તો નૂતન નથી. જે દેશમાં લગ્નને કરારનુ રૂપ આપ્યું હોય, જે દેશમાં પોતાનીજ અનુકૂળતા ઉપર લગ્નનો તથા તેની સ્થિતિનો આધાર હોય તે દેશમાં તો શું થતું હશે, કેમ ચાલતું હશે તે દૈવ જાણે; બાકી ત્હારા દેશમાં તો લગ્ન કરનાર દ્વંદ્વ, દ્વંદ્વ મટી જઈ એક બની જાય છે, લગ્ન કરનારી કન્યા પોતાના પતિની અર્ધાઙ્ગનાજ થઈ રહેછે, અને પતિપત્ની અન્યોન્યનાં ઐહામુત્રિક જીવન તથા સુખના દોર, એકજ ગાંઠે એટલે લગ્નની ગાંઠે ગાંઠે છે, વણે છે. અહીં તો દેવી કામસેના એક નથી પણ અનેક છે. ગાળથી, તિરસ્કારથી, અરે ! મારથી પણ મોળો ન પડતો આર્યાવર્તની આર્યાનો પતિ પ્રતિ પ્રેમ સર્વથા અદ્વિતીય છે. અને આવા પ્રેમના આવરણોમાં ઢંકાઈ ગએલી–દબાઈ ગએલી આ પ્રેમદા વત્સલ પતિની સાથે દ્વિતીયાશ્રમમાંથી તૃતીયાશ્રમમાં જવાને તત્પર થઈ. તેનો દક્ષિણ કર ઝાલીને, જાણે વિવાહ મંડપમાં જતો હોય, જાણે રંગમંડપમાં પેસતો હોય એમ આ નરપતિ શોકાર્ત્ત પ્રજાથી ભરેલા સભામંડપમાં ગયો.

આર્ત્ત ભૂપાલની સર્વ ચેષ્ટામાં ત્યાગનાં દર્શન થતાં સભા નિશ્ચેષ્ટ બની પરંતુ શોકથી શુષ્ક પણ પુનિત અને શાન્ત વદન દેખાડતી, રાજ્યેતર પ્રદેશમાં જવા નિર્ભર અને નિર્ભય પગ પાડતી, લાખો દુઃખી મનુષ્યના મેલાવડામાં નિઃશંક ચાલતી, અનેક ઇષ્ટજનને સમજાવતી, આશ્રિત જનને ધૈર્ય આપતી, અને ભવિષ્યનુ સુખ પ્રમાણતી, ત્રિભુવનૈકપતિના બાહુ ઉપર આશ્રય લેનારી, દેવી કામસેના નજરે પડતાં પ્રજાના શોક

ઉપર આશ્ચર્યે અને મૌન ઉપર પૃચ્છકબુદ્ધિએ હલ્લાં કરી. આમ્રવૃક્ષને લેઈ વસંતને મળવા જતી માધવી લતાને જોઈ આ રાજ્યવનનાં સર્વ મ્હોટાં ન્હાનાં તરૂઓએ કર તથા શિરનુ ચાલન-ધૂનન કર્યું. અંતે પ્રજાનાં સમગ્ર ધન, બલ, યશ, આદિના સત્ત્વ રૂપ સિંહાસન પાસે ઉભા રહી, ફાટી જતા હૃદય ઉપર વજ્રનુ બળ ધારીને, ચ્હોંટી ગએલી જિહ્વાને મહા પરાકાષ્ટાએ ઉખાડીને, પાદદ્વય તથા બ્રહ્મરંધ્રને પ્રિયાનાજ આશ્રયે સ્થિર રાખીને—આલોકનો નયનાનંદ, પ્રજાના કાળજાનો દોર, રાજ્યનો દિનમણિ, સ્નેહીનો પ્રાણ, અને જગત્‌નો કીર્ત્તિસ્થંભ મહારાજ શુદ્ધ અને સ્ફુટ પણ ઘેરા અને ચંડ શબ્દમાં બોલ્યોઃ “મ્હારા વિશ્વાસુ પ્રધાન! ભાયાતો! અને મ્હારી વ્હાલી પ્રજા! આજ પર્યંત મેં તમારી સેવા કરી તેના બદલામાં તમારી આશીષ રૂપી મને એક પુત્રી મળી. પરંતુ અંતે મ્હારા દુર્દૈવે જય મેળવ્યો. હું દુષ્કર્મી”—પણ એટલામાં “નહી, નહી! પૃથ્વીનાથ! તમે સત્કર્મી છો.” એવા પ્રજાના શબ્દમાં રાજાનાં એક બે વાક્ય સંભળાયાં નહી. તે આગળ બોલ્યો, “પૂર્વ કર્મના સંયોગથી તે હતી ન હતી થઈ. સૂર્યવંશ ચન્દ્રવંશથી પણ વિશેષ કલંકિત થયો,—અને આ સર્વ મ્હારી અશક્તિથી. જે પુરુષ પોતાનીજ પુત્રી ન સાચવી શક્યો, પોતાનીજ કીર્તિ ન જાળવી શક્યો અને પૂર્વજની સંપાદિત નિર્મલતા ડાઘી બેઠો તે ષંડ—પતિત—અધમ પુરુષ આ રૂડી પ્રજા ઉપર રાજ્ય કરવાને જરા પણ લાયક નથી.” “એમ નથી, મહારાજ! એમ નથી! વસંત નિર્દોષ છે.” એવા નિઃશ્વાસયુક્ત મહાધ્વનિથી રાજા બોલ્યો, “તથાસ્તુ! ઈશ્વર કરે ને એ પુત્રી—કાંકે તેનુ નામ હવે અત્યારથી હુ નહી દેઉં.—અમલ રેહે! પણ હું તો ભ્રષ્ટ થયોજ.” પ્રજાઃ—“નહી, નહી.” રાજાઃ—“માટે આ રાજ્ય તમારું છે. ફાવે તેને તેનુ દાન કરજો. પણ હું જેવા અપાત્રે દાન કરતાં વિચારજો. યોગ્ય ગ્રાહક મળતા સુધી આ દીર્ઘદર્શી પ્રધાનના હાથમાંજ તમારાં ભવિષ્ય સાથે રાજ્યમુદ્રા સાંપુંછું.” એટલું બોલી આડુ વદન રાખી હુસકે હુસકે રોતા પ્રધાન તરફ રાજ્યમુદ્રા ફેંકી, રાજા ગળગળો થઈ બોલ્યો, “મ્હારાં પ્રિયજન! મ્હારા તથા આ મ્હારી શિશુરહિત દયામણી અને ગરીબડી સ્ત્રીના અપરાધ ક્ષમા કરજો.” આટલું બોલી રાજ્યાસન ઉપરથી તે ઉતરતો હતો તેના પગ ઝાલી તેને મહા બળ વડે ત્યાંને ત્યાં ઠરાવી, ધવલ પાઘડી ઉતારી, પ્રધાને આજીજી કરીઃ “નહી નહી! એમ ન થાય. તમે રાજા ને અમે પ્રજા! આપ ત્યાં

અમે. દેવી કામસેનાને સાથે રાખી અમને અલગાં કેમ કરોછો ?" એવાં એવાં અનેક વિનયનાં અને નયનાં વાક્યો બોલતાં પ્રજાજનોએ, તાળવું તોડી નાશી જતા જીવનેજ નૃપતિને અર્પણ કરતા હોય એમ, ધવલ પાઘડીઓ પોતાના કરસંપુટમાં ધરી રાખી. પણ રાજા હસ્યો. જેને મૃત્યુનો ભય નથી, જેને રાજ્યનો ખપ નથી, જેને સંસારનો મોહ નથી, તેને આવી ચેષ્ટાઓ શી અસર કરે ? તેનો તિરસ્કાર થાય તોયે શું ને તેને બહુ માન મળે તેમાંયે શું? એટલે આર્ત્ત થઈ વિરક્ત બનેલો આ નૃપતિ કેવળ નિઃસ્પૃહી જણાયો. વૈષમ્યથી ઉત્પન્ન થએલા વૈરાગ્યે તિવ્ર વિષમતાજ રાખી. તેથી દીકરીનાં દુઃખથી પ્રજાને ત્યજનાર નરપતિએ પ્રધાનને નમ્રતાથી "બસ, જવાદે." એટલું કહ્યું. પુત્રીના વિરહથી પ્રજાને વિરહિત કરનાર પોતાના પિતાતુલ્ય ભૂપાલના સ્વાર્થી શોકથી સલજ્જ દેખાતો પ્રધાન ઠપકો દેતો હોય એમ ગદ્દગદ કંઠે પણ દૃઢતાથી બોલ્યોઃ "કૃપાનાથ ! જાઓછો તો ભલે ! નિમકહલાલ પ્રજાને બદલો તો ઠીક આપ્યો. એક પુત્રીને માટે કોટ્યવધિ પુત્રપુત્રી-ઓને રઝળાવાનુ પણ ઠીક ધાર્યું ! અકારણ અપયશના ભયથી હું જેવા દાસને દાસત્વ સોંપ્યું એપણ ખાસુ કર્યું ! પણ જે પુત્રીનુ નામ નથી દેતા તેજ ડાહ્યલી વસંતબા જીવતી હશે અને નિર્દોષ હશે તો ?" આ વાક્ય બોલાતાં હતાં તે સમયે હિંદુસ્થાન ઉપર અનેક રાજાઓએ, તેમ રાજારાણીના ગાલ ઉપર અનેક રંગોએ રાજ્ય સ્થાપ્યાં પણ તે થોડી થોડી વાર. અંતે નામદાર ઇંગ્રેજ સરકારની પેઠે પટ તો ગુલાબી રંગનોજ બેઠો. પ્રધાનના આ પ્રશ્નને અંતે ન્યાય પોતાના વિરૂદ્ધ લાગ-વાથી રાજારાણી એક બીજાના સામે જોઈ રહ્યાં. સમયનો લાભ લેવામાં કુશળ પ્રધાન સમજ્યો કે નૃપતિની ઉકળેલી હૃદયધરામાં અશ્રુવર્ષણ થવાથી પોતે નાખ્યું તે શબ્દ-બી ઉગ્યું. એટલે તેને પુષ્ટ કરવા અને આગળપાછળની ચાર નિંદવા તે બોલ્યો, "અત્યારે મ્હારી પાસે પુરાવા છે કે વસંતબા નિર્દોષ છે." પ્રજાના "જય જય" શબ્દોમાં રાજારાણીના "હેં, હેં," શબ્દો દબાઈ ગયા. પણ પ્રધાન આગળ બોલ્યો, "કાલે રાત્રે કુલી જડી છે. તેણે કહેલી વાત ખરી હોય તો-" "કુલી ખોટુ બોલે નહી." એવા શબ્દોમાં પ્રધાનનુ બાકીનુ વાક્ય અંતર્હિત થઈ ગયું. વિચાર કરી રાજા પાછો મહારાણીસાથે સિંહાસન ઉપર વિરાજ્યો અને બોલ્યો, "અમાત્ય ! વ્હાલા પ્રધાન ! જો આ વાત ખરીજ ઠરે-જો મ્હારું અપત્ય નિર્દોષ મનાય તો તેને વત્સલ

પ્રજાના કરમાં સાંપુ છું. પણ અમે તો હવે આ જગત્ મિથ્યા માન્યું તે માન્યું. અમારે તો રાજ્યરચના સર્પપાશ છે." પ્રધાનઃ—"તો ભલે! પણ હવે, જો જન્મ ધરી આ કિંકરે કંઈ પણ સેવા કરી હોય તો એક વરદાન આપો; નહી તો આ દેહના પ્રાણ લેઈનેજ સિધાવો." આવા શબ્દોની સાથેજ મહારાજ કૃપાદૃષ્ટિ કરી બોલ્યો, "અમાત્ય! પ્રજા અને પુત્રી પછી ત્રીજો તુંજ છે. અત્યારે તો સુખેથી માગ." પ્રધાનઃ—"પૃથ્વીનાથ! બોલ્યું ન પળે તો પૃથ્વી રસાતલ જવી જોઈયે." રાજાઃ—"વેણ રાખનાર તુંજ છે. માટે ઉચિત વર માગજે—આ વિરક્ત-વૃત્તિ ઉપર દૃષ્ટિ રાખીને." જરાવાર વિચાર કરી પ્રધાન બોલ્યો, "આજથી એક માસ પર્યંત આપે તથા રાજ્યમાતાએ વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ ન કરવો. ત્યાં સુધીમાં રાજપુત્રી ગંગાથી પણ વધારે નિર્મળ બની આપના કરકમલમાં ન આવે તો એકત્રીસમે દિવસે આપ જાતના મુક્તાર છો." "તથાસ્તુ." બોલતો રાજા "જય જય" શબ્દમાં છવાઈ ગયો.

કાર્યદક્ષ પ્રધાને અણી ચુકાવી, પ્રજાની ચિંતા અને રાજાની વિરાગવૃત્તિને મંદ કરી નાખી. પુત્રીના વિયોગથી થએલો વિરાગ પુત્રીના સંયોગથી એની મેળે જતો રેહેશે અને તેને સ્થળે પુનિત રાજધર્મ પાછો સતેજ થશે એમ સર્વ કોઈએ માન્યું. સન્યાસ કરતાં કર્મયોગનું ગૌરવ અધિકતર છે એમ પણ બોલાયું. શ્રીમાન્ કેસરીસિંહે નૈરાશ્યથી થએલા વૈરાગ્યને મનમાં રાખી રાજ્યઘરનો ત્યાગ ન કર્યો. આત્મ નિઃશ્રેયસ્ કરતાં પણ પ્રજાનું શ્રેયસ્ દુઃખની મુક્તિ સાથે આનન્દની ભુક્તિ આપે છે એવા કંઈ વિચારનો સંચાર થતાં, અમાત્યે બાંધેલી એક માસની અવધિ પર્યંત રાજ્યધર્મ સેવવાને તે કૃતનિશ્ચય થયો.

આધુનિક સમયમાં યજ્ઞોપવિત્ આપતી વખતે સ્વર અને વ્યંજન શિખ્યા પેહેલાં માની લીધેલા બ્રહ્મચારીને સમાવર્તન કરાવાય છે; પછી તે સન્યાસાશ્રમમાં આતુર થઈ ગયોછે એમ કલ્પના કરાય છે. ચતુર્થાશ્રમમાં પ્રવિષ્ટ થવા તેને દોડાવેછે, ગૃહસ્થાશ્રમમાં રેહેવા માતુલ તેને પકડી લાવેછે, વસ્ત્રાલંકાર આપેછે. વળી બ્રહ્મચર્યાશ્રમમાં પણ વિવાહ થએલો એટલે શ્વસૂર તેને ધનની લાલચ આપેછે અને રૂઠો વાળેછે; અશ્વારૂઢ કરી વાજતે ગાજતે ઘેર લાવી બટુકથી માંણુ-માંણ બનાવેલા બ્રહ્મચારીને પ્રવૃત્તિમાં દાખલ કર્યો માની સર્વ કોઈ આનન્દ માનેછે.

આવી માંણમાંણ અને હાસ્યાસ્પદ ચેષ્ટાથી નહિ—સ્વધર્મના યુક્તિ-પુરઃસર ઉપદેશથી પ્રધાને વાળેલો રૂડો શરદ્દચન્દ્ર જેવો નિર્મળ બની રાજા નિત્યનૈમિત્તિક ક્રિયા કરવા લાગ્યો.

આ દુઃખના સંસારમાંથી દૂર રહી, ઉત્તર કાળમાં આત્મચિંતન કરવાનો ઉપક્રમ કરી, પ્રજાને ધૈર્ય આપતો આપતો, તેમ રૂદન શમાવતો શમાવતો, શિક્ષણ અને રક્ષણથી તેનાં આશીર્વચન લેતો લેતો, પુત્રીની નિર્દોષતા માટે ઈશ્વરને સ્તવતો સ્તવતો, આ રાજા કાળ નિર્ગમન કરવા લાગ્યો. થોડે દહાડે, સંસ્કારવાળી બુદ્ધિ, એટલે આ સંસાર તેને અકારો થઈ ગયો. તે ઉપરનો મોહ જતો રહ્યો. તેનુ મિથ્યાત્વ મનાયું. જે સંસારમાં તે ગિરિ ઉપરનો વિજળીપ્રદીપ થઈ સર્વતઃ પ્રકાશ પાડતો હતો તે સંસારજ તેને અસાર ભાસ્યો. આત્મ-વિચારે જ્ઞાનનો પ્રદીપ સંકોર્યો, સતેજ કર્યો. તેથી યથાર્થદર્શન થતાં તેણે જોયું કે અનાદિ ચાલતા આવેલા સંસારમાં અમર કશુંએ નથી. તેને જણાયું કે કોઈ કોઈનું સગું નથી. માટીમાં માટી મળી જાય તેમાં તેણે કંઈ શોકાસ્પદ ન દીઠું. કામ ક્રોધાદિ યોદ્ધાઓની તથા પૃથ્વી જળ આદિ પંચ મહાભૂતોની સમષ્ટિ તથા વ્યષ્ટિયો જોઈ તેને આનંદ થયો. સર્વમાં રહેલું અવિનાશી ચેતન સર્વવ્યાપી જોઈ તેને સ્વરૂપાનુસંધાન થયું. વળી આ ને આ ભવમાં એક કીડી, એક જંતુ અથવા જીવડુ કે એક અણુ સરખો કાંકરો પણ એક અભેદ્ય શૃંખલાનો ઉપયોગી ભાગ જણાયો. ઉદય અસ્ત, સુખ દુઃખ, આશા નિરાશા આદિ દ્વંદ્વ તરંગો ઉપર છલી જતું કાળનુ મોજુ તેણે પ્રત્યક્ષ અનુભવ્યું. તુચ્છ વસ્તુઓને માટે પોતાની પ્રથમની અસાધારણ મમતા ઉપર તેને હાસ્ય આવ્યું. પોતાની દીકરી પણ વસ્તુતઃ પોતાની નથી, પણ માત્ર પંચમહાભૂતની પુતળી છે એ વાત એણે ·સ્વતઃસિદ્ધ કરી. ઈશ્વરસૃષ્ટિમાં સુખ અને મનુષ્યસૃષ્ટિમાં દુઃખ વિચારતાં "કો'ની દીકરી, કો'નો બાપ, કો'ની ત્રિયા, કો'નો દીકરો ?" એવા એવા પ્રશ્નોએ તેને કેવળ રાગદ્વેષથી મુક્ત બનાવી દીધો. તેણે નિશ્ચય કર્યો કે જે બનાવ અમુક માણસ અથવા અમુક વર્ગને નુકશાનકારક દેખાય છે તેજ બનાવ આ સંસારની ઘટમાળમાં તો નિયમાનુસાર અને હિત-કારકજ હોય છે. સંસારમાં કંઈ પણ અસ્તાવ્યસ્તતા તેને જણાઈ નહી. છે તો સર્વ માયાના અદ્દ્ભુત ખેલ છે, નથી તો એક્કે નથી એમ તેણે માન્યું. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિના ભાવાભાવ તેને જણાયા. કાર્યકારણના

મહાન્ નિયમને અનુસરીને વેહેતી વિશ્વપ્રણાલિકામાં બુદ્બુદ જેવા અનેક–અસંખ્ય જીવના વિચિત્ર અવસ્થાન્તરનુ પણ મિથ્યાત્વ તેને સમજાયું. ભ્રમથી ભૂલાં પડેલાં અને અહંતાથી અંધ બનેલાં મનુષ્યના ઉદ્ધારમાં તેને ભક્તિની પરાકાષ્ઠા જણાઈ; વળી આત્માની મહત્તાનુ જ્ઞાન પણ થયું; તેથી રાજ્યપદ પરાર્થે ન ધરાય તો તે પણ સ્વલ્પ–તુચ્છ–વર્જ્ય લાગ્યું. સચ્ચિદાનંદૈકરસનુ પાન કરવામાં તે ભુલી ગયો પોતાની પદવી, તો ક્યાંથી હોય પુત્રી આદિ નશ્વર વસ્તુમાં તેની પ્રીતિ? તેથી તે

> " न प्रहृश्येत् प्रियं प्राप्य नोद्विजेत् प्राप्य चाप्रियम् ।
> स्थिरबुद्धिरसमूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥ "

જેવો બની ગાર્ગી જેવી ત્રિયા સહિત પ્રકૃત વ્યવહારમાં નિવૃત્તવૃત્તિથી વિહાર કરવા લાગ્યો.

પ્રકરણ ૨૫ મું.

ન્યાય.

રાજયમહાલયના સામે એક વિશાળ અને સુંદર ઘર હતું. તેમાં દેવદિવાળીદિવસના કૃષ્ણ જેવો રાજ્યનો વરીષ્ટ ન્યાયાધિકારી, શ્રીમાન અને રંક, રાજા અને દાસ, વિદ્વાન અને મૂર્ખ, ઉર્જ્જસ્વી અને ક્ષીણજન આદિ સર્વ પ્રકારના લોકનો ન્યાય ધર્મને કાંટે તોળતો હતો. આ ચિત્તાકર્ષક અને શાન્તિપ્રદ તથા ગંભીર સ્થળમાં ભય ચોરને હતો, આશ્રય સત્યને મળતો અને અપમાન અધર્મનુ થતું. વળી એ સ્થળમાં વિવેકની વાડ હતી, સામાન્ય દૃષ્ટિનુ વર્ષણ હતું અને સંપનો છોડ હતો તેથી પરિણામે સુખ રૂપી ફળજ ઉગતું હતું. ત્યાં ન્યાયમાં ધીમાશ અને કલમમાં ત્વરા હતી, ખડીઆમાંજ કાલિમા અને વસ્ત્રમાં ધવલતા હતી.

આ ન્યાયાગારમાં પ્રભાતના પ્રથમ પ્રહરથીજ લોકોની હાર ઉભરાવા લાગી હતી. જાણે ધર્માસન પાસે રાજપુત્રીની દાદ માગવા આવ્યાં હોય, જાણે અભયસ્થળ જાણી આશ્રય માગવા આવ્યાં હોય, જાણે પાવનસ્થાન જાણી વાસો કરવા આવ્યાં હોય, જાણે અસમર્થ બનેલા

ન્યાયને આંગણે લાંઘવા આવ્યાં હોય, એમ "લજ્જાધૈર્યહિમ્મતમુક્ત" આ નગરનાં સ્ત્રીપુરુષો ઘેર પાછાં જવાની વાત વિસારી દેઈ ન્યાયાધિકારીની વાટ જોતાં કોણ જાણે કેટલીએવાર બેસી રહ્યાં.

એમ કરતાં કરતાં સર્વને માથે બેસવાને ભગવાન સૂર્યનારાયણે તૈયારી કરી તે વેળા, ધવલ વસ્ત્ર, ધવલ અંગરક્ષક, ધવલ ફેંટો અને ધવલ ઉત્તરીય ધારી, ન્યાયની સફેતી દેખાડનાર આ નગરનો કૃપાળુ, શુદ્ધ, ઉદાર, અનુભવી, પ્રજ્ઞ અને વિચક્ષણ ન્યાયાધીશ સ્મિતથી વદનની અને સૌમ્યતાથી હૃદયની ધવલતા દેખાડતો દેખાડતો, સર્વના નમસ્કાર ઝીલતો ઝીલતો, ધર્મરાજનુજ હોય એવે આસને વિરાજિત થયો. "ખમા ખમા, નિઘા રખ્ખો મહેરબાન, અદબ અદબ." એવા વેત્રવતીના તીના શબ્દો "જય જય" "ન્યાય, ન્યાય," એવા શબ્દોના સંભ્રમમાં, મહાસાગરમાં નદીની પેઠે, સમાઈ ગયા, મળી ગયા, લીન થઈ ગયા. કનકછડીના આશ્રય લેઈ પ્રશાંત ગૌરવ ધારી ઉભેલા ચોબદારો ન્યાયનો આશ્રય લેવાનુ સુખ પ્રકટ કરતા હતા.

આ સમયે બાકી કામના કાગળો ઉપર સહી તથા રાજ્યના સિક્કાઓ થયા, તુમારી અને હજુરી કામના ઉત્તર વળાયા, પરચુરણ કામના નીકાલ થયા, કામની તકરારો સંભળાઈ, કોઈના ફેંસલા વંચાયા, કોઈના પ્રતિજ્ઞાલેખ લખાયા. આ સર્વ કામ થઈ રહ્યા પછી, પ્રજાના સમગ્ર જીવથી પણ અધિકતર પ્રિય મહારાજા કેસરીસિંહની એકની એક દુહિતાના અપહરણ સંબંધી કામ રજુવાત ઉપર આવ્યું. મનના વેગ કરતાં પણ કલમને વધારે વેગ આપનાર આ ન્યાયમંદિરના લેખકોએ નવ ઇંદ્રિયો અને દસમું અંતઃકરણ એ સર્વની શક્તિ બાકી રહેલી કર્ણેન્દ્રિયમાં જોડી. ગણગણાટ બંધ પડી ગયો. રૂમાલ ખરી પડે તે પણ સંભળાય તો ઊર્ધ્વરસ, છીંક, ઓરકાડ કે નિઃશ્વાસની તો શી વાત ? સકલ ગુણે કરી ગણામ્બા જેવી, સકલ કળાએ કરી કળાધરી જેવી, સકલ રીતિએ કરી રતિ જેવી અને સકલ પ્રભાએ કરી પ્રભાકરી જેવી, લાવણ્યરસની સરિતા, આનંદની પ્રકટ મૂર્તિ, પરોપકૃતિની સજીવ પુતળી, એવી રાજપુત્રી વસંતવિલાસિનીનુ હરણ, કોઈ દુષ્ટ, હૃદયરહિત, વ્યંડળ, ઘોરકૃતિ ચાંડાલ કરી ગયો, અને તેમ કરી માત્ર નયનના સુંદર કાચમાં અને ઝીણી કીકીમાં રહેલી તેની કૃષ્ણતાને આખા કુલમાં વિસ્તારી ગયો એ વાતનુ સવિસ્તર વર્ણન સાંભળવાને સર્વ કોઈ ઉન્મુખ–ઉત્કંઠ થઈ રહ્યા.

પોકારતાંજ મુત્સદ્દી, અનુભવી, દીર્ઘદર્શી, પ્રતાપી, ગંભીર, કુશળ અને વિદ્વાન આ રાજ્યનો પ્રધાન શોકથી ગ્રસ્ત પણ ક્રોધથી રક્ત વદને, કરમાં રાખેલુ એક પત્ર વાંચતો વાંચતો, કોઇના સામે જોયા વિના આ ન્યાયસભામાં આવ્યો અને ઉચ્ચ પદવીનો અધિકારી છતાં ન્યાયાસનની શ્રેષ્ઠતાને માન્ય કરી, અધિકારીને પ્રણામ કરી, પાસેના એક લઘુ આસન ઉપર બેઠો. બીજી તરફથી સાંકળો ખખડાવતા અને મુંછો મરડતા ઉઘાડી તરવારોવાળા કાળા ડગલાવાળાઓની મધ્યે ચાલતાં ચાલતાં કુલી અને કેસરી આવ્યાં. જો સ્થિર વૃત્તિ રાખી, નમ્ર વદન ધારી, ભયને નિવારી, સત્યની ખુમારી રાખનારી કુલી ધીરે પગલે ચાલતી હતી, તો ચંચળ મન વાળી, સહાય માટે આડુઅવળુ જોતી, પ્રસંગે કંપતી, કેસરી સ્ખલિત પગલેજ હીંડતી હતી. બન્ને ન્યાયાધીશ સન્મુખ આવી ઉભાં રહ્યાં. આ વેળા જાણે સર્વનાં વદન ઉપર છાયા વળી ગઈ, સર્વ ઉપર મોહ પ્રસરી રહ્યો, સર્વની જીભ ટુંકી થઈ ગઈ, સર્વને મુખે તાળાં દેવાઈ ગયાં, સર્વનાં અંગ ઠરી ગયાં. સર્વતઃ શૂન્યકાર થઈ રહ્યો. માત્ર સર્વની આંખો રૂપી સ્ત્રીઓ પ્રધાનથી આ બે દાસીઓ ઉપર, ત્યાંથી ન્યાયાધીશ અને ત્યાંથી પ્રધાન ઉપર એમ ગોળકુંડાળે ફરવા લાગીઓ.

રાજ્ય તરફથી મુકવામાં આવેલા અપરાધ આ બે આરોપીને વાંચી સંભળાવ્યા. બન્નેએ તેનો ઈનકાર કર્યો. ન્યાયાધીશે પ્રધાન સામું જોયું અને આ કામદાર એક દીર્ઘ નિઃશ્વાસ નાખી નીચે પ્રમાણે બોલ્યોઃ– " મહારાજ ! જયારથી આ દેશમાં અને આ ભૂમિમાં, સત્કીર્ત્તિના તેજથી અરિકુળની પ્રમદાઓનાં ચક્ષુઓમાંથી જળ ખેંચનાર, શ્રીકૃષ્ણ પરમાત્માએ પણ સ્વીકારેલી લક્ષ્મીનો તિરસ્કાર કરનાર, રાજ્યમાંથી " ગરીબ " એવો શબ્દ પણ વિસરાવનાર, શઠ અને ઠગના કૃતાન્ત-કાળ, ગુણીના સુધાકર, અને સામંતમૌલિમણિમાં વિરાજનાર, કેસરીંદ્ર જેવા નરેંદ્ર શ્રીમાન કેસરીસિંહે આ ભાગ્યશાળી પુરીની રાજ્યધર ધારણ કરી છે, જયારથી સાક્ષાત્ ધર્મ જેવા આપ પોતેજ આ ધર્મ-સ્થાન ઉપર તેમના યોગ્ય પ્રતિનિધિ બની વિરાજમાન થયાછો ત્યારથી હજુ લગી–અથવા કાલ લગી–નથી થઈ ચોરી કે નથી થઈ લુટ, નથી થયું કોઈનું હરણ કે નથી થયું કમોતે મરણ; સદા સર્વદા શાન્તિ શાન્તિના કાચર કરનાર નાદ થઈ રહ્યા હતા; ગૃહેગૃહે ઉત્સવમાંજ દિવસો નિર્ગમાતા હતા. આ વેળા તો કલહ પ્રણયના હતા, મંથન

તર્કનું હતું, રુદન હર્ષનું હતું, પતન પતંગનું હતું, લુટ વિદ્યાની હતી; તેમજ બંદીખાનુ ઇંદ્રિયોને હતું; અને વિશ્વાસઘાત મનને થતો હતો; વળી વક્રતા નયનમાં હતી. પરંતુ આજે—અરે! આજે—આપણા સોનાના સૂરજ અસ્ત થયા! આપણેજ લુટાયા, આપણે જીવતા મુંવા—અરેરે!—” આવા તેના આલાપથી, શંકરના માથામાંથી ગંગાની પેઠે, શ્રોતાજનનાં ચક્ષુમાંથી જળધારા છુટી. પણ અડગ નિશ્ચયવાળો ન્યાયાધીશ ડગ્યો નહી, ને બોલ્યો “અમાત્ય! આ સર્વ તો આપણે જાણીએ છીએ અને અનુભવીએછીએ. પરંતુ આ બે અબળાઓ વિરૂદ્ધ જે કેહેવાનુ હોય તેજ સાંભળવા ન્યાયની ઇચ્છા છે.” આ નમ્ર ઠપકો ઝટ માથે ચ’ડાવી ક્ષમા માગી પ્રધાન બોલ્યો, “મહારાજ! પ્રથમ આરોપી આ કુલી નામની દાસી છે. રખડતી—વલવલતી ચીંથરીયેણ જેવી આવેલી તેને, દયા કરી મહારાણીએ પુત્રીની સેવામાં રાખેલી. રાજ્યના સ્થંભ જેવા આર્ય સુગુણસિંહ ઉપર તેનો કંઈ ઉપકાર હશે તેથી તેમની ઇચ્છાથી અથવા તેમને લીધે વસંતબાએ તેના ઉપર વિશ્વાસ વધાર્યો, તેને પોતાની કરી, તેને ભગિની ગણી. આણી તરફથી ઇંદ્રવર્ણ જેવા પેલા માધવસિંહ ઉપર ભૂપતિનો વિશ્વાસ ચ્હોંટ્યો હતો.” છાતીએ હાથ મુંકી “હાય હાય” એવા પ્રજાજનોએ શબ્દો કહ્યા તેથી પ્રધાન બોલ્યો, “પણ તેમાં કંઈ નવાઈ નથી. બિલાડાં, કુતરાં, મોર, પોપટ આદિ ઉપર મહજ્જનને હોયછે એવીજ કંઈ પ્રીતિ આ ધૂર્ત ઉપર અથવા વામન છોકરા ઉપર ભૂપાલને થઈ. તેનો તેણે ખોટો લાભ લીધો. કેટલાએક દિવસ તે માંદો દેખાયો. પછી તેણે આ કર્મ કર્યું. આ ગર્હિત બનાવ બન્યો તે પેહેલાં વસંતબા અને આ બે દાસીઓ એ કુમારના ખંડમાં ગઈ હતી. કુલી તો એ કુમાર તથા વસંતબાની સાથેજ નીકળી ગઇ હતી ત્યાંથી તેને મ્હારા કોઈ ચારે રાજપુત્રી જાણી છોડાવી. કેસરી કનકપુરની છે. તે પ્રથમથીજ પુંશ્ચલી જેવી દેખાયછે. મહારાણી હમેશથી તેના ઉપર શકની નજરથી જોતાં હતાં. પરંતુ કેહેવું જોઈએ કે આ તોફાન થયું ત્યારે એ માતાજી પાસે સુતી હતી અને માધવ તથા વસંતનો સંકેત થયો ત્યારે પણ માતાજીની હજુર હતી. પરંતુ તેથી તે મુક્ત થતી નથી. કાંકે તેના કબજામાંથી આ એક પત્ર નીકળ્યું છે. તે રજુ કરું છું. આ હકીકત છે. માટે ઘટે તેટલો પુરાવ લેઈ આરોપીને તપાસી યોગ્ય ન્યાય આપો.” બીજો પુરાવ લેઈ ન્યાયાધીશે પ્રથમ કેસરી સામે જોયું, તેથી જોકે તેના સામો

પુરાવ નહોતો તોપણ તે થર થર થર કંપી અને કેટલીએક વાર મ્હોં બીડી રાખી ન્યાયાધીશ સામે જોઈ રહી, પછી બોલી " ભાઈસાહેબ! વસંત તો મ્હારી વ્હાલી બ્હેન જેવી–પણ હું ને એ તો થોડા દહાડા ઉપર બહુ વ'ઢ્યાં'તાં. વળી આ ફુલડી રોજ રાત વરત બ્હેનને ને માધવને મેળવતી, ને હું કહું ત્યારે જુઠાં સાચાં કરી મને ખીજાવતી. તેથી હુ તો સુતીએ જુદી ને રહેતીએ જુદી. દેખતું નહી ને દાઝવું નહી." આટલું બોલી કંઈક વિચાર સુઝી આવવાથી આ નીચ બુદ્ધિ-વાળી સ્ત્રીએ હળવે રહી ન્યાયાધીશ સામે પોતાનુ વદન રાખી એવો વ્યભિચારી પણ ગુપ્ત ઈસારો કર્યો કે જેને માટે તે કર્યો હતો તેતો સમજ્યા વિના રહે નહીં. ન્યાયાધીશને તો મહા ક્રોધ ચ'ઢ્યો. પણ ન્યાયાસન રૂપી અમૃતસ્થળના સ્પર્શથી એ સર્પનો દંશ તેને ન લાગ્યો; તેથી તે બોલ્યો, "કેસર! તા'રા બોલમાં વ્હેમ પડે છે. માત્ર ચાળાથી દોષ અદોષ બનતો નથી. માટે કહી દે સાચું." ધારેલી અસર થઈ એમ ખોટેખોટું માની, આવા જનસમુદાયમાં પણ લજ્જારહિત થઈ, આ કુટડી પણ કુટિલ કુટ્ટિનીએ–કંઈનો કંઈ અર્થ કરી, પોતાની છાતી ઉપર હાથ મુક્યો. અને પછી તે બોલી, " ફુલી નવા આવેલા માધવ સાથે વસંતબાને લઈને ગઈ. હું પાપમાં હોઉ તો શું કરવાને અહીં રહું?" મહા કંટાળો આવવાથી આ દુષ્ટાને હવે વધારે પુછવું એ પણ અયોગ્ય જાણી તેના ઉપર ભૃકુટી ચ્હડાવી તેના વદન ઉપરથીજ તેનુ હૃદય વાંચી લેઈ એક અક્ષર બોલ્યા વિના ન્યાયાધીશે, નમ્ર વદન રાખી, સોડીયું તાણી, લાજ કરી ઉભેલી ફુલીના સામું જોયું. પણ ફુલીએ તે દીઠું નહી. તેથી શરિસ્તેદારે કહ્યું " ફુલમાલા! ત્હારે આ વાતમાં શું કહેવાનુ છે?" પ્રભુ, પતિ અને પિતાના ધ્યાનમાંથી જાગ્રત થઈ ફુલી બોલી, "મહારાજ! આપ ધર્માત્મા છો. મ્હારે કંઈ વિશેષ કહેવાનુ નથી. માત્ર એટલુજ કે હું તથા વસંતબા રાત્રે વાતો કરતાં હતાં ત્યાંથી કોઈ ચોર લોકો અમારા મ્હોંમાં ડુચા ઘાલી અમને હરી ગયા. હું તો બેભાન થઈ હતી. પણ પછી કુમારશ્રી માધવસિંહ અને ચોરલોકોના યુદ્ધથી હું જાગી. મને પકડનારના ઉપર કુમારની તરવાર ફરી તે મેં નજરે દીઠી. તે પડ્યો. હું પડી. બીજા વસંતબા સાથે નાઠા. પાછળ માધુભા ધાયો. એટલામાં કાળી કામળી હોડીને કોઈ મેં પ્રથમ દીઠેલો પુરુષ ત્યાં આવ્યો. તેણે મને ઉચકી તે વખતથીજ રડતી કક-ળતી અને મૂર્છિત થતી હું ક્યાં ગઈ, મ્હારું શું થયું, તે મ્હેં જાણ્યું

નથી. પછી તો આ રૂડા પ્રધાનને ઘેર મને બરાબર ભાન આવ્યું.” વાત શક પડતી જણાઇ–નવી શોધી કહાડેલી મનાઈ. ચતુર દ્વારપાળથી રક્ષાયલા રાજભવનમાં ચોરના પ્રવેશનો અસંભવ લાગ્યો. પકડાયા છતાં કોઈએ હોંકારા ન પાડ્યા કે હુસકાં ન ભર્યાં એ વાત આશ્ચર્યકર થઈ પડી. તો પણ કુલીની વાત ખરી હોય તો સારું એવા વિચાર શ્રોતા તથા દૃષ્ટાજનના હૃદયમાં મ્હાલવા લાગ્યા. પછી ન્યાયાધીશે પુછયું: “કુલમાળા! એ કુમાર માધવસિંહ અને વસંતબાને પરસ્પર સ્નેહ હતો કે નહી?” કુલી;–“કૃપાનાથ! કન્યાજનનાં છિદ્ર ખોળવાં એ આપ સરખા સજ્જનને ઉચિત નથી. આ સમયે તો”– કેસર વચ્ચેથી બોલી ઉઠી, “જોયું અન્નદાતા! હું કે’તી’તી તે ખરું પડ્યું? કેવી વાત ઉડાવી?” “ચુપ” એવો ધ્વનિ થયો અને કેસરી બોલતી બોલતી અટકી. ન્યાયાધીશઃ–“કુલમાળા! પ્રશ્નનો ઉત્તર આપ્યા વિના સિદ્ધિ નથી. તેમ કરવામાં જેટલી વાર થાય છે તેટલી તા’રા વિરુદ્ધ જવાની.” કુલીઃ–“વાહ!–જો એટલેથી પતતું હોય તો. પણ જે વેળા વસંતબાને હરી જનાર–ચોરી જનારની તપાસ આ નગરનાં છોકરાં ધરાધરીએ કરવી ઘટે છે તે વેળા આમ તેની ફજેતી આ તેના બાપે સ્થાપેલા ન્યાયગૃહમાં તેની દાસીને હાથે તો નહી થાય.” ન્યાયાધીશઃ– “અહીં સ્ત્રીચરિત્ર કરવાની જરુર નથી. ઉત્તર આપ. આ કાગળ કો’ના હાથનો કો’ના ઉપર લખેલો છે?” કુલીએ કાગળ જોયો. જોઈને તરત ગાભરી બની ગઈ અને “હાય” એટલું બોલી ગઈ. દગો કરનાર–ચોરી કરનાર કેસરીજ છે એમ માની તેને ઠપકો દેતી હોય, વિનંતી કરતી હોય એવી દૃષ્ટિથી તે તેના સામે જોવા લાગી. લાગ જોઈ કેસરી બોલી, “તે મ્હારા સામું શીદ જુવછ? કર્યાં કરમ તે ભોગવવાં પડશે.” કુલીઃ–“ન્યાયાધીશ! આ પત્ર ગમે તેનો હોય પણ તે બહાર પાડવો સારો નથી.” ગંભીર વદનથી ન્યાયાધીશઃ–“કેમ ત્યારની વાત ઉડાવેછે? જવાબ દે ઝટ.” કુલીઃ–“જવાબમાં એટલુંજ કે પ્રિય સખિ વસંતબા બરફથી વધારે પવિત્ર છે. આ અપહરણમાં તે કેવળ નિર્દોષ છે.” ન્યાયાધીશઃ–“તું જુઠુ બોલે છે.” કુલીએ પણ આ વેળા આવી દશામાં છતાંએ ભ્રમર ચ્હડાવી અને કહ્યું “આ ન્યાયાસન ઉપર બેસી અબળા ઉપર આપ આમ અપવાદ મુકશો એ તો મ્હેં અહુણાંજ જાણ્યું. હું જુઠી? જન્મ ધરી સ્વપ્ને અથવા હાસ્યમાંએ જુઠુ નથી બોલી તે હું આ ગંદી કાયાને માટે અસત્ય બોલું?

આપ શું કહો છો? જો આપને એમજ ભાસતું હોય કે મ્હેં કંઈ અનર્થ કર્યો છે તો ભલે મને શિક્ષા કરો–મને દેહાન્ત દંડ દ્યો. મ્હારે કોણ રહ્યું આ સંસારમાં કે હું દેહકારાગૃહમાં રહેવા બાથોડીયાં મારું અને મ્હારા પવિત્રાત્માને આપથી પણ મહાન ન્યાયાધીશ આગળ ઓશીયાળો–ગરીબડો કરું? મ્હારે નથી માતા કે નથી પિતા, નથી પતિ કે નથી ભાઈ! વસંતે ગઈ!" એમ કહી ગદ્‌ગદ થઈ ગઈ. કેસરીઃ–"જોયું મહારાજ? વસંત ગઈ એવું એ કબુલ કરેછે. મને તો–" ફરી "ચુપ" એવા શબ્દથી તે બંધ પડી. ન્યાયાધીશે પુછ્યું, "વારું, ફુલમાળા! લોકોની ત્હારા ઉપર પ્રીતિ છે. હું પણ તને ધર્મિણી ધારતો હતો. તેમ આરોપીને બને તેટલો લાભ આપવો. માટે કેહે કે ત્હારાં માતા પિતા અને પતિ કોણ?" ફુલીઃ–"સારી સ્થિતિમાં હતી ત્યારે પણ જે વાત હું કહી શકતી નહોતી તે આવી અવસ્થામાં કેમ કે'વાશે? માટે એ વાત પણ હું નહી કહું." ન્યાયાધીશ બોલ્યો, "ત્યારે ત્હારા ઉપર શકની નજરથી જોવામાં આવશે." ફુલી;–"જેમ ઇચ્છા." ન્યાયાધીશઃ–"વારું! ફુલમાલા કેહે, હવે ત્હારે કંઈ જાહેર કરવું છે?" ફુલીઃ–"એટલુંજ કે બ્હેન વસંતબાનો દેહ ચોર લુટી ગયા પણ તેની ચિરકાળ જીવે એવી કીર્તિને આ સ્થળે આમ લુટવા કરતાં એની તપાસનુ પરિણામ જણાયા પછી જે કરવાનું હોય તે થાય તો રૂડું." ન્યાયાધીશઃ–"ઠીક. વારું! કેસરમાલા, ત્હારે કંઈ જાહેર કરવું છે?" કેસરીઃ–"મા'રાજ! હું કશા પાપમાં નથી. અને આ ફુલીનું બધુ પાપ ફુટી નીકળ્યું. માટે હવે મને જવા દેવી જોઈએ. મ્હારે હવે આ રાજ્યમાં રહેવું નથી. આવી ફરંદીઓ આવાં કામ કરે ને મ્હારે વેઠવું પડે. આતો આટલાએ આપ સારા છો તે ગોળ ખોળની કિમ્મત કરો છો." આટલુ બોલી રસ્તે જતા ગૃહસ્થોના સામી ચતુર વેશ્યાઓ કરે છે તેવી દૃષ્ટિ ન્યાયાધીશ સામે જરા વાર કરી તેના મનમાં ફરતા વિચારો જાણવાનેજ તે ઉત્સુક બની રહી.

છેવટ કેટલીએક વાર લમણે હાથ દેઈ વિચાર કરી ન્યાયાધીશ બોલ્યો, "ફુલમાલા! વસંતબા ગુમ થઈ તે કામમાં તું સરીગત છે એમ જણાય છે. તો પણ મહારાજે એક માસની મુદ્દત વસંતને ખોળવાની ઠરાવી છે. ત્યાં સુધી ત્હારા ઉપર શિક્ષા ફરમાવવામાં નહી આવે. તે દરમ્યાન વસંતબા આવી ત્હારા લાભમાં કેહેશે તો ઠીક. નહી તો દયા, શરમ કે પક્ષપાત રાખ્યા વિના ન્યાય પોતાનો અસ્ખલિત

રસ્તો લેશે. સીપાઈ! લઈ જાઓ એને કેદમાં. દેખરેખ બરોબર રાખજો." નમ્ર વદન કરી હર્ષશોક બતાવ્યા વિના કુલી ચાલી ગઈ. તે દેખાઈ, તેની પૃષ્ટ દેખાઈ, તેનુ વસ્ત્ર દેખાયું ત્યાં સુધી લોકોની સદય દૃષ્ટિ તેની પાછળ ગઈ. કેસરી સામે જોઈ ન્યાયાધીશ બોલ્યો, "કેસરમાલા! આ અપહરણના કામમાં તું ગુન્હેગાર જણાતી નથી. તોપણ માધવ અને વસંત વચ્ચે ઘણા દિવસના પ્રસંગો બનેલા હશે તેમાં તું સરીગત જણાય છે. સાચવવાને માટે વિશ્વાસ ઉપર તને રાખી તે વિશ્વાસનો તેં ઘાત કર્યો. માતાજીને તેં કંઈ વાત કહી નહી. માટે તને પણ શિક્ષા કરવી ઘટે છે. પણ તું અબળા છે તે ઉપર નજર રાખી તને માસ છની શિક્ષા કરવામાં આવે છે. સીપાઈ! લેઈ જાઓ એને કેદખાનામાં." જાણે શીએ મ્હોટી સજા કરશે એવા ભયથી પોતામાં ને પોતામાં સમાઈ જતી કેસરીનો શોકભાર લઘુ થઈ ગયો. સભા વિસર્જન થઈ. કચેરી બરખાસ્ત થઈ. પણ કુલીની વાતથી કંઈક ઊંડા વિચારમાં ઉતરી પડતાં પ્રધાન ઘણી વાર પોતાને સ્થળે બેસી રહ્યો. પ્રથમ કોઇ વેળા ન દીઠેલી, કુલીના હાથની ટચલી આંગળીએ વીંટી હતી તે જોઈને તેને કંઈ પૂર્વ સંસ્કાર સ્ફુરી આવ્યા. ઇંદ્રજિત હણ્યા પછી સુલોચનાને પોતાની પુત્રી જાણી લક્ષ્મણને શોક થયો હતો. કંઈક તેવાજ પ્રકારનો શોક કારણ જાણ્યા વિના તે અનુભવવા લાગ્યો. અને પછી રાત્રી પડી ત્યારે એકલો એકલો આજના ન્યાયની ન્યાયતા ઉપર વિચારતો તે ક્યાં ગયો એ કોઈને સમજાયું નહી.

અને આજનો ન્યાય! અહો! ખરો ઇનસાફ આપનારા અધિકારીઓ કેવા ઠગાય છે? માણસનું કેવું અપૂર્ણ જ્ઞાન? કેવો ખોટો ગર્વ? મન પારખવાની શક્તિ વિના માત્ર શબ્દો ઉપરથીજ અભિપ્રાય બાંધનારા અધિકારીઓ શું કરવા પૂર્ણ ન્યાય આપ્યાનો બો રાખતા હશે? ધર્માસન આગળ આવી કોઇ ક્રોધી પુરુષ કંઈ વધતું ઓછું બોલી ગયો તો ક્રોધે ઉત્પન્ન કરેલી ગાંડછામાં પણ તે લુચ્ચાઈથી બોલે છે એવો અર્થ શું, સોએ પંચાણુ કામમાં નથી થતો? વિસ્મૃતિથી બોલાતાં વચન અસત્ય ગણવાનો તો, જાણે, ધારોજ પડી ગયો છે. અથવા ઉદાર વૃત્તિથી કે કોઈ વધારે બળવાન કારણથી અમુક વાત પ્રસિદ્ધિમાં મુકવાની કોઈ ના કેહે તો તેના ઉપર કેવા શક જાય છે? ત્યારે શું ન્યાયાધીશનુ કામ શક લાવવાનુ છે? ના. ખરે, જે ન્યાયાસન અત્યારે સુખરૂપ ગણાય છે તે ન્યાયાસન ઉપર વિરાજનારને

માથે કેટલી જવાબદારી છે એતો કોઈ ધર્મબુદ્ધિવાળોજ જાણે. સત્ય-શોધક બનવું એ સેહેલ નથી. કાયદામાં સત્ય શોધાતું નથી. સાક્ષીઓની જુબાનીમાં સત્ય શોધાતું નથી. ધમધમાટમાં સત્ય શોધાતું નથી. બારીક પ્રશ્નો પુછવામાં અને અલ્પબુદ્ધિના સાક્ષીને અંટીવાળે લાવી અસત્ય બોલવાની ફરજ પાડવા જેવી તપાસણીમાં સત્ય શોધાતું નથી. સત્યના શોધનો આધાર જનસ્વભાવના અનુભવ ઉપર હોય છે. અને જનસ્વભાવ પરખવાની શક્તિઓ બધામાં ક્યાંથી હોય? એવી શક્તિને અભાવે ગાયનુ ભેંશ તળે ને ભેંશનુ ગાય તળે થઈ જાય તો શી નવાઈ છે? ચાર હોંશીઆર હોય તે બરાબર સાક્ષી પુરી જાય—બરાબર વાત કહી જાય—બરાબર યુક્તિ કરી જાય, અને બિચારા અલ્પ-બુદ્ધિવાળા અણસમજણમાં કંઇનું કંઈ લવી જાય; તેટલાજ ઉપરથી ગરીબ માર્યાં જાય તે માત્ર જનસ્વભાવ પરખવાની અશક્તિનુજ ફળ. જુવોને! આજેજ આ અનુભવી ન્યાયાધીશે કેવો અનર્થ કર્યો? જે વાત કેસરી જાણતી નહોતી અને જેમાં પાછળથી ફુલીજ ઘાલમેલ કરતી હતી તે વાતમાં તેને દોષવાન કરી; તેમ જે વાત ફુલી જાણતી નહોતી અને જેમાં કેસરીજ અગ્રસરી હતી તે વાતનો આરોપ ફુલી ઉપર આવ્યો. કેવો અનર્થ! નિઃસંશય, ન્યાયાધીશ એટલે સત્યશોધક થઈને પ્રસન્ન હૃદય રાખી છાંછું કરી પાલવે તેવો ન્યાય આપનાર ભાગ્યશાળી ગૃહસ્થોએ પોતાની જવાબદારી—ઈશ્વરને ઘેર જવાબદારી—તો બરાબર સમજવી જોઈએ; તેમ બાહેરના દેખાવથી અભિપ્રાય બાંધવા કરતાં કાંક જનસ્વભાવ પણ જાણવો જોઈએ.

પ્રકરણ ૨૬ મું.

પલાયન.

લંકને રંક દેખાડે એવી, જાણે શંકરને પ્રસન્ન કરવાનેજ મદને બનાવી હોય એવી મણિપુરીમાં, ચંદ્રમાં કલંક જેવું કે સોનાની થાળીમાં લોહની મેખ જેવું બનેલું, નિષિદ્ધ, નિર્જન અને દુષ્ટની દુષ્ટતાને રેહેવાનુ નિકેતન હોય એવું એક કારાગૃહ હતું. અપરાધીને અભાવે તેમાં દુર્વાસનાનો નિવાસ હતો.

જડ પદાર્થનુ બાહુલ્ય છતાં તે ઉજ્જડ જણાતું હતું. બદ્ધદ્વાર છતાં ઉર્ણનાભી અને ઉંદરની હારોહાર વિહાર કરવાને ત્યાં નિરંકુશ ફરતી હતી. કાટ ચ્ડવાથી દ્વારસંધીઓ ઉદ્ઘાટન સમયે ઉત્ક્રોષ કરતી સંભળાતી હતી. દ્વારપાળવર્ગ પણ અક્રિય હોઈને અસાવધ બનેલો જણાતો હતો. આ નગરનાં મનુષ્યને તે યમધાની જેવું વર્જ્ય હતું. સ્ત્રીજન તો તેનુ નામ દેતાં કે સાંભળતાં સ્નાન કરી નાંખતી. તેવા ગર્હિત ગૃહના એક ઓરડામાં ઐહિક ન્યાયને દેહ સ્વાધીન કરી, આમુષ્મિક સ્થાન કે સ્થિતિ ઉપર મનને ઠરાવી નિર્દોષ કુલી પ્રારબ્ધનો ક્ષય ભોગથીજ કરવા લાગી. નિર્મળ મનની સ્વતંત્રતાને લીધે તેને અસંગતાની શાંતિ મળવા લાગી. પતિ, પરમેશ્વર તથા પાલકના વિચારમાં તલ્લીન બની જવાથી તેના શુષ્ક હૃદયમાં આનન્દનાં ઝરણ સ્ફુરવા લાગ્યાં. અનંત વિશ્વમાં સ્વચ્છંદ ઉડતુ જીવ રૂપી નિરંકુશ પક્ષી અજ્ઞાન કૃત ભય અને ભ્રાંતિથી પોતાને બદ્ધ કે મુક્ત માની શોકહર્ષની ઘંટીમાં પીલાય છે, કાળ રૂપી વિરાટ્ની દંષ્ટ્રામાં ચવાઈ જાય છે, અને કેવળ મિથ્યાભાસમાં ભુલાવો ખાય છે. આવા વિવર્તથી મુક્ત થતી કુલી, આ કારાગૃહમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા ન્હોતી કરતી યુક્તિઓ કે ન્હોતી વદતી સૂક્તિઓ.

પણ પાસેનાજ બીજા ખંડમાં રહેલી કેસરી તો અનેક પ્રકારના કુતર્કની જાળમાં ઘડીમાં રમતી હતી, ઘડીમાં ફસાતી હતી. વસંતબ્હેન જડવાથી તેને કંઈ હિત નહોતું. ઉલટું નુકશાન. તેમ છ મહીના સુધી એની ભાળ ન લાધે એમ પણ બને નહી. તો પછી ધૈર્ય ધારી આ કારાગૃહમાં છ મહીનાનો આવર્દા ઓછો શું છે કરવો? આવા અને આવા વિચારો કરતી આ દુષ્ટ સ્ત્રી ઘડીમાં આંગળીએ ભીંત કોતરતી, ઘડીમાં અંગુઠે ધરા આલેખતી, ઘડીમાં લમણે હાથ મુંકતી, ઘડીમાં આંખને રાતી કરતી, અઘટિત વિચારોથી હૃદયના અંધકારને આહ્લાન્ધકારથી પણ અધિકતર કરી હજી પણ કુલીનાં પીછેપીછાં ઉડાવી દેવાના ઉપાયો યોજવા લાગી. પોતાના જેવીજ ઠગારી આશાનો કંઠાશ્લેશ કરી જરા તે આનંદિત દેખાતી—તોપણ અનેક પ્રકારનાં કારણોથી બળતો, લાક્ષાગ્નિથી પણ મહા પ્રજ્વલિત હૃદયાગ્નિ આ સાડાત્રણ હાથનુ માનવી શું શમાવે? ખરેખર! તે કંપી ગઈ. તેથી ગમે તે ઉપાય કરી આ સ્થળેથી નાશી જવાનો તેણે નિશ્ચય કર્યો. નીચ કુળ, નીચ કેલવણી, નીચ સંગ અને નીચ સ્વભાવ, એટલે પ્રથમ-

થીજ તેણીએ સંસારનું સુખ અધિકારમાં માનેલું એટલે તે અધિકાર મેળવવા તેને કશું અકર્તવ્ય નહોતું. શિવપાર્વતી જેવાં રાજારાણી, ધૂર્જટીની જટામાંથી પ્રસરતી ગંગા જેવી પુનિત રાજપુત્રી અને ચંદ્રિકા જેવી કલંકરહિત કુલીના સહવાસમાં રહ્યા છતાંએ અધિકારની લાલસા, કુલીનું બહુ માન, અન્ય સ્થળે રાજ્યમાનિતી થવાની અભિલાષા અને દોં'ડડાહ્યલી કુલી ઉપર ચ્હીડ—એ સર્વથી અત્યાર સુધી જેવા તેને નીચ અને આડાઅવળા વિચારો સુઝયા તેવાજ, તેથી પણ નીચતર વિચારોમાં તેણે ઉતરવા માંડ્યું. અને તે એમજ હોય. ગુલાબ અને મલ્લિકા આદિ મૃદુ પુષ્પો તથા દાડિમ અને કેળાં આદિ મીષ્ટ ફળોની વાડ બન્યા છતાં કાચકી કડવીજ રહે છે, કુંથાર કંટકિતજ રહે છે. નિરંતર સ્વચ્છ પ્રવાહમાં ધોવાયા છતાં નદીની રેતી નથી ગળતી કે નથી જળને મળતી. સત્સંગથી થતી શુદ્ધિ પાત્રને છે—કુપાત્રને નહીં. અથવા આસુરી પ્રકૃતિ અને દૈવી પ્રકૃતિનો સંગ ઘટતોજ નથી. રાજ્યમહાલયનાં ધર્મિષ્ટ મનુષ્યોમાં, વટાણામાં ગાંગડુ જેવી તે રહેતી હતી. એ સર્વ પુનિત જનો આગળ તેને નિરંકુશતા નહતી. આયના રૂપી અસ્તરથી તેના મનની વાત મનમાંજ રહેતી. અને તેને બાહેર કહાડવાને પોતાના જેવી અન્ય દાસી ન મળવાથી તે અન્ય-સ્થળે પોતાનું મન આપી આવતી અને ત્યાંથી દુષ્કૃતિ અને દુર્મતિ લઈ આવતી. તેમ કનકપુરમાં પોતાના પીયેરમાં ભાભી અને સાહેલ્લી-ઓના થનથનાટ, તેમના પ્રપંચ, તેમની ધર્મસંમૂઢતા, તેમના પતિપ્રતિ તિરસ્કાર, તેમની પરપુરુષ સાથે રમતો, તથા ધન અને સત્તા માટે તેમનાં અયોગ્ય કૃત્યનાં અનુકરણ કરવાની ટેવ એવી પડી હતી કે વાંક છતાં લઢવામાં, અવિનીત છતાં અન્યને નિંદવામાં, દુરાચરણી છતાં બીજાનો દોષ કા'ડવામાં અને મિથ્યારોપથી બીજાઓને ફજેતીને ફાળકે ચ'ડાવવામાં તે પુરી નિપુણ થઈ હતી. સ્વેચ્છાની પરિપૂર્ણતા વેળા ન્હોતો કોઈ તેને ભાઈ, ન્હોતી મા, ન્હોતો બાપ, ન્હોતો માંટી કે ન્હોતાં રાજારાણી. તેથી આ સમયે પોતાની મુક્તિ અને કુલીનુ બંધન એ બે પ્રધાન સ્વાર્થ મેળવવા તેના શુષ્ક હૃદયમાં મહાઘોર પ્રચંડ વિચાર રૂપી રાક્ષસો ઘુમી રહ્યા હતા. અન્ય ઉપાયને અભાવે નીચ ઉપાયો તેનાં નયન આગળ નૃત્ય કરવા લાગ્યા. એટલામાં કટાઈ ગએલાં તાળાંમાં કટાઈ ગએલી કુંચીઓ ખડખડી, કટાઇ ગએલી સાંકળો ઉઘડી અને કટાઈ ગએલાં દ્વાર કટાઈ ગએલાં બરડવાં ઉપર ફર્યાં.

તત્ક્ષણ ભોજ્ય લેઈ અંદર આવતા દ્વારપાળને ફસવવાનો વિચાર કરી યુક્તિ ખોળવામાં આ કુલટા ગુંથાઈ. પરંતુ દ્વારપાળ તો ખાવાનુ મુકી ધર્મબુદ્ધિથી પોતાને મ્હોંએ, ગભરાટથી કેસરીને મ્હોંએ અને ફરજથી દ્વારને મ્હોંએ તાળુ મારી પોતાને સ્થાનકે ચાલ્યો ગયો; અને મિત્રમંડળમાં ગમ્મત કરવા લાગ્યો, હુક્કા ગગડાવવા લાગ્યો, કસુંબા કહાડવા લાગ્યો અને લાવણી ટપ્પા કે ખ્યાલ ગાવા લાગ્યો તથા પ્રસંગે અકારણ ખડખડ હસવું આણવા લાગ્યો. અવસર વીત્યો અને લાગ ખોયો તેથી પોતાનીજ ભુલથી કે દીર્ઘસૂત્રતાથી પાછી પડેલી કેસરીને ઘણી લાગણી થઈ. "દ્વારપાળે તો ઘણુંએ આંખ સામું જોયું પણ રાંડ શરમે જીભ ઉપર તાળું માર્યું." એવું કંઈક ગણગણતી તે પોતાની જાતને ગાળો દેવા લાગી, પોતાની છાતીને કુટવા લાગી, પોતાના કંઠને સુકવવા લાગી અને પોતાની આંખને ભીંજવવા લાગી. તોપણ પોતાના ઉપર આવેલો આવેશ કુલી ઉપર ઢોળી પાડવાનો નિશ્ચય કરી પોતે બળતી છતાં સામીને બાળવાને તેણે એક રસિક ગાન આરંભ્યું. પાસેના ખંડમાં રહેલી અને દુઃખમાં પડેલી કુલીને પોતાની ઉત્કૃષ્ટતા દેખાડવા તેણે રાસવિલાસના શબ્દ મો'ટે સાદે તાણવા માંડ્યા. સર્વથા, આપત્કાળમાં પણ કુબુદ્ધિ કુવિચારનોજ આશ્રય લે છે. અરે! વિષ તે અમૃત થાય? આવી સ્ત્રીને કારાગૃહ શું શિક્ષા કરનાર હતું! જે ગુન્હા કર્યાનુ ફળ દેખાડી અથવા ઈશ્વરને ઘેર કુકર્મને માટે આથી પણ વધારે કષ્ટ છે એમ સૂચવી સન્માર્ગે દોરવાને ગુન્હેગારોને કારાગૃહમાં રાખવામાં આવતા હોય તો આ બુઠ્ઠા થઈ ગએલા મનવાળી કુલટા સ્ત્રીને તો કશીએ અસર થવાની નથી. સદ્વિચાર, સદ્ગુણ અને સત્પાત્રતાનાં મૂળ બળી જઈ તે ઉપર પણ ચુનો ચોપડાઈ ગએલા હૃદયને ધારનારી આ પાપિણી જેમજેમ પાપ કરે અને દુઃખ પામે તેમતેમ અધિકાધિક પાપમાંજ પ્રવૃત્ત રેહેનારી.

તેથી બીજે દિવસે અન્ન લેઈને જયારે દ્વારપાળ આવ્યો ત્યારે ઈસારા કરી, ખુંખારા કરી, સીત્કાર કરી, નયન ઘૂર્ણાયમાન કરી, અંગ દેખાડી, મર્મવાક્ય બોલી, કૃષ્ણકર્મા ગોરીએ તેને લલચાવ્યો–તેને સમજાવ્યો, પણ પથ્થર ઉપર પાણી. મહારાજા કેસરીસિંહનો દ્વારપાળ પુંશ્ચલીમાં અને આવી નકટીમાં બંધાય એવો નહોતો તેથી તેણે આંખો ચ્હડાવી તરવાર ઉપર હાથ મુક્યો. કેસરી માનભંગ થઈ, શરમાઈ ગઈ, ખશીઆણી પડી ગઈ. તેનું મ્હોં ઉતરી ગયું. તેના સર્વ પાસા

વાંકા પડ્યા. કુલીને છુટવાનો સંભવ જણાયો. પોતાનો છુટવાનો છેલ્લો પ્રયત્ન અફળ સમજાયો. ન્યાયાધીશે તેને તરછોડી, દ્વારપાળે તેને હંફાવી. કંઈ અવર ઉપાય રહ્યો નહી. તેથી વનના અગ્નિએ વનનેજ બાળ્યું. પોતાનેજ હાથે તેણે પોતાના વાળ ખેંચ્યા, ચામ ચુંટ્યાં, કપાળ કુટ્યું, હાથપગ ઘસ્યા. તે મરી જવા તત્પર થઈ. પરંતુ કુલી ઉપર વૈર લીધા વિના મરવું એને ન ગમ્યું. તેમ તિરસ્કાર કરી ગએલા દ્વારપાળને પણ તડકો છાંયડો દેખાડ્યા વિના આ જીવિત તેને શેકટ લાગ્યું. કુલી અને દ્વારપાળનુ સાથે લાગું કાટલુ કહાડવાનો ટુંકો ને સીધો રસ્તો તેણે ખોળી કહાડ્યો. “કાલે વાત” એમ બોલી તે કંઈ પશ્ચાત્તાપ કરવા લાગી;–પણ તે દ્વારપાળના ઉપર મિથ્યાપવાદ આરોપણ કરતાં વાર કરી તેને માટે. અંતે તેને નિદ્રા આવી; તે ઉંઘી ગઈ–લોથની પેઠ પડી. ઉંઘમાંએ તેના વદન ઉપર વક્રતા હતી, તેના મસ્તિકમાં કુતર્ક હતા, તેના હૃદયમાં નિર્દયતા હતી.

એમ કરતાં કરતાં રાત્રીના દશ વાગ્યા ત્યારે અચિંત્યુ દ્વાર ઉઘાડી કોઈ ભુતના ભાઈ જેવો દેખાતો પુરુષ અંદર દાખલ થયો. અંધકાર તો હતોજ તેમાં વળી રાત્રીનો વધેલો એટલે મ્હોંએ મ્હોં તો શાનું સુઝે? મનુષ્યની આકૃતિનો ભાસ પણ નયનથી ન થાય. ખંખોળતે ખંખોળતે, હાથ ફેરવતે ફેરવતે આ પુરુષે સુતેલી કેસરી ઉપર હાથ નાખ્યો. તે ચમકી–ઝબકી–જાગી, પણ પડી રહી. સાવધાન અને સાવચેત છતાં નિદ્રાગ્રસ્ત દશાને સૂચવતી કેસરીને ઢંઢોળી, બેઠી કરી, આ પુરુષ બોલ્યો “મીઠી! તે દિવસ રહી હત તો આ વલેહ થાત? કહે, હવે આવવું છે? રાજા તો કોઈનાએ ન હોય.” કેસરી જેવી ચપળ સ્ત્રી તુરત સમજી કે કોકને ઠેકાણે કોકની સાથે આ કોઈ દારૂણ પુરુષ વાત કરે છે; પણ ગમે તે હો તેમાં પોતાનુ હિત માની તે છાને છાને બોલી, “ભૂલ થઈ, પણ હવે રસ્તો છે?” અંધકારમાં આલિંગન દેઈ પ્રસન્ન થતો પુરુષ બોલ્યો, “છે. પણ તું મ્હારી સાથે રહી હત તો આવું દુઃખ વેઠવું પડત? હવે ડાહી રેહેજે. થયું તે થયું. બારણે તો ગમે તેવો પણ તને તો હુ “ખશ” કહેનાર નથી.” અધીરી બની ગએલી કેસરી બોલી, “વાત પછી. હવણે ચાલો. હું તમારાથી ક્યાં વેગળી છું?” આ વાતથી વિશ્વાસ આણી, હર્ષ માણી, ઝટ તેનો હાથ ઝાલી આ પુરુષ ઉઠ્યો–બાહેર નીકળ્યો, એક ઝાડ ઉપર ચ્હડ્યો, ત્યાંથી કિલ્લા ઉપર આવ્યો, ત્યાંથી ભુસકો મારી હેઠે

ઉભો રહ્યો. ચંચળ કેસરીએ કચ્છોટ વાળ્યો. કાંચળી કસી અને ઝાડ ઉપરથી કિલ્લા ઉપર થઈ નીચે ઉભેલા પેલા પુરુષના ખભા ઉપર પગ મુકી નીચે ઉતરી.

રાત્રીના અંધકારમાં ઉતાવળે પગલે આગળ પેલો પુરુષ અને પાછળ કેસરી એમ બન્ને જણ કેટલીક વાર ચાલ્યાં ત્યારે ઘડીએ બારનાં ટકોરખાનાં વગાડ્યાં અને આ બન્ને ચૌરજનને સ્વસ્થાને પહોંચાડ્યાં. પણ કેસરીને લેઈ જઈ જેવો પેલો સૈનિક (અને ખરે, તે શ્રીમાન્ કેસરીસિંહનો ખુટી ગયેલો નોકર હતો.) તેના મ્હોં સામું જુવે છે તેવોજ શો તેનો ક્રોધ? શી તેની નિરાશા? શા તેના ધમૂપછાડા? "રાંડ–લુચ્ચી! તેં મને છેતર્યો!" એમ કહી તેના સામી તરવાર લેઈ ઉભેલા આ મૂર્ખ અને વિષયી સૈનિકને વિનંતી અને નખરાં તથા હાવભાવથી મંદ પાડી આ કુલટા બોલી, "કેદમાંથી છોડાવી, પોતાની કરી હવે આમ કરશો? છે'દેશો?" પગ પછાડી સૈનિક બોલ્યો "પણ તને કોણે બોલાવી'તી?" કેસરીઃ–"પણ તે હું શું જાણું!" સૈનિકઃ–"જાણ્યું જાણ્યું ત્હારા બાપનુ કપાળ; પણ કહી દે. ક્યાં છે પેલી કુલી?" પોતે છુટ્યા પછી કુલીને આવા દુષ્ટના હાથે પણ મુક્ત થવા દેવી તે આ નાગેણને ગમ્યું નહી તેથી તુરત કંપતી કંપતી હાથ જોડી તે બોલી "ભાઈસાબ, નામ ન દેશો. પણ એતો કાલ રાત્રે તમારા આવતા પેહેલાં નાશી ગઈ છે. મ્હેં તો જાણ્યું મને છોડાવવા એણેજ તમને મોકલ્યા હશે. આથમણી દિશાએ જવાની હતી; ને રાત્રે રાત્રે ચાલવાનો ઠરાવ હતો." જરા વાર વિચાર કરી મૂર્ખ સૈનિક બોલ્યો, "પણ ત્હારે માટે આજ વાટ જોવાની હતી કે નહિ?" ધ્રુજતે ધ્રુજતે "હા" કહી કેસરી હાથ જોડી નીચું જોઈ રહી. વિહ્વલ થયેલો આ સૈનિક ગાંડા જેવો સરરસટ દોડી ગયો કુલીને ખોળવા. તેની આવી મૂર્ખતા ઉપર હસતી આ દુષ્ટાએ નાશી જવાને જરાએ વાર ન કરી. મરુડીમાંથી બહાર આવી ટેકરીથી નીચે ઉતરી જે રસ્તેથી આવી હતી તેથી સામે રસ્તે તે ઝપાટાબંધ ચાલી ગઈ. વેળાસર ધાર્યે સ્થળે પહોંચવાની ત્વરાએ તેના ભયને નિવાર્યો, છુટકારાની હુંફે તેના શ્રમને નિવાર્યો; તેથી શેષ રહેલી રાત્રીમાં ચાલ ચાલ કરી પ્રભાતમાં તેણે પરિચિત માર્ગમાં પગ મુક્યો. બે દિવસનો રસ્તો અર્ધ રાત્રીમાં કપાઇ ગયો જાણી તેણે ખરેખરુંજ અનુમાન્યું કે કોઈ ઝાડીને રસ્તે થઈ તે બાહેર નિઃસરી. પેલા મૂર્ખ કામીજનને તો તેણે એવી હડીયા

દોટ કઢાવી હતી કે તે પાછો આવે એમ તેના મનમાં નહોતું; પણ રાજ્યસૈનિકોનુ તેને ભય ભારે હતું. તે બરાબર માની બેઠી હતી કે પ્રભાતમાં તેના પલાયનની વાત પ્રસિદ્ધ થતાં તેને પકડી ફરી પરેજ કરવામાં રાજ્યનું સર્વ દળ પ્રયત્નવાન થશે. પોતાના કલ્પિત મહત્વથી અભિનિવિષ્ટ આ શૃગાલીને એવું ભાન ક્યાંથી હોય કે તેના જેવાં ક્ષુદ્ર પ્રાણીની ઉપેક્ષા કરવામાંજ સજ્જન સુખ માને છે? તેથી અબળા છતાં મણિપુરમાં ભરાઈ પેઠેલી અપશુકનીઆળ આ બલાએ રાજ્યદળના બળને છળથી હંફાવવાનો નિર્ણય કર્યો. મહા શ્રમથી દેહના સાંધેસાંધા રહી ગયા હતા તે છતાં રાજ્યસૈનિકોના ભણકારા સાંભળતી હોય તેમ તે આડુઅવળુ જોતી જોતી, આડે અવળે રસ્તે છપાતી છપાતી આગળ ચાલી; અને કોઈ ગ્રામની સ્મશાનભૂમિમાં પહોંચી. ત્યાં એક બળેલા શબની વાનીનો ઢગ તેણે દીઠો. તેમાં પોતાનુ સર્વ દીલ ચોળી, તેમાંના કોલસા પોતાના વદન ઉપર ઘસી, વનની રાક્ષસણી જેવી બની, રક્ષાથી કેશજાળને જટાજૂટ બનાવી કોઈથી ન ઓળખાય એવો બીભત્સ વેશ ધારી, ઘડીમાં વિક્રાળ રૂપ ધારતી, ઘડીમાં ગાંડી જેવી બનતી, ઘડીમાં ચિંથરીયેણ ભીખારી દીસતી, તે હળવે હળવે ચાલવા લાગી. અને આવા વેશમાં–પથિક અને અશ્વારોને હસતી હસતી, મનનુ ધાર્યું કરવા અનેક યુક્તિઓ રચતી રચતી, વનચરને પણ ભય દેખાડતી દેખાડતી, ફળફુલ ખાતી ખાતી, નિર્દોષ મનુષ્યોને ચાંકાવતી ચાંકાવતી, તથા અવળા પથ બતાવતી બતાવતી, જડ ઝાંખરામાં વિંટાતી વિંટાતી, પથનાં શ્વાનને નિવારતી નિવારતી, શ્રમ તથા પ્રજાગરને હરાવતી હરાવતી, વનનાં પશુઓને પણ ભડકાવતી ભડકાવતી મણિપુરની બાહેર નીકળી જતી દુર્દશા હોય, ભર્તૃદારિકા વસંતવિલાસિનીની અલાબલા હોય, અથવા જ્યાં પગલાં કરે ત્યાં જડમૂળ કહાડનારી દૈવી કૃતિકા હોય, એવી આ કુટિલા કુલટા પિશાચણ કનકપુરીની કાલિમાનો ઘટ ઉભરાવવાનેજ તેની પ્રાન્તભૂમીમાં ગઈ, પ્હોચી. તેને જોઈનેજ સ્પર્ષમાં દૂષિત થવાની ચિંતાથી સુકાઈ જતી પુનિત નદીએ "ખળખળ" એવા અટકાવના નાદ ઘણાયે કર્યા પણ તેને ન ગણગારતાં તેના દોડી જતા–નાસી જતા–સરી જતા જળમાં પોતાની સર્વ દેહમલિનતા ધોઇને તે જળકુકડીની પેઠે પાર ઉતરી; સર્વથા, ધર્મરાજ્યની ધર્મવાન્ વસતિની પનોતી ઉતરી.

પ્રકરણ ૨૭ મું.

કન્યાની શોધ.

પોતાને માટે યોગ્ય કન્યાની શોધ કરવાને સુગુણસિંહ દેશાન્તર ફરતો હતો તે તો આપણે પ્રથમ સૂચવ્યું. આપણા દેશમાં એવો રીવાજ છે કે છોકરીને માટે ઉચિત વર કન્યાનાં માબાપજ ખોળી કાહાડે છે, ને ચાંલ્લો ન્હાનપણથી કરી મુકે છે. સુગુણને પણ તે પ્રમાણે થયું હતું. તદપિ લગ્ન સમયે કન્યા ગુજરી ગઈ, તેમ નૃપતિની કન્યાનો સંભવ જણાયો તેથી શોકને બ્હાને તુરતને માટે તેનાં માતપિતાએ એ કામ પડતું મુક્યું હતું.

સુગુણસિંહ જાતે વિદ્વાન, અનુભવી અને ડાહ્યો હતો. તેને કંઈ મહાનની કન્યા ઉપર તાન નહોતું. પોતાને અનુરૂપ કન્યા મ્હોટા કુળમાં હોય કે ન્હાના કુળમાં હોય તેની સ્પૃહા રાખ્યા વિના તેની સાથે લગ્ન કરી જીવિત સફળ કરવાની તેની ઇચ્છા હતી. ધન, સત્તા કે માનની તેને અપેક્ષા નહોતી. સ્વશક્તિ શિવાય પરશક્તિ અને વિશેષે શ્વસૂરશક્તિથી સંચિત કરેલો અધિકાર, યશ કે પૈસો તેને અગ્રાહ્ય હતો. તે જાતે દયાળુ હતો અને સ્વભાવે નરમ હતો, પરંતુ દુષ્ટ જન ઉપર તો તેની આંખ ચંડીની અસિવત્ ફરતી હતી. કપટ તેણે કોઈ વેળા કર્યું નહોતું. પરંતુ અનેક પ્રકારનાં કપટને ચપટીમાં ચપટ કરી દેવાની તે શક્તિ ધરાવતો હતો. મધુર વચનથી, પરોપકારી કૃત્યથી અને મીલનસાર સ્વભાવથી તે સર્વનો માનીતો બન્યો હતો. રાજ્યમાં તે ખરેખરો અજાતશત્રુ હતો. રાજકન્યા ઉપર તેને પ્રીતિ હતી—પરંતુ તે મનસિજને અધિન નહોતી. કુલીનાં શિક્ષણ તથા સૂચનથી અને વસંતનાં વચન તથા કૃત્યથી તેણે તેના પાણીગ્રહણનો લોભ મુંકી દીધો હતો. પરંતુ સમય આવ્યે સૃષ્ટિનિયમ વિરૂદ્ધ કુંવારા રહી સંસારઅરણ્યમાં જીવિતનુ રગસીયુ ગાડુ એમનુ એમ ખેંચવું એતો એના જેવા હાંસીલા અને હસમુખાને ઠીક ન લાગ્યું. તેથી દેશાટન કરવાને નિમિત્તે માતાપિતાની સંમતિથીજ તે કન્યા ખોળવા નીકળી પડ્યો.

પિતાની રુચિ વિરુદ્ધ તેનુ આ પગલું હતુંજ નહિ. પોતાના વિવાહની વાત કુટુંબના વડિલ વર્ગને સોંપવાની આર્યદેશની ઉત્તમ રીતિનો

તે પ્રતિપક્ષી નહોતો. રમત ગમતમાં કાહાડેલી બાલ્યાવસ્થામાંથી નીકળી તરૂણાવસ્થાને પેહેલે પગથીએ પગ મુંકતાંજ આખા જીવિતના સુખદુઃખના આધારભૂત લગ્ન જેવા મ્હોટા સવાલનુ નિરાકરણ કરવાનુ એક યુવાન અનુભવ વિનાના મગજનું અસામર્થ્ય તે સારી પેઠ સમજતો હતો. વળી તે એમ પણ માનતો હતો કે મદ અને મદિરાથી પણ વધારે ગંડક અને મૂઢ બનાવી દેનાર મદન ઉગતા નરની આંખોએ પાટા આંધેછે, અને સારૂનરસુ પારખવાની તેની શક્તિને હરી લે છે. તેને ખબર હતી કે પૂર્વે અનુભવ વિનાનાં આ સંસાર-સાગરનાં માનવી પોતાનાં દેહ રૂપી નાવને જોડતાં જોડતાં એવી રીતે અથડાવે છે કે બન્નેના ભાગીને ચુરેચુરા ઉડી જાયછે. વળી તેને ખબર હતી કે વિકાર રૂપી વિચિત્ર કાચનાં ચસ્માં ઘાલી તરૂણ પુરુષો તે કાચમાંજ રહેલા લીલાપીળા રંગ અન્ય વસ્તુઓમાં માની લે છે. અવલોકન, અનુભવ અને આલોચનથી તે એવા સિદ્ધાંત ઉપર આવ્યો હતો કે લગ્ન એ કરાર નથી, પણ સંસ્કાર છે; વિષયાનન્દપ્રાપ્તિનું સાધન નથી, પણ પરમાનન્દપ્રાપ્તિનુ પદ છે; સ્વાતંત્ર્યને નામે ગવાતા સ્વાચ્છંદ્ય રૂપી હાથા ઉપર જડાયલી અહંતા રૂપી છુરીથી બનેલું ભેદક યંત્ર નથી, પણ સત્પ્રીતિની શૂચિમાં પ્રવિષ્ટ થઈ અભેદ—ઐક્ય કરનાર મંગળસૂત્ર છે. "एकोऽहं बहुस्याम्" એવી પરમાત્માની ઈચ્છાને અધીન થઈ એ મંગળસૂત્રથી ગૃહસૂત્રની વૃદ્ધિ કરવામાં સિંહ, વ્યાઘ્ર, વરૂ ઇત્યાદિ હિંસક પ્રાણીની નિયમાનુસાર પ્રવૃત્તિ રહેછે. વિષયવાસનામાં લુબ્ધ થઈ નિયમનુ ઉલ્લંઘન કરનાર સ્ત્રીપુરૂષ જગત્માં બુદ્ધિવિશારદ ગણાતાં હોય તોપણ એવાં ક્રૂર પ્રાણીથી અધમતર છે. મદનરસના ક્ષણિક પ્રમોદથી રહિત બનેલાં માનવીને વિષયની વિષ્ટામાં દાખલ કરવામાં ઉત્સુક અને તત્પર મનુષ્યો કેવળ દયાપાત્ર છે. તેમના પ્રયત્નો તેમની વિષયાસક્તિની સાક્ષી પુરેછે, તેમના અજ્ઞાનનું સૂચન કરેછે. અખંડ આનન્દની પ્રાપ્તિ ત્યાગથી છે, ભોગથી નથી. વળી પતિપત્નિનો સંબંધ તનનો નથી, મનનો છે; બહિર્‌કરણનો નથી, અંતઃકરણનો છે; ક્ષણિક નથી, ચિરંજીવ છે; દેહાધીન નથી, સ્નેહાધીન છે. એ સંબંધ ગાઢ થવાને અભિનિવેશની અપેક્ષા છે. તે અભિનિવેશ શુદ્ધ ભક્તિથી પુનિત થએલો જોઈએ, અશુદ્ધ ભુક્તિથી નહી. વરવધૂમાં એવો અભિનિવેશ ઉત્પન્ન કરવાને અનેક સાધનો દેશકાલને અનુસરીને યોજાય છે. સ્વધર્મનિષ્ઠ આર્યાવર્તમાં

સતત સહવાસ અને દીર્ઘ અભ્યાસ એ બે સાધનોનો શિષ્ટજનો ઉપયોગ કરેછે.

આ સિદ્ધાંતને અનુસરીને તે એમ પણ માનતો હતો કે પ્રૌઢવયે લગ્નની ગ્રન્થિથી જોડાનાર વ્યક્તિઓ બાલ્યથી એકબીજાના સહવાસમાં રહે, એક બીજાને ભવિષ્યનાં વરવધૂ માનવાનો અભ્યાસ કરે અને એક બીજાના સ્વભાવ ઉપર પોતાના સંગનો રંગ બેસાડે તો તેમાં કાંઈ ખોટુ નથી. લીલુ વૃક્ષ ઈચ્છાનુસાર વળાય છે. તેજ પ્રમાણે બાળપણથી કન્યાના મનમાં વરનો અને વરના મનમાં કન્યાનો અભિનિવેશ એવો થઈ જાયછે કે મ્હોટી વયે લગ્ન થયા પછી સ્ત્રી અને પુરુષ એકબીજાનાં ડાબાંજમણાં અંગ બની રહેછે. તેમાં પણ આ જગત્‌માં પ્રાણીમાત્રને માતપિતાથી વધારે અથવા તેમના જેવાં હિતૈષી તો કોઈ મળતાંજ નથી. તો પોતાના દસ વીસ વર્ષના અનુભવમાં ગુણદોષથી બરાબર માહિત થએલાં માતાપિતા પોતાનાં છોકરાંને માટે ઘટિત જોડ ખોળે તો તેમાં ઘણે અંશે હિતજ થાયછે. સાથે એમ પણ માનતો હતો કે સ્વેચ્છાથી લગ્ન કરનારાં જોડાં ઘણીવાર ખાંડાં થઈ જાયછે. વિષયજ્વરના ઉન્માદમાં સત્વર કરેલી કૃતિ નિરંતર દંપતિની દુર્ગતિ કરે છે, અંતે અભેદ કરવાનુ સાધન જે વિવાહ, તેનોજ ઉચ્છેદ કરવો પડેછે. પાછું “ માંડો પંડ્યા ઘરથી ” જેવું થાયછે. વહુ મટી કન્યા બનેલી સ્ત્રીને બીજો વર ખોળવો પડેછે; વર મટી કુંવારા બનેલા પુરૂષને બીજી વહુ ખોળવી પડેછે. એક વરનો ચુડો ઉતર્યો, બીજાનો ચઢ્યો, એક વધૂથી ઘાર છંડાયુ, બીજીથી મંડાયુઃ આમાં પણ અવિચ્છિન્ન સુખ ક્યાં છે ?

આ સંસારની પ્રજાઓએ બુદ્ધિને અને સમય તથા સ્થળને અનુસરી જે જે ધારા બાંધ્યા છે તે પરિપૂર્ણ હોય એમ તો બનેજ નહી પરંતુ લગ્ન સંબંધી ધારાઓમાં માતાપિતાની રૂચિ ઉપર વિવાહ રાખવાનો ધારો તેને ઓછો બાધકારક લાગતો હતો. તેથી તેના વિકારી મિત્રો અને ઉચ્છૃંખલ બરાબરીઆઓ તેને લલચાવતા પણ તે લલચાતો નહી; અને માતાપિતાની આયના તોડતો નહી. છતાંએ તેની નિપુણતા ઉપર પૂર્ણ વિશ્વાસ આવવાથી માતાપિતાએ તેને આજ્ઞા કરી ત્યારે તે કન્યારત્ન ખોળવા નીકળી પડ્યો. આ આજ્ઞા કરવામાં તેનાં માતાપિતાએ સ્વાર્થથી સ્વધર્મનો અનાદર નહોતો કર્યો. શૈશવમાં ઉછેરી, બાલ્યમાં લડાવી, યૌવનમાં સમજાવી, સુસ્થતા, સુવિદ્યા, સુમતિ આદિ આપી, ધન, ધાન્ય, પશુ, મંદિર ઇત્યાદિ પુત્રને નિવેદન કરી, તેમનો એક

કન્યારત્ન શોધી આપવાનો ધર્મ ચુકે એવાં સુગુણસિંહનાં માતપિતા નહોતાં. જોવાનું રહ્યું કે માતપિતાનો વિશ્વાસ સ્થાને હતો કે નહી—અને તેણે રત્ન તે રત્નજ ખોળ્યું કે પથ્થર.

તે અનેક સ્થળે ફર્યો, પણ તેની કંઈ ઇચ્છા પુરી થઈ નહી. ભવસાગર તરાવે એવી સ્ત્રી–તરુણી તો તેને ન જડી. તેથી ઈશ્વર-ઈચ્છાથી જે વધૂ થાય તેનો આત્મસંયમ, સ્વાર્થત્યાગ અને સતત શ્રમથી આલોક અને પરલોક સુધારવાની પ્રતિજ્ઞા કરી, અનુભવની ગાંસડી લેઈને તથા ધર્મની ધારણ ધરીને ઘેર જવાનો તેણે નિશ્ચય કર્યો. તે ઘર તરફ વળ્યો. પણ રસ્તામાં કનકપુરી આવી. કુતૂહલે તેને પ્રેર્યો; તેથી તે નગરમાં વિશેષ નહી પણ કુંભારવાસો કરવાનો વિચાર કરી તે અંદર દાખલ થયો. પણ વિજયસિંહ મહારાજ જેવા પુનિત અને પાવન પ્રજવલિત અગ્નિ હોલાયા પછી આ નગરમાં રહેલા કોલસા અને રખ્યા વિના બીજું તેને શું જોવાનુ હતું ? એકજ રાતમાં સ્મશાનની સાધનાઓ, વેશ્યાગૃહોના પાનમહોત્સવો, દ્યૂતસભાઓની ગોષ્ઠીઓ, ચૌરસ્થાનોની વેહેંચણીઓ, ફાંસીઆવાડની નિર્દયતાઓ અને અખાડાઓની ધર્મભ્રષ્ઠતાઓ તથા એવાં નીચ સ્થાનોની નીચતાઓ તેણે જોઈ લીધી, જાણી લીધી, અનુભવી લીધી. લોલ લલનાઓનાં કટાક્ષ બાણથી તે ઘવાયો નહીં. તેમના લાવણ્યલીલાજળમાં તે ન્હવાયો નહી. શઠની જાળમાં તે ફસાયો નહી, મઠના અગ્નિમાં તે દાઝ્યો નહી અને દ્યૂતવિદ્યુતથી તે ભસ્મ થયો નહી. એમ કરતે કરતે તે નગરને એક છેડેથી બીજે છેડે નીકળી ગયો અને એક ચોગાનમાં આવી ઉભો રહ્યો.

પણ અહીં તો તે મહાત થઈ ગયો. કોમળતા અને સુંદરતાથી કુલીનતા ધારણ કરતી એક આધેર સ્ત્રીને પરાધિન કરી તેની લાજ લેવાને તૈયાર થયેલા ચાર અઘોરીથી પણ ઘોર કર્મ કરનાર રાક્ષસોને તેણે દીઠા. પાસે શસ્ત્ર હતું તે ઉપર હાથ તો ગયો. પણ જિજ્ઞાસાએ તેને જરા વિલંબ કરાવ્યો અને એક ઝાડની ઓથે સંતાડ્યો. રાક્ષસોએ તો "અલ્યા ઠીક રમુઝ આવી છે." "ભલી સપડાઈ છે" "રાંડ ! મરણ કરતાં ઈશિક ખોટો ?" એવા એવા શબ્દો બોલી "હા નાથ !" "હે પ્રભો !" "હા પુત્ર !" એમ કરૂણ બોલતી સ્ત્રીને દુઃખમાં ને દુઃખમાં મૂર્છિત કરી. પરંતુ આમ સાહ્યરહિત, ભાનરહિત, શક્તિરહિત સ્ત્રીના ઉત્તરીયનો છેડો ખેંચી આ ચાણ્ડાલોએ તેના રૂપનાં વખાણ કરવા માંડ્યાં, તેના ગુણનાં ગીત ગાવા માંડ્યાં. જરા વેળા વટી—એટલે કઠિણ સ્પર્શથી

જાગ્રત થએલી, મહા બળ કરી આ ચારેના ગ્રાહમાંથી છુટી જવા–તુટી જવા યત્ન કરતી આ અબળા ઉપર બળાત્કાર કરવાનો મનસુબો કરી, ગ્રામ્ય શબ્દ બોલી જેવા આ નીચ મદ્યપો અયોગ્ય ચિહ્ન કરે છે તેવીજ સુગુણની તરવાર આકાશની વીજળીની પેઠે સાથે લાગી ઉતરી અને બે જણનાં હલાલ કરેલાં રુધિર પીવા લાગી. દુષ્ટો ગભરાયા. તેમણે થરથર કંપતી સ્ત્રીને છોડી દીધી પણ પલાયન ન કર્યું. તેઓ વ્યભિચારી, દગાખોર, અને લૂટારા હતા તોપણ શૂરા હતા, તેથી પોતાનાં શસ્ત્રોમાંથી તરવાર કહાડી બન્ને જણ સુગુણ ઉપર કુદી પડ્યા. પટા રમવામાં કાબેલ અને રણયુદ્ધમાં પણ નિપુણ–એટલે વીર સુગુણસિંહને આ રાક્ષસોનો ડર નહોતો. તેમ આ વેળા તેને જીવવાનુ કે મરવાનુ ભાન પણ નહોતું. એટલે આ દુષ્ટોને તો છુંદી છુંદી મારવાને સામાસામી કચકચતા દાંત દેખાડી એક જણના ઉપર તો તેણે એવો ઉછળીને ઘા માર્યો કે તેના ઉભાને ઉભા બે કડકા થઈ ગયા. પણ બીજી બાજુ રહેલો આતતાઈ કંઈ બેસી રહ્યો નહોતો. તેથી તેણે પાછળથી સુગુણને ઉપરાઉપરી ચાર એવા ઝટકા માર્યા કે એકથી તેનો સ્કંધ કપાયો, બીજાથી તેની જમણી આંખ કપાઈ, ત્રીજાથી તેના બરડાની કરોડ કપાઈ અને ચોથાથી તેનો પગ કપાયો. તેથી તે તો લથડીને પડ્યો. તુરતજ રાક્ષસ તેના ઉપર ચ્હડી બેઠો. પણ જેવો તે તેની છાતીમાં શસ્ત્ર ભોંકવાનુ કરે છે તેવીજ પેલી ગભરાયલી પણ ઉપકારબુદ્ધિવાળી સ્ત્રીએ પાછળથી તેનો શસ્ત્રવાળો હાથ ઝાલી રાખ્યો–ખેંચી રાખ્યો. પડ્યો પડ્યો પણ સુગુણ હતો તેથી તેણે જમણા હાથમાં રમતી તરવાર ડાબા હાથમાં લેઈ રાક્ષસના ગળામાં એવી મારી કે “રામ્હા” કહી તે ગડબડી પડ્યો. પણ પડતાં પડતાં તેની લાત પરોપકારી સુગુણના પેઢુમાં વાગવાથી તે મૂર્છિત થઈ ગયો.

રાક્ષસો મરાયા, શીયળ સચવાયું, પણ ઉપકાર કરનાર મૂર્છિત થયો તે જોઈને આ સ્ત્રી ઘણું આક્રંદ કરવા લાગી. ન સૂઝે તેને ઉપચાર કરવો કે ન સૂઝે તેને પાટો કરવો.

આવાં કર્મ જોઇને કાયર થયેલી રાત્રી વેળાસર નાશી ગઈ; અને કુકર્મ કરનારને ઉઘાડા પાડવા તેમના ઉપર સ્હવાર પડ્યું–પણ સુગુણસિંહને ધવા વળે નહી. ચાર શબ અને એક મૃત્યુપ્રાય દેહ વચ્ચે બેઠેલી આ સ્ત્રીને જોઈ, સારું થયું કે, આ નગરનો કોઈ જન પાસે આવ્યો નહી. પણ વાયે વાત ચાલી. જીવતી ડાકણ ગામમાં ન આવે તેની આઘાઓ રખાઈ. હનુમાનજીના મંત્ર જપાયા, વિષ્ણુસહસ્રનામના પાઠ

ભણાયા, મહાગણોની આણો દેવાઈ. બૈરાં અને છોકરાં ઘરમાં પેસી ગયાં. વાસેલાં બારણાંની તડોમાં થઈને મુછાળા બનેલા મરદો રસ્તામાં જોવા લાગ્યા. પવનનો ઝપાટો સાંભળી વસ્ત્રની શ્લથતા થવા લાગી. અંતે કેટલાએક ઉચ્છૃંખલ કહેવાતા માણસો એક બીજાના સંગમાં હિમ્મત ધારી નગરના પ્રખ્યાત ભુવાઓને લેઈને, બાહેર જ્યાં આ સ્ત્રી હતી તે પ્રદેશમાં આવી પહોંચ્યા. ભુવે ભવાઈ માંડી. પણ કંઈ ભૂત ધુણ્યું નહી. શ્મશાનની રખ્યા બશેરેક તો તેણે પીધી. "જંગલકા અઘોરી. અઘોરી જંગલકા." એવા એવા બરાડા પણ તેણે ઘણા પાડ્યા. ડાખલાં પણ બહુ વાગ્યાં. માથુ પણ બહુ ધુણ્યું. લીંબુ પણ ઘણાં કપાયાં. લોબાન પણ બહુ બળ્યો. ખીરવડાં પણ ઘણાં ખપ્યાં. પણ મૂર્છિત પુરુષનુ આશ્વાસન કરતી અને તેને પવન ઢોળતી સ્ત્રી ન બોલે કે ન જુવે. કાયર થઈ લોકોએ તેના ઉપર ઇંટાળા નાખવા માંડ્યા. બે ત્રણ તેના બરડામાં વાગ્યા. એક તેના માથામાં વાગ્યો. સારે ભાગ્યે તાલકું તુટ્યું નહી. પણ કપાળ વચ્ચે વાગેલા ઇંટાળાએ રક્તસ્રાવ ઘણો થયો, તેથી હળવે રહી ઉભી થઈ તે ચારે તરફ બ્હેબાકળી જોવા લાગી. પણ ઇંટાળાનો વર્ષાદ વધ્યો. તેથી કાયર થઈ તેણીએ એક કારમી ચીસ પાડી. તે ચીસથી કોઈ ભયંકર ભૂતાવલિ સર્વને ખાઈ જશે એમ ધારી ચારે તરફ ભરાએલું ટોળું મુઠીઓ વાળીને નાઠું. એક બીજા ઉપર પડે. એક બીજાને ધક્કો મારે. આ વેળા ન્હોતી બાપને છોકરાની પડી, કે ન્હોતી ભાઇ ને ભાઇની પડી. મનુષ્યપ્રાણીમાત્રનો સ્વાર્થ આ સ્થળે બરાબર જણાઈ આવતો હતો. માથેથી ઉતરતી સગા બાપ ઉપર પણ પડવા દેઈ જીવતી ડાકેણના ગ્રાહમાંથી ઉગરવા અત્રે ભરાયલા લોકો જેમ નસાય તેમ નાઠા. કોઈની પાઘડી પડી, કોઇનો ખેશ ખશ્યો, કોઈનાં વસ્ત્ર ખશી ગયાં, તોપણ કોણ ઉભો રહે? બગલમાં જોડા ઘાલી આડુ જોવાને પણ ન રહેતાં અથવા સગાસંબંધી કે સ્નેહીનો ખોળ કરવા ન રહેતાં સર્વ કોઇ નગરમાં પેસી ગયા, પોતાને ઘેર જતા રહ્યા અને પાછળ આવનારને ધક્કો મારી પોતાનાં દ્વાર બંધ કરી કંઈ ખુણેખોચલે ભરાઈ ગયા.

અહો! માણસનાં જીવિતને માટે વલખાં! દેહ જવાનોજ છે તેને રાખવાને માટે કેટલા કેટલા ઉપચાર? કેટલા ઉપાયો? ત્રીજે દિવસે પણ પેટભર અન્ન મળતું હોય, પેહેરવાને બળોતીયાંજ હોય અને રેહેવાને શ્વાનની બોડ હોય તોપણ મરવું ગમતું નથી. શું

મરણમાં દુઃખ છે? અથવા શું આ સંસારમાં સુખ છે? શું જગત્‌માં એક પણ એવો ગૃહસ્થ નીકળશે કે જે બરોબર સુખી કેહેવાય? કોઇને કંઈ તો કોઈને કંઈ દુઃખ. અને આમ દુઃખ છે તો શા સારું મરવાને આટલો આચકો? અરે! જેને વ્હાલાંનો વિયોગ થવાનો નથી, ધન ખોવાનું નથી, નામ જવાનુ નથી ને આ સંસારમાં કશું લાધવાનું કે પલાણવાનુ નથી અને જે શુષ્કારણ્યમાં એકલવૃક્ષવત્ પંડેપંડ છે તેનેયે મરણની વાત નથી ગમતી. "મોત આવે તો સારું." એવું બોલનારા—અરે! મોત આણવાને વિષ ખાનારા પણ મરણસન્નિધ થતાં કેવા ગુંચાય છે—કેવા આચકા ખાયછે? ચલ સંસારમાંથી અચલ મૃત્યુમાં જવાને શા સારું મનુષ્ય માત્રની અરૂચિ? જો મૃત્યુ અવર સંસારમાં જવાનુ દ્વાર હશે તો તેમાં શું ખોટું છે? જો તે માત્ર દેહ-ભંગ હશે તોપણ દુઃખની બલા ટળી. જો તે રોજ ક્યામત સુધી દોજખમાં રાખનાર ઈશ્વરશક્તિ હશે તોપણ શી અનીષ્ટાપત્તિ? અથવા તે નિદ્રા જેવી પણ અત્યંત કે અનંત વિસ્મૃતિ હશે તોએ રુડુ છે. પાપપુણ્યનાં ફળનીજ જો ભીતિ હોય તો ફળ આપવું મૃત્યુના હાથમાં નથી. સર્વથા, મૃત્યુનો ભય તે માણસના અજ્ઞાનનું ફળ છે. બાકી સમજુને તો જીવિત અને મરણ બરાબર છે. ત્યારે શું આવોજ કંઈ વિચાર કરીને આ સ્ત્રીનો ડર ન ધરી એક તેલીયા રાજા જેવો દેખાતો આદમી તેણીથી ચસ્યોએ નહી ને ખસ્યોએ નહી? જોઈએ છીએ.

કપાળ ઉપર અને જટા ઉપર પુષ્કળ સિંદૂર નાખીને, સર્વાઙ્ગે તેલમાં નાહીને, તેલીયુ વસ્ત્ર સજીને, હાથમાં સ્ફટિકના મણકાની માળા ફેરવતો ફેરવતો જાણે તે આ જીવતી ડાકેણ જેવી સ્ત્રીને પોતાતરફ ખેંચતો હોય એમ અચાનક તેણીના સન્મુખ આવી ઉભો રહ્યો. લોકો નાશી ગયા—કોઈ ચકલું પણ રહ્યું નહી ત્યારે તે એકલાજ રહેલા પુરુષને જોઈ આ સ્ત્રી થંભી, તેને પગે પડી અને આશ્રય માગવા લાગી. તેલીયા રાજાની આંખમાંથી ડળક ડળક આંસુ પડ્યાં. તેનુ કારણ ન સમજતાં આ સ્ત્રી બોલી "મહારાજ! શીદ રડોછો? હુ ડાકેણ નથી. પણ—" "હુ જાણુંછું, માતાજી! પણ આપ અહીં ક્યાંથી?" "ત્યારે તમે મને ઓળખોછો?" એવા તેણીના પ્રશ્નના ઉત્તરમાં તેલીયો રાજા થઈને પણ આણે તો તેને સાષ્ટાઙ્ગ દંડવત્ કર્યા અને તેને પોતાને ઉતારે આવવા કહ્યું. પોતાનાં લજ્જા, ધર્મ અને જીવ સાચવનાર પેલા મૂર્છિત વીર પુરુષને સાથે લાવવાની તેની વિનંતી તેલીઆ રાજાએ સ્વીકારી.

પણ જ્યારે તે મૂર્છિત છબિ એણે જોઈ ત્યારે એના આશ્ચર્યનો પારજ ન રહ્યો. તે ચકિત થઈ ગયો. "સુગુણસિંહ!" એટલું બોલી તે તેના ઉપર કેટલીએક વાર એક ટશે ને ટશે જોઈ રહ્યો. પેલી સ્ત્રી તો તેને વાયુ ઢોળવા પ્રથમ પેઠે બેઠી. પણ થોડી વારમાં આડાઅવળા જઈ આવી, કંઈ વનસ્પતિ લાવી, આ તેલીયા રાજાએ સુગુણસિંહની આંખોમાં અંજન કર્યું. તેથી તે ઝટ જાગ્યો અને જરા લેપની સાથે આળસ મરડી ઉઠ્યો. પણ શક્તિ કમી થઈ હતી. પોતાની પાસેનો બનાવ સ્વપ્ન નથી પણ ખરો છે એમ પોતાના નબળા પડી ગએલા મન સાથે નિશ્ચય કરી, તેલીયા રાજાની આકૃતિમાં કંઈ પૂર્વની ઓળખ પાડી તે બોલ્યો "મહાભાગ! આપ કોણછો? સતી! આપ કોણછો? જેમણે મ્હારી મૂઢાવસ્થામાં પણ આમ સેવા કરી?" પ્રથમ પ્રશ્ન ઉડાવી તેલીયો રાજા બોલ્યો "ઉઠો, ઝટ કરો. આ ભયંકર સ્થળમાં વધારે રેહેવું વાજબી નથી." એમ કહી બન્નેને ઉઠાડી બન્નેના હાથ ઝાલી પોતાની એક ઝુંપડી તરફ લેઈ જતો અને રડતો કકળતો તે બોલ્યો "દીનને પોતાજેવા બનાવી મુંકનાર, અનાથના નાથ, કીર્ત્તિના અધિપતિ, રાજરાજેશ્વર અખંડ ભૂમંડલૈકમલ્લશ્રીમદ્વિજયસિંહની પટરાણી રાણી સુજાણબા તે આજ છે." રાણી હૈયાફાટ રડી પડી. સુગુણ છાતીએ હાથ મુકી–ઉંડો ઉતરી ગયો. તેલીયો રાજા બોલ્યાં ગયો "દુષ્ટની દુષ્ટતાએ તેમને આમ કષ્ટ સ્હેવું પડ્યું છે. તે દુઃખનો અંત આવ્યો. અને હે સુગુણસિંહ! તે આપના પ્રતાપથી." સુગુણસિંહ ચોંક્યો. પોતાનુ નામ આણે શી રીતે જાણ્યું તે તેને સમજાયું નહી. પણ તેલીયાએ કહ્યું "ચોંકશો નહી. હું તેલીયો રાજા બન્યોછું તે સર્વ જાણું. પણ હવે સાંભળો; આ સર્વ સુવર્ણપુરના રાજ્યની તે માલિક છે. જેના દૃષ્ટિપાતમાં મોક્ષસુખ મનાતું, જેના દર્શનમાં કલ્યાણ હતું, જેના આગળ નામ બોલાય તેમાંજ ભાગ્ય હતું અને જેની છાયામાંજ વિશુદ્ધિ વિસ્તરતી તે આ સીતા જેવી સતીનુ રક્ષણ કરનાર આપને ધન્ય છે. ખરેખર, હું આપનો શો બદલો વાળીશ?"

જિહ્વાની ત્વરા સાથે તેલીયારાજાના પાદની પણ ત્વરા હતી તેથી થોડી વારે તેઓ ત્રણે એક ગંજાવર ભ્રમરીયા કુવા પાસે આવ્યાં. તેની પાસે કેતકીની બે ઓળ હતી તેમાં થઈ એક નાની ટેકરીની ગુહામાં પોતાની મરૂડી હતી તેમાં તે આ બન્ને શ્રમિત થએલાં મનુષ્યોને લાવ્યો. બન્નેને ઘટિત આસન આપી પોતાના એક શિષ્ય પાસે

રસોઇ કરાવી તેણે બન્નેને જમાડ્યાં અને સુવાડ્યાં. અંતે સાંજ ઉપર રાત્રી પડી ત્યારે સુગુણસિંહ અને રાણી સુજાણબા જાગ્રતે થયાં ને તાજાંએ થયાં.

વલવલતી રાત્રીએ કાલિમા વધારવા માંડી. કનકપુરીના સોનાના સૂર્ય જેવા મહારાજાના પ્રતાપથી અસ્ત થએલા, નાસી ગએલા, ગુમ થઈ ગએલા ક્ષુદ્ર જનોની પેઠે તારાઓએ અંધકારમાંજ તેજ ધારણ કરવા માંડ્યું. પવનની નિરંકુશતા વધવા લાગી. જરા છેટે વેહેતી નદીનો. કળકળાટ કર્ણગોચર થયો. પાસેના કેતકી જેવા પરોપકારી વૃક્ષે સંગ્રહેલા સર્પોએ ડાખલીઓ વગાડવા માંડી. તુરી તમરાંએ કંઈ કંઈ પ્રકારના રાગ ખેંચવા માંડ્યા. ઝાંખો બળતો દીપક પવન જેમ ડોલાવે તેમ ડોલવા લાગ્યો, અને સ્વભાવે પ્રકાશકર છતાં પોતાનાજ અગ્ર ભાગમાં મોગરો ધારીને કૃષ્ણતા સજવા મંડ્યો.

આ વેળા તેલીઓ રાજા અને તેનો શિષ્ય તથા સુજાણબા અને સુગુણસિંહ અનેક પ્રકારની વાતો કરવા લાગ્યાં. સુજાણબાએ પોતાની વીતક કહેવા માંડી. “અમરપુરીના રાજા સાથે ચોથની તકરાર પડવાથી તેની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાનો મારા પ્રાણનાથે ઠરાવ કર્યો તેને બીજે દિવસ તેમનુ શું થયું તે કંઈ જણાયું નહીં. તેઓ ગયા ગયા થઈ રહ્યું. કેટલોએક કાલ વીત્યા પછી તેમની ગાદી ઉપર રાયમલજી બેઠા. તેમણે પોતે જવાને બદલે અમારા છૈયા જેવા, અમારા ડાહ્યા, ગુણશીલ, ચંચલ અને ધાર્મિક પ્રધાન મદનસિંહને અમરપુરી મોકલ્યા–પણ દૈવની ગતિ ન્યારી છે. જે દિવસથી મહારાજાધિરાજ ગુમ થઈ ગયા તે દિવસથી કનકપુરીના સુખને માથે પાણી ફરી ગયું. ત્યાર પછી મારી અવદશા બેઠી. મહારાજાધિરાજની ગાદી ઉપર વિરાજ્યા ત્યારથી રાયમલજીને મેં ઘણાંએ માન આપ્યાં, ઘણાંએ શિક્ષણો દીધાં, દૃષ્ટાંતો આપ્યાં, ઓવારણાં લીધાં, પાયલાગણાં કીધાં પણ તેમણે કુસંગ કે કુછંદ છો’ડ્યો નહીં. જુના, અનુભવી, ધર્મશીલ ને વિશ્વાસુ રાજ્ય-સેવકો એક પછી એક નીકળી ગયા. પ્રધાનજી પણ પાછા ન આવ્યા. તેમની કુળવાન્ ભાર્યા સતી કુસુમાવલીનું પણ કોઈ હરણ કરી ગયું. અરે, મારો એકનો એક દીકરો માધુભા અને તેની બ્હેન દર્શન કરવા જતાં કરસણની પેઠે કપાઇ ગયાં. હાય, હાય! હુ એકલી અકર્મી કોણ જાણે શાયે પાપ કરનારી હજી જીવુંછું ને દુઃખ પામુંછું!” એમ કહી તે માથું કુટવા લાગી અને મહાદીન રૂદન કરવા લાગી. સુગુણે

અને તેલીયારાજાએ તેને છાની રાખી. કેટલીકવાર બીજી વાત કરી આડીઅવળી કથાઓમાં મન પરોવી પુનઃ સતી પાસે તેલીયારાજાએ તેના વીતકની વાત કઢાવી. તે બોલી "રાજ્યમાં ઢાંઢ, ભાંડ અને રાંડનાં માન વધી પડ્યાં. મારી થોડી ઘણી આયના હતી તે પણ એ નીચ મનુષ્યોએ મુકી દીધી. છેવટ મારે લુંડીઓની સેવા અને ખુશામત કરવા વખત આવી. અધુરામાં પુરી ગનેસને વાત થઈ કે રાયમલ્લજી શુદ્ધ રાજબીજ નથી; તેમનાં માતાએ કારસ્તાનથી દાસી-પુત્રને પોતાનો ઠરાવી દીધો છે એમ પણ વાત થવા લાગી અને તેના પુરાવામાં એમ કહેવાયું કે રાજ્યરીતિ પ્રમાણે મારાં સપત્નિએ પ્રસવકાળ પતિને ઘેર નહી પણ પિતાને ઘેર ગાળ્યો હતો. આવી આવી અનેક કુથલીમાં મારૂં નામ આવ્યું. તેથી કંઇ પણ તપાસ કર્યા વિના રાયમલ્લજીએ મને એક કારાગૃહમાં મોકલી; ત્યાં કેટલોએક કાળ રહી. પછી મને એક કૃત્રિમ બેટ જેવા ના'ના પણ સુશોભિત રાજ્યના કોઈ મ્હેલમાં રાખી; ત્યાંથી ઘસડીને પાસેની દીર્ઘિકામાં નાંખી. પણ આ દુઃખ ભોગવવાં લખ્યાં હશે તે જીવ ઝટ લઈ કેમ જાય ? તેથી ઊંડા પાણીમાં ન પડતાં જળની અંદરની એક ઘુટણસમી પાળ ઉપર હું પડી અને જીવી. વળી ત્યાંથી હરાઈ, અને આજે તો લાજ, જીવ અને ધર્મ એક સાથે લાગાં લેવા આવેલા કોઈ ચંડાળોના ગ્રાહમાંથી આ ભાઈએ મુંકાવી." એટલુ બોલી રાણી સુગુણને પગે પડી; તેનાં નયનમાંથી ચોધાર આંસુ વેહેવા લાગ્યાં; તેને પરસેવાના જેબ જેબ ઉતર્યા. રડતે કકળતે તે બોલવા લાગી "અરે ! મરણ આવ્યું નહીં, મરણને મળાયું નહીં. કુંવરકુંવરીનાં ફરી મોં જોવાનું આશ્વાસન આશાએ આપ્યું, તેથી શ્વાસ નીકળી ગયો નહીં; હું દુર્ભાગિણીથી કહાડી શકાયો નહીં. છેવટ આ દશા થઈ, તોયે ન મળ્યો માધુ કે ન મળી વિમળા !" આટલું કેહેતાં હૃદયનો ડુમો ભરાઈ ગયો તેથી "ઓ માધુ ! ઓ વિમળા !" એમ મોટેથી તે આક્રંદ કરવા લાગી, પગ ઘસવા લાગી, છાતી કુટવા લાગી. રાજાની પુત્રી, રાજાની પત્ની, અને રાજાની માતા દેવી સુજાણબા અત્યારે પતિહીન, પુત્રહીન, સહાયહીન, માનહીન બની આળપંપાળ બોલતી બોલતી તીવ્ર વેદનાની મૂર્તિ જેવી બની રહી. પણ એટલામાં પેલો શિષ્ય કંઈ ઈસારતથી કે સ્વેચ્છાથી તેને ગળે વળગી પડ્યો અને ગદ્દગદ કંઠે "આ, આ રહી ત્હારી વિમલા." એટલું બોલી જાણે તેના દેહમાંજ પેસી જવા લાગ્યો. શાણુ કે સાચું

એમ વિચારતી ટગર ટગર જોઈ રહેતી, હસતી અને રડતી, દેવી સુજાણબા તો શિષ્ય રૂપે રહેલી વિમળીને ચુંબને ભરી દેવા લાગી, અશ્રુએ ન્હવરાવવા લાગી, અને આશ્લેશે ચાંપવા લાગી. ચકિત અને મુદિત થએલો સુગુણ તો આ બનાવ જોઈજ રહ્યો; પણ જ્યારે તેલીયારાજાએ સજળ લોચનથી અને ભાગ્યાતુટ્યા અક્ષરથી કહ્યું કે "કુમાર માધવ જીવે છે." ત્યારેતો ખરે, રાણી મૂર્છિત થઈ ગઈ, વિમલા મૂઢ થઈ ગઈ અને સુગુણ દંગ થઈ ગયો. સમયસૂચકતાને દાસ્ય કરાવનાર તેલીયારાજાએ જળ વતે માતા સુજાણબાનાં નયનકમળ સિંચ્યાં–તેનાં અનેક રીતે આશ્વાસન કર્યાં. દેવી જાગી; વિમળાને ભેટી પડી. અશ્રુમાં વહેતી અવિરલ જળધારાથી હૃદયનો પ્રેમ બરાબર નીકળી ન શક્યો હોય તેથીજ બે સ્તનમાંથી દૂધની ધારાઓ છુટી. દેવી ગાંડા જેવી થઈ ગઈ; તે લવરી કરવા લાગી: "ઓ મારી વિમલી–ઓ માધુ! તુ ક્યાં છુ? મ્હારે આવો દહાડોએ હશે? ઓ ભલા આદમી–અરે ઓ રાજા! મ્હારો માધુ ક્યાં છે તે મને કહો. હુંતો દોડતી દોડતી જઈશ; એક વેળા તેનુ હસતું મ્હોં જોવા હું ધૂળ ખાતી ખાતીએ જઈશ; પણ કહો કે તે જીવે છે અને સુખી છે–કહો, રાજાજી, કહો, તે ક્યાં છે? તારકેશ્વર દર્શન કરવા જતાં પાછાં ન આવનારાં મ્હારાં બાળુડાં, તમારુ શું થયું'તું? તમે ક્યાં ગયાં? હાય હાય! તમને કોણે ખવરાવ્યું–કોણે પીવરાવ્યું–કોણે તમારી હઠ પુરી કરી–તમને કોણે મનાવ્યાં? ઓ મ્હારાં છોકરાં–મ્હારાં બાળુડાં છોકરાં–કોણે તમને રમાડ્યાં, દીલ ચોળી ન્હવરાવ્યાં? માબાપ વિના તમે ક્યાં રઝળ્યાં? ઓ બેટા માધુ! તું કેમ દેખાતો નથી? વિમળીને મુકી ક્યાં નાશી ગયો? બેટા! ત્હારી માનુ શું થશે તેનો વિચાર કેમ ન કર્યો? ઓ મ્હારી વિમળી, બા તું ક્યાં ગઈ'તી–કોણ તને લેઈ ગયું'તું?" બે સ્તન વચ્ચે માથું ઘાલી બેઠેલી વિમળા રડતે રડતે "બા! છાની રહે! હું કહીશ, બધું કહીશ. તું ધીરજ ધર. બા, ત્હારાં દર્શન માટે તો મને બહુ થતું'તું. પણ બા, તને કોઈ આણી આપતું નહી; તે ત્હારા વિના તો એવું થાય? પણ તું છાની રેહે. હીંડ, ભાઈને વેળાસર મળીએ." ભુખથી, તર્ષથી, ચિંતાથી, પ્રજાગરથી, મૂર્છનાથી, મારથી, ભયથી અને વિરહથી આર્ત અને નિર્બળ છતાંએ પુત્રને મળવાની વાત સાંભળતાં તે સડપ લઈને ઉઠી; પણ પાછી અતિ શ્રમથી પડી અને મૂર્છિત થઈ. રડતી રડતી વિમળા અને સુગુણ તેને ઉપચાર

કરવા લાગ્યાં પણ કંઈ ધવા વળી નહી. આ મૂર્છાં ઘણી ચાલી. રાણી પથારી વશ થઈ. પણ મૂર્છામાં–પથારીમાં–જાગ્રતીમાં કે ઉંઘમાં કે સ્વપ્નામાં પણ વિધવા બનેલી સુજાણબાને તો વિમળી અને માધુનાજ જપ ચાલતા હતા. સર્વથા, માતાઓનુ પુત્રવાત્સલ્ય અલૌકિકજ છે.

પુત્ર ઉપરનો પ્રેમ કેવો છે? પોતાના શૃંગારનુ કારણ, પોતાના યૌવનનો માળી, પોતાના સુખદુઃખનો સાથી, પોતાના પ્રાણનો પતિ અને પોતાનું સર્વસ્વ એવો પોતાનો ગુણવાન, રૂપવાન, દ્રવ્યવાન અને બુદ્ધિમાન ભર્ત્તા દગો દેઈ, પરાધિન થઇ મૃત્યુનગરમાં જાયછે અને ફરી મ્હોં નથી બતાવતો, તોપણ એક ન્હાનકડા બાળમાં વિશ્વાસ રાખી, તેનામાંજ પોતાનો આધાર માની એક વિધવા સ્ત્રી કેવી તેના ઉપર જીવનદોરીને ટંગાવે છે? પુત્રને માટે દાન, પુત્રને માટે સ્નાન, પુત્રને માટે જપ, પુત્રને માટે તપ, પુત્રને માટે બાધાઓ, પુત્રને માટે આખડીઓ; અરે! પુત્રને માટે વ્યભિચાર! નિઃસંશય, પુત્રપ્રેમ અલૌકિકજ છે! પુત્રને માટે કેટલાએ પ્રાણ તજ્યા? પુત્રને માટે કેટલાએ વૈરાગ્ય સેવ્યો? પુત્રને માટે કેટલાએ યાત્રાઓ કરી? પુત્રને માટે કેટલાએ કષ્ટ વેઠ્યાં? પુત્રને માટેજ દ્રોણે શસ્ત્ર સાથે જીવ મુંક્યો હતો. પુત્રને માટેજ શ્રવણનાં માતાપિતાએ અંધાપો સ્વીકાર્યો હતો. પુત્રને માટેજ પતિએ છોડેલી સતી સીતાએ દેહ ધારણ કરવાના કારણમાં રામચંદ્રને કેહેવરાવ્યું હતું કેઃ—

“ किं वा तवात्यंतवियोगमोघे कुर्यामुपेक्षां हतजीवितेस्मिन् ।
स्याद्रक्षणीयं यदि मे न तेजः त्वदीयमंतर्गतमंतरायः ॥”

અરે! દયાળુ કોમળ સ્ત્રીજાતી દ્રૌપદિએ પુત્રને માટેજ અશ્વત્થામા જેવા બ્રાહ્મણના પુત્રની ખોપરીમાં સ્નાન કર્યું હતું! અહો! પુત્રસ્નેહ શું શું નથી કરાવતો? પુત્રને માટે ઘોરમાં પણ ઘોર કર્મ કરવાં પડેછે અને અનેક પ્રકારનાં અભૂતપૂર્વ કષ્ટ સ્હેવાં પડેછે! અરે! રગેરગ કીડા પડ્યા હોય, અંગેઅંગ વ્રણ પડ્યા હોય, અને આખે દેહે નખશિખ દુઃખભાર ભર્યો હોય તોપણ પુત્રને માટે કેટલા લોકો જીવવાનાં ફાંફાં મારે છે? નહી તો પતિ ગયો, રાજ્ય ગયું, માન ગયું, સૌભાગ્ય ગયું, વય ગયું, સત્તા ગઈ, સુખ ગયું, સ્વાતંત્ર્ય ગયું, પોતાનુ સર્વસ્વ ગયું–કાંઈ ન રહ્યું–તોપણ પુત્રને મળવાને માટે, તેની ભાળ કહાડવા માટે, આ કુસુમ જેવી સકોમળ વનિતા, રાજ્યપત્ની, ધર્મ-પત્ની, શું કરવા, ગાળો, માર, તિરસ્કાર, વ્યભિચારી ઈસારા અને

બળાત્કાર વેઠીને પણ જવા બેઠેલા જીવને જાળવી રાખે? શું કરવા પતિ સાથે સહગમન કરાવતી અગ્નિની ચિતા કરતાં શતગણી બેદકર આ સંસારની ચિંતા ઉપર તે ભડકે બળે, તરવરે, તરફડે? શું કરવા? માત્ર પોતાના "બલ્યા"નુ વદન જોવાનેજ. બીજું કંઈ નહી. બાકી ક્ષત્રાણી જેવી રીસાળ અને ગોપી જેવી પ્રેમાળ સુજાણબા પતિ જતાં એક ક્ષણ પણ જીવે? સર્વથા, પુત્રવાત્સલ્યનુ ચક્રવર્તિત્વ સિદ્ધજ છે.

આવા અને તેમાં વિરહથી ઢગલો બનેલા અને દુઃખથી ગાઢ બનેલા પુત્રસ્નેહથીજ દેવીનો બળતો જીવનદીપક હોલાઈ ન ગયો; પણ તે સત્વર સતેજ પણ ન થયો. અતિ શોક સહન કરનારી સતીથી અતિ હર્ષ સહન ન થયો. તેની મૂર્છા લાંબી પહોંચી; તેની અશક્તિ તેથી વધી ગઈ. તેલીયારાજાની આજ્ઞા પ્રમાણે ઉપકારબુદ્ધિવાળી વિમળા તથા પરોપકારી બુદ્ધિવાળા સુગુણે કેટલાએક દિવસો તેની ચર્યા કરી.

પ્રકરણ ૨૮ મું.

અમંગલ પલમાં નિર્બલતા.

મરતે મરતે દુષ્ટે કરેલા પ્રહારથી સુગુણને ઘા થયેલો તો કારી-પણ તેના ચડતા લોહીમાં તે કંઈ બહુ જણાયો નહી. થોડી વેળા તેને મૂર્છા આવી હતી, થોડી વાર તેને મ્હેરાટ રહ્યો હતો, અને થોડી વાર તેને અશક્તિ આવી હતી. પણ તે સર્વે થોડી થોડી વાર. તેમાં પણ વિમળા જેવી ચંચળ, ચકોર અને બાંધાદાર રૂપાળી કન્યાની સાથે મહારાણી સુજાણબાની સેવા કરવાનો જ્યારે તેને પ્રસંગ આવ્યો ત્યારે કાંતો સાજો થયો હોય કે કાંતો પોતાનુ સર્વ દુઃખ વિસરી ગયો હોય એમ તે જાતની પણ સ્પૃહા રાખ્યા વિના ઘડીમાં તેને પવન ઢોળે, ઘડીમાં તેને તેલ ચોળે, ઘડીમાં તેના પાદદ્વય દાબે અને ઘડીમાં તેનુ માથુ દાબે. સ્ત્રીની વ્યથા જોતાંજ શૂર સુગુણસિંહની વ્યથા પલાયન કરી ગઈ; પણ તેની દક્ષતા પાંગળી થઈ ગઈ.

તેમ સંકષ્ટની મહાશાળામાં ઠગ, દંભી, લોભી, કામી અને હરામીનાં દુષ્કર્મો રૂપી પદાર્થપાઠનો યથાર્થ સાર સમજી ચકોર અને

સાવધાન બનેલી તથા આત્મરક્ષણ અને ધર્મરક્ષણની પરીક્ષાઓમાં પસાર થએલી વિમળાએ પોતાની માતા–વ્હાલી માતાને જીવિત નિરપેક્ષ બની ઉગારનાર, તારનાર સુગુણસિંહને જોઈને ગત અનુભવને વિસારી દીધો. જાતે ગુણજ્ઞ અને સમજુ, એટલે તે સુગુણના ઉપર ઉપકારબુદ્ધિથી જોવા લાગી. માતાની લજ્જા તથા તેનું જીવિત સાચવનાર ઉપર કો'ને પ્રીતિ નથી આવતી? કોણ તેનુ ઓશીયાળું નથી થતું? તેમાં વળી નિરંતર સહવાસ થયો. એટલે પ્રથમ જે ઉપકારબુદ્ધિ હતી તેણે પ્રીતિનું રૂપ ધારણ કર્યું. ચતુર છતાંયે સુગુણ પ્રથમ આ વાત સમજ્યો નહી. અનુભવી છતાંયે પ્રથમ વિમળાએ આ વાત પોતાના મન સાથે માની નહી. નવી ઉગેલી વિકૃતિ તે ઉપકારની પરિસીમા સમજાઈ. તેલીઆરાજાને મરવાને પણ અવકાશ નહોતો. તેના વેશ, તેની ક્રિયાઓ, તેની સાધનાઓ આદિમાં તેને જંપવા વારો નહોતો. તેથી તે સુજાણબાની સેવામાં રહેલાં આ બે ઈશ્વરનાં રમકડાંની રમત ઉપર વિશેષ લક્ષ આપી શકતો નહોતો—આપી શક્યો હોય તો કંઈ વાત મોં ઉપર લાવતો નહોતો. અવર ક્રિયામાં ઇંદ્રિયોને સતેજ અને સ્વાધીન રાખનાર આ મનસ્વી પુરુષ એ બાબતમાં આંખે અંધ, કાને બધીર અને જિહ્વાએ મૂક બન્યો હતો. અને સુજાણબા તો પથારીવશ હતી. મદનની નિરંકુશ અને નિર્ભીત પ્રવૃત્તિને કોઈ બાધ કરનાર નહોતું. તેથી આ બન્નેની પ્રીતિ પરસ્પર વધતી ગઈ. પ્રીતિમાંથી અભિનિવેશ થયો, અને અભિનિવેશે કાંક અંતરની વાત પ્રસિદ્ધ કરવા માંડી. હૃદયમાં ઠરેલો પ્રેમ ચક્ષુમાં આવ્યો; ત્યાંથી ત્વચામાં આવ્યો. પ્રથમ ઈસારા થયા. પછી નખરાં થયાં. સરલ ભાષામાં શ્લેષ વિશેષ આવવા લાગ્યો; પણ પ્રિયતર લાગતો વિકાર કોઈએ દબાવ્યો નહી. પ્રીતિની અંતર્વલ્લી એટલી પ્રસરી કે તેણે બુદ્ધિને તિરોહિત કરી. સમય પણ અનુકૂળ વર્ત્યો. અને અવશ્ય પ્રસંગે થતી એકાન્ત સ્વૈચ્છિક બનતાં એકબીજાની વિશ્વાસની વાતોનાં કથન થવા લાગ્યાં. મૃત્યુના ગ્રાહમાંથી મુક્ત થયા પછી અને પ્રિય ભાઈથી વિખુટી પડ્યા પછી વેશ્યાને ત્યાં પોતાને વેચવાને માટે રથવાહક તથા દાસી બનેલી તેની સ્રીના વિચારો, ઉમ્મરે પહોચ્યા પછી ધન માટે વ્યભિચાર કરાવવા આ બે કુટિલ સ્રીપુરુષના સંકેત, છેવટ ગણિકાને ત્યાં ક્રય, ત્યાંથી પોતાનુ પલાયન અને ત્યાંથી શ્રીપૂજનો આશ્રય આદિ પોતાની વિલક્ષણ અવસ્થાઓનુ તથા તે સમયે પોતાના મનમાં થતા વિકારોનુ યથાર્થ

વર્ણન કરી વિમળા પ્રીતિની સાંગ એવી ઉંડી ખોસતી હતી કે સુગુણરૂપી પ્રેમકૂપમાંથી સ્નેહનો ભુવો ફુટતાં તે તેની ચક્ષુઓ રૂપી ખોડ આગળ થઈ બાહેર ઉભરાઈ જતો, વેરાઈ જતો, ઢળી જતો. આણીતરફથી ફુલી મળતા પહેલાં પોતાનાં સાહસ કર્મ, અને ત્યાર પછી પોતાની વનની વીતક વર્ણવતો વર્ણવતો તથા પોતાના સુખદુઃખના પ્રસંગો, સદ્વિચારના તરંગો, અભિલાષાના કુરંગો આદિને સ્પષ્ટ અને મધુર વાણીનાજ પ્રભાવથી નયન સન્મુખ ખડા કરતો કરતો, ગિરિ, ગહ્વર, નદી, નાળાં, અર્ણવ, સમુદ્ર આદિથી ભરેલી ઈશ્વરલીલાનુ અદ્ભુત સૌન્દર્ય વખાણતો વખાણતો અને છેવટ પોતાના સંબંધી વિશ્રંભ કથા કરતો કરતો સુગુણ વિમળ વિમળાને અજાણ્યે, પ્રેમના વમળમાં એવો નાખતો હતો કે ધાર્યાં વિના, ઇચ્છયા વિના, સમજ્યા વિના તે બિચારી તેની તરફ ખેંચાઈ હતી, તણાઈ હતી. વીરજનના ભયના સમય, તેમનાં સાહસ, આપત્કાળમાં કે પરોપકાર અર્થે તેમની યુક્તિ, દાવાનળની પેઠે તેમને ઘેરી લેતાં સંકટમાંથી તેમની મુક્તિ આદિનુ કથન કેઈ સ્ત્રીના હૃદયનું મથન નથી કરી શકતું? અથવા શૂર ઉપકારકના સરલ વિશ્રંભાલાપ કેઇ કન્યાના હૃદયને ઉત્તરલ નથી કરી શકતા? સર્વથા, સુગુણથી વિમળા ભૂરકાઈ હતી. પરંતુ કન્યાની શોધને માટે સુગુણે આટલું દેશાટણ કર્યું અને તે કન્યા હજી જડી નથી એ વાત જ્યારે વિમળીએ–ગરીબ વિમળીએ સાંભળી ત્યારે શી તેની ઉત્કંઠા, શી તેની ચિંતા! "હજુ કન્યા નથી જડી" એવા સુગુણના શબ્દો રૂપી વજ્રે તેનુ કાળજુ વિંધી નાખ્યું. "હજુ"માં તો પોતે પણ આવી ગઈ, પોતે પણ નાલાયક ગણાઈ, પોતે પણ તરછોડાઈ, એવા વિચારે તેને હડકવા હલાવ્યો. એકલી પડે ત્યારે બિચારી રડરડ કરે. સુગુણના સંગમાં વ્હીલી, ફીકી–ઉદાસી દેખાય. "ત્યારે એને પ્રીતિ નહી હોય? મીઠુ બોલવાનો આ સુગુણ નામ ધરાવતા શઠનો વિચાર હશે? એને કુંઈ દોષ દેખાયો હશે? ગણિકા અને ગારૂડિકને ઘેર જવાથી તે દૂષિત સમજતો હશે? કોણ જાણે, શું કળાય?" આવા આવા અનેક વિચારોએ તેના દેહનો ચારો કર્યો હતો. તેથી આ કોમળ અને કુલવતી કન્યા અહોરાત્ર શુષ્ક થવા લાગી; તેમાં વળી નિર્દય કામદેવે તેને રગેરગે દાવાનળ સળગાવ્યો. સુગુણે અગ્નિ ફુંક્યો. અસહ્ય વેદનાથી મરવાને તત્પર થયેલી આ કુલજાને ન રહ્યું માતાની સેવાનું ભાન કે ન રહ્યું ભાઈને મળવાનું તાન. પણ આ સ્થિતિ

વિમળાનીજ હતી કે ? ના, ના. સુગુણસિંહ પણ આવી ને આવીજ દશા અનુભવતો હતો. તેના હૃદયમાં પણ મદન ઉચ્છીખ અને ચતુર્મુખ બળતો હતો. ઉભયનાં પ્રણય અને પીડા સરખાં હતાં. એકનુ ઉદ્ઘાટન અને બીજીનુ વિસર્જન કરવાની કુંચી પણ પાસે હતી. છતાં વ્રીડાથી વસાયલું જિહ્વા ઉપરનું તાળું કુલમર્યાદાને લીધે કોઈ પણ ઉઘાડી ન શક્યું. આવે સમયે અને સ્થળે પ્રણયવાત કરી કુલકન્યકાની ઉપકાર બુદ્ધિ અને પરાધીન દશાનો લાભ લેવા જેવું કરવામાં સુગુણને અધર્મ, અશૌર્ય અને અવિનય જણાયાં; હૃદયની વાત ઉઘાડી કરી શૂરજનની ઉદારતા અને ઋજુતાનો લાભ લેવા જેવું કરવામાં વિમલાને કુલહીનતા, સ્વૈરતા અને લઘુતા જણાઈ: તેથી બન્નેએ મનની વાત મનમાં રાખવાનોજ નિશ્ચય કર્યો. મર્યાદાની પાળમાં સમાયલું પ્રણયજળ છલકાઈ જાય તે પેહેલાં સુગુણથી જુદા પડવાના વિચાર કરતી વિમલા ક્ષણે ક્ષણે લૌકિક મર્યાદાને ગાલીપ્રદાન કરવા લાગી. અનેક પ્રકારના અનુભવ છતાં તે એટલું નહોતી સમજતી કે મર્યાદા પીડાકારક છતાં પ્રીતિવર્દ્ધક છે. તે નહોતી જાણતી કે:

“ प्राणेश्वरो दयितया मिलितेऽपि चित्ते
चेलांचलव्यवहितेन निरीक्षणीयः । ”

એ મંત્રમાં મોહક રહસ્ય સમાયલું છે.

બીજી તરફથી સુગુણ પણ આ પ્રિય પણ દુઃખદ સ્થળમાંથી નીકળી જઈ, નાસી જઈ સર્વ વાત વિસારે નાખવાના ઠરાવો રોજ કરે અને તે ઠરાવો અમલમાં લાવવા પ્રતિજ્ઞા કરે; પણ મદનની નાગપાશથી કોણ, ક્યારે છુટ્યો ? આમ વર્ષ સમ ગણાતા દિવસો કેટલાક વહી ગયા. રાણીને મળ્યું, તેલીયા રાજાનું કર્તવ્ય પુરું થયું. હાલ આ નગરમાં હવે વધારે ન રહેવાનો ઠરાવ થયો. કુમાર માધવસિંહને મળવાની ત્વરા વધી. મણિપુર તરફ પ્રયાણ કરવાનો નિશ્ચય થયો. સુગુણને તો “મીયાં છોડે પણ બીબી ન છોડે” જેવું થયું. મહા પરાકાષ્ટાએ ધૈર્ય રૂપી તેલ નાખી મનના ઉછળતા સાગરને શાન્ત કરી સુગુણે આ સંગથી જુદાં પડવાનું ધાર્યું પણ પ્રયાણ એક દિશા તરફ, એક સ્થળે થયું. મનને આ વાત ગમી. બુદ્ધિને ન ગમી. તોપણ રાત્રીમાં ઉઠીને નાસી જવાનો નિશ્ચય કરી, કેવળ વૈરાગ્યવૃત્તિ ધારી સુગુણસિંહ ઉઠ્યો, તૈયાર થયો. ભરનિદ્રામાં સુતેલા તેલીયા રાજાનો ઘણા દિવસનો પ્રજાગર તેને સાહાય્ય થયો. તેથી કોઈએ દીઠો નહી એમ તે બાહેર

નીકળ્યો, આગળ ચાલ્યો. "કોઈએ ન દીઠો" એમ ? કોક તો તેને દેખતું હતું. કાંકે દૃઢ બની ગએલો, પાછા પડતા પગને આગળ ધકેલતો, સુગુણ પાછુ જોતો જાયછે, હુસકાં ડાબતો જાયછે, એટલામાં અશ્રુથી પૂર્ણ લોચનવાળી કોઈ સ્ત્રીએ કંપતે પગલે કંપતે દેહે આવીને કંપતે હાથે તેને પકડ્યો. સુગુણ ચમક્યો, વિમળા કંપી; અંધારી અને શીતળ રાત્રીમાં અશ્રુ જણાયાં અને ઉષ્ણ લાગ્યાં. બુદ્ધિ સટકી ગઈ, વિવેક ટેકરહિત થઈ ગયો. મનનુ સામ્રાજ્ય થયું. અને દુઃખની ઘડીમાં વાચાને અભાવે આ બે જીવ અન્યોન્યને ભેટી પડ્યા. આમાં સુખ આવ્યુ—દુઃખની લઘુતા જણાઈ, તેથી ડાહી ડાહી વાતો કરતું અંતઃકરણ પાછલે પડાળ નાશી ગયું. તે વેળાની ઘડીમાં, સર્વ વિસ્મૃતિમાં, આનંદલયમાં સુગુણ ચળ્યો—વિમળા પડી, પડીજ.

વાંચનાર! રીસાઈશ નહી. ક્રોધ કરીશ નહી. સંસારની ઘટમાળ એવીજ છે. જે સુગુણ, રૂપની પ્રતિમા, અનાથ, અને અનાયાસે હાથ આવેલી કુલીની સાથે અંધારા અને એકાન્તમાં પણ પુનિત રહેલો, જે સુગુણ વસંતવિલાસિની જેવી ચાલાક ઉન્મત્ત કિશોરીની નેત્રજાળમાં પણ ન ફશ્યો અને જે સુગુણ દેશાટનમાં અનેક પ્રકારની પ્રમદાઓના અનેક વિભ્રમને તિરસ્કારતો હતો—અરે! જે સુગુણ ઘડી ઉપર—ક્ષણ ઉપર અગ્નિ અને ઘૃત એકઠાં ન થવા દેવાને માટેજ ચીરાઈ જતા હૃદયને ચીરાવા દેઈ નાશી જતો હતો તેજ સુગુણનો સિંહ સુગુણસિંહ પડ્યો, ધર્મભ્રષ્ટ થયો; અથવા જે વિમળા ગણિકાને ત્યાં જળમાં કમળવત્ રહી, જે વિમળા ગારૂડિકના અભિચારગૃહમાં પોતાનુ શિયળ સાચવી શકી, જે વિમળા અન્ન જળ વિના અથડાતી અથડાતી કુંવારિકા વ્રત આગળ ઇંદ્રના વૈભવને પણ ધિક્કારતી, અરે! જે વિમળા અત્યારે પણ આ વ્રતને માટે માતા—ભાઈને તજી કુવે પડવા જતી હતી તેજ વિમળા આમ પતિત થઈ—દૂષિત થઈ ત્યારે સર્વથા,

> "अन्येषु जंतुषु रजस्तमसावृतेषु
> विश्वस्य धातरि समः परमेश्वरे च ।
> सोऽयं प्रसिद्धविभवो खलु चित्तजन्मा—"

એ વાક્ય સપ્રમાણજ કેહેવાય. ખરેખર! આ બે માનવી દયાપાત્રજ છે. હૃદયાંધકાર મટ્યા પછી તેમના પશ્ચાત્તાપ ઉપર લક્ષ રાખી હવે વધારે તેમના ઉપર તિરસ્કાર દૃષ્ટિથી જોઈશ નહી! ત્હારે પણ

આવી ઘડીઓ હશે. ત્હારી પણ ચુકો થઇ હશે. ઘડીના વેગમાં તું પણ તણાયો હઈશ. અથવા જો એમ ન થયું હોય તો તેમાં ભાઈ! ત્હારું કંઈ પરાક્રમ નથી. તને આવા અવસર નહી આવ્યા હોય. ખરે! અવસર આવ્યે તો બ્રહ્મા જેવા ત્રિકાળજ્ઞાની, શંકર જેવા વૈરાગી અને ઇંદ્ર જેવા નીતિમાન દેવો પણ ચુક્યા છે, તો તું કોણ માત્ર? સ્ત્રીનુ વદન ન જોનાર એકલશૃંગી કશાથી ન લુટાયા પણ મદનથીતો લુટાયાજ. માટે ઘડી ઉપર પવિત્ર પણ અત્યારે પતિત આ એ માનવીઓની કૃતિ ઉપર કમકમી આણતા પેહેલાં ત્હારું તળ જરુર તપાસજે. અહો નારાયણ! સમય જોઈ ગોળી મારનાર મદનની તાકમાંથી બચાવવા ત્હારા વિના બીજો કોણ સમર્થ છે? અથવા તારા વિના બીજો કોણ માનો દીકરો બચી સકે તેમ છે? તારી અખંડ તપશ્ચર્યાનો ભંગ કરાવવાના મિથ્યા મદથી ઇંદ્ર જેવા ઈર્ષ્યક દેવે મોકલેલી અપ્સરાઓને સલજ્જ કરવા ઉરૂમાંથી ઉર્વશી જેવી સૌન્દર્યલહરી ઉત્પન્ન કરવાની બીજા કો’ની શક્તિ છે? વનમાં રહેનાર, સ્ત્રીનુ વદન ન જોનાર અને જ્ઞાનથી કૈવલ્ય પામનાર કે યોગના સાધનાર અને કાપાલિકો ચળ્યાછે તો વિલાસવતીઓના ભૃભંગ મધ્યે રેહેનારાં અલ્પ મતિનાં મનુષ્યોની શી વાત? ખરે! “સાધુ જને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરવો.” એ વાક્યમાં કંઇ કારણ છે ખરું. ચિત્રની અથવા પટની કે શિલ્પની પણ સ્ત્રીઆકારની પુતળીયે ન જોવાનુ સૂચવનારા આપણા પૌરાણિક શાસ્ત્રકારોનુ કેવું શાણપણ? રંગ છે તેમની બુદ્ધિને જેમણે સ્ત્રીને મોહની રૂપેજ વર્ણવી છે. અહો! જયારે શિવ જેવા સાત્વિક વૃત્તિના, શાન્ત અને પત્નીસહિત યોગીશ્વર માત્ર એક ભીલણ પાછળ દોડ્યા, જયારે અનુપમ રૂપરંગ મુકી પ્રાણીવર્ગ બનાવનાર બ્રહ્મા પોતાનીજ આત્મજા પાછળ ધાયા, જયારે રંભા અને મેનકા જેવી સ્ત્રીઓના વિલાસ તજી ઇંદ્ર બ્રાહ્મણીમાંજ લોભાયા, જયારે રાધા જેવી પ્રેમલ મુગ્ધાઓને તજી શ્રીકૃષ્ણ જેવા રસિકજન આઠ અંગે વાંકી કુબ્જામાં લલચાયા, જયારે મચ્છવિહાર જોઈ પારાશર જેવા જ્ઞાનીએ ભ્રષ્ટતાને સેવી, જયારે પશુઓની ક્રિયાથી નારદ જેવા ઋષિએ સ્ત્રીની ઈષણા કરી, જયારે મંદોદરી જેવી સતીને તજી રાવણ જેવા ક્રોધી અને અભિમાની ભૂપતીએ સીતાના તિરસ્કાર સહ્યા ત્યારે સર્વથા, મદનની મહત્તા અપૂર્વજ કેહેવી. નહીતો આ સુશીલ, વિદ્વાન્, શાણા અને સ્વસ્થ સુગુણસિંહની આવી દશા થાય? એક ઘડીમાં તે

પોતાના જીવથી, પોતાની લાજથી, પોતાના ધનથી અને પોતાના સર્વસ્વથી પણ જે અધિક મૂલ્યવાન તે પોતાનો ધર્મ ખોઈ બેસે ? અને ઘણા શ્રમે સાચવેલી પોતાની વિશુદ્ધિ વિશુદ્ધ વિમળા પણ લુટાવા દે ? માટે ભાઈ વાંચનાર ! માતા કે ભગિની સાથે પણ એકાન્ત ન કરીશ.

પણ હવે—આ બે પતિત થએલાં પૃથ્વીનાં માનવી પોતાની અપૂર્ણતા સમજ્યાં. મારનો અપસ્માર થતાં એકનુ કૌમાર અને અવરનુ બ્રહ્મચર્ય હરાયાં. તૃપા અને અનુતાપની નિવૃત્તિ અર્થે ગાંધર્વવિવાહ સશાસ્ત્ર મનાયો. એમ છતાં બન્ને જણ પોતાની ક્રિયાથી શિયાવિયા બન્યાં; સ્વજનની સામાન્ય દૃષ્ટિમાં પણ કંઈ શંકાસ્થાન કે ભયસ્થાન માની એકબીજાની ઉપેક્ષા દેખાડતાં, સમય મળતાં એકબીજા ઉપર કૃત્રિમ રીસ અને સ્નિગ્ધ વિશ્વાસનાં સૂચન કરવા લાગ્યાં. હવે નાસી જવાની કે કુવે પડવાની વાત કોરણે મુકી બન્ને જણ સ્વસ્થાને ગયાં અને સુઈ ગએલાં જણાયાં. વ્હાણું વાયું ત્યારે જાણે કંઈ બન્યુંજ નથી, જાણે કંઈ જાણતાંજ નથી, એમ તેઓ ઉઠ્યાં અને બીજાંની સાથે પ્રયાણ માટે તત્પર થવા લાગ્યાં.

થોડી વારમાં આ ના'નો કાફલો તૈયાર થઈ ગયો. વાહનમાં માત્ર એક ના'નું ટાયડુ હતું, તે ઉપર વૃદ્ધદેવી બેઠાં. રત્નખચિત મિયાનામાં કે સુવર્ણના રથમાં " ખમા ખમા "ના લલકાર સાથે બેસનારી સતી-શિરોમણિને આજે એક અડીયલ ટટ્ટુ ઉપર બેસવું પડ્યું અને પોતાની પેટની દીકરીને ચલાવવી પડી એ કેવું અવસ્થાન્તર ? આગળ ચાલતાં આડા સાપની પેઠ વિંટાઈ રહેલી નદીને જોઈને ભડકીને આ ટટ્ટુ પણ દેવીને પાડી નાખી નાશી ગયું અને પાછું હાથમાં નજ આવ્યું. તેથી મહા પરાકાષ્ટાએ નદીની પાર ઉતરીને બપોરી ગાળવાને સર્વેયે નદીની એક ખો આગળ વિરામ લીધો. પરંતુ આ સ્થળે વધારેવાર આવા મામલાથી રેહેવું એ તેલીયારાજાને ઠીક ન લાગ્યું. તેથી કંઇ વાહન ન મળ્યા છતાં એ શ્રાન્ત અને દુઃખાર્ત તથા અશક્ત રાજમાતાને પગે ચાલવાનુ કહી, પોતે તેની સાથે રહી તથા સુગુણ અને વિમળાનો સાથ કરી તેણે પ્રયાણ શીરુ કર્યું. પગમાં કાંટા વાગે, લુગડુ ભરાય, ઉઝરડા થાય, લોહી નીકળે, અશ્રુ સરે, તોપણ અન્ય ઉપાયને અભાવે અખડાતી પછડાતી, દેવી નસકોરાંમાંથી રક્ત કાહાડતી આગળ ચાલતી અથવા પોતાના દેહને ખેંચતી હતી. એક બે વેળા તેને મૂર્છા આવી ગઈ, પણ ના ઈલાજ. જળ ક્યાં હતું કે કંઠમાં ભોંકાતા કાંટા જરા

જરા ઢીલા પડે ? તોપણ મનસ્વી તેલીયારાજાને દયા ન આવી. ખરે !

"मनस्वी कार्यार्थी गणयति न दुःखं न च सुखम्"

એ વાત ખરીજ કહી છે.

છેવટ તે તરફડીને પડી, પછડાઈ–તેના હાથ કોકડાં વળી ગયા, તેના દાંત પીસાઈ ગયા, તેનો બરડો છોલાઈ ગયો, તેના સાંધા રહી ગયા. પણ મૃત્યુદ્વારમાં ઉભેલી મહારાણીને એમની એમ મુકીને ચાલ્યા જવાને આ રાજા કંઈ આગળ ચાલતો નહોતો. તેથી તેણે અને સુગુણે વારાફરતી તેને પોતાની સ્કંધ ઉપર લીધી. આમ ચાલતાં ચાલતાં મધ્યાહ્ન નમ્યા ત્યારે તેઓ કોઈ સારા પ્રદેશમાં જઈ પહોચ્યાં. આ સ્થળે કંઈ ભય નહોતું, અને તેલીયારાજાની કાંક કાર્યસિદ્ધિ હતી એમ તેના અસ્ફુટ શબ્દ અને તેના ચાંચલ્યથી અનુમાનાતું હતું. અહીં આ મૂર્છિત દેવીનુ આશ્વાસન કરવાનુ કામ પ્રથમ પેઠે સુગુણ અને વિમળાને સોંપી તેલીયોરાજા તરવાર લેઈ આડેઅવળે ફરવા ગયો. અને નિર્ઝરનાં નિર્મળ ઝરણથી તથા વૃક્ષનાં પુનિત ફળથી માતાજીની મૂર્છા અને પોતાના શ્રમને વિદાય કરતાં વિમળા અને સુગુણ–ગતરાત્રીનો પ્રસંગ પુનઃ સ્મરતાં સ્મરતાં અને મનને વારતાં એક બીજા સામે સસ્નેહ અને સાકૂત દૃષ્ટિથી જોવા લાગ્યાં. નવીનવી વિકૃતિઓએ તેમની નિત્ય કૃતિને સ્ખલિત કરી. પરંતુ આજે તો પરોપકારી તેલીયારાજા શસ્ત્ર સજીને કંઈક લોપ થઈ ગયા અને આવ્યા નહી તેથી મહારાણીની નિદ્રા તેની પાછળ તેને ખોળવાનેજ ગઈ. શશિ ઉગ્યા છતાંયે મહા-રાણીનાં નયનકમલ ન મીંચાયાં તે નજ મીંચાયાં.

પણ એટલામાં ઘોડાની ખરીથી ખોદાતી પૃથ્વીનાં રૂદન અવિરલ શ્રવણપથમાં આવવા લાગ્યાં. શસ્ત્રના ખખડાટ, અદ્દ્ભુત, ઘોર અને પ્રચંડ ધ્વનિ તથા પ્રતિધ્વનિ અને તીક્ષ્ણ અને કારમી તથા દીન ચીસોથી, જાણે તાસાં ઢોલ અને સરણાઈ લેઈ અધર્મની પાછળ ધર્મરાજા ધુળ ઉરાડતા હોય એમ દૂરથી ધારીને, સુગુણ જેવો કોઈ વીર પુરુષ હાથમાં શસ્ત્ર ઝાલી ઘટોત્કચની પેઠે એક વૃક્ષ તળે હારનારને આશ્રય આપવાનેજ હોય એમ ઉભો રહ્યો.

થોડીજ વારમાં પરોક્ષ હતું તે પ્રકટ થયું. અનુમાન હતું તે પ્રમાણે થયું. ચાર ચોર જેવા દીસતા મહા બળવાન આ ચોરોની પાછળ એક જવાન અશ્વારને પૂરપાટે ઘોડો દોડાવતો જોઈ સુગુણ ચમક્યો, સજજ થયો. તે જવાનના માથા ઉપરથી ફેંટાનો ફેંટો ઉકલી

ગયો હતો, તેના હાથની તરવાર નગ્ન થઈ વિજળીની પેઠે ચમકારા કરતી હતી. "પકડો, પકડો" એવો મહા ઘોર ધ્વનિ તેના વિકરાળ બની ગયેલા મુખમાંથી નીકળતો હતો. જાણે માયાના અંધકારમાં ગરૂડ ઉપર બેસી સાક્ષાત્ શ્રીકૃષ્ણ અસુરગણને હણવાને નીકળી પડ્યા હોય, કે પુષ્પકમાં વિરાજિત પુરુષોત્તમ રામચંદ્રજી દંડકારણ્યમાં અધર્મની શોધે જતા હોય એમ આ ઉત્કટ લઘુવયનો બાળક દેખાતો હતો. તેમ પેલા ચાર ચૌર જન તો જાણે જીવને માટે દોડતા હોય, જાણે સિંહના ભયથી નાસતા હોય, એમ વિશાળ પૃથ્વીને પણ લઘુ કરતા, અદૃષ્ટ વસ્તુને પાછળ મુંકી દેતા, યમરાજના ગૃહમાંથી છુટેલા જીવ, કે મંત્રથી શીશામાં ઉતરવાનો સમય જાણી નીકળી જનાર ભૂતની પેઠે, શ્વાસથી દિશાઓ ભરીને, ધૂલીથી સર્વાંગો છાઇને, હરિણ પેઠે છલંગો મારતા અશ્વોને ફેંફાટ દોડાવતા હતા. પરંતુ જે સ્થળે રણમાં દોડતાં મનુષ્યોની પાછળ કાળની પેઠે સુગુણ તાકી રહ્યો હતો, જે સ્થળે વલ્લભનુ પરાક્રમ જોવા વિમળા માતાને સમજાવી, તેનુ કાંડુ પકડી તેની સાથે ધીરે ધીરે આવી હતી તે સ્થળે આ લોકોનો ભેટ-ભેટો થઈ ગયો. ચારમાંથી છેલ્લા અશ્વારને "લેતો જા" કહી પેલા તરૂણે એવી યુક્તિથી અને જોરથી તરવાર મારી કે જોતજોતામાં દુષ્ટનો શિરચ્છેદ થયો પણ તેના ખોળામાં દબાયલી એક લલિત કન્યાનો વાળ પણ વાંકો ન થયો. તત્ક્ષણ તે કન્યા દુષ્ટના ગ્રાહમાંથી છુટી પણ તેના રૂધિર પ્રવાહથી છંટાઈ. ભય, આશ્ચર્ય, હર્ષ, કૃતજ્ઞતા અને ગર્વ આદિ વિકારોની અનવરત ઉર્મીઓ દબાવી, ઉપકારકને ઉપયોગી થવા આ બાલાએ તે મૃતજનનું શસ્ત્ર હસ્તગત કર્યું પણ એટલામાં વિજળીથી પણ વધારે વેગ ધારી એક હરામખોરે પોતાના સાથિતનું શસ્ત્ર અને રક્ત ધારનાર આ લઘુ સિંહણને પકડી લીધી. બાકી રહેલા બે હરામખોર વરૂની માફક આ તરૂણ ઉપર તુટી પડ્યા. તેમનાં શસ્ત્ર તીવ્ર હતાં, પણ બુદ્ધિ જાડી હતી; તેમનો વેગ ભારે હતો, પણ યુદ્ધકલા હલકી હતી; તાત્કાલિક શૌર્ય છતાં તેમનામાં ધૈર્ય જરા પણ નહોતું. અને આવાં દ્વંદ્વયુદ્ધમાં બળ છતાં કૌશલ ન હોય ત્યાં પરાભવ વિના બીજું શું પરિણામ આવે? પેલો તરૂણ તો જાણે યુદ્ધ-કલાનો નાયક હોય તેમ સમય જોઈ ચોટ ચલાવતો હતો, સમય આવ્યે પાછો વળતો હતો, લાગ જોઈ આગળ ધપતો હતો. ક્ષણે ઉંચો થતો, ક્ષણે નીચો નમતો, ક્ષણે વાંકો કે આડોઅવળો વળી જતો,

અને સર્વે દિશાએ ચળકતા કૃપાણને ફેરવતો આ યુવાન પુરુષ સાક્ષાત્ ઉચ્છીખ અગ્નિદેવ જેવો દેખાતો હતો. એ યુવાન કોણ હતો? ખરેખર! તે મહારાણી સુજાણબાનો પુત્ર, વિમળાનો ભાઈ, શ્રીમંત કેસરીસિંહનો પટાવત અને હરાઈ જતી, ચોરાઈ જતી વસંતબાનો વલ્લભ કુમાર માધવસિંહ હતો. સુગુણે તેને ઓળખાવ્યો. માતાએ પુત્રને ઓળખ્યો. તેના ઉપર આવી પડતી વિપત્તિને પ્રત્યક્ષ દીઠી તેથી તે તેને વળગી પડવા, તેનુ રક્ષણ કરવા દોડતી હતી એટલામાં સુગુણે તેને પાછી ખેંચી, પાછી બેસાડી. તેથી આ સ્થળે થતું યુદ્ધ જોતી જોતી તે બોલવા લાગીઃ. "જુવો, જુવો, આ ઘોડા પાસે ધસી આવ્યા. અરે! ઓ તરવારો કુંવર ઉપર પડી. અરે! તમે એને સાહાય્ય થાઓ. આતો બે પાસથી વળગ્યા! હાય! અરે! પણ ના. એ ઝટકા તો અવળા ગયા. હા! ઘોડો ફરી ગયો. પણ આ એકને તો કુંવરે માર્યો–માર્યો–મુવો, મુવો–પણ નીચો નમી ગયો. ગયો ઝટકો હાથથી–અરે! ઓ પેલો બીજો પાછળથી ઘા કરે–એ–એ–પણ ચિંતા નહી–બન્ને એક બાજુએ થયા–હવે ફાવશે કુંવર–પણ પાછુ એનુ એ. કુમાર પાછળ શી રીતે દેખશે! થયા હોં–આ સાથે લાગા બે જણ થયા. હવે–હવે નહી જીવે કુમાર–ઉઠો, ઉઠો સુગુણભાઇ! ઉઠો. એજ. પણ રંગ–બેટા. ત્હારા બાપનુ નામ રાખ્યું. પાડ્યો એક રાંડનાને તો. પણ આ ત્રીજો આવ્યો. હાય! આતો ઉભો થયો મુવો. થઈ રહ્યું. હવે–હતું ન હતું થયું. આ રીસાયલાં વરૂ નહી છોડે આ કોમળ બાળને. પણ રંગ છે ઘોડા. ત્હારા કરતાં તેં ત્હારા બેસનારનો જીવ વ્હાલો ગણ્યો. પણ પેંગડું કપાયું. પડ્યો–પડ્યો. કુંવર પડ્યો. પણ આ એકનો તો ફેંટો ઉડાવ્યો એણે. પણ આવી પહોચ્યું–કુંવરનું. વાગ્યું હોં! સુગુણભાઈ!"

સુગુણઃ–"કુમારનો યશ હું નહી લેઉં. ચિંતા ન રાખો, માતાજી!"

રાણીઃ–"પણ એ તો ગભરાયો. ઝટકાથી છવાયો હોં. આ લોહીની છોળો ઉછળી. અરે! કુમારનો ફેંટો ખેંચાયો. અરે! એ પડ્યો–પડ્યો. પણ વાહ! એક ચોર તો પડ્યો–પડ્યોજ. પણ કુંવરની તરવાર ક્યાં! ભાગી ગઈ–ચુરા ઉડી ગઈ! શિવ શિવ શિવ! હાય, હવે શું કરશે બેટો? ભાઈ, એને તરવાર તો આપો. નહીતો નહી છોડે એને રાક્ષસ. એ ઘા વાગ્યો. ઘોડો થાક્યો–મ્હોંએ ફીણ આવ્યું. હવે તો આ ધુળમાં નથી દેખાતું. આ ઘોડાનો કાન કપાયો. પણ શું ચળકે છે કુંવરના હાથમાં? એતો તરવાર! ખરે! "રાખણવાલા રામ" છે. રંગ–ઘોડે

રંગ રાખ્યો. પણ આ તો બે દુષ્ટો ઘોડા ઉપર પડ્યા. હેં ! હા ! માર્યો બિચારાને–પાડ્યો. ઓ મ્હારા છૈયાના ઘોડા–અરે ! કુંવર પગપાળો થયો. હે પ્રભુ ! એનુ રક્ષણ કર–હાય ! એ એકલો ને સામા બે ઘોડા ઉપર–હવે એનુ આવી પહોંચ્યું. સુગુણ–વિમળી–હીંડો હીંડો એને બચાવીએ.” સુગુણઃ–“ માતાજી ! સિંહનુ બચ્ચું લક્ષ મૃગથી હારશે ત્યારે સિંહણની કૂખ નહી લાજે ? જોયાં કરો.” રાણીઃ–“ વારુ ભાઇ ! પણ આ ઘોડો ઉઠ્યો. પણ ઓ મ્હારી કુમળી કેળ ! ત્હારે આ કરવા વખત આવી ? ” પણ એટલામાં કુમાર ઉપર ઘોડેથી કુદી પડી તેને ગબડાવી એક ચોર તેની છાતી ઉપર ચ’ડી બેઠો. બીજો તેના ગળામાં શસ્ત્ર ભોંકવા તૈયાર થયો. રાણીને તિમિર આવ્યાં. પણ “ પ્રાણેશ ! બહુ થયું. આ દુષ્ટો નહી છોડે. લેઈ જવા ઘો મને અને રક્ષણ કરો આપનુ. પ્રિયતમ, ઓ ! આ જોતાંજ હું મરી જઇશ.” એટલું બોલી વસંતબાએ પોતાના હાથમાં આવેલા શસ્ત્રથી દુષ્ટનો ઘા ઝીલી લીધો. “ ખસ, રાંડ, વેગળી રહે.” એટલું કહી તેને ધક્કો મારી પેલો શસ્ત્રધારી ચોર તેને ખસેડે છે એટલી વારમાં તો લાગ આવ્યો એટલે કુંવરે પેલા બીજા ચોરને હેઠ નાખી તેની છાતીમાં એવી લાત મારી કે તે મૂર્છાને વશ થયો. રાણી અને વિમળાએ એક તરફથી મંદ હર્ષધ્વનિ કર્યો, બીજી તરફથી વસંતબાએ કર્યો. ચારમાંથી ત્રણ પડ્યા જાણી બાકી રહેલા ચોથા ચોરે સર્વનો ક્રોધ અને સર્વનુ બળ પોતામાં ભરી કુંવર ઉપર એવા તરવારના ઝટકા ફેંકવા માંડ્યા કે આ વેળા તો “ શિવ ! શિવ ! કુંવર નહી બચે, લીધો હોં ! કુંવર ગયો ! ” ઇત્યાદિ મહારાણીનાં વચન સકારણ જણાયાં તેથી સુગુણ તેની વ્હારે ધાયો—દોડ્યો. પણ એટલામાંજ કુંડાળુ વળી પાછળ ફરી જઈ માધવે એવો ધક્કો માર્યો કે સુગુણના તે સ્થળે જતા પહેલાં પેલો ચાંડાલ ધબાક લેઈ ઉંધે માથે પડ્યો. તેનુજ શસ્ત્ર તેના હાથમાંથી લઇ, તેને ચતો કરી, કુંવર તેની છાતી ઉપર ચ’ડી બેઠો અને મહા પ્રચંડ સ્વરે બોલ્યોઃ “ પાખંડ ! બોલ, કોણ છો તમે આ રાજ્યકન્યાને ચોરનાર ? ” ચોરઃ–“ હું જે છું તે છું. પણ તું જેની ચોરી કરતો હતો તેની અમે ચોરી કરી. તેમાં ત્હારે શું ? ” જયના સમયમાં પણ આમ પ્રિયાના દેખતાં અવમાનના થવાથી મહા ક્રોધ કરી “ લે ત્યારે આ ” એમ બોલી કુંવર તરવાર મારતો હતો અને પડ્યાપર પાટુ દેતો હતો તથા ક્ષત્રીયોથી વિરુદ્ધ કૃત્ય કરતો હતો એટલે તેની અધિદેવી હોય એવી પાછળ

ઉભેલી વસંતે "હોં હોં" કહી તેનો હાથ પકડી લીધો અને કહ્યું, "મ્હારા હૃદયવલ્લભ! પ્રાણરક્ષક! આમ ન થાય–આપ તો ક્ષત્રીય છો. એ પડ્યો પડ્યો હવે આપણને શું કરનાર છે?" રાજપુત્રીના શબ્દોથી ન શમેલા ક્રોધને ગુંગળાવી દાંત કચરડી તે બોલ્યો, "સખિ! આ ભયંકર સ્થળમાંથી તું દૂર જા! અને હું તો મહારાજાની પુત્રીના ગાત્રને સ્પર્ષનારના છુંદે છુંદા કરી નાખીશ–રાઈ રાઈ જેવા ટુકડા કરીશ." થરથર કંપતી સુશીલ વસંત હાથ જોડીને બોલી, "વીરક્ષત્રીય! મ્હારે માટે પ્રાણીની હત્યા હોય? ના, ના. અરે, એયે આશાબંધી હશે. માટે જવાદ્યો." ગમે તેવો ક્રોધ હતો, ગમે તેવો નિશ્ચય હતો તો પણ પ્રિયાના શબ્દોએ તેને અટકાવ્યો, થોભાવ્યો; તેથી "ચાંડાલ! જે સ્ત્રીની તું લજ્જા લેતો હતો તેજ સ્ત્રીની દયાથી તું જીવે છે તો ભલે જીવ–મ્હારે મનતો તું જીવતોજ મુવો છે." એમ બોલી કુમાર માધવસિંહે તેને છોડી દીધો. અને જેવો છુટ્યો તેવોજ આ દુષ્ટ તો દડબડ દડબડ એવો દોડી ગયો કે તે કેઈ દિશામાં ગયો તેજ ન સમજાયું. તુરત યુદ્ધના સ્થળને હવે વિજન જાણી જન્મમાં પેહેલવેહેલાં આ બન્ને જણ ભેટી પડ્યાં–ગંઠાઈ ગયાં, જડાઈ ગયાં, શીવાઈ ગયાં. આશ્લેષમાં મર્કટનાં, ચુંબનમાં પારાવતનાં, દૃષ્ટિપાતમાં ચક્રવાકનાં અને પ્રેમપ્રક્રિયામાં સારસનાં માન મુકાવતાં આ યુદ્ધનો સિંહ તથા આ સુરૂપની સિંહણ જે સુખ અનુભવવા લાગ્યાં તે, આગળ તેમણે ભોગવ્યું એ નહોતું અને હવે પછી ભોગવવાનુએ નહોતું. પાછળથી ગમે તેવી પ્રીતિ ગાઢી થાયછે પણ પ્રથમ નિરંકુશ મીલનની ખુબી તો ઓરજ હોયછે. પડદો ઉઘડ્યા પછી ભલે આનંદના ઓઘ વર્ષતા. પણ તે ઉઘડતાં જે આનંદ થાયછે તેનીતો કંઈક અલૌકિક ખુબી છે. રાતની રાત વહી જાત પણ આ અશ્લેશ છુટવાનોયે નહોતો ને તુટવાનોયે નહોતો. પરંતુ એટલામાં પેલાં ત્રણ પડેલાં મડદાંમાં કંઈક ખડખડાટ થયો. ચમકીને આ ચંચળ કુમારે તે તરફ જોયું તો તેને જણાયું કે એક પરિચિતવદનવાળો પુરુષ હળવે હળવે ચાલવાની શક્તિને અભાવે ખસુરીયાં ખાતો ખાતો, પ્રિયાની જાળમાં લપટાયલા માધવના પગ અને પ્રાણ તેના દેહથી છુટા કરવા હાથમાંની તરવારને મારતો હતો. તુરત ખસી જઈ તેણે પગ વતે એવા જોરથી લાત મારી કે "હાય! ત્હારુ કાળુ થાય માધવા." એટલું બોલી તે ચતોપાટ ગરબડી ગયો. પોતાને નામ દેઈ બોલાવનાર આ કોણ હશે? એમ ધારી માધવે

તેને નીહાળ્યો, તપાસ્યો, ઓળખ્યો. તેણે આંખમાંથી જળ ધારા કહાડી. પણ પતિત પુરુષે આંખો મીંચી દીધી અને વસંતબાએ આંખોને સ્તિમિત રાખી. “ભાઈ! મહારાજ! રાયમલ્લ!” એટલું બોલી શસ્ત્ર ફેંકી દેઈ કુમાર તેની સેવા કરવા મંડી ગયો પણ એટલામાંજ અચિંત્યુ દીવાનું અજવાળુ થયું. અને જે વૃક્ષ આગળ સુગુણ, વિમળા અને મહારાણી ઉભાં હતાં તે વૃક્ષ ઉપરથી ભુશકો મારી પેલો તેલીઓરાજા હાથમાં નાગી તરવારને લેઈ માધવ ભણી ધાયો. “ઓ નાથ!” કહી વસંત માધવના હૃદયમાં પેશી ગઈ, સમાઇ ગઈ, રસાઈ ગઈ. હવે મહારાણીનુ ધૈર્ય ન રહ્યું. પોતે નિકટ છતાં પોતાના પેટની પ્રસૂતિને પરપુત્રી આમ વળગી પડે તે તેનાથી સહેવાયુ નહીં. તેથી અટકાવ્યા છતાં તે પુત્રને અંક ઉપર લેવા, તેને માથે હાથ ફેરવવા, તેને લડાવવા તે તરફ દોડી ગઈ. માતાના સ્નેહનો વિચાર કરી સાસૂની અસૂયાનુ સુગુણે ઉપહાસ કર્યું. ભાઈને ભેટતી ભાભીનુ ઉપહાસ કરવા તત્પર બનેલી વિમળાએ તેને પોતાની પાછળ તે સ્થળ પ્રતિ આકર્ષ્યો. સર્વ મંડળી એક સ્થળે ભેગી થઈ. ત્રસ્ત પણ પ્રાણેશ્વરના આશ્રયથી મસ્ત દેખાતી વસંતબા ચકિત નયનથી એક બીજા સામે જોવા લાગી અને તેલીયારાજાથી કાંઈ ભય પામવા લાગી. પરંતુ સ્વસ્થ માધવે તેલમાં ડુબેલા, જટાજુટમાં રુંધેલા, સિન્દૂરમાં ચોપડેલા અને વિરૂપતાઓમાં ચિત્રેલા તેલીઆરાજાના દેહમાં વૃદ્ધવૈદ્ય અથવા અબધૂત ગોસાઈ કે રાજભૃત્ય કે અમાત્ય મદનસિંહની વદનાકૃતિ જોઈ. ખરેખર! આ વેળા નવેરસ એક સ્થળે જામી રહ્યા હતા.

કાકો ભત્રીજો પરસ્પર ભેટ્યા–ભાઈ બ્હેન પરસ્પર વળગ્યાં. પણ મા દીકરો તો પરસ્પર ગુંથાયાં, સંધાયાં, જોડાયાં. “મા” એટલું બોલી માધવ ના’ના ધાવણા છોકરાથી પણ અધીરો થઈ ગયો, રડી પડ્યો. “બેટા” એટલું બોલી મહારાણી બેસી પડી. તેના વદનમાંથી પ્રીતિના શ્વાસ નીકળવા લાગ્યા, તેનાં નયનમાંથી હર્ષનાં જળ ઉભરાવા લાગ્યાં, તેનાં સ્તનમાંથી ઉત્સાહનુ અમૃત ઝરવા લાગ્યું. “બા! તું ક્યાંથી?” એટલુ બોલી યુવાન માધવ માતાની ગોદમાં સમાઈ ગયો. હાથ વતે તેને માથે, તેની છાતીયે, તેને બરડે, તેને કપાળે, તેને ગાલે, તેને આખે શરીરે સ્નેહનુ લેપન કરતી હોય, કપાળરૂપી વાદળમાંથી તેના વદનઅમૃતનુ વર્ષણ કરતી હોય, એમ દેખાતી માતાએ આખા રાજ્યનો ભાર ધારનાર આ કિશોર કેસરીને પોતાના અંકમાં પુષ્પવત્ ધાર્યો, સુવાર્યો.

અહો ! માતાનુ હેત ! તેની અપૂર્વતા ! તેની અલૌકિકતા ! તેની નિર્મલતા ! તેની પૂર્ણતા ! તેની દિવ્યતા ! સર્વથા, માતા તે માતાજ છે. અનેક પ્રકારનુ કષ્ટ સહીને, સર્વ રસનો ત્યાગ કરીને, નવ મહિના ઉદરમાં ભાર ભરીને, છેવટ કષ્ટાઈ કષ્ટાઈ જન્મ આપી શા સારુ માતા–પ્રેમાળ માતા પુત્રના અલ્પ હિતને માટે પણ મહા દુઃખ વેઠે છે ? શા સારુ પોતાના યૌવનવન ઉપર છીની મુંકે છે ? શા સુખના લ્હાવા સારુ રાણીઓ થઈને પણ પુત્રની ગુલામડીઓ થાય છે ? ખરે ! તેના સ્નેહની ઇતિ છે. જેને પુત્રનો મેલ પણ અત્તરવત્ જણાય, જેને પુત્રનુ ઉચ્છિષ્ટ અન્ન પણ અમૃતવત્ લાગે, અરે ! જેને પુત્રના અપલક્ષણમાંજ પૂર્ણાનંદ મનાય એવી માતા ! સર્વથા, ત્હારામાં અખંડાનંદૈકરસના અંશો મુંકવામાં ઈશ્વરે યોગ્ય સ્થળજ ખોળેલું છે. જે પુત્રને માટે તેં નવ રસ ને છ રસનો ત્યાગ કર્યો, જેને માટે આપ્ત મંડળીઓ તજી, નિદ્રા તજી, પૂજા તજી, શાંતિ તજી, જેને માટે સોધી સોધીને કિમીયાગરોને, જોષીને અને વૈદ્યને ધનધાન્યથી તૃપ્ત કર્યાં, અરે ! ક્ષુદ્ર દેવની બાધાઓ કરતાં આચારવિરૂદ્ધ કૃત્ય કર્યાં અને અનેક પ્રકારના ટુચકા કર્યાં તે પુત્ર કુરૂપ હોય, કોબાડ હોય, બ્હેરો હોય, લુલો હોય, કાણો હોય, કે અષ્ટવક્ર હોય તોપણ તેના ઉપરથી ત્રણે અવસ્થામાં ત્હારી પ્રીતિ ક્યારે ઓછી થઈ, ઓછી જણાઈ? પુત્રને માટેજ પ્રેમદાઓ નથી રહી માતાની કે નથી રહી પિતાની; નથી રહી પતિની કે નથી રહી જાતની. પેટનો જણેલો છૈયો જુઠમાંજ પ્રવીણ હોય, વ્યભિચારમાંજ આસ્તિક હોય, કાળા અક્ષરને કુટી મારવામાંજ સમજુ હોય, ચૌર વિદ્યામાં જાણ હોય, દ્યૂતમાં તત્પર હોય તોપણ વિયોગમાં, વિસ્મૃતિમાં, અજ્ઞાનમાં, તિરસ્કારમાં કે મૃત્યુમાં પણ ત્હારો સ્નેહ પ્રતિદિન ચઢતે રંગે થાય છે એ શું ત્હારું ધૈર્ય ? એ શી ત્હારી પ્રીતિ ? અથવા એ શો ત્હારા ઉપર ઈશ્વરપ્રસાદ ? સર્વથા, ત્હારા પુત્રવાત્સલ્યથી તું વંદનીયજ છે.

આવી પ્રેમાળ અને સદ્‌ગુણી પુત્રાવલંબિની માતાને તથા શૌર્ય, સત્ય, ધર્મ, વિવેક, પરોપકારબુદ્ધિ વગેરેથી પૂર્ણ પુત્રને ચિરકાળના વિરહનો ધ્વંસ, આપત્કાળમાં મીલન અને મૃત્યુથી રક્ષણ એ સર્વે સાથેલાગાં મળવાથી ખરેખર ! પૂર્ણ સ્નેહરસ અથવા વત્સલરસ જામી રહ્યો હતો. તે સમયે માતા અને પુત્રનાં પરસ્પર ગાઢ આશ્લેષ, નિશ્ચલ દર્શન, અને સ્નિગ્ધ ચુંબનથી, અનેક વિકારોની છાયાઓથી વદનકમળને ઇંદ્રધનુષ્યની

ગોળ જયા બનાવતી વસંતવિલાસિનીએ નયનમાંથી એક અને એકજ ઈસારો ક્ષણથી પણ ઓછી વારમાં કર્યો; પણ તેનો અર્થ? તેનો ભાર? તેનુ વજન? જાણે તે એમજ કહેતી હોય કે "માતાને મળી મને વિસારશો નહી." કે "હું તમારી થઈ ચુકી છું." અથવા એમ સૂચવતી હોય કે "રક્ષણ કરી રીબાવશો નહી." કે "આમ એકાએક વિસરી જવાય નહી." અથવા એમ બતાવતી હોય કે "તમારી પેઠે મ્હારે માતાજીનુ મીલન અવશ્યનુ છે." કે "રણ કરતાં સાસરુ ઠીક પડશે." અથવા એમ વિનવતી હોય કે "આવેશમાં પણ "નાથ" શબ્દને કે આશ્લેષસમર્પણને સ્વીકાર્યાં છે તો હવે, જો જો, દુષ્યંત રાજા થઈ જતા." એમ તેની એક ઈસારતમાં તેણે અર્થબાહુલ્ય મુક્યું. બ્રહ્મનુ આરાધન કરી મુકેલા અસ્ત્રની પેઠે આ ઈસારાએ માધવ જેવા માધવને મૂઢ કર્યો. માતાની આયનાયે તેના બહિરંગ ઉપર તાળુ માર્યું. તેમ વસંતના પ્રેમે તેના અંતરંગને ઉશ્કેર્યો. તેના આખા અંગમાં કંપારી છુટી. સુગુણ આ સઘળુએ સમજ્યો. પ્રથમ દર્શનથી, અકારણ સ્નેહથી, સહવાસી સંબંધથી, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિનાં વિઘ્નથી ઉત્પન્ન થતી ઉત્કંઠાથી, તેના પ્રતિક્ષણ સ્મરણથી થતા અભિનિવેશથી અને છેલ્લે પરોપકારબુદ્ધિથી–માનસિકવૃત્તિથી વરી ચુકેલી વસંતબાને શકુંતલા, માલતી, મદયંતિકા, સુભદ્રા અગર છેલ્લે અમંગળ પળમાં નિર્બળતાની સીમાએ પહોંચેલી વિમળા જેવી સ્વચ્છંદ થતાં અટકાવવા, તેની શંકાનુ સમાધાન કરી તેને ધૈર્ય આપવા તથા કુલલજ્જાનુ ભાન કરાવવા સમજીનેજ સુગુણસિંહ બોલ્યો "બ્હેન! આજના આનંદના દિવસમાં લ્યો, એક વધાઈ કહુ?" કંઇક લયમાં પડેલી વસંતે આનંદ અનુભવી કહ્યું, "હેં હેં! શું? આથી શી વધારે સારી વધાઈ છે?" સુગુણસિંહઃ—"તમારું રક્ષણ કરવાનેજ અવતરેલા આ કુમાર માધવસિંહ મહારાજા વિજયસિંહના કુળદીપક છે." સ્તબ્ધ બની રહેલી વસંત બોલી "મુવાં મડદાં પાછાં કેમ આવે?" સુગુણસિંહ–"બ્હેન! એ વાત જુઠી છે. દુષ્ટ રાયમલ્લે વધ કરાવવા મોકલેલા આ કિશોર કુમારે કષ્ટ સહ્યાં અને ત્હારા પિતાની છાયા સેવી—પણ ત્હારા શિરચ્છત્ર થવાનેજ." નમ્રમુખી વસંત વાત ઉડાવી કુમાર માધવને ધારતી સુજાણબાને પગે પડી અને બોલી "માતાજી! ઉપકાર માનુછું આપનો– આ કુમારે આજે મને નવો અવતાર આપ્યો." રાજમાતાઃ "એવું શું બોલો છો? બા! તમારે લીધે તો–તમારા બાપની દયાથી તો આ

મ્હારે રખડતો રઝળતો છોકરો જીવ્યો; પ્રભુ તમારું ભલું કરો." એમ કહી તેને માથે હાથ મુકી અખંડસૌભાગ્યવતી થવાની આશિષ આપી હર્ષાશ્રુ પાડવા લાગી. સમયસૂચક સુગુણ બોલી ઉઠ્યોઃ–"મને સમાચાર તો આવ્યા હતા કે કુલી, લુચ્ચી કુલી જેને બ્હેન કેહેતાં આ જીભ દૂષિત થઈ છે; જેનો સ્પર્ષ કરતાં આ દેહ મલિન થયો છે તેણે બ્હેનની આ અવસ્થા આણી." તેલીયોરાજા તાકીને જોઈ રહ્યો. પણ વસંત બોલી, "એવું બોલશો નહી. તમારી બુદ્ધિ મલિન થઈ છે માટે તમને સારામાં નરસું સમજાય છે. બાકી બ્હેન કુલી—સતી—ડાહ્યલી—એના ઉપર વ્હેમ લાવતાં શરમ નથી આવતી? સુગુણભાઈ!" સુગુણ કંઈક શરમાઈ ગયો. અંતર્પાપના સાક્ષીએ એવુંજ મ્હેણું માર્યું તેથી તેને ગ્લાનિ આવી. તે ગદ્ગદ થઈ ગયો. અંતર્બાષ્પને રોકીને તે બોલ્યો "મ્હેંતો સાંભળ્યું છે કેઃ

"असती भवति सलज्जा"

જેવું તેણે કર્યું છે." વસંતઃ–"છાના રહો, છાના. કમળા વાળુ પીળુ દેખે." તેલીયોરાજા વિચારમાં પડી ગયો. પણ સુગુણ બોલ્યો, "જ્યારે એમજ હોય તો હીંડો એને બચાવીએ. એને તો દેહાન્ત દંડની શિક્ષા થોડા દહાડામાં થશે." "હેં હેં" કરતાં માધવ અને વસંત ઉઠ્યાં. તુરત માધવ સાથે તેલીયારાજાએ વાત કરી અને તે ચાલી ગયો.

માધવ પણ હવે "વાર થાયછે તે નકામી." એમ ધારી રાત્રીમાં ને રાત્રીમાં મરેલા લુટારુઓના ઘોડા ઉપર માતાને, વિમળાને, વસંતને, સુગુણને બેસાડી પોતે પોતાના અશ્વ ઉપર વિરાજી મણિપુર તરફ પ્રયાણ કરવા લાગ્યો.

પ્રકરણ ૨૯ મું.

"બાપ તેવો બેટો."

માતા, ભગિની અને મને માની લીધેલી પ્રાણવલ્લભાના સહવાસમાં, વિજયના અભિનંદનની હાંસમાં તથા પરોપકારી સુગુણસિંહની વાતોમાં કુમાર માધવસિંહને પોતાના શસ્ત્રથી પતિત થયેલા, ધૂલી અને રક્તના કીચડમાં આલોટતા અને અસ્ત સમયે દુષ્મનનો પૂર્ણોદય જોતાં દુઃખી લુટારાની સંભાવના કરવી સુઝી

નહી. અચિંત્યા સંયોગે અને નગરમાં જવાની સકારણ ત્વરાએ તેને ગતવાતની વિસ્મૃતિ કરાવી. તેથી પતિતનુ પાલન કરવાનો એક મહત્ ક્ષાત્રધર્મ તે ચુક્યો; પણ “ચુક્યો” એવું તેણે જાણ્યું નહી. તેથી તેના ઉત્સાહી પ્રયાણમાં કંઈ બાધ આવ્યો નહી. જળમાં હંસની પેઠે, સ્થળમાં અશ્વોએ ચાલવા માંડ્યું. એક રાત્રી ગઈ–બીજી ગઈ–ત્રીજી ગઈ. છેવટ કેટલીએક રાત્રીયો જતાં પ્રયાણનો અંત આવવાનો સમય સમીપ આવ્યો. અમરપુરી વા વૈકુંઠથી પણ પ્રિય લાગતી મણિપુરી એક મજલ રહી. પરંતુ રાત્રી પડી ગઈ; અને પાસે કોઈ ગામડુ નહોતું તેથી આગળ પાછળના ગિરિની ન્હાની મ્હોટી હારોમાં કોઈ પહાડી મનુષ્યની રૂહેણ હોય તો ત્યાં વાસો રહેવાનો વિચાર કરી માધવ આપ્તમંડળના રક્ષણને માટે એક મહાન વૃક્ષ નીચે રહ્યો અને સુગુણ પરિચિત પ્રદેશમાં ખોળ કરવા નીકળ્યો.

વદી ચૌદશની રાત્રી હતી એટલે માયામાં જીવની પેઠે ચંદ્ર તો રાત્રીમાં લીપાઈ ગયો હતો–ખરડાઈ ગયો હતો. અશ્વિરથથી પણ વધારે ત્વરાથી રમરમાટ દોડતી નિશામાં નિશાચરોનાંજ ભિન્ન ભિન્ન રૂપ હોય એમ શૃગાલો બરાડે તે કારમું, ઘુવડ ઘુઘવે તે કારમું ને શ્વાન રડે તે પણ કારમું. સિંહના નાદ, રીંછના બરકા, વાઘની ચીસ, સર્પના સુસવાટ અને ચીભડીના ચીચવાટથી આ ભૂતના ભવન જેવું વન ભરાઈ ગયું હતું. તેમાં અન્યોન્ય સાથે હાથ મેળવી નૃત્ય કરતાં હોય એમ વૃક્ષો પણ ડોલતાં હતાં. ચકમકથી ઝરાવેલા અગ્નિના અંગારાની અદેખાઈથીજ ચાર પાસ ભૂતના ભડકા થતા હતા. મનુષ્યના લોહીને ચાખવાને તત્પર થયેલાં પ્રાણીઓ વાસથી લોભાઈ આવતાં તો હતાં પણ ઉષ્માને માટે શળગાવેલા અગ્નિના ધીકતા અંગારાને કોઈ મહા વિકાળ અને બળવાન જનાવરની ચક્ષુ જાણીને દૂર રહેતાં હતાં. શાન્તિનુ ઝરણ વર્ષાવનારાં જળ પણ ઘેરો અને ચંડ ધ્વનિ કરતાં હતાં. અમલ અને રત્નજડિત આકાશઘુમટ પણ ભણકાર વર્ષાવતો હતો. તેમાં અન્ય પ્રવૃત્તિને અભાવે મૌનમાં આશ્રયેલા મનની કલ્પના-મૂર્ત્તિઓ જંપ લેઈ કંપ રોપે તો તે આ સ્થળ અને આ કાળને ઉચિત હતું.

તેથી કોમળ વયની બે કુમારિકાઓમાંથી વિમળાને તો કશુંએ ન થયું પણ બિચારી વસંતવિલાસિની થરથર કંપવા લાગી. તે સોડીયુ વાળી પોતામાં ને પોતામાં સમાવા લાગી. બરાબરીયાંમાં હાંશી થાય

જાણી થોડી વાર તો તેણે પોતાનો ભય પોતામાંજ સમાવ્યો. પણ એટલામાંજ ભોંય સુંઘતું સુંઘતું એક શ્વાન તેની પાછળ આવ્યું. તેના ખખડાટથી ભયભીત થયેલી વસંત ચોંકી અને "બાપરે!" કહી, આપત્કાળમાં બેશરમી બની માધવને વળગી પડી. અમૃતથી પણ શીતળ સ્પર્શથી પ્રફુલ્લ થયેલા માધવે તેને છાતી સરસી ચાંપી. ભયના બ્હાનામાં અવિવેક વિવેક રૂપે લ્હેવાયો. ચકંદી વિમળા બધુએ સમજી પણ માતાજી અને ભાઈ આગળ મર્મવાક્ય બોલી ન શકી. તેથી "હાડે" એમ કહી શ્વાનને કહાડી મુંકી "બ્હેંન, આતો કુતરું છે. આમાં શું બ્હીન્યાં જે?" એમ કહી ખડખડ હસી પડી. વસંત ખશીયાણી પડી ગઇ, ઝખ મારીને ઇષ્ટ સ્પર્શથી મુક્ત થઈ. આ બનાવથી ભૂતનો પ્રસંગ નીકળ્યો. વસંતે વિષ્ણુસહસ્રનામ મનમાં ને મનમાં ગોખવા માંડ્યું. વિમળાએ ભૂતના અસ્તિત્વની વાત તિરસ્કારી. ભૂત નામનાં કોઈ પ્રાણી છેજ નહી એમ તેણે સિદ્ધ કરવા માંડ્યું. તે બોલી, "શાનાં ભૂત? શાની વાત? પેટને માટે બધા ધંધા છે." દીકરીના આવા સ્વચ્છંદ વિચારથી માતાજીને કમકમી છુટી, તેથી તેણે તેને ઠપકો દીધો. પણ વિમળાને કંઈ અસર થઇ નહી તેથી તે પાછી બોલી, "પણ બા! તું કહું છું—પણ કહે જોઈયે, હાથપગ વગરનાં ભૂત માણસને તે શું કરી શકે? ને એવાં ભૂત માણસમાં આવીને બોલેછે ત્યારે પથ્થરમાં કેમ નથી બોલતાં? ખરાં હોય તો બોલે નહી લાકડામાંજ કે મડદામાં?" વસંતઃ-"ત્યારે આ બધાંને ભૂત આવે છે તે ખોટાં?" વિમળાઃ-"ખોટાં તે લાખ વાર ખોટાં. જુઠે જુઠા વેશ." વસંતઃ-"પણ કોઈ દહાડો ન જાણેલી વાત ભૂત કેહેછે તેયે ખોટું કે?" વિમળાઃ-"તે થવાની વાત ક્યારે કહે છે? ગઈ વાત કહે તે તો જેને ભૂત આવ્યું હોય તેની જાણમાં હોય તે કેહે, અને એ વાત તેની જાણમાં નથી એવું આપણે શુ જાણીયે?" માતાજીઃ- "બહુ ડાહ્યલી છોં તો. તે માતાજી આવે છે તેયે જુઠું કહેજે હવે." વિમળાઃ-"ત્યારે તેને સાચુ એ કોણે કહ્યું?" વસંતઃ-"બળી એ વાત. રહેવા ઘો. કુંડુ પડશે કોઈ દેવને તો આટલું તો ભોગવીએ છીએ ને વધારે ભોગવવું પડે." માતાજીઃ-"વિમળા! તું આવી નાસ્તિક થઈ છે એતો મેં આજજ જાણ્યું." વિમળાઃ-"ના, બા, હું નાસ્તિક નથી. પણ તુંજ વિચાર કે માતાજી એમની પુજવાની મૂર્ત્તિમાં કેમ નથી આવતાં? વળી તે ધુણે શું કરવા? તું મ્હારી માતાજીજ

છાંની? તે તું કેમ ધુણુતી નથી? ને માતા હોય તે "ખાઉ ખાઉ" કરે કે! તે તો પોતાનાં છોકરાંને ખાવાનુ આપે. વળી દેહ છતાં જે માણસ અડચણ નથી કરી શકતું તેનુ દેહ વિનાનુ ભૂત આપણને શો નફો કરનાર છે? કે શું નુકશાન કરનાર છે? ને મરનારનાં પ્રેત ભૂત થશે ત્યારે જમપુરીમાં કે પરમેશ્વરના ધામમાં કોણ જશે?" વસંતઃ– "વિમળ બ્હેન! તમે તો નવી નવી વાતો કરો છો. પણ બા, આપણે કોઈની નિંદા શીદ કરીએ જે?" વિમળાઃ–"નિંદા શાની ખરું કહેવું છે તેમાં? લ્યો એ ભૂત હોય તો મને પજવે જોઈએ; મને શું કરે છે? હું નિંદા કરું છું." માધવ હસ્યો, માતાજી ગભરાઈ, અને વસંત છક બની ગઈ. ફરી વિમળાઃ–"હું મ્હારી જાતે ભૂત ને બટુક બે થઈ છું. ને રણમાં રૂમનાર વીરાઓને મેં, વસંતબા, તમારાથી પણ વધારે રાંક કરી દીધા છે. અંધારી રાતે વેશ બદલી સીંદુર તેલ ચોપડી આંખો ફાટારી એટલે ભૂત થઈ ગયાં." વસંતઃ–"અમે તો એ વાત ન માનીએ બા." વિમળાઃ–"ન માનો તો પુછો માધુભાને." વસંતઃ–"હા હા, એ વાત ખરી." માધવસિંહઃ–"ખરું પુછો તો આ સંસારમાં કશું અસંભવિત નથી. માયાના અજબ ખેલ છે. તે શું નથી કરી શકતી? જ્યારે આપણે માટીનાં માનવી છીએ, જળમાં જળનાં પ્રાણી છે ત્યારે હવામાં ભૂતરૂપી પ્રાણીઓ હોય એમાં કંઇ અસંભવિત નથી. તેમજ દેવનો પણ લોક કોઈ ઠેકાણે હોય એમાં કંઈ આશ્ચર્ય નથી. આપણી બુદ્ધિ પહોચે તેટલું આપણે તો જાણીયે. માટે વિમળ કહેછે તેમ ભૂત કે દેવ નથી એમ તો ન કહી શકાય. તેમ તે છે એમ પણ ન કેહેવાય. કારણ આજ કાલના ધુતારાઓ ભૂતને વેશે, માતાને વેશે, બટુકને વેશે, ઝોંડને વેશે અને એવે અનેક વેશે રાજપુત્રી જેવી ભોળી સ્ત્રીઓને બ્હીવરાવી પૈસા છીનાવી લે છે. વિમળ ખરુંજ કેહે છે કે માતા હોય તે ધુણે નહી અને છોકરાંને "ખાઉ ખાઉ" કરે નહી. તેમ ભૂતને પણ આવવું હોય તો મડદામાં શા સારું ન આવેજે? વાતજ એટલી છે કે એવા પ્રકારના લોક હોય તોપણ તે સર્વ ઈશ્વરના ધારાને અધિન છે. અને ઈશ્વર ઇચ્છા શિવાય તેઓ મનુષ્યને કંઈ નુકશાન કરી શકતાં નથી. તેમ વગર ઓળખે અપમાન થાય તેથી કોઈને કુંહુએ પડતું નથી. રાજપુત્રીને રાજપુત્રી ન જાણતાં ઓવારણાં લેતાં કોઈ વિસરી જાય તેથી તેના ઉપર પોતે ક્રોધ કરે તેમાં એમનુ ડહાપણ ન કેહેવાય, તો પછી એવા લોક આ

ભૂલોકથી બળવાન અને પૂજાર્હ હોય તો તેમણે આપણી ખાત્રી કરી આપવી જોઈએ. તે શિવાય તેઓ વંદનીય નથી. તેમ જેને વંદનીય માનવાં તેની બાધાઓ રાખવી એ પણ હાસ્યાસ્પદ છે. જે લાંચ લેતાં આપણાજ અધિકારી ડરે છે અને છુપાય છે તે લાંચ દેવ અને ભૂત જેવાં પ્રાણી પ્રસિદ્ધપણે લે એ માનવા જેવું નથી. વળી એવી ઈશ્વરની મહતી વિભૂતિઓ વડાં, ખીર, ચણા, શેરસુંવાળાં જેવા ક્ષુદ્ર ભોજનની ભુખી હોય ત્યારે ઈશ્વરના ઐશ્વર્યમાંજ દોષ લાગે. માટે સર્વ શક્તિમાન ઈશ્વરની માયામાં કશાનો અસંભવ નથી એમ માનીને બહુ ઉંડા ઉતરવા કરતાં તે પરમેશ્વરની આજ્ઞાઓ માની આ જીવિતનાવને સંસારસાગરમાં ખેડવુ એજ ઉત્તમ જણાય છે."

"હા, એ તો ખરું; પણ દોરડા ને બાધા ને આખડીઓને તો નહી મનાય." આટલું વિમળા બોલે છે એટલામાંજ "લે ત્યારે મનાવીએ." એમ કહી એક કાળો કંબલ ઓડેલો મનુષ્ય ભૂતની પેઠેજ તેને લેઈને દોડી ગયો. વસંત અને માતાજી માધવને વળગી પડ્યાં અને ભૂતને હૂરતાવી કહાડવા અનેક દેવોનાં નામ દેવા લાગ્યાં; તેથી માધવ એકદમ વિમળાના રક્ષણાર્થે દોડી શક્યો નહી. કંઇક પોતાના ભયથી અને કંઇ વિમળાના જેવી સ્થિતિ પ્રિય માધવની થશે એવા ભયથી માતાજીએ તથા વસંતે માધવને સ્પર્શથી અને શબ્દથી જતો અટકાવ્યો એટલામાં તો વિમળા દૃષ્ટિપરા થઈ. ઘણે દિવસે મળેલી પ્રિય બ્હેંનનુ રક્ષણ કરવા જવાને માધવે ઘણાંએ ફાંફાં માર્યાં ઘણાંએ બાથોડીયાં ભીડ્યાં પણ પ્રિયાનાં ઓશીયાળાં નયનમાંથી સરતાં અશ્રુ-જળનો સમુદ્ર તથા માતાના દીન વદનમાંથી નીકળતાં વચનનો કોટ તેને અલંઘનીય લાગ્યો. આવા ભયાનક પ્રદેશમાં બે અબળાઓને આશ્રયરહિત કરી એકના રક્ષણ માટે પ્રયાણ કરવામાં તેને અધર્મ જણાયો. બીજી તરફથી પોતાના રક્ષણમાં રહેલી બાળાનુ હરણ પોતાના નયન આગળ થયા છતાંએ અક્રિય રહેવામાં તેને અપૌરૂષ જણાયું. તેથી તે ધર્મસંમૂઢ બન્યો; પણ નીતિએ તેને માર્ગ બતાવ્યો. તેથી તે સ્થળેથી તેને દૂર કરવાની ચૌરજનની કપટજાળમાં ન ફસાતાં તે સજ્જ અને સશસ્ત્ર તેમના રક્ષણપરાયણ થયો. પણ વસંતે તો અનેક દેવોને આમંત્રણ કરવા માંડ્યાં. કોઈનાં સ્તોત્ર બોલતી, કોઈનાં અષ્ટક બોલતી, કોઈના પાઠ ભણુતી, કોઈના જપ કરતી, તે તો છેલ્લે નારાયણકવચનુ પુરશ્ચરણ કરવા લાગી. તેમ માતાજીએ પણ બાધાની બાકી ન રાખી.

તે દેવોની સહાયથી કે બાધાઓના બળથી, વિમળા–પોતેજ ભૂત અને બટુક બનેલી વિમળા–બાહ્યમાંથીજ દુઃખ સેવનારી વિમળા–હરાઈ તોયે ડરીયે નહી ને રડીયે નહી. તેની સમયસૂચકતાએ ગારૂડિકના અખાડામાં અને તેલીયારાજાની રહેણાકમાં તેનો ત્યાગ નહોતો કર્યો તો આ વેળા પણ તે તેને તજી ગઈ નહી. તેથી "પડશે એવા દેવાશે." એવો વિચાર કરી તે તો નિરાંતે પેલા લુટારુને ખભે પડી રહી.

સીધે રસ્તે દોડતાં પકડાયાના ભયથી આ લુટારુ આડેઆવળે રસ્તે થઈ એટલામાં ને એટલામાંજ પર્વતની એક મહાન ગુહામાં પેઠા. વચ્ચે વિમળાને બેસાડી તેની આગળ પાછળ પોતે બેસી હરખાતા હરખાતા, થોડીવાર ઉપર મૃત્યુના પંઝામાંથી ઉગરેલા આ બે દુષ્ટ જનોએ કામબુદ્ધિથી વિમળા સામે દૃષ્ટિ કરી. વિમળા સમજી, પણ બોલી નહી, અને ઉંદર સામે બિલાડીની પેઠે ફટારેલે ડોળે તાકી રહી. પણ એટલામાંજ એક જણ બોલ્યો કે વિમળાને ઓળખાણ પડ્યું. તેણીયે દાંત કચરડ્યા પણ તે કો'ના કળ્યામાં આવે? જરાવારમાં કંઈ વિચારમાંથી જાગી હોય એમ "રાયમલ્લ"નુ નામ તેનાથી દેવાઈ ગયું. રાયમલ્લ (અને ખરે! કેસરીની ઉશ્કેરણીથી કુલીને તથા વસંતવિલાસિનીને હરી જનાર અને હવણે વિમળાને હરનાર કનકપુરનો રાજા રાયમલ્લ હતો) ચમક્યો, ભડક્યો. ગૂઢ વેશમાં છતાં પણ આ કુટડી સ્ત્રી પોતાની વૃત્તિ જાણી ગઈ, પોતાની ક્રિયા કળી ગઈ તેથી કંઈ હીનપદ માની તે ધરા કોતરવા લાગ્યો અને બાડી આંખે વિમળાને જોવા લાગ્યો. પ્રથમ તો કંઈ શોક થયો પણ વિમળાના શબ્દોથી અને તેની ક્રિયાથી તો રાયમલ્લને ફાળ પડી. તેથી તે મહા વિચારમાં પડી ગયો. કંટકવત્ સાલતાં બે કોમળ રાજશિશુની ટા'ડે પાણીએ ખસ કહાડેલી તેમાંથી વિમળાને દીઠી કે તુરત કુમારશ્રી માધવસિંહના શસ્ત્રથી પણ વધારે તિક્ષ્ણદૃષ્ટિના આપાત તે કલ્પનામાંજ અનુભવવા લાગ્યો. ભાઈબ્હેનને દેવદર્શનને નિમિત્તે મૃત્યુદર્શન કરાવવાને લક્ષાવધિ રૂપૈઆ આપ્યા તોયે આતો સામાં ને સામાં આવેલાં જોઈ અધમ જનને ખેદ થયો–પણ પશ્ચાત્તાપ નહી. તેથી તે તો એકડા વિનાની શૂન્ય જેવો થઈ રહ્યો. પરંતુ અલેતી અવસ્થામાંથી પૂર્ણ પ્રાગલ્ભ્યના અભ્યાસવાળી વિમળાએ આ વેળા સમયસૂચકતા ઘણીજ સારી વાપરી, અને કહ્યું "ભાઈ, રાયમલ્લજી, અમને દર્શન કરવા મોકલ્યાં ત્યાંથી પેલા બે દુષ્ટ સેવકોએ અમને કઠેકાણે વેચ્યાં તેમાંથી આટલે

દહાડે હું તો આ તમારે આશરે આવી. ને માધવ તો હવણેજ હતો નહતો થઈ ગયો." આથી ધૈર્ય ધારી દુષ્ટમતી બોલ્યો "વિમળા, ખરું પુછાવે તો આપણે ભાઈબ્હેન નથી. ત્યારે તું મને પરણે તો પટરાણી કરી રાખું એટલે રાજમાં વાંધોજ ન ઉઠે." સમય વર્તનારી વિમળાથી આ વાતની માંણમાંણ પણ "હા" ન ભણાઈ. તદપિ તેણે "ના" તો નજ કહી. તેથી હિમ્મત ધારી પોતાને સ્વસ્થ માની ચાંડાલે તેનો હાથ કામબુદ્ધિથી પોતાતરપ ખેંચ્યો. મહા કમકમાટ અને તિરસ્કારથી વિમળાને રોમાઙ્ચ થયો. કામીએ તો સો ગાઉ એકાન્ત અને અંધકાર જોયાં તેથી જેના દેહનો ઘાત કરતાં ઝખમારી પાછો પડ્યો હતો તેનાજ જીવનો ઘાત કરવા વ્યભિચારકળામાં તેણે બીજે પગ માંડ્યો. બહુ વેશધારી છતાં વિમળાને પણ હવે સમય બારીક લાગ્યો તેથી તેણે કારમી ચીસ નાખી, અને સુગુણને સહાય માટે બકાર્યો.

રઘવાયો થએલો રાયમલ્લ પોતાના સાથીની સહાયથી તેના મ્હોંમાં ડચુરો ઘાલતો હતો એટલામાં તો, ગરૂડ જેમ સર્પ ઉપર તેમ, સુગુણસિંહ ઉચ્ચેથી તેમના ઉપર પડ્યો. "ઓ બાપરે !" કહી નાસવાનુ કરતો હતો એટલામાં રાયમલ્લને તો ગળચીથી પકડી તેણે નીચો નાખ્યો અને ઢીચણ વતે અધમુવો કરી દીધો. પરંતુ રાયમલ્લનો સાથી કંઇ ઢીલો નહોતો. તત્ક્ષણ મ્યાનમાંથી તરવારને કહાડી તેણે સુગુણસિંહ ઉપર એવા જોરથી ઘા કર્યો કે જો સુગુણ જરા આઘો ન ખસ્યો હત તો તે એકનો બે થઈ જાત. પણ ચ્હીડાઈને આ રાક્ષસ તેના ઉપર જેવો બીજો ઝટકો નાખતો હતો તેવોજ તેનો તરવાર વાળો હાથ કપાઇ ગયો. તે નીચે પડ્યો; તેના પ્રાણ ઉંચે ચડ્યા. શસ્ત્ર, શૌર્ય, શોણિત અને જીવ સાથે લાગાં ખોઈ બેઠેલા આ આતતાઇમાં વિમળાએ પૂર્વકાળનો રથવાહક પરખ્યો. યોગ્ય શિક્ષાએ પહોંચેલા એ દુષ્ટજન ઉપર અનુકંપાનો અવકાશ હતો નહી. અવકાશ તો હતો પોતાને સહાય કરનાર પ્રાણેશ્વર સુગુણસિંહના રક્ષકનો ઉપકાર માનવાનો.

ઘોર કૃતિ અને ભીષ્મ આકૃતિ છતાં આ રક્ષકનાં નયનમાં નિર્વેદ, કપાળમાં ભવ્યતા, વચનમાં મીષ્ટતા, ઓષ્ટમાં મૃદુતા, હડપચીમાં દૃઢતા અને મુંછમાં પટુતા જોતી વિમળાએ, બ્હારવટીયાના વેશમાં છતાંએ તેને કોઈ રાજકુલોત્પન્ન મહાનુભાવ માન્યો અને તેનાં ઓવારણાં લીધાં. વીરબાલાના આવા વિનયથી પ્રસન્ન થઇ બહુ દિવસનુ

વૈર લેવાને કૃતનિશ્ચય થએલા આ સજ્જને ધૂળમાં રગદોળાતા રાયમલ્લ ઉપર શસ્ત્રપ્રહાર ન કર્યો. રાજ્યની સામે બ્હારવટુ કરનાર, રાજાની આમન્યા ન રાખનાર અને અડગ નિશ્ચયના ધારનારે અત્યારે વિમળાની વિમળ વિનંતી સ્વીકારી દુષ્ટને દેહમુક્ત ન કર્યો પણ દેહબદ્ધ કર્યો. અવળે પાંગોઠે બાંધી બન્નેએ કુમારશ્રી માધવસિંહ પાસે તેને લીધો. અહીં તો અસ્તમાંથી–આખી રાત્રીના અંધકારમાંથી પુનઃ ઉદિત થતા સૂર્ય જેવા, પુત્રને લડાવતી ઉષા જેવી માતા સુજાણબા તથા નિશાચરના અમાવાસ્યા જેવા અંધગ્રાહમાંથી છુટેલી બીજની શશિલેખા જેવી વસંતવિલાસિનીની મધ્યે વિરાજિત કુમારને જોઈને અધમુવો, શ્રમિત અને ક્ષીણ રાયમલ્લ જાણે તેલની કઢામાં તળાતો હોય, જાણે ધકધકતા અગ્નિમાં બળતો હોય એમ ગુંગળાવા લાગ્યો, ગભરાવા લાગ્યો, ડસડસવા લાગ્યો. પરંતુ કુમાર માધવસિંહે તેના ઉપર કરૂણા દૃષ્ટિ કરી, તેના બાંધેલા હાથ છોડાવ્યા, તેને પોતાની પાસે બેસાડ્યો–અને આ સઘળુ વિમળાએ ના કહ્યા છતાં.

આણી તરફથી સુગુણસિંહની સાથે આવેલા બ્હારવટીયાએ આગળપાછળનાં તૃણ એકઠાં કરી મ્હોટો ભડકો કર્યો, અને પછી વિચિત્ર રીતે પોતાનો શંખ ધમ્યો. એટલે થોડીજ વારમાં ત્યાં બીજા ત્રણ ચાર બ્હારવટીઆ આવી પહોંચ્યા. તેમણે આજ્ઞાથી અલ્પ કાળમાં જળ, ભોજય આદિ તૈયાર આણી દીધાં અને સર્વને સંતોખ્યાં. સુગુણસિંહ રાજ્યનો સભાસદ અને વિશ્વાસપાત્ર છતાં આવા રાજ્યવિરૂદ્ધ વર્તનાર બ્હારવટીઆની પ્રીતિ રાખે એમાં કંઇક ભેદ લાગ્યો તેથી નિદ્રાને પ'રી કરી ચિકિત્સાથી પ્રેરાયલો કુમાર તે બ્હારવટીયાના અગ્રસરીને ઉદ્દેશી બોલ્યોઃ "અરે ભલા આદમી, આપનુ નામ શું?" બ્હારવટીયોઃ–"મ્હારુ નામ મોહનસિંહ અને હુ આ બ્હેન વસંતબાનો કાકો થાઉં." "હેં, હેં!" કરતી વસંત તો જોઇજ રહી. માધવને વધારે કૌતુક લાગ્યું તેથી તેણે પુછ્યું "રાજપુત્રીના કાકા વનેચર સ્થિતિમાં? એમ બનેજ કેમ?" મોહનસિંહઃ–"મહારાજા વિજયસિંહના રાજ્યમાં કૃત્રિમ પુત્રનો આવિર્ભાવ અને નિભાવ થાય તો કેસરીસિંહના ભાઈને બ્હારવટાનો લ્હાવ લેવો પડે અને ઘાવ વેઠવો પડે. એકને વિજાત છોકરો–બીજાને કજાત ભાઈ." માધવસિંહ ગરમ થઈ ગયો, તેનો મીજાસ ખસી ગયો, તેની આંખ ફાટી ગઇ અને તેનો હાથ તરવાર ઉપર પડ્યો. પણ મોહનસિંહ હસ્યો અને બોલ્યો "કુમાર,

આકળા થાઓ માં." માધવઃ—"પણ મારાં માતાના સાંભળતાં મારા મોં ઉપર આવું ભાષણ થાય તે મારાથી કેમ સહન થાય? અને તમારા જેવા મિથ્યાવાદી ને મિથ્યાચારીને શાસન ન દેવાય તો હું રાજબીજ પણ શાનો?" સુગુણ વચ્ચે પડ્યો; આ વાત બંધ રાખી બીજી વાત કરવા વિનવ્યો પણ મોહન બોલ્યો, "સુગુણ, શું છે ગભરાછ? મહારાજ શ્રીવિજયસિંહના કુળદીપક આગળ વાત કરી હવે આટલે વર્ષે તો દુઃખ હલકુ કરવા દે? ભાઈએ તો દાદ ન દીધી પણ કુળદીપિકા વસંત તો ધ્યાનમાં લેશે? મને પૂર્ણ વિશ્વાસ છે કે વયમાં લઘુ પણ બુદ્ધિમાં પ્રગલ્ભ—આ યુગનુ આ વસિષ્ઠઅરૂંધતીનુ યુવાન યુગલ મને તો શાસનને બદલે આશ્વાસન દેશે." પરસ્પર વિરોધી વચનનો ખુલાસો કરવા ફરી માધવ બોલ્યો, "મોહનસિંહ, અમારા ઉપર તમારો ઉપકાર છે. બાકી તમે બોલ્યા ઘણું ખોટું. તદપિ હવે ખુલાસો કરો ઝટ." કંઠે પડેલા શોકશોષને નિવારવા જળનો ઘુટડો લેઈ, હૃદયમાં કૃત્રિમ આનંદ અનુભવવા મ્હોંમાં અફીણનો કાંકરો નાખી, મોહનસિંહ નિઃશ્વાસ નાખતો નાખતો બોલ્યો "પૃથ્વીનાથ, સાંભળોઃ આજથી તમારા જન્મ પેહેલાંની વાત કહું છું. તો પછી વસંતબાની વાતજ કેવી!" "પછી!" મોહનઃ—"તે દિવસે મણિપુરનો પ્રથમ ભાયાત માનસિંહ તે હુંજ." રાજમાતાઃ—"માનસિંહ તે તમે? કુસુમાવલીના બાપા તે તમે?" રડતો રડતો મોહનસિંહઃ—"હા, તેજ ચાંડાલ હતભાગ્ય હું." રાજમાતાઃ—"રામ રામ! તમારા જેવા રાજબીજ ક્ષત્રીયની આ દશા?" માધવઃ—"પછી પછી?" મોહનસિંહઃ—"પછી તો શું? તે મ્હારે એકની એક દીકરી હતી. ના'ની પણ ઠાવકી અને કુટડી પણ સુશિલા આ મ્હારી દીકરીનુ માગું આપના પિતાએ આ દુષ્ટ કૃત્રિમ રાયમલ્લને માટે મહારાજા કેસરીસિંહ મારફતે કરાવ્યું." અધિકાધિક આશ્ચર્ય પામતો માધવ તો વારે વારે "પછી પછી" એમ બોલવા લાગ્યો અને અધીરો થવા લાગ્યો. ક્લેશના આવેશમાં મોહનસિંહ રાયમલ્લના સામી કરડી નજર કરતો જાય અને વાત કરતો જાય. તે બોલ્યોઃ "હું તો જાણતોજ હતો કે મૃત્યુથી અને વિકારથી પણ ન છેતરાય એવા મહારાજા વિજયસિંહને તેની પ્રથમ પટરાણી બાઈબાએ છેતર્યા અને આ કોબાડ ગોવાળીયાના છોકરાને શુદ્ધ ક્ષત્રીય રાજગાદીનો યુવરાજ કર્યો." માતાજીની સાક્ષીથી, મદનસિંહનાં પ્રસંગોપાત્ત વચનથી અને રાયમલ્લની કૃતિના પ્રત્યક્ષ અનુભવથી

તથા કિંવદંતીના મનમાં એકઠા કરી રાખેલા રહસ્યથી માધુલા વસ્તુ-યાથાર્થ્યે સમજ્યો. અને રાયમલ્લ તો અધોમુખે બેસીજ રહ્યો. વિમળા હરખાઈ અને વસંતબા ચકિત બની ગઈ. મોહનસિંહઃ "રાજ્યના લોભથી હું લેવાયો નહી તેથી મ્હેંતો આવા દાસીપુત્રને ક્ષત્રીયની કન્યા આપવાની ના પાડી. પણ શ્રીમાન્ વિજયસિંહજીનું આટલુએ કામ ન થાય એ ઠીક ન લાગવાથી ભાઈએ હઠ લીધી. અને રાજહઠ તો જાણોછોજની ? છેવટ રાજ્યનાં અને રાજકુટુમ્બનાં સર્વ બેટાબેટીના માલીક, પાલક અને પિતા પોતાને માની કેસરીસિંહ મહારાજે નાળીયેર મોકલ્યું; મુહૂર્ત જોવરાવ્યું, લગ્નનો દિવસ નક્કી કર્યો. ખુશામતીઆ કે અજ્ઞાન જોષીમંડળે જન્માક્ષર મેળવી, કન્યાનુ વર પાસે લ્હેણું કહાડી મહારાજના મનનુ સમાધાન કર્યું; મહારાણીજીની વૃત્તિ સમજી જઈ દાસીજને વરનાં વખાણ કર્યાં. મહારાજા વિજયસિંહનો સ્નેહસંબંધ લગ્નની ગાંઠથી સુદૃઢ કરવાની ભાઇની ઇચ્છાથી, લગ્નના લ્હાવા લેવાની ભાભીની અભિલાષાથી, ઈનામ મળવાની પરિજનની આશાથી, ભોજન અને દક્ષિણા પામવાના બ્રાહ્મણોના લોભથી અને લગ્નસમારંભના આડંબર અને શોભાને નીરખવાની પ્રજાની હોંસથી, સર્વ સ્થળે ઉત્સાહ અને આનન્દ વર્તી રહ્યો; માત્ર મારા ઘરમાં રડારોળ થઈ રહી. રાજ્યના રક્ષણને માટે મારી પુત્રીનો તો શું પણ મારા સર્વસ્વનો ભોગ આપ-વામાં મને લેશ પણ ક્ષોભ ન થાય; પણ ક્ષણિક અને કલ્પિત લાભ માટે અને સ્વાર્થી મનુષ્યોના પ્રમોદ માટે મારી એકની એક દીકરીનુ બલિદાન મારી ધર્મપત્નિને સ્મશાન મોકલવાને બસ હતું. ચિંતાની ચિતામાં બળતી, અશ્રુજળમાં ન્હાતી, અન્ન જળનો ત્યાગ કરતી તે બિચારી સનાથ છતાં અનાથ બની ગઈ. તેનાં કરૂણ રૂદન, દીર્ઘ નિઃશ્વાસ, શુષ્ક વદન, અને ક્ષીણ શરીર જોઈ મારા પેટમાં અગ્નિ ધીકવા લાગ્યો અને મારૂં લોહી ઉકાળવા લાગ્યો અને મારો પિત્તો ઉછાળવા લાગ્યોઃ છેવટ આ ને આ દુઃખમાં તે બિચારી મરી ગઈ. તે છુટી પણ હું રઝળ્યોઃ—અને તે સઘળું આ ચાંડાલને માટે." એટલું બોલી સિંહ જેમ શિકાર ઉપર તેમ તે રાયમલ્લ ઉપર તાકી રહ્યો; પણ તે તો બાહુકની પેઠે દાંત દેખાડતો બેશીજ રહ્યો. અવર શ્રોતા-જનનાં ચક્ષુઓ બાષ્પાંબુનાં સ્રોતસ્ બની ગયાં—માત્ર મોહનસિંહનાં ચક્ષુમાંથી ક્રોધાગ્નિના સ્ફુલિંગ ઉડવા લાગ્યા. સુગુણે ધીરજ આપી. માધવે કરૂણદૃષ્ટિ કરી અને આગળ વાત કરવા તેને પ્રેર્યો, તેથી તે

બોલ્યો, "પછી આત્મહત્યા કરવાને મેં નિશ્ચય કર્યો પણ તેથી બ્હેનની લાજ રેહેવાની નહોતી માટે તેનોજ વધ કરવા હું કૃતનિશ્ચય થયો. ગનેસને વાત જણાઈ. તેથી સુગુણભાઈના બાપે મને ઘણો વાર્યો-સમજાવ્યો પણ હું એકનો બે ન થયો તે નજ થયો. પણ કેળના ગર્ભ જેવી મ્હારી દીકરીને એક રાત્રે ઉંઘમાં સુતી સુતી દૂધ પીતી કરવાને નાગી તરવાર લેઈને જેવો હું મારવા જાઉંછું તો ક્યાં ગયો મ્હારો ક્રોધ? ક્યાં ગયા મ્હારા વિકાર? ક્યાં ગયું મ્હારું ભાન? ક્યાં ગયું મ્હારું જોર—જ્યારે મેં એ કોમળ શય્યાને દીપાવનારીને ન દીઠી? અરેરે! આ નૃશંસે તો તે દિવસથી એ બિચારીનુ મ્હોંયે જોયું નથી. જોયું હોય તો તેની હત્યા કરવાનેજ માટે. હાય!" એટલું બોલી તે રડી પડ્યો, ઢળી પડ્યો. આશ્વાસનથી તેને સ્વસ્થ કરી બાકીની વાર્તા અનુમાની શોકની કે હર્ષની ચમક થતી અટકાવવાને સુગુણસિંહ અને માધવસિંહે બીજી બીજી વાતો કરી તેને વાત વિસરાવવા યુક્તિઓ કરી પણ વેગમાં ને વેગમાં તે આગળ બોલ્યો "પછી તો "હાર્યો જુગારી બમણું રમે છે" તેમ હું રાત્રે ને રાત્રે રાજ્યમાં કેટલોક બગાડ કરી નીકળ્યો બ્હારવટે. એટલે ન રહ્યું મ્હારે ઘર, ન રહી વાડી, ન રહી ગાડી, ન રહ્યું ગામ, ન રહ્યો ગરાસ, ન રહ્યું નામ, કે ઠામ. લુંટ ઉપર પેટની વેઠ કરવા માંડી. પણ અરે! આ અવસ્થા-માંએ મેં શું સારું કર્યું છે? મને ક્રોધે મારી નાખ્યો છે. મને તેણે ગુલામ કર્યો છે. તેને લીધે મ્હેં ઘણાને ખાધા છે, ઘણાંનાં લોહી પીધાં છે. તેણે મ્હારી છાતી વચ્ચે દેવતા શળગાવ્યો છે. તેણે મ્હારે કપાળે કરોચલી, આંખે રતાશ, અને હાથે ક્રૂરતા પાડી દીધાંછે. એ ક્રોધ મ્હારાં મર્મ ભેદી નાંખે છે. મને અંતર્બાહ્ય ધીકાવે છે, ન કરવાનુ મ્હારી પાસે કરાવે છે. તેમાં આપત્કાળે વૃદ્ધિ કરી. બળતામાં ઘી હોમાયું. ક્ષીણતાએ મને નિષ્કરુણ કર્યો. ભૂખતર્ષઆદિએ મને ભ્રષ્ટ કર્યો; દાઝે મને ક્રૂર કર્યો અને નિત્યાભ્યાસે મને બુઠો કર્યો. અરેરે! મેં કંઈનાં ગળાં રેંશ્યાં; કંઈનાં અન્ન લીધાં; કંઈને બાળી નાંખ્યા. મ્હેં કર્યું તે કોણ કરે? અરેરે! આ અવતાર તો આવું ભોગવું છું અને આવતે અવતાર મ્હારું શું થશે? અથવા આથી બીજુ શું વધારે દુઃખ હશે? સ્ત્રીનો નાશ, પુત્રીનો લોપ અને જાતની ભ્રષ્ટતા! અરેરે! આ શોક તો કાળ જતાં શાન્ત થવાને બદલે વધારે વધારે ધીકી રહેછે. નહી તે સ્નાને, નહી તે અશ્રુએ, નહી તે ચંદને, નહી તે પવને

કે નહીં તે આશ્વાસને ટા'ઢો પડવાનો." માધવસિંહ:–"પણ પછી તમારી દીકરીનુ શું થયું તે કંઈ તમો જાણોછો?" મોહનસિંહ:–"હા ભાઈ, સુગુણભાઈના બાપા તો કહેતા કે તેનો વિવાહ આપના રાજ્યના પ્રધાનજી મદનસિંહ વેરે થયો છે. ખરું ખોટું તો દૈવ જાણે. પણ તેમ હોય તોએ ત્યાંએ બધું ખેદાનમેદાન થઈ ગયું છે. શું કેહેવરાવો છો? હું તો જીવતાંજ મુવો છું. મહારાજ! મેં અધર્મ કર્યો તેથી મ્હારા ઉપર ક્રોધ ના કરશો. હું પામર છું." મેઘઘટા ઉઘડતાં ચંદ્રદર્શન થાય તેમ માધવને થયું; તે વાતનો મર્મ સમજ્યો. તદપિ તેણે મન સ્વસ્થ રાખ્યું. પિતાની ગાદી ભ્રષ્ટ કરનાર, પોતાની માતાને કષ્ટ આપનાર, પોતાને નષ્ટ કરવા મથનાર, અને છેલ્લે પોતાની વ્હાલી ભગિની પ્રતિ કુદૃષ્ટિ કરનાર અધમ રાયમલ્લને પણ તેણે ક્ષમા આપી. વિમળાએ તેને ચ્હડાવ્યો, મોહનસિંહ અથવા માનસિંહે તેને ઉત્તેજ્યો, સુગુણે તેને ઉપાડ્યો અને કોમળ સ્વભાવનાં માતાજીએ પણ ઉદ્દેશ્યો તદપિ બળવાન શત્રુ ઉપરજ કરડી દૃષ્ટિ નાખનાર માધવસિંહે પોતાના બાપના કેહેવાતા અને અત્યાર સુધી ગણાયલા છોકરાનો વાંકો વાળ ન થવા દીધો, તે નજ થવા દીધો. પોતાનુ હરણ કરનાર અને આનંદની ઘડીમાં પોતાના પ્રિયતમનો પગ કાપવા ઉંદર પેઠે–ચોર પેઠે યુક્તિ કરનાર ઉપર બીજાની પેઠે ક્રોધ તો ઘણોજ આવ્યો પણ શાણી વસંતબા છાયાની પેઠે ભવિષ્ય પતિને અનુસરી, અને ચારેપાસનાં મ્હેણાંથી ઘેરાઇ ગયેલા કુમાર માધવનુ ઉપરાણું લેઈ બોલી "સુગુણભાઈ, માનકાકા–માતાજી! આપ બધાંએ આને જતો કરવાના વાંક માટે કુમારને દોષિત ઠરાવો છો. પણ એણે એનો સ્વભાવ ન મુંક્યો ત્યારે કુમાર પોતાનો શી રીતે મુંકે? ગોવાળીયો પોતાની જાત ઉપર ગયો અને કુમાર પોતાની જાત ઉપર ગયા–" બાપ તેવો બેટો " થાય એજ સુકુળનુ ચિહ્ન છે. એને મારવાથી શો ફાયદો છે?" ન રેહેવાયાથી વિમળા:" બ્હેન, તમારું કામ કર્યું અને તમને ઉગાર્યાં તેથી એનુ ઉપરાણું લ્યો છો; પણ આ બધું વેઠીયે 'છીયે તે એના પ્રતાપ. ના કહી'તી કે આઘે દર્શન કરવા નથી જવું, પણ ના'નપણથી આપણે વડ કહીએ ત્યારે માધુ થડ કેહે એવો છે. અમે એને જીવાડવાનુ કહ્યું હત તો એ એને મારવાનુ કેહેત." માધવ હસ્યો. તકરાર જરા વધી પડી. તેથી વચલો રસ્તો એવો નીકળ્યો કે તેને બાંધીને સાથે લઈ જવો અને તેનો ન્યાય શ્રીમાન્ કેસરીસિંહને સાંપવો.

છેવટ નિદ્રા નિદ્રાને ઠેકાણે રહી અને નિર્દોષ કુલીને બચાવવા વેળાસર રાત્રે ને રાત્રે પ્રયાણ શીરુ થયું. વસંતના આગ્રહથી કેદી રાયમલ્લને લેઈ માનસિંહ પણ સાથે સાથે ગયો.

પ્રકરણ ૩૦ મું.

કસોટી.

કૃષ્ણ કર્મ કરનારના નિવાસને માટે નિર્મિત થયેલી હોવાથીજ હોય તેમ કૃષ્ણ થઈ રહેલી ઓરડીમાં જ્યારે દિશાઓની કૃષ્ણ ચાદરની કૃષ્ણતા પ્રસરી ત્યારે પોતે પણ કૃષ્ણ વસ્ત્ર સજી આવતી કાલે મૃત્યુને સામે મ્હોંએ મળવાનો નિશ્ચય કરી કૃષ્ણની મૂર્તિ માનસિક દૃષ્ટિની સન્મુખ ધારી કુલી, રાધિકાજીની પેઠે, કેવળ કૃષ્ણમયજ બની રહી હતી. આ ક્ષણભંગુર દેહના અવસાન સમયે બન્ને ઢીચણ જમીન ઉપર મુંકી વદનામ્બુજને કરસંપુટમાં ધારી નીચે નમી જાણયે અજાણયે થયેલાં સર્વ પાપનો ક્ષય થવા શુદ્ધાન્તઃકરણથી તે કંઈ નીચે પ્રમાણે મંદ મંદ ગાવા લાગી:

“ મારે અંત સમે અલબેલા મુજને મૂકશોમાં
મારા મદનમોહનજી છેલા અવસર ચૂકશોમાં
હરિ હું જેવી તેવી તમારી મુજને મૂકશોમાં
સર્પે બાંહ્ય ગ્રહી પ્રભુ મ્હારી અવસર ચૂકશોમાં.
મ્હારા દોષકોષ સંભારી મુજને મૂકશોમાં
શરણાગતવત્સલગિરિધારી અવસર ચૂકશોમાં
હરિ મ્હારે ધરમ નથી કોઈ સાધનમુજને મૂકશોમાં
નથી સત્સંગસ્મરણઆરાધન અવસર ચૂકશોમાં.
શ્રીપતિ સર્વાત્મા સર્વોત્તમ મુજને મૂકશોમાં
મ્હારા પ્રાણજીવન પુરૂષોત્તમ અવસર ચૂકશોમાં
સમરથ કરૂણાસિંધુ શ્રીજી મુજને મૂકશોમાં
મ્હારે ઓથ નથી કોઈ બીજી· અવસર ચૂકશોમાં.”

જેમ જેમ તે ઈશ્વરસ્તવનમાં મગ્ન થતી ગઈ તેમ તેમ ધૈર્ય, ક્ષમા, દયા આદિ મહદ્ગુણો તેના અંતઃકરણમાં ઉદ્ભવ પામ્યા. પોતાનુ

પાતિવ્રત હરવા મથનાર કનકપુરીના મહા પુરૂષ ઉપર ન રહી તેને રીસ કે ન રહી પોતાને પથ્થર સાથે ફગોટી દેનાર બ્હારવટીઆ ઉપર. હરિ જનાર અશ્વાર તો તેને સાંભર્યો એ નહી અને કેસરી કેવળ દયાપાત્ર લાગી. પતિનો વિરહ, મિથ્યાપવાદનુ દુઃખ, વસંતબાના કલંકની વેદના કે અસર કંઈ પણ સંકષ્ટ તેને દમી શક્યું નહી. કારાગૃહની કોટડી ધીમે ધીમે વિસ્તૃત થઈ મણિપુરમાં વિલુપ્ત થઈ ગઈ, મણિપુર સમસ્ત જગત્માં વિલીન થયું; સમસ્ત જગત્ બ્રહ્માણ્ડમાં લય પામ્યું. ભૂત અને ભવિષ્યનો વ્યામર્ષ થતાં સર્વ ચિદ્ અચિદ્ વસ્તુ વર્તમાન સમયમાં વિદ્યમાન જણાઈ. ચિદચિદ્ વસ્તુની પ્રથક્તા પણ ભૂસાઈ જવા લાગી. અંતે પોતે અને પરમાત્મા શિવાય અન્ય કોઈ પણ પદાર્થ તેને ન દેખાયો. પરમાત્મામાં પતિનુ જ્વલંત અને હસિત વદન નિરખતી અને તેથી પરમાનન્દનુ સુખ અનુભવતી ફુલમાળાના પવિત્ર આત્માનું અજેય બળ તેને રોમેરોમ પ્રસરવા લાગ્યું.

सर्वं धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वाम् सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥

એ પ્રતિજ્ઞા પ્રમાણે પુરૂષોત્તમ નારાયણે શરણાગતનુ પ્રતિપાલન કર્યું તેથી વનિતામાં વીરરસ જામી રહ્યો. તેના વદન ઉપર સૂર્યનારાયણે વાસો કર્યો, ચંદ્રમાએ અમૃત છાંટ્યું અને કમલાએ કોમળતા વિસ્તારી. પતિને પેહેલવેહેલીજ મળવા જતી મુગ્ધાની ત્વરા ધારતી આ સતીની સ્ફુર્તિ લગ્ન પ્રસંગથી પણ વધારે હતી. વિરક્ત વૃત્તિથી સામાન્ય દૃષ્ટિ રાખી સર્વનુ ભલુ થવા ઈશ્વરને સ્તવતી આ સ્ત્રીને પતિપ્રતિ તો પક્ષપાતજ હતો. પણ એટલામાંજ એ પક્ષપાતથી વર્દ્ધિત થતી મનકામનાની સિદ્ધિને અર્થે કે તેના નિશ્ચયની પરીક્ષા કરવા સાક્ષાત્ ઈશ્વર આવ્યા હોય કે પ્રસન્ન થઈ વરદાન આપવા શંભુ આવ્યા હોય એમ વિચિત્ર અથવા અમાનુષિક વેશ ધારી કોઈ સુંદર પુરુષ તેના સામે ઉભો રહ્યો. પતિના સંતત શ્રેયસને માટે ઈશ્વરની પ્રાર્થના કરતી સતીએ તેને દીઠોએ નહી ને જાણ્યોએ નહી. તેથી જાણે વિશેષ પરીક્ષા કરવાને માટે, ધ્યાનાવસ્થિત સ્ત્રીનો કર, ઝાલીને, તેણે ખેંચ્યો. સ્પર્શથી તે ચમકી—જાગી—અને જોઈ રહી—વળી પાછી ધ્યાનમાં ઉતરી ગઈ. ફરી હાથ ખેંચાયો અને ફરી આંખ ઉઘડી ગઈ તેથી તે બોલીઃ “ મધ્યરાત્રિએ એકાન્તમાં અબળાને સ્પર્શનાર, અરે ભલા આદમી, તમે કોણછો ? અને તમે કેમ

આવ્યા છો?" જરા જુદી જાતનો સ્વર કહાડી આ પુરુષ બોલ્યો "ફુલમાળા! હું તમારો શુભેચ્છક છું અને આવ્યો છું તમારું રક્ષણ કરવા." ફુલી: "જેને સંસારમાત્ર ઘડીઓમાં સમાઈ રહ્યો છે તેનુ રક્ષણ તમે શું કરનાર છો? વળી મ્હારે રક્ષણની ક્યાં અપેક્ષા છે? માટે હવે આ દેહમાં જે થોડો વખત દીવો બળે છે તેટલી વાર પતિનું અને પરમેશ્વરનુ ધ્યાન ધરવામાં અંતરાય થઈ રખેને તમારૂ પોતાનુજ બગાડો. આ ક્ષુલ્લક અને ક્ષણિક સંસારના પ્રયાણનો સર્વ કોઈને અંત આવ્યા વિના રહેવાનો નથી. સાન્તમાંથી અનંતમાં જનારનુ રક્ષણ ક્ષણભંગુર દેહથી તમે શું કરી શકશો? માટે તમે સુખેથી સિધાવો. મારી, પતિની અને પરમાત્માની ત્રિપુટીના સાન્દ્રલયમાં વિશેષ અંતરાય ન કરશો." ગલિત થઈ ગએલો પુરુષ બોલ્યો, "અલિ ઘેલી! કો'નો પતિ? ત્હારે પતિજ ક્યાંછે? પતિ અને પરમેશ્વર હોય તો ત્હારે હાથે આવાં કર્મ થાય? એમ છતાં પણ પતિતનુ રક્ષણ એજ સ્વધર્મનું લક્ષણ છે. માટે ક્ષુધા, તૃષા, પ્રજાગર, શ્રમ આદિની વ્યથા સહન કરીને પણ હું અત્યારે ત્હારો અને ત્હારા અંતરના ઈપ્સિતનો યોગ કરાવવા આ ભયાનક સ્થળે આવ્યો છું. તારી પૂર્વાવસ્થાથી હુ તને બરોબર ઓળખું છું. અને અહીં આવવામાં ત્હારા હિત શિવાય મારે બીજો કાંઈ સ્વાર્થ નથી." પ્રશાંત અને નિરપેક્ષ બની રહ્યા છતાં આ સતિએ આ ભલા લાગતા પુરુષ આગળ કંઈ ખુલાસો કરવો દુરસ્ત ધાર્યો તેથી તે બોલી "પર પુરુષ સાથે સંભાષણ અયોગ્ય છે છતાં પણ ઈશ્વરી પ્રેરણા બોલાવે છે તો સાંભળો. મિથ્યા ગર્વ નકામો છે. સુખદુઃખ એ પૂર્વ જન્મના પ્રારબ્ધની અનુભૂતિ છે. યશ અપયશ એ જગત્‌ના અપૂર્ણ જનોના અપૂર્ણ અનુભવનાં પ્રતિબિંબ છે. મિથ્યાપવાદ અજ્ઞાનની પ્રસૂતિ છે. તો એવી બાબતમાં હર્ષશોક નકામો છે. મને યથાસ્થિત જાણ્યા વિના કે જાણીને કોઈ મ્હારે માટે ગમે તે અભિપ્રાય બાંધે, તેની મ્હારે સ્પૃહા નથી. અજાણ્યે મત બાંધે તો અનુભવની કચાશ, અને જાણ્યે બાંધે તો વિવેકબુદ્ધિમાં વાંધો; વળી પતિ અને પરમેશ્વરની છાયા નીચે રેહેનારી અબળાને કોઈ સ્થળ ભયાનક નથી, કોઈ કાળ વિષમ નથી, કોઈ તાપ દુઃસહ નથી, કોઈ સહાય ઉપકારક નથી, કોઈ પદાર્થ ઈપ્સિત નથી, કોઈ મનુષ્ય અહિત નથી, કોઈ દુર્દૈવ અજિત નથી. તદપિ તમે શુદ્ધ અંતઃકરણથી મારૂં હિત કરવા આવી વસ્તુયાથાર્થ્ય

જાણ્યા વિના અહીંથી મારો અકારણ અભાવ લઈને જાઓ-મારૂં પાપ ધુવો, અને તમારૂં અંતર બાળો એ ઠીક ન લાગવાથી બે વાત કહું તે સાંભળોઃ ખાત્રીથી જાણજો કે આ દેહ ધરી સંકલ્પમાંએ મનસિજ પારકાને માટે નથી ઉછેર્યો, હાસ્યમાંએ જુઠની પીઠ નથી ઠોકી, લગ્નમાંએ ગાલીપ્રદાન નથી કર્યું અને વિપત્તિમાંએ પાપને પત નથી કર્યું. વિશ્વાસઘાત-ચોરી-દગો-એ તો જાણ્યાં નથી કે કેવાં થાય. પતિને જીવિત, પતિને ઈશ્વર અને પતિને સર્વસ્વ માનેલો છે. માટે ભવિષ્યની મને ચિંતા નથી. મૃત્યુનો સમય કાલનો નિર્માણ થઈ ગયો છે, પણ તેની મને "અરે" નથી. મને તે કાળ આનંદનો લાગે છે. મુવા પછી ભીત થાઓ તેની મ્હારે શી ગરજ છે? તેથી પતિમાં અને પરમેશ્વરમાં મગ્ન થએલીને હવે છોડીને ચાલ્યા જાઓ." એટલું બોલીને પુનઃ ઉંડી ઉતરી જતી સતીનો હાથ ઝાલી "પ્રિયે" એટલું કહી તે તેને પોતાભણી ખેંચી વળગી પડ્યો. ગાભરી બનેલી સતી વછુટે છે તે પેહેલાંજ રત્નજડિત વીંટીનો પ્રકાશ પાડી તેણે પોતાની મુખમુદ્રા અને સતીની સ્નેહમુદ્રા દેખાડી. સતી ચમકી, ગાભરી બની. પરમાત્મા કૃષ્ણે વર્ણવેલા વિરાટ્નુ પ્રત્યક્ષ દર્શન થતાં જે ભાવો અર્જુનને થયા હતા તેવાજ ભાવોમાં આ સ્ત્રી રોળાઈ, ચોળાઈ. પ્રત્યક્ષ ઠરેલા પતિ આગળ કેવળ બળહીન બની ગએલી બ્હાવરીથી ન તેને વળગી પડાય કે ન તેનાથી છુટાં પડાય. મહા વિકારોના હુમલાઓ છતાં, મહા ચમત્કારના નાગપાશ છતાં, ફુલ જેવી ફુલીએ આવેશના શબ્દનાં કે કરકમલનાં હથીઆર છોડી દીધાં અને જેમ કરે તેમ આ મધ્યરાત્રીચરને કરવા દીધું. તેને આનંદે હતો ને શોકે હતો. તેને ચેતનાએ હતી અને મૂર્છાએ હતી. તેને ભાને હતું ને સંમોહે હતો. એકજ વસ્તુ ઉપર દૃષ્ટિપાત કરતી આ સ્ત્રી ગળે હર્ષ કે શોક ઉતારતી હતી. ધીર ગંભીર પ્રેમસાગરે સુખસરિતાને ખેંચી તેમ તે ખેંચાઈ. ખેંચાવામાં-દબાવામાં તેને કંઈ અપૂર્વતા જણાઈ. સાક્ષાત્ નારાયણ જેવા દેખાતા પુરૂષમાં પ્રાણેશ્વરની પ્રતિપત્તિ થવાથી તે કંઈ જુદાજ-અવર્ણ્ય વિકાર અનુભવવા લાગી. પુનઃ "પ્રિયે" એવા ચિરકાળે શ્રુણેલા શબ્દથી જાગ્રત સ્વપ્નમાંથી તે જાગી, તથા નિશ્ચલ ડોળે એમની એમ જોઈ રહેવા લાગી. "આ તે શાણું કે સાચું" એવું બોલતે બોલતે જરુર તે જમીન ઉપર પડી જાત—જો આ આપ્તજનની બાહુ-જાળમાં તે ન સપડાઈ હત તો. વારે વારે ખેંચાતાં-દબાતાં-ચંપાતાં

થોડીવારે તેને જરા હિમ્મત આવી એટલે તે બોલી "આપ અહીં ક્યાંથી?" મધુર સ્વરે આ પુરુષ બોલ્યોઃ

"मरणसमये त्यक्त्वा लज्जां प्रलापनिरर्गलम् ।
[illegible]ः सोऽयम् पतिः पुरएवते ॥"

પણ એટલામાંજ પાછળથી તેના માથામાં એવા જોરથી લાકડી વાગી કે તે તો બિચારો ત્યાં ને ત્યાં મૂર્છિત થઈને ઢળી પડ્યો. પોતાનેજ ઘા વાગ્યો હોય એમ કુલી પણ તેની સાથે પડી ગઈ, અને એકડા વિનાની શૂન્ય જેવી થઈ રહી.

કામાવેશથી ક્રોધવશ્ય થઈ અજાણ્યાને છાને અને પાછળથી ઘા કરનારો કારાધ્યક્ષજ હતો. પ્રમાણિક, ડાહ્યો, ધીરો અને શીળો છતાંયે તે કુલીનાં નયનથી અનીચ્છાએ નીકળતાં કુલબાણ નહોતો વેઠી શક્યો. પરાધિના પડેલી–અપવાદથી દાઘેલી આ સ્ત્રીને જ્યારથી તેણે જોઈ હતી ત્યારથી તેના ઉપર મદનનુ સામ્રાજ્ય થઈ ગયું હતું, ત્યારથી તેણે મનને ઘણુંએ માર્યું છતાં તે મરે તો શાનું પણ ગુંગળાતુંએ નહોતું–ત્યારથી તેની વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થઈ હતી, ત્યારથી તેના મનમાં તાલાવેલી લાગી રહી હતી. મહારાજાધિરાજ કેસરીસિંહની વાનપ્રસ્થાવસ્થાની તેને ભીતિ મટી ગઈ હતી એટલે દુર્ગુણ ઉપર સુગુણનો અભિષેક કરાવનારું આ કારાગૃહ પણ તેને કોમળ વિચાર નહોતું થવા દેતું. રાત્રીદિવસ તેને અજંપો રહેતો હતો. લગભગ ત્રીસ દિવસ સુધી તેણે સંયમ સેવ્યો. પણ જ્યારે તેને ખાત્રી થઈ કે બીજા દિવસનું વ્હાણું વાતાં આ લાવણ્યમૂર્તિ ખંડિત થઈ જશે, વેધાની અપૂર્વ વાનગીનો વધ થઈ જશે અને દોષમય છતાં મનોરંજક પાંચાલિકા ભસ્મ થઈ જશે ત્યારે હરેક પ્રકારે તેનુ સંરક્ષણ કરવાનો તેણે નિશ્ચય કર્યો; અને પછી દુઃખની મારી ઉપકારબુદ્ધિથી તે પોતાની થઈ રહેશે, એવો વિશ્વાસ આણ્યો. આ વિશ્વાસથી અત્યારે–મધ્યરાત્રીએ–કેદીને સાચવનાર પોતાનો ધર્મ ભુલી કેદીને છાનેછાને હરી જવા–ચોરી જવા–કુલીના ઓરડામાં પેઠો. પણ ત્યાંતો રડતી–કકળતી–ભયભીત થતી–વાળ ખેંચતી–છાતી કુટતી કુલીને જોવાના બદલામાં તેણે તો તેને કોઈ પુરુષના બાહુમધ્યે વળગતી દીઠી. ઈર્ષ્યાનો માર્યો કારાધ્યક્ષ સપત્ન દૂર કરવાની મનોવૃત્તિથી પણ સ્વધર્મ અને ઉપકાર દર્શાવવાની બુદ્ધિથી વગર વિચારે–વગર તપાસે નિર્દોષ આદમી ઉપર એકાએક તુટી પડ્યો.

અને જેવો તે તુટી પડ્યો તેવોજ પેલો રાત્રીચર ગરબડી પડ્યો અને તેની સાથે કુલી પણ ગરી પડી.

કામથી કલુષિત અને ધર્મથી પતિત થએલો કારાધ્યક્ષ સર્વ ક્ષાત્રધર્મ ચુક્યો અને મૂર્છિત પડેલી વનિતાની આશ્વાસના કરવાના બદલામાં એક વસ્ત્રમાં છુપાઈ રહેલા તેના પરાધિન અવયવોને નીહાળતો નીહાળતો તેના અધર, તેનુ કપાળ તથા તેના કપોલ ઉપર કર ફેરવતો ફેરવતો, તેને આશ્લેષ દેવા મથતો મથતો, ચૌરવત્–કાકવત્ ચારે પાસ જોતો જોતો, નિદ્રામાં સુતેલા સિંહ જેવા પેલા મનુષ્યના શબવત્ પડેલા દેહથી ડરતો ડરતો–જાણે કુલીના લાવણ્યરસમાં તરતો હોય, જાણે તેનાં નયનબાણ ઉપર ચ'ડી ઉડતો હોય, જાણે કમળના વનમાં રમતો હોય, એમ ભય અને શોચ છતાં આનંદની લહરીમાં તણાવા લાગ્યો. વગર શ્રમે ચિંતામણિ લાધ્યાનું સુખ અનુભવતો તે તો તેણીને પોતાને ઘેર લેઈ જવા, કેડ કસી, બાંહ્ય ચ'ડાવી, સ્વસ્થ થઇ, તે મૂર્છિત સ્ત્રીને ઉચકી જેવો આંગણા બહાર જાય છે તેવોજ તેના ઉપર પણ કોઈએ એવો ઘા કર્યો કે તે પણ પછડાઈને હેઠે પડ્યો. શબ્દ ઉચ્ચારવાની કે પાણી પીવાની–અરે, શ્વાસ લેવાની પણ ઈંચ્છા રાખ્યા વગર તેનો જીવ પરસ્ત્રીના સ્પર્શથી દૂષિત થયેલા ખોળીઆમાંથી નાસી ગયો. પણ ધરા સાથે પછડાયાથી કુલી તો જાગ્રત થઈ, અને જાગ્રત થઈ તેવીજ બીજી સ્પૃહા રાખ્યા વિના–બીજો વિચાર કર્યા વિના–શું થયું ને શું થાય છે તે જોવા રહ્યા વિના–પોતાની ઓરડીમાં પેસી ગઈ અને પેલા પડેલા મનુષ્યના સામે રત્નના પ્રકાશથી જોવા લાગી, ડુસકાં ભરવા લાગી. શોકથી મેઘ જેવી બનેલી શ્યામાએ પડેલા મનુષ્ય રૂપી સમુદ્ર ઉપર અશ્રુ રૂપી મોતીનો વર્ષાદ વર્ષાવ્યો;—પણ તે થોડી વારજ. કારણ થોડીજ વારમાં મેઘ ઘટાને વિખેરી નાખનાર પવન રૂપી પેલો કારાધ્યક્ષનો હણનાર સામો આવી ગ્રામ્ય ચિહ્ન કરતો અને પ્રેમ બતાવતો કંઈ ઓરજ બોલવા લાગ્યો. "અલિ મીઠડી," તેણે કહ્યું, "તે દિવસે વનમાં રખડતી હતી ત્યારે મેં તને સાચવી મ્હારી કરી ત્યાંથી તું નીકળી ગઈ તે આટલા માટે? તને એ શું સૂઝ્યું? પણ હશે. જે થયું તે થયું. હવે ચાલ–મ્હારી સાથે." શિકાર સામી તાકી રહેનારી સિંહણના જેવી કારમી આંખો કરીને બોલ્યાચાલ્યા વિના આ ચંડી તો તેના સામે જોઈજ રહી. તેથી ઉત્તેજન માની તે બોલ્યો "કુલી, રાજાનુ આખુ દળ ચ'ડી આવશે તોએ ત્હારું રક્ષણ હું એકલો

કરીશ. આ કેદખાનાની બાહેર મેં સાંઢણી બાંધી છે. હજુ રાત છે. ચાલ, કુલી, ચાલ–ઉઠ, વ્હાણું વાતા પહેલાં તો આપણે સો ગાઉ નીકળી જઇશું. અને ત્યાં તો આપણું કોઈ નામ લેનાર નથી. જો, આ ત્હારા દુઃખનો અંત આવ્યો છે. માટે ચાલ—ઉઠ, વ્હેલી થા. નહી આવવા દેઉ ઉંની આંચ. કુલી—ઉઠ." એટલુ કહી વેગમાં ને વેગમાં તેણે તેનો હાથ ઝાલ્યો; પણ તરછોડી નાંખી કુલી બોલી "અધમ, જારબુદ્ધિથી મ્હારું રક્ષણ કરવાની ઈચ્છા રાખનાર! જા જા, અહીંથી લેઈ જા ત્હારુ કાળું મ્હોં. તું શું મ્હારું ભલું કરનાર છે. ઉઠ અહીંથી." પણ આ બોલને ન ગણકારી આ કામીજન બોલ્યો "કુલી, જો ત્હારા આ બે વ્હાલાઓનાં મડદાં પડ્યાં. કાલે ત્હારે મરવાનુ છે. આ બેને પણ તેં માર્યાં એમ ઠરશે, ધકધકતા અંગારામાં ત્હારી રખ્યા થશે. ત્હારો સાદ પણ કોઈ સાંભળનાર નથી. એક આંસુ પણ ત્હારે કાજે કોઈ પાડનાર નથી. ડાકેણ કે શાકેણ જાણી તને દેખી લોકો પુઠ ફેરવશે–છોકરાંની આંખો મીચાવશે. રાજપુત્રીનુ હરણ કરાવ્યું, ધણીને તજ્યો, આ બે માણસના પ્રાણ લીધા એવા એવા મહાન અપવાદથી જગત્‌માં ત્હારા નામ ઉપર પણ ફીટકાર થશે. ત્હારુ જીવ્યું અફળ થશે. રાજકુમારીનો પત્તો લાગ્યો નથી તેથી આખુ રાજ્ય ત્હારા ઉપર ક્રોધે ભરાયું છે; તારૂં કોઈ સાંભળનાર નથી. તે દિવસથી મારી સાથે રહી હોત તો આ વેળા ન આવત. તારે માટે હું લૂણહરામ થયો, તેમ છતાં તેં મારી સાથે હરામી કરી.–મને હાથતાળી આપી–છેહ દઈ–નાશી ગઈ છતાં તારી સહાય કરવા અત્યારે મારેજ આવવું પડ્યું છે. બહુ બહુ અથડાયો ત્યારે આજે તું લાધી છે. ફરી આવો વખત નહી આવે. જગત્‌ની ગાળ ખાઈ હડકાયલી કુતરીને મોંતે મરી જવું તે કરતાં એ જગત્‌ને હંફાવનાર મારા જેવા શૂરજન સાથે સંસારના લ્હાવા લેવા સારા છે. માટે માન—ઘેલી—માન. એક વાર માન–કહુ તે સાંભળ. જો તું મને એક વેળા ત્હારો સંગી કરે–એક વેળા મ્હારા ઉપર હસે–એક વેળા મ્હારું કહ્યું માને તો આ સરવે અવળું તે સવળું થઇ જાય. વનમાં પડી રહેનારો કજાત ભીલ મને ન જાણીશ. હું પણ રાજબીજ છું. રાજ્યના ભારે ભારે વૈભવ તે પણ મ્હારે સંગે તને મળશે. વળી તું જવાન છું. આજથી, અરે! અત્યારથી આ સુંદર દેહ દેવતામાં બળશે તેનો તું વિચાર કર. હજુ તો સંસારમાં ભારે ભારે સુખ ત્હારે માટે સરજેલાં

છે. તું રાજાની રાણીથી પણ વધારે સુખ ભોગવીશ. હજુ તેં વૈભવ જોયાએ નથી. હજુ તેનો સવાદ તો ચાખ્ય. અરે, આવાં આવાં સુખમાંથી મરી જવું તે કેમ ગમતું હશે. કુલી, માન–મણિપુર એજ આખું જગત્ નથી. મણિપુરથી પણ વધારે રૂડાં નગરમાં આપણે વસીશું. હું ત્હારા પગ ડાબીશ–ત્હારી સેવા કરીશ–તને પરમેશ્વરની પેઠે પૂજીશ–ભાતભાતનાં ખાણાં ખવડાવીશ–નવ રંગ લુગડાં પ્હેરાવીશ અને મોંઘાં ઘરેણાં ઘાલીશ. માટે માન–હજુ વખત છે. થોડીવારમાં વ્હાણું વાશે. જમથી ભુંડા સૈનિકો તને સળગતી ચિતામાં નાખી દેશે તે કરતાં સવાર પેહેલાં મશરુની તળાઇઓમાં સુઈ જવું તને કેમ નથી ગોઠતું! ઉઠ, મીઠી, ઉઠ." એટલું કહી તે ફરી તેને ઝાલવા જતો હતો એટલે મહા ક્રોધથી કુલી બોલી "અલ્યા પતિત! ત્હારા સ્પર્ષ કરતાં મને સળગતી ચિતા પણ સારી છે. શું કરવો છે મ્હારે આ સંસાર જ્યારે મ્હારે પતિનુ સુખ ન આવ્યું? શું છે મ્હારે આબરૂની દરકાર જ્યારે હું જાતેજ હતી ન હતી થઇ ગઈ? ત્હારુ કહેલું સુખ તો મ્હારે દુઃખરૂપજ છે. માટે તું જા–મ્હારે ત્હારી સહાય નથી જોયતી. આ જગત્ જોવાની જે થોડી ઘડીઓ મ્હારા નસીબમાં લખી છે તેટલીમાં મને પતિ અને પરમેશ્વરમાં મ્હારુ મન જોડવા દે કે આવતે અવતાર ત્હારા જેવા નષ્ટ જનનાં વદન ન જોવાં પડે." જરા ચ્હીડાઈને પેલો સૈનિક બોલ્યો "કુલી, મ્હારા જેવા નહી મળે. કેસરીસિંહનો હુકમ તોડનાર બીજો કોઈ મળ્યો નથી;–તે હુ. શીદ આવો અવસર ચુકછ?" શીળી સ્ત્રીએ વિક્રાળ રૂપ ધર્યું અને કહ્યું, "દુષ્ટ! તું તો શું! પણ ઇંદ્ર, બ્રહ્મા કે સાક્ષાત્ વિષ્ણુ આવે તોપણ પતિમાંજ પરોવાયલી હું–તે મ્હારે કંઇ કામના નથી. વળી મૂર્ખ! જો મૃત્યુ તો આવું છે. જોતાં જોતાંમાં જીવ જતો રહે છે. મને મૂર્છિત પડેલીને હરી જનાર આ કારાધ્યક્ષ ક્યારે જાણતો હતો કે એકજ તરવારથી તું એને પુરો કરીશ? અને ઘડી પછી ત્હારું એ શું થશે તે કોણ જાણે છે! માટે જા. આ દૂષિત સ્થાનમાંથી જા ત્હારે ઘેર. જાણીને સિંહની બોડમાં કોણ પેસે? અને વિષય! એતો ક્ષણિક છે. દશે ઇંદ્રિયોના વિષય કરતાં અંતઃઇંદ્રિયની શાંતિનુ સુખ તેં અનુભવ્યું નથી. માટેજ તને ખરશ્વાનના ચારામાં ઇચ્છા થાયછે. મને ત્હારી દયા આવેછે. માટે કહુંછું, જા વ્હેલો." બહુ બહુ ટાયલુ ન સહન થવાથી સૈનિકને રીસ ચ્હડી. "રાત થોડીને વેશ ઘણા" એવા વિચારથી તેને ત્વરા વધી.

તેથી "ઉઠને હવે-ત્યારના ઘાસ કાપીએ છીએ કે?" એવું બોલી જેવો તે બિચારી અબળા ઉપર તુટી પડતો હતો તેવીજ, પાસે સુતેલા પુરુષના પડખામાંથી કટારી કહાડી, કુલી તેના સામે થઈ ગઈ. ચકિત થઇ ગએલો સૈનિક પાછો પડી ગયો, સ્તબ્ધ થઇ ગયો. કુલીએ કચ્છોટ વાળ્યો, કામુકને તેનો ભાર વધ્યો. કુટડી અને શૂરી સ્ત્રીમાં તેનો મોહ નિરંકુશ પ્રવર્ત્યો. તેથી "લે માર—મરવું પણ ત્હારે હાથે રુડું છે." એમ કહી તે તેને પગે પડ્યો. કુલી ખસી ગઇ, પણ પાદારવિંદને પકડી રાખી નીચું મ્હોં ઘાલી તે રડતો જાય, ને અનુનય કરતો જાય. કુલીથી ન ચલાય કે ન મરાય. પગ પકડાયલો એટલે પોતાથી ખસાય નહી અને પતિતને મરાય નહી તેથી તેણે તેને ખસેડવા માત્ર જીભવતેજ બાણ માર્યાં, પણ કુલીની જીભનાં બાણુ તો કુલ થઈનેજ પડ્યાં તેથી આ સૈનિક એમનો એમ ઠરી રહ્યો; થોડી વારમાં પાસે પડેલા પુરુષનો દેહ જરા હાલ્યો તે જોતાંજ કુલી ચમકી, તેને બળ આવ્યું. તેથી જોરથી આચકો મારી પોતાનો પગ ખેંચી તેતો તે પડેલા દેહ પાસે ગઈ. સૈનિક બળાત્કાર કરવા ગયો, અને ન રહેવાયાથી કુલી તેના ઉપર ઘા કરવાને તેના સામી ધાઈ. તેજ સમયે માણસોના પગના પડઘા સંભળાયા. સૈનિક નાઠો—કુલી વેગમાં ને વેગમાં પાછળ ધાઈ. સૈનિક અદૃષ્ટ થયો અને ઉઘાડી તરવારે કુલી ઓરડીના દ્વાર આગળ ફટારેલે ડોળે અને છુટે કેશે ઉભી રહી. દરવાજો ઉઘાડી અંદર આવેલાં મનુષ્યો તેને જોઈને ચમક્યાં-પાછાં હઠ્યાં.

આ વેળા તેનાં નયનની રક્તતા તેના ઉપર પડેલા રક્તના છાંટાથી જરા પણુ ઓછી ન હતી. તેની ચક્ષુઓનું સર્વ તેજ તેના કપાળ ઉપર ચ'ડી આવ્યું હતું. તેના દેહની અંદરનુ રક્ત તેની રગેરગોમાં તસી આવ્યું હતું. દાડિમના કણુ જેવા તેના દાંત હાથીદાંતથી પણુ વધારે કઠિણ થઈ કચકચતા હતા. તેનો કોમળ નવપલ્લવ જેવો ઓઠ સર્પની ફણાની પેઠે ક્ષણે ક્ષણે ફરકતો હતો અને તેના દેહનો રોમાઞ્ચ શરનાં પિચ્છ જેવો દેખાતો હતો. તેથીજ કેટલાએક તો હરબડી ગયા અને માંહોમાંહ્ય પેસવા લાગ્યા અને કેટલાએક તો દીઠલી વાત કલ્પનાથી વધારી પ્રધાનને કેહેવા દોડી ગયા—બાકીનાએ દરવાજા ભડોભડ બંધ કરી તાળાં વાશી બારણેથીજ ઉઘાડી તરવારે પેરો ભરવા માંડ્યો.

શૂન્ય હૃદયથી ઉભી રહેલીનો કાળ કેટલીએક વારે ઉતર્યો ત્યારે

તેને પોતાનુ ભાન થતાં તે તુરત ઓરડીની અંદર ગઈ, અને શબવત્ પડેલા પતિનુ મસ્તક પોતાના અંકમાં લેઈ આળપંપાળ બોલવા લાગી તથા તેને અંગોઅંગ હાથ ફેરવવા લાગી. "હે નાથ," "હે પતિ" એવા એવા આર્ત્ત સ્વર નાખતી કારાગૃહમાં પણ, પતિ વિના વલવલતી વૈદર્ભીની અવસ્થા ભોગવતી કુલીની છાતી ફાટી જવા લાગી. તેનું ધૈર્ય જતું રહ્યું, વિરાગવૃત્તિ મંદ પડી, ચિત્તશાંતિ સુકાઈ ગઈ. ચારે દિશાએ તેને ભયંકરતા ભાસી. ઉપર આકાશ અને તળે ધરતી શિવાય તેને કંઈ પોતાનું જણાયું નહી. લાડ લડાવનારી વસંતબા સાંભરી. તેના દુઃખનું ભાન થઈ આવ્યું. રાજમાતાનું દીન વદન નયન સામે જણાવા લાગ્યું. પતિની–પ્રાણેશ્વરની મૃતવત્ છબી પ્રત્યક્ષજ દીઠી તેથી તેણીએ મોટે સાદે મોકળું મુક્યું. રુદનથી પણ તેની વેદના ઓછી ન થઈ ત્યારે ઘેલી બનેલી આ સ્ત્રીએ છાતી તુટી ત્યાં સુધી તેને કુટી. તદપિ શાન્તિ વળે નહી, છેવટ કૃપાળુ હૃદયની કોમલાઙ્ગીએ પોતાની જાતનેજ કુલઉચ્છેદિની માની. મૂળ નક્ષત્રમાં અવતરેલી કાયાએ જયાં ત્યાં નિર્મૂળ કરી નાંખ્યું એમ તેને ભાસ્યું. સંસર્ગમાત્રથી ભસ્મ કરનારી નીચ ગતિના અંગારકની અંગારિકાનો સત્વર વિનાશ તેજ તેને શ્રેયસ્કર મનાયો; તેથી જે અસિએ દુશ્મનનાં ગળાંને ભેટી પોતાના પતિને કીર્ત્તિ રુપી પ્રિયા આપી પોતાને માથે શોક ઉભી કરી હતી તેજ અસિ ઉપર પ્રેમભાવ આણી, તેને પોતાને ગળે વળગાડવા ઇચ્છા ધરી. પણ તેમ કરતાં પેહેલાં પ્રાણેશ્વરને ચુંબન કરવાનેજ હોય એમ પેલા પુરુષના ગાલ આગળ તે નીચી નમી. પણ શું નીચી નમે? જોતા જોતામાંજ ચાર સૈનિકો તેના ઉપર તુટી પડ્યા–તેને બાંધવા લાગ્યા; અને આ બિચારી તો "**श्येनावपातचकितावनवर्तिकेव**" ચેષ્ટા કરવા લાગી. "ત્રાહિ ત્રાહિ" "પ્રાણનાથ, ત્રાહિ" એવા ઉચ્ચાર કરતી સ્ત્રીના ઉપર નિર્દયતાની પરાકાષ્ટા આવી રહે એમ જેરબંધ માર પડવા માંડ્યો. છતાંએ ધૈર્યનો ફાંકો રાખનાર રાજયનો પ્રધાન ન ધરાયો તેથી "મારો મારો, બાંધો." એમ બોલતો આત્મજને તેલની કઢામાં તળતા હિરણ્યકશ્યપુ જેવો ક્રૂરાતિક્રૂર બની રહ્યો. એક માસનો વાયદો વીતી ગયો. આજે સૂર્યાસ્ત થતાં મહારાજા તથા મહારાણી સંસારત્યાગ કરશે. રાજ્યધર નિરાધાર થશે. હજુ વસંતનો પત્તો લાગ્યો નહી. પોતાના કાર્યભારનું અભિમાન મુકવાનો સમય હાથવેંતમાં આવ્યો. આજે તો તેને ન ગમ્યું જીવવું કે ન ગમ્યું મરવું. તેથી મહા

કરાળ અને પ્રચંડ બનેલા ઘેલા પ્રધાનને સ્ત્રીના સ્ત્રીત્વનો પણ વિચાર ન રહ્યો.

અભિમાન કેવા અનર્થ કરાવે છે ? સારું કરવાનુ પણ અભિમાન અંતે કેવું નુકશાનકારક થઈ પડે છે ? નિયમમાં રહેલા અભિમાનથી બહુ વખત મહાન લાભ થાય છે. દેશના અભિમાનથી આખાં રાજ્યતંત્ર ચાલે છે. ગૃહના અભિમાનથી રાજ્યતંત્ર કરતાં પણ અધિકતર વિકટ સંસારતંત્ર ચાલે છે. જાતના અભિમાનથી પરોપકૃતિ રુપી પ્રશસ્ત સદ્‌ગુણનો ઉદ્ભવ છે. તદપિ નિરભિમાન પ્રયાસની ખુબી તો અલૌકિકજ છે. આ સંસારમાં જે જન્મે છે તેનો નાશ થાય છે. તો પછી કોઈ પણ નામરૂપનુ અભિમાન ધારણ કરવાથી તેના નાશ સમયે અતિશય સંકટ થાય છે. ભલે સંસારમાં પ્રવૃત્ત રેહેનારા નીતિજ્ઞ સજ્જનો અભિમાનને અનેક સદ્‌ગુણનાં નામ આપી તેની ભિન્ન ભિન્ન રૂપે પ્રશંસા કરે, અને સંસારની ઘટનામાં તેની આવશ્યકતાના સ્તુતિપાઠ ઉચ્ચારે—પણ એટલો તો સિદ્ધાન્ત નિર્વિવાદ જણાય છે કે દુઃખનાં અનેક કારણોમાંનુ અભિમાન પણ એક છે. વળી અભિમાનથી અનર્થ પણ કેટલા થાય છે ? ધર્મના અભિમાનથી સગા ભાઈઓમાં પણ કેટલા ટંટા થયા ? પાસે પાસેના કેટલા મિત્ર—રાજાઓ વઢી મુંવા ? મુસલમાન અને ક્રીશ્ચિયન તથા મુસલમાન અને હિંદુ લોકો વચ્ચે ધર્માભિમાનથી કેટલાં અને કેવાં દારૂણ યુદ્ધ થયાં ? એકંદર સંસારની અભિવૃદ્ધિને કેટલું નુકશાન થયું ? એજ પ્રમાણે બીજાં અભિમાનને માટે પણ વધતું ઓછું કહી શકાશે. જુવોને "મ્હારા કાર્યભારમાં બધુ બરાબર ચાલે" એવા અભિમાનથી આ પ્રધાને પ્રથમ તો બરાબર કામ ચલાવ્યું. અને થોડીવાર તો ઉજળું એટલું દૂધ દેખાયું—પણ જરા તે અભિમાનનુ ખંડન થયું એટલે સર્વ વાતનો કેવો વિપર્યય ? ક્યાં ગયો તેનો વિવેક, ક્યાં ગયું તેનુ ધૈર્ય, ક્યાં ગઈ તેની નિરીક્ષણશક્તિ, ક્યાં ગઈ તેની ન્યાયબુદ્ધિ ? ક્રોધના તામસથી અંતર્બાહ્ય અંધ બની તેણે ન કરી કાંઇ તજવીજ કે ન આણી અબળાની દયા. જાતે પંડિત છતાં ખંડિત અભિમાનથી ખંડિત થએલા હૃદયમાં દયા નજ રહી શકે. એ બિચારાને વિચાર પણ ન થયો કે "મારૂં મારૂં" કરતાં તે જે રાજ્યતંત્ર માટે કુટી મરતો તેમાં તેનુ કશુંએ નહોતું; "મેં કર્યું, મેં કર્યું" કહી તે ફુલાતો હતો તેમાં તેણે કશુંએ નહોતું કર્યું. ઉલટ સુલટ અનેક કારણોની વિચિત્ર ગુંથણીથી થતાં આ ભવનાં અનેક કૃત્યોમાં તે વધારેયે

શું કરવાનો હતો ને ઓછુંએ શું કરવાનો હતો? પણ "મને મોંઘો અને આપે લાડબાયો" થઈ જે થયું તે પોતાના પરાક્રમથી થયાનુ માની લીધુ. તેનુ ફળ અત્યારે અકર્તવ્ય કરવું પડે છે તેજ છે. અભિમાન વિના યુદ્ધ કર્યું હત તો જે રાજ્ય લેવાને અજાતશત્રુ યુધિષ્ઠિરે ભાંડુઓનો નાશ કર્યો તેજ રાજ્યનો ત્યાગ તેમને કરવો પડત? સર્વથા, નિરભિમાન યુદ્ધ કરવા પરમાત્મા શ્રીકૃષ્ણે સમરાઙ્ગણમાં ઇષ્ટ મિત્ર અર્જુનને યથાર્થ દર્શન કરાવી તત્વનુ રહસ્ય બતાવ્યું તે સકાલે અને સ્થાને હતું. અભિમાન વિના રાજ્ય કર્યું ત્યારે જનકને કે પ્રિયવર્ત્તને રાજ્ય છોડવા વખતજ ન આવી, અને બન્નેએ પોતાનો આલોક તથા પરલોક સુધાર્યો. અરે, આ મણિપુરના નૃપતિને અભિમાન ન હત તો શીદ રાજ્યનો ત્યાગ કરવાના વિચાર થાત? અને પ્રધાનને શીદ પોતાની આત્મજાના અપહરણ કરતાં પણ વિશેષ કષ્ટ ભોગવવું પડત? સર્વથા, અભિમાન વર્જ્યજ છે. આવા દુઃખરૂપ અભિમાનનો ત્યાગ કરવો નથી; પદાર્થમાત્રમાં મમતા રાખવી છે. તે પદાર્થ અનુકૂળ રહે ત્યાં સુધી તેનાં ગુણગાન કરવાં છે, તેના ઉપર ગાઢ પ્રેમ કરવો છે; તેનું લાલનપાલન કરવું છે; પણ તેજ પદાર્થ પ્રતિકૂળ બનતાં તેને ત્યજવો છે; ન ત્યજાય તો તેની રીસ આગળ પાછળનાં નિર્દોષ પ્રાણી ઉપર કહાડવી છે, અને ભગ્ન પુત્તલીને માટે બાલકની પેઠે આક્રંદ કરવું છે—આને બાલિશતા શિવાય બીજું શું કહેવાય? ખરેખર! પ્રૌઢ વયમાં પણ બાળકના ગુણ નિર્મૂળ નથી થતા, પણ સમય આવ્યે સંવર્દ્ધિત થાય છે. "Child is the father of the man" એ મહાવાક્ય સપ્રમાણ છે.

આ અભિમાનનો માર્યો પ્રધાન ધુંવાપુંવા કરતો જે જે આજ્ઞાઓ કરે તેનુએ તેને ભાન ન રહે. તેથી તેને જરા ધીમો પાડીને ગંભીર ન્યાયાધીશે ફુલીને પકડી રાખનારને વેગળા રાખ્યા અને તેને પુછવા માંડ્યું "ફુલમાળા! આ શું? આ ખુન કોણે કર્યાં?" હાથ જોડી ફુલી: "મહારાજ, આ મ્હારા પ્રાણનાથની હત્યા તો"—એટલું બોલતાં તે રડી પડી અને "ત્હારો પ્રાણનાથ!" એવા શબ્દ સર્વ સાંભળનાર બોલી ગયા. અંતકાળે ધીરજ ધરી ફુલી બોલી "હા, એ મ્હારા પ્રાણનાથ. ને તેમનુ ખુન પેલા તમારા રાજ્યના કારાધ્યક્ષે કર્યું, અને તેનુ ખુન તમારા રાજ્યનો કોઈ ખુટી ગએલો સૈનિક હતો તેણે કર્યું, અને તે આ મ્હારા નાથની મ્હારા હાથમાં રૂમતી તરવારથી

ડરીને નાશી ગયો." ન્યાયાધીશે ડોકું ધૂણાવ્યું. મુઝાઈ-દબાઈ રહેલો પ્રધાન બોલ્યો "રાંડ, પિશાચણ! મરવાને છ ઘડી પેહેલાં તો સાચું બોલ. ત્હારું કાળું થાય, ડાકેણ, રાજપુત્રીને ગુમ કરી આ બે ખુન કર્યાં ને હજુ સતી થાછ! અહીં કોણ આવે ખુન કરવા?" ભવાં ચ'ડાવી કુલીઃ "મ્હારા મકાનમાં ખુન થયાં તેથી મ્હેંજ કર્યાં એમ આપ માનો છો, અને એમ માની ગ્રામ્ય શબ્દો બોલો છો તો ભલે, પણ વિચાર તો કરો કે મ્હેં મ્હારા પતિને, મ્હારા સૌભાગ્યના તારાને તો નથી હણ્યો?" "અરે રાંડ, કોણ ત્હારો પતિ? અહીં ક્યાંથી ત્હારો પતિ? મારો અલ્યા એને-બાંધો એને-હજુ માનતી નથી-બોલ, ક્યાં ગઈ વસંતબા?" કુલીઃ "જે કરવું હોય તે કરો-દેહના ધર્મ દેહ ભોગવે છે. દેહજીવનો સંબંધ છે ત્યાં સુધી તમારી સત્તા છે. બાકી વસંતબા ક્યાં છે તે હુ જાણતી નથી-તે નિર્દોષ છે તે હુ જાણું છું." ન્યાયાધીશઃ-"કુલી! પણ આ ત્હારો પતિજ છે? અને હોય તો તે અહીં ક્યાંથી?" "હા મહારાજ! આપ જેમ આપની ધર્મપત્નિના પતિ છો તેમ એ મ્હારા પતિ છે. અને તેમની આ ઘડીમાં આ અબળા ઉપર આમ ત્રાસ વર્ત્તાવવો"-એટલું બોલતાં આંખમાં ઝળઝળીઆં આવતાં કુલી, બોલ્યા ચાલ્યા વિના પતિ સામે જોઈ રહી.

અને તેનો પતિ! તે કંઇ મરેલો નહોતો. દુષ્ટ કારાધ્યક્ષના પ્રહારથી તેને બ્હેરાટ મારી ગયો હતો. તે મૂર્છિત થઈને પડ્યો હતો પણ તેનુ ભાન ગયું નહોતું. તેના હાથ પગની શક્તિઓ નાશી ગઈ હતી પણ તેની ઇંદ્રિયોના દેવતા ઉઠી ગયા નહોતા. તેનાથી કંઇ કર્મ થઈ શકતુ નહોતું પણ શું કર્મ થાયછે તે તેને સહજસાજ સમજાતું હતું, એટલે તે બાણશય્યા કે વજ્રશય્યા કરતાં પણ વિશેષ દુઃખ ભોગવતો હતો. મનુષ્ય રૂપે આવેલાં આ વરૂઓ પોતાની પ્રિયાને આમ પજવે અને પોતાથી કંઈ થાય નહી-અરે! પોતાનુ ખુન કરનાર તેણીને માને, અને પોતાથી તે વિરૂદ્ધ સાક્ષી અપાય નહી-ડોકું ધુણાવાય નહી એ તેની સહનશક્તિને પણ અસહ્ય હતું. કોઈ કોઈ વેળા મહા કષ્ટે તેની છાતી ધબકી જાય, તેનો હોઠ ફરકી જાય, તેની આંગળી હાલી જાય, કે તેનો દેહ કંપી જાય પણ તે દેખે કોણ? તેથી પ્રધાનઃ-"ત્હારો પતિ હતો ત્યારે તેના પ્રાણ કેમ લીધા?" "મહારાજા કેસરીસિંહના પ્રધાન થઈ આમ મિથ્યાપવાદ મુકશો તે કયે અવતાર ભોગવશો? પણ જો મ્હેં, તમે કહો છો એમ કર્યું હોય તોએ તે મ્હારી મતા છે; તેમાં તમારું શું

લાગે છે? મ્હારે હવે તમારી સ્પૃહા નથી. અથવા તમારા જેવા સાથે મ્હારે ભાષણ પણ અયોગ્ય છે." એમ કહી કુલી તો પતિ સામે જોઈ રહી. "હેં, હેં, હેં. શા ચાળા? બાંધો અલ્યા એને ને મારો એના પતિને—મરેલો છતાંયે મારો એને." એવા પ્રધાનના શબ્દ સાંભળતાંજ ના કેહેનારા ન્યાયાધીશને ન ગણકારી પાંચ સાત સૈનિકો તુટી પડ્યા. પણ કંઈ લોબ આવવાથી કુલી પેલા ચાર જણના હાથમાંથી વચકળી ગઈ અને તલવાર લેઈ પતિને પડખે ઉભી રહી વિકાળ સ્વરૂપ ધરી બોલી, "ચાણ્ડાલ અધર્મીઓ! એક દીપ ઓલાયા પછી અંધારૂં ઘોર; ચંદ્ર ગયા પછી અમાવાસ્યા! કેસરીસિંહ મહારાજના વનવાસ જવાના સમયમાંજ તમે આવા દુષ્ટો થઈ ગયા? કારાધ્યક્ષ વ્યભિચારી અને ખુની; પ્રધાન સાક્ષાત્ રાક્ષસ; અને આ ન્યાયનો અધિપતિ બલહીન—અધિકારહીન! તમે સર્વે વરૂઓ! પણ આવો, તમે બધાઓ આવો. જો માના જણેલા હો તો આવો; ને આ હાથમાં તલવાર છે અથવા આ ખોળીઆમાં જીવ છે ત્યાં સુધી, હો મરદ તો અડકો આ પ્રાણેશ્વરના દેહને, કરો એ મૃત દેહનો પણ વાંકો વાળ!" તાકી રહેલી સિંહણની ફટારેલી આંખ તથા મેઘ જેવી ગર્જનાથી દુષ્ટ કૃતિ કરવા તત્પર થએલા આ સૈનિકો થંભી ગયા—પાછા હઠ્યા. પ્રધાન ગભરાયો પણ ન્યાયાધીશને ખુમારી આવી તેથી એકદમ સર્વને અશસ્ત્ર કરી પ્રધાનને ઠપકો દેઈ કુલીને પકડનારાને પણ પાછા બોલાવી તેણે તેણીને કહ્યું "કુલમાલા! આ શું કહે છે? ઘડી પછી મરવાનું છે તોયે હજુ વિરામતી નથી? કુલકન્યકા થઈને ફરતી હતી તે તુંજ આમ આજે આ હથીઆરથી આ શું કરવા બેઠી છે?" ઝટ હથી-આરને ફેંકી દેઈ ન્યાયાધીશને પગે પડી રડતી રડતી કુલી બોલી "કૃપાનાથ! મ્હેં અપરાધ કર્યો. પણ આ મરેલાને પણ મારવાના અનાર્ય કર્મનો જ્યારે આરંભ થયો ત્યારે પતિના પુનિત દેહનુ રક્ષણ કરવાનેજ મેં અનુચિત કર્મનો આરંભ કર્યો. મને ક્ષમા આપો." ન્યાયાધીશ ગંભીર અને અડગ નિશ્ચયવાળો હતો પણ કુલીના આ વેળાના દેખાવથી, તેના શબ્દથી તથા એકંદર તેના હાવભાવથી તેનુ મન પિગળ્યું તેથી તે બોલ્યો "પ્રધાનજી, આપ શાન્ત થાવો, અને તપાસો કે એનો પતિ કેહેછે તે કોણ છે, તેને ક્યાં વાગ્યું છે. અને પછી જે કરવું હોય તે ન્યાયને રસ્તે કરો. જહાંગીરી ચલાવવાની આપણા રાજ્યમાં મના છે. મ્હારે ઈનસાફ કરવો તેથી કુલીના અને રાજ્યના હિત માટે

મ્હારાથી અત્યારે એ તપાસમાં મન ઘલાય નહિ. માટે ગાળ, પ્રહાર આદિ અશક્ત અને અભણના ઉપાયોને તિરસ્કારી આ રાજ્યની રીતિ પ્રમાણે તપાસ કરાવો.” પ્રધાન શરમાઈ ગયો, સૈનિકો ગભરાયા, કુલી જોઈ રહી. પણ ન્યાયાધીશ આગળ બોલ્યો “રાજ્યને માટે આપનો મમત, રાજા ઉપર આપની પ્રીતિ તથા રાજપુત્રીને માટે આપના પરિશ્રમ ઉપર નજર રાખી આપના આ ધર્મહીન, પૌરૂષહીન, ન્યાયહીન કર્તવ્યને માટે ક્ષમા આપી શકાશે; પરંતુ હવે સંભાળ રાખજો કે ધર્મ વિરુદ્ધ કર્મ ન થાય.” એટલું બોલી તે તો સરરસટ ચાલ્યો ગયો. કુલીને ભય લાગ્યું. પણ પ્રધાન ગરીબ બની ગયો. ક્રોધથી અને ધમધમાટથી નહી પણ યુક્તિથી અને નમ્રતાથી ખરી વાત ક’ડાવવાનુ તેણે શીરુ કર્યું અને કહ્યું “કુલી, હવે ત્હારે ભય રાખવું નહી. અમે ભૂલ કરી. પણ હવે ત્હારે અને સ્વર્ગને થોડું છેટું છે માટે જરાવાર મ્હારી સાથે વાત કરી લે.” “જો મ્હારે અને સ્વર્ગને થોડુંજ છેટું છે તો તે થોડા કાળમાં આ પ્રાણેશ્વરની સેવા કરી લેવા દો કે સાત અવતાર એને એજ પતિ મને મળે.” એટલું કહી કુલી તો પુનઃ પતિનુ માથું ખોળામાં મુંકી તેમાંજ લીન થવા લાગી. પણ પ્રધાન—વસંતનો અભિલાષી પ્રધાન, ધીરે ધીરે તેની પાસે ગયો. કુલીએ તેની સ્પૃહા રાખી નહી, તેના સામું જોયું નહી. પણ છેક નજીક જઈ તેણીને હલાવી પ્રધાને કહ્યું, “કુલી—કુલી—કેહે, આ ત્હારો પતિ એ વાત નક્કીજ છે?” એટલું કહેતાંજ તેની આંખ કુલીની આંગળીની વીંટી ઉપર પડી. પડતાંજ કંઈ આશ્ચર્ય, કંઈ સ્મૃતિ અને કંઈ ચિકિત્સાથી તેણે ન્યાળીને તેણીના પતિનુ વદન અને મુદ્રિકા જોયાં. “મદનસિંહ! પ્રિય મદનસિંહ! તું અહીં આ અવસ્થામાં? મ્હારા કારભારમાં! ભાઈ, બોલ! અને બ્હેન! સખિ—કુસુમાવલી! તને મ્હેં શું કર્યું! હાય!” એટલું બોલી તે ધરણી ઢળ્યો—મૂર્છિત થયો. ચકિત થયેલી કુસુમાવલી (અને ખરે, તે કુલમાલાને નામે રહેલી વિજયસિંહ મહારાજના પ્રધાન મદનસિંહની પત્ની તથા કેસરીસિંહ મહારાજના ભાયાત મોહનસિંહને નામે બ્હારવટે નીકળેલા માનસિંહની દીકરીજ હતી) પણ સંમૂઢાવસ્થા ભોગવવા લાગી. “ખમાખમા” કરતા સૈનિકો પ્રધાનને તો તેને આવાસે લેઈ ગયા, અને બિચારો મદનસિંહ આ સર્વ અનુભવતો અનુભવતો પ્રતિહત શક્તિથી મૃતવત્ દેખાતો દેખાતો અપૂર્વ અને અનંત વેદના ભોગવવા લાગ્યો. અને તે વેદનામાં પણ ખરી કસોટીએ કસાયલી પોતાની વલ્લભાને માટેજ જીવિતને ઇચ્છવા લાગ્યો.

પ્રકરણ ૩૧ મું.

નિર્દોષ કુસુમાવલી.

રાજયના માનીતા પ્રધાનની આવી અવસ્થાની ગાથા અનેક રૂપે નગરમાં ફેલાઈ. કોઈ કહે, પ્રધાન ઘવાયો, કોઈ કહે, મરાયો, કોઈ કહે, ભુરકાયો, કોઈ કહે, બળથી હરાયો, કોઈ કહે, બુદ્ધિથી છંડાયો—આમ તેના ગૃહઆંગણે એકઠા થએલા જનસમૂહની કિંવદંતી પવનઅશ્વ ઉપર ચઢી ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામતી ન્યાયાધીશના કર્ણદ્વારે હૃદયમાં પ્રવિષ્ટ થઈ. સત્યવાતનો નિર્ણય કરવા તે પ્રધાનને ત્યાં ગયો. ત્યાં તો પ્રધાનની મૂર્છા, વિસ્મૃતિ, આલાપ અને વિલાપના વ્યતિકરમાં સત્યશોધનની આશા તેણે મુકી દીધી. "અહો મિત્ર મદન! તારી આ ગતિ! અહો કુસુમાવલી! પિતાના શસ્ત્રથી તને આ દુઃખ દેવા બચાવી હતી? મારી કુબુદ્ધિથી, દુષ્કૃતિથી તમો બન્નેની આ દશા? અરેરે, હું અંધ, મિત્રહત્યારો અને સ્ત્રીહત્યારો બન્યો!" આવાં આવાં પ્રધાનનાં વચન સાંભળી રહસ્ય ન જાણનાર ન્યાયાધીશે નિર્ણય કર્યો કે રાજયભક્તિથી ઉત્પન્ન થએલા ક્રોધાનલના દુઃસહ તાપથી તેની ડાગળી છટકી ગઈ છે. રાજા ઉદાસી, પ્રધાન ઉન્મત્ત, પ્રજા અરક્ષિત અને ઉત્પાત ભયંકર—આવી ઉત્તમ મણિપુરની અધમ-દશાનો વિચાર કરી સ્વામીભક્ત ન્યાયાધીશે ન્યાયભાર મુકી રાજયધર ઉપાડી, ન્યાયતુલા ત્યજી રાજયદંડ ગ્રહ્યો.

રાજયનો અમલ ચઢતાંજ કશ્મલા કિંવદંતીને અધીન થઈ ન્યાયાધીશે આજ્ઞા આપી કે કારાગૃહમાં પણ ક્રૂર કર્મ કરનારી કુલીને જીવતી ડાકેણ જેવી ગણી, મનુષ્યવધ અને રાજદ્રોહના ગુન્હા માટે વગર વિલંબે જીવતી બાળી નાંખવી. સ્થાનફેર અને સમયફેરને લીધે ધર્મજ્ઞ ન્યાયાધીશે અધર્મ્ય આજ્ઞા કર્યાંના ભાન રહિત અને ઘોર કૃતિ નિવા-રવાના વ્યાપારમાં એકચિત્ત બની સર્વ સ્થળે દુરિતનુ દર્શન કરતા કોટવાળે પ્રસન્નતાથી આજ્ઞા માન્ય કરી. સેવકો સાથે તે કારાગૃહ તરફ ગયો. ત્યાં ભરાયલાં અનેક મનુષ્યોએ જીભથી, હાથથી, પગથી, આંખથી અને હરેક અવયવથી કુલીના ઉપર તિરસ્કારનો વર્ષાદ વર્ષાવવા માંડ્યો હતો. તે તો બિચારી કેવળ શૂન્યહૃદયની થઈ ગઈ

હતી. તેની પાસે ઉભેલા સૈનિકોને તે દેખતી નહોતી, તેમની ગાળો સાંભળતી નહોતી અને તેમના પ્રહારની વેદના અનુભવતી નહોતી. અંતઃકરણના દુઃખ આગળ તેનાં સર્વ બાહ્યકરણ બધીર થઈ ગયાં. પાતાળમાં ઉતરી જવા તત્પર થએલી જગદંબા સીતા જેવી દેખાતી આ સતીને ચન્દ્રે સુધા પાએલુ તેથીજ તે આટલે દુઃખે મરતી નહોતી, સૂર્યે તેને આતપ આપેલો હતો તેથી તેની ચંડતાથી તેના રક્ષપાળ પણ ડરતા હતા. પરંતુ પૃથ્વીએ તેને ધૈર્ય આપ્યું હતું તે ગયું, જળે તેને રસ આપ્યો હતો તે ગયો, વાયુએ તેને ચંચળતા આપી હતી તે ગઈ, તેજે તેને બુદ્ધિપ્રદીપ આપ્યો હતો તે ઝાંખો થયો; તેથી આકાશે આપેલી શૂન્યતા માત્ર તેનામાં રહી હતી. એમ છતાં સૂક્ષ્મદૃષ્ટિથી નિહાળી જોનારને સમજાય કે તેની શૂન્યતામાં પતિસ્નેહ પૂરાયલો હતો. પણ ઘોર તામસમાં અડબડીયાં ખાતા આ સ્થળે ભરાયલા નાગરિકોમાં સૂક્ષ્મદૃષ્ટિ સંભવેજ નહી.

તુરતજ કોટવાળની આજ્ઞાથી તેને અવળે પાંગોઠ બાંધી તેના કપાળમાં મેંશનો ચાંલ્લો કરી, તેના હાથમાં ચુડીને બદલે કાળાં નાડાં પહેરાવી, રાજ્યસૈનિકોએ ઉઘાડી તરવારો વચ્ચે તેને રાખી, મણિપુરની શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ તેને ફેરવવા માંડી તથા ચૌટે ચૌટે અને ચકલે ચકલે ઉભી રાખવા માંડી. આગળ ચાલતા ભંગીઆએ નગારાના નાદ સાથે ઘોષણા કરી કે “દુષ્ટ કર્મના આ હાલ થાય છે. નિમકહરામના આ હાલ થાય છે. ખૂનીના આ હાલ થાય છે.” નગરમાં તો હાહાકાર વર્ત્તી રહ્યો. કુલી ગુન્હેગાર છે એમ સ્ત્રીવર્ગે તો કબુલ ન કર્યું; ન્યાયાધીશ અન્યાયી છે એવું પુરુષવર્ગે કબુલ ન કર્યું. આજના બનાવ ઉપર ઘેર ઘેર વાતો થઈ—પણ તે એક સરખી. અબળાઓએ પોતાની જાતીનુ અને સબળોએ પોતાની જાતીનું ઉપરાણું લીધું. કોઈ સ્થળે અબળાઓ જીતી, કોઈ સ્થળે પુરુષો જીત્યા પરંતુ આ કામ ઉપર તેમના અભિપ્રાયો અને જીતહારથી નિર્મિત આદેશને કંઈ અસર થઈ નહી. વાતો કરનારાં વાતો કરી રહ્યાં, મતભેદ ભુલી ગયાં, પાછાં એક થઈ ગયાં. પણ કુસુમાવલીને ભંગીઆની પાછળ અને સૈનિકોની વચ્ચે ચાલતે ચાલતે પોતાનેજ બાળવાને ખડકેલી ચિતા પાસે સ્મશાનમાં જવું પડ્યું. મૃત થએલા દેહને હોય છે તે પણ તેને ન મળ્યું. ચાર ઉચકનાર અને એક તોરડી ઝાલનાર પણ બિચારીને અલભ્ય હતા. તેનો તેને શોક નહોતો. નીચી દૃષ્ટિથી

ચાલતી હતી તે સ્મશાનમાં ઉભી રહી ત્યારે ચારેપાસ જોવા લાગી.

આ સ્મશાનમાં કાગડા, ગીધ આદિ માંસાહારી જનાવરો ભક્ષણની લાલચે આમતેમ ફરતાં હતાં. ભૂત પ્રેતનુ તે નિવાસસ્થાન મનાતું હતું. બે ત્રણ દિવસનાં બળેલાં શબની રક્ષા ધકધકી રહી હતી. કોઈ કોઈ સ્થળે બળતાં હાડકાંના તડતડાટ થઈ રહ્યા હતા. આગળ પાછળ ઉગેલા બાવળીઆ, કાંટાની વૃષ્ટિ કરી, જડ હૃદયવાળાં મનુષ્યોના પગ કોચી કોચી મૃત્યુની આવશ્યકતા સૂચવતા હતા. મહાન્ પુરુષનુ પણ અંતે આટલુજ રેહે છે એવું સૂચવનાર કાજળી ખરી પડેલા અણુની પેઠે ઉડ્યાં કરતી હતી. તુટી પડેલા દાંત, છુટી પડેલી દંષ્ટ્રા, છુંદાઈ ગએલા હાથ, ખરી પડેલાં આંગળાં, નીકળી ગએલી ખોપરી, ભાગી ગએલા નળા અને મહા વિષથી કઠિણ થઇ ગએલા સર્પનાં ગુંછળાં જેવાં હાડપિંજર છુટે છુટે વેરાઇ જઈ સંસારસુખને ધુળધાણી કરી દેખાડતાં હતાં. મત્સ્ય, મયૂર, મુરઘી ઇત્યાદિનુ ભક્ષણ કરતાં દયા વિનાના મનુષ્યોને પણ અહીંતો જ્ઞાન મળવું જોઈએ કે બિચારાં અવાચક અને અનાથ પ્રાણીની તેઓ જેવી અવસ્થા કરે છે તેવીજ બલકે તેથી વધારે વિષમ અવસ્થા એક કાળે તેમની પણ તેવાંજ અવાચક પ્રાણી કરશે; અને જે દેહને અત્તરના લેપ અને ગુલાબનાં છાંટણાં તથા ચંદનની ચર્ચા અને રેશમનાં વસ્ત્ર હોય છે તે દેહના પણ શત શત કડકા થઈ જશે તથા તેમનાથી પણ વિશેષ ભુખાળવો અગ્નિ તેમને ગળી જશે, ચાવી જશે, ભક્ષી જશે.

બાળેલાં શબની રક્ષાથી મિશ્રિત થએલું વેહેતી નદીનુ પણ સ્મશાનભૂમિનુ જળ કમકમી ઉપજાવતા નીલવર્ણના નર્કકુંડ જેવું દેખાઈ સમજુઓને તો જન્મમરણમાં નર્કયાતનાનુ ભાન કરાવતું હતું. જન્મ પેહેલાં માતાનુ માંસ ભક્ષણ કરી, પછી તેનુ રક્તપાન કરી, તેના યૌવનને છેદવાના કુઠાર બની, અંતે તેની છાતી અને તેના મ્હોં ઉપર—અથવા પિતાના વીર્ય રૂપી મૂળથી પોતાનો સંભવ છતાં, તેની સર્વ મીલકતના વારસ થઈ અંતે તેની છાતી અને તેના વદન ઉપર—દેવતા મુકવામાંજ સંસાર સુધર્યો એવું માનનાર, તેમનીજ માલકીનાં ઘરમાંથી તેમના મૃત—અનાથ દેહને જેમ બને તેમ વેળાસર કહાડવામાં યશ સમજનાર, એક વસ્ત્રે અર્ધઆચ્છાદિત તેમના દેહ ઉપર નદીના પાણીની અંજલી અને જવના લોટનો પિંડ દેનાર તથા છેલ્લે તેના અવસાનની મીજમાનીમાં ઉત્તમ ભોજ્યમાં આનંદ માનનાર

લઘુબુદ્ધિના કૃતઘ્ની, સ્વાર્થી અને નીચ પુત્ર થવા કરતાં સ્મશાનલાડુ ખાઈ સ્વેચ્છાચારી થવામાં પણ વિશેષ સુખ સૂચવનાર શ્વાન, વાચાને અભાવે, પુંછડી હલાવી સર્વ મનુષ્ય પાછળ વારાફરતી ફરી વળતા હતા.

પણ અરે, માથા વિનાની માનવજાતની કેવી અહંતા! સંસારની રચના રચાઈ ત્યારથી "જાયું જવાને માટે" એ નિયમાનુસાર એકેક એક મનુષ્યો કાળે કે અકાળે ગત થયાં–અને કોઈ અમર રહ્યું નહી– તે જાણીનેયે આ લોભ, આ ક્રોધ, આ કામ, આ ઇર્ષ્યા શાને માટે? એકજ પરમેષ્ઠીનો સર્ગ છતાં, સમસ્ત સંસારનાં લઘુગુરુ પણ ઉપયોગી પાત્ર છતાં, સર્વ કોઈનું એકજ ધોરણસર પ્રસ્થાન છતાં અને એકજ જવનિકા પાછળ નિષ્ક્રમણ છતાં, અલ્પ સમયના પ્રયાણમાં આવી મળેલાં મનુષ્યોમાં ક્યાંથી આ કલેશ, ક્યાંથી વૈર, ક્યાંથી પ્રપંચ? મનુષ્યના પોતાના દેહમાં એક અંગને બીજા અંગ સાથે ક્યાં અરૂચિ છે? તેઓમાં પરસ્પર પ્રેમ છે; તે પ્રેમથી તેઓ મલ, મૂત્ર, કફ, પિત્તથી ભરેલા ક્ષુદ્ર દેહને પણ ખીલવે છે. તો પૃથ્વી આદિ પંચ મહાભૂતના ઉત્તમ પદાર્થોથી ભરેલા આ સંસારને ખીલવવાની વાત ભૂલી જઇ બુદ્ધિનુ અભિમાન ધરનારાં મનુષ્ય પોતાનાં બીજાં અંગ સાથે શીદ કલહ અને કંકાસ કરે છે? નથી જાણતા કે અંતર્કલહથી ક્ષયનોજ જય થાય છે? અથવા આ અચલ સૂત્રથી ગ્રથિત સંસારમાં કોઈનુ કંઈ આગવું નથી. પદાર્થમાત્રનો અન્યોન્યાશ્રય છે. મનુષ્ય પોતેજ પોતાનો નથી તો અન્યને પોતાનુ માનવામાં ચિત્તવિભ્રમ શિવાય બીજું શું કહેવાય? પ્રાણી વર્ગમાં પોતાને ઉત્તમ માનનાર મિથ્યાભિમાની મનુષ્ય, જીવિતવિકૃતિના આસ્વાદનથી ચગડોળે ચઢેલા ચિત્તને જરા સ્થિર રાખીને જરા તો વિચાર–કે તું જેને કનિષ્ટ અને તારા સુખનાં સાધન માને છે તે પશુ પક્ષી તનેજ અધમ માનતાં હશે તો? વૃક્ષ ઉપર લલિત ગાન કરતાં, નિર્મળ આકાશમાં નિરંકુશ ઉડતાં, ઇચ્છાનુસાર રમતાં, દોડતાં, કુદતાં, નાચતાં, વિધવિધ રંગ, રૂપ, સ્વર, સ્વભાવ અને સામર્થ્યનાં પંખીઓ તારૂંજ ઉપહાસ કરતાં હશે તો? અથવા અસારમાંથી સારનુ ગ્રહણ કરી સંતુષ્ટ રહેવાનો ઉપદેશ કરવા તારાંજ પાળેલાં મહીષ અને મહીષા જળમાં નિમગ્ન થઇ તારી જડબુદ્ધિનો તિરસ્કાર કરતાં હશે તો? માટે ભ્રમજનક અહંતા અને કલ્પિત મહત્તાનો અભિનિવેશ છોડી દે. નથી જાણતો કે અનાદિકાળથી આજ પર્યંતની વસતિનું પત્રક કરવામાં આવે તો

આ ધરતીની સ્મશાનભૂમિના વિદેહી મૃતજનની સંખ્યા આવાસમાં રહેતા સદેહ પ્રાણભૃત જનોથી નિરવધિ વધી જાય? ત્હારા બાપને તું બાળે છે, ત્હારો દીકરો તને બાળે છે, એમ પરંપરા વ્યવહાર ચાલે છે છતાંયે ક્યાં સુધી અને કોને માટે દગા ફટકા રમીશ? ત્હારું જીવિત ક્યાં સુધીનું છે? અનંત કાળમાં તું કોણ માત્ર છે? ત્હારા જેવા અને તેથી પણ મહાનને કાળ ચાવી ગયો અને તે ક્યાં ગયા તેનો તેણે પત્તો પણ ન લાગવા દીધો તો ત્હારો શો ભાર? કાળના મહાન સાગરમાં આ સંસારનાવમાં અકસ્માત્ આવી મળેલાં પ્રાણીઓને ને ત્હારે શી અદાવદ? આ ભુલાવો હવે તો તું ભુલી જા અને આ જાળમાંથી નીકળ. યાદ રાખ કેઃ

"मांधाता च महीपतिः कृतयुगालंकारभूतोगतः
सेतुर्येन महोदधौ विरचितः क्वासौ दशास्यान्तकः।
अन्येचापि युधिष्ठिरप्रभृतयो यातादिवं
नैकेनापि समंगतावसुमती किं सा त्वया यास्यति॥"

જો નહીજ, તો એ વાત નિત્ય સ્મરણમાં રાખી ત્હારી નજરે પડતા બનાવોથી મન બુઠુ ન કરતાં જરા વિચાર કરી કંઈક સુકૃત્ય કર. તને જો કોઇ વાત જરાએ ન ગમતી હોય તો તે મરવાની વાત છે, તેમ કોઇ વાત થયા વિના ન રહેવાની હોય તો તે પણ મરવાની છે, ત્યારે ત્હારો અણગમો ક્યાં સુધી કામ લાગશે? માટે ઘરડા કસાઇની પેઠ સ્મશાનવૈરાગ્યને પણ નાશ ન પમાડી તથા સદ્વૃત્તિનાં અંકુરને ન સૂકવી, જરા ઉંડો ઉતરી વિચાર—હજુ વિચાર; કારણ "प्रोद्दिप्ते भवने तु कूपखननप्रत्युद्यमः कीदृशः?" કાળ કંઈ કોઈને માટે ખોટી થવાનો છે? કાળને કંઇ શરમ પડવાની છે? અને તેમાંનું કંઈ નથી—એક દિવસ સ્મશાન છેજ—તો પછી સવેળા કાં ન પરવારી રહેવું? જોને; જવાની—ભરજવાનીમાં કપાઈ જવા વખત આવ્યો, પતિની સેવા કરવાનો સમય ત્રણે અવસ્થામાં ન આવ્યો, ભૂતકાળમાં દુઃખ, ભવિષ્યમાં અકીર્તિ અને વર્તમાનમાં સજીવ દેહમાં અગ્નિદાહના નિર્માણ છતાં સંસારવનમાં સ્વચ્છ ઉગેલી નવમલિકા—ફુલીને મરવાનો જરાએ ભયછે? જીવવાની જરાએ સ્પૃહા છે?

અકેકા વાંસને છેટે ઉભેલા આ નગર અને આગળ પાછળન પરાં તથા ગામડાંના નવરા અને ચિકિત્સિત માણસોમાંથી કોઈને હર્ષ, કોઈને શોક, કોઈને આશ્ચર્ય, કોઈને તિરસ્કાર અને એવા એવા કંઈ કંઈ

વિચારો કરાવતી સતી ફુલી જાણે સ્વર્ગની સોપાન ઉપર ચ’ડતી હોય, જાણે લગ્નશિલા ઉપર ચ’ડતી હોય, જાણે શ્વસૂરને ઘેર પહેલે આણે કે ઝીયાયણું લેઈ જતા રથ ઉપર ચ’ડતી હોય તેમ ઈશ્વરને ઘેર લેઈ જતા અગ્નિરથ જેવી કાષ્ઠની ચિતા ઉપર ચ’ડી. તેને અગ્નિ ઝટ સ્પર્ષે એટલા માટે તેના નાગફણા જેવા કેશને તેલમાં ઝબકોળ્યા, તે નાશી ન જાય એટલા માટે તેને મુંજના બંધીઆ બાંધ્યા, તે ખશી ન જાય એટલા માટે તેના અંક ઉપર કાષ્ઠ ખડક્યાં, પણ નથી તે વ્યથા ગણતી કે જણવતી. અત્યારે પણ પતિ અને પરમેશ્વરમાં ગળા સુધી નિમગ્ન થઇ તે સર્વ બાહ્ય ક્રિયા યંત્રવત્ કરતી હતી, કરવા દેતી હતી.

એટલામાં એક હાથની હાથેલીમાં બળતું છાણું અને બીજાની બગલમાં પુળો લેઇ મકલાતો મકલાતો, ટકો તથા પોતીઉ લેવાને ઠેકડાભર ચાલતો ભંગીઓ આવ્યો અને છાણું ફુંકવા લાગ્યો અને પોતાનુ પટુત્વ જોનારાને નીહાળવા લાગ્યો એટલે બાળવાની તૈયારીઓ પુરી થઇ રહી. એક વાંસને છેડે ફરતુ દોરડુ બાંધ્યું હતું તેમાં ચિતા ઉપર ફુલી, પડખે ભંગીઓ અને સામે કોટવાલ શિવાય કોઈ રહ્યું નહી. સૈનિકો પણ દૂર ખસી ગયા; પછી મહાન ઘેરે શબ્દે કોટવાલ ફુલીને ઉદ્દેશી બોલ્યો, “ફુલમાળા, રાજદુહિતાનુ હરણ કરાવ્યા બદલ તને દેહાન્ત દંડની શિક્ષા થઈ ચુકી છે. પણ આજ સૂર્યાસ્ત સુધી તે શિક્ષા અમલમાં લાવતાં અટકવાનુ હતું. દરમ્યાન એક રાતમાં ત્હેં બે ખૂન કર્યાં—કારાધ્યક્ષનુ અને કોઇ બીજા પુરુષનુ—જેને તું ત્હારો પતિ કેહેછે. અને આ રાજ્યના માયાળુ પ્રધાનને ત્હેં મૃત્યુપ્રાય કરી નાંખ્યો. તે ઘડીતાલ છે.” “રામરામ” “ધિક્ ધિક્” એવા શબ્દોને “ચૂપ” એવા ધ્વનિથી બંધ પાડતો તે આગળ બોલ્યો, “આવા મહાન અપરાધો જોતા જોતામાં ત્હેં કર્યાં તો હવે જે થોડો કાળ રહ્યો છે તેમાં તું શું ન કરે ? એવા વિચારથી તને જેમ બને તેમ વેળાસર જીવતી બાળવાનો પરમેશ્વર જેવા ન્યાયાધીશે હુકમ કર્યોછે. તેથી બે ઘડીની અંદર સર્વભક્ષી અગ્નિ ત્હારાં દૂષિત ગાત્રને ગળી જશે. મનુષ્ય તો તેને સ્પર્ષ કરતાં પણ અભડાશે. પરંતુ પતિતને પણ અંતકાળે દયા દર્શાવવાના આ દયાળુ રાજ્યના ધારામાંથી તને બાતલ કરવી વાજબી નથી. માટે કહે, ત્હારે કંઈ જોઈએ છીએ ? કંઈ ઉમદા વસ્ત્ર પેહેરવાંછે ? કંઈ નૌતમ ઘરેણું ઘાલી લેવુંછે ? કે સ્વાદિષ્ટ ખાઈ લેવું છે ?” તે બંધ પડ્યો. સર્વ ચૂપ થઈ ગયું. શળી પણ પડતાં સંભળાય

એવો શૂન્યકાર થઈ રહ્યો. અંતકાળનુ સતીત્વ રગેરગ જામી જવાથી કુલીએ કહ્યું, “કોટવાળ, મનુષ્યની બુદ્ધિ નિર્માણ કરેલી છે એટલે ન્યાયાધીશ અથવા તમારા ઉપર મ્હારે કંઈ રીસ નથી. ખરી વાત જાણવાથી પ્રધાનને ધક્કો વાગ્યો તે શોચનીય છે. વિશેષ શોચનીય એ છે કે જે પળે તેમની આંખો ઉઘડી, તેમણે યથાર્થ વાત જાણી તેજ પળે તેઓ નિશ્ચેષ્ટ થયા. મારે હવે કાંઈ હર્ષશોક નથી. હુ જાણું છું કે આ દુઃખમાંથી મ્હારી મુક્તિનો સમય નજીક આવ્યો છે. તમે પણ તેમ જાણી ધર્મ અને ન્યાયને નામે નિર્દય બનેલા તમારા હૃદયમાં દયા આણો તોપણ હવે મ્હારે કો'ને માટે તેનો ઉપયોગ કરવો? મ્હારા પ્રાણનાથે થોડા સમય ઉપર ઈશ્વરને ઘેર પ્રયાણ કરવા માંડ્યું હોય એમ મને જણાય છે! તેમનુ સહગમન કરવા હું તલ્પી રહીછું. હવે મા'રે કંઇ જોયતું નથી; તદપિ જો આપવુંજ હોય તો મ્હારા પ્રિયતમ જીવિતેશ્વરનો દેહ કારાગૃહમાં પડેલો છે તે તમારે નકામો છે, અને તમારા સૈનિકોના સ્પર્શથી દૂષિત થએલા આ મ્હારા દેહને કામનો છે, માટે તે મને આપો. એટલે તેનુ માથુ આ ખોળામાં મુકી પુનિત અને કૃતકૃત્ય થઈ હુ વેળાસર તમોથી અને આ દેહથી છુટી પડું.” તે અટકી, કોઈ બોલ્યું નહી. નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ મુકાયા–ચક્ષુમાંથી જળધારાઓ ચાલી. કોટવાળે જરા વિચાર કરી તે શબ આણી આપવાની આજ્ઞા કરી એટલે અચિંત્યો લોકોના ટોળામાંથી નાદ થયો કે “મરતે ટાણે જે બોલવું હોય તે એ બિચારીને બોલવાદ્યો.” કોટવાળે આ વાત કબૂલ રાખી અને કુલીને જેમ કેહેવું હોય તેમ કેહેવાની રજા આપી. ધેરે અને મિત તથા દૃઢ શબ્દે કુલી બોલી: “સકલ ભુવનના અધિપતિ ભગવાન્ સૂર્યશા પ્રતાપવાન અને સકળ અરણ્યના રાજા સિંહશા બલવાન મહારાજા કેસરીસિંહના નગરજનો, સાંભળો! મને દૂષિત માનતા હો તોએ સાંભળો, તમારા રાજાને માટે સાંભળો! તમારી લજ્જાને માટે સાંભળો, તમારા મનનાં સુખને માટે સાંભળો! મ્હારે પોતાને માટે કંઈ કેહેવાનુ નથી. ભલે મને દોષવાન ગણો. ભલે મને ગમેતેવી ગણો. પૂર્વે જન્મનાં પ્રારબ્ધ મ્હારે ભોગવવાં પડે તેમાં કોઈનો દોષ નથી. પણ વસંતબા–સદ્દગુણની પુતળી બ્હેન–અલેતી વસંતબા આકાશમાં રહેલા જળ જેવી અને પર્વત ઉપર રહેલા બરફ જેવી મલરહિત છે. પેલા સામા ઉભેલા મ્હેતરના હાથના અગ્નિવત્ કદાચ તે નીચને હાથ પડી તોપણ તે પવિત્રજ છે. તેને

કંઈ કલંક નથી. સૂર્યની પ્રસૂતિ વિષે અંધકાર કેમ સંભવે? તે નાશી નથી ગઈ, તે નીકળી નથી ગઈ; પણ તેનુ હરણુ થયું છે. દેવતામાં પડો–કાદવમાં પડો–ગમે ત્યાં પડો–પણ કુંદન તે કુંદનજ રહેશે. માટે આ તોફાની સમયમાં મન ફેરવે એવા, ચિત્તમાં ભ્રમ કરે એવા, હજારો બનાવ બન્યા અને બનશે; પણ તેમાં રાજપુત્રીને કલંક દેતાં કોઈ લૂણ હરામ થશો નહી. તેમ તમારાં સર્વનાં હૃદયમાં વસનાર કુમાર માધવસિંહ અકર્ત્તવ્ય કરે એવું એ શાને માનવું? અથવા હવે સંવરણ પણ શાને માટે? કોને માટે? એ બે ઉત્તમ કુળદીપકને માટે યથાર્થ વાત કહુંછું તે સાંભળો. એ કુમારને જેવો તમે રાજાનો સેવક માનોછો તેવો એ નથી. કનકપુરીના શ્રીમાન્ વિજયસિંહ મહારાજાનો કુળદીપક પુત્ર તે એજ. સૌભાગ્યવતી સુજાણબાની કૂખથી અવતરેલો બાળચંદ્ર તે એજ." "હેંહેં! આ તે શું?" એવા શબ્દો કોટવાળની કરડી આંખ તળે દબાઈ ગયા. "સાંભળો, ભાઇના ત્રાસથી એ બાળ આ સ્થળે આવીને રહ્યો હોય તો તેથી તે હલકો ન ગણાય. હવે જો રાજકન્યાને તે હરીજ ગયો અને ન્યાયાધીશનો ઈનસાફ ખરોજ હોય તોપણ શો અનર્થ થયો? અર્જુને સુભદ્રાને હરી, કૃષ્ણે રૂકિમણીને હરી, તેમાં શું કલંક? હીરો કુંદનમાં જડાયો તેમાં શો બાધ? વળી પુછો મહારાજા તથા મહારાણીને કે કુળવાન હોય તો માધુભા સાથે બ્હેનનાં લગ્ન કરવાનો તેમનો નિશ્ચય–દૃઢ નિશ્ચય હતો કે નહી? જો હતોજ, અને તે કુલીન છે, તો શું કરવા શોચ કરવો? પણ માધવ અને વસંત આર્યજનની આજ્ઞા વિના આમે કરે એવાં નથી. કદાચ વસંતબા આવે અને મ્હારો કહેલો બોલે બોલ સાચો ઠરે તોએ મ્હારે માટે કોઈ શોક કરશોમાં. મ્હેંતો સાર્થકજ કર્યું છે. શ્રીમાન્ વિજયસિંહ મહારાજાના વિશ્વાસુ અમાત્ય ભગવાન મદનસિંહજીની ધર્મપત્ની થઈ મ્હેં તો મ્હારું સાચવી લીધું છે.–" "હેં, હેં, હેં! મદનસિંહનાં પટરાણી, સતી કુસુમાવલી! પ્રધાનજીના મિત્રનાં રાણી! આ શું? અલ્યા કોટવાળ, વંખેરી નાંખ ચેહે." એવા એવા અનેક પ્રકારના શબ્દ બોલાયા. અને ખરે, આ વેળા કુલી ફીટીને કુસુમાવલી બનેલી સતીએ મહા બળાત્કારે લોકોને અટકાવ્યા ન હત તો કોટવાળ અને પટાવાળાઓના તો ફેંદે ફેંદા ઉડી જાત. પરંતુ ડાહી કુસુમાવલીએ સર્વને વાર્યા અને કહ્યું "ભલા સજજનો! એમ કરો માં. જીવવાની આશાએ મ્હેં આ વાત કહી હત તો અત્યારસુધી એ વાત છાની રાખવાનુ મ્હારે કંઈ પ્રયોજન

નહોતું. પરંતુ જુવો ! પેલું જીવિતેશ્વરનુ શબ આવે છે.” સ્વરાજાનુ હિત કરીને ઘેર પાછા વળતાં વનમાં ફાંસીઆને હાથે ફસાયલા, ત્યાંથી અનેક વેશે ફરી કનકપુરના ઉદયાર્થે જીવિત ગાળતા, “દારુ ગોળી તૈયાર કરી” માત્ર આજ્ઞાનીજ વાટ જોતા અને છેવટ માંદ્યથી માંદ્ય પ્રાણવલ્લભાની પ્રેમપરીક્ષા જોઈ તેનુ અસિથી રક્ષણ કરવા કારાગૃહમાં ગયેલા—કનકપુરીના મનસ્વી પ્રધાન, કે રૂપગુણના ભંડારની અધિદેવી કુસુમાવલીના પ્રાણનાથનુ શબ–ઉઘાડુ શબ, ખાટલામાં આણેલુ શબ–જોઈને અકાળે મણિપુરના સ્મશાનમાં વર્ષાઋતુ આવી. ચોધારે ચાલતાં અશ્રૂમાં ન્હવાઈ જતી–છવાઈ જતી વસ્તીએ કુસુમાવલીની તાત્કાલિક મુક્તિ માગી. થોડાજ સમય ઉપર જે સ્ત્રી પિશાચણુ જેવી ગણાઈ હતી, તે હવે દેવી જેવી થઈ પડી. જેના ઉપર તિરસ્કારની દૃષ્ટિ હતી તેના ઉપર નમસ્કારની વૃષ્ટિ થવા લાગી. બ્હારવટે નીકળેલા પણ પ્રજાપ્રિય મોહનસિંહની કુલજા, ધર્મનીતિજ્ઞ પ્રધાનમંડળમાં અગ્રગણ્ય મદનસિંહની કુલવતી ભાર્યા અને નિર્મળ વસંતવિલાસિનીની પ્રિય સખી કુસુમાવલીની ઓળખ પડતાંજ પ્રજાજનની આંખે અને બુદ્ધિએ આવેલાં પટલ ઉતરી ગયાં. બહિર્–દેખાવથી ઠગાઇ વિચાર કર્યાં વિના સતી ઉપર મિથ્યારોપ કરનાર, પોતાના દોષનો સ્વીકાર કરતા, કે તુરંગમાંથી પણ છળકપટથી નાસી ગએલી કેસરીનાં કારસ્તાનનુ લેશ પણ ભાન ન થવાથી પોતાના ધીજાડ્ય ઉપર આશ્ચર્ય પામવા લાગ્યા. સદોષ મનાયલી કુસુમાવલીને વીંધવા તત્પર થએલુ જનમંડળ અત્યારે તેને વધાવવા તત્પર થઈ ગયું. આમ એક તરફથી આજ્ઞાથી બંધાયલો છતાં અમ્રરંગ જેવાં ચળ પણ બળવાન લોકવચનથી ખેંચાતો કોટવાળ કેવળ કિંકર્તવ્યતામૂઢ બની ગયો. તેને પણ સમજાયું કે સત્યવાતનુ ભાન થતાં રાજ્યના પ્રતાપી પ્રધાનને કારાગૃહમાં કુસુમાવલીની મંત્ર-જાળથી નહીં પણ આકસ્મિક ક્ષોભથી મૂર્છા અને મંદવાડ થઈ ગએલાં; અને તેનાં ભગ્ન અને ત્રુટિત વચનોમાં સતીએ નાંખેલી ભૂરકીનો ઉન્માદ જોવામાં માત્ર ન્યાયાધીશ આદિ મંડળનોજ વિશાદકૃત ઉન્માદ હતો; તેથી આજ્ઞા માન્ય કરવામાં ચિરકારી બની વિલંબ કરવો કે પરશુરામ બની તત્ક્ષણ ક્રિયા કરવી, તેના વિચારમાં તે સ્તબ્ધ બની ગયો. પણ એટલામાંજ નગર તરફથી મહારાજાનો પ્રતિનિધિ અશ્વાર પવનવેગી અશ્વને પુર પાટે દોડાવતો જણાયો, અને અરણ્ય તરફથી એક સ્ત્રી અને એક પુરુષના અશ્વ ધસી આવતા દેખાયા.

આમથી આમ અને આમથી આમ જોવાના લોભમાં પ્રજાએ એક બીજાના ખભા ઉપર હાથ કે ડોકાં ગોઠવ્યાં. પણ મનુષ્ય ચગદાયાની સ્પૃહા રાખ્યા વિના જ્યારે આ અશ્વારોએ લોકોના સમુદ્રમાં પાણીપંથાઓને હંકાર્યાં ત્યારે શી ચગદાચગદી–શી દોડાદોડ, શી ધકાધકી? કુસુમાવલી ઉપર દયા ધરનાર આ નગરના લોકોએ ન જોયો ભાઈ કે ન જોયો મિત્ર, ન જોયો બાપ કે ન જોયો બેટો. પોતાના જીવને બચાવવાને માટે મનુષ્યમાત્રનાં તરફડીઆં અહીંતો સ્વતઃ સિદ્ધ થઇ ગયાં. દોડતા ઘોડા વ્હાલામાં વ્હાલાને ચગદે તો ભલે–જો પોતાથી બચી જવાય તો. આ લાલચમાં સગાઈ અને સ્નેહનો સંબંધ પાંગળો થઈ ગયો. જીવથી પણ વ્હાલાં મનુષ્યો જીવને માટેજ તજાયાં–દબાયાં. આપત્કાળમાં સહુ કોઈ પોતપોતાનુજ સાચવે છે.

નગર તરફથી રાજ્યનો આદેશ લેઈ આવનાર જાસુસે કહ્યું તે પેહેલાં તો દોરડુ તોડી અંદર કુદી પડેલા અશ્વઉપરથી કુદી પડી સુગુણસિંહે પોતાની બ્હેંન કુલી અને હવે કુસુમાવલીના મરણબંધીઆ તોડ્યા, તેના ઉપરનાં લાકડાં ફેંકી દીધાં અને તેને હેઠે ઉતારી. તુરત ગ્રીષ્મ અને પછી વર્ષાની શોભા ધારતી વસંત પોતાની પ્રિય બ્હેંનપણીને ભેટી પડી. પણ બીજી ક્ષણમાંજ મહારાણી સુજાણબા તથા વિમળદેવીને લેઈને આવતા કુમાર શ્રી માધવસિંહની સાથે દુષ્ટ રાયમલ્લને અવળે પાંગોઠે બાંધી તેને દોરતા પેલા વૃદ્ધ બ્હારવટીઆને જોયો ત્યારે શા બિચારી કુસુમાવલીના વિકાર? શું તેનુ વર્ણન? એટલુંજ કે તે દુઃખભાર વેઠી શકી પણ હર્ષભાર ન વેઠી શકી. તેને હર્ષચમક થઈ.

પ્રકરણ ૩૨ મું.

સંયોગ.

કુમારશ્રી માધવસિંહ, વીર સુગુણસિંહ, સતી કુસુમાવલી અને અલેતી વસંતબાનાં પરસ્પર મીલન, પ્રેમાશ્લેષ તથા અભિનંદનને નિરખતી મહારાણી સુજાણબા પોતાનુ ગત દુઃખ વિસરી ગઈ અને કનકપુરીના રાજ્યનો વૈભવ સ્મશાન ભૂમિમાં અનુભવવા લાગી. પરંતુ અવળે પાંગોઠે બંધાયલા રાયમલ્લને

ન આવ્યું કંઈ સુખ કે વીંલા પડેલા મોહનસિંહને ન પડ્યું કંઇ ચેંન. તેથી રાયમલ્લ તો ખાટલા ઉપર શબવત્ પડેલા કુસુમાવલીના ભર્તા મદનસિંહ સામું જુવે, કંઈ વિચાર કરે અને લજ્જાથી કે પશ્ચાત્તાપથી નમિત વદન થાય—અને મોહનસિંહ તો મીટ માંડીને કુસુમાવલીનેજ ન્યાળી રહ્યો. પણ જ્યારે બહુ દિવસે મળેલા—ખોવાઈ ગએલા—પણ જડેલા આપ્તમંડળની સાથે લજ્જાને મુકીને કુસુમાવલી પોતાના પ્રાણનાથ પાસે ગઈ અને તેને હાથ વતે સ્પર્ષવા લાગી તથા તે ઉપર અશ્રુ સારવા લાગી, તથા પોતાના કાકાની અવસ્થા ઉપર શોક કરતો માધવસિંહ ધુંવાપુંવા થઈ ગયો, ત્યારે અચિંત્યો રાયમલ્લ બોલી ઉઠ્યો "એ તો હાલે છે. આ હાથ હાલ્યો." ન્યાળીને જોતાં સર્વને જણાયું કે મદનસિંહજી મૃત થયા નથી; તેમના દેહમાં તેમનો જીવ છે. તેથી તેમની ચર્યાને માટે રાજમાતા સુજાણબા બિરાજ્યાં અને તેના ઉપર જળાસિંચન કરવા લાગ્યાં. વાત તો વાયે ચાલી. રાજ્યના પ્રધાનજીને ત્યાં અને રાજારાણીને ત્યાં ખાસ વધાઈઓ છુટી. આવા રૂડા પ્રસંગને અનુસરી રાજારાણી તો ઘેલાં ઘેલાં થઈ ગયાં, વાત ફરી ફરી પુછવા લાગ્યાં, વધાઈના શબ્દો ફરી ફરી બોલાવવા લાગ્યાં, ચક્ષુમાંથી અશ્રુ સારવા લાગ્યાં અને કેવળ શિથિલ પડેલા દેહમાં સાથે લાગી ચંચળતા દાખવવા લાગ્યાં. તેમની પરાધિન અવસ્થામાં ન રહ્યું તેમને વધાઈ આપવાનુ ભાન કે ન રહ્યું કોઈનુ સન્માન કરવાનુ ધ્યાન. અત્યારે તો વિરાગ ગયો, અનુરાગ આવ્યો.

પરંતુ મિત્રના અવસાન તથા તેની કોમળ સ્ત્રીની વિપત્તિના અચિંત્યા ભાનના નિર્ઘાતથી પ્રથમ મૂર્છિત થએલો પ્રધાન આશ્વાસન તથા ઔષદ્ધિથી જાગ્રત થયો ત્યારે પ્રથમજ સંદેશામાં તેણે કુસુમાવલીને રાજ્યઆજ્ઞાથી કેવળ મુક્તિ આપવાનો હુકમ જાસુસ સાથે મોકલ્યો હતો. અને તે હુકમ થતા પેહેલાંજ વીર સુગુણસિંહે તેને છોડાવી છે તથા વસંત અને માધવ વિગેરે નિર્દોષ ને નિર્દોષ પાછાં આવ્યાં છે અને મદનસિંહ જીવે છે એવું જ્યારે તેણે જાણ્યું ત્યારે હર્ષના પણ વિકારને દબાવી સમયસૂચક બનેલો નીતિજ્ઞ પ્રધાન એક મહાન સામૈયુ લેઈ રાજપિતા તથા રાજમાતાને રત્નજડિત સુવર્ણરથમાં બેસાડી અનેક હાથી, હય, મિયાના, પાલખી આદિ લેઈ સ્મશાનભૂમિમાં ગયો.

મણિપુરનો એક માસપર્યંત ગ્રહાયલો ચાંદીનો શાંત ચંદ્ર પાછો મુક્ત થયો તેથી સર્વનાં વદન—ભૂમિ ઉપર હાસ્યચંદ્રિકા સ્વચ્છંદ અને

નિરંકુશ પથરાઈ રહી. લોકોની ધક્કાધક્કીમાં સામૈયાની વધી, અને અતિ આનંદમાં આયના તુટી, એટલે રાજ્યસૈનિકોને પણ ગણ્યા વિના રાજપુત્રીને તથા કુસુમાવલીને એક વાર–બે વાર જોવા ન્હાનો ને મ્હોટો ઉપરાઉપરી પડે–ચગદાય–પાછો ઉભો થાય–પાછો જુવે અને હર્ષ પામે. લોકોના ઉછળતા પ્રેમસાગર ઉપર એકને બદલે બે પૂર્ણ ચંદ્રે પ્રકાશ પાડ્યો ત્યાં શી વાત કરવી તેની ઉત્તરલતાની કે શો વિચાર કરવો તેની સીમાતિક્રમણતાનો ?

તેમ વસંતવિલાસિનીની પાછળ મોકલેલી બુદ્ધિ તેનીજ સાથે પાછી આવવાથી શાણો બનેલો પ્રધાન અલ્પકાળમાંજ સર્વને મળી સર્વ વાત યથાસ્થિત જાણી ગયો. અને વિધિ–સૂત્રધારે મણિપુરની રંગભૂમિ ઉપર અનેક રસનુ નાટ્ય ભજવવા મોકલેલાં પાત્રોના પૂર્વ ઇતિહાસ જાણી હર્ષનો કે શોકનો ઉદ્ગાર કહાડતો હોય એમ જિજ્ઞાસુ જનમંડળ આગળ મહા બળે સ્વસ્થ બનીને તે મ્હોટે ઘેરે અને ગંભીર નાદે અશ્વ ઉપર ચ’ડીને બોલ્યો: “મણિપુરના વ્હાલા સજ્જનો ! જેવી હરાઈ હતી તેવીજ પવિત્ર વસંતબા પાછી ઘેર આવી; સાથે સુગુણભાઈને લાવી. શ્રીમાન્ વિજયસિંહ મહારાજાનો ઔરસ પુત્ર ભગવાન્ માધવસિંહ તેનુ રક્ષણ કરી અહીં લાવ્યો. કૃત્રિમ રાયમલ્લ રાંડ કેસરીની સહાયથી તેનુ હરણ કરી ગયો હતો. તેને બાંધીને આણનાર મહારાજાધિરાજના ભાયાત—મુખ્યભાયાત આ માનસિંહજી કુસુમાવલીના બાપાજી થાય.” સાંભળતાંજ કુસુમાવલી પોતાના પિતાજીને વળગી પડી અને ડોસો જન્મમાં પેહેલ વેહેલોજ ધરણી ઉપર ઢળી પડ્યો.

તેનાં આશ્વાસન કરવાનુ માધવ અને સુગુણઆદિને સાંપીને પ્રધાન તો આગળ બોલ્યોજ ગયો: “મ્હારા મિત્ર મદનને પરદેશ મોકલી તેની ગુણવાળી સતીનુ હરણ કરતાં આ અક્ષત્રિય—ગમાર—રાયમલ્લ ન લાજ્યો. પરંતુ સ્ત્રીનુ છેલ્લુ બળ આત્મહત્યા, તેનો આશ્રય આ બીજી સાવિત્રી કે સીતાજીએ લીધો. પણ આ સંસારનર્કનુ અદ્યાપિ પર્યંતનુ આવું દુઃખ ભોગવવાનુ તેના કર્મમાં લખ્યું હશે તેથી નદીમાં ડુબતી ડુબતી પણ સુગુણભાઈએ તેને બાહેર કહાડી. દૈવયોગ એવો કે ત્યાંથી પણ આ તેના પિતા માનસિંહજીને હાથે તેનુ મૃત્યુ થાત— બીજી વેળા ઈશ્વરે માનસિંહને શિશુહત્યામાંથી બચાવ્યા. દૈવે ખેર ગુજારી. હરાઇ, લુટાઇ, જીવતી ડટાઇ, ફરી હરાઈ, દાસી થઈ, પાછી

હરાઈ, પકડાઇ, કેદ થઈ, ખુની ઠરી, ડાકેણ ઠરી તોપણ અંતે ઈશ્વરે તેને સાચવી-અંતે કુસુમાવલી કુસુમાવલીજ રહી. કુસુમાવલીને લેઈ જવા આવેલા રાયમલ્લે વસંત બ્હેનને પણ હરી લીધી. અને પ્રાણુની સ્પૃહા રાખ્યા વિના કુમારશ્રી માધુભા તેને સંભાળી પાછી લાવ્યા. પોતાના અન્નદાતાની સેવા કરવા—તેના શુદ્ધ પુત્રને રાજ્ય પાછું અપાવવા—મ્હારો કૃતજ્ઞી મિત્ર મદન, યોગી, વૈદ્ય, ભિક્ષુક, રાજ્યભૃત્ય ગુરૂજી, તેલીઓ રાજા અને એવા અનેક વેશનો વેશધારી બની, છેવટ પોતાની પ્રિયાનુ રક્ષણ કરવા આવતાં દુષ્ટ કારાધ્યક્ષને હાથે મૂર્છિત થઇ ગયો. તે હવે ઈશ્વર ઇચ્છાથી સચેત થયો છે. માધુભા અને વિમળાબાને ઉગતાંજ કાપી નાખવા આ ચાંડાલ રાયમલ્લે કનકપુર અને મણિપુર વચ્ચેના ઘોર અરણ્યમાં તેમને મોકલેલાં, પરંતુ બ્હારવટે નીકળેલા પણ ઉચ્ચ વૃત્તિવાળા દયાળુ માનસિંહજીની સહાયતાથી તેઓ બન્ને બચી ગયાં. સર્વ સારાં વાનાં થયાં. માટે હવે સર્વ પોતપોતાને ઘેર પધારો અને આનંદ પામો. આજ રોજ આખા નગરમાં અશ્વારી ફરી સર્વ આપ્તમંડળ સાથે શ્રીમાન્ કેસરીસિંહ પોતાના મેહેલમાં હવણેજ પધારશે." અનેક પ્રકારના વિકારો અનુભવતા તથા શબ્દો બોલતા નગરજનો પ્રધાનની આજ્ઞાને દૈવાજ્ઞાથી વિશેષ માની વેરાઈ ગયા—પણ ચોરે, ચૌટે, હાટે, ઘાટે, વાટે, ઓટલે, અટારીએ, અગાશીએ, અડાળીએ, અશ્વારીને રૂંધન ન થાય તેમ ઉભા રહી અલૌકિક દર્શન કરવાનેજ માટે.

અલ્પ સમયમાં ખડા કરી દીધેલા તંબુમાં માતાપિતા અને વસંત, કુલી, માધવ તથા સુગુણ વિગેરેના મીલનનો પ્રથમ પ્રસંગ મહાશ્રમે કેટલીક વારે થઈ રહ્યો. તે સમયના વિભ્રમ પ્રલાપ અને અસંબદ્ધ વિચાર તથા ક્ષુભિત વિકાર ગંભીર વાંચનારને તો હાસ્ય ઉપજાવે એ સ્વાભાવિકજ છે. માત્ર તેવી સ્થિતિના અનુભવીનેજ તેની ખુબી સમજાય. પોતાની આજ્ઞા ન માનનાર પોતાના ભાયાત મોહનસિંહને અને હવે માનસિંહને ભેટી પડી, તેના ઉપકારના બદલામાં તેની ક્ષમા માગી, ભૂપાલ કેસરીસિંહ તેની સાથેજ એક મહાન હાથી ઉપર ચ’ડ્યો. તેનીજ પાછળ એક ઉઘાડા હયરથમાં રાજમાતા સુજાણબા તથા દેવી કામસેના બિરાજ્યાં. તેની પાછળના હાથી ઉપર ગુણ રૂપ અનુરૂપ કુમાર માધુભા તથા બ્હેન વસંતબા સૂર્યચંદ્રની પ્રભા ધારતાં બિરાજ્યાં. અને તેમની પાછળ વીર સુગુણસિંહ તથા ડાહી વિમળા ધ્રુવના બે

તારા પેઠે હાથી ઉપર શોભવા લાગ્યાં. સર્વેની આગળ એક વિશાળ ઉઘાડી શિબિકામાં અશક્ત પતિની સેવામાં ચકચૂર પતિના પાદારવિંદ આગળ બેઠેલી કુસુમાવલી સર્વ કોઈની પ્રીતિનુ પાત્ર બનતી હતી. યત્ન સફળ થયાના આનંદમાં મકલાતો પ્રધાન અશ્વ ઉપર આગળ, અને ન્યાયની ભુલથી શરમાતો ન્યાયાધીશ અશ્વ ઉપર પાછળ, એમ ચાલતા હતા. અવળે પાંગોઠે બાંધેલા રાયમલ્લને ઉંટ ઉપર બેસાડ્યો હતો તથા "ચોર" એવા નામનુ તેના કપાળ ઉપર પાટીયું ચોંટેલું હતું. આવી રીતની અશ્વારી સ્મશાનમાંથી નગર તરફ ચાલી. ડંકા, નિશાન, ડફ, ભેરાઈ, મોરછલ, ચામર, અબદાગીરી વિગેરેમાં શી મણા હોય કે તેનુ વર્ણન કરી કાળક્ષેપ કરવો ? એવી શોભાની વસ્તુઓ કરતાં આકર્ષકશક્તિ ક્યાં ઓછી હતી કુસુમાવલી, વસંતબા ને વિમળામાં કે મદનસિંહ, માધવસિંહ ને સુગુણસિંહમાં ? સર્વથા, આજે વૈકુંઠદ્વાર જેવાં નગરદ્વારની અંદર આ રાજાની અશ્વારી પેઠી ત્યારે તો માતાઓ ભુલી ગઈ છોકરાંને, પ્રેમદાઓ ભુલી ગઈ પતિને, બાળાઓ ભુલી ગઈ મનના માનીતાનેઃ ત્યારે તો કોઈએ વાળ હોળવા મુક્યા, દેહ ચોળવા મુક્યા, કોઈએ રસોઈ અધુરી મુકી, કોઈએ હાથ ધોયા ન ધોયા કર્યા, કોઈએ વાસણ ફોડ્યાં, કોઈએ અવળાં વસ્ત્ર સજ્યાં, કોઈએ ધવરાવતાં બાળક તરછોડ્યાં અને બધાંએ બારણે દોડ્યાં; ત્યારેતો જોવાને આતુર થયેલી બ્હેનપણીઓનો સ્નેહ કુસુમાવલી તથા વસંતમાંજ ગયો હોય એમ તેઓ એકબીજીની સ્પૃહા રાખ્યા શિવાય, એકબીજાની લાગણી ગણકાર્યા વિના એક બીજી ઉપર પડવા લાગી. અબળાઓની લજ્જા જાણે કુસુમાવલીમાંજ ગઈ હોય એમ સર્વેએ શ્વસૂર, જેષ્ઠ કે પરજનની લજ્જા મુકી દઈ, નમ્રમુખી કુસુમાવલીની સામેથી સ્મેરમુખી વસંત ઉપર અને ત્યાંથી પ્રસન્નમુખ માધવસિંહ ઉપર પોતાની ચંચળ, અને ચલ દૃષ્ટિઓ ઠરાવી.

આ વખતના માધવના રૂપ, તેના ઉત્સાહ અને તેના આત્મવિશ્વાસ તથા હીલચાલમાં સૂર્યની આકર્ષણશક્તિ, ચન્દ્રની આલ્હાદક શક્તિ, કમળની કોમળતા અને મધુના માધુર્યેજ નિવાસ કર્યો હતો. ક્ષણેક્ષણે તેનુ વસંતબા સાથેનુ ભાષણ, જાણે જોવા ઉભેલી સ્ત્રીઓને અસૂયા ઉત્પન્ન કરતું હોય, જાણે તેમને ક્રોધી કરતું હોય, જાણે તેમને નિરાશ કરતું હોય એમ, તેમનાં વક્ષઃસ્થળ તથા તે ઉપરનાં આભૂષણને ઉછાળવા લાગ્યું. તેમ વસંત ઉપર તિર્યક્ દૃષ્ટિના આપાત નિર્મલતાને

લીધે તેણીને તો ન લાગ્યા, પણ, મંદોદરીની પવિત્રતાથી પાછાં ફરેલાં રઘુનાં બાણ મરૂસ્થલમાં પડ્યાં તેમ, આ વનિતાઓના શૂન્ય હૃદયમાં ઉતરી જઈ તેમના પતિ પ્રતિના સ્નેહનેજ ધિક્કારવા લાગ્યા. સર્વથા, આજે તો રાધાને લેઈ વિદાય થતા કૃષ્ણને જતો રહેતો જોઈ ગોકુલની ઘેલી ગોપિકાઓની પેઠે આ નગરની કુલસ્ત્રીઓ, કામવિકારથી પોતાની સર્વ સદ્‌વૃત્તિને ડુબાવી, વસંતબા ઉપરનો એક ઘડી ઉપરનો લીલોછમ જેવો સ્નેહ સુકાવી, તેના ઉપર સાપત્યભાવ રાખતાં, પોતાના મનમાં ઉત્કંઠિત, દુઃખિત, ચિંતાગ્રસ્ત અને ઇર્ષ્યાગ્રસ્ત થવા લાગી. પરાધિના સુંદરીઓના વિકારની શાંતિના અવર ઉપાયને અભાવે માંહોમાંહ્ય જીભના રસમાંજ તેઓ રતિસુખ અનુભવવા લાગી. "અલિ, તું કેમ જોઈ રહીછે ? ઘેલી, જો કોઈ દેખશે; આ ત્હારું ગુલાબીયું મ્હોં ત્હારા મનની વાત કહી દેછે. કેમ તા'રી છાતી ઉછળેછે ? અલેતી, દેખશે તા'રો સસરો. ભોળી, જાણશે તા'રો વર. અલિ, પારકાપર મોહી જનાર, શીદ ફાંફાં મારેછે ? વાર, વાર, તારી આંખોને. અરે, નિર્લજ્જે, જુઠું હશી શું રેખા દેખાડવા મંડી ગઈ કે ? ક્યાં ગયો ત્હારો લટકો ? અરે મતબાલી, કેમ હરાયલી જેવી હાંફે છે ? કેમ થઈ ગઈ ઉન્હી ? આ ત્હારા મ્હોં ઉપર ફાકા શા ? અલિ, સુવ્રતનો ઢોંગ કરનારી, જરા તો વિવેક રાખ. ગર્વિષ્ઠા, આજ ત્હારો નાદ ઉતારનારો આંવ્યો ખરો. પાપિણી, ઉંચો ખેંચ તા'રો છેડો. અલિ લુચ્ચી, પાછા રાખ ત્હારા વાળ, સખનાં રાખ ત્હારાં નેંણ. કુલહીના, હાથ રાખ તા'રો ઠેકાણે. અલિ ભ્રમરી, આતો ચંપાનુ ફુલ, ન્હોય એતો કમલ, નહી રાખે એતો તને હૃદયમાં. અલિ પારકામાં પ્રેમ શો ?" એવા એવા અનેક સ્નિગ્ધ અને શ્લિષ્ટ આલાપ બોલતી બોલતી જાણે એ કુમારની— વસંતબાના જીવિતેશ્વરની-મદનમિત્ર માધવની સાક્ષાત્ પ્રતિકૃતિ પોતાના હૃદયમાં લેતી હોય એમ મણિપુરની પુરંદરી જેવી સુંદરીઓ દીસવા લાગી. પોતાના પરંપરાના કુલીન, સુખદ, સ્નેહાર્દ્ર, પૂજ્ય અને પ્રિય રાજાની વૃદ્ધાવસ્થામાં આવેલો આપત્કાલ, સૂર્યોદયથી વિખેરાઈ જતા વાદળની પેઠે, નાસી જવા લાગ્યો, પોતાનીજ પવિત્ર પ્રીતિની સજીવ પુતળી હોય, એવી નિર્મળ વસંતવિલાસિનીના હરણનો કાલ હરણવત્ પલાયન કરી ગયો, સિંહના બચ્ચાએજ સિંહણની પુત્રીનુ રક્ષણ કરી નગરની નાશી જતી શ્રી, હ્રી અને ધીને પાછી આણી, તેથી આ વિજયનો પુત્ર વૃદ્ધજનોને પુત્રવત્, તરૂણોને સહોદરવત્, બચ્ચાંઓને

પિતાવત્, અમૃતથી, જીવિતથી, હૃદયથી અને સર્વ આત્મીય વસ્તુથી પ્રિય થઈ પડ્યો. તેથી હસિતથી ચંદ્રિકાને, વિવેકથી કુમારને, પ્રતાપથી ઇન્દ્રને, સૌમ્યતાથી ચંદ્રને હઠાવતો આ કુમાર મણિપુરના નાગરિકોના યાવતુજન્મના પુણ્યપરિપાકના ઉદયની પ્રભાને લેઈ, ચોરાઈ ગયેલાં અંતઃકરણની સમષ્ટિને લેઈ તથા આનંદની મેઘમાલા લેઈ ઉત્તરાયનમાં સૂર્યની પેઠે, નગરમાં પ્રવેશ કરવા લાગ્યો, ત્યારે તેનાં, અને વસંતબાનાં ઓવારણાં લેતાં સ્ત્રીપુરૂષ તેમની વ્યથાને પોતપોતામાંજ વહેંચી લેવા લાગ્યાં. સર્વનાં ચક્ષુ તેમના ઉપર એવાં નિશ્ચલ થયાં હતાં કે જાણે સ્થલ ઉપર ઉગેલાં વિકસિત કમળોમાં થઈનેજ તેઓનો રસ્તો હતો; આનંદિત અને સ્મિત વદન રૂપી માલતીના વનમાં થઈને તેમનુ પ્રયાણ હતું. ત્યાં પ્રમદાઓની ચંડેલી ભ્રમર રૂપી ઉડતા ભ્રમર હતા, નિઃશ્વાસના પરિમલ હતા, સ્નેહની વૃષ્ટિ હતી; પ્રમદાઓનાં, સન્નિધ છતાં પણ વિરહિત હૃદયનો તેમના ઉપર તાપ પડતો હતો, સીત્કારનીજ ટાં'ડ પડતી હતી, તેથી તેમને અભિનંદન કરતાં મનુષ્યરૂપી લીલાં વૃક્ષના નગરરૂપી વનમાં તેઓ ષડ્ઋતુને સેવતાં હતાં.

સીતાને લેઈ અયોધ્યામાં જતા રામચંદ્ર જેવા આ કુમાર ઉપર આશિર્વાદના મેઘ તુટી પડ્યા, તેમાં ન્હાતો ન્હાતો પ્રયાણ કરી તે રાજભવનમાં રાજપુત્રીને લેઈ દાખલ થયો. તુરતજ લોકલજ્જા અને રાજ્યગાંભીર્ય વિદાય થઈ ગયાં. રાજ્યરંગભૂમિ ઉપર અવિચ્છિન્ન વેશ ભજવનાર પાત્રોએ લૌકિક ભૂમિકાનો ત્યાગ કરી નૈસર્ગિક સ્થિતિ ધારણ કરી. રાજ્યમહાલયની એકાંત ભૂમિમાં હૃદયભાવની ઉર્મીઓ ઉઠવા માંડી, અંતઃપુરમાં હૃદયપૂર ચઢી ગયું. હર્ષથી દીન થઈ ગયેલાં, ગંડક જેવાં દેખાતાં માતાપિતા સન્મુખ જઈ વસંતબા—અધીરી વસંતબા "આ મને છોડાવનાર રાજપુત્ર." એમ બોલતી માતાના બાહુપંજરમાં એવી ભીડાઈ ગઈ, સપડાઈ ગઈ, ઢબુરાઈ ગઈ, ચ્હોટી ગઈ કે નયનથી સરતાં ઉષ્ણ જળ સહાય ન થયાં હતે તો સર્વથા, આ બે હૃદય પુનઃ ઉખડનારજ ન હતાં. રાજા તો "ધન્ય છે, કુમાર, ધન્ય છે. શું કહું? મ્હારું ઘડપણ સુધાર્યું. મેં મસ અનર્થ કર્યો! હા ધિક્! પુત્રી, ત્હારું શું થયું? તું કેમ રહી? તને કેવું દુઃખ પડ્યું?" ઈત્યાદિ હજાર વાતો ઉત્તર મળ્યા શિવાય પુછતો જાય, સુગુણ અને કુમાર સામો જોતો જાય, પુત્રીને ચુંબન કરતો જાય અને ન માયાથી હૃદયના આનંદને પાણી રૂપે નયનની બાહેર કહાડતો જાય. પરંતુ

"કુસુમાવલી કશાયમાં નથી." એવા દૃઢ શબ્દથી બોલતી પોતાની દોષરહિતા, સત્યભાષિણી પુત્રીના મુખમાંથી એક અને બે વખત અમૃત ધારા છુટી ત્યારે એકદમ રાજા છતાં, "હોં, હોં" કહી વાર્યા છતાં, અખંડભૂમંડલૈકમણિ મહારાજા કેસરીસિંહ, અંબિકા આગળ, તેમ કુસુમાવલી આગળ ગલિત થઈ દંડવત્ કરી સ્તુતિ કરવા લાગ્યો. પણ શું સ્તુતિ કરે ? પોતાને ઘેર દાસી થઈને રહેલી કુલી, પોતાના ભાઈ માનસિંહની કુલાત્મજા તથા યશસ્વી અને મનસ્વી વીર મદનસિંહ અમાત્યની અર્ધાંગના સતી કુસુમાવલીને આમ મિથ્યાપવાદનુ લક્ષ્ય કરી તેને બહુ બહુ વિતાડ્યું એવા ભાનથી તે ઢળી પડ્યો. તત્ક્ષણ માતાના આશ્લેશમાંથી છુટી થઈ પિતાને પોતાના અંકમાં લેઈ વસંતવિલાસિની રડતે રડતે "બાપા, બાપુ, બાપાજી." એમ બોલતી બોલતી તેની હડપચી હલાવવા લાગી, તેના કપાળનો પ્રસ્વેદ લ્હોવા લાગી અને પોતાના ફડકીયાથી વા ઢોળવા લાગી. કુસુમાવલી પણ બરફથી શીતળ જળનુ સિંચન કરતી તેના પાદદ્વય દાબવા લાગી, અને ઉષ્ણ જળમાં પોતાનાં ચક્ષુદ્વયને તરાવવા લાગી. પરંતુ વૃદ્ધાવસ્થામાં અતિ હર્ષ અશક્તિનુ કારણ બને છે તે પ્રમાણે આજે નરપાળને થયું; તેથી તેને ભાન આવે, તે ઉઠવા જાય, પુત્રી સામે જુવે, પાછો મૂર્છિત થાય, વળી ટટાર થાય, પોતાના પ્રધાન સામુ જોઈ રહે, મદનસિંહ સામે ઓશીયાળી દૃષ્ટિ કરે પણ છેલ્લે ભાઈ માનસિંહના ઉપર હાથ નાખીદે.

સર્વથા, આપત્કાળમાં તો "સગપણ સોનું અને પ્રીત પીતળ" છે. બાકી ક્યાં ભૂપતિ કેસરીસિંહ અને ક્યાં એક બ્હારવટીઓ ? પોતાનું અપમાન કરી, પોતાની એકનીએક આજ્ઞા ન ગણુકારી, પુત્રીને ગુમ કરી દેઈ, પોતાનું પણ ખોવરાવી, પોતાનાજ રાજ્યમાં અનેક નિર્દોષ, અશક્ત, પ્રજાને એકાંતમાં અને અંધકારમાં લુટનાર, મારનાર, ડરાવનાર, અને લાગ આવ્યે પોતાને પણ પરાધિન કરનાર, તોયે પોતાનો ભાઈ-એટલે આવા પોતાના ઉદયના પણ શરમાવા જેવા કાળમાં નરપતિને તેનોજ આશ્રય વ્હાલો, હિતકર અને હુંફ ધરનારો લાગ્યો. ભલે આજકાલના વિકારી મિત્રો શુદ્ધ પ્રેમના નામથી એક બીજાને અને પોતાને ઠગે કે એક બીજા અને પોતાથી ઠગાય; ભલે જુવાનીના મદથી વિવેકરહિત બનતા અનુભવ વિનાના પુરુષો કુટુંબમાં કલેશ ઘાલે, ભાંડુને તરછોડે, સહોદરને સતાવે, પણ અંતે સ્નેહ તો સગાનોજ રહેવાનો. શોણિતના સ્નેહની ખુબી તો કંઈ જુદાજ પ્રકારની છે. ગમે તેવા

વ્હાલામાં વ્હાલા કસાયલા મિત્રોનાં લોહી કદી પણ એક થવાનાં નથી. લોહી તો સહોદરનુજ મળે છે. જ્યાં રગેરગ પ્રસરતુ રક્ત એકતા ધરાવે ત્યાં મનુષ્યનો કૃત્રિમ વ્યવહાર જુદાઈ રાખે તે ક્યાં સુધી નભવાનુ? માત્ર દુઃખની ઘડીના દર્શન સુધી. ભાંડુના અવસાન સમયે વડકારો વડકારો તોયે કયો ભાઈ નથી રડ્યો? અને મિત્રના અવસાન પછી કયા મિત્રનો સ્નેહ ગાઢો ગાઢો તોયે લપસણો નથી થયો? નિઃસંશય, "સગાંનાં હાડ હસે અને લોહી તપે" એ વાત નિર્વિવાદ છે.

વિષયના વિષથી, વેવલી વધૂના વલવલાટથી, યૌવનમદની મદિરાથી, મૂર્ખ મિત્રની મૂર્ખતાથી, કલ્પિત સ્વતંત્રતાના મંત્રના સંમોહથી અને અહંતાના અભિનિવેશની વિસ્મૃતિથી રૂધિરની સગાઈનો તિરસ્કાર કરનાર અધીર પુરૂષો અંતે બ્હાવરા બનેછે. પરંપરાનો સંબંધ તોડી નવો સંબંધ બાંધનાર, સંગ્રહીત નાણું ફેંકી દઈ નવું ધન પેદા કરવાને ગોથાં ખાનાર મનુષ્યની પેઠે હાસ્યાસ્પદ બને છે. સ્વકુટુંબમાં કે સ્વજાતિમાં ભિન્ન ભિન્ન સ્વભાવનાં મનુષ્યો હોયછે. એવી અનેક પ્રકારની ભિન્નતાને અનુકૂળ કરી લેવાની, અનુકૂળ ન થાય તો સહન કરી લેવાની, સહન ન થાય તો ધૈર્ય રાખવાની અને ક્ષમા આપવાની ખરી શાળા આ જગત્માં સ્વજાતિની સંસ્થાથી બીજી કઇ છે? એવી સહજ શાળાના નિયમનું ઉલ્લંઘન કરી પોતાના બચાવમાં તેનો ત્યાગ કે તિરસ્કાર કરનાર અથવા તેના ઉચ્છેદ માટે પ્રવર્તનાર પોતાને બેસવાનું ડાળ કાપે છે. વળી જે પુરૂષ સ્વકુટુંબ કે સ્વજાતિના નિયમો ન પાળી શક્યો તે મહાન્ રાજકીય કે સાંસારિક કે ઔદ્યોગિક સંસ્થાઓના નિયમો કેવી રીતે પાળી શકવાનો? વ્યક્તિના સંયમમાંજ સમષ્ટિની સ્વતંત્રતા સમાયલી છે. વ્યક્તિની સ્વતંત્રતા સ્વૈચ્છિક બનતાં સ્વચ્છંદતાનુ રૂપ ધારણ કરે છે ત્યારે વ્યવહાર માત્ર અસ્તવ્યસ્ત બની જાય છે. માટેજ ગૃહમર્યાદા, કુલમર્યાદા, જાતિ મર્યાદા, નગર મર્યાદા, દેશમર્યાદા આદિ મનોનિગ્રહ અને તેથી સુખસંગ્રહનાં બંધારણ બંધાયલાં છે. સ્વપુત્રી પ્રતિ સ્વાર્થી પ્રેમને લીધે જાતિમર્યાદાનુ ઉલ્લંઘન કરી માનસિંહને બ્હારવટુ લેવું પડ્યું; કનકપુરના સ્નેહીરાજાને ઉપકાર કરવાના અભિનિવેશથી તેજ મર્યાદાનું ઉલ્લંઘન કરનાર કેસરીસિંહને અત્યારે તો બ્હારવટે નીકળેલા ભાઈનું શરણ લેવું પડ્યું, ભ્રાતૃજા કુસુમાવલીની ક્ષમા માગવી પડી.

જે સમયે આ પ્રમાણે ઓશીયાળો થતો મહારાજા કેસરીસિંહ કાં'ડી મુકેલા, પણ આ સમયે પાસે બેઠેલા, ભાઈને આશ્રયે રહી અનેક

પ્રકારના નિરર્ગલ અને બાલિશ પ્રલાપો કરેછે, જે સમયે રાણી કામસેના તથા પુત્રી વસંતવિલાસિની પિતાને ઉપચાર કરે છે તેજ સમયે ખશીયાણો પડેલો આ રાજ્યનો દમામવાળો પ્રધાન, મિત્ર મદનસિંહનો, કુમાર માધવસિંહનો અને વીર સુગુણસિંહનો તથા પોતાના અન્નદાતા કૃપાળુ કેસરીસિંહનો ત્યાગ કરીને, જેનુ બે પ્રહર ઉપર રક્ત પીવાને તૈયાર થયો હતો તે કુસુમાવલીને પગે પડી કહેવા લાગ્યો "બ્હેન, મેં તને બહુ વિતાડ્યું, ત્હારા કોમળ દેહ ઉપર ઝાલનારના હાથને પણ વ્યથા કરે એવા ચાબુક મરાવ્યા, તને ગાળો ભાંડી, અરે, આ ચાંડાળે મ્હારા પ્રિય મિત્રના દેખતાં તેની અર્ધાંગનાની દેહ દૂષિત કરી. બ્હેન, મને દયાએ ન આવી. હાય! હાય! મ્હેં શું શું કર્યું! મને જરા કહેવું' તું? ચિતા ઉપર બેસી અજાણ્યાઓને જે વાત કહી તે વાત—અરે, તેનો ઇસારો પણ આ ત્હારા પિતાના પરમમિત્રને કર્યો હોત તો આમ પશ્ચાત્તાપનાં તીવ્ર તીર મ્હારે ખમવાં પડત? હું શું કરું? કો'ને કહુ? શી રીતે ત્હારી ક્ષમા માગું? આ પાપ ક્યાં ભોગવાશે? અથવા ભોગવતાંએ ક્યાં છુટકો થશે? માતા, ક્ષમા કરો." "પ્રધાનજી, વડીલ," ગદ્‌ગદ્ કંઠે કુસુમાવલી બોલી "રાજ્યધર ધારણ કરી રાજ્યના શાસ્ત્રને અન્વયે આપ જે કંઈ કરો તે અદોષજ છે. વસંત-બાને માટે આપ જે કરો તે દુઃખકર હોય તોપણ મ્હારે તો સુખકરજ છે માટે આવું બોલી કાં પુત્રીને ઓશીયાળી કરોછો? કુલી તોયે તમારી દાસી છું; કુસુમાવલી તોયે તેની તેજ છું." ક્રોધ અને દૈન્યમાં સરખા વેગવાળો ક્ષુભિત પ્રધાન બોલ્યો "ના, ના, પ્રિયસખી! એમ બોલી હવે પડ્યા પર કાં પાટુ મારોછો? મ્હેં અન્યાય કર્યો એવું તું કહે એટલે મને શાંતિ થશે; મેંતો અધર્મજ કર્યોછે." એટલું કહી તે માથું પછાડે છે એટલામાં કુસુમાવલીએ તેનો હાથ ઝાલી તેને શાં શાં વાનાં કર્યાં અને પતિના મિત્રને પોતાનો નિર્મળ પ્રેમભાવ બતલાવ્યો. તરતજ હાથ ખેંચી લઈ "આ ચાંડાળને આવો પવિત્ર સ્પર્શ અનુચિત છે." એમ બોલી તે હાથ જોડી ઉભો રહ્યો. કુસુમાવલી:—"કંઈ નહી. આપે કંઈ કર્યું નથી. મ્હારા પ્રારબ્ધનોજ દોષ! જન્મથીજ મા'રા નસીબ પ્રમાણે થાય છે તેમાં આપ શું કરો? હું અવતરી ત્યારથીજ વિષવલ્લી બની છું; નહીંતો જે મારૂં રક્ષણ કરે તેનુંજ અહિત કેમ થાય? મારે માટે પિતાને બ્હારવટુ લેવું પડ્યું, મારે માટે માતાએ દેહનો ભોગ આપ્યો, મારે માટે મારા પ્રાણનાથને દેશવટો લેવો પડ્યો,

મારે માટે બ્હેન વસંતબાને પણ મહાકષ્ટ વેઠવું પડ્યું. અરે, મારે માટે કારાગૃહમાં પણ મનુષ્યવધ થયો. સર્વથા, હુંજ કુલક્ષયિણી છું. વળી રાયમલ્લ હરી ગયો ત્યારે આપ ક્યાં હતા? દુષ્ટ સૈનિકે હરણ કર્યું ત્યારે આપ ક્યાં હતા? આપનો શો દોષ છે? અભિમાન બુદ્ધિથી નહી પણ અધિકારને અંગે આપે કરેલી આજ્ઞાઓ કોઈ રીતે બાધક નથી માટે આપ જરાએ મુઝાશો નહી." પણ ન રહેવાયું તેથી રડી જઈ પ્રધાને કહ્યું, "કુસુમાવલી, કુલી, સુકુમારી, તું જરા કહે કે મેં દુઃખ દીધું, અને મ્હારો દુઃખભાર લઘુ થશે." પિતાને જરા ધવા વળવાથી તે, સુગુણ, વિમળા, સુજાણબા આદિ મંડળ સાથે વાત કરતો હતો એટલે, આ નાટક જોવા આવેલી વસંતબાથી પ્રધાનનુ કષ્ટ ન ખમાયું, તેથી પ્રિય સખી કુસુમાવલીનો પલ્લવ ખેંચી તે બોલી, "કહેની બ્હેન, એ જે કહે તે. એમાં તમારું શું જાયછે? એમને બિચારાને ઠીક થશે." ગંભીર વદન રાખી ઠપકો દેતી હોય એમ કુસુમાવલી બોલી, "વસંત બ્હેન, આપત્કાળમાં પણ અસત્ય વચન ન બોલી હવે મ્હારે જુઠું બોલવું? એ શું બોલી?" વસંત શરમાઈ ગઈ ખરી; પણ હરખમાં મકલાતી બોલી "પણ એમાં શું થઇ ગયું–એવું બોલવું છે તેમાં?" કુસુમાવલી પુનઃ બોલી "સખી, આપત્કાળે તને અલેતીજ રાખી, હેં? હોય! સુખમાંજ ઉછરી છું માટે સદ્ગુણની કિમ્મત નથી. પણ પ્રધાનજી, વિચારીને કે અવિચારીને મ્હારી બ્હેનપણીના ઉપર સ્નેહથી, રાજા ઉપર મમતાથી અને ધર્મ ઉપર આસ્થાથી આપે અનુચિત કર્યું હોય તોપણ મ્હારા પતિ ઉપરના આપના તે કાળના સ્નેહે, આપની તે કાળની અવસ્થાએ અને આપની અત્યાર સુધીની રીતભાતે સર્વ કર્મ ક્ષમ્ય કર્યાંછે. તે માટે ગતવાત વિસરી જાઓ, વર્તમાન સુખને અનુભવો અને ભવિષ્ય સુધારો." શાણી સખીની શિક્ષાને માન્ય કરી, તેણે ક્ષમા આપી એમ માની લઈ, પ્રધાને કુસુમાવલીને અને તેના પિતાને પરસ્પર ખુલાસા કરાવ્યા, બન્નેના વિકાર શમાવ્યા અને બંનેને શાંત પાડ્યાં.

મણિપુરના રાજ્યમહેલમાં શોકને બદલે આનંદે નિવાસ કર્યો, આનંદની ઉત્તરલતાને ઠેકાણે શાંતિએ વાસો કર્યો. અંતે દુઃખની સ્મૃતિને ઠેકાણે સુખની અનુભૂતિ પ્રસરી ગઈ. આ પ્રમાણે આખો દિવસ આનંદ, ઉત્સવ અને આશ્ચર્યમાં તથા પ્રિય લાગતા શોકમાં અન્ન જળ કે ઉંઘના તથા સ્ફૂર્તિ આપતા શ્રમના ભાનવિના વહી ગયો.

સર્વ મંડળ નવું જુનું થઈ ગયું. ચગડોળે ચ’ડેલાં ચિત્ત સ્વસ્થ થયાં. પાસેનાજ એક ખંડમાં પતિની સેવામાં રોકાયલી કુસુમાવલી, વસંતબાને, નરપતિને અને મહારાણીને તો કુલીને કુલીજ રહી. કુલીને અને કેસરીને વ’શાડી મારવામાંથી અથવા રમતીયાળ સ્વભાવથી કુલીનો અભાવ આવે એવું કેસરીને જુઠુંસાચુ ભરવવાથી આવુ અનિષ્ટ પરિણામ થયું જાતેજ અનુભવ્યા છતાં વસંતવિલાસિની શળીયાખોરને શળીયાખોરજ રહી. પોતાના ગૃહમાં આવેલા રાજ્યમંડળમાં પોતાનુ હલકું ન પડે એ વાત પ્રતિક્ષણ ધ્યાનમાં રાખતી દેવી કામસેના અલૌકિક પરોણાગત કરવાના કામમાં પડી અને નરપાળ કેસરીસિંહ તો સંસારને સરી જાય એવો જાણી તેના ઉપરનો રાગ આત્મા ઉપરજ ચોં’ટાડવા લાગ્યો. આપત્કાળમાં અવિચારી બનેલો પ્રધાન પોતાની ભૂલ જોઈ શક્યો એટલે પોતાના મિત્ર મદનસિંહ પાસેથી તે તો રાજ્યનીતિના પાઠજ ભણવા લાગ્યો. મહા આપત્કાળે દુઃખીઆરી થએલી દેવી સુજાણબા તો છોકરાંને જોઈ હીસે અને જ્યાં ત્યાં ઉપકારબુદ્ધિ પ્રકટ કરે.

પણ જુવાન માધવસિંહ તો સર્વનો પ્રાણ બનેલો એટલે સર્વની ક્રિયામાં તે વ્યવહાર કરતો હતો. વિમળા અને સુગુણસિંહ અન્યોન્ય પર અપૂર્વ પ્રીતિ થવા અન્યોન્યના ગુણનુજ ગ્રહણ કરતાં પ્રચ્છન્ન વિવાહને ચાસન કરવાના મુહૂર્તનીજ વાટ જોતાં હતાં. અને મહાબુદ્ધિમાન મદનસિંહ ધૈર્યથી અને ધીમાશથી અનેક મહાભારત વિપત્તિઓને તેમ આ વ્યાધિને પરાસ્ત કરી મણિપુરમાં બેઠો બેઠો કનકપુરના સોનાના સૂર્યને ઉદયાચળે ચ’ડાવતો સર્વ કોઈને આશ્ચર્યમાં નાખી આનંદ આપતો હતો.

પ્રકરણ ૩૩ મું.

પરિણય.

કેટલેક દિવસે મધ્યાહ્ન પછી રાજ્યમહાલયમાં નાગરિકોનો મહાન મેળો થયો. લગ્ન સમારંભમાં કે દેવદર્શનમાં કે હરિકથાના સંમેલનમાં વૃદ્ધ, તરુણ, બાળ અને સર્વે પ્રકારનાં સ્ત્રીપુરુષ લાજનો ઘુંઘટ ઓઢ્યા વિના બેધડક

નિરંકુશતા વાપરે તો આર્યાવર્તમાં તે સબાધ નહી ગણાય; તથાપિ મહાલયમાં તો એ વિજાતિ વર્ગને બેસવા માટે પ્રથક્ પ્રથક્ કોષ્ટ રાખવામાં આવ્યા હતા.

એક તરફ જાણે વસંતવિલાસિની અને વિમળદેવીને અમૃતથી વધાવવાને અનેક ચંદ્ર ચ'ડ્યા હોય, જાણે તેમના પ્રફુલ્લ વદનના પ્રતિબિમ્બથી પોતાની શોભા વધારવા અનેક બ્રહ્માંડનાં નક્ષત્રમંડળ આવ્યાં હોય, જાણે ચંપકવર્ણો દેહ ઉપર ચંપકવર્ણો ચીર પહેરીને તેમના મધુર શબ્દ સાંભળવા ઇંદ્રની અપ્સરાઓ આવી હોય એમ, નયનથી ખંજનને, અલકથી શેષને, કપોલથી પંકજને, નાસિકાથી કીરને, અધરથી પ્રવાળને, દંતથી કુંદને, કંઠથી કપોતને, બાહુયુગલથી ગુલાબી હારને, કટિતટથી સિંહને, જંઘાથી કેળને અને પાદતળથી રક્તકમળને લજ્જિત કરતી, વક્ષ:સ્થળથી ઉડીને બહાર નીકળવા પ્રયત્ન કરતાં ચક્રવાકયુગલને સજ્જડ બંધથી દબાવી તેના સામે ક્ષણે ક્ષણે ઠપકો દેવાનેજ જોતી, અનેક સુંદર પ્રમદાઓ, ઇર્ષ્યા, ચિકિત્સા, સ્નેહ, ભય, માન, હર્ષ ઇત્યાદિ વિકારોનુ પ્રતિબિમ્બ ગાલ રૂપી તકતામાં દેખાડતી જાણે કામની સેનાજ હોય, જાણે વસંતની શોભાજ હોય, જાણે વિદ્યુત્‌ની લતાઓ હોય, જાણે અનેક મોહમાયાઓ હોય કે બહુરૂપી રતિઓ હોય એવી, પોતાની પ્રભામાં આસનને લીન કરી દેતી દેતી, ભ્રમર રૂપી જાળથી ફસાએલા જનોને કપાળમાંજ ધારતી, નિરંકુશ બેઠી હતી. બીજી તરફ માધવસિંહ અને સુગુણસિંહનાં વચન સાંભળી જીવિત સફળ કરવાની લાલસાથી ઉત્કંઠિત થયા હોય, જાણે તેમના પરાક્રમની વાર્તા રૂપી નૌકામાં બેસીને સંસારસમુદ્ર નિરાંતે તરી જવા આવ્યા હોય, જાણે તેમના અણખરીદ્યા દાસ થવા આવ્યા હોય, એમ તેમનાં વખાણ કરતા કરતા, તેમને આશિર્વચન આપતા આપતા, નયનમાંજ તેમને ઉપકાર બતાવતા બતાવતા, તેમના વીતકના તર્ક બાંધતા બાંધતા, આ નગરના વીર સજ્જનો, સામી બેઠેલી લલનાઓના અનવરતમુક્ત બાણના પાતને હવાનાં પીછાં જેવા ગણવાથી સાક્ષાત્ નારાયણ જેવા, ભૂપતિ રૂપી શંકરની પ્રદક્ષિણા કરવાથી સાક્ષાત્ કુમાર જેવા અથવા પ્રાણેશ્વરમાંજ પોતાપણુ માનવાથી જીવન્મુક્ત જેવા બની, મહારાજાના આગમનની વાટ જોતા બેઠા હતા. તેમ સિંહાસનની સામી બાજુએ આ સર્વ જોઈને આનંદ પામતાં ના'નાં ના'નાં નિર્દોષ બાલકો રત્નખચિત ટોપી, સોનેરી જભલાં, ચાંદીનીજ હોય એવી સફેત ધોતીઓ અને

કસબી ઉપાન પહેરી એક બીજાને અડપલાં કરતા, એક બીજાને નવું નવું બતાવતા, એક બીજાને ગળે, જાંઘે, કે માથે હાથ મુકતા, એક બીજાની કટ્ટા કે ગોઠડી કરતા, ગુજામાંથી કંઇ રમકડું ગોઠીઆને દેખાડતા કે ના'ની પીશુડીઓ વગાડતા, કંઈ ઉભા થતાં, કંઈ આળસ મરડતાં, કંઈ પડખે થતાં આ આખા મંડપને પોતાની નિર્દોષતાથી અને સ્નિગ્ધતાથી, ગોપ ગોપીથી ભરેલું–રાધાકૃષ્ણથી અધિષ્ટિત ગોલોક બનાવી દેતાં હતાં. શુક્રના તારાની પેઠે અસ્તમાં અને ઉદયમાં સવિશેષ ઝળક મારી રે'તી સતી કુસુમાવલી, વસંતબા તથા વિમળબ્હેંનની સાથે પ્રસન્ન વદનથી વિરાજિત હતી. બીજાં પણ રાજદ્વારી મનુષ્યો યથોચિતસ્થાને ગોઠવાઇ ગયાં. કૃષ્ણબળરામ જેવા કનકપુર તથા મણિપુરના પ્રધાનો પણ આવી ચુક્યા. થોડીજ વખતમાં "જયજય"ના શબ્દથી, દુંદુભીના નાદથી, વેત્રવતીના પોકારથી, અને છડીની પ્રભાથી ઘેરાયલા, ધનમાં કુબેર જેવા, પ્રતાપમાં સૂર્ય જેવા, શાંતિમાં શિવ જેવા, શાસનમાં યમ જેવા, રૂપમાં કામ જેવા, નીતિમાં કૃષ્ણ જેવા, યશમાં રામ જેવા, શૌર્યમાં અર્જુન જેવા, અને વિરાગમાં જનક જેવા, મણિની ખાણ જેવી મણિપુરીના અધિપતિ મહારાજાધિરાજશ્રીમાન કેસરીસિંહ, સુરગંગાથી પુનિત પોતાની અર્ધાંગના રૂપી નિર્મળ અને પાવન નદીના સ્પર્શથી પોતાની મલિનતા ધોતો ધોતો, વર્ષાદવત્ સર્વપર સમાન કૃપાદૃષ્ટિ વરસાવતો વરસાવતો, સ્મિત વદનથી દિવસે પણ ચન્દ્રિકામય પ્રદેશ કરતો કરતો, ચિરકાળના વિરહથીજ પીત થઈ ગયું હોય એવા હેમજડિત સિંહાસન ઉપર વિરાજિત થયો.

તુરતજ દેશદેશના લઘુગુરૂ ભૂપાલોના પ્રતિનિધિઓના યોગ્ય સત્કાર કરવાની ક્રિયા શરૂ થઈ. કોઈની તાજીમ લેવાઈ, કોઈની સલામ ઝીલાઈ, કોઈ ઉપર નિઘા થઈ; સર્વ કોઈની નજરનો સ્વીકાર થયો. સર્વ કોઈને ઉચિત આસન અપાયાં, સુખ સમાચાર પુછાયા, બંદીજનના સ્તુતિપાઠ ગવાયા, બ્રાહ્મણોનાં આશિર્વચન ઉચ્ચરાયાં. ગાયકમંડળના મધુર સૂરના આલાપ સંભળાયા. શિઘ્ર કવિઓની કવિતાચમત્કૃતિ અને પાદપૂર્તિઓ વખણાઈ. મેના, પોપટ, ચંડુલ, કાકાકૌવા આદિ અનુકરણશીલ ગૃહપક્ષીઓની વિવિધ માનુષીય ચેષ્ટા જોવાઈ અને વખણાઈ. છેવટ મહા મૂલ્યવાન વસ્ત્રાભૂષણના ઉપહારનો સ્વીકાર મહારાજાની કનિષ્ઠિકાના સ્પર્શથી થયો; પણ અન્ય ભૂપાલોના ખલીતાનો સ્વીકાર તો તેમના ઉભય કરકમલથી થયો. આ શિષ્ટાચારથી આ દરબાર રૂપી નાટકના

સૂત્રધાર મહારાજા કેસરીસિંહે ઉચ્ચાર કે આકૃતિવિભ્રમ કર્યાં વિના સર્વ કોઈને ઉપદેશ કર્યો કે આ ધર્મરાજ્યમાં શ્રી કરતાં સૌહાર્દ વિશેષ આદરણીય છે.

દરબારનું પ્રથમ કાર્ય સંપૂર્ણ થયું. રાજત્વને ઉચિત જનમન-રંજનનો અંક ભજવાયો. દ્વિતીય અંક શીરૂ થયો. રાજયદંડના સામર્થ્યનાં દર્શન કરવાનો સમય આવ્યો જાણી સર્વ કોઈ સોત્કંઠ થઈ રહ્યા. થોડીજ વારમાં અવળે પાંગોઠે બાંધેલા રાયમલ્લને હાજર કરવામાં આવ્યો; તેની હકીકત લેવામાં આવી. કર્મભ્રષ્ટ, ધર્મભ્રષ્ટ અને પદભ્રષ્ટ રાયમલ્લે પોતાના વિશ્વાસુ અમાત્ય મદનસિંહને પરદેશ મોકલી તેની સહાયરહિત અબળાનુ મધ્યરાત્રીએ હરણ કરી, તેના ઉપર કુદૃષ્ટિ કરી અને તે નદીમાં પડી; મણિપુરમાંથી પણ દુષ્ટા કેસરીની સહાયથી બિચારી વસંતવિલાસિની સહિત તેનુ હરણ કરી ઘેર જતાં પકડાયો અને આ અવસ્થામાં પોતે આવ્યો—તેનુ યથાર્થ વર્ણન કરી, તેમ પોતાનાં હીણાં માતાપિતાની ઉશ્કેરણીથી રાજયના ખરા હકદાર કુમાર શ્રી માધવસિંહ તથા તેની બ્હેન વિમળાને ઘોર અરણ્યમાં મારી નાંખવાને વિદાય કરી દીધાં તથા મહારાજાધિરાજ વિજયસિંહને કર્યું તેમ તેમનાં ધર્મપત્ની સુજાણબાને ઠેર કરવા ઉપાયો કર્યાં તેનુ સર્વ વૃત્તાન્ત નિડરતાથી, નિર્લજ્જાથી તેણે કહી સંભળાવ્યું. કુસુમાવલીને નિર્ભયપણે પોતાના મહાલયમાં રાખવાને માટે, તેના ધર્મપતિ અને પોતાના નિમકહલાલ પ્રધાન મદનસિંહને ઠગ તથા ફાંસીયાની દેવીનુ નૈવેદ્ય કરવા ખજાનો ખાલી કર્યો એ વાત કહેતાં પણ કુલહીનને શરમ ન આવી.

આ વાર્તાઓમાં કાળક્ષેપ ઘણો થયો પણ જાણે હવણેજ બેઠા છે. કોઈને ઉઠવાનુ તો મન થાયજ નહી; જ્યાં ત્યાં "પછી પછી" એવા શબ્દો સંભળાવા લાગ્યા. સર્વથા, આ સ્થળે અવર વસ્તુનો વૈરાગ્ય હતો, અવલંબન હર્ષનુ હતું, ધારણ સ્નેહનુ હતું. સર્વ ઇંદ્રિયોએ કર્ણની તથા ચક્ષુની ઇંદ્રિયમાં આવી નિવાસ કર્યો હતો. હાથમાંથી રૂમાલ પડે, ખોળાનુ બાળક રડે કે કરનુ કંકણ સરી જાય પણ કોઈને નથી તેનુ ભાન કે નથી તેની ગરજ. પોતાની સજાતિ સ્ત્રીનાં માન વધતાં, તેનુ રક્ષણ થતાં, કુસુમાવલી ઉપરનો મિથ્યાપવાદ દૂર થતાં, પોતાના વર્ગ ઉપર આવેલું કલંક ધોવાઈ જતાં, કે પોતાને અપ્રાપ્યા તદપિ પ્રિય એવાં વસંતબા તથા માધવસિંહ અને વિમળદેવી તથા સુગુણ-સિંહના પ્રેમના ઝરાની ધવળતા, નિશ્ચળતા, સત્યતા, અને પૂર્ણતા જોઈ

મનમાં અભિમાન પામતાં, પ્રમદાજનોએ તો પોતાનાજ પ્રિયતમ ઉપરથી દૃષ્ટિઓ ફેરવી તો બીજાની શી વાત? અને તેજ પ્રમાણે અનેક કાર્યવ્યવહારથી કુટિલ નયમાં મગ્ન થયલા નીતિજ્ઞ, કશાની ગતાગમ ન મળે એવા ઘાંચીના બેલવત્ સવારથી સાંજ સુધી કામ કરનારા સ્વાર્થી જનો, ચારે પુરુષાર્થને યથાક્રમ તથા યથાયોગ્ય સ્થાન આપનારા શાણા પુરૂષો, સ્ત્રીને ઈશ્વર રૂપ માની રાતદિવસ તેની સેવા કરનાર રસિકજનો અને ખંડિત સ્નેહમાં પ્રવર્તનારા અભિસારિકો, અરે, સર્વ પ્રકારના ગુણ, સ્વભાવ, અનુભવ અને જાતીના લોકો આ કાળે તો, તુંબરૂના ગાયનથી પશુઓની પેઠે, પોતાની પ્રકૃતિનો ત્યાગ કરી સર્વ રીતે વાતમય થઈ ગયા. વાત બંધ પડી એતો કોઈએ જાણ્યુંએ નહી. છેવટ પ્રધાને ઉભા થઈ હાથ જોડી કહ્યું "કૃપાનાથ, કનકપુરની ગાદી ઉપર બેસનાર રાયમલ્લ કર્મથી અને જન્મથી રાજપૂત નજ નીકળ્યો કિંવદંતી સાચી પડી. "**यत्रयत्रधूमस्तत्रतत्रवह्निः**" એ વાત સિદ્ધજ થઈ. વાત પાયાવગર ચાલેજ નહી. ખરેખર, જે પિતાને ગુમ કરે, માતાને કેદ કરે, પ્રધાનને ઠેર કરવા યત્ન કરે, રાજપુત્ર અને રાજપુત્રી ઉપર મારા મુકે, પ્રથમ સેવકની ધર્મપત્નીની લજ્જા લે, ધૂતકાર સાથે રમે, ગણિકાને નમે તે પૂજ્ય વિજયસિંહનો પુત્ર ક્યાંથી હોય? સર્વથા, કેળે કેળ અને કૌચે કૌચ ઉતરે છે." આટલું અધીરાઈથી સાંભળીને વસંતવિલાસિની બોલી "બાપા, એજ મા'રૂ હરણ કરનાર, મને પજવનાર, મા'રો કેડો લેનાર." ચાંદીની ઘંટાના રણકા જેવો સ્પષ્ટ સ્વર સાંભળતાંજ એકદમ મંડપમાં સ્ત્રીઓને ઠેકાણે શસ્ત્ર નિર્લજ્જ થઈ ગયાં, અને "હાં હાં" એવા રાજા, મદનસિંહ અને માધવસિંહના શબ્દો વારંવાર ન સંભળાયા હત તો દુષ્ટ રાયમલ્લનો વાળ પણ એંધાણી તરીકે હાથ લાગવાનો નહોતો. પ્રધાને સર્વને છાનાં રાખી પોતાની વાત શરૂ કરીઃ "પૃથ્વીનાથ, આવા રાજ્યવિરુદ્ધ, પિતાવિરુદ્ધ, માતાવિરુદ્ધ, પ્રજાવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ કર્મ કરનારને શિક્ષા—" "શિક્ષા?" એમ આશ્ચર્યથી મદનસિંહ બોલી ઉઠ્યો. પણ પ્રધાને કહ્યું "હા, શિક્ષા. અને તે અધર્મીને." મદનસિંહ બોલ્યો, "પ્રધાનજી, એના અધર્મનું શાસન એને થઈ ચુકયું જ નથી?" પ્રધાનઃ—"સખી કુસુમાવલીની આ દશા થઈ તોયે આમજ કહેશો કે?" મદનસિંહઃ—"તેનું પ્રારબ્ધ." પ્રધાનઃ—"પણ આવા અનાર્યને જીવતો મુકશો તો એ કેટલી સ્ત્રીઓને રંજાડશે તેનો કંઈ વિચાર કર્યો?" મદનસિંહઃ—"અંતે સદ્ગુણ જીતે છે.

તો પછી એ ખાતે શો ભય રાખવો ? વળી પતિત ઉપર ક્રોધ શો ?" પ્રધાનઃ-"પણ મિત્ર, આતો સારું નહી. ગુન્હેગારને બચાવવામાં આપણે ગુન્હો કરીએ છીયે." મદનસિંહઃ-" ખરૂ, પણ આનંદસમયમાં ગુન્હેગારને પણ મુક્ત કરવા—એ સન્નીતિ છે. વળી ઈશ્વર પાસે આપણે દયા માગવી અને પારકા ઉપર દયા કરતાં ન શીખવું ? શક્તિ છતાં જતું કરવામાંજ માહાત્મ્ય છે." પ્રધાન અકળાયો પણ બોલી શક્યો નહી, તેથી કુમારશ્રી માધવસિંહની સાથે વાતચિત કરી નરપતિએ રાયમલ્લને નીચે પ્રમાણે હુકમ કર્યો "ધૂર્ત, અધમ, આજેજ તું હતો નહતો થવાનો હતો, પરંતુ જેમના ઉપર ત્હેં આવા આપત્કાળ આણી મુક્યા તેમનાજ વચ્ચે પડવાથી, તેમનાજ ઉપકારથી અને તેમનીજ દયાથી આજે, તું, જીવતોજ મુઓ છતાં જીવતો રહીશ; તદપિ મહારાજા વિજયસિંહનો ખોટો ખોટો પણ તું પુત્ર કહેવાયો, તેમ તને શિક્ષારહિત જતો કરવો એમાં અન્યાય થાય છે, માટે આજથી ખાધેપીધે તા'રી રાજકીય પદ્ધતિએ બરદાશ કરવામાં આવશે; શિક્ષા એટલીજ કે જે રાજ્યમાં તું રાજ્ય કરતો હતો તે રાજ્યના ખરા ધુરંધર કુમારશ્રી માધવસિંહ રાજ્યાસન ઉપર બિરાજી ધર્મકાર્ય કરે ત્યારે પ્રતિદિન સામો આવી ત્હારે સેવકવત્ મજરો કરવો; લાજ હશે તો આ શિક્ષા કરતાં મરણ રૂડુ છે—"**संभावितस्य चाकीर्तिः मरणादतिरिच्यते.**" નહી તો રોટલા ખાઈ પેટ ભર્યાં જ—"**काकोपि जीवति चिराय बलिं च भुंक्ते.**" વસતીને દડીની પેઠે સ્વેચ્છાનુસાર રગડાવવા માટે જ કનકપુરીના પુનિત રાજ્યદંડને ગેડી જેવો તુચ્છ બનાવનાર રાયમલ્લે આ શાસન સાંભળ્યું—પણ કળ્યું નહી. ધર્મ અને લજ્જાથી વિમુખ અને ઘોર કર્મોમાં આસક્ત અત્યાચારીને આ શાસનમાં સમાયલી ઉગ્રતા તથા દયાનું ક્યાંથી ભાન હોય ? "જીવતો રહ્યો" એટલુંજ માનીને તે મનમાં મકલાવા લાગ્યો; અને પોતાની મૂળજાતિના સ્વભાવને અનુસરી "સારૂ આપજી" કહી ભૂપતિને પગે પડ્યો. રાજસભાના અનેક સજ્જનોના નયનમાંથી નીકળતાં તિરસ્કારનાં તીવ્રશસ્ત્ર અધમાધમ ગતિએ પહોંચેલા આ ભ્રષ્ટ અને દુષ્ટના નષ્ટ હૃદયનો સ્પર્શ ન કરી શક્યાં. તેથી મહાકવિ વાલ્મીકિના "**यथा च मन्ये दुर्जीवं तथा न सुमरं ध्रुवम्**" એ વાક્યને સપ્રમાણ કરતો રાજમટી રાજ્યકિંકર થવાથી લેશ પણ ક્ષોભ ન ધરતો આ વર્ણસંકર અવર જનની પેઠે સોત્સાહ જણાવા લાગ્યો; તેની અવધીરણા કરી સભ્યજનો આ દરબારના તૃતીય કાર્યમાં પ્રવૃત્ત થયા.

નરપતિની આજ્ઞાથી વરમાળ લેઇને વસંતવિલાસિની કુસુમાવલી સાથે માધવ તરફ ચાલી પણ વચ્ચે અટકી. "સખી, એ ના કહેશે ત્યારે?" એવું બોલી ધબકતે હૈયે અને ફરકતે હોઠે તે પાદદ્વયને વચમાં ઠરાવી રહી; પણ તેનો ખભો થાબડી, ઈષત્ હાસ્ય કરી "અલી, અધીરી, અલી, ઘેલી, આ તે શું બોલે છે? જોની, ક્યારનોએ વરમાળ ઘાલવા નીચું માથું કરી રહ્યો છે." એવું કહી કુસુમાવલીએ આ નમ્રવદનથી સલજ્જ બેઠેલા કુમારને બતાવ્યો, વસંતવિલાસિનીનો પગ ચલાવ્યો અને રંગમંડપમાં હર્ષ વર્ષાવ્યો. સર્વના "જય જય" શબ્દોના ઘોષ મધ્યે કુમાર શ્રી માધવસિંહને ગળે વસંતવિલાસિનીએ જાણે પ્રેમની પાશ નાંખી હોય, જાણે શિશિર મુક્તાહાર પેહેરાવ્યો હોય, જાણે પોતાનો જીવ અર્પ્યો હોય એમ વરમાળ ધ્રુજતે હાથે આરોપી. પ્રસન્ન અને ગંભીર વદન રાખી કુમારે તે સ્વીકારી. મણિપુરના સેવક ગણાતા કનકપુરના સેવ્ય માધવસિંહે, ભૂપાલ કેસરી સિંહની આત્મજાની અને પ્રજાની સેવાનો અંગીકાર કરતાં સજ્જનોએ નજર કરી, સન્નારીઓએ પુષ્પવૃષ્ટિ કરી, બાલકોએ વારણાં લીધાં, કુલગુરૂએ ગોત્રોચ્ચાર કર્યાં, વિપ્રોએ આશિર્વચનો કહ્યાં અને બંદીજનોએ બન્ને કુલના સ્તુતિપાઠ કર્યા. પુત્રીનું અને પ્રજાનું લાલન પાલન કરનારની સુપાત્રતા જાણી, અનુભવી, રાજારાણીનાં ચક્ષુમાંથી હર્ષાશ્રુની ધારા ચાલી અને તેમાં સભ્યજનની મળી; તેમાં આર્દ્ર થયા છતાં અતિ હર્ષથી દબાઈ ગયા છતાં વરમાળ રૂપી જાળથી ફસાયા છતાં સ્નેહાર્દ્ર માધવસિંહ નરપતિ પાસે જઈને પગે પડ્યો. માથે હાથ મુકીને દાન ઉપર દક્ષિણા માગવાનુ ભૂપાળે માધવસિંહને કહ્યું. "કૃપાનાથ, વિમળા મારી પેઠે આપનુ અપત્ય છે. એ પણ વરલાયક થઈ છે. એને પણ આ કાળે અમારા કુટુમ્બ ઉપર અનેક ઉપકાર કરનાર આ વીર સગુણસિંહને આપને હાથે આપવી ઘટે છે." ભાઈના આ બોલ સાંભળીને જાણતી'તી તોપણ વિમળા તો મલકાઈ ગઈ. જાણે ઉડીનેજ સુગુણના ખોળામાં પડવા તેણે વિચાર કર્યો. 'વસંત વરી ગઈ અને હું રહી ગઈ.' એ સ્પર્દ્ધા તેના મનમાંથી નીકળી ગઈ, પરંતુ સુગુણ શું કહેશે એવો કંઈક વિચાર થતાં પૂર્વસંસ્કાર સ્ફુરી આવે એવો તેણે ઈસારો કર્યો; સુગુણ સમજ્યો, કંઈક પશ્ચાત્તાપમાં પડ્યો પણ પાછો ઠર્યો; તરતજ રાજમાતા સુજાણબાની અનુમતિ લેઈ સુગુણને પોતાની પાસે બોલાવી નરપતિએ વિમળાને હાથે

તેને લગ્નની ગ્રંથીથી બંધાણ્યો. અંભોનિધિ અને ચન્દ્રિકાનાં પ્રત્યક્ષ સ્વરૂપ જેવાં દેખાતાં, ગૃહસ્થાશ્રમમાં પ્રથમ પાદ મુકતાં આ બે દંપતિયુગલને જોઈ નગરજનના બોતેર કોઠે સ્નેહપ્રદીપ પ્રગટી ગયા. સર્વથા, હસ્તનક્ષત્રની દીપોત્સવી તો આજેજ થઈ. દાન ઉપર દક્ષિણામાં સુગુણસિંહે તો મહારાજાના આશિર્વચન શિવાય બીજુ કંઈ માગ્યું નહી.

તૃતીય અંક સમાપ્ત થયો. રંજન, શાસન અને પાલન એ ત્રણે રાજધર્મનું દર્શન થયું. તેથી બે યુગલના સુખના, ચેષ્ટિતના, સામર્થ્યના, ધર્મના, વિહારના તર્ક કરતાં અને પોતાને ધન્ય માનતાં આ રાજ્યનાં સ્ત્રીપુરુષ સૂર્યનાં કિરણોની પેઠે અનંત સમુદ્રમાં વિખરાઈ ગયાં અને સર્વ ઉપર રાત્રીનુ સામ્રાજ્ય થયું.

પ્રકરણ ૩૪ મું.

વિદાયગિરી.

લગ્ન ક્રિયા પૂર્ણ થઈ. કંસાર જમ્યા અને જમાડયા, દોરડા બાંધ્યા અને બંધાણ્યા, ચુંટી ખરણી અને ખરણાવી, ઈસારતો કરી અને કરાવી, દસાઈયાં જમ્યાં અને જમાડ્યાં તથા એવી એવી અનેક પ્રેમનું વર્દ્ધન તથા હર્ષનું ઉદ્દીપન કરનારી ક્રિયાઓ કરી અને કરાવી. એકબીજાના કર ઝાલતાં "पुण्याहम्" "पुण्याहम्" બોલીને એક થયલાં દંપતીયુગલના સુરતોત્સવના પ્રથમ દિવસો કેટલા અને કેમ ગયા તે ન જણાયું કે ન ગણાયું. પરંતુ રાજમાતા સુજાણબાના અતિશય આગ્રહથી, વિજયસિંહ જેવા સૂર્યના અસ્તથી ગૃહમાં સંતાઈ રહેલા કનકપુરના સજ્જનોના આ ઉદિતભાનુપ્રતિ વિનંતીપૂર્વક આમંત્રણથી, પ્રમદાની નિરંકુશ કટાક્ષમાં વિંધાઈ તત્પરાયન થવાની શ્વસુરગૃહમાં અપૂર્ણતા દર્શાવનારી ઇચ્છાથી, મણિપુરમાં પોતાની તેમ કનકપુરીમાં બનેવી સુગુણસિંહની સંભાવના કરવાની ઉત્તમ વૃત્તિથી, અસ્વસ્થ અને નધણીયા બનેલા રાજ્યને સુસ્થ અને સનાથ કરવાના વિચારથી તથા પિતૃનિર્વિશેષ પ્રધાન મદનસિંહ તથા ધર્મમાતા કુસુમાવલીને આત્મવત્ અનુકૂળતાઓ કરી આપવાના આશયથી તથા કાંક દુષ્ટ અને અધમ રાયમલ્લને વિશેષ છુટ આપવાના હેતુથી રાજાધિરાજ માધવસિંહે,

પ્રથમ રાણી સુજાણબાની અનુમતિ લીધી, પછી ભગિની વિમળા તથા વીર સુગુણસિંહને સૂચન કર્યું. છેલ્લે એક દિવસ નિત્ય કર્મ કરી મહારાણી કામસેના સાથે આનંદમાં આત્મસંયમની વાર્તાઓ કરતાં મહારાજા કેસરીસિંહ વાનપ્રસ્થ ધર્મનો પાયો ઇંદ્રપ્રસ્થના મેહેલથી પણ ઉંડો નાખતો હતો, અને દેવી દુઃખમાં ચ'ડેલા વૈરાગ્યને સુખમાં ખંખેરી નાંખી, કાં વસંતના, કાં માધવના, કાં કુસુમાવલીના કે કાં વિમળાના ને સુગુણના ગુણનુ ગાન ગાતી, કુસુમાવલીને સર્વને માથે મુકતી હતી તથા પતિની વિરાગીવૃત્તિમાં રાગ ભેળવતી હતી, તે પ્રસંગે તેમની સમીપે જઈ પુનઃ પુનઃ નમસ્કાર કરી, તેમને શોક ન થાય—ધ્રાસકો ન પડે—એમ હળવે હળવે તેણે કનકપુરીની અવસ્થાની વાર્ત્તા કહાડી. ત્રણે પુરુષાર્થ સિદ્ધ કરી ચોથાની ગુંચવણીનો પણ ઉકેલ પાડવામાં નિપુણ નૃપતિ આગળ, નીતિજ્ઞ છતાંએ માધુભાનુ કળ્યું પડ્યું. પરંતુ શાણો શ્વસુર બોલ્યો "પુત્ર, પ્રજાનુ રક્ષણ કરવું એ નૃપતિનો ધર્મ છે. તો કનકપુર જવાની તમારી ઇચ્છા વાસ્તવિક છે. અમારા સ્નેહ કરતાં કનકપુરીના નાગરિકોની મમતાથી તમે વધારે આકર્ષાઓ એ તમારા જેવા રાજબીજને ઉચિત છે. અગર જો કે મ્હારી એકની એક પુત્રી, મ્હારા હૈયાનો હાર, મ્હારી આંખની કીકી, મ્હારા ગૃહનો શૃંગાર, મ્હારા બહિશ્ચર પ્રાણ, મ્હારી વૃદ્ધાનો આધાર, મ્હારે ઠરવાનુ ઠામ, અને મ્હારા જીવિતનુ ફલ—એવી બ્હેન વસંતબા હવે અમારી ઉત્તરાવસ્થામાં અમને તજી તમારી સાથેજ જશે, અગર જો કે આ આનંદમહોદધિ ઉપર વિરહાગ્નિ વિખરાઈ રેહેશે—અને અગર જો કે મણિપુરની શાન્તિની ચંદ્રિકા ઉપર ઉદ્વેગનો સૂર્યાતપ પ્રસરી રેહેશે તોપણ તે સર્વે સારાનેજ માટે. કનકપુરીમાં તમે અને બ્હેન આનંદમાં અને યશમાં સંસારસુખના લ્હાવા લ્યો છો, એ જ્ઞાનથીજ અમને સંતોષ થશે. અમારે તો ભવસાગરનો કિનારો હવે અતિ દૂર નથી. માટે અમારી ચિંતા રાખ્યા શિવાય, કનકપુરીના કનકસૂર્ય થઈને ચિરકાળ સુધી પુત્રપૌત્રાદિ સાથે સંપ, શાન્તિ, સુખ અને યશમાં આ ધરાતળનુ રાજ્ય ભોગવો એવી અમારી આશિષ છે. માટે હવે તૈયારી કરો." 'ના કેહેશે' 'આનાકાની કરશે' 'વિલાપ કરેશે' એવા એવા અનેક તર્કો, લિંબુથી પિત્તની પેઠે, શમી ગયા. પરંતુ દેવી કામસેના કંઈ આમ સંસારથી પરવારીને બેઠી નહોતી. તેણે તો જવાની વાત સાંભળી ત્યારથીજ આક્રંદ કરવા

માંડ્યું, અને હાથ ઘસવા માંડ્યા. પતિએ, પ્રાણનાથે પણ જવાની આજ્ઞા આપી–સંમતી આપી તેથી જન્મમાં પેહેલવહેલીજ સતી તેના ઉપર રીસાઈ અને બોલી, “ના બા, એમ તો થવાનુ નથી. મ્હારે ઘડપણમાં એના વિના કેમ ચાલે? આટલા માટે એને પરણાવી છે કે શું? અહીં શેની ખોટ છે જે?” રાજાઃ—“દેવી, કન્યા સાસરે શોભે; વળી અહીં કરતાં તેને ત્યાં શું ઓછું છે?” રાણીઃ—“તે એ વાત નહી નભે. અમારે એવો વૈરાગ્ય નથી જોયતો. આ બધું એનુજ છે તો. ત્યાંથી અહીં રાજ્ય ચલાવે ત્યારે અહીંથી ત્યાં ચલાવશે. આપણે તો એમને ઘરજમાઈ કરીને રાખ્યા છે.” રાજાઃ—“શું કરવા શોક કરવો! એ આપણને ક્યાં હતી! શંકરના પ્રસાદથી એ મળી તો આટલો લ્હાવ લેઈ લીધો. વળી એ આપણી પાસેથી તો ગઈ’તીજતો? જેને ભાગ્યે આવી તે એને લેઈ જાય એમાં શો અસંતોષ? માટે, દેવી, છાની રહે. પોતે રાજ્યભાર માથેથી ઉતારી બીજાએ કેમ ચલાવવો. એ શીખવવામાં અવિનય છે. આ સર્વ કુમારનુ છે. તો એમની ઇચ્છા પ્રમાણેજ છો કરે. આપણે તો હવે પરમાત્મા સાથે અનુસંધાન કરવાનુ છે. માટે બ્હેનને અને જામાતૃને સુખ થાય એમજ કરવા દે.” પરંતુ આ પથ્થર ઉપર પાણી જેવું હતું. કાં કે રાણી, શાણા પુરુષની સ્ત્રી, અનુભવી, અને જ્ઞાની છતાંએ કામસેના માતા હતી એટલે તે રડતી કકળતી બોલી “એવી એવી તમારી કુથલીનુ મારે શું કામ છે? ગઈ’તી ત્યારે ક્યાં હતી? પણ હવે પરમેશ્વરે હાથે કરી આપી ત્યારે આપણે હાથે કરી એને ખોવી! શું બોલતા હશે?” રાજાઃ—“દેવી, અયોગ્ય હઠ નિભે નહી, અને આમ કરે ત્યારે વસંતથીએ તું ના’ની ઠરી.” દેવીઃ—“ના’ની કે મ્હોટી–ફાવે તે કહો. પણ એના વિના તો નહી રહેવાય—પછી અમે એ ન હોઈએ ત્યારે કરજો ભજન ને મનન.” ઈષિત્ હાસ્ય કરી રાજાઃ—“ઘેલી, ત્હારાં પવિત્ર માતાજીને તજી તું અહીં કેમ આવી? તું ત્હારા સ્વાર્થ માટે ત્હારાં માતાજીથી છુટી પડી. ત્હેં કર્યું હતું તે પણ વસંતને નહીં કરવા દે? એવી તું સ્વાર્થી? પુત્રીના સુખ કરતાંએ ત્હારો સ્વાર્થ વધ્યો?” આ વાત ખરી લાગી તેથી ડુસકાં ભરતી રાણી બોલી “ત્યારે એ છો જાય—મને મ્હારે નહી ગમે તો સ્નેહની ચેહ ક્યાં ખોળવા જવી પડે તેવી છે.” રાજાઃ—“દેવી, માગ્યું મોતે આવતું નથી. માટે એવું બોલી કાં સંતાપ કરે છે? જરાતો વિચાર. વિયોગ

તો કાલે વહી જશે. ને કાલે સવારે દુહિતરને ખોળામાં રમાડીશ." નીતિની અને જ્ઞાનની વાતો ન ગમી પણ ભાંણેજ રમાડવાની વાત સ્મરણમાં આવતાંજ દેવીનો શોક લઘુ થઈ ગયો અને જામાતૃ પ્રતિ તે બોલી, "ત્યારે લેઈ જાઓ એને—પણ જો જો હોં–એનો વાળ વાંકો ન થાય. મહા મહા સંકટે ઉછેરી એને તમને સાંપી છે." કુમાર શરમાઈ ગયો, બોલી ન શક્યો, પણ હાથ જોડીને ઉભોજ રહ્યો. પરંતુ તેની તરફથી ડાહ્યો રાજા બોલ્યો "દુઃખી છતાં, મૃત્યુને વશ છતાં, તું એને આપીશ એવી આશા પણ ન છતાં જેણે મહા ઘોર અરણ્યમાં વાઘ, વરૂ, રીંછ, ભૂત, પ્રેત, નિશાચરથી ન ડરતાં, અંધકારને પણ ન ગણતાં, ભણકારને પણ હઠાવતાં, અટંકા, બળવાન, સશસ્ત્ર અને કૃતનિશ્ચય પ્રચંડ શત્રુઓનો પરાજય કરી લાજસહિત ત્હારી કન્યાને ત્હારે ઘેર આણી—ત્હારા ખોળામાં મુંકી, તે હવે પોતાની મીલકત છતાંએ બ્હેનને નહી સાચવે એવા ભયથી, "સાચવજો" એમ કેહેતાં, દેવી, ત્હારી જીભ કેમ ઉપડી? શું તને એ કુમારનો અથવા કનકપુરીના મહારાજાધિરાજનો અવિશ્વાસ છે? કે તેના બળની અપ્રતીતિ છે? નથી જાણતી કે ચાર મણિપુરીઓ વસાવે એવું કનકપુરીનુ ભવ્ય રાજ્ય છે?" રાણી શરમાઈ ગઈ—પણ કુમારને મ્હોંઢેથી વચન લેવાની તેની ઇચ્છા ઓછી થઈ નહી. એ વાત બરાબર સમજીને હિમ્મત રાખી સાસુ સાથે તે નીચે પ્રમાણે બોલ્યો, "માતાજી, આપની શંકા યોગ્યજ છે. આપે દયા કરીને આપેલું દાન ખોવું હત કે તેને બરોબર સાચવવુંજ ન હત અથવા તેની પુરી કિમ્મત ન હત તો ક્ષત્રીય થઈને અકારણ દાનજ હું શું કરવા લેત? મને આપે ક્યાં ફરજ પાડી હતી? માટે ખાત્રી રાખજો કે આપનુ રત્ન હું જીવથી પણ વધારે સાચવીશ." રાણી પ્રસન્ન થઈ, પણ માધુભા આગળ બોલ્યો "આપ સરખાં મહાત્માઓ જેવું સુખ તો આ પામર જીવ શી રીતે આપી શકનાર છે? પણ જો તન, મન, ધનથી મનક્રમ વચને મારા જેવા દેહીથી કંઈ થતું હશે તો તે સર્વે આપના પ્રેમની પ્રતિમાને સુખી કરવાને માટેજ થશે. તદપિ આપ આજ્ઞા કરો, જેના પ્રતાપથી સેવકને ઠીક રહે." રાજા હશ્યો–આટલું કેહેવાની જરુર નથી એમ વદન ઉપરથી સૂચન કરવા લાગ્યો; પણ પ્રેમાળ માતા બોલી, 'સારુ કહ્યું, બેટા, પણ જો જો, એ ભોળી છે, અલેતી છે, કોઈ દહાડો ઠપકો વેઠ્યો નથી, તડકો છાંયડો જોયો નથી,

એને કોઈએ "ખશ" કહ્યું નથી. માટે-તમે છોતો વિવેકી—કેહેવું પડે એમ નથી, પણ, રાજ્યકાર્યભારમાં એને જરાએ વિસરી ન જશો. તમારા વિના સાસરે એનુ કોણ? મ્હેં એને મ્હોં માગ્યું આપ્યું છે, ફાવે તેમ કરવા દીધું છે. માટે જો કંઈ વાંક પડે તો મને કેહેવરાવજો, પણ તમે તો એને ઓછુ આવે એમ જરા એ ન કરશો." આ વાત લાંબી ચાલી, તેથી રાજા વચ્ચેથી બોલ્યો "હવે બહુ થયું. કાંઈ તા'રી દીકરીને ઉન્હીઆંચ આવવા દેનાર નથી-નર્યો ત્હારો સ્વાર્થ નથી, કાંક તેમનો એ છે." રાણીઃ—"એ બધું ખરું. પણ ના'નપણથી આપણા ઘરમાં ઉછરેલી તે સાસરાની રીતિ શું જાણે? માટે કેહેવું પડે કે કાંક આપણે ઘરડાં સામું જોઈ તેને કુલને પાને રાખે." માધવસિંહઃ—"માતાજી, સૂર્યની પ્રસૂતિમાં અંધારાનો વેહેમ કેવો? નવમલ્લિકાની કલિ સુગંધરહિત શી રીતે હોય? માટે આપની કેળ વાંક કરે એ વાતજ નકામી છે. વળી હું પણ આપનાજ ઘરમાં ઉછર્યોછું—આપનુજ લૂણ ખાઉં છું, આપના ઘરની રીતિ શીખ્યો છું. તેમાં પણ—

"श्लाघ्यान्वयेति नयनोत्सवकारिणीति निर्व्यूढसौहृदभरेति गुणोज्वलेति।
एकैकमेवहि वशीकरणंगरीयो युष्माकमेवमियमित्यथ किं ब्रवीमि ॥"

"વારું ભાઈ, તમે રૂડા છો." એટલું કહી મહારાણી જામાતૃને પગે પડતી હતી તેને અટકાવી માધુભાએ આજેજ પ્રયાણ કરવાની રજા માગી. મુહૂર્ત સારું લાગ્યું. ચોઘડીયું વિજયનુ જણાયું તેથી સામગ્રી તૈયાર કરાવવાનો હુકમ થઈ ગયો.

થોડી વારે સર્વ પ્રકારની તૈયારીઓ થઈ ગઈ. રથ જોડાઇને દ્વાર આગળ ઉભા રહ્યા. વધામણાં લઈ નગરજનની હારો પથની બે બાજુએ બંધાઈ. શકુન કરવા માલણો ઉત્તમ પુષ્પ લેઈ સામાં મળવાની રાહ જોવા લાગી.સાથે જનાર અશ્વાર અને પગપાળા ખીચોખીચ તૈયાર થઈ ગયા. ત્યારે પોતાની એકની એક દીકરીને બોલાવી ખોળામાં બેસાડી, છાતી સરસી ચાંપી, બચ્ચીઓથી તેના ગાલ, તેનુ કપાળ અને તેની ભ્રમરો ભરી નાખી, તેને બરડે હાથ ફેરવતી ફેરવતી મહારાણી કેહેવા લાગીઃ "બેટા, ડાહી છાં. કંઈ કેહેવું પડે એમ તો નથી. પણ જોજે હોં. સંભાળીને ચાલજે. ત્હારી સાસુને મ્હારા જેવીજ જાણજે, અને તે કેહે તેમજ કરજે. સુજાણબા છે તો સારાં, પણ કોઈ વેળા અકળાઈ જઈ કંઈ કેહે તો સાંભળી રહેજે. સામો જવાબ ના દેઈએ. વળી એ રાત કહે તો રાત ને દહાડો કહે તો દહાડો કહેજે. સાસુ વધતું

ઓછું કહી જાય તો કશું ત્હારા વરને કહીશ નહી. વરની સેવા તો ઈશ્વરની પેઠે કરજે. જરા દુઃખ થાય તેમાં ઓપાગાળા કરી કોઈને ઓશીયાળાં ન કરીએ. જરા ભારે ન પડીયે, સર્વે સેવકજન ઉપર દયા રાખીએ. જેવું આપણું શરીર તેવું તેમનુ. એમનેયે થાક લાગે. માટે પેટને માટે આવેલા બિચારા ગરીબ જનોને કામ વિવેકથી બતાવજે. ને તેમની કંઈ ભૂલ થાય તો ક્ષમા કરજે. કશું ઉંચે સાદે કહીએ નહી. સ્વૈરિણી, શંખિની અને પુંશ્ચલી સ્ત્રીઓનાં તો મ્હોં કાળાં—તેમને તો ઘરમાંજ ન પેસવા દેવી. પર પુરુષ સાથે એકાંતમાં વાત ન કરીએ. પતિના મિત્ર કે સગા સાથે પણ એકાન્ત ન કરીશ. સખીઓમાં પતિની વાત કરીએ નહિ ને પારકા પતિની વાત સાંભળીએ નહી. જુઠાં સાચાં કરીએ નહી. પેટ મો'ટુ રાખીએ. બાપુ, ત્હારો વર ડાહ્યો છે. પણ કદાપિ મતિ ફરે અને બીજી કરે તોયે ઘરમાં કંકાસ ન માંડીશ અને શોક સાથે વેર ન કરીશ. વર કંઈ અવળું કરે તોયે તેનો અભાવ આણીયે નહી. લાખ તોયે તે આપણો. તેનાથી આપણો સુહાગ, તેનાથી આપણો વૈભવ અને તેનાથી આપણો મોક્ષ–એતે કંઈ કુંભારના ઘરનુ હાંલ્લુ છે કે બદલી લવાય? અને આપણે તો સતીયો છીએ. આપણે તો પતિ પાછળ સહગમન કરનારીઓ. બ્હેન, કોઈ લલચાવે, કોઈ ઠગે પણ જોજે હોં, એને વશ કરવા બાધા, આખડી, ઓસડવેસડ–દોરા નાંડાં કે કશું કરતી. એ તપી જાય તો ટા'ડા પાડીએ પણ સામાં તપીએ નહી. હમેશ વસ્ત્ર ગાઢાં પે'રીએ. ઝીણાં લુગડાંનો ત્યાગ કરવો. દીકરી! પતિને જમાડીને જમજે, સુવાડીને સુજે. તને કહેવું પડે એમ તો નથી, પણ બેટા, શીયળ બરોબર પાળજે, ને બા, ત્હારી માની કૂખ દીપાવજે." એટલું બોલી તે જરા આકળી થઈ ગઈ. વસંતબાએ માતાના વિચારો કળ્યા અને કહ્યું "બા, દીકરી ત્હારી ને બાપાની છું. તો ખાત્રી રાખજે કે રોજ ત્હારા કહ્યા પ્રમાણે કરીશ. તને લાજ આવે એવું નહી કરું. જવાન છું, અણસમજુ છું, તોપણ આજથી મ્હારા ઉછાંછળાપણાની વાત સાંભળું તો કહેજે." ખાત્રી પૂર્ણ થઈ, વિશ્વાસ ખરો આવ્યો. તેથી દીકરીને ફરીફરી છાતી સરસી ચાંપી, પિંગળાઈ જતા હૃદયને કઠિણ કરી, વસંતવિલાસિની જેવા રત્નની ખાંણ–માતા કામસેનાએ કહ્યું "બેટા, તેં સારું કહ્યું. પણ હવે ત્હારે જે જોઈએ તે લેઈજા. એક હઝાર ઘોડા–પાંચસેં હાથી અને સામૈયું તથા લાખ

સોનૈયા–એટલુ તો ત્હારા બાપે આપ્યું છે. પણ આ ઘરેણાં, આ લુગડાં, આ વાસણો, આ ચાકળા અને આ બીજી વસ્તુઓમાંથી ત્હારે જે જોઈએ તે લે." વસંત:–"બા, મ્હારે કશું જોયતું નથી. તું આશિષ આપ એટલે મ્હારે બધુંએ થયું." કામસેના:—"આવી ક્યાંથી ? કંઈ તો લે. સાસરે કો'ની પાસે માગીશ ?" વસંત:—"બા, સાસરે એ મ્હારું છે ને અહીં એ મ્હારું છે. "કો'ની પાસે માગીશ" તે મ્હારાં સાસુ કયાં ત્હારા કરતાં ઓછુ હેત રાખે છે જે ? બિચારાં અરધાં અરધાં થઈ જાય છે." કામસેના:—"અત્યારથીજ સાસરાવખુ થઈ કે ? બેટા, પણ કે'શેજે માબાપે કાંઈએ આપ્યું નથી. માટે લેઈ જા, બહુ–બહુ સામાન." વસંત:–"ત્હારે જે આપવું હોય તે આપ–બાંધ. પણ બા, મને તું કાગળ લખજે હોં. બાપાના તથા ત્હારા શરીરના સમાચાર તો નિરંતર કહાવજે." આટલું બોલતાંજ વસંતનો હાથ માતાને ગળે પડી ગયો, તેનુ ગળુ માતાના ખભા ઉપર પડી ગયું અને તેનુ અશ્રુબિંદુ માતાના સ્તન ઉપર ખરી પડ્યું. પણ ધીરજ રાખી, આડું જોઈ પોતાની ચક્ષુઓને લોહી કામસેનાએ બ્હેનને હિમ્મત આપી અને સુગુણ સાથે વિમળાને વળાવતી વેળા મણિપુર આવવાનુ આમંત્રણ કર્યું. આમ સ્નેહની વાર્તાઓ ચાલતી હતી અને નરપતિની આજ્ઞા લેઈ સર્વ મંડળ દ્વાર આગળ જતું હતું ત્યારે રાજા મા દીકરીને છુટાં પાડવા ગયો. રાત્રી અને પૃથ્વીને છુટાં પાડનાર સૂર્ય–તે સૂર્યજ રહ્યો. જરા પણ ખેદ કર્યા વિના વસંતને ઉઠવાની આજ્ઞા કરી, તે પગે પડી ત્યારે, તેણે તેને કહ્યું "બાપુ ! ત્હારી મા તથા ત્હારા બાપને શોભે એમ ક્રિયા કરજે." ગદ્ગદ્ કંઠે "વારું બાપા." એટલુ બોલી વસંતબા માતાની સાથે રથ આગળ ગઈ.

સુજાણબા કુસુમાવલી અને વિમળાને વસંતની સુંપરત કરી રાણી આઘી ખશી એટલે નરપતિએ સુજાણબાને ઉદ્દેશી કહ્યું, "ભગિની, આ ક્ષણભંગુર સંસાર અમારે મન તો નહી જેવોજ છે. આપનાં આ છોકરાંને સાચવજો, વસંત કરતાં કુલીને–કુસુમાવલીને–" કુસુમાવલી:–"પિતાજી, આપના આગળ તો કુલીને કુલીજ છું." રાજા:—"વારું બ્હેન–એ સર્વેને સાચવજો. બધાંએ જવાન છે. સંસારનો રસ્તો ઢાળ ટેકરાવાળો છે તેમાં કોઈએ ભોમીયું નથી. માટે સાચવવાનુ આપને છે. સંભાળજો કે કોઈ અખડાઈ ન પડે." સુજાણબા જેવી વિવેકી સ્ત્રીએ ઉત્તર આપ્યો, "ભાઈ, કનકપુરનુ વાદળ વિખેરી પુત્ર, પુત્રી,

કુળવધૂ અને રૂડા જમાતુ સાથે આ વૈભવ મને આપી હજુએ આવાં શિક્ષગુરૂપી રત્ન આપો છો તેનો બદલો હું એકલી ક્યાં વાળીશ ! પણ તમે મ્હોટા તે થોડામાં બહુ માની લેજો." આમ વાત થતાં રથ હંકાયા. "બ્હેન, વ્હેલી આવજે." "કુલી ! ત્હારી બહેની વસંતને સાચવજે." એવા માતાના શબ્દોના ઉત્તરમાં બન્ને સહીઓએ કહ્યું "બા, અમારી ચિંતા રાખશોમાં. ને કાગળ લખજો." રથ ચાલ્યા ચાલ્યા નગર બહાર નીકળ્યા અને પ્રયાણ શરું થયું. નરપતિ પણ મહા કવિ કાળીદાસનો-

"अर्थो हि कन्या परकीय एव तामद्य संप्रेष्य परिग्रहीतुः ।
जातो ममायं विशदः प्रकामम् प्रत्यर्पितन्यास इवान्तरात्मा ॥"

શ્લોક બોલતો બોલતો રાણી સાથે ઘરમાં ગયો અને પાછો બ્રહ્મ વિચારમાં પડ્યો.

પ્રકરણ ૩૫ મું.

ભાવાર્થ.

વાંચનાર, હવે કંઈ રહ્યું નથી. આટલાં પાનાં વાંચવાના ત્હારા ધૈર્યને માટે તને અભિનંદન દેઈ વિનંતિ કરવામાં આવેછે કે આપત્કાળમાં કુસુમાવલી મદનસિંહનેજ જોડાયલી, જોડાયલી રહી તેમ ત્હારા હૃદયના મદનસિંહ સાથે આ વાર્તામાંના સુબોધની કુસુમાવલીને જોડી—જડી રાખજે; વસંત અને માધવ જેમ એક અભિન્ન થઈ ગયાં તેમ તું ત્હારા યૌવનના વસંત કે માધવ સાથે એક રૂપ–એક દેહ–એક જીવ થઈ જજે; વિમળા અને સુગુણની ભૂલ સંભારી એવા પ્રસંગોથી ડરતો રહી વિમળા વૃત્તિ અને સુગુણનો વ્યભિચાર ન કરતાં બન્નેનાં લગ્ન કરાવી દેજે—અધર્મ એજ તેની શિક્ષા છે એમ બરાબર સમજી રાયમલ્લ અને કેસરી જેવાં ક્ષુદ્ર પ્રાણીઓ ઉપર કૃપાદૃષ્ટિથી જોજે–અને આ કુસુમાવલીનો મેરૂ તો એવોજ જાણજે કે—

"यतोधर्मस्ततोजयः"

